શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રંથાવલિ-અંક ૧૭

# ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ

(ગુજરાતનાં મધ્ય અને ઉત્તર કાળનાં રાજ્યો તથા રાજવંશો સંબંધી સંગ્રહેલી માહિતીઓ અને કથનીઓ)

સંગ્રહી લખનાર સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ

પ્રકાશક
શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ

વિ. સં. ૧૯૮૯ ઈ. સ. ૧૯૩૩

મુદ્રકઃ શંકરરાય અમૃતરાય સૈયદ
જ્ઞાનમન્દિર પ્રિ. પ્રેસ,
રાયપુર, અમદાવાદ

પ્રકાશક : રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
સહાયક મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૫ ગિરગામ
( લેમીંગ્ટન રોડની બાજુમાં અમીન નર્સરી સામે ) મુંબઈ નં. ૪.

મળવાનું ઠેકાણું :
મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

# પ્રકાશકના બે બોલ

સ્વ. શ્રીયુત એલેક્ઝાન્ડર કિન્લૉક ફાર્બસ, જેમના ચિરસ્મરણીય સ્મારક રૂપે મુંબઈમાં સને ૧૮૬૫ થી શ્રી ફાર્બસ ગુજરાતી સભા સ્થપાઈ છે, તેમણે સને ૧૮૪૬ ના નવેમ્બરમાં અમદાવાદમાં એસીસ્ટન્ટ જડજ થયા ત્યારથી ગુજરાતના ઇતિહાસ તેમ જ તેનાં પ્રાપ્ય સાધનોના સંશોધનને નવો અવતાર આપ્યો. તેમણે પ્રથમ રા. ભોગીલાલ પ્રા. માસ્તર પાસે ગુજરાતી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. પછી સને ૧૮૪૮ ના નવેમ્બરથી કવિ દલપતરામ ડાહ્યાભાઇને ગુજરાતી ભાષાના વિશેષ અભ્યાસ અર્થે પોતાની પાસે રાખ્યા. ઉપરાંત જેમ જેમ તેઓ ગુજરાતી અને ગુજરાતીઓના પરિચયમાં વિશેષ ને વિશેષ આવતા ગયા તેમ તેમ ગુજરાતના પૂર્વકાળ અને મધ્ય-કાળનાં મહિમા, ગૌરવ, અને સંસ્કૃતિથી વિશેષ જાણીતા થયા, અને તેમને ગુજરાતનો તે કાળનો વિશદ ઇતિહાસ લખવાનું મન થઈ આવ્યું. એટલે તેમણે તે સંબંધમાં જ્યાંત્યાંથી મળી આવતાં સાધનો, સાહિત્યો અને સામગ્રીઓ એકઠી કરવા માંડી અને તન, મન અને ધન તેમાં સમર્પણ કરવા લાગ્યા.

તેમણે આ હેતુથી ગુજરાતના, ઇતિહાસપ્રસિદ્ધ, સંગ્રામપ્રસિદ્ધ, યશ અને કીર્તિથી ઉજ્જ્વલ વિભાગો અને સ્થાનોમાં પરિભ્રમણ આદર્યું. તેમાં સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ તેમના ઘણુંખરૂં સહચારી હતા. તેમ કદિ મદિ, સ્વ. કવીશ્વર એકલા પણ આત્મપ્રેરણાથી તેમ જ શ્રીયુત ફાર્બસ સાહેબની પ્રેરણાથી પણ ગુજરાત સોરઠમાં એ કામ માટે ફરતા. એ બન્નેના પ્રવાસ અને પ્રયાસના પરિણામે ગુજરાતના ઇતિહાસ સંબંધી, અને તે સાથે ગુજરાતી પ્રાચીન અને મધ્યકાલીન ગ્રંથસ્થ તેમજ કંઠસ્થ ગદ્યપદ્ય સાહિત્ય તેમજ ગુજરાતની પૂર્વકાલીન

તથા પ્રાક્કાલીન જનતાની સંસ્કૃતિ, રૂઢિરીવાજો, શિક્ષણપ્રણાલિ વગેરે સંબંધી માહિતીઓ અને તે સાથે તે કાળે ગુજરાતી પ્રજાની સાહિત્યરૂચિ અને કેળવણી–શિક્ષણમાં અગ્ર સ્થાન મેળવી રહેલું હિન્દી સાહિત્ય, એ વગેરેનો સંગ્રહ–સંચય બહોળા પ્રમાણમાં થયો. એમાંની કેટલીક પ્રાચીન સાહિત્યસામગ્રીઓ–ગ્રંથો–હસ્તલિખિત પ્રાચીન ગ્રંથો બન્યું ત્યાં સુધી શ્રમ અને દ્રવ્યના ભોગે શ્રી. ફાર્બસ સાહેબે ખરીદી લીધા અને જ્યાં ન બન્યું ત્યાં તેની પ્રતિ–આવૃત્તિઓ સારા લહીઆ રોકીને પણ ઉતરાવી લીધા. આવા ઘણાક પરિશ્રમો ગુજરાત બહાર પણ શ્રીયુત ફાર્બસ સાહેબે કરેલા–કરાવેલા હતા. એ સહુ સંગ્રહ તપાસાવી, શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ આ પ્રકાશક પાસે તૈયાર કરાવેલી હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામવલિ ભાગ ૧–૨ તેમ જ સંક્ષિપ્ત યાદી જોયેથી તેનો કંઈક ખ્યાલ વાચકને આવશે. ઉપરાંત એવો કેટલોક સંગ્રહ અમદાવાદ–ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં પણ પડેલો જાણ્યામાં છે, તે પણ એ બન્ને વિદ્વાન સંશોધકોના પરિશ્રમનો પૂરતો ખ્યાલ આપે છે.

આટલુંજ નથી. શ્રી ફાર્બસ સાહેબે તે કાળના પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસો અને સાહિત્યોના નિધિરૂપ ભાટચારણોને સંતોષી, સમારંભોથી તેમને પ્રસન્ન કર્યા હતા; અને તે પછી તેમની પાસેના માહિતીભર્યા સંગ્રહોની પણ યથાશક્ય નકલ ઉતરાવેલી છે. તેમના પેઢીપરપેઢી ઉતરી આવતા ચોપડાઓમાંથી ગુજરાતનાં કેટલાંએક રાજ્યો અને રાજવંશો સંબંધી માહિતીઓ, વાર્તાઓ, રાસા–રાસડાઓ, કવિત્તો, ગરબીઓ, છંદો–ચારણી તેમ જ ગુજરાતી ભાષામાં રચાયલું લખાયલું સઘળું સાહિત્ય યથાશક્ય ઉતરાવી લીધું છે. ઉપરાંત ગુજરાત કાઠીયાવાડના રાજ્યોના દફતરદારો, કારભારીઓ, વહીવંચાઓ દ્વારા રેવાકાંઠો, મહીકાંઠો, વાત્રકકાંઠો, બનાસકાંઠો, ઈડર, દાંતા, ધરમપૂર, કાઠીઆવાડ, પાલનપુર નાંદોદ, ધરમપુર, આદિ રાજ્યો સંબંધી વિવિધ હકીકતો, વૃત્તાન્તો, અને તવારીખો પણ

કવીશ્વર દલપતરામભાઈની નિયોજનાથી પ્રમાણભૂત મેળવેલાં છે. ગુજરાતના રાજાઓનાં દાનપત્રો, મંદિરાદિના શિલાલેખો, પ્રશસ્તિઓ, પાળીઆપરનાં ઉટ્ટંકનો, સ્મશાનની દેરડીઓમાંના ઉલ્લેખો, વગેરેનાં અક્ષરાન્તરો અને શક્ય હતું ત્યાંથીય રબીંગો પણ કરાવી લીધાં છે.

આ સહુ સાહિત્યસામગ્રીમાંથી સ્વ. શ્રી ફાર્બસ સાહેબે કવીશ્વર દલપતરામ, સ્વ. ભાઉ દાજી, સ્વ. શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસ આદિની સહાયથી સારોદ્ધાર અને તારણો કઢાવી તેનો ઉપયોગ અંગ્રેજી રાસમાળા ભાગ ૧ અને ૨ ભાગમાં કર્યો છે. પરંતુ તે ઉપરાંત એ મૂળ સામગ્રીનો ઉપયોગ, ગુર્જર જનતાને રસિક વાંચન પૂરૂં પાડે એવા, ગુજરાતીમાં લખાયલા પુસ્તકમાં થાય એવી શ્રી ફાર્બસ સાહેબની ઇચ્છા હતી. તેથી તેમણે ગુજરાતી રાસમાળા તેમાંથી તૈયાર કરવાની સૂચના સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇને કરી અને તેમણે કેટલાંક પ્રકરણો મૂળ સામગ્રીને આધારે લગભગ મૂળની ભાષાશૈલિમાં એમ ને એમ મળ્યાં તેવાં જ, વિના છાંટયે તેમ વિના ચૂંટયે, લખી કાઢયાં. એ સંગ્રહ અમદાવાદની વર્નાક્યુલર સોસાયટીના સેક્રેટરી મી. ટી. જી. કર્ટીસે શ્રી ફાર્બસ ગુજરાતી સભાને પ્રકટ કરવાને સને ૧૮૬૮ માં સોંપ્યાં. આ ગ્રંથ સાથે જોડેલી સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈની પ્રસ્તાવના જોતાં તેમણે કેવી રીતે તે સંગ્રહી રચી તૈયાર કર્યો છે, એ સારી રીતે સમજી શકાશે.

કવીશ્વરે આ ગ્રંથને " ગુજરાતી રાસમાળા " એ નામ આપેલું છે. પણ મૂળ અંગ્રેજી રાસમાળાના ગુજરાતી ભાષાન્તરને "રાસમાળા" નામ આપેલું હોઇને એ બન્ને સંબંધમાં નામમાં સંભ્રમ થતો અટકાવવા આ પુસ્તકને "ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ." એ નામ આપવું ઉપયુક્ત ધાર્યું છે. આ ગ્રન્થમાંના ઘણાખરા સાહિત્યનો ઉપયોગ અંગ્રેજી રાસમાળામાં તેમ જ તેના ભાષાન્તરનાં ટિપ્પણોમાં પણ થયો હોવાથી તેમ જ તેની ભાષાશૈલી શિથિલ, સ્ખલિત પ્રવાહવાળી અને સાદી હોવાથી, તેમ જ મૂળ પુસ્તકોમાંથી એમ ને એમ ઉંચકી

લેતાં ભાષાપ્રવાહ, વિચાર, વસ્તુસંકલના, પુનરૂક્તિનો વિવેક, અગત્ય–અનગત્યની બાબતોની છાંટણી–ચૂંટણી આદિ ઉપર કવીશ્વર પૂરતું લક્ષ આપી શક્યા નથી. તેમ આ ગ્રંથને તેમણે પ્રકરણવાર લખેલું હોવાનું કહેલું છે, છતાં તેનાં મુખ્ય મુખ્ય વિગતબંધ પ્રકરણો પાડેલાં નથી. એટલું જ નહીં પણ જે બાબતો ઉતારેલી છે તેની સંકલના સાધી નથી તેમ સમય કે સંબંધનો ક્રમ જોયો નથી. જેમ યોગ્ય લાગ્યું તે ક્રમે લખેલું છે. એકંદર જોતાં ગ્રંથ કેવળ અપરિપક્વ–ટાંચણવાળી દશામાં તૈયાર કરેલો છે; તેમ તે સંપૂર્ણ પણ નથી.

વળી જોકે પ્રસ્તાવનામાં આ ગ્રંથની સાથે જ અનુક્રમણિકા જોડેલી હોવાનું કવીશ્વરે કહેલું છે, પરંતુ તે અહીં સામેલ જણાતી નથી. કદાચ ફાટેલાં પાનાં સાથે તે તણાઈ ગઈ હોય તો કાંઈ કહેવાય નહીં. મળેલી પ્રતિના કાગળો ઘણા જર્જરિત, કરમાયલા છે. લખાણ બંને બાજુએ લખેલું છે; આગળ પાછળનાં થોડાંક પાનાં ફાટલતૂટલ અને કમી છે.

"ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" ના સંગ્રહમાં આ ગ્રંથની એક નકલ ( નં. ૨૪૩, પાનું ૫૭ મું ) હોવાનું જાણ્યામાં આવતાં તે મંગાવી જોતાં એ પ્રતિ અધૂરી જણાઈ છે, તેમ શ્રી ફાર્બસ ગુજરાતી સભાની પ્રતિ કરતાં ઘણી ઓછી વસ્તુવાળી, પાનાના અંક વિનાની માલુમ પડી છે. તેના આગલા પાનામાં પાના ૨૧૮ થી શરૂ થતો અને ૪૭૦ આંક જણાવેલો છે, અને અને તેય અધુરી અનુક્રમણિકા હોય તેમ જણાય છે. ખરી રીતે એ પ્રતિનાં પાનાં ૧૯૦છે, છતાં કવીશ્વરની નોંધ પ્રમાણે તેનાં ૪૭૮ પાનાં હોવાં ઘટે છે.

ઉપર જણાવેલી અપરિપક્વ અને અસંકલિત સ્થિતિવાળો આ ગ્રંથ હોવાથી શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ તે પ્રકટ કરવા ધારણા રાખી નહતી. પરંતુ "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" તરફથી તે

પ્રકટ કરવા માટે પોતાને સોંપવાની માગણી થતાં, તેમ જ આ ગ્રથ કવીશ્વર પાસે લખાવાયો ત્યારે તે પ્રકટ કરવાનો મૂળ ઉદ્દેશ હતો એ વિચાર લક્ષમાં લેતાં અમારી સભાએ એની ભાષાશૈલી તેમ જ વસ્તુને એમ ને એમ સાચવી, માત્ર પ્રકરણો પાડી, પ્રકટ કરવાનું કામ મને સોંપ્યું અને તેટલું જ કામ મેં કર્યું છે. અલબત્ત કેટલેક સ્થળે ભાષાદોષ કે અક્ષરચૂક જણાતાં તે સુધારવાની છૂટ લીધી છે તેમ તેની એકધારી જોડણી ધોરણસર રહે, એ કારણે જોડણી ક્યાંક ક્યાંક સુધારી છે.

આ ગ્રંથને બે ભાગમાં વહેંચી નાંખ્યો છે: પહેલા ભાગમાં રાજ્યોના પ્રસંગો અને બીજા ભાગમાં વાર્તાઓ સમાવેલ છે; છતાં કવીશ્વરનો વસ્તુક્રમ તો તે ને તેજ રાખ્યો છે. ઉપરાંત થોડીક વાતો અને બાબતો જેવી કે જગદેવ પરમાર, કેશર રાસાનો સાર, વગેરે મસ મોટી હોઇને, ગ્રંથનું કદ વધી જતાં પડતી મૂકેલી છે.

| | |
|---|---|
| મુંબઇ, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૫, ગિરગામ બેક રોડ મુંબઇ નં. ૪<br>જેઠ વદિ ત્રયોદશી, મંગળવાર<br>તા. ૨૦–૬–૩૩ | ગ્રંથસારોદ્ધાર કરનાર<br>પ્રકાશક<br>**અંબાલાલ બુલાખીરામ જાની** |

# પ્રસ્તાવના

મેહેરબાન આનરેબલ અલેક્ઝાન્ડર કિન્લાક ફારબસ સાહેબે ગુજરાતમાં વહીવંચા ભાટોના ચોપડા તથા જૈન લોકોના રાસ વગેરે જૂનાં પુસ્તકોનો શોધ કરીને રાસમાળા નામનું એક પુસ્તક અંગ્રેજી ભાષામાં રચીને વિલાયેતમાં ૧૮૫૬ ની સાલમાં છપાવ્યું છે. તેના બે ભાગ છે. અને એના ચાર વિભાગ છે. એમાંના ત્રણ વિભાગમાં જે અસલ પુસ્તકો ઉપરથી તેમણે પ્રકરણ દાખલ કરેલાં છે, તેમાંનાં કેટલાંએક પ્રકરણો મને સોંપીને મને કહ્યું જે આટલાં પ્રકરણોનું એક પુસ્તક ગુજરાતીમાં છપાવીને પ્રકટ કર્યું હોય, તો તે ગુજરાતી વાંચનારાઓને ઘણું ઉપયોગી થઈ પડે. એ કામ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની મારફતે થાય, તો ઘણું સારૂં. પછી આ પુસ્તક તૈયાર કરાવવાનું અને પ્રકટ કરવાનું કામ એ સોસાયટીએ માથે લીધું. અને સોસાઇટીના સેક્રેટરી મહેરબાન ટી. બી. કર્ટીસ સાહેબના હુકમથી મેં એટલે દલપતરામ ડાહ્યાભાઇએ એ તૈયાર કર્યું.[૧]

આ પુસ્તક વાંચવાથી વાંચનારને ઇતિહાસનું જ્ઞાન થશે, તથા આગળના ક્ષત્રીયો કેવા બહાદુર હતા તે જણાઈ આવશે. આ દેશમાં એવો ચાલ હતો કે ફક્ત ઇતિહાસ જાણવા સારૂ લોકો જૂની વાતો સાંભળતા નહોતા; પણ તેમાં વીરરસ કે, અદ્‌ભુત રસના ચમત્કારથી સાંભળવાની મીઠાશ ઉપજે, એવી વાતો સાંભળવા ચાહતા હતા. તેથી કવિઓએ અલંકાર ભેળવીને નવરસ પાઈને ઇતિહાસની વાતોને આજ સુધી જીવતી રાખી છે. તેમાં સાચી વાત કેટલી છે, અને અસંભવિત

---

૧. આ પુસ્તક પાછળથી કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇએ ગુ. વ. સોસાયટીના મંત્રી મિ. કર્ટિસ દ્વારા શ્રી ફાર્બસ ગુજરાતી સભા મુંબઈને સોંપ્યું છે, જે અત્યારે પ્રકટ થાય છે. પ્રકાશક **અં. ખુ. જાની.**

વાતો કેટલી છે, તે શોધક પુરૂષો સમજી શકે છે. કેટલીએક વાતો એ ત્રણ પુસ્તકોમાંથી જૂદી જૂદી ઢબમાં, અને એકબીજાને મળતી આવે નહીં, એવી રીતની મળી આવી; ત્યારે તેનો તપાસ કરીને પોતાના મનમાં ખાતરી થઈ, તે પ્રમાણે દાખલ કરવાનું સાહેબે ફરમાવેલું, તેથી તેમ દાખલ કરેલું છે. કેટલાંએક પ્રકરણો વ્રજભાષામાં કે મારવાડી, અથવા ચારણી, શુદ્ધ કે અશુદ્ધ ભાષામાં છે, તે અસલ પ્રમાણે શાસ્ત્રી અક્ષરોથી લખીને તેનો ગુજરાતીમાં અર્થ તેની જોડે લખેલો છે.

સંવત ૮૦૦ ઉપરના સૈકડામાં ગુજરાતમાં મોટામાં મોટું રાજ અણહીલવાડ પાટણમાં સ્થપાયું. તે વખતથી ગુજરાતના રજપૂત રાજાઓના ઇતિહાસ આ પુસ્તકમાંથી મળી આવશે.

તે પાટણ વસાવનાર વનરાજ ચાવડો હતો. તેનો બાપ જયશિખરી ચાવડો હતો. તેનું નામ રત્નમાળ નામના ગ્રંથમાંથી, તથા જૈનના જિન હરખકૃત કુમારપાળ રાસમાંથી મળી આવે છે. આ પુસ્તકમાં પ્રથમ તે જયશિખરનું ચરિત્ર દાખલ કર્યું છે. તે રત્નમાળ ગ્રંથ કૃષ્ણાજી નામના કવિએ રચેલો છે. તેની ભાષા પ્રવીણસાગર ગ્રંથના જેવી છે. તેથી જણાય છે કે તે સંવત ૧૮૦૦ના સૈકામાં બનેલો હશે. આમાં લખેલું જે જે પ્રકરણ જેની જેની પાસેથી મળેલું તે ધણીનું નામઠામ તે તે પ્રકરણને મથાળે લખેલું છે.[૧]

મહેરબાન ફારબસ સાહેબને સંસ્કૃત પ્રબંધચિંતામણિ, દ્વયાશ્રય, શત્રુંજયમાહાત્મ્ય, કુમારપાળચરિત્ર, કુમારપાળ પ્રબંધ, ઔદિચ્ય પ્રકાશ, શંકરદિગ્વિજય, નગરખંડ, ભોજપ્રબંધ, અને હિંદુસ્તાની ભાષાના પૃથ્વીરાજ રાસો, રત્નમાળા, પ્રવીણસાગર, આદિત્યસિંધુ, તથા ગુજરાતીમાં કુમારપાળ રાસો, વસ્તુપાળ તેજપાળનો રાસ અને મુસલમાનીમાં આઈને અકબરી, તથા મીરાંતે એહમદી, અંગ્રેજીમાં

---

૧ પુસ્તક પ્રકટ કરતાં એવી નોંધ મથાળાને બદલે પાદનોંધમાં મૂકેલી છે. પ્રકાશક અં. બુ. જાની.

ટોડ રાજસ્થાન: એટલાં પુસ્તકો ઘણી મહેનતથી મળ્યાં હતાં.

શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસે દાક્તર ભાઉ દાજીને વાસ્તે એથી પણ વધારે એટલે કીર્તિકૌમુદી, ભોજપ્રબંધ, રાજશેખરનો ચતુર્વિંશતિ પ્રબંધ વગેરે મોકલ્યાં છે, અને હું ધારૂં છું કે હજી અમદાવાદના, ખંભાતના, વઢવાણના અને પાટણના જૈનના પુસ્તકભંડાર કોઈથી જોવાઈ શક્યા નથી. તેઓ જોવાશે ત્યારે ગુજરાતના ઇતિહાસનાં ઘણાં પુસ્તકો મળી આવશે.

વહીવંચા ભાટોનું ગુજરાન રાજાઓની જૂની વાતો અને વંશાવળી ઉપરથી ચાલે છે; માટે વાતો તથા નામો કોઈને લખવા આપતા નથી. તેથી તે ઘણી મુશ્કેલીથી સાહેબને મળ્યાં હતાં. અને કેટલાએ ગ્રંથો મેળવતાં પણ ઘણી મહેનત પડી હતી. રત્નમાળનું પુસ્તક વઢવાણના દેશળ ગઢવીએ અધુરૂં આપ્યું અને પ્રથમ કહેતો હતો કે મારે ઘેર પૂરૂં પુસ્તક છે; પણ તેની આપવાની ઇચ્છા ન હતી. પાટણમાં હીરજી બારોટે કહ્યું હતું કે મારે ઘેર તે પુસ્તક છે, પણ તેણે ઘણો લોભ જણાવ્યો. તેથી સાહેબે તેની દરકાર જણાવી નહીં.

ભૂજના રાવસાહેબના પૂર્વજોના ઇતિહાસનો લખપતસિંધુ નામનો ગ્રંથ છે, એવું સાંભળ્યાથી સાહેબે ત્યાંના રાવસાહેબને બે પત્રો લખ્યા હતા. પણ તે ગ્રંથ આવ્યો નહીં. તેથી આ પુસ્તકમાં ભૂજના રાવ અને નવાનગરના જામસાહેબના પૂર્વજોની ખ્યાત વધારે લખાઈ નથી. માટે કાઠિયાવાડમાં આવી રીતે શોધ કરીને ત્યાંના ઇતિહાસનું પુસ્તક કોઈ બનાવશે તો તે ઘણું સારૂં થશે.

રાજ વાસ્તે આ દેશના કેટલાએક રાજાએ પોતાના બાપને, ભાઇને, તથા વિશ્વાસુ માણસને વિશ્વાસઘાત કરીને મારી નાંખેલા છે. તેથી કોઈ કોઈનો વિશ્વાસ કરે એવું નહોતું. અને રાજાઓ પણ ધાડ મેળવીને ગામો લૂંટતા હતા, અને ભાયાતો જીવક વાસ્તે બારવટાં કરતા હતા. રાજા ગુજરી જાય તેની સાથે રાણીઓને બળી મરવું પડતું હતું. રાજાઓ પોતાનું રાજ રાખવા સારૂ પોતાની દીકરી મુસ-

લમાનને દેતા હતા; ઇત્યાદિ ઘણાં દુઃખકારક ચાલ હતા. કેવી રીતે ઇન્સાફ થતા હતા તે વાતો તો ક્યાંઈ વાંચવામાં આવતી જ નથી. ફક્ત દગાની અને માંહોમાંહે લઢીમુઆની વાતો જોવામાં આવે છે.

આ પુસ્તક વાંચીને આજના રાજ સાથે તે વાતો મેળવી જોશે તો ઘણો ફેરફાર જણાશે. આ પુસ્તકમાં મેં મારા વિચાર પ્રકટ કર્યાં નથી, કારણ કે સાહેબની તેવી મરજી નહોતી. માટે વાંચનારાઓએ જ વિચાર કરવો કે તે વખતના રાજાઓને અને રૈયતને કેવાં દુઃખ પડતાં હતાં. આ પુસ્તકમાં કીયા કીયા રાજસ્થાનનો ઇતિહાસ છે; તે આની અનુક્રમણિકા વાંચવાથી જણાશે.

### દોહરો

**ओगणीसें बावीशमां, सजी प्रकरण संबंध;**
**शुदी दशमी वैशाकमां, पूरण कर्यो प्रबंध.**

### એ. કે. ફોરબસ સાહેબની તારીફનો સવૈયો

**पार विना उपकार कर्या सरकार तणो अधिकार धरीनें,**
**वात जूनी ठकरात तणी दि(न) रात लखी गुजरात ठरीने;**
**मान मळ्युं न मानवीनुं, अपमान कर्युं न गुमान करीने;**
**ईंग्लीश के रुश आर्बसमा पण फार्बस तुल्य थशे न फरीनें**

# સંકીર્ણ સાલવારી[1]

૧૫૭૩

૧૫૭૮ ૧૬૨૯ આઝીઝ કોકાને ઇડરના રાજાએ અમદાવાદમાં ઘેર્યો.

૧૬૦૫ ૧૬૩૪ ટોડરમલને અકબરે મોકલ્યો.

૧૬૬૪ ૧૬૬૧ અકબર મુઓ, તેનો પુત્ર સલીમ ગાદીએ બેઠો

૧૭૦૮ ૧૭૧૦ શિવાજીની ગાદીએ શાહુ રાજા થયો.
૧૭૬૪

૧૭૨૭ ૧૭૮૦ શેરબુલંદખાંએ ગુજરાત હાથ કર્યું.

૧૭૩૨ ૧૭૮૮ અભેસંઘજી ગુજરાતમાં આવ્યા.

૧૭૫૫ ૧૭૮૧ ગાયકવાડ તથા પેશવાએ ગુજરાત લીધી.

ઇસ્વી. સંવત તે વખતમાં હતા તેઓનાં નામ.

૧૧૯૧ ૧૨૪૭ પૃથ્વીરાજ ચહુવાણને મારીને દીલ્લી શાહબુદીને લીધી.
ગુ. ઇ. ૩૨

૧૧૯૪ ૧૨૫૦ મહમદ ઘોરીએ કનોજ લીધું ? તે જેચંદના વંશના મારવાડમાં ગયા.
ગજનીના કુતબુદ્દીને પાટણના ભીમદેવને હરાવ્યો.

૧૨૯૭ ૧૨૫૩ કરણ વાઘેલાનું રાજ અલ્લાઉદીને લીધું.

૧૩૯૧ ૧૪૦૭ મુજફરે ઇડરના રાવ રાયમલજીને હેરાન કર્યો. ૪૩
સોમનાથનું દહેરૂં પાડયું.

૧૪૧૧-૧૨ ૧૪૬૭ અમદાવાદ વસાવ્યું અહમદશાહે.

---

૧. કેટલેક સ્થળે આ સાલવારી ચોક્કસ નથી. તે મેળવી પાકી કરવાની જરૂરત પ્રસ્તુત ગ્રંથપ્રકાશનને અંગે હવે નહીં લાગ્યાથી,–કારણ એ વિષય આ પુસ્તકમાં સમાવાયલો નથી, તેમ મહત્વનો કે ઉપયોગી નથી, તેથી તે સંશોધી ચોક્કસ કરેલ નથી. જેમ હતી તેમ ને તેમ આપી છે. પ્રકાશક **અં. બુ. જાની.**

| | | | |
|---|---|---|---|
| ૧૪૨૬ | ૧૪૮૨ | અહમદનગર વસાવ્યું, ઇડર તથા ચાંપાનેર ઉપર ખંડણી બેસારી. | ૪૫ |
| ૧૪૪૩ | ૧૪૯૯ | મહમદશાહે ઇડર ઉપર ચઢાઈ કરી ને તેની કુંવરીને પરણ્યો. | |
| ૧૪૪૯-૫૭ | ૧૫૦૫ | ચાંપાનેરના રાજા ગંગદાસે પાદશાહને હરાવ્યો. મેવાડના તથા આબુના કુંભા રાણાને હરાવ્યા. પછી મહમદ બેગડો ગાદીએ બેઠો. | ૪૭ |
| ૧૪૬૮ | ૧૫૨૪ | મહમદ બેગડાએ સોરઠ ઉપર ચઢાઈ કરી, જૂનાગઢના મંડળિક. | |
| ૧૪૭૨ | ૧૫૨૮ | કચ્છ ઉપર ચઢાઈ કરી. પછી ચાંપાનેરના પતાઈ રાવળ. | |
| ૧૪૮૪ | ૧૫૪૦ | પતાઈ રાવળને જિતીને ઉમરાળાના ગોહેલને કેદ કરીને લાવ્યો. | |
| ૧૫૦૭ | ૧૫૯૩ | ફિરંગી સાથે લડવા દમણ ગયો. | |
| ૧૫૧૧ | ૧૫૬૭ | મહમદ બેગડો મુઓ, તેનો દીકરો મુજફ્ફરશાહ થયો. તેની વખતમાં ઇડરના રાજા ભીમદેવે બળવો કર્યો તેથી પાદશાહે લીધું. પછી ભીમદેવનો દીકરો ભારમલજી થયો. ઇડરનો રાજા સૂરજમલ હતો તે મુઆથી તેનો દીકરો રાયમલજી નાની ઉમ્મરનો હતો, તેથી સૂરજમલજીનો ભાઇ. ભીમદેવ ધણી થઇ પડયો હતો. | ૫૧ |
| ૧૫૯૫ | ૧૬૦૧ | મહમદખાન સાથે ઇડર, ઝાલાવાડ વગેરેને લઢાઈ થઈ. | ૫૩ |
| ૧૫૭૭ | ૧૬૨૮ | અકબરને હાથ ગુજરાત ગઈ. | |

# વિષયાનુક્રમણિકા

## ભાગ ૧ લો


| પ્રકરણ | વિષય | પાનાં |
| --- | --- | --- |
| પ્રકરણ ૧ લું | મકવાણાઓ સંબંધી કંઈક | ૧—૧૬ |
| | ૧ મેથાણના મકવાણા | ૧— ૩ |
| | ૨ કટોસણના ઠાકોરની ખ્યાત | ૩— ૪ |
| | ૩ પનારના મકવાણાની ખ્યાત | ૪—૧૪ |
| | ૪ મકવાણાની પૂરવણી | ૧૪—૧૬ |
| પ્રકરણ ૨ જું | વરસોડા માણસાના ચાવડાની ખ્યાત | ૧૭—૨૪ |
| | ૧ મેસાણાવાળા સુરજમલજીનો વંશ | ૨૦—૨૨ |
| | ૨ માણસાવાળાની વહી | ૨૨—૨૪ |
| પ્રકરણ ૩ જું | ધંધુકાના વાલમ બ્રાહ્મણો | ૨૫—૨૬ |
| પ્રકરણ ૪ થું | પાટડીના દેશાઈની ખ્યાત | ૨૭—૩૩ |
| પ્રકરણ ૫ મું | ઈડરની હકીકત | ૩૪—૪૬ |
| પ્રકરણ ૬ ઠું | વિરમદેવચરિત | ૪૬ — ૬૯ |
| પ્રકરણ ૭ મું | રાવ પૂંજોજી અને ઈડર | ૭૦—૭૨ |
| પ્રકરણ ૮ મું | ઈડરના રાજાઓનો પોળોનો કબજો | ૭૩-૧૦૬ |
| | રાવ કલ્યાણમલજીની વંશાવળી | |
| પ્રકરણ ૯ મું | મુટેડીના ચહુવાણનો ઇતિહાસ | ૧૦૭-૧૩૬ |
| | ઉપરના ઇતિહાસની પૂરવણી | ૧૩૬-૧૩૯ |
| પ્રકરણ ૧૦ મું | ઈડરના પટાવત ચાંપાવતોનો ઇતિહાસ | ૧૩૯-૧૪૨ |
| પ્રકરણ ૧૧ મું | મઉના ચાંપાવતોનો ઇતિહાસ | ૧૪૨-૧૬૫ |
| પ્રકરણ ૧૨ મું | મઉના સાંવત ગોપાળસંઘજી | ૧૬૫-૧૭૯ |

| | | |
|---|---|---|
| પ્રકરણ ૧૩ મું | રેહેવર રજપૂતોનો ઇતિહાસ | ૧૭૯–૧૮૫ |
| પ્રકરણ ૧૪ મું | દાંતાના રાણાજીનો ઇતિહાસ | ૧૮૬–૧૯૮ |
| પ્રકરણ ૧૫ મું | ઉજ્જૈણના વિક્રમ પરમારની વંશાવળી | ૧૯૯–૨૦૯ |
| પ્રકરણ ૧૬ મું | રાણા વાઘ, રાણા ભરમલજી, જેતમલજી | ૨૦૯–૨૧૯ |
| પ્રકરણ ૧૭ મું | રાણા પૂંજોજી, ગજસંઘજી, પૃથ્વીસંઘજી | ૨૨૦–૨૪૭ |
| પ્રકરણ ૧૮ મું | સુદાસણાના ઠાકોરનો ઇતિહાસ | ૨૪૭–૨૫૪ |

## ભાગ ૨ જો વાર્તાપ્રસંગો

| | | |
|---|---|---|
| પ્રકરણ ૧ લું | જૂનાગઢના રા'કવાટ | ૨૫૫–૨૫૭ |
| પ્રકરણ ૨ જું | સોલંકી રાજબીજચરિત્ર | ૨૫૭–૨૬૨ |
| પ્રકરણ ૩ જું | કચ્છના રાવ લાખા ફુલાણી | ૨૬૩–૨૬૮ |
| પ્રકરણ ૪ થું | વહોરાઓની જકાત | ૨૬૯–૨૭૦ |
| પ્રકરણ ૫ મું | વાઘેલા વંશ વિષે | ૨૭૨–૨૭૩ |
| પ્રકરણ ૬ ઠું | ઝાલા રજપૂતોનાં ચરિત્ર | ૨૭૩–૨૭૭ |
| પ્રકરણ ૭ મું | ચન્દ્રસિંહજીનું ચરિત્ર | ૨૭૭–૨૮૧ |
| પ્રકરણ ૮ મું | વઢવાણ અને હળવદના રાજાની ચઢાઈ | ૨૮૧–૨૯૦ |
| | વાંકાનેર, ધ્રાંગધ્રા, કોટા, સીમલા, ચૂડા, થાન-લખતરની વંશાવળી | ૨૯૧ |
| પ્રકરણ ૯ મું | અમદાવાદ વસ્યાની વાત | ૨૯૨ |
| પ્રકરણ ૧૦ મું | મૂળીના પરમારોની ખ્યાત | ૨૯૩–૨૯૫ |
| પ્રયરણ ૧૧ મું | રાણપુરની હકીકત | ૨૯૬–૩૦૦ |
| પ્રકરણ ૧૨ મું | ધોળકાના કસ્બાતીની વાત | ૩૦૧–૩૦૫ |
| પ્રકરણ ૧૩ મું | ગોહિલ વંશ વિષે કંઈક | ૩૦૫–૩૦૭ |
| પ્રકરણ ૧૪ મું | ગોહિલ સેજકજી પંચાલમાં | ૩૦૮–૩૧૫ |

| | | |
|---|---|---|
| પ્રકરણ ૧૫ મું | સેજકજીને માથે હોલો | ૩૧૬–૩૧૮ |
| પ્રકરણ ૧૬ મું | અખેરાજજી ભાવસંધજી અને વખતસંધજી | ૩૧૮–૩૨૨ |
| પ્રકરણ ૧૭ મું | સિંધના પાવર પરગણામાંથી સોરઠમાં કાઠીઓ | ૩૨૩–૩૨૪ |
| પ્રકરણ ૧૮ મું | એભલવાળાની વાત | ૩૨૪–૩૨૬ |
| પ્રકરણ ૧૯ મું | શધરા જેસંગનાં કમહાણો | ૩૨૬–૩૨૮ |
| પ્રકરણ ૨૦ મું | કુમારપાળ અને રતનકુંવરી | ૩૨૮–૩૨૯ |
| પ્રકરણ ૨૧ મું | કુમારપાળ પછીના રાજાઓ | ૩૩૦–૩૩૨ |
| પ્રકરણ ૨૨ મું | રા’ખેગારની વાત | ૩૩૧–૩૪૩ |
| પ્રકરણ ૨૩ મું | માંડવરા દેવની વાત | ૩૪૩–૩૪૬ |
| પ્રકરણ ૨૪ મું | કેસર મકવાણો | ૩૪૬–૩૫૫ |
| પ્રકરણ ૨૫ મું | વરહો અને જેતો | ૩૫૫–૩૫૬ |

# શ્રી ફાર્બસ ગુજરાતી સભા–મુંબઇ

## શાળા–પાઠશાળાઓને ઇનામ માટે તેમ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિંમતની ગોઠવણ

## સાહિત્યપ્રચારને ઉત્તેજનની યોજના

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ મુંબઇ ઇલાકાનાં, સરકારી, દેશી રાજ્યોનાં તેમજ મ્યુનિસિપાલીટીઓ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાંઓમાં અભ્યાસ તથા વાચનપ્રસાર દ્વારા તથા વિદ્યાર્થીઓને અપાતાં ઇનામો દ્વારા, તેમ જ તેમના હસ્તકની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ અને પુસ્તકાલયોમાં ગુજરાતી સાહિત્યનો પ્રસાર બહોળા પ્રમાણમાં સહેલાઇથી ઓછા ખરચે થઇ શકે તે માટે પોતાની માલીકીનાં નીચે જણાવેલાં પહેલાં દશ સુધીના આંકવાળાં પુસ્તકો (રાસમાળા ભાગ ૧–૨ સિવાય) અર્ધી કિમ્મતે ઉપલી સંસ્થાઆને વેચાતાં લઇ શકવાની અનુકૂલતા કરી આપવાને યોજના કરી છે.

રાસમાળા ભાગ ૧–૨ આ સંસ્થાઓને ૧૨।। ટકામાં કમીશનથી વેચાતી આપવા ઠરાવ્યું છે.

આ યોજનાનો લાભ લેવા તે તે કેળવણી ખાતાં અને સંસ્થાઓ પ્રેરાય તે માટે પોતાની માલીકીનાં પુસ્તકોનો પરિચય તૈયાર કરી પ્રકટ કરેલો છે. જેને તે જોઇતો હોય તેને મંગાવ્યેથી મફત મોકલવામાં આવશે.

આ પુસ્તકો અડધી કિમ્મતે વેચાતાં લેવા ઇચ્છતી સંસ્થાએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

**રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની,** બી. એ.
**શ્રી ફાર્બસ ગુજરાતી સભા મંદિર.**
લેમીંગ્ટન રોડની બાજુમાં, કૉંગ્રેસ સ્ટ્રીટ, ૩૬૫, ગિરગામ,
**મુંબઇ નં. ૪**

## શ્રી ફાર્બસ ગુજરાતી સભાની માલીકીનાં પુસ્તકો ૧૭

**૧-૨ રાસમાળા** (સચિત્ર) **તૃતીય આવૃત્તિ, ભાગ ૧ લો, તથા બીજો;** રચનાર સ્વ. શ્રી. **એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ.** ભાષાન્તર કાર, અને વિવિધ ટિપ્પણીઓ તથા પરિશિષ્ટો યોજનાર દિ. બ. **રણછોડ-ભાઇ** ઉદયરામ **દવે. દરેકનું મૂલ્ય ૫-૮-૦**

**૩. ફાર્બસ જીવનચરિત**—રચનાર, સ્વ. **મનઃ**સુખરામ **સૂર્ય**રામ **ત્રિ**પાઠી, જે. પી. **મૂલ્ય** ૦-૮-૦ (હાલ અપ્રાપ્ય).

**૪ માર્કસ ઓરેલીઅસ એન્ટોનીનસના સુવિચારો**—ભાષા-**ન્તરકાર,** સ્વ. ઈડરનરેશ, સર કેશરીસિંહજી, ઉપોદ્‌ઘાત લખનાર અને સંસ્કૃતસુભાષિત અને તત્ત્વજ્ઞાનનાં વચનો નોંધનાર રા. રા **નગીનદાસ પુરૂ-**ષોત્તમદાસ **સંઘવી.** મૂલ્ય **રૂા. ૨-૦-૦**

**૫ શ્રી. ફા. ગુ. સભાનાં પુસ્તકોની સવિસ્તર નામાવલિ. ભા. ૧ લો, ૨ જો;** (૧-૫૦, અને ૫૧ થી ૧૫૦ પુસ્તકોની યાદી) તૈયાર કરનાર રા. રા. **અં**બાલાલ **બુ**લાખીરામ **જા**ની બી. એ. **દરેકનું** મૂલ્ય **રૂા. ૨-૦-૦**

**૬-૧) શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હ. પુસ્તકોની** સંક્ષિપ્ત **યાદી.** તૈયાર કરનાર રા રા. **અં**બાલાલ **બુ**લાખીરામ **જા**ની, બી. એ.

**૭ ગુજરાતનાં ઐતિહાસિક સાધનો ભાગ ૧-૨**(સાથે ભેગા)ગઢો, વંશાવળીઓ, શહેરો વગેરે સંબંધી હકીકતોનાં લખાણ. સભાનાં સાધનોને આધારે તૈયાર કરનાર રા. રા. **નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી,** મૂલ્ય **રૂા. ૧-૦-૦**

**૮ રસકલ્લોલ** : બાળાઓએ ગાવાનાં સ્ત્રીજીવનનાં પ્રચલિત ગીતો. સંપાદક રા. રા. **છ**ગનલાલ **વિ. રા**વળ. **રૂા. ૦-૧૦-૦.**

**૯ પ્રબોધબત્રીશી** (કવિ બંધારા માંડણકૃત) અને **રાવણ મંદો-દરી સંવાદ** (કવિ શ્રીધરકૃત). બન્નેય જૂના ગુજરાતીના ગ્રંથો--ટીકા સાથે. સંશોધક સ્વ. રા. **મણિ**લાલ **બ. વ્યાસ,** ટીકા તથા ઉપોદ્‌ઘાતના લેખક રા. રા. **શં**કરપ્રસાદ **છ**ગનલાલ **રા**વળ. મૂલ્ય રૂા. ૦-૧૨-૦.

**૧૦ પ્રાચીન કાવ્યવિનોદ ભાગ ૧ લો**-પ્રાચીન આખ્યાનો અને પદો, નાકર આદિ કવિઓના ગ્રંથો, (ભાષા કંઇક અર્વાચીન ગુજરાતી જેવી) સંપાદક રા. રા. **છ**ગનલાલ **વિ. રા**વળ. **મૂલ્ય રૂા. ૧-૦-૦.**

**૧૧ અહુનવર**—એ નામનો સર્જનજૂનો મંત્ર, પારસી ધર્મતત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન રા. રા. **માન**શંકર **પિતાંબર**દાસ **મ**હેતા. મૂલ્ય ૦-૮-૦

**૧૨ चतुर्विंशतिप्रबन्धः–श्री राजशेखरसूरिसन्दृब्धः–– परिशिष्टेन समलंकृतः संशोधितश्च एम. ए. इत्युपपद–धारिणा प्रो.हीरालालेन। मूल्यं रु. २–८–०**

**१३ प्रबन्धचिन्तामणिः—श्री मेरुतुंगाचार्यरचितः शास्त्री दुर्गाशंकरेण संशोधितः मूल्यं १–८–०**

**૧૪ શાક્તસંપ્રદાય**—સિદ્ધાન્તો, ગુજરાતીમાં તેનો પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર અસર. **કાદિ** અને **હાદિ મતનાં બે શ્રીચક્રો સાથે** લે. દિ. બ. **નર્મદાશંકર** દેવશંકર. **મહેતા**. બી. એ. **મૂલ્ય ૧–૮–૦.**

**૧૫ ગુજરાતના ઐતિહાસિક લેખો**—ભાગ ૧ લો. પ્રાચીન યુગથી વાઘેલા વંશની સમાપ્તિ પર્યન્તના. મહારાજા અશોકથી ગુર્જર વંશ પર્યન્ત ગોઠવી સંશોધી તૈયાર કરનાર, રા. રા. **ગિરજાશંકર વલ્લભજી આચાર્ય.** એમ. એ. ક્યુરેટર, પ્રીન્સ ઑફ વેલ્સ મ્યુઝીઅમ–મુંબઇ. **મૂલ્ય રૂ. ૪–૮–૦**

**૧૬ મહાભારત**–પ્રાચીન ગુજરાતી અનુવાદ, રૈકવકવિ **હરિદાસકૃત** આદિપર્વ અને નાગરકવિ **વિષ્ણુદાસરચિત** સભાપર્વ સંપાદક અને સંશોધક રા. રા. **કેશવરામ કાશીરામ શાસ્ત્રીજી, માંગરોળ.**

**૧૭ ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો, તથા વાર્તાઓ** વા. **ગુજરાતી રાસમાળા**, સંગ્રહ કરનાર અને લખનાર સ્વ. **કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ મૂલ્ય** રૂ. ૦–૧૨–૦.

## ૨ સભાના પારિતોષિકથી પ્રસિદ્ધ ગ્રન્થો ૫.

(૧) **મેટરલીંકના નિબંધો**–(ભાષાન્તર) રા. રા. **ધનસુખલાલ કૃ. મહેતા.**

(૨) **વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ**–રા. રા. દુર્ગાશંકર **કેવળરામ શાસ્ત્રી.** (અપ્રાપ્ય; દ્વિતીય આવૃત્તિ સંશોધાવી તૈયાર કરાવાય છે.)

(૩) **શૈવમતનો સંક્ષિપ્ત ઇતિહાસ**–રા. રા. દુર્ગાશંકર **કેવળરામ શાસ્ત્રી.** (અપ્રાપ્ય; દ્વિતીય આવૃત્તિ સંશોધાવી તૈયાર કરાવાય છે.)

(૪) **દેહ, જીવ અને આત્માની વૈજ્ઞાનિક મીમાંસા** (ભાષાન્તર)–રા. રા. **પ્રેમશંકર નારણજી દવે.**

**લોર્ડ મોરલીકૃત કોમ્પ્રોમિસ** (ભાષાન્તર), **સત્યાગ્રહની મર્યાદા** રા. રા. **મહાદેવ હરિભાઇ** દેશાઇ, બી. એ. એલએલ. બી. મૂલ્ય રૂ. ૧–૦–૦

## ૩ સભાના આશ્રયથી પ્રસિદ્ધ ગ્રંથો ૬

(૧) **નર્મકોષ**-સ્વ. કવિ **નર્મદાશંકર લાલશંકર દવે.**

(૨) **"ભક્તકવિ શ્રી દયારામનું જીવનચરિત્ર"**–લે. રા. **શંકરપ્રસાદ છગનલાલ રાવળ,** પ્રકાશક રા. રા. **નારણદાસ પરમાણંદદાસ ડભોઈવાળા.**

(૩–૪) **કાઠિયાવાડનું કંઠસ્થ સાહિત્ય,** ભાગ ૧ લો તથા ૨ જો (પ્રાચીન સંગ્રહો)–રા. રા. હરગોવિન્દ પ્રેમશંકર ત્રિવેદી. મહુવા

(૫) **અભિમન્યુ આખ્યાન**–જનતાપીકૃત (૨. સં. ૧૭૮૫), રા. રા. **મંજુલાલ રણછોડલાલ** મજમુદાર, બી. એ. એલએલ. બી. વડોદરા

(૬) **સંયુક્તાખ્યાન** (કાવ્ય) રા, રા. **ગજેન્દ્રશંકર લાલશંકર પંડયા.** એમ. એ. સુરત

## ૪ મુદ્રણાલયમાં ૭.

(૧) **રૂસ્તમ બહાદુરનો પવાડો** (શામળ) રા. રા. **અંબાલાલ બુ.** જાની, બી. એ.

(૨) **કેશવકૃત ભાગવત દશમસ્કંધ**–રા. રા. **અં. બુ.** જાની, બી. એ.

(૩) રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયાનાં "**ફાઇલોલોજીકલ લેકચર્સ**" ભાગ ૧ લાનું ભાષાન્તર (સચિત્ર)–રા. રા. **રા.** પ્રો. બક્ષી, બી. એ.

(૪) "**ચતુર્વિંશતિ પ્રબંધ**"–ગુજરાતી અનુવાદ. તૈયાર કરનાર પ્રો. **હિરાલાલ રસિકદાસ કાપડીયા, એમ. એ.**

(૫) **પ્રબંધચિંતામણિ**–મેરૂતુંગાચાર્યકૃત ગુજરાતી અનુવાદ. તૈયાર કરનાર રા. રા. દુર્ગાશંકર **કેવળરામ શાસ્ત્રી.**

(૬) **મહાભારત ગુજરાતી**–ભાગ ૨ જો વૈશ્યકવિ નાકરરચિત આરણ્યક પર્વ, સંશોધક રા. રા. **કેશવરામ કાશીરામ શાસ્ત્રી.** માંગરોળ

(૭) **નરપતિકૃત "પંચદંડ"** (સં. ૧૫૪૫) સંશોધક રા. રા. **શંકર-પ્રસાદ છગનલાલ રાવળ.**

## ૫ તૈયાર થતાં ૫

(૧) **રાસમાળાની પૂરણિકા**–દિ. બ. **રણછોડભાઇ ઉદયરામ દવેએ** સંગ્રહીત, ગોઠવી લખનાર રા. રા. **ગિરજાશંકર વલ્લભજી આચાર્ય એમ. એ.**

(૨) "**રૂકિમણીરી વેલી**"–(પ્રાચીન) તૈયાર કરનાર રા. રા. **નટવરલાલ ઈચ્છારામ દેસાઈ** બી. એ.

(૩) **મધુસૂદન વ્યાસકૃત હંસાવતીની વાર્તા**–સં. ૧૬૫૪ (પ્રાચીન) સંશોધક રા. રા. **શંકરપ્રસાદ છગનલાલ રાવળ.**

(૪–૫) **શૈવધર્મ અને વૈષ્ણવ ધર્મ**–તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર, સંશોધિત પરંપત દ્વિતીય આવૃત્તિ, કર્તા રા. રા. દુર્ગાશંકર **કેવળરામ શાસ્ત્રી.**

**મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કું.**
**બુકસેલર્સ** એન્ડ પબ્લીશર્સ પ્રીન્સેસ સ્ટ્રીટ–**મુંબઇ** નં. ૨

# ઐતિહાસિક કેટલાએક પ્રસંગો

## પ્રકરણ ૧ લું

### મકવાણાઓ સંબંધી કાંઇક

### મેથાણના મકવાણા

ગીત ઝૂલણાની જાતનું.

ખસે ખેડ ખવડાં તણી ભેળ માતી ખરી,
લાખ લાખાં દળાં મેળ લાડો;
જોરાવર રાજથી ભીર ન હુઇ જદી,
આવીઓ ભૂપતો તદે આડો. ૧

એધ ખુરાશાણરા વેધ માતા ખરા;
ધરાપર ધમધમે ગેણ ધ્રુજે;
ભીર ગોદડ તણી તાણવા મહા ભડ;
ડમર કર આવિયો કાન દૂજે. ૨

હેવરાં કુંજરાં નરાં ચાલતાં હસમ,
વસમ ગત સિંધુવા રાગ વાગે;
ઝીકતો આભસર ટેક દે ઝીલિયો;
ખેલિયો પ્રજરાં ખીચ ખાગે. ૩

અલંગારો ખેડીયો નાંઢહુર ઊકરો,
દળે દૈ પાણ ધમસાણ દાખે;
ભાહરાં ધરાવે અઓ ધર ભૂપતો
રાવ કાંઠા તણી ધસ રાખે. ૪

**ભાવાર્થ:**—ખડવ જાતિના કાઠિયોનો મેળાવો ખરેખરો થયા છતાં તેનું ગામડું હાથમાંથી ખરચું અને જોરાવર ધરાંગધરાના રાજથી જ્યારે

મદદ થઇ શકી નહીં, ત્યારે લાખલાખની ફોજ ભેળવીને વરરાજા ભૂપતસંગ આડો આવ્યો.

ખુરાશાણી એટલે મુસલમાન લોકો ખરા ઉન્મત્ત હતા. તેઓનો ખેધો લઇને વેષ્યા તે સમે પૃથ્વીનું પડ ધમધમવા લાગ્યું અને આભ ધ્રુજી રહ્યો. જાણે કે ગોધ્રુ નામના કાઠીની મદદ કરવા સારૂ મહાસુભટ બીજો કૃષ્ણ ધામધુમ કરીને આવ્યો. ૨

મોટામોટા હાથીઓ અને પાળાનાં, ટોળાં ચાલવા લાગ્યાં, અને ભયંકર રીતે સિંધુ રાગનાં વાજાં વાગ્યાં અને માથે તૂટી પડતો આભ ટેકો દઇને ઝીલ્યો. અને તલવાર વડે એ જુલ્લામાં ખૂબ ખેલ્યો. ૩

નાંઢાજીનો દીકરો ઉશ્કેરાઇને જૂદી જ તરેહથી ચાલ્યો અને દૈવ જેવાને દળી નાંખ્યા એવું યુદ્ધ દાખવ્યું; અને કાઠી રાજાની પૃથ્વીનું રક્ષણ કરીને પછી તે ભૂપતશંઘ પોતાના બાપની જમીનમાં ઘેર વહ્યો આવ્યો. ૪

હળવદના ભાયાત મેંથાણવાળા છે. તેઓનો ગરાસ હળવદના રાજે દબાવ્યો ત્યારે મેથાણવાળે, જેમ પોતાનો ગરાસ જતો હોય ત્યારે કેટલાક ઠાકરડા મુસલમાનને પોતાની દીકરી અપાય એ જ રીતે ભૂપતસંઘને દીકરી આપી. એટલે ભૂપતસંઘના ડરથી હળવદના રાજે મેથાણવાળાને ગરાસ તરત પાછો આપ્યો. તે ભૂપતસંઘનાં દકરાળાં ઝાલી બાઇ સંવત ૧૮૯૮ સાલમાં હયાત હતાં.

એ ભૂપતસંઘ મોટો પરાક્રમી હતો. તે માણસને મારી નાંખતાં, કાંઈ વાર લગાડતો નહોતો. ભંકોડાથી સોસો ગાઉ ફરતે લૂંટફાટ કરતો હતો અને મોટામોટા રાજાઓને પણ કાયર કરતો હતો. તે દરેક બારશને દહાડે ભંકોડાના બ્રાહ્મણોની ચોરાશી જમાડતો હતો તથા ગરીબોને અને તીર્થવાસીઓને પોતાના ગામમાં સદાવ્રત આપતો હતો, ગરીબને લૂંટતો નહોતો. તે સંવત્ ૧૮૭૦ની સાલમાં ગુજરી ગયો.

પછી તેનાં દીકરાળાં મૂળીબાઇએ પોતાના જેઠ દાદાજીના બે દીકરાને દત્તપુત્ર કરીને લીધા અને બીજી અમરત બાઇએ નથુભાઇના ત્રણ દીકરાને દત્તપુત્ર કરીને લીધા. તેમાં નારણજી તથા રતનશંઘજી એ બેના નામથી વહીવટ ચાલતો હતો. મૂળીબાઇની તરફથી રતનશંઘજી અને અમૃતબાઇની તરફથી નારણજીનું નામ દાખલ થયું હતું. એ નારણજી ગુજર્યા પછી તેને ઠેકાણે તેના ભાઇ રામજીનું નામ દાખલ થયું. અને રતનશંઘજીને ક્ષયનો રોગ થવાથી તેના ભત્રિજા ડોસાજીનું નામ તેને બદલે દાખલ થયું. એ ડોસોજી આશરે સંવત ૧૯૦૦ માં ગુજર્યો. ત્યારપછી એકલા રામાજીનું નામ ચાલતું હતું. રામાજી ગુજર્યા પછી તેના દિકરા પ્રતાપસિંહજી અને વખતસિંહજી એ બે ભાઇઓ મળીને વહીવટ ચલાવવા લાગ્યા. તેઓ ઓરમાન ભાઇઓ છે.

કોળી ઠાકરડા ૭ શાખાઓના છેઃ—

| | જાત. | તાલુકો. |
|---|---|---|
| ૧ | મકવાણા | ઝંઝુવાડા, કટોસણ, તથા પનાર |
| ૨ | રાઠોડ | ઘાંટુ તથા વાઘપર |
| ૩ | સોલંકી | ભંકોડા તથા કડવાવ |
| ૪ | ડાભી | ઘોડાસર |
| ૫ | ચહુવાણ | આંબલીઆળું |
| ૬ | વાઘેલા | કાકરેચી |

## કટોસણના ઠાકોરની ખ્યાત[1]

મકવાણા વંશમાં પાટડીએ સોઢોજી થયા. તેના ફટાયા કુંવર સામતોજી હતા. તે, સંવત ૧૩૭૦ માં પાટડીએથી, કટોસણ પાસે સાણથળ ગામ છે, ત્યાં આવીને રહ્યા. ત્યાં પ્રથમ બીહોલા તથા હડીઓલ રજપુતો રહેતા હતા. તેઓને મારીને સોઢાજીએ તે ગામ હાથ કર્યાં હતાં. તે સામતાજીના હાદલજી, સોમોજી, જોગાજી, એ

**૧ લખાવનાર: બારોટ ભાવસિંહ કલ્યાણ, રાણીનગરના રહેવાસી, સિદ્ધપુર તથા વઢવાણના વહિવંચા બારોટ રૂપસિંહ આતમારામ.**

રીતે એક પછી એકના પુત્ર થયા. એ જોગાજીએ સણથળને પાદરે એક મોટો કૂવો બંધાવેલો છે. જોગાજીના ખાનોજી અને કરણોજી થયા. તે કરણોજીના વંશના રજપૂતો સણથળમાં હાલ છે, અને ખાનાજીને મદારશા નામના ફકીરનો મેળાપ થયો. તેની મદદથી મહમદશાહ બેગડા પાસે કટોસણ પરગણું મળ્યું. તે વટલ્યા અને ખાંટની દીકરીને પરણ્યા. તેની વીસમી પેઢીએ પ્રતાપજી થયા, તેના ભગવાનજી અને રાણોજી હાલમાં કટોસણમાં છે.

## પનારના મકવાણાની ખ્યાત[2]

પનારના કોળી ઠાકોર મકવાણા છે. તેની બધી વંશાવળીની અમને ખબર નથી. પણ હાલ ઠાકોર માનાજી છે. તેની પાંચમી પેઢીએ રૂપાજી હતા. તેનો દીકરો કુપાજી પરાક્રમી હતો. તે દેશમાં વિખ્યાત હતો. જ્યારે ભંકોડાના ભૂપતસિંહને તેના મોટા ભાઇઓએ પરગણામાંથી જ કાઢી મૂકયા ત્યારે તે છનીઆર ગામમાં પીતરાઇ કાકાને ઘરે જઇને રહ્યા. તે વખતે ભૂપતસિંહની ઉમર ૧૨ વર્ષની હતી. તેની પાસે એક બકરો હતો. તેને અને છનીઆરવાળાના બકરાને લડાવ્યા. ભૂપતસિંહનો બકરો હારીને નાઠો, ત્યારે ભૂપતસિંહને પોતાના બકરા ઉપર ચીઢ ચઢી અને કહ્યું કે ફટ ભૂંડા! મારી લાજ ખોવરાવી. એમ કહીને તેણે તેનું માથું કાપી નાંખ્યું. ત્યારે છનીઆરને ઠાકરડે જાણ્યું કે એણે આજ બકરાનું માથું કાપ્યું, પણ તે કોઈ સમે આપણાં છોકરાંની ઉપર આ રીતે રીસ ચઢે તો તેને પણ વગાડી દેશે. માટે ભૂપતસિંહ અહીંથી જાય તો સારૂં. પછી તેને ત્યાંથી વિદાય કર્યો.

એટલે ભૂપતસિંહ પનાર પાસે પોતાના બાપનું ગામ કોઇતીયું છે ત્યાં આવીને રહ્યા. ત્યારે પનારના કુપાજીનો વજીર કોળી પથુ પનારો હતો. તેણે કુપાજીને કહ્યું કે આપણી દીકરી ભૂપતસિંહને આપીએ તો ઠીક.

---

૨ લખાવનાર: પનારના કારભારી હરઓતિંહ મૂળજી. પનારના વહીવંચા અમદાવાદમાં બારોટ કાશીદાસ તથા કાનુ છે.

ત્યારે કુપાજીએ કહ્યું કે એના હાથમાં લગીરે ગરાસ નથી. એટલે દીકરી કેમ દેવાય? ત્યારે વજીરે કહ્યું કે આપણે મદદ કરીએ તો એના ગરાસ મળે. પછી કુપાજીએ તેને પોતાની દીકરી પરણાવી. અને કુપાજીએ ૨૦૦૦ કોળીનાં માણસો એકઠાં કરીને ભૂપતસિંહના ભાઇ નથુભાઇ તથા દાદાભાઇને મારી નાંખ્યો. એટલે બીજા ભાઇ ભત્રીજા નાસી ગયા. અને તેઓનાં ૧૨ ગામ ભૂપતસિંહને તાબે કર્યાં:

ભૂપતસિંહની મા પાસે ભંકોડાના મઠનો ગોસાંઈ જતો આવતો હતો. તે બાબત કારભારી વાણીઆએ ભૂપતસિંહ આગળ ચાડી કરી કે આ અતીત આપણા દરબારમાં આવે છે તેથી આપણી સારી વાત કહેવાતી નથી. તેથી ભૂપતસિંહે પોતાની માને તરવારથી મારી નાંખી, અને અતીત તો નાસી ગયો તે ફરીથી આવ્યો નહિ. પછી તેના ચેલા આવીને તેના મઠમાં રહ્યા.

એ કુપાજીના મેલીકાર, અમદાવાદ, વઢવાણ, અને લીંબડી સુધી રસ્તે લૂંટવાને ફરતા હતા. અને સાણંદનો રાજા વર્ષો વર્ષ દિવાળીએ એક ઘોડો આપતો હતો, તેથી તેના દેશમાં લૂંટફાટ કરતા નહિ. તે દિવસથી આજસુધી સાણંદ પરગણાની વોળના તથા ધોળકાની વોળના રૂ. ૭૯૮–૭–૨ માનાજીને મળતા. તે સિવાય બીજાં ઘણાં ગામોની વોળ લેતા હતા. પણ જ્યારે અંગ્રેજ સરકારનું રાજ થયું ત્યારે માનાજીને પૂછ્યું કે તમને કેટલાં ગામોની વોળ મળે છે ત્યારે તેણે તમામ ગામો લખાવ્યાં હતાં. પણ જે જે ગામોના પટેલોએ કબૂલ્યું નહિ તે તે ગામોની વોળ લેવાનું બંધ થયું.

માંદળનો જેઠો પટેલ પેશ્વા સરકાર આગળ બહુ માનીતો હતો. જે ભોમીઆઓની જમે ઉઘરાવવા સારૂ પેશ્વાની ફોજની આગળ ચાલતો હતો. તેવામાં હળવદની જમેના બે લાખ રૂપીયા ચડેલા હતા. તે લેવા ગયા ત્યારે ત્યાં બાઇસાહેબ રાજ ચલાવતાં હતાં, અને કુંવર નાના હતા. ત્યારે બાઇએ જેઠા પટેલને કહ્યું કે હાલ રૂપૈયા ભરવાની શક્તિ નથી, અને વઢવાણવાળાએ અમારૂં કેટલુંએક પરગણું ઉજ્જડ

કર્યું છે અને તે એક ઘડી પણ સુખ પડવા દેતા નથી, માટે હમણાં માફ કરો તો સારૂં. ત્યારે જેઠા પટેલે કહ્યું કે નહિ આપો તો ગામમાં આગ લગાડીને હાલ હાલ રૂપૈયા લેશું. આ બાઇને કુપાજીએ ધર્મની બહેન માની હતી. તેથી કુપાજીને બાઇએ કહ્યું કે જેઠા પટેલને મારી નાંખો તો મારૂં દુઃખ મટે. એવામાં, પનારનું ગામ બરીવાળું હતું ત્યાં પેશ્વાની તરફથી તોરણ બાંધવા સારૂ જેઠો પટેલ ગયો ત્યારે કુંપાજીએ ત્યાં જઇને તે પટેલને મારી નાંખ્યો. એ કામમાં વીરમગામના દેશાઇની પણ કુપાજીને સલાહ હતી. જેઠો પટેલ મુઆથી બધા પરગણાઓવાળા ઘણા રાજી થયા.

એક વાર કુપાજીએ બખ્તરપાખરવાળા સવાસો સ્વાર સાથે લઇને અમદાવાદ પાસેના મોજે ઓડ કમોડનાં ઢોર વાળ્યાં.તે વારે ત્યાં ગાયકવાડ, સિંધીઆના થાણાંના સાઠ સવારો હતા. તેઓ વહારે આવ્યા. તેમાંના ૨૨ સ્વારોને કુપાજીએ મારી નાંખ્યા. તેના પોતાના ૪ સ્વારો મરાયા અને થાણું નાસી ગયું.

પછી સરખેજનું થાણું રહેતું હતું ત્યાંથી ૬૦ સ્વારો લઇને એક વાણીઓ આવ્યો. તેની સાથે ડંકો નિશાન હતું. તેણે આવીને દગો દીધો. ત્યારે સ્વારોએ જાણ્યું કે થાણું આવી પહોંચ્યું. તેથી નાઠા ત્યારે થાણાંવાળે કુપાજીને બરછી મારી તેથી તે મરાયા. તેની લાશ થાણાવાળા લઈ ગયા, તે આપતા નહોતા ત્યારે કુપાજીના કુંવર સાતાજીએ કહ્યું કે અમે કદિ તમારે ગામ ફેરો કરશું નહિ અને લાશ પાછી આપો. પછી લાશ પાછી આપી. તે પનારે લાવીને અગ્નિદાહ કર્યો. તેનો પાળીયો ઓડ કમોડ પાસે ઘાલ્યો.

પછી સંવત ૧૮૪૭ અથવા ૪૮માં બાબાજીની ફોજ પનારમાંથી એંસી બાન પકડીને વીરમગામ લઈ ગઈ. તેઓના દંડના આઠ હજાર રૂપૈયા લઇને છોડી મૂકયા.

સંવત ૧૮૫૨માં મલાવરાવે પનાર માર્યું ત્યારે પનારમાં કોળીનાં ૧૦૦૦ ઘરો હતાં. મલાવરાવે પનારને બાળી દીધું તેથી તે ગામ

તારાજ થયું. ત્યારે સામતોજી કાંકરેચીમાં ભાભર પરગણામાં જઇને રહ્યા. છેલ્લી વારે રૂ. ૧૦,૦૦૦ મલાવરાવને દંડના આપ્યા અને તેનો ફાળો પરગણાના લોકોને માથે નાંખીને સામતાજીએ વસુલ કર્યો. અને સંવત ૧૮૫૩માં પનાર ગામ ફરીથી વસાવ્યું.

પછી જ્યારે ભૂપતસિંહે કડી પરગણાના શેદરાણા ગામનું બાન પકડયું ત્યારે સામંતસિંહજીએ કહ્યું કે એ ગામની વોળ મને મળે છે, માટે તે ગામની બાન તમારાથી લેવાય નહિ. પછી ભૂપતસિંહ સાથે લડાઈ થઈ ત્યારે ભૂપતસિંહના ત્રણ માણસો મર્યાં અને સામતાજીનું એક મર્યું.

સંવત ૧૮૬૭ માં સામતોજી ગુજર્યા ત્યારે તેના કુંવર માનાજીની ઉંમર ૨૨ વર્ષની હતી. તે માનાજી સંવત ૧૮૬૮ માં પહેલવહેલાં સાતસેં માણસોની ધાડ લઇને પાછલી બે ઘડી રાતે વીરમગામનાં ચૌટામાં ગયા, અને પહોર દિવસ ચઢતાં સુધી ગામ લૂટયું. પ્રથમ એક વાણીયાની દુકાને જઇને કહ્યું કે એક ડોસી મરી ગઇ છે વાસ્તે નાળીયેર લેવું છે, માટે દુકાન ઉઘાડ. વાણીયાએ દુકાન ઉઘાડી, એટલે દુકાન લૂંટી લીધી, ત્યારે સરકારનાં તથા કશબાતીનાં ૪૦૦૦ માણસો હથીયાર લઇને આવ્યાં, અને લડાઈ થઈ. તેમાં માનાજીનાં બે માણસો મરાયાં અને વીરમગામનાં પણ બે મરાયાં. તેમાં એક સરકારનું માણસ તથા બીજો ગામનો તાઇ મુઓ. પછી ગામનાં માણસોનું જોર થતાં ધાડવાળા નાસી ગયા. તે વખતે ઝાઝી લૂંટ મળી નહિ.

પછી એ જ વર્ષમાં ૬૦ સ્વાર અને એક હજાર પાળા લઇને માનાજીએ બાવળી ગામ લૂંટયું. ત્યાં પરદેશી અતીતની જમાતનાં એંસી માણસો હતાં તે લડવા આવ્યાં. ત્યારે માનાજીનાં બે માણસો મર્યાં. પણ ત્યાંનાં ઢોર વગેરે માલ લઇને આવ્યાં અને અતીત મરાયો. વળતી વખતે ગામ કટેજી લૂંટયું. એ બન્ને ગામ લીંબડીના રાજાનાં હતાં તેની બૂમ પહોંચ્યાથી મોજે તલસાણેથી

રાજાની તરફના ૫૦ સ્વાર લઇને ભાયાત રત્નેભાઇ પોળોભાઇ આવ્યા. તેઓ સાબરમતી પાસે ધાડ ભેગા થયા ત્યારે ધાડવાળા નાસી ગયા. અને માનાજી પાસે ફક્ત ૧૫ સ્વાર રહ્યા. તેમાંથી પણ ચોર વડોદરાના ૭ સ્વારો નાઠા. માનાજીના બનેવી સરાદપરાના એચરજી હતા તે તથા બીજા સગાંવ્હાલાં હતા એવા ૯ સ્વારો માનાજી પાસે રહ્યા. ત્યારે ગામ કુંવવળામાં ખબર થઇ કે માનોજી અંતરાયા છે. તેથી ત્યાંના પાળા ૨૫ બંદુકો લઇને માનાજીની મદદે આવ્યા. કેમકે એ ગામની વોળ માનોજી ખાતા હતા. પછી તલસાણાવાળા મેઘોજીનો ભત્રિજો ૨૨ વર્ષનો હતો તેને ગોળી વાગ્યાથી તે તરત મરી ગયો અને મેઘાજીને માનાજીએ બરછી મારી તે તેનાં પડખામાં વાગી. પ્રથમ મેઘાજી માનાજી ઉપર બરછી ઉપાડીને આવ્યો હતો. એ ગરાશીયાઓએ બખતર પહેર્યા નહતાં. પછી અદાદપરાવાળા તેનાજી એચરજીના કાકાએ મેઘાજીની ઘોડીને બરછી મારી તેથી તે ઘોડી મરી ગઈ. પછી કુંવરની લોથ તથા ઘવાયેલાને લઇને ગરાશીયાઓ પાછા ગયા અને માનાજી માલ લઇને પનારમાં આવ્યા.

તેટલામાં વીરમગામના કશબાતીઓને ગાયકવાડ સાથે ટંટો થયાથી કશબાતીઓના ઉચાળા પનારમાં આવ્યા. ત્યારે માનાજી અને કશબાતી મળીને કશબાતીનું ગામ સામર લૂંટયું. તેમાં એક તરફ રબારીનો વાસ હતો તે લૂંટવા ગયા ત્યારે ત્રણ રબારી ઝાંપે આડા ઉભા રહ્યા અને પેસવાનો લાગ ફાવવા દેતા નહોતા. એકને તો રૂસ્તમ મઢળ નામના કશબાતીએ ગોળી મારી પૂરો કર્યો અને બીજાને માનાજીએ બરછી મારી મારી નાંખ્યો.

પછી ત્રીજે મ્હોમાં ઘાસ લીધું અને વેગળો રહ્યો. પછી તે વાસ લૂંટયો. તે જ દહાડે ગામ કાયલા કશબાતીનું હતું તે લૂંટયું. એ રીતે ગાયકવાડ સાથે કેટલાએક દહાડા સુધી બહારવટું કર્યું. ત્યારે ગાયકવાડે કશબાતીઓને મનાવીને તેઓનાં નવ ગામ પાછાં આપ્યાં.

આગળ જેહા પટેલને પનારવાળાએ માર્યા હતા. તેનું વેર જેહા પટેલનો કડીમાં પ્રાણદાસ પારેખે, કે જે કડીમાં રહેતા જેસંગભાઇનો

બાપ થાય, તેણે લીધું. તે એવી રીતે કે એક સમયે પાનાજીના રસ્તામાં વણઝારાની પોઠ જતી હતી. અમદાવાદથી પાટડી સુધી માનાજીનો રસ્તો કહેવાદો. એ રસ્તે જે વણઝારાની પેઠ નીકળે તે માનાજીને હદ આપે એવો હક્ક હતો. તેનો રૂ. ૧ મળતો. તેમાંથી એક વણઝારા માનાજીના પિતરાઇ પનારના રામાજીનો બાપ માલાજી હતો. તેને પકડીને કાંકરેજીમાં ભાભર પરગણાની ઝાડીમાં લઇ ગયો. તે વણઝારાના વારસદારે કડીના સરકારમાં માનાજી ઉપર ફરિયાદ કરી કે માનાજીના માર્ગનો માનાજીએ બંદોબસ્ત રાખ્યો નહિ તેથી માનાજીનો પિતરાઇ અમારામાંના એક જણને પકડી ગયો છે. ત્યારે પ્રાણદાસ પારેખ કડીના સુબાનો કારભારી હતો તથા મજમુદાર પણ તે જ હતો. તેણે વિચાર્યું કે મારા સસરાને પણ વગર વાંકે માર્યો છે તેનું વેર વાળવાની આ તક મળી છે. વળી તે પણ વણઝારાને પકડી જનાર માલોજી પણ આવીને પ્રાણદાસ પારેખને રૂ. ૧૦૦૦ નજરાણામાં આપીને મળ્યા અને કહ્યું કે માનાજી અમારા મઝીયારામાંથી ભાગ આપતા નથી, અને અમને ગામમાં પણ પેંસવા દેતા નથી. તેથી અમે બહારવટે ફરીયે છીએ; માટે અમારો ગરાસ અપાવો. એટલે તે પારેખે પનાર ઉપર ૧૦૦ સ્વારો મોકલ્યા. તે દરેક સ્વારને દરરોજ મોશલીના રૂ. ૫ કર્યાં. તે સ્વારો ચાર મહિના સુધી પનારમાં રહ્યા અને તેઓએ ગામમાંથી લૂંટી લાવીને ખાવા માંડયું. તેથી પનાર ઉજ્જડ થયું. તેવામાં પાનાજીનો બાપ સામતોજી ગજર્યો. પછી પંચાત કરીને ટંટો પાર પાડયો. પનારની સીમમાં દોઢસો વીંઘા જમીન રામાજીને આપી અને રસ્તાની પોઠીઆની પોળ આવતી હતી તેમાંથી રામાજીને અર્ધ ભાગ આપવાનો ઠરાવ કર્યો તથા તેને પનારમાં ઘર ચણાવવા દીધાં.

એ વાતનો જામીન પનારનો ફત્તેહ બારોટ થયો અને રામાજીને ગામમાં લાવ્યો તથા પેલા વણઝારાને છોડાવી મૂકયો અને સરકારે મોશલી માફ કરી.

વળી સંવત ૧૮૬૯માં માનાજીએ ૫૦૦ માણસોની ધાડ મેળવી ને મોજે જખવાણું લૂંટયું. ત્યાંના લોકોએ પહોર વાર સુધી લડાઇ કરી અને તે ગામના પટેલ બે, તથા બે બ્રાહ્મણો મરાયા. પછી ગામના લોકો નાસી ગયા. ત્યાંના મુખીને એ લડાઇમાં ઝટકો વાગ્યો છે તે મુખી સં. ૧૯૦૮ સુધી તો હૈયાત હતો.

એ જ વર્ષમાં માનાજીએ ચોરવડોદરાની ભેંસો લીધી ત્યારે તે ગામથી પોણા ગાઉ ઉપર એક તળાવ છે ત્યાં ૨૫ સ્વારો અને ૧૦૦ પાળા રાખીને ફક્ત ૧૨ સ્વારો જઇને ગામની ભેંસો લીધી. ત્યારે તે ગામના સાત સ્વાર તથા ૨૦ પાળા વહારે આવ્યા. તે તળાવ નજદીક આવ્યા. ત્યારે માનાજીએ ૧૨ માણસોને મારી નાંખ્યાં. અને સમતખાન સિપાઈ હતો તે માનાજીને શરણે આવ્યો. એટલે માનાજીએ પોતાની ઘોડી ઉપર લઈ લીધો. પછી પોતાને ઘરે લાવીને પોશાકનો સીરપાવ આપીને વિદાય કર્યો. એ લડાઇમાં માનાજીનાં ત્રણ માણસો મર્યાં:

પછી સંવત ૧૮૭૦માં ખંભાત પાસે મેતલીનો માડ કહેવાય છે ત્યાં માનોજી ૭૦ સ્વાર અને ૧૫૦ માળાની ધાડ લઇને ગયો. બખતરપાખરવાળા ૩૦ સ્વારો પોતાની પાસે હતા. તે ગામમાં ઢોર નદીમાં પાણી પીતાં હતાં ત્યાંથી ઉપાડી લીધાં ત્યારે બૂમ પડવાથી આસપાસનાં ગામોમાંથી વહાર આવી પહોંચી. તેઓની પાસે ઘણી બંદુકો હતી અને ધાડવાળા એક નદીમાં હતા. વહારવાળા એક ટેકરા ઉપર હતા. તેથી બંદુકોનો માર ઘણો વાગ્યો. ત્યારે ધાડ ભેળાં ત્રણ ઉંટ હતાં, તેમાંના એકને પગે ગોળી વાગવાથી તે બેસી ગયું. તેના ઉપર ૨૦ બખતર હતાં. તે ઉંટ મેંતલીના માળની નદીમાં તણાયું તથા રૂ. ૫૦૦ની એક ઘોડી મૂઇ અને બે આદમી મુઆ. પછી ધાડવાળા નાઠા અને કોઠમાં આવીને ઠાકોર રામસિંહને ઘેર રાવ રહ્યા. કેમકે તેની સાથે દોસ્તી હતી. એ રીતે શુકન સારા ન થયાં તેથી પાછા ઘેર આવ્યા. બીજે ઠેકાણે લૂંટવા જવાનો વિચાર હતો પણ ગયા નહિ.

પછી સંવત ૧૮૭૧માં ગેરદ ગામ લૂંટયું. તે ધાડમાં ૫૦ માણસો હતાં. તે વખતે એ ગામના કોઇ લોકો સામા વઢવા આવ્યા નહિ, તેથી સુખે લૂંટીને ચાલ્યા આવ્યા.

એ જ વર્ષમાં અમદાવાદ પાસેનું કોચરીયું ગામ લૂંટયું. ત્યાંના લોકોએ ઝાંપા આડા આવીને આંતરીને ધાડમાંના બે માણસોને ગોળીથી માર્યા.

પછી સાણોદનું સોયલા ગામ લૂંટયું. કારણ કે સાણોદવાળાએ એ વર્ષમાં વરસુંતનો ઘોડો આપ્યો નહતો. ત્યાં પણ કોઈ સામું લડવા આવ્યું નહિ.

પછી રાધનપરની આણી તરફ ગાઉ ત્રણ ઉપરનું નવાબનું એક ગામ લૂંટયું. તેની વહારે ૪૦૦ ઘોડા સાથે નવાબ ચઢયો. અને ગામ આધારા તથા ઓસરા વચ્ચે આવીને ધાડવાળાઓને આંતર્યા. તે ધાડના અસ્વારો હતા તેમાંથી થોડાક મરાયા. તેવામાં પનારના ૧૦૦૦ માણસો આવી પહોંચ્યા. અને લડાઈ કરી તેમાં નવાબનાં ૭ માણસો મર્યાઃ એ લૂંટમાંથી ૨૦ ભેંસો ધાડવાળાના હાથમાં રહી અને ૧૩૦ ભેંસો જ પાછી વાળી ગયા.

સંવત ૧૮૭૨ માં ૧૯ ઉંટની કતારમાં બનાત તથા પરવાળાં વગેરે ચાલીસ હજાર રૂપીયાનો માલ મારવાડી વેપારીનો હતો, તે ઉંટો વીરમગામના બાના ગામ વસેળીના પાદરમાંથી પકડીને પનારમાં લાવ્યા. તેની વહારે વીરમગામથી સરકારી માણસો તથા કશબાનાં મળીને ૪૦૦ પાળા તથા કડીએથી સ્વાર અને પાળા મળીને ૧૦૦૦ આવ્યા. તેમાં કડીના મુસલમાન હસનભાઇ શેઠ ચડીને આવ્યા. તે સમયે તમામ ચુંવાળ પરગણાના ઠાકરડા સરકારની તરફથી આવ્યા. ત્યારે છનીઆર ગામના જીનાજીએ પનારમાં આવીને માનાજીને કહ્યું કે તમે આ કામ સારૂં કર્યું નહિ. હવે એ માલમાંથી ત્રણ ભાગ સરકારને આપો તથા એક ભાગ મને આપો તો હું તમારી મદદ કરીશ. ત્યારે માનાજીએ કહ્યું કે તમને કે સરકારને આમાંથી એક બનાત પણ

નહિ આપું, અને જેને મારી સાથે લડવાની હિંમત હોય તે મારી સામો આવે. પછી જીતાજીએ જઇને હસનભાઇને કહ્યું કે માનાજી તો તમને કાંઇ ભાગ આપનાર નથી. જો તમારામાં શક્તિ હોય તો લડીને લીઓ. પછી સરકારે પનાર ઉપર હલ્લા કર્યા અને બે તોપો લઇને ચાલ્યા. તેઓને એક ભરવાડે કહ્યું કે માનાજીએ કોળીઓનાં દશ હજાર માણસો ખાખરાની ઝાડીમાં એકઠાં કરી રાખ્યાં છે; માટે હામ પહોંચતી હોય તો જજો, નહિ તો તોપો સુધાં ખુંચી લેશે. એટલે હતા ત્યાં અટકી પંચાત કરાવી. તેમાંયે શ્રી શેઠ ત્રિકમ નાથાભાઇ તથા ઔદિચ્ય બ્રાહ્મણ વ્યાસ અનુપરામ તુળજારામ એ બે વીરમગામના તથા કડીના શેઠ હસનભાઇ વહોરો, એ ત્રણ જણાએ પંચાત કરી ને ઠરાવ કર્યો કે રૂ. ૫૦૦૦) માનાજીને મળે અને એ લૂંટનો બધો માલ સરકારને સોંપવો, પણ તેમાંથી ચોથા ભાગનો માલ ધાડના કોળીઓ તાણી ગયા હતા તે તો ગયો.

પછી સંવત ૧૮૭૬ માં ગામ માનાજીનાં મા મેળજ ગયાં હતાં. ત્યાં પોતાની જીવાઇનાં ખેતર હતાં. તેના વજે સારૂ ગયાં હતાં. ત્યારે ત્યાંના ઢેઢીઆએ કહ્યું કે માનાજીની મા આવી છે. એમ તુકારાથી કહ્યું. એ વાતની માનાજીને ખબર થયાથી માનાજી ૨૫ પાળા લઇને ત્યાં ગયો. અને ઢેઢવાડો લૂંટયો. પછી તે ગામને પાદર આવીને તે ઢેઢાને બોલાવીને ગાભા પાછા આપ્યા અને કહ્યું કે હવેથી વિચારીને બોલાવજો.

પછી ત્યાંના મુખીએ અમદાવાદમાં અંગ્રેજ સરકારમાં મી. દુલાવ સાહેબ ઉપર રીપોર્ટ કર્યો કે માનાજીએ ગામ લૂંટયું. ત્યારે તે સાહેબે ૧૦૦ સ્વારો લઇને માનાજીને પકડવા સારૂ જીઆવા વીરાભાઇને મોકલ્યો. એટલે માનાજી અંબાજીની ઝાડીમાં નાશી ગયો, અને ૭ મહિના સુધી બહારવટે રહ્યો. તે દરમ્યાન વીરમગામ પરગણા મહીં ઘણો ભય ઉપજવા લાગ્યો. તે એ કે માનાજી બહારવટે નીકળ્યો છે તે પરગણું ઉજ્જડ કરશે. એ બાબત અમદાવાદની સરકાર આગળ ઘણા રીપોર્ટ થયા ત્યારે દુલાવ સાહેબે કડીના શેઠ હશનભાઇને કહ્યું કે

માનાજી જ્યાં હોય ત્યાંથી બોલાવો, એનો ગુન્હો માફ કરીશું. ત્યારે હશનખાંએ માનાજીની મોટી ઠકરાણી આનંદબાઈ ઉપર કાગળ લખ્યો કે ઠાકોર જ્યાં હોય ત્યાંથી તેડાવો. સરકાર ગુન્હો માફ કરશે. ત્યારે ઠકરાણીએ ચાર સ્વારો મોકલ્યા. તેઓ જઇને ભાભર પરગણામાંથી માનાજીને તેડી લાવ્યા. તે આવીને પ્રથમ હસનભાઇને મળ્યો. એટલે હસનભાઇ તેમને અમદાવાદ તેડી ગયો અને દુલાવ સાહેબને મેળવ્યા. ત્યારે સાહેબે કહ્યું કે તમારો ગુન્હો માફ છે અને તમે સાચા ઇકરાર લખાવો કે આજ પછી આવું કામ કરશો નહિ. મોજે અને સરકારની મદદ રાખજો. ત્યારે ઇકરારમાં લખાવ્યું કે મેં ઢેઢવાડો લૂંટયો છે અને શેલાધુમાંનાં ગાડાં લૂંટવા ગયો હતો પણ લૂંટયાં નથી. પછી સાહેબ સાથે વીરમગામ આવ્યા અને માનાજીનો ગરાસ લખાવવા માંડયો. ત્યારે જે જે ગામનો પટેલોએ લખાવ્યો તે પ્રમાણે સાહેબે મંજુર રાખ્યો પણ માનાજીએ લખાવ્યો તે મંજુર રાખ્યો નહિ. પછી તે સાહેબ માનાજી ઉપર ઘણી મહેરબાની રાખતા હતા અને પોતાની સ્વારીમાં માનાજીને સાથે ફેરવતા હતા.

સંવત ૧૮૮૧ માં પનારના ઠાકરડા મેઘાજી આકબજીએ વીરમગામના પટેલ દયાળજી જીવણને ઝટકો માર્યો. તે એટલા સારૂ કે એ પટેલ અમદાવાદની ભાડાની ગાડીઓ પાંચ ચલાવતો હતો, અને ફેરે ફેરે રૂા. ૧) વોળનો માનાજીને આપતો હતો. તેમાં ભાગ લેવા સારૂ મેઘાજીએ તેને વીરમગામની સીમમાં જખમ કર્યો. વળી મેઘાજીએ મોજે શીયાળની ખડવા બાળી અને પાંચ સાત માણસો મેળવીને રસ્તે જનારા મુસાફરોને લૂંટવા માંડયા. તે સમયે વીરમગામના કુમાવીસદાર તાત્યા સાહેબ દક્ષિણી હતા. તેઓએ માનાજીને કહ્યું કે તમે મેઘાજીને પકડી લાવો તો તમને સરકાર ઇનામ આપશે. ત્યારે માનાજી પાટણના કુમાવીસદાર ઉપરનો કાગળ લઇને ૨૦ સ્વાર અને ૨૫ પાળા લઇને તે તરફ ગયા. અને ભાભર પરગણામાંથી તેને પકડી લાવ્યા ને મેઘાજી પાસે બે માણસો હતાં. તેઓને પકડવાથી ઇનામના રૂા. ૫૦૦) ચેરી સાહેબે માનાજીને આપ્યા.

સંવત ૧૮૮૨માં રામાજીએ મોજે ભાવડા નજદીક તકરારી પડતર જમીન માનાજીની હતી તે ખેડવા સારૂ હથિયારબંધ ૨૫ માણસો મોકલ્યાં. તે જમીનનો અટકાવ કરવા સારૂં માનાજીએ ૩૨ પાળા મોકલ્યા અને ત્યાં લડાઈ થઈ, તેમાં રામાજીના એક માણસને ઠેર માર્યો તથા બીજાને હાથે ગોળી વાગી. પણ તે જીવતો રહ્યો. તેનો મુકર્દમો અમદાવાદની સેશન્સ કોર્ટમાં ચાલ્યો. ત્યારે માનાજીના ૩૦ માણસોને દોઢ વર્ષની ટીપ મારી, ને માનાજીને પણ એટલી ટીપ મારી. પણ માનાજીને બેડી અને મજુરી વિનાની કેદ મળી.

સંવત ૧૮૮૮થી માનાજીના પનાર ગામમાં સરકારે થાણું રાખવા માંડ્યું. પછી સંવત ૧૮૯૦માં માનાજીએ સાણંદના બાના મોજે પીપળોણમાં મોદીની દુકાનેથી જબરીથી ખીચડી શેર ૧૦ તથા ૧૦ ઘોડાનું જોગાણ લીધું. તેનો મુકર્દમો અમદાવાદમાં ચાલ્યો ત્યારે મી. બારડોલ સાહેબે માનાજીને દશ મહિના કેદ રાખવાની શિક્ષા કરી તથા રૂ. ૫૦૦૦ના જામીન લીધા હતા. તે જામીનદારો પાસેથી રૂ. ૫૦૦૦ સરકારે લીધા. તે જામીનદારોનાં નામઃ (૧) મોજે ઉકડીના અણદોજી, (૨) મોજે વિઠ્ઠલપુરના જેઠોજી, (૩) મોજે રતનપુરના અજોજી અને (૪) મોજે શીણાજના ઠા. કહલોજી.

### મકવાણાની પૂરવણી[1]

વહીવટી સાહેબનો સાળો ફાર્બસ સાહેબ કડી પરગણાનો અધિકારી હતો. તેણે હિન્દુસ્તાનની એક બાઇડી રાખી હતી. તે સાહેબ અમદાવાદમાં પીરમશાહના રોજા આગળ ઉતર્યા હતા. અને માનોજી શેઠ હીમાભાઇની ધર્મશાળામાં ઉતર્યો હતા. તે બન્ને જણા વચ્ચે આડી વંડી હતી તે ઠેકીને માંહી પેંસીને માનાજીએ તે બાઇડીના દાગીના રૂ. ૪૫૦૦ની કીંમતના ચોરી લીધા. તે ઘરેણું મોજે પનારમાં લુહાર પાસે ગળાવ્યું તથા કેટલાએક દાગીના પરગામમાં વેચ્યા હતા. પછી માનાજીના કારભારીએ મૂર્ખાઈને લઇને

---

૧ લખાવનારઃ ઠા. રામજી માલાજી પનારના.

તેમાંનો દાગીનો એક સરકારમાં રજુ કર્યો અને બીજા દાગીના જ્યાં જ્યાં વેચ્યા હતા ત્યાંત્યાંથી બતાવ્યા, ત્યારે સરકારને માલ પાછો મળ્યો. પણ માનાજીને કાંઇશિક્ષા કરી નહિ.

એક વાર ગામ બજાણાને પાદર માનાજીએ મારવાડીનાં ૫૦ ઊંટ લૂંટયાં ત્યારે સરકારે માનાજીને અઢાર મહિના કેદની શિક્ષા કરી. તે કેદ પૂરી થઈ ત્યારે પનારના કોળીનાં માણસો ૧૦૦ તથા ઢાઢી, લંઘા વગેરે ૨૫ સામૈયું લઇને ગાજતે વાજતે ભદર આગળ ગયા, અને માનોજી કેદખાનામાંથી નિસર્યો તેને લઇને ગાજતેવાજતે ઉનોર ચાલ્યા. તેની કલેકટર સાહેબને ખબર થઈ, એટલે તરત પકડીને ફરીથી કેદમાં ઘાલ્યો.

નીકન સાહેબ અને વહીવટી સાહેબના વખતમાં માનાજીએ ખૂબ લૂંટફાટ કરી અને માનાજીને બધી થઇને ૭ વાર કેદ મળી હતી. તેમાં છેલ્લી વાર ૭ વર્ષની કેદની શિક્ષા કરી ત્યારે તેના કારભારી હરગોવિંદ વાણીયાને પણ કેદનો હુકમ થયો. તે વખતે હરગોવિંદ વાણીયાએ પોક મૂકી. ત્યારે માનાજીએ કહ્યું કે શીતુડા! મારો કારભારી થઇને રોવા બેઠો છે? કંઇ ફિકર ન રાખ.

સંવત ૧૮૯૫ માં જેઠ મહિનામાં અફીણના પોઠીયા ત્રણ મેમણો પાસેથી વીરમગામ પાસે મોજે વણીને પાદરથી સરકારની દાણચોરી બાબત માનાજીએ પકડયા. તેના ઇનામના રૂા. ૫૦૦) આબર્ટન સાહેબે સરકારમાંથી આપ્યા.

સંવત ૧૮૯૭ ના પોષમાં બહારવટીયાનાં ઘોડાં ત્રણ, જત જેઠા, તથા જત મદા વગેરેને દેલોલા ગામમાંથી પકડયા. તે પકડવા જવામાં માનાજીનાં ૧૫૦ માણસો અને સરકારના પાળા ૧૦ તથા ૧૦ સ્વાર હતા. તેના ઇનામના રૂા. ૩૦૦) સરકારે માનાજીને આપ્યા અને એ બહારવટીયાને સાત વર્ષની ટીપ એંડ્રુઝ સાહેબે મારી. વળી એ જ વર્ષમાં રાહદારી ગાડીઆમાં ૨૪ા રેશમી થાન હતાં. તે મોજે સચાણા અને ચોરવડોદરા વચ્ચે લૂંટાયાં. તે વાઘોડા ગામની સીમ-

માંથી રૂા. ૩૦૦૦) નો માલ તથા ૨૧ હરામખોરોને માનાજીએ પકડાવ્યા. તે વખતે વીરમગામના મામલતદાર પણ સાથે હતા. અને માનાજીનાં ૧૫૦ માણસો હતાં. તે બાબત હરસોલને મુકામે તા. ૧ જાનેવારી ઇ. સ. ૧૮૪૨ ને રોજ માનાજીના સ્વાર પાંચ કલેકટર ખાતામાં દર એકના રૂા. ૧૭) ના પગારથી બહાલ કર્યા.

સંવત ૧૯૦૨ માં રામપરાની સીમમાં ઊંટ એક લૂંટાયું. તેનાં પગલાં રામપરે રહ્યાં. તે બાબત રામપરા ઉપર સરકારે વીસ મોશલ કર્યા અને માનાજી વગેરે પર તહોમત આવ્યું હતું, પણ સાબીત ન થયાથી સરકારે છોડી મૂક્યા, અને માનાજી ઉપર જૂઠી સાહીદી પૂરનારા બે કોળીને શિક્ષા થઈ.

સંવત ૧૯૦૩ ના આષાઢમાં મોજે ગેરખજ તથા સાણોદ વચ્ચે અમદાવાદના શેઠ કુબા પ્રેમચંદના આંગડીયા રૂા. ૧૧,૦૦૦ ના લૂંટાયા ત્યારે ફેલજેમ સાહેબે માનાજીને સાથે લઇને જઇને ચોરવડોદરાથી ૩૦ હરામખોરોને પકડયા હતા. તે કામમાં માનાજીનાં ઘોડાં બે મુઆં અને સરકારે રૂા. ૩૫૦ માનાજીને ઇનામના આપ્યા. એ માનાજીના કુંવરનું નામ જેહળસંઘ હતું.

# પ્રકરણ ૨ જું

## વરસોડા, માણસાના ચાવડાની ખ્યાત [1]

ચાવડાના વહીવંચા કહે છે કે ઉજ્જનનો રાજા વિક્રમાજિત પરમાર હતો. તેના વંશમાં ન્યાથી ચાહા નામનો રાજા થયો. તેના વંશના થયા તે ચાહમાન ઉર્ફે ચાવડા કહેવાયા. તેનું રાજ્ય પૂર્વ હિન્દુસ્તાનમાં ચાહગઢમાં હતું. તેના વંશમાં આમ રાજા થયો. તેણે ચાહગઢ છોડીને સેનગઢમાં રાજ સ્થાપ્યું. તેના વંશમાં મહીપાળ નામે થયો. તેણે સેનગઢ છોડીને આબુ પાસે રાજ્ય સ્થાપ્યું. તેના વંશમાં જેતસી થયો. તેણે આબુ છોડીને મારવાડમાં માજણો ગઢ છે ત્યાં રાજ સ્થાપ્યું. તેના વંશમાં ભીમદેવ થયો તેણે ત્યાંનું રાજ્ય છોડીને ભીનમાળ (ભિન્નમાળ)માં રાજ સ્થાપ્યું. તેના વંશમાં પરશુરામ થયા. તેઓને મારીને છાડા રાઠોડે ભીનમાળ લીધું. તેની રાણી કુંવર સુધા નાસીને ગુજરાતમાં આવી અને ચાવડાની રાજધાની ગુજરાતમાં થઈ. તેના વંશમાં વનરાજ વગેરે થયા.

વિક્રમથી વનરાજ સુધીમાં ૩૬ પેઢીઓના રાજા તથા રાણીઓનાં નામ તથા રાણીના બાપનાં નામ તે વહીવંચાએ લખાવ્યાં છે. પણ તે નામોની ખાત્રી થતી નથી, માટે આ ઠેકાણે લીધાં નથી.

છેલ્લી વારે ગુજરાતનું રાજ્ય મૂળરાજે લીધું. ત્યારે ચાવડા ભુવડદેવનો ભાઈ અજેરાજજી હતો. તેના વંશનો એહેવનંદ નાની ઉમરનો હતો. તેને લઇને તેની મા જેસલમેરમાં પોતાને પીયર જઇને રહી. તે કુંવર મોટો થયો ત્યારે મોસાળમાં રહ્યાથી તેને પણ રાણા પદવી મળી. અને તેણે આવી છેક મોરો ગઢમાં રાજ્ય સ્થાપ્યું. તેનો દિકરો વિક્રમસિંહ થયો. તેણે પોતાના પૂર્વજોનું વેર વાળવા સારૂ પાટણના સોલંકી સાથે ઘણી વાર લડાઇ કરી:

---

**૧ લખાવનારઃ માળવામાં રામપરા શહેર પાસે વસોઇ ગામનો બારોટ ઓંકારજી ભૈરવદાસ તથા તેના ભત્રિજા મોડજી જગરૂપજી.**

**દોહરો**—વિક્રમ શીયે વજાડિયા શત્રાંરે ઉર સાલ;
જાણી હર મંદિર હુવે ઝાલરરો ઝણકાર.—૧.

તેના વિજેકરણજી, શાર્દૂલજી, શેષકર્ણજી, વાઘરાજ, અખેરાજ, જેતસી, કર્મસિંહ, લાખણસિંહ, એ રીતે એક પછી એક પુત્ર થયા.

લાખણસિંહના વીરમદેવજી અને વસંતસિંહજી એમ બે પુત્રો થયા. તે વસંતસિંહના વંશના હાલ કચ્છમાં છે. અને વીરમદેવજીના આશકરણજી, તેના હળધરજી, તેના મોકળશી, તેના પુંજોજી, થયા. તેની મા ગારીયાધારના ગોહિલ સરતાનજીની દિકરી હતી. એ પૂંજાજીની બ્હેન, સજાણબા ઉદેપુરના રાણા કર્ણને પરણાવી હતી. અને પૂંજાજી પાસેથી જોડે આવોએ મોરો ગઢ પડાવી લીધું ત્યારે તેણે અમદાવાદ આવીને પોતાની બીજી બ્હેન એજનકુંવરબા મહમદ બેગડાને આપી. ત્યારે પાદશાહે વડોદરા પાસે ધાવડા પાદરૂં છે તે જીલ્લો આપ્યો. પણ પછીથી પાછો તે લઇને કહ્યું કે કડી પરગણામાં ડાભલા ગામ છે ત્યાં દેદવિમલ નામના ચૌહાણનું રાજ્ય છે. તેના સાત ભાઇઓની ઠકરાત સાત ઠેકાણે છે. તે બીહોલવાડ કહેવાય છે. તેઓ પાદશાહનો મુલક લૂંટે છે. માટે તેઓને મારીને જીલ્લો હાથ કરો. પછી પાદશાહની ફોજ લઇને તથા ડાભી વિજલને ચાકર રાખીને જઇને અંબાશણ અને પછી ડાભલા ગામને પાદર મુકામ કર્યો. અંબાશણના ઔદિચ્ય બ્રાહ્મણ જાનીએ લડવાનું મુહૂર્ત આપ્યું અને કહ્યું કે તમે એક દિવસમાં સાત ગામ લેશો. ત્યારે પૂંજાજીએ કહ્યું કે તમારૂં વચન ફળશે તો તમને અમારા કુળગોર સ્થાપીશું. પછી બીહોલાની પાંચ ઠકરાતો લીધીઃ

**દોહરો**—દેહ હણીયો ડાભલે, ગોઝારિયે ગોપાળ,
લાલ લપેટયો લોદરે, વરસોડે વચ્છરાજ;—(૨)

પૂંજારેં દળ પ્રગટિયેં, આવ્યો દેદવિયાટ,
પાંડવ જેવો પૂંજલ મલ, સિકે ખગાંરી ઝાટ.—(૩)

પરંતુ તે વેળા તેમનાથી પીલવાઇની અને વડાસણાની ઠકરાતો લેવાઇ નહિ. તેથી ત્યાં હાલ સુધી બિહોલા રજપુતો રહે છે. અને પેથાપુર, લેંઓદર, તથા કલોલ વગેરેની વાઘેલવાડ કહેવાય છે. તે બન્ને જીલ્લા પાદશાહે પૂંજાજીને આપ્યા. પછી પૂંજાજીએ કેટલાક રજપૂતોને તથા ભાટ ચારણોને ગામો કેટલાંએક બક્ષીસ આપ્યાં. પોતાના ઓરમાન ભાઇ વીરમદેવજીને કડી પાસે વડસમુ, તથા વીલોદરા વગેરે બાર ગામ આપ્યાં. રજપુત ભીમા રાણાને ભેઉનો બાર ગામનો જીલ્લો આપ્યો. પોતાનો ચાકર મારવાડી વિજલ ડાભી હતો તેને ડાંગરવું ગામ આપ્યું. ખણા પરમાને ખલાણા ગામ આપ્યું. છતરીંગ ડોડીઆને પુંધરા ગામનો ૫૦૦ વીંઘાનો વાંટો આપ્યો. ચાહલ ગઢવીને કવિતાની બક્ષિસમાં વેવસણ ગામ આપ્યું. તે ગામ હાલ સુધી તેના વંશના ચારણો ખાય છે. ભાટ રાણાને માણકપુર આપ્યું.

પૂંજાજીએ પોતાની રાજધાની અંબાશણમાં સ્થાપી અને ૪૬ વર્ષ રાજ્ય કર્યું. તેની કવિતા ઘણી છે.

પૂંજાજીના મેરોજી તથા વણવીરજી એ બે દિકરા હતા. તે મેરાજીએ ગાદીએ બેઠા પછી મેહોણું ગામ વસાવ્યું. પછી તે ગુજર્યા. અને તેનો વંશ નહોતો તેથી ભાઇ વણવીરજીનો દિકરો વાતલજી ગાદીએ બેઠો. તેણે પીપળેશ્વર મહાદેવને સાલડી ગામ આપ્યું. તેનો દિકરો નરબદજી થયો. તેણે મહોળાને પાદર રાવણું તળાવ ખોદાવ્યું. કારણ કે તે રાવળ સાખે કહેવાય છે. વળી તેણે વડા અને દેવડો ગામ ભટોને બક્ષીસ આપ્યાં. તે કડી પરગણામાં છે. અને હાલ સુધી ભાટોને ઘેર છે. નરબદજીના જેસંઘ-રાવળ તેના ત્રણ દિકરા થયાઃ ઇશ્વિરદાસજી, સુરજમલજી અને સામંતસિંહજી.

જ્યારે જેસિંહ રાવળ પડયા ત્યારે સુરજમલજી લડાઇખોર હતા. તેથી ગાદી સારૂ લડાઇ કરવા માંડી. પછી કારભારી, રાવસી મહેતાએ વહેંચણ કરી આપી. ઇશ્વિરદાસજીને અંબોડ તથા ઝોટાણું એ બે જીલ્લા આપ્યા.

સામંતસિંહને એમાસણ તથા માણસા એ બે જીલ્લા આપ્યા. ઇશ્વરદાસજીના વણારસી રાવળ થયા. તેના સિંધો રાવળ અને સિંધા રાવળને સાત દિકરા હતા. તેઓએ સાત ભાગે ગામો વહેંચી લીધાં. તેથી રાજ તૂટી ગયું. એટલે કેટલાંએક ગામો કોળીઓએ દબાવી લીધાં. અને એ સાત ભાઇઓના વંશના છે. તેઓમાં કોઇને એકાદ ગામ અથવા વાંટો રહ્યો છે અને ખેડુ જેવા થઇ ગયા છે. તે સાત ભાઇઓનાં નામ: જયમલજી, કાનજી, અદોજી, સાજોજી, હુજોજી, હરાજજી, અને સાંગોજી. તે દરેકના ભાગમાં બાર બાર ગામો આવ્યાં હતાં.

## મેસાણાવાળા સૂરજમલજીનો વંશ

હવે ઉપર લખેલા મેસાણાવાળા સૂરજમલજીનો વંશ નીચે મુજબ:—

સુરજમલના પૂંજો રાવળ, તેના સદદાસ, તેના શીહો રાવળ થયા. તેણે મેહાણાને પાદર શીહાસર તળાવ ખોદાવ્યું. તેના સાદુલ રાવળ, તેના ગંગા રાવળ, અજો રાવળ, અને માન રાવળ એ ત્રણ દિકરા થયા. તેમાં અજો રાવળના વંશના ગામે વડામાં ચાવડા રજપૂતો ખેડુ જેવા છે. અને માન રાવળનો વંશ નથી. અને ગંગા રાવળે મેહાણું છોડીને વરસોડે રાજધાની કરી તથા પથ્થરનો કિલ્લો બંધાવ્યો.

ગંગાના આશકરણ રાવળ તથા ઝઘડો રાવળ. તે ઝઘડાજીએ વરસોડામાં પાકો કૂવો બંધાવ્યો. અને તેના વંશના ગામ કોહામાં ઘરધણી ચાવડા રજપૂતો છે. આશકરણે પાદશાહની ફોજ સાથે લડીને નિશાન પડાવી લીધાં.

**સોરઠો**:—આશા અબળી બાણ, ગેડ તિંહારે ગંગ ઉત્ત;
નંદ્ર હતાં નિશાણ, પડાયાં દળપત્ત શાહરાં. (૪)

આશકરણના રામદાસજી, કલ્યાણદાસજી, રતનસંઘજી, અને વખતસંઘજી એ ૪ થયા. અને દિકરી ૧ બેન કુંવરબા હતી. તે ઇડરના રાઠોડ રાવકલ્યાણમલજીને પરણાવી હતી. પાંચમો ઓરમાઇ ભાઇ પ્રતાપસિંહ

હતો. એ કલ્યાણદાસજીના વંશના હાલ વરસોડામાં છે. તેઓ ફટાયા ભાઇ અથવા નહાનુ રાજે કહેવાય છે. રતનસિંહનો વંશ નથી. તથા વસનસિંહના વંશના ગામ આજોલના ચાવડા છે. વરસોડા પાસે ઉર્જ્જડ ગામ હાઇવે પર છે. ત્યાં રતનસિંહ પોતાના બાપ સાથે અણુ-બનાવથી ઝેર ખાઇને મુઆ ને તેની રાણીઓ ચાર ગામ અજોડીયાને પાદરે સતીઓ થઇ. પ્રતાપસિંહજીના વંશના ગામ પડસુમામાં ચાવડો છે.

રામદાસજીના માનસિંહજી તથા પૂરણમલજી, તથા બીજી રાણીના કેશવદાસજી એક થયા. તેમાંના બે ભાઇઓ ગુજરી જવાથી કેશવદાસજી ગાદીએ બેઠા. તેણે બાલમુકુંદ પુરી ગોંસાઇને સિદ્ધ જાણીને, ઇડરથી તેડાવીને ગોવના ગામ અર્પણ કર્યું. તે હાલ સુધી તે ગોંસાઇનો શિષ્ય ખાતો હતો. કેશવદાસજીના દયાળદાસજી અને તેના દિકરા ત્રણ થયા. ગિરધર રાવળ, હરમલજી અને અજબસંઘજી. તેમાં હરમલજીના વંશના રંગપરમાં હતા. અને અજબસિંહજીના વંશના ગળધરામાં હતા. દયાળદાસજીની બીજી રાણીના રૂપસિંહજી, નારણદાસજી અને ગમાનસંઘજી હતા. તેમાં રૂપસિંહજીના વંશના ચાવડા ગામડા અલામાં છે અને નારણદાસ તથા ગમાનસિંહજીના વંશના લાકરોડમાં રજપૂતો છે.

આ ગિરધર રાવળ સાથે મોટા રાજાઓ પણ લઢી શકતા નહિ.

**દોહરો**—પાલખીયાં નેજા ફરહરે નીશાણાં કા નાદ;
ગિરધર ન કરે ગઢપતિ વરસોડાસેં વાદ. (૫)

ગિરધરના ઓપજી તથા જહુજી થયા, અને બીજી રાણીના અમર-સિંહજી તથા ત્રીજીના રતનસિંહજી, મહોબતસિંહજી, મહોકમસિંહજી, તથા કીર્તિસિંહજી એ રીતે સાત કુંવરો થયા. તેમાંથી અમરસિંહજી ગાદીએ બેઠા. એ વખતમાં પાદશાહની ફોજ લેંબોદરા ઉપર આવી. તે ગામ વાઘેલા ભગવંતસિંહજીનું હતું. માટે તેઓ (વરસોડા)ની સહાયતા માગવા આવ્યા, ત્યારે સહાયતા કરી તેનું ગામ બચાવ્યું.

**દોહરો**—અમરો રાજા રામચંદ્ર વભીખણ મનાપત્ત
લંકા ગઢ લેંબોદરે, તેને દિયો તખત (૬)

અમરસિંહના ભીમસિંહ, હેમંતસિંહ, બાદરસિંહ, તથા બીજી રાણીના ભગવતસિંહ, ભાયલોજી, લાલસિંહજી, અને ખાતુજી, અને ત્રીજી રાણીના એદસંઘજી તથા અગરોજી, એ રીતે ૯ કુંવરો થયા. આ ભીમસિંહ ને મુસલમાનોની ફોજ સાથે લડાઇ થઇ હતી.

**દોહરો**—લડયાં કાક લંબોદરે, પડિયા મીર પઠાણ;
પરણીને પતજ્યો નહિ, ભીમકુંવર કુલભાણ. (૭)

ભીમસિંહના ભગતસિંહજી, તથા બીજી રાણીના બદસિંહજી થયા ને ભગતસિંહજી ગુજરી જવાથી બદસિંહજીને ગાદી મળી. તેણે સંવત ૧૮૨૭ ની સાલમાં બદચરૂં વસાવ્યું. બદસિંહજીના કુંવર બે થયા. તેમાં મોટા રતનસિંહજી રાવળ. બીજી રાણીના રૂપસિંહજી અને ત્રીજી રાણી ગ્નાનબા (ગનાનબા) સંવત ૧૮૩૭ ના માગશર શુદ ૧૧ ને રોજ વરસોડાના પાદરે ધણી સાથે સતી થઇ. રતનસિંહજીના ગંભીર-સિંહજી તથા મોતીસિંહજી, તેમાંના ભીમસિંહજી. તેમાં ગંભીરસિંહજીનો વંશ નથી. અને મોતીસિંહજી હાલ વરસોડાની ગાદીએ છે. મોતી-સિંહજીના કિશોરસિંહજી લાલસિંહજી એ બે છે. અને એક દિકરી જામનગર જામસાહેબને ત્યાં પરણાવી છે.

## માણસાવાળાની વહી:

ઉપર લખેલા મોતીસિંહજીથી અગાઉ સોળમો પુરૂષ જેસંગજી રાવળનો ત્રીજો દિકરો સંવત ૧૯૬૩માં સામંતસિંહજી હતો. તેના લુણકરણજી, કલોજી અને ચુંડોજી એમ ત્રણ દિકરા થયા. તેમાં કલાજીના વંશના ચાવડા મામોલ ગામમાં છે, અને ચુંડાજીનો વંશ નથી. લુણકરણજીના માનસિંહજી, અને ભીમોજી થયા. તે ભીમાજીના વંશના ચાવડા પાંચોટમાં છે.

માનસિંહજીના જેહોજી, અજોજી, વાઘજી, અને આશોજી થયા અને તે અજાજીના વંશના ચાવડા સેડાવીએ તથા સિસોદમાં છે. અને

વાઘજીના વંશના ખારા મીઠા ગામમાં આશાજીના મરતોલ ગામમાં છે. જેહાજીના સૂરસિંહજી, અને ચાંદોજી થયા. ચાંદાજીના વંશના ડઢીઆલ ગામમાં છે. એ સુંરસિંહજીએ અંબાસણથી આવીને માણસામાં સંવત ૧૬૩૫માં રાજ્યાની કરી અને કીલ્લો બંધાવ્યો. તે સૂરસિંહજીના પ્રતાપસિંહજી, અને રાજસિંહ થયા. તે રાજસિંહજીના વંશના ઉદાનપરમાં છે. પ્રતાપસિંહના વચ્છરાજજી, તેના વજેરાજજી, તેના ઉદયભાણજી, સૂરજમલજી, હરિસિંહ એ ત્રણ થયા. તે ફટાયા બે ભાઇઓએ ગામ ૭ લઇને બલોલમાં રાજ કર્યું. ઉદયભાણજી, પૃથ્વીરાજજી, અભેસિંહજી, અગ્રસિંહજી અને મહાસિંહજી એ ચાર થયા. તેમાં છેલ્લા બે ભાઇના વંશના હરણુઉડા ગામમાં છે અને અભેસિંહના વંશના માણસામાં રહે છે, પણ પુનાના વાંટાના ધણી છે.

પૃથ્વીરાજજીના પ્રતાપસિંહજી, રાવળ ખુમાણસિંહજી, ગુમાનસિંહજી તથા સુરતસિંહજી એ ચાર થયા. પ્રતાપસિંહજીના ઇન્દ્રસિંહજી, અરજણસિંહજી, ઉમેદસિંહજી, બાદરસિંહજી અને નાથજી એ પાંચ થયા. તેમાં ફટાયામાં ફક્ત નાથજીનો વંશ માણસામાં છે.

એ ઇન્દ્રસિંહજી દરરોજ એક કોળીને મારી નાંખતો હતો, તથા કેટલાએક કોળી રૈયત પાસેથી કર લેતા હતા તે કર બંધ કર્યા. ઇન્દ્રસિંહજીના પરવતસિંહજી, તથા હાથીજી એ બે થયા. એ પરવતસિંહજીને લોકો ભાભો કહેતા હતા. તેણે સડતાળા કાળમાં ગરીબ લોકોને અન્ન જમાડીને બચાવ્યા હતા.

ગીત

પડમળિયાં પૃથ્વી કાળજ પડીઓ જગત રવડીઓ પૂજક ન જડીઓ,
બેડ દેસાંતે ખૂંણે બડીયો, રાવળ રાણ ભરણ તહ ચડીઓ —૧
અન્ન તણા ભંડાર ઉઘાડે, ચાચર ચરૂ ધાનરા ચઢાવે;
ધાનેરાંહાં ધરણાં ધ્રપાડે, જેજેકાર જેકાર જપાડે. —૨
આવે જમવા વરણ અઢારે, સાદ ધરમરા સાંજ સવાર,
ઝોળે નોમે લાખ હજારે, ભુંજઇ નિત્ય મળે ભાભારે. —૩

માણસિરો ચંદ્ર જેમ મનાણો, કરણ તણો અવતાર કહાણો;
દેયો વરસમાં વેહેંચી દાણો, ન કર્યો ભેળો બહુ ખરચાણો. —૪
ભાભ તણો હલણ જગ ભાળો, પોળે ન ફેળે નિસર્યો પાળો;
કર્યો સુંમારો મોંઢો કાળો, ઢળીઓ કાળ પરો સડતાળો. —૫
વૂઢો કાળ રહી જગ વાતાં, અળભો ભરે અખ્યાતાં,
ખત્રીવટ રીઓ ચો જુગ ખ્યાતાં, જશે નહિ પૃથ્વીપડ જાતાં. —૬

એ પરવતસિંહજીના નાહરસિંહજી, ફત્તેહસિંહજી અને અભેસિંહજી એ ત્રણ થયા, તથા દીકરી એક શેરો કુંવરબા હતાં તે ઇડરના મહારાજ ભવાનસિંહજીને પરણાવ્યાં હતાં અને બીજી રાણીના ધીરતસિંહજી તથા હમીરસિંહજી હતા.

નાહરસિંહજીના ફત્તહસિંહજી થયા. તેને વંશ નહોતો. માટે ફત્તેહસિંહજીથી અગાઉ ચોથી પેઢીએ પ્રતાપસિંહજીના દીકરા નાથજી લખ્યા છે. તે નાથજીના સામતસિંહજી, તખતસિંહજી, તથા જિતસિંહજી એ ત્રણ થયા, તથા દિકરી એક સુજાજીબા હતી. તે ઇડરના મહારાજ રામસિંહજીને પરણાવી હતી. તે તખતસિંહજીના કલ્યાણસિંહજી, ભારતસિંહજી, ખુમાણસિંહજી, ઉમેદસિંહજી, મહોબતસિંહજી, અને ભોજોજી થયા. પછી ભારતસિંહજીના પથુજી, અણદાજી, અને બાદરજી એ ત્રણ થયા. તથા દિકરી એક ઇડરના કુંવર ઉમેદસિંહજીને પરણાવી હતી તે સતી થઇ. અને બીજી ફૂલબા મહારાજ ગંભીરસિંહજીને પરણાવી હતી, તખતસિંહજીના વંશના થયા તેઓને ગામોના વાંટા મળેલા છે.

સામતસિંહજીના જાલમસિંહજી, મૂળુજી અને જોરાજી એ ત્રણ થયા, તથા દિકરી ખુમાનબા ઉદેપુર પાસે બાગોરમાં પરણાવી હતી અને બીજી મદનકુંવરબા જોધપુરના મહારાજ માનસિંહજીને પરણાવી હતી. તેને માનસિંહજીએ જીવતી ને જીવતી ભીંતમાં ચણાવી લીધી. એ જાલમસિંહ તથા મુળુજીનો વંશ નથી.

જોરાજીના સબળસિંહજી થયા તેને માણસાની ગાદી મળી. તેના દીકરા ભીમસિંહજી તેના કુંવર હાલ ગાદીએ છે.

# પ્રકરણ ૩ જું

## ધંધુકાના વાલમ બ્રાહ્મણો[1]

**वाल्मिक** શબ્દનો અપભ્રંશ થઇને વાલમ થયો છે. માટે વાલ્મિક બ્રાહ્મણો વાલ્મિક રૂષિના વંશના છે. તેઓનું અસલ સંસ્થાન વળા એટલે વલ્લભીપુર કહેવાય છે.

વાલ્મિક રૂષિના વખતમાં હિન્દુસ્તાનમાં મોટું રાજ્ય અયોધ્યામાં હતું. તેથી તેમણે ત્યાંના રાજાના ચારિત્રનું રામાયણ નામનું પુસ્તક રચીને ભેટ કર્યું તેથી તેની ચિત્રકોટ અથવા ચિતોડગઢમાં જાગીર મળી હતી. પણ અસલ સંસ્થાનની માયાથી તેના વંશના બ્રાહ્મણો વલ્લભીપુરમાં આવીને રહ્યા હતા. તે વલ્લભીપુરનું ડાટણ વાળ્યા પછી કેટલાંએક વર્ષ ઉપર એભલવાળાનું રાજ્ય હતું. તે વખતમાં તે વાલ્મિક બ્રાહ્મણોનાં ૯૯૯ ઘર હતાં અને તેઓ કાયસ્થની નાતના ગોર હતા. કાયસ્થની કન્યા પરણે ત્યારે રૂા. ૧૦૦ તેઓ દાપાના લેતા હતા. તેથી કેટલાએક ગરીબ કાયસ્થોની દિકરીઓ મોટી થઇ, પણ ગોરને દાપું આપવાની શક્તિ વિના પરણાવી શકતા નહોતા. દાપું ઓછું કરવા સારૂ કાયસ્થની નાતવાળા સઘળાએ વિવાહ કરવા બંધ રાખ્યા. એવી ગડબડ ચાલ્યાથી ઘણી મોટીમોટી કન્યાઓ કુંવારી રહી. અને બ્રાહ્મણો ત્રાગાં કરવાની બ્હીક બતાવતા હતા. તેથી કાયસ્થોનો કાંઈ ઉપાય ચાલતો નહતો. ત્યારે એ લોકોએ વળાના રાજા એભલવાળા પાસે ફરિયાદ કરી. ત્યારે રાજાએ લગ્નનો એક સારો દિવસ જોઇને બધી કન્યાઓને એક દહાડો પરણાવવાનો ઠરાવ કર્યો. અને કહ્યું કે એ કન્યાઓ પરણતાં જેટલું ખર્ચ થશે તેટલું અમે આપીશું.

વળી તેમણે બ્રાહ્મણોને કહ્યું કે તમારો જે હક્ક હશે તે કન્યાઓ પરણ્યા પછી અમે ચૂકાવી આપીશું. આ વાત બ્રાહ્મણોએ કબૂલ કરી નહિ અને કહ્યું કે અમારા દાપાના રૂપીઆ આગળથી આપો, નહિ તો કન્યાઓ પરણવા દેશું નહિ. પછી વળામાં બ્રાહ્મણોનું જોર

---

[1] લખાવનારઃ ધંધુકાના ભટ મંગળ ભવાનીશંકર.

ઘણું દીઠું. ત્યારે રાજાએ બધી કન્યાઓને તળાજે લઇ જઇને પરણાવી. અને બીજી ન્યાતિના બ્રાહ્મણોથી કામ ચલાવ્યું. તે કન્યાઓ પરણાવીને કાયસ્થો પાછા વળામાં આવ્યા. ત્યારે વાલ્મિક બ્રાહ્મણોએ દાપાં લેવા સારૂં ત્રાગાં કરવા માંડયાં. એટલે રાજાએ બધાયે વાલ્મિકીઓને એક જગાએ બોલાવ્યા, અને સૌને નિભાવ થાય એટલાં દાપાંનો બંદોબસ્ત કરવાની પંચાત કરવા માંડી. ત્યારે બ્રાહ્મણોએ રીસમાં રાજાને પણ અઘટિત વચનો કહ્યાં. રાજાને રીસ ચઢી તેથી તેણે ભીલ લોકોને બ્રાહ્મણો સામે લડવા કહ્યું અને પોતે આઘોપાછો થઇ ગયો. પછી તે ટંટામાં કેટલાંએક બ્રાહ્મણોનાં ખૂન થયાં અને બાકી રહ્યા તે બધા પોતાના ઉચાળા લઇને વળામાંથી નીકળ્યા. તેમણે સમ ખાધા કે આપણા વંશનો કોઈએ કાયસ્થનું ગોરપદું કરવુ નહિ, અને આપણે કોઇએ વળામાં રહેવું નહિ.

પછી તેઓ ધંધુકાને પાદર નીકળ્યા. ત્યારે ધંધુકાનો રાજા ધનમેર કોળી હતો. તેને કંઈ સંતાન નહતું. તેથી તેણે પોતાનો ગરાસ એ બ્રાહ્મણોને કૃષ્ણાર્પણ કર્યો. ત્યારે ૨૦૦ બ્રાહ્મણો ધંધુકામાં રહ્યા અને કેટલાએકે રાજાનો પ્રતિગ્રહ લેવાની ના પાડી. તેઓ ગુજરાતમાં ગામ વસો તથા સોજીત્રામાં જઇને રહ્યા. ધંધુકામાં જેઓ રહ્યા તેઓને તેમણે એવો હક્ક કરી આપ્યો કે ધંધુકામાં રહેનારા તમામ ક્ષત્રિય તથા વૈશ્ય જાતિના લોકોનું ગોરપદું વાલ્મિક બ્રાહ્મણો સિવાય બીજો કોઈ કરી શકે નહિ. તે સમયે ધંધુકામાં અડાળજા વીશા મોઢ વાણીયાનાં ૩૫૦ ઘરો હતાં. તેઓના ગોર મોઢ બ્રાહ્મણો ગોરપદું કરવા પરગામથી આવતા હતા. તેઓને આવતા બંધ કર્યા. એ બંદોબસ્ત હાલ સુધી ચાલે છે. ધંધુકાના હરેક જાતિના વાણીયા તથા કણબીમાં ત્યાંના વાલ્મિક સિવાય કોઈ ગોદપદું કરી શકતા નથી. જે વાલ્મિકોએ તે વખતે ધંધુકામાં કબૂલ કર્યું નહિ અને પાછીથી સગાંસંબંધીને લીધે ધંધુકામાં આવીને રહ્યા. એવાં ૫૦ ઘર ત્યાં છે. તેઓનું ગોરપદું પણ ત્યાં ચાલી શકતું નથી.

# પ્રકરણ ૪ થું

## પાટડીના દેશાઈની ખ્યાત[1]

એ દેશાઇ ન્યાતે કૈડવા કણબી છે. તેઓના પૂર્વજો અસલ ઇડિરવાડામાં રહેતા હતા. મૂળ પુરૂષનું નામ જોધા, રણમલ, વેણા, મકન, મહીન, ત્રિકમ, અને ભાણજી. એ રીતે એક પછી એક થયા. તેમાં વેણા દેશાઈનું નામ વેરશી દેશાઇ પણ હતું. તેઓ અસલ ઇડિર-વાડામાં કાવર ગામમાં રહેતા હતા. ત્યાર પછી ઇડિરના રાજાએ સન્માન કરીને ઇડરમાં રાખ્યા અને ઇનામી ગામ ૭ આપ્યાં. તેથી એ ત્રણ પેઢી સુધી ત્યાં રહ્યા.

પછી એક સમયે ચાંપાનેરના પતાઇ રાવળનાં દકરાળાંને પીયરથી આવતાં કોઈ મુસલમાન રાજાએ પકડીને રાખ્યાં ત્યારે પતાઇ રાવળે ઘણી તદબીર કરી પણ તે દકરાળું પાછું મળ્યું નહિ. ત્યારે ઇડિરમાં વેરશી પટેલ ઉપર પતાઇ રાવળે કાગળ લખી મોકલ્યો કે કોઇ તરેહથી અમારૂં દકરાળું પાછું અપાવો તો તમારી ઉપર ઘણી મહેરબાની રાખીશું. ત્યારે પટેલે કહ્યું કે બે કે ત્રણ હજાર માણસો મારી સાથે આપો તો તમારૂં દકરાળું લાવી આપું. પછી તેમણે માણસો આપ્યાં. તે લઇને પટેલ જાત્રા કરવાને મિષે નીકળ્યા અને રસ્તામાં એક મુસલમાનના ગામ પાદર મુકામ કર્યો. ત્યાંના મુસલમાન રાજાને કહ્યું કે અમારે જાત્રા કરવા જવું છે માટે તમારાં માણસો વળાવું સારૂ આપો.

પછી તેના માણસો સાથે લઇને જાત્રા કરી આવ્યા અને વળતાં પાછાં તેજ ગામે મુકામ કર્યો. ત્યારે તે મુસલમાનને મળવા સારૂ પોતાને ઉતારે બોલાવ્યો. અને પ્રથમ તેનું ઘણું સન્માન કર્યું. પછી કાંઈ વાત કરવાને મિષે એકાંત લઈ જઈને કટાર ઉઘાડી કરીને કહ્યું કેઃ હું તમને મારી નાંખીશ અને મારૂં મોત તમારી સાથે થશે. તમારા જીવવા માટે તમે ચાકરોને કહો કે તેઓ

---

૧ લખાવનારઃ વડોદરાના બારોટ ગલાબસંઘ (ગુલાબસિંહ) તથા વીરમગામના દેશાઇ કુબેરજી બાપુજી.

છેક વેગળા રહે. તમે મારા રથમાં બેસો, નહિ તો મારી નાંખીશ. ત્યારે તેણે ચાકરોને પણ વેગળા રાખ્યા, અને પોતે વેરશી પટેલના રથમાં બેઠો. પછી પટેલે કહ્યું કે અમારા રાજાનું ઠકરાણું પાછું સોંપો. એટલે તે ઠકરાણું તેણે સોંપ્યું. ઠકરાણું તેમ જ તે મુસલમાન રાજાને લઇને ચાંપાનેર આવ્યા. ત્યાં તેનું સન્માન કરાવીને સામસામો સીરપાવ અપાવીને ચાંપાનેરમાં રાખ્યા. ત્યાં રહીને તે પટેલે રાજાનું કારભારૂં કર્યું.

પછી માતા કાલિકાના કોપથી ચાંપાનેરનું રાજ મુસલમાનોએ તોડ્યું, ત્યારે વેરશી પટેલ અમદાવાદ આવ્યા. તેવામાં અમદાવાદ પરગણાની આબાદી બાદશાહ કરતા હતા, અને મુલકનો બંદોબસ્ત કરતા હતા. પણ વીરમગામમાં મેવાસ ઝાડી વગેરે ઘણી હતી અને તેમાં વાઘેલા રહેતા હતા તેઓ પાદશાહને ગાંઠતા નહોતા. એ સમયે વેરશીભાઇએ અરજ કરી કે સરકાર મહેરબાની કરીને મને ફરમાવો અને મદદ કરો તો મારાથી બની શકે એવી ચાકરી હું કરૂં. ત્યારે સરકારે મહેરબાની કરીને હુકમ કર્યો અને મદદ આપી. તેથી તેણે વીરમગામ પાદશાહને તાબે કર્યું. તેથી પાદશાહે વીરમગામ ઇનામમાં આપ્યું. એટલે વેરશીભાઇએ આબાદી કરી અને પરગણાંનો બંદોબસ્ત રાખીને ઘણાં વર્ષ સુધી ત્યાંની ઉપજ ખાધી. પછી વેરશીભાઇ ગુજર્યા.

તેમના પછી બીજી તથા ત્રીજી પેઢી સુધી વાણીઆ કારભારી હતા. તેઓ ખૂટીને થાણું લઈ આવ્યા. અને નાગરોને કારભારી રાખીને સરકારી થાણાંને મારફતે પરગણાંનો વહીવટ ચલાવ્યો. પછી ત્રિકમજી દેશાઇ થયા. તેણે એ નાગર તથા વાણીઆઓને મારી નાંખીને પોતે સરકારની વતી એ વહીવટ ચલાવ્યો.

પછી તેના દિકરા ભાણજી દેશાઇએ વહીવટ ચલાવ્યો. એ ભાણજી કાશીએ જઇને કાવડ ભરી લાવતા. તેઓ દર મુકામથી દશ પગલાં પોતે કાવડ ઉપાડતા હતા. તે કાવડ ફૂટી જવાથી ઘણા દિલગીર થયા. ત્યારે દેવે કહ્યું કે તેં સોળ કન્યાદાન કર્યાં છે તેને જોરે આનાં માટલાંમાંથી ગંગાજળના શીશા નીકળશે.

પછી તેમ થયું. તે ભાણોજીના દિકરા અદેકરણ દેશાઇ તથા ભૂખણદાસજી થયા, અને પરભુદાસ તથા લાલદાસ એ પાંચમા.

પાદશાહીની પડતી દશા અને પેશવાઈની ચઢતી હતી એવામાં વીરમગામથી થાણું ઉઠી ગયું. ત્યારે દેશાઇએ સરબંધી રાખીને વીરમગામ હાથમાં રાખ્યું. સંવત ૧૭૮૦ ની સાલમાં ગામને કિલ્લો ચણાવ્યો. અદેકરણ દેશાઈ ગુજર્યા પછી તેના મોટા દિકરા ભાવસિંહજી બાર વર્ષની ઉમરના હતા. તેમને ગાદીએ બેસાડીને કાકા ભૂખણદાસજીએ વહીવટ ચલાવ્યો. તે પછી જોધપુરના મહારાજની તરફથી અમદાવાદથી રતનસંઘ ભંડારી ફોજ લઇને વીરમગામ ઉપર આવ્યા. ત્યારે ભૂખણદાસજીએ તેના સામો મોરચો માંડીને લડાઈ કરી. ભાવસિંહજીને લડાઇમાં ચાલતા હતા તે વખતે લાગ્યાની નિશાનીઓ દરવાજાના કમાડમાં આજ સુધી છે. પછી વીરમગામ લેવાનો કાંઇ લાગ ફાવ્યો નહિ ત્યારે ભંડારી કૂચ કરીને ઉપડી ગયો. તે સમયનાં ગીતઃ—

ગીત પહેલું

**तरां वाखरां साजीये साखबाणां तणां दीनदारां धरां बांध दावां;**
**ढीम गोधाणरा नाखीया ठाकरे भईरे भाई देशाई भावा.—१**

**અર્થ**—ભલાભાઈ દેશાઈ, તે બખતર પાખર સજીને બાણનો માર કર્યો અને મુસલમાનોની જમીન સાથે દાવો બાંધ્યો અને જોધપુરના રજપુતોને ધસાવી નાંખ્યા. ૧.

**गुड उडत निशाण नाणां गजे, शीश्रू लाजे वजे राग सिंधु,**
**बप हो बाप ऊजारा जवारिया हारवे सारिया मार हिंदू—२**

વાવટા ઉડે, નિશાન અને નાળો ગાજે, કંઇકનાં માથાં ભાંગે અને સિંધુ રાગ વાગે. ઓ લડવૈયા બાપ! તારા ઓવારણાં લઉં. તે હિન્દુને મારીને ઠામ બેસાર્યા. ૨.

**अदरा मदातुं सदा लेतो अयो ढाण में जदारी जदो ढाळो**
**खेद कोधो रतो खोड तें खाळीयो थाळीयो चोड राठोडथाळो-३**

ઓ અદેકરણના વંશના! તું હંમેશાં બાપદાદાનો ચાલ રાખતો આવ્યો છે અને લડાઇમાં જ્યારે ત્યારે તારો એ જ ઢાળો (રીત) છે તેં રતનસિંહને ખેદ્યો અને પડખે ચઢતો તેને અટકાવ્યો અને તેં રાઠોડવાળાને પાછો વાળ્યો. ૩.

**होयुजा भाण धूफाळ मेळे दळां पाण देखाडीया बाण पारे;**
**केफ वाढे गया छेक छेकां गया हेक मारु गया टेक हारे—४**

તું બીજો ભાણજી દેશાઇ થયો. અને તેં લશ્કરનું ધમસાણ મેળવી હાથ દેખાડયા અને તારાં બાણ આરપાર ઉતરી ગયાં. શત્રુ કેટલાએક કપાઇ ગયા, કેટલાએક છેકછેકાં નાશી ગયા અને કેટલાક આદમી ટેકને હારી ગયા. ૪.

ગીત બીજું

**गोळा उछळे घमसां रोळ मचे सोर पड धर सारी**
**बे गजराज अमल बाथे भावो ने भंडारी १**

ગોળા ઉછળે અને કિલ્લા ઉપર રોળ મચે અને આખી પૃથ્વી ઉપર સોર પડયો. ભાવસંઘજી અને રતનસિંહજી એ બે હાથી બે મલ્લની પેઠે બાથોબાથ લથડાવ્યા.

**प्रत सजाळ भडां धड झडे शूर रह्या स्वखडग साही**
**पिश हजार दूळाशुं वढीया डगीया नहि देशाई २**

લડવૈયાનાં ધડમાંથી આંતરડાંનાં ગુંચળાં ઉડયાં અને કેટલાએક શૂરા તરવાર પકડીને રહ્યા. અને વીશ હજારની ફોજ સામે લડયા પણ તે દેશાઈ હઠયા નહિ. ૨.

**वदे अदावत रावत वंका, मांडे कंकण मोटो;**
**काटे अबोह –आपरो कीयो काढ दीयो नव कोटो—३**

અદેકરણના વંશનો વાંકડો રાજા બોલ્યો; અને તેણે મોટું યુદ્ધ માંડયું અને પોતાનો કિલ્લો લોટવા દીધો નહીં, અને નવકોટી મારવાડના ધણીને કાઢી મૂકયો. ૩

**जणजण तणतण वात जोधाणे के महाराज कमायो**
**वीरमगाम तणो गढ वंको नर वंको वश नायो—४**

જોધપુરમાં દરેક જણ વાત કરે છે કેઃ અરે મહારાજ! તમે શો નફો કાઢયો? વીરમગામનો વાંકો ગઢ અને વાંકો નરતાબામાં આવ્યો નહી. ૪

અદેકરણ દેશાઇએ વીરમગામના કસબાતી ટાંકઅલીને કોઈ ઠેકાણે કામે મોકલ્યો હતો. તે કામ બરાબર ન કર્યાથી તેને કચેરીમાં ગાળો દીધી; તેથી તેણે એક સમે રાત્રિએ આવીને કટારથી દેશાઇને મારી નાંખ્યો. તે વખતે તેમના નાના ભાઈ ભૂખણદાસ ચુંવાળ પરગણાના બંદોબસ્ત વાસ્તે ત્રણ હજાર માણસો સાથે દેતરોજ મુકામે હતા અને ભાવસંઘજી નાની ઉમ્મરના હતા. તેથી ટાંકસલીએ પૈસા ખરચીને કાંઇ અબડાઇ કરી હતી. માટે તેને અદેકરણજીએ મારવા માંડયો, ત્યારે ભૂખણદાસે તેને ધંધુકે મોકલ્યો હતો. તે અદેકરણજીના મોતને વખતે ધંધુકે હતો, તેથી સગાંવહાલાંએ માણસો મોકલીને દેતરોજથી ભૂખણદાસજીને તેડાવ્યા; તેણે આવીને દેન દીધું, અને કહ્યું કે મારનારનું નામ જાહેર કરવું નહીં. કેમકે કસબાતીનું જોર છે, વાસ્તે આ સમયે લડાઇ કરવામાં ફાયદો નથી અને કોઇ વખતે જોઇ લઇશું.

ત્યાર પછી વીરમગામમાં પરકોટો એટલે રાજગઢ કરાવ્યો અને બંદોબસ્ત રાખ્યો. તે સમે કસબાતી મુસલમાનો ૪૦૦૦) વીરમગામમાં હતા, માટે દેશાઇએ ઉપરથી કાંઈ અદાવત રાખી નહીં, પણ મનમાં વેર રાખ્યું; અને પુરબીઆ, આરબ, સિંધી તથા મારવાડી વગેરે બે હજાર શિરબંધી રાખ્યા.

પછી એક સમે મોજે બાવળા પાસે ગામ રજોડે ગાયકવાડની ફોજ ૪૦૦૦) માણસોની હતી. તેના ઉપર ટાંક અલીભાઈ તથા ઘેલુએ :કાગળ લખી મોકલ્યો કે તમને રૂપૈયા વીશ હજાર અમે આપીએ, અને તમે અમારી મદદમાં આવો; તે દેશાઇ ઘણા ઉન્મત્ત થયા છે, તેઓને કબજે કરીએ. તે કાગળ બાવળાના અમીન

માલજીભાઇ જે દેશાઇના વેવાઇ હતા તેને હાથ આવ્યાથી તેણે દેશાઇ ઉપર તરત કાગળ લખ્યો. ત્યારે દેશાઇએ પણ ગાયકવાડની ફોજવાળા ઉપર લખ્યું કે અમારી મદદમાં તમે આવો તો અમે તમને વીશ હજાર રૂપીઆ આપીએ, અને કસબાતીને કબજે કરીએ. ત્યારે ગાયકવાડી સૂએ વિચાર્યું કે મુસલમાનોને મદદ કરવા કરતાં હિંદુઓને મદદ આપવી તે ઠીક છે. પછી તે ફોજ વીરમગામ આવી અને તેઓએ મુસલમાનોને દિલાસો આપ્યો હતો કે અમે તમારી મદદે આવીએ છીએ. પછી ફોજે આવીને મોણસર તળાવ પછવાડે મુકામ કર્યો. ત્યારે દેશાઇએ રાજગઢને બારી પાડીને રાતની વખતે ફોજનાં ૨૦૦૦) માણસોને તે માંહી લીધાં અને બીજાં પોતાનાં માણસો લઇને કસબાતીઓને ઘેર જઇને તેઓનાં બાઇડીઓ છોકરાં સુધાંને મારી નાંખ્યાં. એ સમે અલીજી નાસીને ગામ બહાર ગયો અને બીજા પણ કેટલાક સિપાઇઓ નાસીને વઢવાણ, લીંબડી તથા ધ્રાંગધ્રા વગેરેમાં જઇને રહ્યા. તેના વંશના ત્યાં હાલ સુધી વીરમગામી સિપાઇઓ કહેવાય છે. આ વાત આશરે સંવત્ ૧૭૮૯ ની સાલમાં બની. પછી અલીજી બહારવટે ફરતો હતો તેને ભાવસંઘજી દેશાઇનાં માણસોએ દસાડા ગામ પાસે ઠાર માર્યો.

આ ભૂખણદાસ દેશાઇએ વીરમગામમાં સદાવ્રત બાંધ્યું, કે તીર્થવાસી સાધુ તથા બ્રાહ્મણોને સીધું આપવું તથા પરદેશી વિદ્યાર્થી બ્રાહ્મણો વીરમગામમાં ભણવાના હોય તેઓને રોજ અન્ન આપવું. તે હાલ સુધી ચાલે છે અને પાટડીમાં તીર્થવાસીઓને સદાવ્રત અપાય છે તે પણ ભૂખણદાસનું જ બાંધેલું છે.

જ્યારે પેશ્વાની તરફથી દામાજી ગાયકવાડ વૈઢાને મુકામે આવ્યા હતા અનેજ્યારે અમદાવાદ મારવાડીઓ પાસેથી છોડાવ્યું ત્યારે પણ ભૂખણદાસ દેશાઇને દામાજીએ પોતાની મદદમાં બોલાવ્યા હતા.

પછી સરકારે દેશાઇને અમદાવાદમાં રોકીને કહ્યું કે તમે વીરમ-ગામનો કિલ્લો અમને સોંપો, તેને બદલે તમને જૂદું ઇનામ આપીએ.

પછી એવો ઠરાવ કર્યો કે દેશાઈને પાટડી વગેરે વીશ ગામ આપવાં અને વીરમગામ પરગણાની ઉપજમાંથી સેંકડે રૂ. ૭॥ આપવા. પછી દેશાઇ ઘેર આવીને પોતાનું કુટુંબ તથા સરસામાન લઇને પાટડીએ ગયા અને વીરમગામમાં સરકારી અમલદાર મૂકીને વહીવટ ચલાવ્યો.

આ દેશમાં કોળી, કાઠી, જત, જોઢી, ટેચી વગેરેનો ઉપદ્રવ ઘણો લાગ્યો તેથી પરગણું અને કસબામાં પણ વસ્તીનો જીવ ઉંચો થયો. ત્યારે સરકારે ભૂખણદાસજીને કહ્યું કે તમે આવીને કસબામાં રહો, સરકાર તમારી ઘણી બરદાસ્ત રાખશે. તે ઉપરથી સરકારની મહેરબાનીથી વીરમગામમાં આવવાનો વિચાર કરીને પાટડીનાં વીશ ગામમાંથી પોતાનાં હિસ્સાના ગામ બે મોજે ધોડાપુલેટા તથા સૈકેડરૂ ગામ મળ્યેનો હિસ્સો લઇને વીરમગામમાં આવીને રહ્યા અને મેવાસી વગેરેનો બંદોબસ્ત રાખીને પરગણાની આબાદી કરી. તેથી સરકારે મહેરબાની કરીને ગામ સયાણું ઇનામમાં આપ્યું, તથા સુખપાલનો શિરપાવ આપ્યો. તે દિવસથી તેઓએ એવો બંદોબસ્ત કર્યો કે ફટાયા અને ટિલાયતને ગરાસની વહેંચણી તાલુકદારોની રીતે કરવી અને ફટાયાને જીવાઇ આપવી, અને ટિલાયત ભાવસંઘ દેશાઇ પાટડીની ગાદીએ રહ્યા.

| પાટડીએ | વીરમગામે |
|---|---|
| ૧ ભાવસંઘ દેશાઇ તેના પુત્ર | ૧ ભૂખણદાસજી |
| ૨ નથુભાઇ | ૨ દયાળભાઇ |
| ૩ વખતોભાઇ | ૩ નરસીદાસજી |
| ૪ કુબેરભાઇ | ૪ બાપુ દેશાઇ |
| ૫ જોરાવર સંઘજી | ૫ કુબેરજીભાઇ |
| ૬ કુંવર હિમ્મત સંઘજી | |

# પ્રકરણ ૫ મું
## ઈડરની હકીકત[1]

અસલ ઐલવણ અને વાતાપી એવા નામના બે રાક્ષસો અહીં રહેતા હતા. તે ઐલવણે ઈડર વસાવ્યું, અને વાતાપીએ વડાલી વસાવી. તે બન્ને રાક્ષસોને અગસ્ત્ય ઋષિએ માર્યા, તેની વાત પુરાણમાં છે.

ત્યાર પછી ઘણાં એક વર્ષ સુધી આ દેશ ઉજ્જડ રહ્યો. પછી કલિયુગમાં વેણ વછરાજ નામના રાજાએ ઈડરમાં રાજ સ્થાપન કર્યું,. તેની વાત એવી ચાલે છે કે ઉત્તરમાં હરદ્વારની પેલી તરફ શ્રીનગર નામનું શહેર છે. ત્યાંના રાજાને દીકરો ન હતો. ત્યારે પંડિતોને બોલાવીને રાજાએ પૂછ્યું કે કોઈ એવો ઉપાય કરો કે મારે પુત્ર થાય. ત્યારે એક પંડિતે કહ્યું કે હું એક પ્રયોગ કરૂં, તેથી રાજાને પુત્ર પ્રાપ્તિ થાય. પછી તેણે પ્રયોગ કર્યો અને કહ્યું કે જ્યારે રાણી રજસ્વળા થાય ત્યારે તેને ચોથે દહાડે રૂધિરથી સ્નાન કરીને પછી જળથી નાહીને રાત્રિએ રાજા પાસે જાય અને પ્રભાતમાં પાછી રૂધિરથી નાહીને જળથી નહાય તો ગર્ભ રહે અને પુત્રપ્રાપ્તિ થાય.

પછી રાણીએ તે રીતે કર્યું, અને બીજે દહાડે પ્રભાતમાં જ્યારે રૂધિરથી સ્નાન કર્યું. તે સમે આકાશમાં ગીધડી ઉડતી આવી. તેણે જાણ્યું કે આ રૂધિરથી ભીંજાએલો માંસનો લોચો છે. તેથી રાણીને ઉપાડીને ઉડી તે ઈડરના ડુંગર ઉપર લાવીને મૂકી. તે ડુંગરની ગુફામાં સિદ્ધ પુરુષો રહેતા હતા. તેના આશ્રમમાં ધૂમાડા નીકળતા જોઇ રાણી ત્યાં ગઈ, અને જાળાને ઓથે ઉભી રહીને સિદ્ધની પ્રાર્થના કરીને, પોતાની હકીકત કહીને વસ્ત્ર માગ્યું; એટલે તેઓએ પહેરવા સારૂ વસ્ત્ર આપ્યું.

પછી તે રાણી પાણીના આશ્રમ ઉપર જઇને નાહીને વસ્ત્ર પહેરીને જોગીરાજ પાસે આવી; ત્યારે તેને દીકરી માનીને રાખી. તેને

---

૧ લખાવનાર ગઢવી સવાઇરામ રતનસંઘજી; રહેવાસી મોજે બેરીસણા વ. ઈડરના; તથા બારોટ.

દશ માસ પૂરા થયા ત્યારે પુત્ર થયો. તેની ઉમ્મર પાંચ વર્ષની થઈ ત્યારે તે ભોમીરાજ( જોગીરાજ )નાં વાછરડાં ચારતો હતો, માટે તેને વછરાજ એવા નામથી બોલાવવા માંડયો.

તેને જોગીએ કહ્યું કે મહાકાલેશ્વરના ડુંગર પાસે તું જઈશ નહીં, કેમકે ત્યાં અઘોરી રહે છે, તે તને મારી નાંખશે.

એવું કહ્યાથી વછરાજ કોઇ વખતે તે તરફ જતો ન હતો. પણ એક સમે હાલ જે મદારશાનો ડુંગર કહેવાય છે, ત્યાં એક જોગી રહેતો હતો, ત્યાં વછરાજ જઇ ચઢયો અને જોગીરાજને જોઇને તેણે પ્રણામ કર્યાં. ત્યારે જોગીરાજે કૃપા કરીને કહ્યું કે, તું એ ડુંગર ઉપર જા. ત્યારે વછરાજે તેને કહ્યું કે મારા ગુરુએ ત્યાં જવાની મને ના પાડી છે. જોગીએ ફરીથી કહ્યું કે તું ત્યાં જા અને તે અઘોરી તારૂં સન્માન કરીને બોલાવશે; અને પછી કહેશે કે આ તેલની કઢાઈ તપાવેલી છે તેને તું સાત પ્રદક્ષિણા ફર. ત્યારે તું કહેજે કે મહારાજ! શી રીતે પ્રદક્ષિણા ફરવી? તમે આગળ ચાલો, તે પછાડી હું ચાલું. એમ કહીને તે અઘોરીની પછાડી તું ફરજે અને સાત પ્રદક્ષિણા પૂરી થાય, એટલે તે અઘોરીને તે કઢામાં મારું સ્મરણ કરીને નાંખજે, તેથી તે સોનાનો પુરુષ થશે. પછી તેના હાથ, પગ વગેરે કાપી કાપીને સોનું વાવરજે. તે કાપેલું અંગ બીજે દહાડે સાજું થશે; પણ તે પુરુષનું માથું કાપીશ નહીં.

પછી તે વછરાજે ત્યાં જઇને તેમ કર્યું, તેથી સોનાનો પુરુષ તેને હાથ લાગ્યો. તે લઇને પોતાના ગુરુ પાસે આવીને સર્વ હકીકત કહી. ત્યારે ગુરુજીએ કહ્યું કે મારે તો સોનાનું કાંઈ કામ નથી; પણ તારું નામ પ્રખ્યાત રહે તેવી ઇમારત તું બંધાવ.

પછી તે વછરાજે ત્યાં વસ્તી આબાદ કરી અને ડુંગર ઉપર ઈડરીયો ગઢ બંધાવ્યો, તથા ડુંગર ઉપર કુંડ તથા એક વાવ કરાવી અને એક સારો બાગ બનાવ્યો. તે બાગમાંથી કોઈ પુષ્પ ચોરી જતું. ત્યારે વછરાજે માળીને ઘણી તાકીદ કરી. તેથી માળીએ આખો

દહાડો ચોકી કરી. અને રાતે ઢાલ તલ્વાર લઇને વછરાજ ચોકી કરવા ગયો. તે સમે એક ગુફામાંથી નાગપુત્રી આવીને ફુલ લેવા લાગી. ત્યારે વછરાજ તેની કેડે થયો, અને એ નાગકન્યા નાસીને ગુફામાં પેઠી. એટલે વછરાજે દોડીને તેના માથાની વેણી પકડીને કાપી લીધી, અને પાછો પોતાને સ્થાનકે આવ્યો; પણ દેવકન્યાની વેણીનો મહિમા જાણીને તેની પૂજા કરતો હતો.

પછી નાગકન્યાએ પાતાળમાં જઇને પોતાના બાપ આગળ વાત કરી. ત્યારે નાગદેવે પોતાના બે દૂતોને મોકલ્યા અને કહ્યું કે એવા જુલ્મ કરનારને મારો. પછી તે દૂતોએ આવીને જોયું, ત્યારે તે વેણીની પૂજા કરતો હતો. તે વાત દૂતોને જઇને નાગદેવને જાહેર કરી અને કહ્યું કે તે પુરુષ મહાસ્વરૂપવાન અને પ્રતાપી છે, માટે તેને આ કન્યા પરણાવવા યોગ્ય છે. પછી નાગદેવે એ કન્યા તેને પરણાવી, તેથી તેનું નામ વેણી વછરાજ પડયું.

વિક્રમથી અગાઉ એક હજાર વર્ષ ઉપરને આશરે એ વેણી વછરાજે ઇડર વસાવ્યું અને કેટલાંએક વર્ષ સુધી રાજ કર્યું. છેલ્લે વારે તારંગાના ડુંગર પાસે એક વિવર છે, તેમાં થઇને તે રાજા તથા રાણી પાતાળમાં ગયાં.

ત્યાર પછી ઘણાં વર્ષ સુધી એ દેશ ઉજ્જડ રહ્યો. પછી વિક્રમના શકમાં પઢીઆર જાતના રજપૂતોએ મારવાડના મંડોવર શહેરથી આવીને ઇડર વસાવ્યું અને પાંચ સાત પેઢી સુધી રાજ કર્યું. તેના વંશમાં ખ્હારિયા અમરસંઘજીની વારમાં સંવત ૧૨૫૧ ની સાલમાં કનોજનો રાજા જેચંદ દળે પાંગળો રાજસૂય યજ્ઞ, પોતાની કુંવરી સંજોગતાના વિવાહમાં કરતો હતો.

તે સમે બધાં રાજસ્થાનોમાં કંકોતરીઓ મોકલીને દેશદેશના રાજાઓ તેડાવ્યા હતા. ત્યારે દિલ્લીનું રાજ પૃથિરાજ ચહુવાણને ઘેર હતું. તેણે કનોજ જવાનો વિચાર કર્યો. ત્યારે ચિત્તોડમાં શીસોદીઆ રાવળ સમરસીનું રાજ હતું. તે પૃથિરાજજીનો બનેવી હતો, તેને પોતાની સાથે લઇ જવા સારુ પૃથિરાજજીએ તેડાવ્યા.

તે સમરસી રાવળ તૈયાર થયા. તે સમે ઈડર વગેરે ચિત્તોડના તાબામાં હતા. તેથી પઢારીઆ અમરસંધજી ઉપર રાવળનું તેડું આવ્યું. એટલે પઢારિયો પોતાના ૫૦૦૦) અસ્વારો સહિત પોતાના કુંવરને સાથે લઇને ચિત્તોડ ગયા. અને ઈડરના રાજની અમરસંધજીએ પોતાના ચાકર કોળી હાથી સોડને સારૂં માણસ જાણીને સુપરત કરી; અને પોતે દિલ્લીએ થઇને પૃથિરાજજી સાથે કનોજ ગયા, પણ પાછા દિલ્લીએ આવીને મોટી લડાઇમાં કુંવર સુદ્ધાં અમરસંધજી કામ આવ્યા.

તે વાત ઈડરમાં સંભળાઈ ત્યારે તેની કેટલીએક રાણીઓ સતી થઈ, અને કેટલીએક તો ઈડરથી ઉત્તરમાં ઝોળની ગોઝારી ડુંગરી કહેવાય છે, તે ઉપરથી પડીને મરણ પામી.

પછી ઈડરની ગાદી ઉપર કોળી હાથી સોડ બેઠો. તેનો દીકરો સામળીઓ સોડ થયો. તે મહાજુલ્મી થયો. તેનો કારભારી નાગર બ્રાહ્મણ હતો, અને ઈડરમાં નાગરનાં ઘણાં ઘર હતાં તેઓનો તે મુખી હતો. તેની દીકરી બહુ રૂપાળી હતી, તે સામળીઆ સોડની નજરે આવી; એટલે તે નાગરને કહ્યું કે તારી દીકરી મને પરણાવ. ત્યારે નાગરે વિચારીને કહ્યું કે ૭ મહીનાની મુદત આપો. પછી તે રાજાએ તેટલી મુદત આપી ત્યારે નાગરે વિચાર્યું કે કોઈ જબરો રાજા હોય તેને મળું. એવા વિચારથી નીસર્યો, અને પાટણવાડા સામે તરા ગામમાં આવ્યો.

તે સમે ત્યાંના રાવળ સોનંગજી હતા. તે કનોજના રાજા સિયાજીના કુંવર અને ચાવડાના ભાણેજ હતા માટે તે મોસાળમાં રહેતા હતા. તેની સાથે પેલા નાગરે મેળાપ કર્યો અને કહ્યું કે હિમ્મત હોય તો નવ લાખ રૂપૈઆની ઈડરની ગાદી અપાવું.

પછી તે સાથે બંદોબસ્ત કરીને ઈડરમાં આવીને સામળીઆ સોડને કહ્યું કે વિવાહ ઉપર મારાં સગાંવહાલાંને તેડાવું છું: પછી સો રથોમાં ચારસેં કે પાંચસો માણસોને બેસારીને, પડદા નાંખીને

પોતાની હવેલીમાં લઈ ગયો અને આંજણા કણબીને કહીને ઘણો પીવાનો દારૂ તથા બકરાં વગેરે મગાવીને મિજબાનીનો સામાન તૈયાર કર્યો અને રાવજી સોનંગજીને પણ પોતાની હવેલીમાં છાની રીતે ઉતારો આપ્યો.

પછી સામળીઆ સોડને કુટુંબ, કબીલા, નોકરચાકર સુદ્ધાં જમવા તેડયો. તેઓને પંગતે બેસાડીને ખૂબ દારૂ પાયો. પછી પોતાનાં માણસોને શમશા કરી કે હવે ઘી પીરસો. તે વખતે હવેલીમાંથી રજપૂતો હથિયાર લઇને નીસર્યાં, ત્યારે એક કોળીએ સામળીઆ સોડને બહાર કાઢયો. તેની વાંસે રજપુતો દરવાજાનું તાળું તોડીને મારતા મારતા ઇડરના ગઢ ઉપર ચડયા; અને ગઢથી બહાર ડુંગર ઉપર તેને મારી નાખ્યો.

પછી રાવ સોનંગજી તેને જોવા સારૂ આવ્યા ત્યારે સામળીઆ સોડે મરતાં મરતાં પોતાને અંગુઠે કરીને લોહીનું ટીલું કર્યું અને કહ્યું કે મારૂં નામ રાખજો. તે એટલું કે તમારા વંશનો જ્યારે ઇડર-ની ગાદીએ બેસે ત્યારે એટલું કહે કે ‘તપે સામળીઆ સોડનું રાજ’ અને મારા વંશનો હોય તેને હાથે ગાદીએ બેસતી વખતે ટીલું કરાવે. એ વાત રાવજીએ કબૂલ કરી. તેથી રાવજીના વંશનું ઇડરમાં રાજ રહ્યું ત્યાં સુધી તથા હાલ પોળોમાં એ ચાલ છે કે સામળીઆના વંશના મોજે સરવણમાં છે. માટે રાવજી ગાદીએ બેસે ત્યારે સરવણનો ઠાકોર ટીલું કરે એ વાત કબૂલ કરી. પછી સામળીઆ સોડનો જીવ ગયો.

તે વખતે સામળીઆ સોડની રાણી ગર્ભવંતી હતી, તે નાસીને મહાદેવ ખોખરનાથજીને શરણે ગઈ; એટલે ત્યાંના અતીતે તેને મારવા દીધી નહીં. પછી તેને દીકરો અવતર્યો તેના વંશના કોળી પાટણવાડા-માં છે; તેઓ શાખે ખોખર કહેવાય છે.

સોનંગજીએ સંવત્ ૧૩૧૦ ની સાલમાં ઇડર લીધું અને જે ઠેકાણે સામળીઓ સોડ પડયો ત્યાં તથા તેના રૂધિરના છાંટા પડયા

ત્યાં અને તેના શૂરવીરો પડયા ત્યાં કાળી ચૌદશને દહાડે લોકો તેલ સિંદુર ચડાવવા લાગ્યા.

એ રાવજીની કેટલીએક પેઢી સુધી ઈડરનું રાજ ચાલ્યું. તેના વંશમાં છઠ્ઠા રાવ રણમલ થયા. તેણે સંવત્ ૧૪૨૫ની સાલમાં સાતસેં ગામની જગા ભાટેરની, તે જાદવ વંશના રજપુતોના તાબામાં હતી તે લઇને સોલંકીઓને આપી. તે રણમલ પાસે રણમલ નામના ૧૧ સરદારો હતા.

ઈડરના ડુંગર ઉપર રાવ રણમલે બેઠક ચણાવી, તે રણમલની ચોકી કહેવાય છે. ત્યાં જે લોકો જાય તેઓએ જરૂર અફીણનો કસુંબો કાઢવો જોઇએ. લાખ પસાવ કરે તે સરદાર ત્યાં બેસવા જોગ છે, એવું લોકો કહે છે; કારણ કે રાવ રણમલે ત્યાં બેસીને લાખ પસાવ કર્યો હતો.

## કનોજના રાવ શીયાજીના પુત્ર ૩: આસ્તાનજી, સોનંગજી, અને અજજી

| સંખ્યા | રાવજી સોનંગની વંશાવળી | ગાદીએ બેઠાનું વર્ષ સંવત્ | મહીનો તથા તિથિ |
|---|---|---|---|
| ૧ | રાવ સોનંગજી | ૧૩૧૨ | જેઠ શુદ ૧૧ |
| ૨ | રાવ એહેમલજી | ૧૩૪૦ | અષાડ વદી ૨ |
| ૩ | રાવ ધવળમલજી | ૧૩૪૨ | ચૈત્ર શુદ ૩ |
| ૪ | રાવ લુણકરણજી | ૧૩૬૭ | શ્રાવણ શુદી ૧૨ |
| ૫ | રાવ ખરહતજી | ૧૩૮૩ | ફાગણ શુદી ૯ |
| ૬ | રાવ રણમલજી | ૧૪૦૨ | મહા શુદી ૧૦ |
| ૭ | રાવ વજેમલજી | ૧૪૬૦ | ભાદરવા વદી ૫ |
| ૮ | રાવ પ્રતાપમલજી | ૧૪૮૧ | કાર્તિક શુદી ૩ |
| | (આના વખતમાં અમદાવાદ તથા અહમદનગર વસ્યાં) | | |
| ૯ | રાવ અભેમલજી | ૧૪૯૧ | માગશર શુદી ૪ |
| ૧૦ | રાવ જામાલજી | ૧૫૦૧ | પોષ શુદી ૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | રાવ વરશંઘજી | ૧૫૧૦ | વૈશાખ વદી ૫ |
| ૧૨ | રાવ જેતકરણજી | ૧૫૧૬ | શ્રાવણ શુદી ૪ |
| ૧૩ | રાવ જેઠીજી | ૧૫૨૩ | જેઠ શુદી ૯ |
| ૧૪ | રાવ હરભમજી | ૧૫૨૯ | ચૈત્ર શુદી ૭ |
| ૧૫ | રાવ પુંજા | ૧૫૩૪ | ફાગણ વદી ૯ |
| ૧૬ | રાવ નારણદાસજી | ૧૫૩૬ | મહા વદી ૧૪ |
| ૧૭ | રાવ ભાણજી | ૧૫૩૮ | કાર્તિક શુદી ૧૧ |
| ૧૮ | રાવ સૂરજમલજી—કુંવરપદે ગુજર્યાં સંવત્ ૧૫૫૮ | | |
| ૧૯ | રાવ મલજી | ૧૫૬૩ | |
| ૨૦ | રાવ ભીમ | ૧૫૬૮ | આસો શુદી ૧૫ |
| ૨૧ | રાવ ભારમલજી | ૧૫૭૩ | માગશર વદી ૮ |
| ૨૨ | રાવ પુંજા | ૧૫૯૯ | પોષ શુદી ૩ |
| ૨૩ | રાવ નારણદાસ | ૧૬૦૧ | વૈશાખ શુદી ૧૩ |
| ૨૪ | રાવ વીરમદેજી | ૧૬૩૦ | અષાડ શુદી ૭ |
| ૨૫ | ભાઈ કલ્યાણમલજી—સુત વજેમલ કુંવરપદે ગુજર્યા તેના | ૧૬૫૩ | અષાડ વદી ૭ |
| ૨૬ | રાવ જગતનાથજી | ૧૭૦૦ | વૈશાખ શુદી ૩ |

અને સંવત્ ૧૭૮૭માં મહારાજ અભેસંઘજીએ અમદાવાદ લીધું, ત્યારે તેની સાથે પટાવત, ઉદાવત લાલસંઘજી હતા, તેમને ઈડરના દેશાઈ ઈડરમાં તેડી આવ્યા હતા. ત્યારે તે લાલસંઘજી રણમલની ચોકીએ ગયા હતા, અને ઘોડા ૧૦૦, ઊંટ ૨૦૦ તથા લાખ પસાવ એક ચારણને બક્ષીશ આપ્યા હતા.

**દોહરો**—સો ઘોડા ઘઘ (ઊંટ) દોયસેં પાતાં લાખ પસાવ,
ઉદાવત આલેં કીયો, ચડ ઈડરગઢ આવ.—૧

એ લાલસંઘજીના વંશના હાલ ઈડર જીલ્લામાં ભાણવરના ઠાકોર અજિતસંઘજી ગલાબસંઘજી છે.

રાવ રણમલજીનો પટાવત ખારી ખાવડનો રણમલ હતો, તેને. વર્ષ ૧૨ સુધી પોતાને ઘેર જવાની રજા મળી નહીં ત્યારે તેની રાણીએ રાવજીની રાણી ઉપર કાગળ મોકલ્યો, તેમાં લખેલો દોહરો:

ઇડર ગઢરી રાણિયાં! ઓલંભો સહિયો;
થાં દશ રણમલ ઓળગૂ, માં દશ મોકલિયો.—૧

અરે ઇડરગઢની રાણીઓ! આ ઠપકો સહન કરજો, અને તમારી તરફ રણમલ નોકર છે તેને અમારી તરફ મોકલજો.

આ કાગળના સમાચાર રાણીએ રાવજીને કહ્યા, ત્યારે રાવજીએ બીજે દિવસે પેલા રણમલને કહ્યું કે એક દિવસમાં તમે ખારી ખાવડે જઇને આવો તો તમને રજા છે. (ખારી ખાવડ ઇડરથી ઉત્તરમાં બસેં ગાઉ ઉપર છે)

એમ કહેવાનું કારણ એ હતું કે રાવજી પાસે નવલખો ઘોડો હતો તે એક દહાડામાં ત્યાં જઇને આવે એવો હતો. તેથી રાવજીએ જાણ્યું કે હું આવી રીતે રજા આપીશ ત્યારે તે મને કહેશે કે તમે જ એક દિવસમાં ત્યાં જઈ આવો. એટલે હું મારા નવલખા ઘોડા ઉપર ચઢીને ત્યાં જઈ આવીશ. એવા વિચારથી તેણે આમ રણમલને કહ્યું. પણ રણમલે એવી રજા લેવાનું કબુલ કર્યું નહીં. અને પછી તેણે નવલખા ઘોડાના ઠાણીઆ સાથે દોસ્તી કરી અને તેની પાસેથી તે ઘોડો માગી લઇને રાત્રિએ ખારી ખાવડે જઇને ત્યાં ઘણી વાર સુધી રહીને પાછો પરોઢીએ ઇડરમાં આવ્યો.

એવી રીતે ઘણી વાર જઈ આવ્યો. ત્યારે તે ઘોડાને ખરેરો કરતી વખતે કાંઈ રજ ઘોડા ઉપર રહી ગઈ. પછી રાવજીએ આવીને તે ઘોડાને જોયો અને ઘોડા ઉપર હાથ ફેરવ્યો ત્યારે રાવજીને હાથે રજ વળગી. ત્યારે રાવજીએ કેટલાએકને પૂછ્યું કે આ રજ કયા ઠેકાણાની હશે? એટલે એક જણે રજ ચાખી જોઇને કહ્યું કે આ રજ ખારી ખાવડની છે.

પછી રાવજીએ ઠાણીઆને ધમકી દઇને પૂછ્યું. એટલે ઠાણીએ માફી માગીને કહ્યું કે આપે ખારી ખાવડના રણમલને રજાનું ફરમાવ્યું

હતું, તે દિવસથી એ રણમલ આ ઘોડે ચઢીને દરરોજ ત્યાં થઈ આવે છે.

પછી રાવજીએ રણમલને રજા આપી કે રાત્રિએ શા વાસ્તે જાઓ છો? સુખેથી દિવસે જાઓ, હું રાજી છું.

એ રાવજીના પુત્ર રાવ વજેમલ થયા. તેઓએ બડપુ પરગણાની જવાસાની રાજધાની વાંસદા ભીલના તાબામાંથી લઈ ચહુવાણ રજપૂતને સોંપી. પછી બારમા રાવ જેતકરણ થયા. તેઓએ ટકરાવતીની પાટવી જગા ભળોલમાં હતી તે દેવડા રજપુતોના તાબામાંથી લઈને ચિત્તોડના રાણા ઉદેસંઘજીને સોંપી. તેના પુત્ર રાવ જેહી થયા. તેમણે ફોજ કરીને ઉદેપુરના રાણાને શિકાર કરતાં પકડીને પોતાના દેશના અને ઉદેપુરના સીમાડા કાઢવા તકરાર ખોલી (માંડી); તેમાં સલુંબરવાળો રાજા વચમાં પડયો. પછી સલુંબરવાળાને રાવ સાથે લડાઈ થઈ, તેમાં તે બંને મરાણા. તે બન્નેની છત્રીઓ શેઢાની હદ ઉપર છે. તે હાલ ગોગંદા તથા ઉદેપુર વચ્ચે નાઈ નદીના શેઢા ઉપર છે.

જેહીના હરબ્રહ્મ અને હરબ્રહ્મના રાવ પુંજેજી થયા. તેની ઉમ્મર આશરે વર્ષ ૧૨ થી ૧૫ સુધીની હતી, અને ગાદીનો પોશાક લેવા માટે તે રાવ પુંજે દિલ્લીએ પાદશાહ પાસે ગયા. ત્યાં પાદશાહનો શિરપાવ થતાં, સનંદો વગેરે મળવાની તૈયારી થઈ.

તે વાત જેપુરના રાજાને ન ગમ્યાથી તેણે પાદશાહને અવળુંસવળું સમજાવીને કહ્યું કે આપ ઈડરવાળા ઉપર આટલી મહેરબાની રાખો છો, પણ એમાંથી આખર જતાં ઈડરવાળા વખો કરશે, અને ઈડરનું રાજ્ય હાથમાં આવવાની રાજની નહાનમવડે આ વખત છે. તે વાત પાદશાહના સમજ્યામાં આવી. તેથી બોલ્યા જે એ વાત શાથી જણાય? ત્યારે કહ્યું જે ઈડરવાળા પાસે એક ઘોડો ઘણો સુંદર છે, તે આપ મંગાવી જુઓ. તે જો આપે તો સામ ધરમી ખરા; અને જો ના પાડે તો હરામખોર સમજવા. તે વાત પાદશાહે માની અને ઘોડો લેવા માણસ મોકલ્યું.

અને જેપુરવાળાએ ઇડરવાળાને સમજાવેલું જે હજુરની મરજી એવી છે કે તમને પકડાવીને ખરાબ કરવા, માટે હવે તમે તમારા દેશમાં જાઓ. તેની નિશાની એ છે જે આજ તમારી પાસેથી તમારો ચડવાનો ખાસ ઘોડો મંગાવશે. એ રીતે અવળુંસવળું બન્નેને સમજાવેલું.

પછી પાદશાહનું માણસ ઘોડો માગવા આવ્યું ત્યારે ઇડરવાળા ખરી વાત સમજીને ત્યાંથી નાઠા અને પછવાડે પાદશાહની ફોજ ચડી. તે દશબાર ગાઉ ઉપર જતાં એક ગામમાં સુતારને ઘેર ઉતર્યા હતા ત્યાં ઘેરી લીધા. પછી રાવ પુંજો ત્યાંથી નાસીને અતીતની જમાતમાં ગયો. તેવામાં રાવ પુંજાની મા ઉદેપુરમાં પોતાના પીયરમાં જઇને રહ્યાં હતાં. તેવામાં દિલ્હીની ફોજે આવીને ઇડર કબજામાં લીધું, અને આખું પરગણું ખાલસા કર્યું.

રાવની માજીએ ધાર્યું કે રાવ પુંજો ક્યાંઇ મરાયો હશે, તેથી નિરાશ થયાં હતાં. પછી ચાર પાંચ વર્ષ જતાં અતીતની જમાત સાથે રાવ પુંજો ઉદેપુર ગયા. ત્યાં રાણાજીએ તેઓનું સન્માન કરીને પોતાની પાસે રાખ્યા. પછી તેને ફોજ આપીને પોતાના રાજ્યની સંભાળ લેવા સારૂ મોકલ્યા.

તેમણે આવતાં પ્રથમ પોળો મારી; પછી ઇડર આવીને લડાઇ કરીને ઇડર પાછું લીધું. તે દિવસથી ગાદી ઇડરમાં રાખી, પણ ખજાનો, માલ મિલકત અને કબીલો શરવણમાં રાખતા હતા; અને પોતે ઇડરમાં રહેતા હતા.

પછી અમદાવાદના એહેમદશાહે સંવત્ ૧૪૮૨ માં અહમદનગર વસાવેલું, તેનો કિલ્લો રાવ પુંજાના વખતમાં ચણાવતા હતા. તે કિલ્લો પુંજાજીએ ચૂપકીથી જઇને ઘણી વાર પાડી નાંખેલો. તેથી અહમદ-નગરના હાકેમે જાહેરનામું કરેલું જે રાવ પુંજાજીનું માથું કાપી લાવે તેને ઇનામ આપવામાં આવશે.

પછી એક સમે રાવ પુંજો અહમદનગર આવ્યો અને નુકશાન કરીને નાસતાં પછવાડે વાર ચડી. ત્યારે રાવજીનો સરંજામ અફરાતફરી થઈ ગયો; અને રાવજીની ઘોડી કમાર્ગે ચઢીને એક વાંઘામાં પડી ગઇ; તેથી રાવજી નીચે પડયા અને ઉપર ઘોડી પડી તેથી ગુજરી ગયા.

પછી સવારમાં એક કઠિયારો તે જગ્યાએ લાકડાં કાપવા જઈ ચડયો. તેની નજરે પડયાથી તેણે પાદશાહના જાહેરનામા ઉપર સુરત રાખીને રાવજીની તલવારે રાવજીનું માથું કાપીને પેલા હાકેમને નજર કર્યું. તેથી તેને ગુન્હેગાર ઠરાવીને પાદશાહે દેશપાર કર્યો. એ વખતથી પાદશાહનો અમલ ઇડરમાં થવાનો પેગામ ઉભો થયો.

તે પુંજાજીના પુત્ર રાવ નારણદાસજી ગાદીએ બેઠા અને તેના પછી રાવ ભાણ થયા. તે ઘણા પરાક્રમી થયા. તેઓએ પાછું ઇડરનું રાજ જમાવ્યું, અને પોતાના દેશના શેઢા નક્કી કર્યા. તે એવી રીતે કે પેલી હદ શારોઈનું ગામ લાસ મારીને મોજે રોહીડા તથા પોશીના વચ્ચે શેઢાના ઘોડા નક્કી કર્યાં. તેની નિશાની જે તે જગ્યાએ શારોઈના રાવજી તથા ઇડરના ઘોડા પથરા ઉપર કરીને જમીનમાં ગોઠવેલા, તે શેઢાના ઘોડા હાલ સુધી કહેવાય છે.

ત્યાંથી ઉદેપુર સાથે ગોગંદા તથા ઉદેપુર વચ્ચે નાઈ નદી ઉપર રાવ જેઠીજીની છતરી છે, તે ઇડરના તાબામાં લઇને મેવલનું પરગણું ઉદેપુરમાં નક્કી કર્યું.

ત્યાંથી સોમ નીદી(નદી)એ થઇને ચાલ્યા. તે ડુંગરપર નજીક બે ગાઉ ઉપર હાલ થાણું ગામ કહેવાય છે. પણ તે જગ્યાએ રાવજીનું થાણું કહેવાતું હતું. ત્યાં ડુંગરપરનો શેઢો નક્કી કરીને, ત્યાંથી સોમ નદીએ થઇને ચાલ્યા. તે માલપુર, મગોડી ઇડરના તાબામાં કરીને ચાલ્યા તે કપડવણજ લઇને બાવન પરગણું એટલે પરાંતીજ પટો પોતાનો ઠરાવીને સાબરમતી ઉપર ગયા, તે ઉભી નદીએ થઇને ઉતર્યા. તે નદીને ઉગમણે કાંઠે ગયા; તે ગઢવાડામાં થઇને તારંગો

તાએ કરીને શારોઇના ઘોડાનો સીમાડો મેળવ્યો. એ રીતે દેશની હદ નક્કી કરી.

પછી પાવાગઢના રાવળ પતાઈ સાથે લઢાઈ કરીને પતાઈ રાવળને અમદાવાદમાં લાવીને છ મહીના કેદમાં રાખીને છોડી મૂકાવ્યો અને પતાઈને ખૂબ દહેશત લગાડી.

પછી બીજી વાર અમદાવાદના મહમુદ બેગડાએ સંવત્ ૧૫૪૧ના પોશ સુદી ૩ ને રવિવારે પાવાગઢ માર્યો. તે લઢાઇમાં રાવ ભાણ એ ફોજનો મુખી હતો. પતાઈ સાથે બીજા પાંચ રાજાઓ માર્યા ગયા.

રાવ ભાણે આઠ સરોવર બંધાવ્યાં હતાં. તેઓનાં નામઃ (૧) માણુસર, (૨) બાબસર ટીંટોઇ પટામાં, (૩) સમળેસર વડાળી પાસે, (૪) ભાંબુસર દધાળીયા પાસે, (૫) પખાનસર ઘાંટી નીચે, (૬) ઝુમસર ઇડરની સાત ગાઉ વસાઈ પાસે, (૭) સુનસર મુનાઈ પાસે (૮) રાણેસર રાણીએ બંધાવ્યું.

રાવ ભાણ પછી તેનો પુત્ર સુરજમલ ગાદીએ બેઠો. તે પછી તેનો પુત્ર રાયમલ ગાદીએ બેઠો. તેના વખતમાં આશરે ચારપાંચ વર્ષ સુધી ઇડર પાદશાહને હાથ ગયું હતું અને અમદાવાદથી ઝેરખાન સૂબો આવ્યો હતો. તેણે તમામ ઇડર પરગણું કબજે કરીને નાવલોની વાડી પાસે ગઢીયે મુકામ રાખ્યો અને રાવજી પોતાના કબીલા સુદ્ધાં સરવણમાં રહેતા. પછી તેમણે ઝેરખાનને માર્યો. તેથી ફોજ નાસી ગઈ અને રાવજીના હાથમાં ઇડર આવ્યું.

ઉપર લખેલા રાવ સુરજમલને વાઘ મારવાનો શોખ હતો. તેઓ મુંગીયા ભીલની દીકરીને પરણ્યા. તે રાણીને વસાઇમાં રાખી હતી. તે સુરજમલ કુંવરપદે ગુજર્યા.

તેમનો કુંવર રાયમલજી નાની ઉમ્મરનો હતો, તેથી તેનો કાકો ભીમ ગાદી દબાવી પડયો. એ ભીમનો દીકરો ભારમલ હતો. તેને અને રાયમલજીને ખૂબ લડાઈ ચાલી ત્યારે ભારમલજી અમદાવાદના પાદશાહને મળીને ઝેરખાન નવાબને લાવ્યા અને ઇડરમાં થાણું

ધાલ્યું. પછી રાયમલજીએ નવાબને મારીને રાજ લીધું અને ભારમલજી અમદાવાદ પાદશાહની ચાકરીમાં રહ્યા, તે રાયમલજી ગુજર્યા ત્યારે તેને પુત્ર ન હતો, માટે ભારમલજી આવીને ગાદીએ બેઠા.

એ રાયમલજીને પાઠાનું દરદ હતું. રાવ ભારમલ પડયા પછી તેનો પુત્ર રાવ પુંજો ગાદીએ બેઠો. તેના પછી રાવ નારણદાસજી થયા. તેમને સાત કુંવરો હતા. તેઓમાં મોટા વીરમદેજી ગાદીએ બેઠા. તે પરાક્રમી હતા. તેનું ચારિત્ર પછીના પ્રકરણમાં આપેલું છે.

---

# પ્રકરણ ૬ ઠું

## વીરમદેવ ચરિત્ર[1]

**દોહરો**—સદા મનોરથ શુભ કરણ, બાણી આખર લેશ,
સારો પહેલો સમરજે, ગુણદાતાર ગણેશ—૧

આશરે સંવત્ ૧૬૩૦ માં રાવ નારણદાસજી ઈડરગઢ ઉપર રાજ કરતા હતા. તે રાવ નારણદાસજી, તે સમાને વિષે બડો પ્રતાપી હતો અને તેનો કુંવર વીરમદેવજી બડો શૂર, ધીર, માનમાણરો દુર્યોધન, હાથમાણરો કરણ, બાણરો અર્જુન, જાણરો સહદેવ જેવો હતો. તેની ઉમ્મર આશરે વીશ વર્ષની હતી, ત્યારે કુંવરજીને ગણગોર–(ગણગોરનો મેળો)નો ઘણો શોખ હતો. તે ગણગોરની અસ્વારી નીકળતી હતી; એવામાં પુંગળ દેશથી એક કવિ આવ્યો. તેણે વાત કરી કે ગણગોર અહીંની ઠીક છે; પણ તે કરતાં પુંગળની ગણગોર તારીફ કરવા લાયક છે. ત્યારે કુંવરજી બોલ્યા કે પુંગળની ગણગોર મારા દેખવામાં કયારે આવે? એટલે કવીશ્વર બોલ્યો કે શ્રાવણ સુદિ

---

૧ લખાવનારઃ મોજે કુવાવાના ચારણ વીરજી. આ ચરિત્રની ભાષા જગદેવ ચરિત્રના જેવી છે, પણ અર્થ જુદો લખવો પડે માટે એવો ફેરફાર કર્યો છે. ક. દ. ડા.

૩ ને દિવસે પુંગળમાં ગણાગોરનો મોટો ઉત્સવ થાય છે, તે જરૂર જોવા લાયક છે. ત્યારે કુંવર વીરમદેજી બોલ્યા કે એક વાર ત્રીજ ઉપર જઇશું; અને પુંગળના બાગમાં મહાલશું.

એમ કહી કુંવરજી મહેલમાં ગયા. રાતે ઘણી મોજ શોખ કરી. પછી પ્રજાને સહુ સરદારોને બોલાવી કહ્યું કે જુવાન જુવાન સરદારો તૈયાર થાઓ. પછી તે સહુ ત્રીજ આડા દશ દિવસ રહ્યા ત્યારે પુંગળ પહોંચ્યા અને ત્યાંના બાગમાં ઉતર્યા. પછી પુંગળની સ્ત્રીઓ ત્રીજ ઉપર રમતી રમતી બાગમાં આવી અને ત્યાં હીંડોળા બાંધી હીંચવા લાગી. એટલામાં કુંવર વીરમદેજી તેઓની નજરે આવ્યો ત્યારે તે સ્ત્રીઓ પૂછવા લાગી કે આ કોણ છે?

## દોહા.

**कण धरसुं आया कहो, जशों कठे जोधार;**
**मारो विवरो में कह्यो, थें कुण राजकुमार- २**

**અર્થ:**—કઈ પૃથ્વીથી આપ આવ્યા અને ઓ બહાદૂર! આપ ક્યાં જશો? અમારી વિગત તો અમે કહી, પણ હે રાજકુંવર! તમે કોણ છો?

ત્યારે કુંવરે કહ્યું કે—

**ईडर गढसुं आवीआ, वीरम नाम विशेष;**
**आण धरतीमें आवीआ, देखण पुंगळ देश. ३**

પછી કુંવરજીએ પૂછ્યું કે આટલી જણીઓ ત્રીજ રમવા આવી છે, તેઓમાં મહાસ્વરૂપવાન આ સ્ત્રી છે તે કોણ છે?

ત્યારે એક વડારણ (દાસી) કસ્તુરી નામે હતી, તેણે જવાબ દીધો કે પુંગળના નગરશેઠ રતનચંદ શાહુકારની દીકરી પના નામે છે; તે બધી સાહેલીઓનો સાથ લઇને આજ ત્રીજનો ઉત્સવ છે, માટે હીંડોળે હીંચવા આવી છે.

પછી પનાંએ(ને) કહ્યું કે:

**मांने लागे मेंहणो, कुळ लाजे पितमात;**
**कहो बाई किम कीजीये, भूपाळांसुं वात. ४**

અર્થ: અરે બાઈ! રાજા સાથે તમે વાત કરો તેથી મને મેણું લાગે, અને તમારા માબાપનું કુળ લાજે, માટે એવી વાત કેમ કરીએ?—૪.

ત્યારે પનાંએ પોતાની ભાભીને જવાબ દીધો કે:

**सुण भाभी समजे नहीं भूवाळांस फेल;**
**................................... ५**

પછી ભાભીએ ઘેર આવીને ઘરનાં માણસો આગળ વાત કરી કે પનાંને ઇડરગઢના કુંવર વીરમદેજી જે પુંગળ જોવા આવ્યા છે, તેઓની સાથે સ્નેહ થયા જેવું લાગે છે.

એ પનાનું વેવિશાળ તેનાં માબાપે સુરતના શેઠ ચંદ્રભાણના દીકરા હીરાલાલ સાથે કર્યું હતું.

પછી કુંવર વીરમદેજી પુંગળમાં આશરે બે મહીના રહ્યા અને ઘણો મોજશોખ કર્યો. પછી કહેવા લાગ્યા કે પુંગળની ત્રીજની કવીશ્વરે જેવી તારીફ કરી હતી તેવી જ છે; એમ કહીને ઘણો જ આનંદ પામ્યો.

તે તહેવાર જોઇને ત્યાંથી ચાલ્યા અને થોડા દિવસમાં ઇડર આવી પહોંચ્યા. તે વાતને પાંચ કે સાત વર્ષ વીતી ગયાં ત્યારે પોતાના પિતા રાવશ્રી નારણદાસજી દેવલોક પામ્યા અને વીરમદેજી ગાદીએ બેઠા; પણ તે પહેલાં કુંવર વીરમદેજી ચંદ્રાવત જાતિના રામપરાના રાજાની કુંવરીને પરણ્યા હતા. તે રામપરૂં ખખુ ભાણનું કહેવાતું હતું.

**रामपरो खखु भाणरो, देखत उपजे सुख,**
**घर घर नारी पद्‌मणी, घर घर चंपा वृख. ६**

તે ચંદ્રાતી (ચંદ્રાવતી) રાણી ઉપર વીરમદેજીનો ઘણો સ્નેહ હતો. પછી એ સમે દશરા ઉપર રામપરાનો ભાટ ઇડરમાં આવ્યો.

તેવામાં વીરમદેજી દશરાથી અગાઉ કેટલાએક દિવસ સુધી દરરોજ દશરાના જેવી સવારી કરતા હતા અને દશરા ઉપર વાઘેલા, રહેવર, ડાભી, રાઠોડ, સીસોદીઆ, અને બીહોલા વગેરે રાવજીના તમામ ઉમરાવો આવેલા હતા. પછી દશરાને દહાડે સાંજ ઉપર ધામધૂમથી સવારી બહાર નીકળી. તે સમે રાવજી પણ ઘોડા ઉપર સવાર થયેલા હતા.

પછી હમેશાંના ચાલ પ્રમાણે ચોગાનીઓ પાડો છુટો મૂકયો. તે પાડો સાત વર્ષની ઉમ્મરનો અને મજબૂત જોરાવર હતો. તે સવારોને ધક્કો દઇને નાઠો. તેને સરદારોનાં હથિયારોના જખમ થોડા ઘણા વાગેલા ખરા, પણ તેને કોઈ અટકાવી શકયું નહીં. પછી રાવજી પોતે ઘોડો દોડાવીને તે પાડા પાસે જઈ પહોંચ્યા અને તલ્વારના ઘાથી પાડાનું માથું કાપી નાંખ્યું. તે જોઇને બધા કવિઓએ તથા સરદારોએ અને બીજા સહુ લોકોએ રાવજીને શાબાશી દીધી. ત્યારે રામપરાનો ભાટ બોલ્યો કે આ દેશના પાડાનું માથું કાપવું તેમાં તે શી વડાઈ છે? પણ અમારા દેશમાં અરણા પાડા થાય છે તેનું માથું એક ઘાથી કાપે ત્યારે શાબાશી ખરી!

એવું સાંભળીને રાવજીએ કહ્યું કે ઠીક છે. તમારા દેશમાં આવશું ત્યારે ત્યાંના અરણા પાડા જોઈ લઇશું. વળી રાવજીએ મનમાં જાણ્યું કે આ ભાટ સમજ્યા વગર બોલે છે.

પછી રાવજી સવારી સુદ્ધાં દરબારમાં આવ્યા અને રાત્રિએ રાણી ચંદ્રાવતીને પૂછ્યું કે તમારા દેશમાં અરણા પાડા કેવા થાય છે? ત્યારે રાણીએ કહ્યું કે તે પાડા ઘણા જોરાવર હોય છે.

પછી પાંચ સાત દહાડા જતાં પેલા ભાટને જવાની રજા આપી. તે ભાટને પેલા રાવજીએ બક્ષીસ આપી. પણ તેટલાથી ભાટનું મન માન્યું નહીં, અને તે રામપરે ગયા પછી બે મહીના થતાં રાણી ચંદ્રાવતીજીને તેડવા સારુ તેના બાપની તરફનાં માણસો ઇડરમાં આવ્યાં.

તેઓને રાવજીએ એક મહીના સુધી રાખ્યાં અને તેઓની રાવજીએ ઘણી બરદાસ્ત કરી.

પછી રાણીને પીયર જવાની રજા આપી ત્યારે રાણીએ કહ્યું કે શ્રાવણની ત્રીજ ઢુકડી આવી. ત્યારે રાવજીએ પોતાના સરદારોને તૈયાર કર્યાં. એ સમે રાવજીની પાયગામાં ૧૮૦૦ ઘોડા હતા, તેમાંથી એક હજાર ઘોડા સાથે લઈને ઈડરથી નીકળ્યા અને ત્રીજે દહાડે ડુંગરપરની બજાર વચ્ચે થઇને નીકળ્યા. તે સમે ડુંગરપરનો રાજા તથા રાણી બજાર સામા જરૂખામાં બેઠાં હતાં. ત્યારે તે રાણીએ વીરમદેવજીનાં કાંઇક વખાણ કર્યાં, તેથી તે રાજાને ખોટું લાગ્યું અને તેણે વીરમદેવજીની સરભરા કરી નહીં. તેથી વીરમદેવજીને રીસ ચડી, પણ તેઓને ઉતાવળા જવું હતું માટે ચાલ્યા ગયા.

રામપરના ભાટે રામપરના રાજાને કહેલું કે રાવજીને અરણા પાડાને જોવાનો શોખ છે. તેથી તે રાજાએ એક પાડાને રાતબ દઈ તાજો કરવા માંડયો હતો. રાવજીએ રામપરામાં એક ખવાસને ખબર કરવા મોકલ્યો. ત્યારે તેને ત્યાંના રાજાએ વધામણીનો શિરપાવ આપ્યો, અને સાકર વહેંચી. પછી રાવજી નજદિક પધાર્યા ત્યારે પેલા અસંતોષી ભાટે અદેખાઇથી પેલા પાડાને રાવજીને આવવાના રસ્તા તરફ છોડી મૂકયો. તેને આવતો જોઇને રાવજીએ પોતાના સરદારને પૂછ્યું કે આ શું જનાવર આવે છે? ત્યારે સરદારોએ તપાસ કરીને કહ્યું કે, એ તો અરણો પાડો છે; માટે આપણે ઉફરાટે માર્ગે થઇને જઇએ તો ઠીક.

વીરમદેવજીએ તે સરદારોનું કહેવું માન્યું નહીં અને પોતે તે પાડાના સામા ગયા. પછી તે પાસે આવ્યો એટલે પેંગડા ઉપર પગનો હચરકો દઇને ખૂબ જોરથી પાડાના કાંધમાં તલ્વાર મારી; તેથી પાડાનું માથું કપાઇને વેગળું પડયું અને પગના હચરકાથી પેંગડાં તૂટી ગયાં.

પછી રાવજી રામપરામાં પધાર્યા, તેથી સહુને ઘણો હર્ષ થયો. પછી રામપરાના રાજાના જાણવામાં પાડાની વાત આવી ત્યારે તેણે ભાટને ઠપકો દઇ કહ્યું કે મેં તો ફક્ત રાવજીને દેખાડવા સારૂ પાડો તૈયાર કર્યો હતો, અને તેં તે પાડાને રાવજીના સામો શા વાસ્તે મોકલ્યો? એમ કહીને તેના ઉપર રીસ કરી. પછી રાવજી ત્યાં બે મહીના સુધી રહીને ચંદ્રાવતી રાણીને તેડીને પાછા ઇડર પધાર્યા.

પછી એક સમે કોઇ સોદાગર અરબી ઘોડા બે લઇને વેચવા આવ્યો. તે રાવજીની આગળ ફેરવી દેખાડયા. તે ઘણા વખાણવા લાયક હતા, માટે છત્રીસ હજાર રૂપૈઆની કિમ્મતે રાવજીએ રાખ્યા. તેમાં એકનું નામ નટવો અને બીજાનું નામ ઝાલાર હતું.

રાવજી દર પૂનમે કવિઓને ઇનામ આપતા હતા. અને તેઓએ ઘણા કવિઓને વતન–બક્ષીસ આપેલાં તે હાલ સુધી તે કવિઓના વંશવાળા ભોગવે છે.

પછી જ્યારે પૂનમનો દહાડો આવ્યો ત્યારે એક ચારણ સાખે ઝુલો, નામે સાંયોજી સારા કવિ હતા, તેઓને બોલાવીને ઝાલાહાર નામનો ઘોડો ખરીદ કર્યો હતો તે સોનેરી સાજે શણગારીને આપ્યો તથા એક લાખ સુધાં પસાવ કર્યા. તે દિવસે પેથાપુરના રાજાની દીકરી વાઘેલી રાણીને મહેલ જવાનો રાવજીનો વારો હતો, તેથી તે રાણીના મહેલમાં રાત્રિએ રાવજી બિરાજ્યા. ત્યારે રાવજીએ સહેજ વાત કરી કે આજ તો ઝાલાહર ઘોડો અમે ઝુલા સાંયોજીને બક્ષીસ કર્યો. ત્યારે રાણીએ કહ્યું કે આપ ઇડરના રાજા છો, અને એવું એક ટટ્ટુ બક્ષીસ આપ્યું, તેમાં શી મોટી વાત છે? ત્યારે રાવજીએ કહ્યું કે બીજા ઘોડા તો ટટ્ટુ જેવા ખરા, પણ ઝાલાહરની કિમ્મત ૧૮, અઢાર હજાર રૂપૈઆ આપ્યા હતા, માટે તે ટટ્ટુ કેમ કહેવાય?

રાણીજીએ કહ્યું કે આપ જેવા રાજાની આગળ તો ઝાલાહર જેવા ટટ્ટુમાં જ ગણાય. ત્યારે રાવજીએ ગુસ્સે થઇને કહ્યું કે તમારો બાપ

ઝાલાહર જેવાં ટટ્ટુ કેટલાં બક્ષીસ આપે છે? વાઘેલીજીએ કહ્યું કે મારો બાપ તો એક તાલુકદાર છે, માટે તે તો ઝાલાહર જેવા ઘોડા ક્યાંથી આપી શકે?

પછી વાઘેલીજી રજા લઇને સવારમાં પોતાને પીયર પધાર્યાં અને પોતાના બાપને કહ્યું જે ઝાલાહર જેવો ઘોડો ખરીદ કરીને કોઇ નામીચા ચારણને બક્ષીસ કરો, તો જ હું ફરીથી ઇડર જઇશ, કેમકે એ વિષે મારે રાવજીને વાદ થયો છે.

પછી તે ઠાકોરે કચ્છમાં અને ઝાલાવાડ વગેરેમાં માણસો મોકલીને કહ્યું કે વીશેક બાવીશ હજાર રૂપૈઆ ખરચીને ઝાલાહર ઘોડો ખરીદ કરી આવો. પછી તે માણસ બધે ફરીને આવ્યાં, પણ એવો ઘોડો મળ્યો નહીં. પછી ઝૂલા સાંયોજીને અઢાર હજાર રૂપૈઆ આપીને પેલો ઘોડો ખરીદ કર્યો, અને ચાર મહીના સુધી રાતબ દઇને વધારે તાજો કર્યો. પછી નામીચા કવિનો શોધ કરવા માંડયો, પણ ઝુલા સાંયોજી જેવો કવિ મળ્યો નહીં, ત્યારે સાંયોજીને બોલાવીને તે ઘોડો શણગારીને તેને બક્ષીસ આપ્યો.

તેણે જઇને ઇડરમાં વાત કરી, તેથી રાવજી ઘણા ખુશી થયા. પછી રાવજી રાણી વાઘેલીજીને તેડવા સારૂ પેથાપુર પધાર્યા; અને પેથાપુરના ઠાકોરની ત્યાં રાવજીએ વાત કરી અને રાવજીએ સાળા કટારીમાં એક ગામ આપવાનું કહેલું, વાસ્તે ગામ ગઢું જે સાબરમતીને કાંઠે છે, તે પોતાના મોટા સાળાને બક્ષીસ આપ્યું. પછી વાઘેલીજીને તેડીને પાછા ઇડર પધાર્યા. તે ગઢું હાલ સુધી પેથાપુરના તાબામાં છે.

પછી રાવજીને ડુંગરપુરના રાજા સાથે સીમાડાની તકરાર થઇ, ત્યારે તે સીમાડા ઉપર પોતાનું લશ્કર લઇને રાવજી ગયા અને ડુંગરપુરના રાજાને લખી જણાવ્યું કે તમે પધારો તો આ સીમાડાની હદ નક્કી કરીએ. પછી ડુંગરપુરનો રાજા ત્યાં આવ્યો નહીં; ત્યારે રાવજી સવારી સુદ્ધાં ડુંગરપુરમાં સામા ગયા. ત્યારે ડુંગરપુરના રાજાએ

લડાઇનો સામાન તૈયાર કરાવ્યો. રાવજીના મનમાં લડાઈ કરવાનો વિચાર નહતો, તેથી તેઓ ડુંગરપુરના દરવાજા આગળ ગયા. એટલામાં ડુંગરપુરના કોટ ઉપરથી બંદુકો છૂટી. પછી રાવજીએ બહાર મુકામ કરીને ઇડરથી તોપો મંગાવી અને લડાઈ કરવા માંડી; અને બે દિવસ સુધી લડાઈ કરી. છેલ્લી વારે દરવાજો તોડીને ત્રણ દિવસ સુધી ડુંગરપુર લૂટયું અને ડુંગરપુરનો રાજા નાસી ગયો. તેના મહેલ રાવજીએ થોડાક પાડયા.

खग पाखरे कडियाळ खळके, जोरावर जोधे
आज को गरपरां उपर, वहे वीरमदे;
धवे त्र्यंबक नाळ धडहड, सत नारियां सकज्ज,
आवियो पांत्रीश उपर, धीर शूर कमधज्ज;
मार मंडप पाड मेहेलां, लोल कीरत ले,
जीतरा वजडावी जांगी, वळयो वीरमदे. १

અર્થ:—જોરાવર જોધાજીના વંશના એ તલ્વાર અને કડીઓ વાળી પાખરો ખખડાવી અને તે વીરમદેજી, આજ ડુંગરપર ઉપર ચાલે છે; ત્રંબાળુ ધમકે છે, નાળોના ધડાકા થાય છે અને સત્યતા રૂપી રાણીને વાસ્તે પાંત્રીશ ગાઉ ઉપર ધીરજવાળો રાઠોડ બહાદુર આવ્યો. માંડવો તોડીને મહેલ પાડીને ચંચળ કીર્તિ લીધી, અને જિતના ઢોલ વગાડીને વીરમદે પાછો વળ્યો.....................૧.

એ રીતે ડુંગરપર મારીને પાછા આવતાં સામળાજીમાં મુકામ કર્યો. એ લડાઇમાં ચારે ભાઇઓ હતા. તેમાં રાવ વીરમદેજી અને કલ્યાણમલજી એ બન્ને સગા ભાઈ. તેઓનું મોસાળ ઉદેપુરના રાણા પ્રતાપસિંહજીને ઘેર હતું. અને ત્રીજો ભાઇ રાયસંઘજી અને ચોથો ગોપાળમલજી, તે બન્ને પોશીનાના ઠાકોર વાઘેલા રતનસિંહજીના ભાણેજ હતા. સામળાજીને પાદર તે રાયસિંહજી લોટો ભરીને જંગલમાં જતા હતા; ત્યાં ડુંગર ઉપરથી વાઘણુ ઉતરતી તેણે ભાળી અને

તે પોતાના સામી આવી, ત્યારે તેને બીજું કોઈ ઓસાણ આવ્યું નહીં, પણ પોતાના હાથમાં પાણી ભરેલો લોટો હતો, તે વાઘણના કપાળમાં માર્યો, તેથી વાઘણ પડી ગઈ, એટલે તેને કટાર વડે મારી નાંખી અને પાછા મુકામ ઉપર આવ્યા, ત્યારે ચાકરે વાત કરી કે રાયસિંહજીએ લોટાથી વાઘણ મારી.

પછી રાવ વીરમદેજી તે જોવા ગયા. ત્યાં વાઘણને પડેલી દીઠી. તે જોઇને રાવજીએ વિચાર્યું કે આ રાયસિંહજી જીવતો રહેશે તો મને પણ હેરાન કરશે. તેથી રાયસિંહજીને મારવાનો ઠરાવ મનમાં રાખ્યો. પછી તેઓ ઈડરમાં આવ્યા.

એક વરસ વીત્યા પછી દિલ્લીના પાદશાહની ફોજ અમદાવાદમાં હતી તે ઈડરમાં આવી, તે એટલા સારૂ કે રાવજીનો ખજાનો ખાલી હતો, તેથી ખંડણીના રૂપૈઆ મુદતસર ભરી શક્યા નહીં, અને પાદશાહના સરદારોની નજરમાં ઈડરનો મુલક સારો લાગ્યો, માટે તે ખાલસા કરવા સારૂ આપીને દેશ જપ્ત કર્યો અને તમામ ઠેકાણે પોતાનાં થાણાં બેસાર્યાં. ત્યારે રાવજી અઢારસેં ઘોડાં સુદ્ધાં ઈડરમાંથી નીકળ્યા, તે પોળોમાં જઇને રહ્યા અને પાદશાહની ફોજ ભીલોડે જઇને પડી. તેથી રાવજીને ખરચીની તંગાશ પડવાથી સવારોને તથા ઘોડાને લાંઘણો થઈ. ત્યારે વીરમદેવજી ઉદાસ થયા, અને ધાર્યું કે મારે ઘેરથી દેશ ગયો અને કાંઈ રહ્યું નહીં, માટે હવે મારે આત્મઘાત કરવો.

તેઓને શિવની ઉપાસના હતી, માટે ચાકર પાસે લોટો ભરાવીને જંગલમાં જવાને બહાને મુકામ ઉપરથી ચાલ્યા. ત્યારે સાથેના સરદારોએ કહ્યું કે અમે સાથે આવીશું. તેઓને સાથે આવવાની ના પાડી અને પોતે તથા એક ચાકર, બન્ને જણ ચાલ્યા; અને નદીમાં ગયા. ત્યાં સ્નાન કરીને લોટો માંજીને ભરી લીધો. પછી શરણેશ્વર નામે શિવને મંદિર ગયા. ચાકરને મંદિર બહાર ઉભો રાખ્યો. પછી શિવજીને જળ ચડાવીને તલ્વાર ઉઘાડીને પોતાના

કાંધ ઉપર માંડી, અને એવું ધાર્યું કે માથું ઉતારીને શિવને ચડાવું. એવામાં ગેબી શબ્દ થયો કે તું આત્મઘાત કરીશ નહીં. ત્યારે રાવજીએ ધાર્યું કે મને વારે એવું કોઈ આ ઠેકાણે નથી, પણ મારો જીવ ડર પામતો હશે; તેથી ફરીથી કાંધ ઉપર તલ્વાર માંડી; ત્યારે ફરીથી એવો શબ્દ થયો, ત્યારે જાણ્યું કે શિવજી મનાઈ કરે છે. ત્યારે રાવજીએ કહ્યું કે મહારાજ! તમે મને વારો છો, પણ મારો દેશ પાદશાહને શાહજાદે પડાવી લીધો, અને મારી પાસે ખરચી પણ નથી, માટે મારા અઢારસેં ઘોડાને અને અઢારસેં સવારોને હું ખાવાને શું આપું? અને હું શાથી જીવું? એમ કહીને વળી મરવા માંડયું; ત્યારે આદર્શવાણી થઈ કે તારે ખરચી વાસ્તે કાલે મધ્યાહ્ને રૂપૈઆ ભરેલાં બે ઊંટ આવશે અને તારી ફત્તેહ થશે.

એવું સાંભળીને તેઓને વિશ્વાસ આવ્યો, એટલે તલ્વાર મ્યાન કરીને પાછા મુકામ ઉપર આવ્યા અને થોડુંઘણું ખાવાનું હશે તે ખાઇને રાત કાઢી. બીજા દિવસના મધ્યાહ્ન થયા ત્યારે પોતાને મોસાળ ઉદેપુરથી બે લાખ રૂપૈઆની મોહોરો, બે ઊંટ ભરીને મોકલેલી, તે આવી પહોંચી.

તે આવતાં પહેલાં એક ચારણ નામે આલો બુઢણો રાવજીને જાચવા આવેલો. તેણે કહ્યું કે મને લાખ પસાવ આપો. ત્યારે રાવજીએ કહ્યું હતું કે હાલ તો મારી પાસે ખરચી નથી, પણ તમે મારી પાસે રહો અને મારા હાથમાં નાણાં આવશે ત્યારે લાખ પસાવથી અધિક આપીશ. ત્યારે ચારણે સોરઠો કહ્યો:

**સોરઠો**—વીરમદે વનવાસ, કાંસુ કીરતીયાં તણો;
લંકા લીલ વિલાસ, રામ નહીં ધીરયણઉત.

**અર્થ**—એ રણમલના વંશના વીરમદે, વનવાસમાં પણ કીર્તિને વાસ્તે લીલાવિલાસ વાળી લંકા રામે આપી નહોતી કે શું?

પછી તે ઊંટ આવ્યાં એટલે તે તપાસી લઇને રાણાજીના કાગળો વાંચ્યા. તે સમે આલે બુઢાણે લાખ પસાવ માગ્યા, એટલે

તેને તેમાંથી દોઢ લાખ રૂપૈઆની મોહોરો આપી દીધી અને પચાસ હજારની રાવજીએ રાખી અને ચારણને વિદાય કર્યો.

પછી ઘાસ, અન્ન વગેરે રાવજીએ મંગાવ્યાં. પાછી વિચાર્યું કે પાદશાહના શાહજાદાને ફોજ સુદ્ધાં કાઢી શકાય એવું નથી, માટે શી રીતે કરવું.

પછી એક સમે સવારના પોહોરમાં પોતાના ઉટવા નામના ઘોડા ઉપર સામાન મંડાવીને ઘોડો ફેરવવાને બહાને નીકળ્યા. ત્યારે સરદારોએ કહ્યું કે અમે સાથે આવીએ; ત્યારે રાવજીએ ના પાડી અને એક ભરોંસાદાર ચાકરને લઇને નીકળ્યા; અને પોળોના દરવાજા આગળ જઇને ધાર્યું કે હું શાહજાદા પાસે જાઉં અને હરેક ઉપાયથી મરે તો તેને ચૂકથી મારૂં, નહીંતર હું ત્યાં મરી છૂટું. પણ આવું દુઃખ ઝાઝા દહાડા સુધી વેઠવું તે ઠીક નથી.

પછી પોતે ભીલોડે આવ્યા. તે સમે શાહજાદો ભીલોડાને પાદર ભૂલવણી છે તેના ઉપલા માળ ઉપર હવા ખાવા બેઠો હતો. તેના બારણા આગળ જઇને ઉતરી પડીને ઘોડો ચાકરને સોંપીને કહ્યું કે આ ઠેકાણેથી ખસીશ નહીં.

એમ કહીને પોતે ભૂલવણી ઉપર ગયા અને શાહજાદાને મળ્યા. તેણે રાવજીનું સન્માન કર્યું અને ધાર્યું કે વીરમદેજી એકલા આવ્યા છે, માટે ધમકી દઇને પરગણું લખાવી લઇશું. પછી થોડીક વાર વાતો કરીને કાગળ તથા કલમદોત મંગાવીને હાજર રાખ્યાં. તેથી રાવજીના જાણવામાં પણ તે વાત આવી.

પછી રાવજી વિચારવા લાગ્યા કે આ શાહજાદાને મારીને હું શી રીતે જીવતો જઈ શકીશ. એવામાં એક બિલાડી આવી. તે એક કબુતરને પોતાના પગ વચ્ચે પકડીને નીચી જમીન ઉપર રસ્તામાં પડી. તેથી કબુતરના ફેંદા થઈ ગયા અને બિલાડીને કશી ઇજા થઈ નહીં.

તે કૌતુક જોઇને રાવજીએ ધાર્યું કે આ રીતે હું પણ શાહજાદાને પકડીને ભોંય ઉપર પડું તો શાહજાદો મરી જાય અને ઇશ્વિર કરે તો હું જીવતો રહું. અને કદાપિ બન્ને જણા મરશું તોપણ જે થશે તે ખરૂં!

તે સમે રાવજી પાસે ફકત એક નાની કટારી હતી. પછી શાહજાદાને ગળે પકડીને રાવજીએ બારીએથી પડતું મૂક્યું અને પડતાં પડતાં શાહજાદાને કટારીના ત્રણ જખમ કર્યા. તે શાહજાદો નીચે અને વીરમદેજી ઉપર એ રીતે બન્ને જણ ભોંય ઉપર પડયા; તેથી શાહજાદો મરી ગયો અને રાવજી ઘોડા ઉપર સવાર થઇને પોતાના ચાકરને પછવાડે બેસાડી લઇને ઘોડો દોડાવતા પોળોમાં ગયા.

પછી શાહજાદાની ફોજ ઉદાસ થઇને પાછી અમદાવાદ ગઇ અને ઇડરમાંથી પણ થાણું ઉઠી ગયું. પછી રાવજી ઇડરમાં પધાર્યા, પણ પોતાની સવારી લઇને ભીલોડે ગયા, ત્યાં બે પોહોર વાર લડાઇ ચાલી. પછી જમાદાર નીકળી ગયો અને બધો ઇડર જીલ્લો રાવજીએ કબજે કર્યો; અને કેટલાએક દહાડા સુધી રાવજી ભીલોડે રહ્યા.

પછી ત્યાંથી વડાલીએ જવાનો વિચાર કર્યો. ત્યા જતાં વચમાં કઠીઆદરૂં ગામ આવ્યું. ત્યાંના દેશાઇને ઘેર મારવાડના ચારણના છોકરા બે દુકાળને લીધે આવેલા, તે દેશાઇએ રાખેલા હતા. તે દેશાઇનો કૂવો અવાડાબંધ રસ્તા ઉપર હતો. તેનો કોસ એક ચારણનો છોકરો હાંકતો હતો અને બીજો છોકરો તેને વાસ્તે ભાત લઇ જતો હતો. એવામાં રાવજીની સવારી આવતી જોઇને ભાત લઇ જનાર છોકરો વાડ તરફ દબાઇને ઉભો હતો, તે વાડના થડમાં બેસી ગયો. તેને રાવજીએ પૂછ્યું કે તું કોણ છે અને શા વાસ્તે વડના થડમાં બેઠો છે? ત્યારે તે છોકરે કહ્યું કે મેં સાંભળ્યું છે કે 'વીરમદેજી વાડમાં વરસે છે'. માટે હું જોઉં છું કે આ ઠેકાણે ક્યાં વરસો છો?

એવું સાંભળીને રાવજીએ પોતાના હાથમાંથી જડાવ કડાં કાઢીને વાડમાં નાંખ્યાં અને કહ્યું: 'જોઇ લે તને કાંઇક જડશે.' પછી તે છોકરે કડાં ઉપાડી લીધાં અને રાવજીનાં વખાણ કર્યાં. અને ત્યાંથી આગળ પેલા કુવા પાસે ગયા અને ઘોડાને પાણી પાવા માંડયું.

પછી પેલા કોસ હાંકનાર છોકરાએ રાવજીને ઓળખીને સલામ કરી, ત્યારે રાવજીએ પૂછ્યું કે આ કૂવો તારો છે? છોકરો જાતે કવિયો ચારણ હતો. તેણે કહ્યું કે 'કવિઓને કૂવા કેથે?' મતલબ કે કવિયોને કૂવા કયાંથી હોય? કૂવો તો દેશાઇનો છે. તે જ વખતે રાવજીએ તે કુવો તે છોકરાને બક્ષીસ કર્યો, તેના વંશના હાલ સુધી તે કૂવાની ઉપજ ખાય છે.

પછી રાવજી વડાલીએ આવ્યા અને પોતાના ભાઇ રાયસિંહજી પણ સાથે હતા. ત્યાં ઘણાએક દિવસ રહીને ઇડરમાં પધાર્યા.

એવામાં રાયસિંહજીએ કવિઓને ધન આપી દેવા માંડયું તથા જબરા મેવાસા ઉપર ચડાઇઓ કરવા માંડી. તેથી વીરમદેજીને અંદેશો આવ્યો કે રખેને આ ભાઇ જોરાવર થઇ પડે નહીં, તેથી તેને ચૂકથી મારવાનો વિચાર કરતા હતા, પણ તે દાવમાં આવતો નહોતો.

પછી રાયસિંહજીએ જૂદો પટો માગ્યો, ત્યારે રાવજીએ કહ્યું કે કારભારીઓને પૂછીને જવાબ દઇશું. પછી કારભારીની સલાહ લઇને પરગણામાં જૂદે જૂદે ઠેકાણે જીવાઇનાં ગામો આપવા માંડયાં, ત્યારે રાયસિંહજીએ કહ્યું કે જૂદે જૂદે ઠેકાણે તો હું લઇશ નહીં, મને તો એક તાલુકાનાં ગામો આપો.

એવામાં પોશીનો તાલુકો વાઘેલા રતનસિંહજીના તાબામાં હતો તેની પાસે બસેં ઘોડા હતા. તે રતનસહિંજી રાયસિંહજીનો મામો થતો હતો. તે મામાભાણેજને ઘણો સ્નેહ હતો અને રાયસિંહજીની બ્હેન જેપુરના રાજાને પરણાવી હતી અને વીરમદેજીની પટરાણી ચંદ્રાવતજી હતાં. તેઓની સાથે પણ રાયસિંહજીને સંપૂર્ણ હેત હતું. વળી રાય-

સિંહજીના તાબામાં ૧૫૦ ઘોડાં રહેતાં હતાં, તેથી રાયસિંહજીએ જબરાઇથી વડાલી પરગણું ૮૪ ગામનું દબાવી બેઠા, તથા ઇડરથી ઉત્તરાદાં ખડક વગેરે ગામોમાં પોતાનો અમલ જમાવવાનો તેણે વિચાર કર્યો ને પોતાના મામાના સવારોને પણ પોતાની પાસે રાખ્યા; અને બીજા સિરબંધી પણ રાખ્યા. ત્યારે વીરમદેજીએ વિચાર્યું કે લડાઇથી તો રાયસિંહજીને જિતાય નહીં; પણ કોઈ દાવપેચથી મારૂં.

પછી રાવજી પોતે વડાલીએ રાયસિંહજીને મળવા ગયા અને કહ્યું કે શા માટે સિરબંધી વગેરેનું ફોકટ ખર્ચ કરો છો? અને તમે ઇડરમાં રહીને વડાલી પરગણું માગ્યું હોત તો હું કયાં ના કહેતો હતો, ઇત્યાદિ ઘણાં વચનો કહ્યાં તથા દિલાસો આપ્યો અને રાવજી ૧૦ દિવસ વડાલીમાં રહ્યા. પછી તેઓએ રાયસિંહજીને કહ્યું કે ભાઇ! તમે ઇડરમાં ચાલો અને તમારી મરજીમાં આવે તેટલા દિવસ ત્યાં રહેજો. ત્યારે રાયસિંહજીએ કહ્યું કે હાલ મારે અહીં કામ છે અને ઇડર આવવાની ફુરસદ નથી.

પછી રાવજી ત્યાંથી નીકળ્યા ત્યારે રાયસિંહજી ઇડરના દરવાજા સુધી વળાવા આવ્યા, પણ તે ઇડરમાં પેઠા નહીં, કેમકે તે રાવજીનો વિશ્વાસ રાખતા નહોતા.

રાયસિંહજીએ વડાલી પાસે સમળેસર નામનું તળાવ છે ત્યાં સારો બાગ અને જગા બનાવી.

**દોહરા**—વડાલીરી વાડિયાં, સમળેસરને તીર;
રમતો આવે રાયસંઘ, વીરમદેરો વીર.

રાવજીએ ઘણી તદબીરો કરી, પણ રાયસિંહજી દાવમાં આવ્યા નહીં; ત્યારે પોતે મંદવાડનું બ્હાનું કાઢયું. તે એવી રીતે કે ફક્ત એક પોતાનો ખવાસ અને એક ચાકર જાણે, બીજા કોઇને ખબર પડે નહીં. એવી રીતે મંદવાડને ઢોલીએ પોઢયા. અને રાયસિંહજીની બ્હેન જેપુર પરણ્યાં હતાં, તે બહેન એ વખતે ઇડરમાં હતાં, પણ તે

બ્હેનને કે કોઈ રાણીને પણ સાચી ખબર પડવા દીધી નહીં અને પરગણામાં એ મંદવાડની વાત ફેલાઈ; તેથી સગાંવહાલાં, દેશાઇ પટેલો વગેરે આરામ પૂછવા આવ્યા.

પછી રાવજીએ રાયસિંહજીને લખ્યું કે મને ઘણો મંદવાડ છે, તેથી પરમેશ્વર ઉગારશે તો હું ઉગરીશ એવું છે. માટે તમે આવો તો રાજની તમને સુપરત કરવી છે.

એ પત્ર વાંચીને રાયસિંહજીએ પોતાની બ્હેન ઉપર તથા રાણી ચંદ્રાવતજી ઉપર કાગળ લખ્યો, જે રાવજીને મંદવાડ છે તે વાત ખરી છે કે ખોટી છે? ત્યારે તેઓએ પણ જવાબ લખ્યો જે રાવજીને માસ દોઢ થયાં ઘણો મંદવાડ છે.

પછી તેઓના ઉપર ભરૂંસો રાખીને રાયસિંહજી ઈડર આવ્યા અને પોતાના સરદારો સુદ્ધાં દોઢીએ જઇને કહેવરાવ્યું કે હુકમ હોય તો આપને આરામ પૂછવા આવું.

પછી રાવજીએ એક નાનો કટાર મગાવીને ઉઘાડો કરીને પોતાની પાસે છાનોમાનો રાખ્યો. અને કહ્યું કે એકલા રાયસિંહજીને બોલાવો; કેમકે ઝાઝાં માણસોથી મને ગભરામણ થાય છે.

પછી રાયસિંહજી એક ત્યાં ગયા, ત્યારે રાવજી તેઓને મળવા ઉઠ્યા એટલે રાયસિંહજીએ ખામુખા કહીને પોતાનો હાથ આપ્યો. તે હાથ ઝાલીને રાવજી ઉઠયા, પછી એક હાથ ગળામાં ઘાલીને મળ્યા અને બીજે હાથે પેલી કટારીના ચારપાંચ ઘા રાયસિંહજીના કાળજામાં માર્યા, તેથી રાયસિંહજી પડી ગયા અને પેટ ફૂટી ગયું અને આંતરડાં બહાર નીકળી પડયાં. તે જ વખતે જીવ નીકળી ગયો.

પછી જનાનખાનામાં સહુએ જાણ્યું કે રાયસિંહજીને માર્યા ત્યારે રાયસિંહજીની બ્હેનને ઘણો ગુસ્સો ચઢયો અને તેણે જાણ્યું કે વીરમદેને મારૂં, પણ તે બાઈનો કાંઈ ઉપાય ચાલ્યો નહીં.

પછી સરદારોએ આવીને રાયસિંહજીની વૈકુંઠી એટલે ઠાઠડી બહાર કાઢીને વડાલીએ લઈ જઇને સમળેશ્વરની પાળ ઉપર અગ્નિદાહ કર્યો.

પછી વડાલીએથી હલકારા મોકલીને પોશીનાના ઠાકોર રતન-સિંહજીને એ વાતની ખબર આપી. ત્યારે તે ઠાકોર બોલ્યા કે મારા ભાણેજને દગો કરીને માર્યો છે માટે કોઈ સમે હું વીરમદેજીનો દેશ ઉજ્જડ કરૂં નહીં, તો મારૂં નામ રતનસિંહજી નહીં.

પછી તેણે રાયસિંહજીના ઘોડા, માણસો વગેરે તમામ સામાન પોશીને મગાવી લીધો. પછી તે માણસો તથા પોતાની સરબંધી લઇને રતનસિંહજીએ બહાર નીકળીને જઇને ડુંગરોમાં મુકામ કર્યો. અને પોતાના કબીલાને પણ ત્યાં બોલાવી લીધો.

પછી બહારવટું કરવા માંડયું, ત્યારે વીરમદેજીએ પોતાની તરફથી સારાં સારાં માણસોને ત્યાં રતનસિંહજીને સમજાવવા મોકલ્યાં. પણ રતનસિંહનો ગુસ્સો ઉતર્યો નહીં અને તેણે કશી વાત માની નહીં; તેથી તે માણસો પાછાં ઇડરમાં આવ્યાં.

પછી તે રતનસિંહ વાઘેલે ઇડરના ખાલસાનું રોજ એક ગામ મારવા માંડયું. એવું એક મહીના સુધી ચાલ્યું ત્યારે દેશમાં ગભરાટ ઉઠયો.

પછી રાવજીએ ઇડરથી બહાર પોતાની સવારીનો પડાવ કર્યો પછી પોશીના પરગણામાં જઇને વાઘેલા રતનસિંહજીને બોલાવવા સારૂ સારા માણસોને મોકલ્યા, પણ તેઓ આવ્યા નહીં. ત્યારે રાવ-જીએ કહાવ્યું કે તમે કહો તેવી ખાતરી આપું, પણ તમે મળવા આવો. ત્યારે રતનસિંહજીએ કહ્યું કે આરાસુરી અંબાજીના દેવળમાં તમે આવો, તો ત્યાં હું આવીશ; બીજા કોઇનો મને ભરોંસો નથી.

પછી રાવજી અંબાજીએ ગયા અને રતનસિંહ વાઘેલો પણ ત્યાં ગયો અને તેણે અંબાજીના ડુંગરમાં વેગળે મુકામ નાંખ્યો. પછી તેણે

રાવજી તરફ અરજી લખી મોકલી જે રાયસિંહજીની રાણીઓને જીવકનાં ગામ આપવાનો બંદોબસ્ત કરો. પછી રાવજીએ તેના કહ્યા પ્રમાણે તે રાણીઓને જીવકનાં ગામોનો પટો કરી આપ્યો.

પછી રતનસિંહને વિશ્વાસ આવ્યો, તેથી તે અંબાજીના દેવળમાં આવ્યા અને ત્યાં પંદર દહાડા સુધી રહ્યા. ત્યાં રાવજીએ રતનસિંહ ઉપર ઘણું હેત દેખાડ્યું અને ઇડરનું પ્રધાનપણું તેને આપવાનો શિરપાવ આપવા માંડયો. ત્યારે રતનસિંહજીએ કહ્યું કે એ શિરપાવ તો ઇડર જઇને લઇશ. પછી રાવજીએ જઇને કહ્યું કે કાલે ઇડર તરફ કૂચ કરશું. ત્યારે રતનસિંહે કહ્યું કે પકા જમાન તથા બાંહેધરી આપો તો હું ઇડર આવું. ત્યારે રાવજીએ કહ્યું કે તમે કહો તેવા જમાન આપું. ત્યારે રતનસિંહે કહ્યું કે માતા અંબાજીના સોગન ખાઇને માતાજી જમાન આપો.

પછી બીજે દહાડે તે બન્ને જણ માતાના દેવળમાં પેઠા અને રાવજીએ સોગન ખાધા કે આજ પછી તમને કશો દગો કરૂં તો શ્રી અંબાજીના જમાન છે. તેનો અર્થ રાવજીએ પોતાના મનમાં એવો ગોઠવ્યો કે આજના દહાડા પછી દગો કરૂં નહીં.

પછી બન્ને જણા તે દેવળ જોવા લાગ્યા. તે વખત રતનસિંહજીની નજરચૂક થઈ એટલે રાવજી પાસે કટારી હતી તે કાઢીને રાવજીએ રતનસિંહના પેટમાં તથા છાતીમાં ઘા માર્યા. એટલે રતનસિંહ ભોંય પડયા અને તરત જીવ નીકળી ગયો.

પછી રાવજી પોતાના મુકામની મેડી ઉપર જતા રહ્યા અને રતનસિંહના સિરબંધીઓને કહેવરાવ્યું કે મેં રતનસિંહજીને તો મારી નાંખ્યા, માટે હવે તમે પોશીને જાઓ, નહિ તો હું પોશીના મારીશ.

પછી તે સિરબંધીઓ રતનસિંહની લાશ લઇને પોશીને ગયા અને રાવજી ત્યાંથી નીકળીને ધનાળીને રસ્તે થઇને ઇડર ગયા.

રતનસિંહને માર્યાનું ગીત. મોજે વીવાવના ધાંધણીયા દેવાણંદ ચારણે કરેલું છે, તેનો ફક્ત એક દુહો નીચે આપ્યો છે.

**महाराव रतन बोलाके मारत, खत्रि मलेसह काज खत;**
**देवळ सोहत भमत वीरमदे, भीम तणा हाथीया भत.**

**અર્થ:**—મોટા રાવજીએ રતનને બોલાવીને માર્યો, તે કામને ક્ષત્રિઓ ભેળા મળીને ખત્તા આપે છે. અને ભીમના અજ્ઞાની હાથીની પેઠે વીરમદે દેવળમાં ભમતા હતા, તેથી દેવળ શોભતું હતું.

પછી ઈડર આવીને રાવજીએ વડાલી પરગણું કબજે કર્યું. પેલા ચારણે ગીતામાં રાવજીને ઠપકો દીધો હતો, તેથી રાવજીને ગુસ્સો ચડયો હતો કે આ ચારણ વિના મને કોઈ બીજો આવો ઠપકો દઈ શકે નહીં માટે ધાર્યું કે ફરીથી એ ચારણ મારા ભેગો થાય તો તેને મારી નાંખું.

પછી એક સમે રાવજી વડાલીએ પધારેલા હતા, અને તે ચારણ પણ ત્યાં જઈ ચડયો. તે જાણીને રાવજીએ પોતાના ઘોડા ઉપર સામાન મંડાવ્યો અને કહ્યું કે દેવાણંદ ચારણને મારે મારવા જવું છે. તે વાત પેલા ચારણને કોઇએ જઇને કહી. તેથી તે ચારણ વીયાવ તરફ નાઠો. પછી વડાલીથી અધ ગાઉ ઉપર રાવજી તેની કેડે જઈ પહોંચ્યા, અને કહ્યું કે તું મારૂં વાંકું બોલીને નાસી જાય છે, માટે હું તને જીવતો મૂકનાર નથી. ત્યારે ચારણે કહ્યું કે આપ મને શું મારશો, હું તો આપના મારવા પહેલો મરીશ. એમ કહીને પોતાની પાસે છરો હતો તે પોતાને ગળે ઘાલવા માંડયો, ત્યારે રાવજી-એ કહ્યું કે તું મરે તો તને મારા સોગન છે. હું તો તારી પરીક્ષા જોતો હતો કે જોઇએ તારી હિમ્મત કેવી છે? અને તું વાઘેલા રતનસિંહના પક્ષનો છું, પણ મારે તને મારવો નથી.

એમ કહીને રાવજી ઘોડા ઉપરથી ઉતર્યા અને ચારણને પાસે બોલાવ્યો. પછી તેને પોતાનો ઘોડો તથા નક્કર સોનાનાં કડાં તથા બીજો પોશાક પોતાના અંગનો ઉતારીને બક્ષીસ કર્યો અને રાવજી પાછા વડાલીએ પધાર્યા, અને થોડા દિવસ ત્યાં રહીને પાછા ઈડરમાં પધાર્યા.

પછી વિચાર કર્યો કે મને ગોત્રહત્યા લાગી, માટે ક્યાંઇની યાત્રા કરીને પાપ ધોઉં. પછી નર્મદાની જાત્રા કરવા નીકળ્યા અને નર્મદા કાંઠે ઓંકારનાથ નજદિક ગયા. ત્યાં ડુંગરપરાના રાજાને વાંસદાના રાજા સાથે વેર હતું, માટે તે પાદશાહની ફોજ લઇને વાંસદા ઉપર જતો હતો. તેણે જાણ્યું કે વીરમદેજીએ મારૂં ડુંગરપર માર્યું હતું માટે આ ઠેકાણે લડાઈ કરીને વીરમદેજીને મારૂં. એવું ધારીને રાવજી સાથે લડાઈ એક આખો દિવસ કરી. તેથી આશરે ૧૦૦ માણસો ડુંગરપરનાં અને પાદશાહની ફોજનાં મળીને મરાયાં અને વીરમદેજીનાં ૧૫ મૂઆં, અને વીરમદેજીની જિત થઈ.

પછી તેઓએ ઓંકારેશ્વર જઇને હજાર ગાયોનાં દાન કર્યાં, તથા બીજું પણ ઘણું પુણ્ય કર્યું. પછી પાછા ઇડર પધાર્યા.

પછી કેટલાએક દિવસ ગયા કેડે પોતાના કબીલા સુદ્ધાં દ્વારકાંની જાત્રા કરવા સારૂ ગયા. ત્યાં ગોમતીમાં ન્હાઇને ૧૨૦૦ ગૌદાન કર્યાં, અને બ્રાહ્મણોની ચોરાશી જમાડી, દક્ષિણા આપી અને ત્યાં સદાવ્રત બાંધ્યું. પછી છ દિવસ ત્યાં રહીને પછી પાછા આવતાં હળવદને પાદર તળાવ ઉપર મુકામ કર્યો અને તળાવની રચના જોવા લાગ્યા. તે તળાવની પાળે ચણાવેલી છત્રીઓ જોઇને રાવજીએ કોઇને પૂછ્યું કે આ હળવદના રાજાનાં સ્મશાન હશે?

તે સમે હળવદના રાજાનો ગોર રાવજીને મળવા આવ્યો હતો. તેણે હાથ જોડીને કહ્યું કે આ રાજાજીનાં સ્મશાન નથી, પણ અહીંના મોચીઓનાં સ્મશાન છે. તે મોચી મરે છે ત્યારે મોચણ સતી થાય છે. તે ઉપર તેના વંશના હોય તે છત્રી ચણાવે છે. તેઓની આ છત્રીઓ છે. ત્યારે રાવજીએ પૂછ્યું કે રાજનાં સ્મશાન કયે ઠેકાણે છે? તેઓની ક્યાંય છત્રીઓ જણાતી નથી. ત્યારે ગોરે કહ્યું કે આજ સુધીમાં અહીંની કોઈ રાણી તો સતી થઇ નથી અને રાજાનાં સ્મશાન તો સામી પાળે છે. ત્યારે રાવજીએ કહ્યું કે હળવદનો રાજા કોઈ રજપુત રાણીને પરણ્યો નહીં હોય. નહીં તો રજપુતાણી સતી થયા

વિના રહે નહીં. ત્યારે પેલે ગોરે કહ્યું કે રાજા પરણે છે તો રજપુતાણીઓને જ. વળી તેઓને સત ચડાવવા વાસ્તે રાજાએ એક ઉપાય કર્યો હતો. તે એવો કે મોચીઓનાં ઘર હતાં તે ઠેકાણે પોતાનો મહેલ ચણાવ્યો. તો પણ કોઈ રાણીને સત ચઢતું નથી; અને મોચણોને ચઢે છે.

પછી ગોરે બન્ને રાજાઓનો મેળાપ કરાવ્યો, ત્યારે રાવજીએ પોતાની બહેનનું સગપણ હળવદના રાજ વેરે કરાવ્યું અને કહ્યું કે હવે જોજો કે મારી બહેન સતી થાય છે કે નહીં!

પછી રાવજી ઈડર પધાર્યા અને લગ્ન જોવરાવીને પોતાની બહેનને પરણાવ્યાં. અને કેટલાંએક વર્ષે પછી હળવદના રાજ ગુજરી ગયા, ત્યારે વીરમદેજીની બહેન સતી થયાં. તેને સત તો આવ્યું નહોતું, પણ વીરમદેજીનું વચન સાચું પાડવા સારૂ બળી મૂઆં.

વીરમદેજીએ કેટલાએક દિવસ જતાં કાશીએ જવાનો વિચાર કર્યો અને પોતાના સરદારો સુદ્ધાં સવારી લઇને નીકળ્યા અને રસ્તામાં સરવણ મુકામ કર્યો. ત્યાં પોતાના પૂર્વજોની કરાવેલી મહોલાત હતી, ત્યાં પાંચસાત દહાડા રહીને પોતાના ખડગ પરગણાનો બંદોબસ્ત કરીને ત્યાંથી નીકળ્યા.

પછી ઉદયપુર ગયા. ત્યાંનો રાણો રાવનો મામો થાય, માટે તે સવારી લઇને સામા આવ્યા. ઉદયપુરમાં ત્રણચાર દિવસ સુધી રહ્યા. પછી એક દિવસે જગમંદિરો જોવા સારૂ તે બન્ને રાજાઓ નીકળ્યા અને પીછુલા તળાવની પાળ ઉપર આવ્યા. ત્યાં ઉદયપુરની સ્ત્રીઓ પાણી ભરતી હતી તથા કોઈ ગાનતાન કરતાં હતાં, તે જોઇને ઘણા ખુશી થયા, અને રાવજીએ કહ્યું કે આવી શોભા થોડે જ ઠેકાણે છે.

પછી બન્ને રાજા એક નાવમાં બેઠા અને બીજાં પણ બે ચાર નાવ તૈયાર કરાવેલાં હતાં તેમાં બીજા સરદારો બેઠા. પછી તે તળાવ વચ્ચે મહેલાત છે, તેને જંગમંદિર કહે છે, તે જોવા સારૂ તે તરફ નાવ

ચલાવ્યાં. એવામાં સિંચાણા પક્ષીએ ઉડતાં ઉડતાં આવીને તળાવમાં ચોટ કરીને માછલું પકડ્યું. તે જોઇને રાવજી વગેરે બધા સરદારો અચરજ પામીને ખુશી થયા.

પણ તે સમે રાણાજીની નજર તે તરફ નહોતી. માટે તેઓએ રાવજીને પૂછ્યું જે કયે ઠેકાણેથી માછલું પકડ્યું? ત્યારે વીરમદેજીએ પોતાના હાથમાં રૂ. ૨૫,૦૦૦) ની કીમતનાં જડાવનાં બે કડાં હતાં તેમાંથી એક કાઢીને કહ્યું કે આ ઠેકાણેથી માછલું પકડ્યું. આમ કહીને તે કડું તળાવમાં નાંખ્યું. ત્યારે રાણાજીએ પૂછ્યું કે તમે કડું કયે ઠેકાણે નાંખ્યું? એટલે રાવજીએ બીજું કડું નાખીને કહ્યું કે આ ઠેકાણે નાંખ્યું. તે જોઇને રાણાજી તથા બધા સરદારો અચરજ પામ્યા અને રાણાજીએ કહ્યું કે એવાં કીમતી કડાં તમે નાંખી દીધાં; પણ એ ઠેકાણે પાણી બહુ ઊંડું છે, માટે તે કડાં હાથ આવશે નહીં.

ત્યારે રાવજીએ કહ્યું કે તે કડાં પાછાં લેવા સારૂ મેં નાંખ્યાં જ નથી. એ તો સિંચાણાની ચોટ જોઇને હું ઘણો ખુશી થયો, માટે પચીસ હજારની કીંમતનાં કડાં મેં સિંચાણાને રીઝમાં આપ્યાં છે. નીતિમાં કહ્યું છે રાજાનો જીવ રીઝે ત્યારે તે ઠેકાણે રાજાએ જરૂર રીઝ આપવી જોઇએ; માટે મેં કડાં આપ્યાં.

પછી તે મહેલમાં જઇને ગાનતાન કરાવ્યું. પછી બીજે દહાડે દાણપાણીનું કરીને કસુંબો પીને બન્ને રાજા મોટી સભા ભરીને બેઠા. તે સમે મોજે પાણેરના બોદા ચારણ, તે રાણાજીના પોળ-બારોટ એટલે દસુંદી હતા. તેઓએ આવીને વીરમદેજીનાં વખાણ કર્યાં અને સારી કવિતા કહી. ત્યારે રાવજીએ તેને લાખ પસાવ આપ્યો; અને બીજા કવિઓને પણ હજારો રૂપૈઆ વહેંચી આપ્યા. એ રીતે ઉદયપુરમાં આશરે એક મહિના સુધી રહ્યા.

પછી ગંગાજીએ ગયા. ત્યાંના પોતાના ગોરને એક હાથી આપ્યો, તથા રૂ. ૬૦૦ નું વર્ષાસન કરી આપ્યું. અને તે સિવાય હજારો રૂપૈઆનું દાનપુણ્ય કર્યું.

પછી ત્યાંથી નીકળ્યા અને જેપુર તરફ આવ્યાં. ત્યાં રાયસિંહજીની બહેન હતાં અને તેનો કુંવર સાત વર્ષનો ગાદીએ હતો. તેથી બાઇ વહીવટ ચલાવતાં હતાં. તેણે એવું ધાર્યું કે વીરમદેજીએ મારા ભાઇને માર્યો, માટે તેઓને અહીં તેડાવીને દગાથી મારૂં. પછી તેણે રાવજીને ત્યાં તેડાવવાનો પત્ર લખ્યો અને માણસ મોકલ્યાં અને કહેવરાવ્યું કે, ભાઈ! મને મળ્યા વિના પરભાર્યું ઉદયપુર પધારવું નહીં.

પણ રાવજીને ત્યાં જવાનો ભરોંસો પડતો નહોતો. પછી જેપુર પંદર ગાઉ પર રહ્યું ત્યારે બાઇએ જાણ્યું કે તેઓ પરભાર્યા ઈડર જશે, તેથી જેપુરના મુખ્ય કારભારીને તથા બીજાં સારાં માણસોને રાવજીના સામા મોકલ્યાં. પછી તેઓએ ઘણી મનુવાર કરી, પણ રાવજીએ જેપુર જવાની મરજી જણાવી નહીં, અને કહ્યું કે મારે જરૂરના કામ સારૂ દિલ્હીએ પાદશાહની હજુરમાં જવું છે, માટે ત્યાંથી વળતાં જેપુર આવીશું.

એવો જવાબ બાઇને પણ લખી મોકલ્યો. ત્યારે બાઇએ જાણ્યું કે રાવજી અહીં આવશે નહીં, માટે હું રાયસિંહજીનું વેર શી રીતે વાળી શકીશ? પછી પોતાના કુંવરને સામા મોકલ્યા. ત્યારે રાવજીએ જાણ્યું કે હવે ગયા વિના છૂટકો નથી; અને હું આ ભાણેજની સાથે જ ખાવાપીવાનું કરીશ, તેથી મને શી રીતે દગો કરશે?

પછી રાવજી જેપુર પધાર્યા અને ત્યાં સાવચેતીથી રહેતા હતા. તેથી દગો કરવાનો જોગ બાઇને મળ્યો નહીં. એક મહીના સુધી રહીને રાવજીએ રજા માગી, ત્યારે બાઇએ પોતાની મતલબ પાર પાડવા સારૂ વધારે દિવસ રાખવાની તાણ કરવા માંડી.

પછી રાવજીએ ત્યાંના ભાટચારણોને એક લાખ રૂપૈઆ વહેંચ્યા અને તે બાઇને તથા કુંવરને ભારે શિરપાવ આપ્યો. બાઇએ તથા કુંવરજીએ રાવજીને શિરપાવ આપ્યો. તેમાં જે વાગો આપ્યો તે વાગામાં ઝેર ચોપડયું હતું. તે ઝેર એવું હતું કે શરીરે અડતાં જ તે પહેરનારો મરી જાય.

રાવજીએ તે પોશાક તે વખતે પહેર્યો નહીં, પણ ગાંઠડી બંધાવીને ઊંટ ઉપર મૂકાવી. પછી ત્યાંથી નીકળ્યા તે કાંકરોલીએ આવ્યા. ત્યાં શ્રીનાથજીનું નવું ધામ તે વખતે બંધાતું હતું. ત્યાં રાવજીને દિલ્હીએથી પાદશાહનું તેડું આવ્યું; ત્યારે પોતાના જનાનાને તથા બીજો સામાન ઇડર તરફ રવાના કર્યો. પછી પોતે છડી સવારીથી દિલ્હીએ પધાર્યા. પણ લડાઈનો સામાન સાથે રાખ્યો હતો અને ઇડરથી વધારે મંગાવ્યો હતો.

દિલ્હીમાં એક બે દિવસ રહ્યા પછી પાદશાહે હજુરમાં બોલાવ્યા અને પછી હુકમ કર્યો કે અટક જવું છે; માટે તમારો લડાઈનો સામાન લઇને ત્યાં જાઓ. ત્યારે રાવજીએ કહ્યું કે આપના હુકમ પ્રમાણે કરીશ, પણ મને ઘર મૂક્યાને એક વર્ષ થયું છે, માટે મારે ઘેર જવાની એક વર્ષની મને રજા મળવી જોઇએ. પછી આવીને હાજર થઇશ.

ત્યારે પાદશાહે વર્ષ એકની રજા આપી. એટલે રાવજી પોતાના મુકામ આગળ આવ્યા. તે સમયે સૂરતનો એક મહા પંડિત રાજ-બ્રાહ્મણ હતો. તેણે રાવજી પાસે આવીને રાવજીની કવિતા કહી. તેથી રાવજી ઘણા ખુશી થયા. તે બ્રાહ્મણ પાદશાહની કવિતા પણ કરતો હતો, તેથી તેને પાદશાહે માન આપેલું હતું, તેથી રાવજીએ તેને એક લાખ અને સત્તાવીશ હજાર રૂપૈઆનો શિરપાવ બક્ષીસ આપ્યો. તેણે રાવજીની ઘણી તારીફ કરીને કહ્યું કે આપ જેવા રાજા આજ હિન્દુસ્તાનમાં થોડા છે.

પછી તે કવિએ પાદશાહની આગળ પણ રાવજીનાં વખાણ કર્યાં. પછી પાદશાહની ફૂર્મે રાવજીને રાખડી બાંધીને ભાઈ કરીને બોલાવ્યા; તેથી રાવજીએ તેને કપડાં અને જરીઆન વીરપસલીનાં કરીને આપ્યાં, અને ફૂર્મોએ વીરમદેજીને શિરપાવ આપ્યો; તથા પાદશાહે હાથી વગેરેનો શિરપાવ આપ્યો, અને રાવજી ઉપર પાદશાહ ઘણા ખુશી થયા અને પ્રથમ રાવ નારણદાસજીનો મેળાપ પાદશાહને

થયેલો ત્યારે તેઓનું શરીર પાતળું જોઇને પાદશાહે કહેલું જે અચ્છા, દુબળિયા રાવજી! તુમારા ચાર બેટા હે, સો ચારે આભકા થંભ જેસા હોયગા. એ વાત સંભારીને પાદશાહે વીરમદેજીનાં વખાણ કર્યાં.

પછી રાવજી ઇડર તરફ પધાર્યાં. ત્યાં આવતાં ભીલોડે મુકામ કર્યો અને પોતાના પધારવાની ખબર ઇડરમાં કરી; તેથી લોકોને ઘણો આનંદ થયો.

પછી રાવજીએ કહ્યું કે જેપુરથી આવેલો પોશાક લાવો. કાલે ઇડરમાં જવું છે, માટે આજ તો તે પોશાક ધરશું. ખવાસે તે પોશાક હાજર કર્યો, એટલે રાવજીએ પહેર્યો; તેથી તેમાંનું ઝેર શરીરે ચઢી ગયું અને ચાર ઘડીમાં દેહ છૂટી ગયો.

તેથી મહા હાહાકાર થયો અને એ વાતની ઇડરમાં ખબર મોકલી અને ભીલોડાની મગરી (ડુંગરી) ઉપર રાવજીને અગ્નિસંસ્કાર કર્યો. પછી ત્યાં છત્રી કરાવી, તે હાલ સુધી છે.

રાણી ચંદ્રાવતજી તથા રાણી વાઘેલીજી વગેરે રાવજીનો પાઘ લઇને ઇડરમાં સાત સતીઓ થઈ. પછી વીરમદેજીના ભાઇ કલ્યાણમલજી ગાદીએ બેઠા.

## ઇતિશ્રી વીરમદેજીનું ચરિત્ર સંપૂર્ણ.

# પ્રકરણ ૭ મું

## રાવ પૂંજોજી અને ઈડર

વીરમદેજીની ગાદીએ બેસવાનો હક્ક ભાઈ ગોપાળદાસજીનો હતો; પણ સરદારોએ મળીને કલ્યાણમલજીને બેસાર્યા. ત્યારે ગોપાળદાસજી જઈને પાદશાહની ફોજ લાવ્યા. તે આવતાં મીઔડ માંડવે લાલમીયાં સાથે લડાઈ થવાથી ત્યાં કામ આવ્યા. તે ગોપાળદાસજીના વંશના વોળોસણામાં છે.

પાંચમા ભાઈ શામળદાસજીના વંશના ભોટાળી પાસે વસાઈ ગામમાં છે. છઠ્ઠા ભાઈ કેશવદાસજીના વંશના મોજે સાખળવાડમાં છે. સાતમા ભાઈ રતનસિંહજીનો વંશ નથી.

કલ્યાણમલજીની રાણી વિનયાવંતી ઉદયપુરનાં અને માણવંતી ભૂજનાં હતાં. તેઓ બ્રહ્માની ખેડમાં દર પૂનમે બ્રહ્માજીનાં દર્શને જતાં હતાં. ત્યાં મોટો મેળો ભરાતો હતો. એ રાણીઓનું રૂપ જોવા સારૂ તરસંગમાનો રાણો વાઘ બ્રાહ્મણને વેશે દેશમાં ગયો. તેણે દક્ષિણા લેતાં આનાકાની કરી. તેથી જાહેર થયું. પછી તેને ઈડરમાં કેદ કર્યો, ત્યાં જતો ગુજર્યો. પછી રાવે તરસંગમો લીધો. છેવટે ૬૦ ગામો સુધાં તરસંગમો રાણા વાઘના કુંવર જેતમાલજીને પાછો આપ્યો અને ૩૦૦ ગામો ઈડર ખાલસા કર્યાં.

રાવ કલ્યાણમલજી પછી રાવ જગનાથજી થયો. એ વખતમાં ઈડરની જમેબંધી દિલ્હીની વતી અમદાવાદમાં ચૂકતી હતી; અને વડોદરાનો વૈતાળ ભાટ હામી ભરતો હતો; તેનું લેણું ઈડરના રાવ પાસે ઘણું થયું ત્યારે તે લેણું ખોટું કરવા સારૂ વૈતાળ ભાટને ઉતારે એક દાસીને મોકલીને તેને માથે વ્યભિચારનો બુટ્ટો મૂકીને તેને કાઢયો. તે બારોટ વડોદરે જઈને પછી દિલ્લીએ પાદશાહ પાસે ગયો

અને સોનાના થાળમાં પાણી ભરીને, આંબાનું પાંદડું તથા શેલડીનો કડકો તથા ખાખરાના પાંદડામાં ખીસકોલી બનાવીને, તેના મોંઢામાં સાકરનો કડકો આપીને તે થાળી નજરાણામાં લઈ ગયો.

ત્યારે પાદશાહે પૂછ્યું કે આનો ભેદ શો છે? ત્યારે તેણે કહ્યું કે એક ઠેકાણે સોનાની થાળી જેવી જમીન છે. અને તેમાં આંબાનાં ઝાડ ઘણાં છે અને તેની કેરી પાડવા સારૂ જોઇએ તેટલી શેલડી પાકે છે. પણ ખાખરાની ખીસકોલી સાકર ખાઈ જાય છે. માટે જો મારી સાથે ૫૦૦૦ સવાર આપો તો, તે દેશ હું પાદશાહના કબજામાં કરી આપું.

ત્યારે પાદશાહે પાંચ હજાર સવાર આપીને શાહજાદા મુરાદને સાથે મોકલ્યો. ત્યારે ઇડરના વકીલ દિલ્લીમાં હતા, તેઓએ ઇડર લખી જણાવ્યું કે દિલ્લીની ફોજ ગુજરાત તરફ આવે છે, અને તેની સાથે વૈતાળ બારોટ છે.

એટલે રાવ પોતે વૈતાળ બારોટનું અપમાન કરેલું તે વાત તો ગળી ગયા અને સામો દોસ્તીની રીતે એ બારોટ ઉપર ઇડરથી પત્ર લખ્યો કે અમને તમારો પાકો ભરૂંસો છે, માટે અમારી ઉપર ફોજ આવતી હોય તો તમે અમને ચેતાવજો. ત્યારે બારોટે લખ્યું કે તમારે કશી ફિકર રાખવી નહીં. છતાં એકદમ ઇડર ફોજ આવી અને કાંઈ લડાઈ થયા વિના ગઢ લીધો. ત્યારે રાવજી ત્યાંથી નાશીને પોળોમાં જઇને રહ્યા. એ વિષે કવિતા છે.

**દોહરો:**—જગ બોળ્યું જગનાથિયે............

.......................................

છપય

**संवत सतर प्रमाण, वर्ष बाळोतर वीमळ;**
**त्रीज तिथि रविवार, मास आसो वद निर्मळ;**
**शाहजादो मुराद, लेण गढ ईडर आयो;**
**वैताळ भाट नदियो ब्रढण, कूड करी राव कढियो;**

**करवा रोषां काज, साथ जगनाथ सजायो;**
**पुंजराज अंग पडिया पछे, लोहाबळ ईडर लियो.**

**અર્થ:** સંવત્ ૧૭૧૨ની સાલ અને આસો વદ ૩ ને રવિવારે શાહજાદો મુરાદ ઈડરગઢ લેવા આવ્યો. તૈયાર લડાઈ કરવા સારૂ રાવ જગનાથે ફોજ સજી. પણ વૈતાળ ભાટે તેને લડવા દીધો નહીં, અને તે રાવને કપટ કરીને કાઢયો. એ જગનાથજીનો દેહ પડયા પછી તેના દીકરા પુંજાજીએ તલ્વારના બળથી ઈડર પાછું લીધું.

પછી તેનો દીકરો રાવ પુંજાજી થયો. તેણે પાદશાહ સાથે ઘણું ઘણું બહારવટું કર્યું અને ઘણા મુગલોને માર્યા. તેનું ગીત આ છે.

ગીત.

**रावे रहेंस्या पठाण पड रण, ईडरिये दल आणी,**
**नाव नाव करती निशवासर, पाडे धाह पठाणी. १**
**पुंजेजी खळखेत पछडया, तणरी नहि तबीबी;**
**फन तणे दुःख भांगीये काकण, बूमकरे मुख बीबी; २**
**जोध जडे कमधज्ज जणांरे, खागरा हिला खाया;**
**मेली धाह दीये मूगलाणी, नाव किसीका नाया. ३**

**અર્થ:**—લડાઈમાં રાવે પઠાણને માર્યા, તે પડયા, ઈડરમાંથી ફોજ લાવીને. તેથી રાત દહાડો પઠાણોની સ્ત્રીઓ ખાવંદ, ખાવંદ, કરતી બૂમો પાડતી રહી. ૧

પૂંજાજીએ રણભૂમિમાં દુષ્ટોને પછાડયા, તેઓનાં ઓસડ કે ઉપાય થયાં નહીં; ધણીના દુ:ખથી કાંકણ ભાંગીએ, એમ બીબીઓ મોંઢે બૂમ પાડે. ૨

અને કહે કે જેની સાથે રાઠોડ લડાઇ કરે તે કેમ જીવે? કે જેઓની તલ્વારે રોહિલા પઠાણો ખાધા, એમ મુગલાણીઓએ નિસાસા મૂકયા અને કોઇનો ધણી જીવતો આવ્યો નહીં. ૩

# પ્રકરણ ૮ મું

## ઈડરના રાજાઓનો પોળોનો કબજો

### રાવ કલ્યાણમલજીની વંશાવળી

રાવ જગનાથજી તથા ગોપીનાથજી. પોળોમાં સં. ૧૭૧૫

પુંજોજી તથા અરજણદાસજી — ૧ કરમસેનજી સંવત્ ૧૭૩૦

સં. ૧૭૧૪ એનો વંશ — સં. ૧૭૧૫. ૨ રાવ ચાંદોજી તથા માધવદાસજી

વાગડમાં મોજે તુડીઆ — સં. ૧૭૮૩. ૩ રાવ જોરો મોજે વેરાબરમાં

બળમાં — અજલશી સરદારસંઘ

૧૮૦૬ ૪ અભેસંઘ ૦ — ભૂપતસંઘ

૧૮૧૬ ૫ ભૂપતસંઘ

૧૮૩૩ ૬ રાવ ઉદેસંઘ ૦ — રઘુનાથસંઘ — કલ્યાણસંઘ

૧૮૪૭ ૭ રાવ વજેસંઘ — વજેસંઘ

૧૬૬૨ ૮ રતનસંઘ

૧૮૮૧ ૯ અજેસંઘજી — કીરતસંઘ — ગમાનસંઘ

૧૮૮૨ ૧૦ રાવ કીરતસંઘજી

૧૮૮૩ ૧૧ રાવ પ્રતાપસંઘજી

૧૮૮૪ ૧૨ રાવ લખમણસંઘ

૧૮૯૯ ૧૩ રાવ ભારથસંઘજી — અમરસંઘ — ભવાનસંઘ ૦ — ગલાબસંઘ

૧૯૦૭ ૧૪ અમરસંઘજી

૧૫ અનાડસંઘજી

૧૬ પાડસંઘજી — હમીરસંઘ — પરબતસંઘ — જવાનસંઘ

૧૭ નવલસંઘજી — મોજે વેરાબરમાં છે.

પૂંજાજી પછી અરજણદાસજીએ અમદાવાદ ઉપર ઘણો વખો કર્યો. તેમની પાસે આશરે ૧૦૦૦ શિરબંધી હતા અને તંબુ ડેરા સહિત મોજે ધામોદની નાળમાં આશરો પકડીને રહ્યા. એટલામાં અમદાવાદથી મોજે દેવળીયાના રાજાનો કુંવર તથા વાંસવાડાના રાજાનો કુંવર, અને લુણાવાડા, ડુંગરપર, એ રીતે ચાર રાજાના કુંવરો પોતપોતાને ઘેર જવા સારૂ નીકળેલા. તેઓએ આવીને રણાસણામાં મુકામ કર્યો. ત્યાં રણાસણાવાળાએ સારી ચાકરી કરી. પછી તેઓ રવાના થયા.

એટલામાં એ કુંવરો આવ્યાની ખબર રાવ અરજણદાસને થઈ. ત્યારે તેમણે મુદ્દામ માણસ મોકલીને કહાવ્યું જે મને મળતા જજો. તેથી કુંવરો ધામોદ ગયા અને મસલત કરી જે રણાસણાની જગા વિકટ છે માટે તે જો જગા રાવજીના હાથમાં આવે તો ત્યાં રહીને ઈડર તથા અમદાવાદ સુધી દોડા કરી શકાય.

એવો ઠરાવ કરીને એ કુંવરોનાં તથા રાવજીનાં મળીને આશરે ૫૦૦૦ માણસો સાથે લઇને તે સૌ મળ્યા અને રણાસણા ઉપર ઝાવ આવીને પછી ધામોદ ગયા. ત્યારે રહેવરોનો સંદેશો આવ્યો જે અરજણદાસજી બહારવટે છે, માટે રખે આપણા ઉપર ફીતુર કરે. તેથી તેઓ સાવચેત રહ્યા.

એટલામાં તો ધારણા પ્રમાણે એકદમ ફોજ આવી, તેવો રહેવરોએ ઝાંપા આડા રહીને તોફારો માર્યો, તેથી ચારે રાજાઓ પડયા. તેઓનાં નામ: (૧) રાવજી પોતે, (૨) ડુંગરપરનો કુંવર, (૩) લુણાવાડાનો કુંવર, (૪) દેવળીઆનો કુંવર; એ ૪ પડયા. ફક્ત વાંસવાડાનો કુંવર જીવતો રહ્યો. તેણે ચારે રાજાની લોથો ઉપડાવી; અને ત્યાંથી નાઠા તે પાછા ધામોદમાં આવીને તેઓને અગ્નિદાહ કર્યો.

રાવ અરજણદાસજીને પાંચ વર્ષનો કુંવર હતો, તેને વાંસવાડે લઈ ગયા અને મોજે ટુટિયા બળનો પટો થોડીએક ઉપજનો તેને કાઢી આપ્યો. તે વાસ હજી સુધી ત્યાં આબાદ છે.

એ પ્રમાણે અરજણદાસજીની અવસ્થા થઈ. તે વેળા શરવણમાં રાવ જગનાથજીના ભાઈ ગોપીનાથજી હતા. તેઓએ વખો કરીને ઈડર લીધું અને ત્યાંથી અમદાવાદવાળાઓને કાઢયા, અને ગોપીનાથજીએ ઈડરનું રાજ પાંચ વર્ષ સુધી કર્યું. તેમાંના ઉમરાવ રહેવરોમાં રણાસણાના રહેવર ગરીબદાસજી હતા.

તે ગરીબદાસજી તથા ઈડરના કસ્બાતીએ એક સલાહ કરી. ગરીબદાસજીએ વિચાર્યું જે અહીં રાવજીનો અમલ જામશે તો અરજણસંઘજીનું વેર મારી પાસેથી લેશે; માટે તેમને અહીંથી કાઢીએ તો ઠીક. એવું ધારીને તેઓ અમદાવાદની ફોજ લઇને આવ્યા અને રાવજીને ઈડરમાંથી કાઢયા.

તે ગોપીનાથજી પોતાની બે રાણીઓ, તેમાં એક ઉદેપુરની અને બીજી પેથાપુરની વાઘેલીજી; તેઓને લઇને કોટ ઉપર ચઢીને નાઠા, એટલે કસબાતીઓ રાણીઓની કેડે થયા. ત્યારે રાવજી કળનાથ મહાદેવ તરફ નીકળી ગયા અને રાણીઓ ઈડરથી ચાર ગાઉ ઉપર ગોઝારીયા મગરા પાસે ફાટું તળાવ છે, તેમાં પડીને મરી ગઈ.

એ રાવજીને સવાશેર અફીણનું બંધાણ હતું. તે અફીણ ન મળ્યાથી વડાલીનો બ્રાહ્મણ કળનાથ મહાદેવની પૂજા કરવા આવેલો, તેને રાવજીએ પોતાના હાથનાં જડાવ સોનાનાં બે કડાં આપીને કહ્યું જે એક કડું તને બક્ષીસ આપું છું અને એકનું અફીણ મને લાવી આપ; તે લઇને હું મોજે સરવણ જઇશ. પછી જ્યારે ઈડરની ગાદી મળશે ત્યારે તને એક ગામ આપીશ.

પછી તે કડાં લઇને બ્રાહ્મણ વડાલીએ ગયો અને પોતાની સ્ત્રીને તે વાત કહી. ત્યારે સ્ત્રીએ પાછા જવાની ના પાડી, તેથી તે ગયો નહીં અને અફીણ વિના રાવ ગોપીનાથજી ત્યાં મરણ પામ્યા. એ વાત આશરે સંવત્ ૧૭૨૦ કે ૨૧ માં બની. અને ઈડરની ગાદી તેમના વંશમાંથી છૂટી તે પાછી મળી નહીં અને ઈડરમાં મુસલમાનનો અમલ થયો.

રાવ ગોપીનાથનો પુત્ર રાવ કરમસેનજી. તેની ઉમ્મર વર્ષ ૧૦–૧૨ની હતી. તેણે સરવણમાં રહીને પોતાની ઉમ્મર પૂરી કીધી. તેના દીકરા બે થયા, તેમાં એક હળવદની ઝાલીજીનો કુંવર રાવ ચાંદો અને દાંતાની બારડજીનો કુંવર માધવસંઘજી.

તે રાવ ચાંદો સરવણમાં મોટો થયો અને માધવસંઘજીની માને જીવાઈમાં મોજે અડેરણ આપેલું, તેથી તે અડેરણમાં મોટો થયો. પછી માધવસંઘજી ત્યાંથી વખે નીકળ્યા; તે પોશીના પટામાં મોજે ચાંપલપર છે, ત્યાં અમદાવાદની ફોજ સાથે લડાઈ કરી. પછી જઇને વેળાબરનો પટો દબાવીને ત્યાં રહ્યો. તેનો વંશ હાલ વેળાબરમાં છે.

પછી રાવ ચાંદે ઈડરની ગાદી વાસ્તે ઘણો વખો કર્યો; પણ કાંઈ લાગ ફાવ્યો નહીં, ત્યારે છેલ્લી વારે નિરાશ થઇને પોળોમાં પઢાર રજપુતોનો અમલ હતો ત્યાં પોતાનું સાસરૂં હતું. તે સસરાજીને એટલું લખ્યું કે મેં ઈડર વાસ્તે આજસુધી વખા કર્યા, પણ અમારા નસીબમાં નહીં, તેથી કશું વળ્યું નહીં. માટે હવે મારે કાશી પાસે જવાનું છે, માટે હું તમારો છેલ્લો મેળાપ કરવા સારૂ પોળોમાં આવું છું.

એવું લખીને ત્યાં ગયા અને એકબે મહીના સુધી ત્યાં રહ્યા. પછી કાશીએ જવા સારૂ નીકળ્યા અને પોળોથી ૪–૫ ગાઉ ઉપર મોજે સરસાઉ–પોળો તાબાનું છે ત્યાં મુકામ કરીને પોળોના ઠાકોરને પત્ર લખ્યો અને બીજો પત્ર પોતાના સરદારને લખ્યો જે હવે છેલ્લો મેળાપ કરવા સારૂ કાલે જરૂર આવજો, અને ગોઠ જમીને પાછા જજો.

પછી પોળોનો ઠાકોર ઘણી ખુશીથી મળવા ગયો અને રાતે ગોઠ મીજબાની થઇ; ત્યારે ઘણો દારૂ પાયો, તેથી તેનાં બધાં માણસો બેભાન થયાં. એટલે તે રાવજીએ બધાં માણસોને તથા સસરાજીને મારી નાંખ્યા. પછી સવારમાં પોળોમાં જઇને પોતે ગાદીએ બેઠા. તે દિવસથી હાલ સુધી પોળોનું રાજ તેના વંશના હાથમાં છે.

હાલ પોળો પટાનાં ગામ આશરે ૬૨ છે, તેમાં ૪૫ આબાદ અને બીજાં ઉજ્જડ છે. ત્યાંની જમીન રતાશ ઉપર છે. તમામ પટાની જમીનમાં ત્રણ ભાગમાં ડુંગર અને એક ભાગમાં નાના ડુંગર છે.

પાણી ૧૫ થી ૨૫ હાથની ઉંડાશમાં છે. મોટી નદી કહેવા જેવી હરણાવ એ પટામાં છે. તે નદી બ્રહ્માની ખેડને પાદર થઇને સાબરમતીને મળે છે. અનાજ કુરીઆ, બંટી, વરી, શામળી, અડદ, બાવટો, કોદરા, ચણા પાકે છે. તમામ ગામોમાં ભીલની વસ્તી છે. ફક્ત ત્રણ ગામોમાં કણબી છે. આખા પટામાં ફક્ત ઘોડાદરમાં વાણીઆનાં ઘર ૫૦ છે. પટામાંથી કામઠીબંધ ભીલો ૪૦૦૦ સુધી મળી આવે. તેઓને રાવજી બોલાવે તો અમલ, તમાકુ વગેરે વગેરે આપીને પંદર દહાડા કે મહીના સુધી રહે. ૪૦ રજપુતો રાવજી પાસે નોકર છે; ૧૫ સિપાઇઓ છે. રાવજી પાસે ૫૦ ઘોડાં છે. એ પટામાં કાઠની ઉપજ સારી છે. ત્યાંનો કાઠ, વડનગર, વીસલનગર જાય છે.

રાવ ચંદ્રસંઘજીનો કાંઇક હક્ક ઇડરમાં હતો, એવું કેટલાએક પરવાના ઉપરથી જાણવામાં આવ્યું છે.

પોળોમાં જૂનું શ્રાવકનું દેહેરૂં આશરે ત્રણ લાખ રૂપૈઆનું છે. તે પઢાર રજપુતોના રાજ્યમાં શેઠ વજેચંદે બંધાવેલું છે. બીજું પોળોને આથમણે દરવાજે શરણેશ્વર મહાદેવનું દેહેરૂં છે. તેનું કામ જોતાં આશરે દોઢ કે બે લાખ રૂપૈઆનું છે. તેના પત્થર અહમદનગરના છે.

અસલ જે પઢાર રજપૂતોનું રાજ્ય હતું, તેમના ભાયાત પોળોના ઠાકોર હતા, માટે તે દિવસથી તે હાલ સુધી પોળો ઉપર કોઈની જમાબંદી વગેરે કોઇનો હક્ક નથી.

ત્યાં પહાડોમાં એક રસ્તો છે. તેને બન્ને છેડે મોટા દરવાજા છે. ત્યાં વજાનગર શહેર રાજા વજેચંદે વસાવેલું, તે ગામ તો ઉજ્જડ થયું અને તે દરવાજા ઉપરથી પોળો નામ રહ્યું.

પછી ઈડરમાં જોધપુરના ભાયાત મહારાજ આણંદસંઘજી તથા રાયસંઘજીનું રાજ થયું. તેની હકીકત હવે લખાશે.

---

# પ્રકરણ ૯ મું

---

## ઈડરના હાલના રાજાઓની વંશાવળી[૧]

સૂર્યવંશી રાજાનું અયોધ્યામાં રાજ હતું. તેના વંશમાં રાઠોડ થયા અને તેમણે કનોજમાં રાજધાની કરી. એ વંશમાં રાઠોડ શીયોજી થયા. તેના કુંવરો ૩ હતા: અસ્તાનજી, સોનંગજી અને અજજી. એઓના હાથમાંથી પાદશાહે કનોજ લીધું. ત્યારે તે ત્રણે ભાઇઓ ત્યાંથી નીકળ્યા. સોનંગજી એ ઈડરના સામળીઆ સોડને મારીને ઈડર લીધું અને અજજીએ દ્વારિકાં લીધું. અને અસ્તાનજી પાલીએ આવ્યા, ત્યારે તેઓના ભેળા સવાર ૫૦૦ હતા.

ત્યાં પલ્લિવાળ બ્રાહ્મણોની વસ્તી ઘણી હતી. તેઓએ કહ્યું કે તમે અહીં રહો; અને આપના સવારો વગેરેનો પગાર અમે આપીશું; અને તમે અમારો બંદોબસ્ત રાખો. પછી તેઓ ત્યાં રહ્યા. એવામાં મંડોવરના તખત ઉપર પઢીઆર રજપૂત હતો, તેઓના તાબામાં પાલી હતી.

અને પાલીનો એક ગૃહસ્થ બ્રાહ્મણ મગનીરામ નામે હતો, તે દક્ષણના હૈદરાબાદ તરફ રોજગાર વાસ્તે ગયો હતો. તેની સ્ત્રી સ્વરૂપવાળી હતી. તેને લઇ જવાનો વિચાર મંડોવરના પંઢાર રાજાનો હતો.

પછી એક સમે પાલીથી પૂર્વમાં ત્રણ ગાઉ ઉપર પુનાગર માતા છે, ત્યાં પાલીના બ્રાહ્મણની ઉજાણી હતી. તેથી બધા બ્રાહ્મણો

---

૧ (લખાવનાર: બારોટ દલા ગંગારામ, રહેવાસી ગામ મારવાડમાં કુંચીપણું, તાબે મેડતાના રજપૂતોના વહીવંચા તથા ગઢવી સવાઈરામ.)

ત્યાં ગયા. ત્યારે તેઓના બંદોબસ્તને વાસ્તે રાઠોડો પણ ત્યાં ગયા. એવામાં મંડોવરવાળો રાજા બે હજાર સવારો લઇને પાલીમાં ગયો, અને પેલી બાઈ ઘેર રહી હતી, તેથી તેને લઇને ચાલ્યા અને પછવાડે લડાઈ કરવા સારૂ ૧૫૦૦ સવારો રાખ્યા. તેઓએ કેટલાક બ્રાહ્મણોને કબીલા સુધાં મારી નાંખ્યા. પછી રાઠોડો આવી પહોંચ્યા અને લડાઇ કરી. તે લડાઇમાં અસ્તાનજી કામ આવ્યા.

ત્યારે તેના કુંવર ધુંહડજી પંદર વર્ષની ઉમ્મરના હતા અને તે સમે ખડાગઢમાં ગોહેલોનું રાજ હતું. તેના કારભારી ડાભી હતા. તે ડાભી ખુટીને પાલીમાં રાઠોડ પાસે આવ્યા અને કહ્યું કે અમને મોટું ઇનામ આપો તો અમે તમને ખેડનું રાજ અપાવીએ.

પછી એવો બંદોઅસ્ત કરીને ડાભીએ કહ્યું કે અમે ખેડમાં જઇને ગોઠ કરીશું અને તમને તેડાવીશું, ત્યારે તમે ત્યાં આવજો. પછી રાઠોડોએ ગોહેલ તથા ડાભી બન્નેને મારી કાઢીને ખેડનું રાજ લીધું, અને ગાદીએ ધુંહડજીને બેસાર્યા. તેના રાયપાલજી, કનરાવ, જાલણશી રાવ, છાડોજી, ટીડોજી, સલખોજી, વીરમજી અને ચેડોજી, એ રીતે એક પછી એકના કુંવર થયા.

ચંડાજીના વખતમાં પાદશાહે પઢીઆરો પાસેથી મંડોવર લઈ લીધું અને ત્યાં કરમા અલીનું થાણું મૂક્યું. ત્યારે પઢીઆર ઈંદાજીએ પોતાના રાજાની દીકરી ચુંડાજીને પરણાવીને કહ્યું કે મંડોવર તમને દાયજામાં આપીએ છીએ.

સોરઠોઃ—इंदोरो उपकार कमधां कदी न वीसरे
चूंडो चवरी चाड, दे मंडोवर दायजे.

**અર્થ**—ઇંદોરનો ઉપકાર રાઠોડો કદિ નહીં વીસરે, જે ચુંડાજીને ચોરીએ ચડાવીને પહેરામણીમાં મંડોવર આપ્યું.

પછી ચુંડાજીએ લડીને મંડોવર લીધું. તે ચુંડાજીના દીકરા રણમલજી થયા અને તેના ૨૪ દીકરા થયા હતા. તેમાંથી ૧૫ વંશ

હાલ સુધી છે. અખેરાજજી, જોધોજી, ચાંપોજી, પાંતોજી, બાલોજી, રૂપાળોજી, નારણદાસજી, દુદોજી, કરણોજી, માલણોજી, મંડળોજી, કાંધલજી, બીદોજી, રઘુનાથસંઘજી, અને ચંદ્રસેનજી.

એ રણમલજી ચિતોડની લડાઇમાં કામ આવ્યા. પછી તેના કુંવર અખેરાજજી પાટવી હતા. તેની મા અખેરાજજીને ૫ મહીનાના મૂકીને ગુજરી ગયાં હતાં. ત્યારે જોધાજીની માએ અખેરાજજીને મોટા કર્યા હતા.

પછી ગાદીએ બેસવાનું મુહૂર્ત આવ્યું ત્યારે અખેરાજજી તેઓને પગે લાગવા ગયા; ત્યારે માએ આશીષ દઇને કહ્યું કે મારા દીકરા જોધાની સારી પેઠે તું બરદાસ્ત રાખજે. ત્યારે અખેરાજજીએ કહ્યું કે માતાજી! આપ ફરમાવો તો જોધાજીને ગાદી આપું. ત્યારે રાણીએ કહ્યું કે એવું તો મારી જીભે હું કહું નહીં. પછી ગાદીએ બેસવા સમે અખેરાજજીએ જોધાજીને ગાદીએ બેસાર્યા. અને જોધાજીએ સંવત્ ૧૫૫૫ ના જેઠ સુદ ૧૧ ને શનિવારે જોધપુર વસાવ્યું અને તેના કિલ્લાનું નામ ચિંતામણિ પાડયું.

અખેરાજજીના કુંવર જેતોજી થયા. તેઓના વંશના હાલ સુધી જેતાવતા અને કુંપાવતાની સાખથી ઓળખાય છે.

અખેરાજજીએ નાના ભાઇને ટીલું કરીને ગાદીએ બેસાર્યા, માટે આજ સુધી જેતાવત હોય તે જોધપુરવાળાને તથા ઇડરવાળાને ગાદીએ બેસતી વખતે ટીલું કરે છે, કારણ કે હાલના ઇડરના રાજા પણ એ જોધાજીના વંશના છે, માટે તે એવો ચાલ રાખે છે.

જોધાજીના કુંવર સોજોજી થયા. તેના વાઘોજી, ગંગદેજી, માલદેજી, ઉદેસંઘજી: એ રીતે એક પછી એક કુંવર થયા. એ ઉદેસંઘજીને અકબરશાહે મહારાજ પદવી આપી. તેના સુરસંઘજી, ગજસંઘજી, જશવતસંઘજી, અજિતસંઘજી: એ રીતે અનુક્રમે ગાદીપતિ થયા.

અજિતસંઘના આઠ કુંવરો થયા: અભેસંઘજી, વખતસંઘજી, દેવીસંઘજી ( એ દેવીસંઘજીને પોકરણના રાજાને ખોળે આપ્યા. )

આણંદસંઘજી, કીશોરસંઘજી, જોરાવરસંઘજી ( ખેમસરના રાજાને ખોળે આપ્યાં ). આઠમા કુંવરને ખેરવાના રાજાને ખોળે આપ્યા. તેઓનું નામ માલૂમ નથી.

અજિતસંઘજીએ પાદશાહની ગાદી ઉપર ૭ જણને બેસાડયા અને પછી ઉઠાડી મૂકયા. પછી સાતમો મહમદશાહને બેસાર્યો અને સાત દિવસ સુધી દિલ્હીમાં અજિતસંઘજી મહારાજની દૂહા ફરી હતી. જેપુરનો રાજા જેર(સ)લમરનો રાવ(ણો), ભાવલપુરનો નવાબ, શીરોહીનો રાવ અને શીખરાનો રાવ એ પાંચ રાજા અજિત-સંઘજીને શરણ હતા. પાદશાહને ગાદીએ બેસાડીને ત્રણ વર્ષ સુધી દિલ્હીમાં રહીને પછી અજિતસંઘજી જેપુરમાં આવ્યા અને કુંવર અભેસંઘજીને પાંચ હજાર સવાર સાથે પાદશાહની ચાકરીમાં દિલ્હીએ રાખ્યા.

પછી એક સમે પાદશાહ જમનાજીમાં નાવ નંખાવીને અભે-સંઘજીને સાથે લઈ સહેલ કરવા બેઠા. તે નદી વચ્ચે જતાં અભેસંઘજીને નાંખી દેવા માંડયા, ત્યારે પૂછયું કે મને શા વાસ્તે મારો છો ? એટલે કહ્યું કે તમે વખતસંઘજી ઉપર કાગળ લખો કે અજિતસંઘજીને મારી નાંખે; એવો પત્ર લખો તો તમને બચાવીએ. ત્યારે તેઓએ ભંડારી વાણીઆ રગનાથ પાસે એવો પત્ર લખાવ્યો કે હું તને નાગોરની ગાદી આપીશ અને તું અજિતસંઘને મારી નાંખજે.

પછી તે કાગળ જોધપુર આવ્યો. તે વખતસંઘજીએ વાંચીને પોતાના બાપ અજિતસંઘજીને મારી નાંખ્યા. તેની લાશ સાથે સતીઓ બળવા ગઈ ત્યારે ત્રણ કુંવરોને સાથે લીધા અને મંડોવર સ્મશાનમાં જઇને સરદારોને તે કુંવરો સોંપ્યા.

તેમાં આણંદસંઘજી તથા રાયસંઘજી એ બે કુંવરો રોઇચાના કુંવરોના ભાણેજ હતા અને ત્રીજા કિશોરસંઘજી ભાટીઓના ભાણેજ હતા. એ ત્રણેને મામા ચહુવાણ માનસંઘજીને તથા દેવીદાનજીને તથા માનસંઘજીના કુંવર જોરાવરસંઘજીને સોંપ્યા. તેઓને લાખ એકનો

પટો ગામ રોઇચાનો હતો, તે છોડી ત્રણ કુંવરોને લઇને નીસર્યા, તે જોધપુરથી પૂર્વમાં ૧૫ ગાઉ ઉપર ગામ ચાંદેલા છે ત્યાં જઇને મુકામ કર્યો.

ત્યારે મારવાડનું ગામ બરોડા છે, તેનો પટો દશ હજાર રૂપૈયાનો હતો. તેના ઠાકોર મોકમસંઘજીને વખતસંઘજીએ કહ્યું કે તમે પાછળ જઇને એ ત્રણ કુંવરોને મારી નાંખો અથવા પકડી લાવો.

પછી તે મોકમસંઘજી પોતાના આઠસેં સવારોને લઇને ચઢ્યા અને મોજે ચાંદેલે જઇને કુંવરોના ભેગા થયા. તેને આવતા જોઇને ઠાકોર માનસંઘજી, દેવીદાનજી અને જોરાવરસંઘજી એ ત્રણ જણ કમરો બાંધી, કચેરી કરીને બેઠા હતા અને તેઓના ઘરના આશરે બારસેં સવારો હતા. તેઓના ડેરા પાસે જઇને મોકમસંઘજી ઉતર્યા અને કહ્યું કે એ ત્રણ કુંવરો મને સોંપો. ત્યારે માનસંઘજીએ કહ્યું કે તે તો સતીઓએ મને સોંપ્યા છે. છતાં હું તમને સોંપું, પણ તેઓને તમે ત્યાં લઇ જઇને શા વાસ્તે મારશો ? આ કટારી લો અને અહીં જ તેઓને મારી નાંખો. ત્યારે મોકમસંઘજીએ કહ્યું કે ઠાકોર! તમે ઘણી કરી, અને મને પણ તમારા ભેગો ભેળાવ્યો. માટે હવે તો જે તમારૂં થશે તે મારૂં થશે. આમ કહીને મારવાડમાં ઓડાવળો કરીને ડુંગર છે ત્યાં જઇને રહ્યા અને બહારવટું કરવા લાગ્યા. તેઓએ પોતાનો કબીલો મારવાડના વિકાનેર પ્રાંતમાં માતા કરણીજી ગામે દેશણોત પાસે છે, તે ચારણોની માતા છે, ત્યાં મેલ્યો. ત્યાં આજ સુધી એવો દસ્તુર હતો કે કોઇ મોટા રાજાનું ખૂન કરીને કરણીજી માતાને શરણે આવે તો કોઇએ પણ તેનું નામ લેવાય નહિ. એ માતાનો એટલો ડર હતો.

એવામાં રાજસ્થાન પટાવાળા ચાંપાવત ૪ જણ. સવાઇસંઘજી, માનસંઘજી, પ્રતાપસંઘજી અને જીવણદાસજી હતા, તેઓનો સાત હજાર રૂપૈયાનો પટો હતો. તેઓને મહારાજ અજિતસિંઘજી સાથે કાંઈ બોલવું પડ્યું હશે, તેથી તેઓનાં ગામ જપ્ત હતાં. વાસ્તે તેઓ પણ બારવટે

નીસરીને ઓડવજો ગયેલા હતા, અને તેઓના કબીલા પણ માતા કરણજીને શરણ મૂક્યા હતા.

એવામાં દિલ્લીના પાદશાહની તીજોરી અજમેરથી દિલ્લીએ જતી હતી, તે ચંપાવતોએ પડાવી લીધી. પછી પેલા તેઓની ભેગા થયા, ત્યારે ચંપાવતોએ બે લાખ રૂપૈયા કુંવરોને સામધરમીપણાથી નજરાણો કર્યો અને કહ્યું કે અમે પણ કુંવરો સાથે રહીને વખો (બહારવટું) કરીશું. તે વારે કુંવર આણંદસંઘજીએ કહ્યું કે મને રાજ મળશે ત્યારે તમને ત્રણેને પટા આપીને હું રાજી કરીશ; કેમકે તમે તમારા સામધરમી છોઃ ચહુવાણ માનસંઘજી વગેરે, તથા જોધા મોકમસંઘજી વગેરે, અને પ્રતાપસંઘજી વગેરે ચંપાવતો. એ રીતે એ ત્રણેને એવો દિલાસો આપ્યો. પછી તેઓ મારવાડમાં લૂંટફાટ કરવા લાગ્યા.

જ્યારે અભેસંઘજીને પાદશાહે જમનાજીમાં ડર લગાડીને અજિતસંઘજીને મારવાનો પત્ર લખાવ્યો હતો, ત્યારે પાદશાહે અભેસંઘજીને ઇડર પરગણું બક્ષીસ આપીને નવ મોહોરોનો લેખ કરી આપ્યો હતો. તે લેખ લઇને પરોત જગુજી દિલ્લીથી જોધપુર જતા હતા. તેને ગામ મેડતા પાસે જતાં આ બહારવટીયા પકડીને ડુંગર પાસે લઈ ગયા. ત્યારે પરોત જગુજીએ કહ્યું કે મને દિલ્લીએ જવા દો; તો પાદશાહની તથા મહારાજની હજુરમાં અરજ કરીને ઇડરનો પટો હું તમને અપાવીશ.

એ વાતના સોગન ખાઇને જગુ પરોત દિલ્લીએ ગયો અને મહારાજ અભેસંઘજીને કહ્યું કે તમારા ભાઇઓ મારવાડને લૂંટીને ખરાબ કરે છે, માટે તેઓને ઇડરનો પટો આપો અને આપણાં બાવીશ પરગણાંમાંથી કોઈ પણ પરગણું છેલ્લી વારે તો આપવું પડશે, માટે ઇડર પરગણું આપીને સમાધાન કરો.

પછી ઇડરનો લેખ આપ્યો તે પરોતે જઇને બહારવટીયાઓને આપ્યો. એ બહારવટીયાનું ગીત છે, તેમાં એક એવું વાક્ય છે કે

**मरुधरा मथी दधि जेम माने**—મતલબ કે માનસંઘજીએ મારવાડ દેશ સમુદ્રની પેઠે મથન કર્યો હતો.

એ સમે ઉદાવત લાલસંઘજી ઓરસદના નવાબની ચાકરીમાં ત્રણસો સવારો સુધાં હતા. તે મારવાડમાં રજા લઇને પોતાને ઘેર જતા હતા. તે ઇડર મુકામે રમળેસર તળાવ પાસે ઉતર્યો.

તે સમે ઇડરનું રાજ દેશાઈ મોતીચંદ વમળચંદ વાણીઆ વગેરે સ્વતંત્ર રાજાની પેઠે કરતા હતા. તે દેશાઈ આવીને લાલસંઘજીને મળ્યા અને કહ્યું કે ઇડરનું રાજ તમને આપીએ. ત્યારે તેણે કહ્યું કે ઇડરનો પટો તો પાદશાહે હમણાં જ અભેસંઘજીને આપ્યો છે; માટે આપણાથી લેવાય નહિ; પણ તેઓના ભાઇ આણંદસંઘજી વગેરે બહારવટે ફરે છે, તેઓને અહીં લાવીએ. આમ કહી લખત વગેરેથી પાકો બંદોબસ્ત કર્યો.

પછી તે ઓડવળે કુંવરો પાસે ગયા અને કહ્યું કે અમે ઇડરના દેશાઇઓ સાથે બંદોબસ્ત કરીને આવ્યા છીએ, માટે આપ ત્યાં પધારો.

ત્યારે જેતાવ અદેરામજી તથા કુંપાવત અમરસંઘજી પણ એ કુંવરો પાસે ચાકરીમાં હતા. પછી ત્યાંથી ફોજ જમાવીને ચાલ્યા. તેમાં આશરે પાંચ હજાર માણસો હતાં.

આવતાં શીરોઈ પરગણાના રોહીડા ગામને પાદર મુકામ કર્યો. ત્યારે પોશીનાના વાઘેલા ઠાકોરે કહ્યું કે ઇડર તરફ ફોજ જવા દઇશું નહિ; કેમકે તે રાવજીનું છે. એમ કહીને રસ્તો બંધ કર્યો. ત્યારે ત્યાં ભાંજગડ ચાલી અને કહ્યું કે રાવજી તો પોળોમાં રહે છે અને અમને પાદશાહે નવ મોહોરોનો લેખ ઇડરનો કરી આપ્યો છે, માટે તમે અમને શા વાસ્તે રોકો છો?

ત્યારે વાઘેલે કહ્યું કે અમે ઇડરના રાવજીના પટાવત છીએ, તે માટે તમને ઇડરમાં જવા દેશું નહીં. ત્યારે ઠાકોર પ્રતાપસંઘજીએ અને માનસંઘજીએ કહ્યું કે તમારી દીકરીનું સગપણ મહારાજ આણંદ-સંગજી વેરે કરાવીએ અને તમારે છે તે કરતાં ૧૨ ગામનો પટો

વધારે અપાવીએ. ત્યારે પોશીનાના વાઘેલે કહ્યું કે મહારાજ પ્રથમ અમારી દીકરીને પરણે અને મોજે ધનાળ વગેરે ૧૨ ગામનો પટો લખી આપે, તો પછીથી જવા દઇશ.

પછી તે પ્રમાણે કર્યું અને પોશીને કબીલો રાખીને ઈડરથી મોતી દેસાઇને તેડાવીને તે સાથે બંદોબસ્ત કરીને સંવત ૧૭૮૫ ના ફાગણ સુદ ૭ ને દિવસે ઇડરમાં પેઠા,

એવામાં ઇડરના તખ્ત વાસ્તે રાવજી પોળોમાં રહીને લૂંટફાટ તથા બહારવટું કરતા હતા. બે વરસ જતાં ઈડરમાં રાજ જામ્યું.

તે પછી બોરસદના નવાબ ભાઇઓના ટંટાથી નાશીને ઇડરમાં મહારાજ આણંદસંધજીની મદદ માગવા આવ્યો; ત્યારે મહારાજે પોતાના સરદારોના અભિપ્રાય લઇને પોતાના બે ભાઇઓને સરદારો સાથે આપીને નવાબની કૂમકે મોકલ્યા. તે સરદારોનાં નામ ચહુવાણ માનસંધજી, તથા તેનો કુંવર, જોરાવરસંધજી, ચંપાવત સવાઇસંધજી, ચંપાવત પ્રતાપસંધજી, જોધા મોકમસંધજી, જેતાવત અદેરામજી, ચંપાવત જીવણદાસજી, એટલા સરદારો લઇને બન્ને કુંવરો સાથે ગયા. અને કુંપાવત અમરસંધજી અને ચહુવાણ અમરસંધજી અને ચહુવાણ દેવીસંધજી ઇડરમાં મહારાજ પાસે રહ્યા.

બોરસદ આગળ મોટી લડાઈ થઈ અને સામેથી તોપોનો માર ઘણો ચાલ્યો. તેથી દશ દિવસ સુધી કિલ્લો લેવાયો નહિ. પછી તેના કારભારીને ખૂટવીને ત્રણ દરવાજા ઉઘડાવીને અંદર પેઠા.

એ લડાઇમાં કુંવર જોરાવરસંધજીને તલ્વારોના બે ત્રણ ઘા વાગ્યા, પણ તે જીવતા રહ્યા અને ઇડરનાં ૫૦ માણસો મરાયાં અને સો મૂઆં. પછી છેલ્લી વારે જિત કરીને નવાબને ગાદીએ બેસાર્યા. ત્યારે નવાબે રાયસંધજીને કહ્યું કે પરગણામાં મારો અમલ સારી પેઠે ચલાવીને પછી તમે ઇડર પધારજો, ત્યાં સુધી તો અહીં રહેવું જોઇએ. તેથી માસ આઠ સુધી ત્યાં રહ્યા.

એવામાં પોળોમાં રાવજીએ પોતાના સરદારો એકઠા કર્યા. તેમાં ગામ રણાસણના ઠાકોર શાખે રહેવર તેઓ તથા માનપરના ઠાકોર, સરડોઇના, રૂપાળાના, અને ધોરવાડના રહેવરોને આસપાસના ભોમીઆ રાવજી પાસે ભેળા થયા. તેમાં પોશીનાના વાઘેલા ગયા નહોતા. એ સરદારોએ કહ્યું કે અમે જઇને સામધરમીપણાથી લડીશું અને તમને ગાદી સોંપાવીશું; પછી તો તમારૂં નશીબ હશે તેમ થશે; એમ કહીને તે સરદારો ગામ દેશોતરમાં ગયા. ત્યાં ડાભી રજપુતોનાં ૪૦૦ ઘર હતાં.

એ સમે ઇડરમાં ઘણુંક કસ્બાતીઓનું જોર હતું. તેમાં નાયક અને ભટી એવી બે કોમના હતા. તેઓનાં ઘર આશરે ૧૫૦૦ હતાં, અને ઇડરના દરવાજાની તથા મોરચાની સોંપણી તેઓને હતી. તેઓ ઉપર પત્ર લખીને સલાહ કરી, પછી તેઓ ઇડર આવ્યા.

સંવત ૧૭૮૭ ના શ્રાવણ વદિમાં તે રહેવરોએ ઇડર લીધું; ત્યારે મહારાજ આણંદસંઘજી પોતાનો જનાનો લઇને પોતાના સરદારો સહિત ડુંગર ઉપરના કિલ્લામાં ગયા. ત્યાં પણ દગામણી થઈ ત્યારે પેલી તરફની બારીએથી સરદારોએ જનાનો વિદાય કર્યો અને મહારાજ આણંદસંઘજી ઘાંટીને દરવાજેથી નીસરીને કિલ્લાથી ઉત્તરમાં ફરીને જનાના ભેગા થવા ચાલ્યા.

તેઓની કેડે રહેવરોના સવારો પહોંચ્યા, અને લડાઈ થઈ. તે સમે મહારાજ સાથે થોડા સવારો હતા. તે પણ જૂદા જૂદા પડી ગયા અને શત્રુઓ કાંઇક વેગળા હતા. ત્યારે મહારાજે નગારીને કહ્યું કે ડંકો કર; એટલે આપણા સવારો આવી પહોંચે. ત્યારે નગારીએ કહ્યું કે આપણા સવારો વેગળા રહી ગયા છે, તેઓ તરત આવી શકશે નહિ અને ડંકો સાંભળીને શત્રુઓના સવારો આવી પહોંચશે. પછી મહારાજે બે ત્રણ વાર ગુસ્સે થઇને કહ્યું કે તું મારો હુકમ કેમ તોડે છે? ડંકો કર. ત્યારે નગારીએ ડંકો કર્યો. એટલે તેના ઉપર શત્રુઓનાં ત્રણસેં ઘોડાં આવી પહોંચ્યાં અને મહારાજની હજુરમાં

રહેનાર દેવીસંઘજી પ્રથમ કામ આવ્યા અને કુંપાવત અમરસંઘજી ઘાયલ થયા. નગારાવાળો રામદાન હતો તે કામ આવ્યો. પછી મહારાજનો ઘોડો અને મહારાજ પણ કામ આવ્યા; અને બીજા કોઈ નાશી છૂટયા; અને રહેવરોએ ઇડર કબજે કર્યું. મહારાજની રાણીઓ શીરોઇ પરગણામાં ગામ રોહીડે જઇને સતીઓ થઇ. તેમાં એક તો સોનંગરીજી, બીજી વાઘેલીજી અને એક દાસી સતી થઇ. તેની છત્રીઓ ત્યાં છે.

**गीत—अखत उछळे बाण, कवाळवे आरती,**
**सबळ गज गाह वीवाह सामो;**
**आणंद महाराज गढ परणते ईडरे,**
**मरे हद जान देवीदान मामो. १**

**અર્થ:**—બાણ રૂપી અક્ષત ઉછળ્યા અને તલવાર રૂપી આરતી થઇ, અને જોરાવર હાથીઓ વચ્ચે પેસીને વિવાહમાં સામો ઇજને મહારાજ આણંદસંઘજી ઇડર ગઢને પરણતાં દેવીદાન મામો બેહદ જાનમાં મળ્યો. ૧.

**दुगाची चुकावता घाव दुणादीये,**
**भाणने सारथी कहे भाळो;**
**इंद्र ज्युं वींद अजमालसुत ओपियो,**
**विंहरी ढाल फतमाळवाळो. २**

**અર્થ:**—લાગો ચૂકાવી આપતાં બમણા ઘા દીધા, ત્યારે અરૂણે સૂર્યને કહ્યું કે આ જુઓ, અજમલનો દીકરો આણંદસંઘ ઈંદ્રની પેઠે વર થઇને શોભ્યો. ૨

**सिधवा राग गवरी जोतो शोहला,**
**धीर रण धकावता पाव धरता;**
**थूरता झूरता वेहि वीधाथका,**
**कमध मछरीक अरझोक करता ३**

**અર્થ:**—ત્યાં સિંધુ રાગ અને કાળિકાએ શોહલાં ગાયાં, અને ધીર નરો રણક્ષેત્રમાં ધકાવતા પગ મૂકતા હતા, સ્થિરતા અને ઝૂરતા, પીધેલા થઇને ચાલતા હતા. રાઠોડ અને ચૌહાણ શત્રુઓની ઝીક કરતા. ૩

**गढपति सरग भाणेज मामो गया,**
**फरण ग्रभवासरा टाळ फेरा,**
**मुह चडे लडेवा आवेथा मांडहा,**
**करां वखाण चहुवाण केरां. ४.**

**અર્થ:**—તે ભાણેજ અને મામો એ બન્ને રાજા સ્વર્ગમાં ગયા, ગર્ભવાસમાં ફરવાના ફેરા ટળ્યા; ચઢે મોંઢે લડવા આવીને મંડયા, એ ચહુવાણનાં શાં વખાણ કરૂં ? ૪.

મહારાજ આણંદસંઘજી મરાયાની વાતની ખોરસદમાં મહારાજ રાયસંઘજીની ખબર થઇ, ત્યારે તેમણે શિરબંધી રાખીને ઇડર ઉપર આવવાની તૈયારી કરી અને ગામ મુનાઇએ આવ્યા. ત્યાં ચાર મહીના સુધી રહીને લૂંટફાટ કરવા લાગ્યા. પણ દાવ ફાવ્યો નહીં.

ત્યારે વિજાપુરના બારોટ કેશરીસંઘ તથા દાવડના બારોટ અનોપસંઘને મહારાજ રાયસંઘજીએ બોલાવીને તેઓને શિરપાવ આપીને કહ્યું કે આ સાભર કાંઠાની નવ જાગાઓવાળા કોળી ઠાકોરો રાવજીની તરફ છે. તેમાં ઇલોળના મકવાણ, આગલોળના રાઠોડ, વક્તાપરના મકવાણ, ખેડાવાળાના મકવાણ, પરમપોળના મકવાણ, કડોલીના મકવાણ, તાજપરના પરમાર, દેહોલના મકવાણ અને હાંપુના પરમાર, તેઓને મળીને તમે ખૂટવો અને કહો કે અમો ઇડર લઇએ ત્યારે તમારે રાવજી તરફથી ઠાલા બંદુકના અવાજ કરવા, અને અમારી સાથે સલાહ રાખવી.

પછી તે બારોટોએ જઇને તેઓને ખૂટાવ્યા અને મહારાજ રાયસંઘજીએ કેટલાએક દહાડા સુધી ગામ મુનાઇએ રહીને બહારવટું

કર્યું. પણ તે ગામ દૂર પડયાથી પછી ગામ બડોલીએ રહીને બહારવટું કર્યું અને ત્યાં મારવાડી વગેરે દશ હજાર માણસોની ફોજ જમાવી, અને ઈડરના ભટી અને નાયક એ બન્ને કોમના કસ્બાતીઓને ખૂટવ્યા, અને તેઓને પટા તથા જાગીર આપવાનો દિલાસો આપ્યો. ત્યારે કસ્બાતીઓએ કહ્યું કે પ્રથમ તમારે અમારા કસ્બામાં આવવું.

પછી રાયસંઘજીએ પોતાની ફોજ ચારે તરફ મેલી અને પોતે તથા સરદારો ચહુવાણ માનસંઘજી તથા તેના કુંવર જોરાવરસંઘજી તથા જોધા ઠાકોર મોકમસંઘજી, ચંપાવત પ્રતાપસંઘજી તથા સવાઈ સંઘજી, અને માનસંઘજી તથા જીવણદાસજી: તે સર્વે હરોલ ગામમાં ભેળા થઇને ઈડરના ડુંગરમાં મદારશાહની ટુંક ઉપર ૧૩૦૦ માણસો સુધાં ચડચા અને પછી ઈડરમાં ઉતરીને કસબામાં આવ્યા. એટલે સરદારોએ મહારાજ રાયસંઘજીને પૂછ્યું કે કેમ કરવું છે?

ત્યારે મહારાજે ફરમાવ્યું કે મામાજી માનસંઘજીને પૂછો, અમારા માલિક તો એ છે. એટલે માનસંઘજીએ કહ્યું કે કસબાતીઓને પણ મારી નાંખવા, એટલે નિષ્કંટક રાજ કરીએ.

પછી કસ્બાતીઓનાં આશરે ૧૦૦૦ માણસો મારી નાંખ્યાં. પછી કિલ્લા ઉપર હલ્લો કરી અને રહેવરોને મારીને કિલ્લો હાથ કર્યો; ત્યારે કેટલાએક રહેવરો નાશીને પોતાને ઠેકાણે ગયા અને રાવજી પોળોમાં ગયા, અને મહારાજ આણંદસંઘજીના કુંવર રાવસંઘજી ૭ વર્ષની ઉમ્મરના હતા, તેને ગાદીએ બેસાડીને રાયસંઘજી રાજકારભાર કરવા લાગ્યા. રહેવરોના હાથમાં આશરે આઠ મહીના સુધી ઈડર રહ્યું હશે.

પછી મહારાજ રાયસંઘજીએ ગામ રણાસણાના ઠાકોર અદેસંઘજી ઉપર ચડાઈ કરી. ત્યાં જતાં રસ્તામાં કોઈ ભીલે કહ્યું કે મહારાજ આપની સવારી રણાસણે લડવા જાય છે અને રણાસણાના ઠાકોર અદેસંઘજી તો મરણ પામ્યા અને તેનો કુંવર ગાદીએ બેઠા.

તે વાત સાંભળીને મહારાજને ઘણી દિલગીરી ઉપજી. તે મારો શત્રુ તેને મોતે મુઓ, ને મારે હાથે મુઓ નહીં તે ઘણું માઠું થયું. પછી તે સમાચાર કહેનારને તીર મારી મારી નાંખ્યો અને રણાસણા જઇને ગામને ઘેરો ઘાલ્યો. સંવત્ ૧૭૮૦ ની સાલમાં એ વાત બની.

ત્યારે રણાસણાનો ઠાકોર નાશીને લુણાવાડે સોળંકીને પોતાની બહેન પરણાવી હતી ત્યાં ગયો અને મહારાજ રાયસંઘજી દોઢ મહિના સુધી ત્યાં રણાસણામાં રહ્યા અને ત્યાં થાણું તથા કુંભા ભટીને મેલીને રણાસણાનાં ૨૪ ગામ ખાલસા કરીને, રૂપાલ પાસે ગામ આણંદરૂ ખાલસાનું હતું, ત્યાં ડુંગરી ઉપર કિલ્લો બંધાવ્યો. તેનું નામ રાયગઢ પાડ્યું. ૧૭૮૯ માં એ કિલ્લો ચણાવ્યો અને ત્યાં ઘોડા ૧૦૦ તથા સો પાળાનું થાણું મેલ્યું અને મહારાજ શ્રી ઇડર પધાર્યા. પછી તે રહેવરોને અને રાઠોડોને હરરોજ લડાઇ ચાલતી હતી.

ગીત

**निशादीह नगारां धीह मटे नह धड जाध राजके घटे;**
**नत फोजो गजबंध मटे नह; मारुरे ना धंध मटे. १**

**અર્થ:**—રાત દહાડો નગારાંનો ધમકારો મટે નહીં અને બહાદુરોનાં દિલ ઓછાય નહિ; રોજ હાથીઓની ફોજો મટે નહિ અને મારવાડીની લડાઈ મટે નહિ. ૧.

**आ कळ ते वढतेह न आखो, चडते पडते खेत चडे;**
**पडिया पाखे सासन पडशे, पडे घणा तद सांझ पडे. २**

**અર્થ:**—આખો દહાડો અથડાતાં અને લડતાં જાય, ચડતાં પડતાં પણ રણક્ષેત્રમાં ચડે, કોઈ માણસ મુવા વિના સાંજ પડે નહિ; ઘણા માણસો મરે ત્યારે સાંજ પડે. ૨.

**दळ जूहे जव वाळ दहु दश, ज्ञातर पाखर रमसोळ;**
**केदी कहेर मटशे काळो, धर ईडर वाळो घमरोळ. ३**

**અર્થ:**—દશે દિશાઓમાં રેલની પેઠે ફોજો જોડાય, ઘણાં તીર અને પાખરની રેળ થાય, આવો કાળો કહેર કે દહાડે મટશે? અને ઈડર દેશનો ધમરોળ કયારે મડશે? ૩.

**आव धव भल क भलां आसारावा, सोहणा भला के सथ,**
**रेहेवर भला के राठवड, हेमर भला के भला हथ.** ४

**અર્થ:**—અને હથીઆર ભલાં કે લડવૈયા ભલા? એ સરદારો ભલા કે સોબતીઓ? એ રેહેવર ભલા કે રાઠોડ ભલા? અને ઘોડા ભલા કે હાથી ભલા? ૪.

**धाहां पडे उपडे धमसां, राहां खडे न काम रडे;**
**सोह पडे लडे दळ सामा, धरती हाथ न कडे धडे.** ५

**અર્થ:**—ફોજો ઉપડે ને ત્રાસ પડે, રસ્તા ચાલે નહિ અને કામ સરે નહિ, ફોજ સામા લડીને સરદારો પડે; પણ દેશ સ્વતંત્ર થઈ કબજે થઈ શકે નહિ. ૫.

પછી ઈડરની ગાદીએ મહારાજ રાવસંઘજીને રાખીને, રાયસંઘજીએ મોડાસામાં પોતાની રાજધાની તથા મહેલ વગેરે કર્યા અને પોતે કબીલા સુધાં ત્યાં રહેતા હતા.

એ રણાસણ પાંચ વર્ષ સુધી ઈડરના ખાલસામાં રહ્યું; પણ રેહેવરો ઘણા હેરાન કરતા હતા; તેથી દેસોતર વગેરેનાં ગામ સર ખાલસે રાખીને બાકીનાં બાર ગામ સહિત રણાસણ પાછું આપ્યું.

તે વાતને પાંચ વર્ષ થયા પછી પૂનાના મરેઠાની ફોજ આવી. તેમાં જતકુજીની ઓરત મુખતીઆર હતી. એ ફોજમાં આશરે ૧૫,૦૦૦ માણસો હતાં. તેણે મોડાસે આવીને કહ્યું કે ખંડણી આપો. ત્યારે મહારાજ રાયસંઘજીએ ખંડણી આપવાની ના કહી.

એવી તકરાર ચાલતી હતી ત્યારે ફોજની માલેક બાઇએ કહ્યું કે મહારાજ રાયસંઘજી બહુ રૂપાળા છે, માટે મારે જોવાની ઇચ્છા

છે; માટે તેઓ આવરી કરીને અમારી ફોજની નજદીક પધારે તો ખંડણી માફ કરૂં.

તે વાત રાયસંઘજીએ કબૂલ કરી નહિ. પછી એક સમે ફોજનો ભીસ્તી પાડા ઉપર પખાલ ભરીને જતો હતો, તેને દેખીને મહારાજ રાયસંઘજીએ કહ્યું કે આ પાડો તીરથી વીંધાય કે નહીં ?

એટલે ભીસ્તીએ ફોજમાં જઈ બૂમ પાડી, તેથી પંદર હજાર મરેઠા તે જ વખતે ચડીને આવ્યા; અને ગામમાં મારવાડી ૧૫૦ હતા તે માર્યા ગયા. તરત જ મહારાજ રાયસંઘજી પોતાના જનાનાને લઇને નાશીને રૂપાલ પાસે રાયગઢ ગામ છે ત્યાં આવ્યા. ત્યાંથી પછી રમો આવ્યા, અને મોડાસા મરેઠાઓના હાથમાં ગયું.

તે વખતે ચાંપાવત જીવણદાસજી કામ આવ્યા તથા ચાંપાવત પ્રતાપસંઘજી ઘાયલ થઈ પડયા હતા, તેને રાજા જાણીને મરાઠાએ પાલખીમાં બેસાડીને સાથે લીધા ને અમદાવાદ લઈ ગયા અને કેદમાં રાખ્યા.

પછી તેના દંડના રૂપૈયાની વિષ્ટિ એંસી હજારની થતી હતી, તે રૂપૈયાનાં ઊંટ ભરીને ઇડરથી વિદાય કર્યાં. એવામાં અમદાવાદના કેદખાનામાંથી એક ચાકર પ્રતાપસંઘજીને લઇને નાઠો, તે પેથાપર પાસે પેલાં ઊંટને ને તેને ભેટ થઈ. એટલે તે ઊંટ પાછાં વાળીને ઇડરમાં આવ્યા. ત્યારે મહારાજ રાયસંઘજીએ પ્રતાપસંઘજીને કહ્યું કે આ એંશી હજાર રૂપૈયા તમારા નામના કાઢયા છે, તે તમે લઈ જાઓ; એટલે પ્રતાપસંઘજીએ કહ્યું કે મહારાજ માટે રૂપૈયા જોઇએ નહિ. ખાવન, રોટી બોળી આપો છો.

પછી સરદારોએ ભાંજઘડ કરીને રૂપૈયા ચાળીસ હજાર ખજાને નંખાવ્યા અને ચાળીસ હજાર પ્રતાપસંઘજીને આપ્યા. એ પછી રાજ્ય જામ્યું ત્યારે જે પોતાના સરદારો હતા તેઓને ચાકરીને બદલે પટા આપ્યા. તે સંવત્ ૧૭૯૭ ની સાલથી આપ્યા.

૧ પ્રથમ મુડેટીનો પટો ચહુવાણ માનસંઘજીને આપ્યો.

૨ ચાંદરણીનો પટો ચાંપાવત સવાઈસંઘજીને આપ્યો.
૩ મહુનો પટો ચાંપાવત પ્રતાપસંઘજીને આપ્યો.
૪ ગાંઠીઓલનો પટો જેતારામ અદેરામજીને આપ્યો.
૫ ટુંટોઇનો પટો કુંપાવત અમરસંઘજીને આપ્યો.
૬ વડીયાવીનો પટો કુંપાવત બાદરસંઘજીને આપ્યો.
૭ બેરણાનો પટો જોધા અંદરસંઘજીને આપ્યો.
૮ ભાણપર પટો ઉદાવત લાલસંઘજીને આપ્યો.

એ સમે ઇડરમાં કાકો રાયસંઘજી અને ભત્રીજો રાવસંઘજી એ બન્ને બિરાજતા હતા. ત્યારે સરદારોએ વિચાર્યું કે એક મ્યાનમાં બે તલ્વારો સમાય નહીં; માટે કોઈ સમે રખે દગો થાય. વાસ્તે તે બન્ને હાલ જૂદા પડે તો સારૂં. પછી તેનો વિચાર કરવા સારૂ ચહુવાણની હવેલીમાં બધા સરદારો એકઠા થયા. એ સમે રાયસંઘજીની ઉમ્મર આશરે ૧૧ વર્ષની હતી અને કુંપાવત અમરસંઘજી મહારાજ રાયસંઘજીને કહેવા લાગ્યા કે, મહારાજ! ગુન્હો માફ કરો તો કહું. પછી કહ્યું કે સહુ કોઈ કહે છે કે એક મ્યાનમાં બે તલ્વારો સમાય નહીં. માટે એક રાજધાનીમાં બે રાજવીઓથી રહેવાય નહીં, વાસ્તે આપે બીજા ગામમાં પધારવું જોઇએ.

ત્યારે રાયસંઘજીએ કહ્યું કે એવું મારી આગળ કોઈ કહેતું નથી, ફક્ત તેં કહ્યું, માટે મારે અહીં રહેવું નહિ; અને તારે પણ અહીં રહેવું નહિ. એમ કહીને રાયસંઘજી રાયગઢ પધાર્યા અને કુંપાવત અમરસંઘજી મારવાડમાં ગયા અને તેમનો ટીંટોઇનો પટો ચાંપાવત માનસંઘજીને આપ્યો.

એ અમરસંઘજીને મારવાડમાં પટો મળ્યો નહિ, ત્યારે ત્યાં ૭ વર્ષ સુધી રહીને પાછા ઇડરમાં આવ્યા, ત્યારે તેને ગામ મણીયોલનો પટો આપ્યો.

તે અમરસંઘજીના કુંવર શેરસંઘજી તથા ધીરતસંઘજીને ઉંડણીનો પટો આપ્યો. પછી મહારાજ રાવસંઘજીએ ચાંપાવત પ્રતાપસંઘજીના

દીકરા મકનસંઘજી અને તેના બે દીકરાને પટા આપ્યા. તેમાં ફત્તેહસંઘજીને મહુનો પટો અને ખુવાણસંઘજીને વાંકાનેરનો પટો આપ્યો. તથા ભટી જેતસંઘજીને ગામ ટોટડા આપ્યું અને તે ચાંપાવતના જીલ્લામાં ભળ્યા.

વળી તે મહારાજે ચાંપાવત ગમાનસંઘજીને ગામ ચીઓડું આપ્યું. તે મહુના જીલ્લામાં ભળ્યો. ચાંપાવત અભેસંઘજીને ગામ ભેટાળી આપ્યું. તે આપઅખતીયાર છે. ગામ મુનાઇ ભટીને આપ્યું, તે કુંપાવતના જીલ્લામાં ભળ્યા. ગામ પુનાશણ શીશોદીયા મહાસંઘજીને આપ્યું. તે હાલ કુંપાવતના જીલ્લામાં છે; પણ આગળ ચાંપાવતના જીલ્લામાં હતા. ગામ મેંપ જેતાવતને આપ્યું.

તે પછી મહારાજ રાયસંઘજી ગુજર્યા, એટલે મહારાજ રાવસંઘજીના વારસામાં મોડાસા, બાયડ, હરસોલ એ ત્રણ પરગણામાં પેશવા સરકારનો અરધો ભાગ ઠર્યો, તેની વિગત જે—

તે વખતમાં રેહેવરો તથા પાળોના રાવજી વગેરે ભૂમિયા મળીને પેશવાની ચાળીશ હજારની ફોજ ઇડર ઉપર લાવ્યા અને ઇડર નજદીક ફોજે પડાવ કર્યો. તે ફોજના માલેક આપા સાહેબે કહ્યું કે કાં તો ત્રણ પરગણાં અમને લખી આપો, નહિ તો ઇડર છોડો; કારણ કે આણંદસંઘજી તથા રાયસંઘજી વચ્ચે ઇડર જીલ્લો સહિયારો હતો. તેમાં રાયસંઘજીનો વંશ નથી; માટે તેનો ભાગ સરકારને બક્ષીસ આપો ત્યારે દરબારે ચાંપાવત સિવાય સર્વે સરદારોને બોલાવીને પૂછ્યું. ત્યારે સરદારોએ કહ્યું કે આ વખતે ફોજનું જોર ઘણું છે, માટે લડવું નહિ અને એ ત્રણ પરગણામાં અરધો ભાગ આપવો

પછી લખત કર્યું અને દરબારની સહી થઈ અને સર્વે સરદારોએ મતાં કર્યાં, અને તે લેખ આપાજીને આપ્યો. ત્યારે આપાજીએ કહ્યું કે કોઇનું મતું કરવું બાકી છે? ત્યારે કહ્યું કે ચાંપાવતનું મતું નથી થયું, તે જોઇએ ખરૂં.

ત્યારે આપા સાહેબનું તેડું ચાંપાવતને ગયું. એટલે ચાંપાવત સૂરજમલે કહ્યું જે ફોજમાં દશ હજાર પ્યાદાંનો માલેક જાનમહમદ આરબ છે તેની બાંહધરી આપે તો હું આવું. પછી તે પ્રમાણે બાંહધરી લખાવી લઇને સૂરજમલજી ૫૦૦ સવારો લઇને આપા સાહેબ પાસે ગયા, અને તંબુમાં બેસાડીને આપા સાહેબે લખત દેખાડીને કહ્યું કે આમાં બધા સરદારોનાં મતાં થયાં છે, માટે તમારૂં મતું કરી આપો.

પછી સૂરજમલજીએ તે લખત વાંચીને તરત ફાડી નાંખ્યું અને કહ્યું કે મહારાજ તો પાટના ધણી છે, પણ દાદના ધણી તો અમે છીએ, માટે એમ નહિ થાય. પછી બાંહધરીને કહ્યું કે મને ગામ ચાંદરણીએ પહોંચાડો. પછી તેણે ત્યાં પહોંચાડયા.

તેવામાં પેશવા સરકારને શરીરે કસર થવાથી ખેપીઓ આવ્યો જે ફોજને તરત પૂને બોલાવી છે, તેથી તે ફોજ પાછી ગઈ, પણ તેઓ કેટલાંએક ગામોમાં થાણાં મૂકી ગયા.

પછી અહમદનગર વગેરેમાંથી સરદારોએ થાણાં ઉઠાડી મૂકયાં અને જે જે ઠેકાણે થાણાં રહ્યાં તે તે ઠેકાણે પેશવાનો ભાગ થયો. એ વાત સંવત્ ૧૮૪૨ માં બની. પછી સંવત્ ૧૮૪૭–૪૮ માં મહારાજ રાયસંઘજી દેવ થયા, તેઓના બારમાને દહાડે કુંવર ભવાનસંઘજી ગુજર્યા. તે ભવાનસંઘજીની ઉમ્મર ૩૬ વર્ષની હતી.

એ ભવાનસંઘજીએ કુંવરપદે ચાંપાવત સૂરજમલજીને દગો કરીને સંવત્ ૧૮૩૬ ની સાલમાં મારી નાંખ્યા હતા. તેનું કારણ જે ઇડરમાં એક દિવાન અને એક પ્રધાન હમ્મેશાં હોય છે. તેથી સૂરજમલજી પ્રધાનપણું કરતા હતા. તે આપઅખતીઆરી કરવા લાગ્યા, ત્યારે ભવાનસંઘજીએ તેને મારવાનો વિચાર કર્યો, ત્યારે તે વાતની મહારાજ રાયસંઘજીને ખબર પડયાથી તેઓને મના કરી. પણ કુંવરે માન્યું નહીં અને કાંઈ બહાનું કરીને સૂરજમલજીને ડુંગર ઉપર રૂઠી

રાણીનું ભાળી ગામ છે ત્યાં લઇ ગયા અને ત્યાં તલ્વારના જખ્મથી મારી નાંખ્યા.

**સોરઠો**—ચાંપા ચૂક કરે, નેં રઇ જો મારત નહિ,
ગુજ્જર ધરાધરે, કરદે તો સજ્જે કમધ. ૧

**અર્થ:**—જો ચૂક કરીને રાજા ચાંપાવતને મારત નહિ, તો રાઠોડ સૂરજમલ ગુજરાત દેશ મહારજને ઘેર કરી આપત.

પછી સંવત્ ૧૮૪૮ માં ભવાનસંઘજીના કુંવર મહારાજ ગંભીર સંઘજી ગાદીએ બેઠા. તેઓનો જન્મ સંવત્ ૧૮૩૫ માં થયો હતો, માટે તેઓ તેર વર્ષની ઉમ્મરના હતા.

મહારાજ રાયસંઘજીના કુંવરો પાંચ હતા, તેઓનાં નામઃ મોટા ભવાનસંઘજી, બીજા જાલમસઘજી, તેને મોડાસા પરગણું મળ્યું હતું, તેનો વંશ નથી. ત્રીજા સગરામસંઘજી, તેઓને અહમદનગર મળ્યું. પાંચમા અંદરસંઘજી, તેઓને ગામ સુઅર વગેરે મળ્યાં.

જ્યારે ભવાનસંઘજી ગુજર્યા ત્યારે કાકો જાલમસંઘજી ગંભીર-સંઘજીને ખોળામાં લઇને ગાદી ઉપર બેસતા હતા અને રાજ કરતા હતા. એવામાં બધા સરદારો ચાંપાવતીની હવેલીએ એકઠા થયા અને દિવાનજી, વીજાપરના બારોટ મહોબતજી હતા તે પણ સરદારો ભેગા થયા; અને વિચર્યું જે એક મ્યાનમાં બે તલ્વારો સમાય નહિ, માટે આપણે જાલીમસંઘજીને કહેવું જોઇએ કે તમારે ગાદી ઉપર બેસવું નહિ. ગાદી ઉપર તો મહારાજ ગંભીરસંઘજી બેસે.

પછી એ રીતે મહારાજ જાલીમસંઘજીને કહ્યું ત્યારે જાલીમસંઘજી-એ પૂછ્યું કે મને શી સલાહ આપો છે? ત્યારે સરદારોએ કહ્યું કે તમે રાજવી છો, અમે તમને શી સલાહ આપીએ?

એવું સાંભળીને અંદરસંઘજી સિવાય રાજવી ત્રણ ત્રણ ભાઇઓ ઉઠયા અને પોતાના ઘોડા તથા પાળા લઇને નીસર્યા. તે સગરામ-સંઘજી અહમદનગર ગયા અને જાલમસંઘજીએ મોડાસા લીધું. અમર સંઘજી બાયડ ગયા.

એ રીતે મહારાજ ગંભીરસંઘજી નાના હતા, તેથી કાકાઓ વગર આપ્યે જગ્યાઓ દબાવી બેઠા. પછી એ બાબત બાલેટર સાહેબ-ની હજુરમાં સાદરે ફરિઆદ ચાલતી હતી. તે સાહેબ સંવત્ ૧૮૭૬ માં સાદરાની ગાદી ઉપર આવ્યા હતા, અને સંવત ૧૮૮૧ માં ગયા. ચોથા અંદરસંઘજી આંખે અખમ હતા. તેથી હજુરમાં રહ્યા. તેઓને સુઅરનો પટો મળ્યો હતો.

અહમદનગરના મહારાજ સગરામસંઘજી કહ્યા, તેઓના કુંવર કરણસંઘજી અને તેઓના તખતસંઘજી થયા, તેને જોધપુરની ગાદી મળી.

સુવરના મહારાજ અંદરસંઘજી, તેના હમીરસંઘજી, નાહરસંઘજી, સરદારસંઘજી, અને ભીમસંઘજી, એ ચારે ભાઇઓ વિદ્યમાન હતા.

જ્યારે ગંભીરસંઘજી મહારાજની ઉમ્મર ૧૮ વર્ષની થઈ ત્યારે એટલે સંવત્ ૧૮૫૩ આશરેમાં મહારાજે કહ્યું કે ત્રણ ભાઇઓ વચ્ચે બે પરગણાં આપું, પણ ચાર પરગણાં દબાવી પડયા છે તે ખાવા દઈશું નહિ. આમ કહીને લડવા સારૂ ફોજ તૈયાર કરીને ઇડરથી પાંચ ગાઉ ઉપર હીંગળાજ ગામ છે ત્યાં મુકામ કર્યો.

ત્યારે અહમદ નગરના સગરામસંઘજી તથા મોડાસાના જાલમ-સંઘજી એ બે મળીને મહારાજ સામા લડવા આવ્યા અને ત્યાં લડાઈ થઇ. તે વખતે બંને તરફ તોપો પણ હતી. તેથી બંને તરફનાં ઘણાં માણસ મરાયાં; પણ સાંઝે લડાઈ બંધ રહી અને બીજે દહાડે મહુવાણ તથા ચાંપાવત અને જોધા પછવાડે હતા તેઓ આવી પહોંચ્યા, અને તેઓએ સામાવાળા ઉપર પત્ર લખી મોકલ્યો, જે હવે તમારા સામા અમે લડવા આવ્યા છીએ, માટે તમારે તૈયાર થવું. અમે અહમદનગર પણ છોડીશું નહિ.

એવામાં મહારાજ ગંભીરસંઘજીના પટાવત ટીટોઈના ઠાકોર ભવાનસંઘજીએ પીસ્તોલ બે ચાર દિવસ ઉપર ભરેલી, તે ઉપર બદીયાન મૂકીને વછોડવા માંડી, પણ છૂટી નહિ, એટલે પથારી સ ફ

કરીને વછોડતાં પીસ્તોલ ફુટી, તેથી હાથ ફાટી ગયો; તેથી ખોટા શુકન જાણીને મહારાજ ગંભીરસંઘજી ફોજ લઇને પાછા ઈડર ગયા. અને ભવાનસંઘજીને ટીંટોઈ તરફ લઇ જતાં ગામ મઉ પાસે ભવનાથ મહાદેવ પાસે દેહ છૂટયો.

પછી મોડાસાના મહારાજ જાલમસંઘજીએ પોતાની આસપાસનાં પારકા જીલ્લાનાં ગામો દબાવા માંડયાં. આમલીઆરાનાં, તથા માલપરના રાહોડનાં તથા મોનપરનાં અને સરડોઇ વગેરેનાં રેહેવરોનાં ગામ દબાવવા સારૂ મારવાડી વગેરેની ફોજ ભેળી કરી.

એ પ્રથમ માહાલપર ઉપર આશરે સંવત્ ૧૮૫૫ માં ચડાઇ કરી; ત્યારે માલપરાના રાઠોડ પાસે ૮૦૦ સરબંધી હતા, અને મહારાજ જાલમસંઘજી પાસે ૫,૦૦૦ માણસોની ફોજ હતી. તે માહાલ-પરવાળા સાથે મહારાજે ત્રણ દિવસ સુધી લડાઈ કરી. આખર માલપરના ઠાકોર રાવળ જાલમસંઘજીને મારીને માલપરમાંથી રાઠોડોને કાઢીને ગાદીએ પોતે બેસીને આઠ મહીના સુધી અમલ કર્યો અને તેનાં ગામોમાં થાણાં બેસાડયાં. એટલે તે રાઠોડો બહારવટે નીસર્યા અને મોડાસા પરગણાનાં ગામો બાળવા માંડયાં; અને લોકોને હેરાન કર્યા. ત્યારે માલપરની સલામી રૂ. ૬૦૦ અને માંગોડીના રૂ. ૫૦૦) લેવા ઠરાવીને તે ગામો રાઠોડોને પાછાં સોંપ્યાં. તે સ્વર્ગવાસી જાલમ સંઘજીના કુંવર રાવળજી તખતસંઘજીએ પાછાં આબાદ કર્યાં.

સંવત ૧૮૮૧ માં કુંવર ઉમેદસંઘજી દેવ થયા. તેની સાથે તેમની બે રાણીઓ તથા એક દાસી સતી થઈ. તે કુંવરજી સીતળાના રોગથી ગુજર્યા. તેની ઉમ્મર વર્ષ ૨૭ ની હતી.

સતી થયેલી રાણીઓ: (૧) ધરોળના ઠાકોર રતનશંઘજી ચહુ-વાણની દીકરી, (૨) માનસાના ઠાકોર પીખુજી ચાવડાની બેન, (૩) રાખેલી ખવાસણ. એ ૩ સતીઓ થઇ અને બીજી બે રાણીઓને સત આવ્યું નહિ; તેનાં નામઃ (૧) વાંચવાળાની રાજાની દીકરી,

(૨) દેવળીઆના રાજાની દીકરી. એ વિધવાઓ પોતાના **પીયરમાં છે.**

## કુંવર ઉમેદસંઘજીનું ગીત

**देण मोज आधार गज बाज अतदूथियां,**
**ग्यान गंभीरसुत समत गूढो;**
**चाव चित रखण चहुवाण अर चावडो,**
**वभो सुरपत तणो वेणवूढो. १**

**અર્થ:**—કવિઓને ગરાસ, હાથી, ઘોડા ઘણા આપનારો, ગૂઢ જ્ઞાનવાળો, સુબુદ્ધિવાળો, ગંભીરસિંહનો પુત્ર, તેનું મન ચાહીને રાખનારી ચહુવાણી તથા ચાવડીજી તે સુધાં ઈંદ્રનો વૈભવ લેવા ગયો. ૧

**साल सम वादियां दखण दल साझणे,**
**झाल अरडाटणो खगां बल झोक;**
**तरण जेम भाल उघोतकारी तवां,**
**लाल सतियां सहित गयो सरलोक. २**

**અર્થ:**—શત્રુનું સાલ, દખણીની ફોજ તોડનારો, તલ્વારના જોરથી શત્રુને ઝાલીને ડાટનારો, જેનું કપાળ સૂર્યના જેવું તેજસ્વી છે તે લાલ સતીઓ સુધાં દેવલોક ગયો. ૨

**करी खोटय हरी अझा उपर कहां;**
**जरी न हस पातां गरजसा भेद;**
**राणियां तलक साथे करी राठवड,**
**अमरची परी अंद्र हुवो उमद. ३**

**અર્થ:**—પૃથ્વી ઉપર શું છે ? એમ જાણીને ખોટી કરી, અને નદીઓને સમુદ્રની ભેટની પેઠે રાણીઓમાં મુખ્ય રાઠોડજી સાથે જઈને દેવની અપસરા થઇ અને ઉમેદસંઘ ઈંદ્ર થયો. ૩

**चमर ढलतां थकां साम चहुवाणरो,**
**आथ कवो वाणरो करम पह माण;**

**धणी होय मालिया कुंवर जोधाणरो,**
**भुवन शक तणे हिंदुवाणसे भाण. ४**

**અર્થ:**—માથે ચમર ફરતાં છતાં ચહુવાણીનો ધણી, કવિઓની દોલત, નિશાની રાખવા સારૂ, ધણી થઇને જોધા કુળનો કુંવર ચાલ્યો, જાણે ઈંદ્રને ઘેર હિંદુઓનો સૂર્ય. ૪

**सूर अर शशी लग हरोगज साहरो,**
**परम पद, पामसि असी पूरो:**
**भेटशे वभो सुर तणां उमेदसी,**
**भेटशे पछय गौलोक भूरो. ५**

**અર્થ:**—ગજશંઘના કુળનો સૂર્યચંદ્રની અવધ સુધી મોક્ષ પામશે એવો પૂરો, ઉમેદસિંહ દેવનો વૈભવ લેશે, પછી તે ગોરો ગૌલોક જશે. ૫

એ કુંવરનું મોત સાંભળીને ઈડરમાં રાવળ રઘનાથ ભૂધર ઔદીચ્ય બ્રાહ્મણ નાણાવટી હતો, તેને ગભરાટ થયો, કે દરબારશ્રીની વૃદ્ધાવસ્થા છે, માટે તેમના પછી આપણો ધણી કોણ થશે? એવી ઉદાસીથી કોઠી સાથે માથું પછાડયું, ત્યારે કોઠી ઉપર લોઢાનો દશશેરો હતો તે ગબડીને તેના માથા ઉપર પડયાથી માથું ફૂટી ગયું, તેથી તે મરી ગયો, તેથી તેના દીકરાને દરબારે મોજે માથાસૂળ બક્ષીસ ત્રાંબાપત્રે લખી આપ્યું છે; તે હાલ સુધી ખાય છે.

સંવત્ ૧૮૮૮ ના શ્રાવણ શુદમાં લાલજી જવાનસંઘજીનો જન્મ થયો. તે પછી આશરે ત્રણ માસ જતાં મહેરબાન આસકીન સાહેબની સવારી ઈડરમાં આવી; ત્યારે મહારાજ ગંભીરસંઘજીએ તે સાહેબને દરબારમાં બોલાવીને સર્વે સરદારો સમક્ષ કુંવરજીને લાવીને સાહેબને ખોળે આપ્યા; અને કહ્યું કે હવે મારી તો વૃદ્ધાવસ્થા છે, માટે આ કુંવર હું તમને સોંપું છું, તેને તમે રાજ્ય કરાવશો તો કરશે.

ત્યારે સાહેબે મહારાજને હિમ્મત આપી. પછી સંવત્ ૧૮૯૦ ના શ્રાવણ વદી ૧૧ ને રાજ મહારાજશ્રી ગંભીરસંઘજી દેવ થયા. ત્યારે ૧૩ સતી થઇ અને કુંવરજી જવાનસંઘજી માતાજી ચાવડીજી ફુલકુંવરજી કુંવરને મોટા કરવા સારૂ રહ્યાં.

## કવિત્ત

**पडे नक्षत्र भुवपंथ, धरा कन्है, कंपन हइ धर;**
**सुरभी निशा सहाय, शब्द कठित विललातकर;**
**ईंद्रव्रषा तुछ अंब, व्रषा अनमंत उपलव्रह;**
**तेजखंड भये तंड, गंड घुमंड मारुतह;**
**अस उद्‌घट ओसुगन आगमन, हा भावी बल होय हो**
**तण माट हुवो ओतम वपु, भूप भाणकुल भाण भो. १**

**અર્થ**:—જે વર્ષમાં મહારાજ ગંભીરસંઘજી દેવ થયા, તે વર્ષમાં પૃથ્વી તરફ તારા ખર્યા, ધડાકા થયા, ભૂકંપ થયો, પૃથ્વી ગાયો ની રક્ષા મૂકીને, કરૂણ શબ્દ દુઃખથી કરતી હતી. ઇંદ્રે થોડા પાણીનો વરસાદ કર્યો અને વ્રષ્ટિ સાથે પથરા એટલે કરા પડયા. માર્તંડ જે સૂર્ય તે તેજભંગ થયો. આ પવન ઘણા ઘુમાડીઆં ખાતો હતો. એવાં અઘટિત અપશુકન ભવિષ્ય થવાનાં થયાં, અને હોનાર બનાવનું જોર થયું. તેથી સૂર્યવંશી સૂર્ય જેવો રાજા ઉત્તમ દેહ એટલે દેવ રૂપ થયો. ૧

**भूपत पडे गंभीर अभंग हिंदु आण उजागर,**
**सुनी सबे रनिवास, हरखी सतियां कहे हरहर;**
**तके वंश तारवा, सथा ब्रह्म पखां चढावां,**
**साथ करो सामरो निसि होत असो नृपराजरो**
**हुओ प्रभात हलामणो. २**

**અર્થ**:—હિન્દુઓમાં જાગતી જ્યોત જેવો અને અડગ ગંભીરસંઘજી રાજા પડયો, તે વાત સાંભળીને રાણીવાસની બધી રાણીઓ સતિયો હરખીને શિવ શિવ કહેવા લાગી અને તેઓ વંશને તારવા સારૂ અને માબાપ

તથા સ્વામી; અને એ ત્રણે કુળને ઉજળાશ ચઢાવવા સારૂ કહેવા લાગી કે સ્વામીનો સાથ કરીએ. સાત એવી રીતે ગઈ, પછી રાજાધિરાજનું પ્રભાતે સિધાવવું થયે.

**गजनाद घणकार, तांत झणकारत वामा,**
**त्रहक त्रहक त्रांबलु डहक करताल ददामा;**
**अमंगल मंगल असो नसो तण घडी व्रतायो;**
**जण वनितारो जूथ सयूह जातरा सिधायो.**
**सो गंभीर नृप सतियां सहित, हा हसत मुख हंडली,**
**ले चल्यो अस्त पामण कजे, मयंक उडगण मंडली. ३**

**અર્થ:**—ઘણકાર શબ્દની ગર્જના થઈ. તેવામાં સરોદા વગેરેની તાંતના ઝણકાર થયા. ત્રાંબાળી નોબતો ત્રહક ત્રહક વાગવા લાગી. કરતાલાં અને નગરાં ડહક ડહક વાગ્યાં; અમંગળિક સમે ભેળું મંગળિક થયું તેવું ઘડીએ વર્તાયું. અને જે સ્ત્રીઓનો જથ્થો રાજા સહિત જાત્રાએ ગયો તે વેળા ગંભીર રાજા સતિયો સહિત જાણે હાથીના મોંઢા આગળ હાથણીઓ ચાલી અથવા જાણે કે અસ્ત પામવા સારૂ ચંદ્રમાં તારાઓની મંડળી લઇને ચાલ્યો હોય તેમ સ્વર્ગે સંચર્યો.

**हा हस्ती हींडती, आणंद करती उक सति;**
**पग पग जस पावती, कर्म अश्वमेध करती,**
**दान पुण्य दे यति, नेह तोडती पुरंनर.**
**ध्यान साम धरती, पंड मानती तृणपरि.**
**कुण विरद प हि सतियां कहुं, पण में पहडी पारखी**
**आ स्त्रीओ अबला अवर, आ सबला शूर सारखी ४**

**અર્થ:**—તે સ્ત્રીઓ હસતી હસતી હીંડતી, આનંદ કરતી અને ઉત્કંઠા ધરતી, પગલે પગલે જશ પામતી, અને અશ્વમેધ યજ્ઞ જેવું કામ કરતી; દાન પુણ્ય કરતી અને શહેરથી તથા રૈયતથી સ્નેહ તોડતી; સ્વામીનું ધ્યાન ધરતી અને પોતાના શરીરને તણખલાના જેવું

ગણુતી; આ સતીઓની ટેક કેના જેવી કહું? પણ મેં એવી પરીક્ષા કરી કે બીજી સ્ત્રીઓનાં નામ અબળા કહેવાય, પણ આ સબળા શૂરવીરો જેવી છે.

**अंतथान उपरी आय सतियां अणवारे,**
**पतंग करी प्रणाम आदि कथ ए उचारे,**
**हे दिनकर! हे देव! सह तुम सति सुहाइ,**
**शुध इडर सामरो सामतण भान सदाइ.**
**कर जोड अरज वंदन करे उर धर ध्यान अनूपरा,**
**मरडा अश कति हाली मसत, अरडरथी रही उपरा. ५**

**અર્થ:**—અંતસ્થાન એટલે સ્મશાન ઉપર તે સમે સતીઓ આવી અને સૂર્યને પ્રણામ કરીને પ્રથમ એવી કથા બોલી કે હે સૂર્ય! હે દેવ! તમે સતિઓના સાચા મદદગાર છો, અમારો સ્વામી શુધ ઈડરનો સ્મિતતેજ હજો અને અમે હમેશાં તેની પૃથ્વીમાં હજો; એ રીતે હાથ જોડીને વંદન કરી, અરજ કરી, મનમાં ઉત્તમ ધ્યાન ધરીને ને શક્તિઓ મરડાઈને ઉત્તમ થઈ ચાલીઓ, ને નિર્ભય થઈને ચિતા ઉપર રહી.

**भूपत धन्य भाटीयां पृथ्वी जस वास प्रमाणां,**
**शीसोदा धन्य साख, साख धन्य हे चहुयाणां.**
**धन्य साख चावडा, उमर सौ भाग्य वडाले,**
**धणी साथ धरुव धडे, पावक तन सती प्रजाले,**
**कहे साख साख धन्य धन्य कवि इ पति धन्य नृप तो परणियां**
**सामरो नाव भवसिंधुसे, तारण झो का तरणियां. ६**

**અર્થ:**—તે રાણીના પિતા ભાટી રાજા ધન્ય છે, જેનો વંશ પૃથ્વીપ્રમાણ રહ્યો છે. વળી શીશોદીઆની શાખને ધન્ય છે અને ચહુવાણની શાખને ધન્ય છે, ચાવડાની શાખને ધન્ય છે, કે જેઓનો

આડંબર અને સૌભાગ્ય મોટાં છે. સ્વામીની સાથે અચળ ધારણાથી સતિઓએ અગ્નિમાં શરીર બાળ્યાં. કવિ કહે છે કે તે દરેક શાખને ધન્ય છે અને જે સ્વામી તેને પરણ્યો તેને પણ ધન્ય છે, જાણે કે ભવસાગરમાં સ્વામીનું નાવ તારવા સારૂ હોડીઓ ઝૂકી.

**मंड वंश मरजाद मंड आनंद अतिय मन,**
**मंड रसन हरि मंत्र मंड वैराग्य साधुजन;**
**मंड कंप कायरा मंड क्षत्रिय पुरुषातन,**
**कमध मंड थरु क्रीत, क्रीत कर मंड सुजस क्रम.**
**वड मंडि संसार विच, साम साथ तन छंडियां,**
**पतनी गंभीर चितापरे, प पग मंडे मंडियां. ७**

**અર્થ:**—વંશની મર્યાદા માંડી, અને મનમાં અતિશય આનંદ માંડયો, જીભે હરિ નામનો મંત્ર માંડયો, અને સાધુ જનના મનમાં વૈરાગ્ય માંડયો, કાયરને કંપ થવા માંડયો, ક્ષત્રીઓને શૂર ચઢવા લાગ્યું, રાઠોડોની અચળ કીર્તિ માંડી, અને કીર્તિ કરે એવાં સુજશનાં કર્મ માંડયાં. સંસાર વચ્ચે મોટો ધર્મ માંડીને, સ્વામીની સાથે શરીર છોડયાં. ગંભીરશંઘજીની પત્નીઓએ ચિતા ઉપર પગ માંડવાથી એટલાં વાનાં મંડાયાં.

## તે સતિઓનાં અને તેમના પીયરનાં નામ

૧. દોલતકુંવરીઃ મારવાડમાં ગામ એશિયાના ભાટી, તે જેસલમેર-વાળાના ભાયાતની દીકરી.

૨. જશકુંવરીઃ ઈડરવાડાના ગામ ધરોળના ઠાકોર રતનશંઘજીની બહેન.

૩. અજબકુંવરીઃ દેવળીયાના શીશોદીયા સામતસંઘજીની દીકરી, પ્રતાપગઢ પાસેના.

૪. લાલકુંવરીઃ વસવાળાના શવજી વજેસંઘજીની દીકરી.

૫. તખતકુંવરીઃ માણસાના ઠાકોર સબળસિંહજીની બહેન.

૬. ચંદાકુંવરીઃ ઈડરવાડામાં ગોરલના ઠાકોર જાલમસંઘજીની દીકરી.
૭. વદનકુંવરીઃ માળવામાં ગામ મોઈના ભટીની દીકરી.

મહારાજ ગંભીરસંઘજી પડયા પછી માસ ૭ જતાં મહેરબાન આસકીન સાહેબે પોતાની સ્વારીનો મુકામ ત્રણ મહીના સુધી ઈડરમાં રાખ્યો અને તે રાજાને માથે કરજ હતું, તથા પટાવતો હરકત કરતા હતા, માટે સાહેબે ઈડરમાં જપ્તી મેલી અને સંવત્ ૧૮૯૦ ના જેઠ માસમાં મહારાજ જવાનસંઘજીને રાજ્યાભિષેક કર્યો. તે સમે ગામ ધારપર રજુ બાહર નાથજીને ત્રણ ભાઈઓ વચ્ચે બક્ષીશ આપ્યું.

પછી સંવત્ ૧૯૦૨ માં ગામ લાલોડું રૂ. ૧૫૦૦ ની પેદાશનું, તે ઈડરમાં ગોપીનાથજીનું મંદિર કરાવીને તેની આજીવિકા વાસ્તે તાંબાપત્રે લખીને સ્વામીનારાયણના આચાર્યજીને બક્ષીસ આપ્યું. સંવત્ ૧૯૦૭ માં ગામ ધાંમડી ગોવિંદને બક્ષીશ આપ્યું. એ બે ગામ મહેરબાન વાલેસ સાહેબના વખતમાં આવ્યાં.

ગંભીરસંઘજી દેવ થયા ત્યારે દીવાનજી કાયથ સાધુરામજીના ભાઈ લેખજી હતા અને પૂછણું કુકડીઆના ઠાકોર દરજણસંઘજીનું હતું.

ત્યારપછી બાપુજીની મરજીથી માણસાના ઠાકોર પથુજી તથા મુટેડીના ઠાકોર જામલસંઘનું પૂછણું થવા લાગ્યું, એટલે દરજણસંઘજી રીસાઈને ઘેર ગયા. એ ગંભીરસંઘજી મહારાજનો એવો ચાલ હતો કે સરબંધી રાખીને ચડાઈ કરવી, ને પોતાનાં પટાવતોનાં ગામ પણ મારવાં.

સંવત્ ૧૮૬૦ માં મુંટેડીનાં બાર ગામો લુટયાં હતાં. તે સમે મહારાજ ગાયકવાડ સરકારની ફોજ લીધી હતી, તથા પોશીના ગામ માર્યું હતું. તેમ સંવત્ ૧૮૫૮ માં ગામ મઉ માર્યું હતું. સંવત્ ૧૮૭૨ માં ઉંડણી ઉપર ચડાઈ કરી આવીને ગોળા માર્યા હતા, તેમજ રૂપાલના ઠાકોર ફત્તેહસંઘનું ક્રીડી ગામ સંવત્ ૧૮૮૪ માં માર્યું હતું. તે સમે ઠાકોર ફતેસંઘે પાલણપર જઈને ત્યાંના મેહેલ સાહેબ પાસે એ બાબતની ફરિયાદ કરી હતી; ત્યારે તે સાહેબે મહારાજને

પાલણપુરમાં બોલાવ્યા હતા અને મહારાજને ત્યાં છ મહીના સુધી રહેવું પડયું હતું.

તે સમે ત્યાંના દીવાનજી શ્રી ફત્તેહખાનજીની મા માજીબાઇએ મહારાજશ્રીને ભાઈ કરીને બોલાવ્યા અને રાખડી બાંધી હતી. "જે કોઈ ધર્મનો ભાઈ માને છે, તે બાઈ બળેવ ઉપર ભાઇને રાખડી નિમિત્ત પોશાક વગેરે મોકલે છે, ત્યારે તે ભાઈ વીરપસલી ઉપર તેથી વધતી કિમ્મતના રૂપૈયા મોકલે છે." હાલ ફતેખાનજી બીબી મહારાજ જવાનસંઘજીને રાખડી મોકલે છે અને જવાનસંઘજી તેને વીરપસલી મોકલે છે.

મહારાજ ગંભીરસંઘજીએ મેઘા નામની હાથણી એ માજી બાઇને આપી હતી. એ માજી બાઇનો એવો ચાલ હતો કે ફત્તેહખાનજી કોઈ ચારણ કે ભાટને બે રૂપૈયા આપે ત્યારે તેમાંથી દર રૂપૈયે એક આનો માજીબા કાપી લેતાં હતાં. તેનો એક સોરઠો કોઇ કવિએ કરેલો છેઃ

**सोरठो—दो रुपिया देवेय आना दो लवे अरा;**
**तुं पवे तेदेय माजीबा दौलत मली.**

મહારાજ ગંભીરસંઘજીની વિશેષ હકીકત તેમના પટાવતોના ઇતિહાસમાં આવશે.

# પ્રકરણ ૯ મું

## મુટેડી ચહુવાણનો ઇતિહાસ[1]

મારવાડમાંથી મહારાજ આણંદસંધજી સાથે ચહુવાણ માનસંધજી અને તેનો કુંવર જોરાવરસંધજી આવ્યા હતા. તે પછી તે મહારાજે જોરાવરસંધજીને મુટેડીનો પટો આપ્યો હતો. જોરાવરસંધજીના ભાઈ રઘનાથસંધજીને ગોતાનો પટો મળ્યો.

જ્યારે પાલણપરની ફોજ ગઢવાડા ઉપર આવી હતી, ત્યારે મોજે મહાવડવાળાએ મુટેડીએ આવીને ઠાકોર જોરાવરસંધજીની મદદ માગી અને કહ્યું કે અમે વટલેલા પણ ચહુવાણ જાતે છીએ; માટે તમારે જાતભાઇની મદદ કરવી યોગ્ય છે. પછી તે સહુ સ્વાર લઇને ગઢવાડામાં ૨૭ ગામો બાદ રાખ્યાં અને ફોજ સાથે લડાઈ કરી.

### વંશાવળી

| | |
|---|---|
| મુટેડીના જોરાવરસંધજી, તેના પુત્ર કહળસંધજી, તેના દોલતસંધજી | ગોતાના રઘનાથસંધજી, તેના પુત્ર સુરતસંધજી, તેના ઉદેસંધજી |

દોલતસંધજીની ગાદીએ ઉદેસંધજી બેઠા. તેના પુત્ર જાલમસંધજી અને તેના પુત્ર સૂરજમલજી.

ઉપર લખેલા દોલતસંધજીને શિકાર કરવાનો બહુ શોખ હતો. તે પાણીના ઘાટ ઉપર ખાડો ગાળીને માંહી સંતાઇને બેસે, જેને ઓદી કહે છે. પછી જનાવર પાણી પીવા આવે તેને ગોળીથી મારે. એમ કરતાં બંદુક ફાટી, તેના જખમથી દોલતસંધજી મરણ પામ્યા હતા.

ઉદેસંધજીના પિતા સુરતસંધજી પાસેથી એક સમે મહારાજ કુંવર ભવાનસંધજીએ મોજે ગોતા પટો પડાવી લેવાનું ધાર્યું હતું; કારણ કે પોતાનાં ઘણાંખરાં ગામો આપી દીધાથી પટાવતો હેઠે

---

૧. ઈડરના પટાવત મુટેડીના ચહુવાણોનો ઇતિહાસ: લખાવનાર: ગઢવી ધીરજી રતનસંધજી: ગામ કુવાવાના.

દબાવ્યાં હતાં, તે થોડે થોડે પાછાં લઇને ખાલસા કરવા ચાહતા હતા. વાસ્તે પ્રથમ સુરતસંઘજીના ઉપર મોશલ કર્યા, કે તમારા પટામાંથી એકાદ ગામ દરબારને સ્વાધીન કરો. એ વાત મહારાજ સવસંઘજીને ગમતી નહોતી અને સવસંઘજીની ઉમ્મર આશરે ૪૫ વર્ષની હતી અને કુંવરશ્રી ભગવાનસંઘજીની ઉમ્મર આશરે પચીશ વર્ષની હતી. તેથી મહારાજશ્રીના મનમાં કુંવરજીનો ડર રહેતો હતો, તેથી તેને કાંઇ વધારે કહી શકતા નહીં.

પછી તે સુરતસંઘજી વખે (બહારવટે) નીકળ્યા. તે પાલ્યથી પૂર્વ ઉત્તરમાં પહાડો તથા જવાસ નામનાં ઉદેવ(પ)રનાં ગામો છે, ત્યાં પોતાના કબીલા સુધાં જઇને રહ્યા. અને પ્રથમમાં જ ભીલોડાનો ઘાંચી એક તથા એક વાણીઓ એવાં બે બાર (બાન) પકડયાં. તેઓ રૂ. ૫૦૦ દંડના આપીને છૂટયા.

પછી મોજે બળોલીના વાણીયાને તથા એક કણબીને પકડયા, તેઓને પણ દંડ લઇને છોડી મૂકયા. પછી મોજે ગલોડાનાં ઢોર લીધાં. પછી બ્રહ્માની ખેડ લુંટવા આવ્યા. ત્યાં ઇડરનું થાણું પચાશ ઘોડાનું તથા પચાસ પાળાનું હતું. તેઓની સાથે સારી પેઠે લડાઇ થઇ.

પછી ઇડરના મહાજન ખેરવાડા પાસે શ્રી રખભદેવની જાત્રા કરવા જતા હતા. તેઓની સાથે પચાસ વળાવા હતા. પછી મોજે થાણુ તથા કરાવાડા પાસે ઉતર્યા. ત્યારે ઠાકોર સુરતસંઘજી, મહાજન પાસે આવ્યા અને કહ્યું કે તમે આટલા બધા વળાવા શા વાસ્તે સાથે રાખો છો? તમારે કોનો ડર છે? ત્યારે મહાજનોએ કહ્યું કે આપ વખે છો, એ જ અમારે મોટો ડર છે. ત્યારે ઠાકોરે કહ્યું કે ઇડર તો અમારી મા છે, માટે માનો સાલ્લો નહીં તાણીએ; વાસ્તે તમારે નિર્ભય રહેવું.

એમ કહીને પોતે સાથે જઇને તેઓને જાત્રા કરાવી અને પાછા ઠેઠ ઇડર સુધી પહોંચાડયા. તે મહાજનોએ મહારાજશ્રીને તથા કુંવરજીને કહ્યું કે ઠાકોર સુરતસંઘજી ઇડર શહેરનાં માણુસોની

તો બરદાસ્ત રાખે છે, માટે તેઓને મનાવવા જોઇએ, પણ એ વાત કુંવરજીના દિલમાં ઉતરી નહિ.

ત્યારે મહારાજ શવસંઘજીએ કુંવરજીથી છાનો પત્ર સુરતસંઘજી ઉપર લખ્યો કે મારૂં થાળીનું ગામ ચોરીવાડા છે તે ગામ તમે મારશો, એટલે હું અન્ન ખાવું બંધ કરીશ; ત્યારે કુંવજી તમારી સાથે મેળાપ કરશે.

પછી તે કાગળ વાંચીને ધાડ ભેગી કરી અને આવીને ચોરી-વાડા ગામ લૂંટયું, બાળ્યું અને ત્યાંનાં બાન તથા હો લીધાં. તેની બૂમ ઇડરમાં આવી, ત્યારે મહારાજ સવસંઘજીએ જમવું બંધ કર્યું. એટલે કુંવરજીએ કહ્યું કે કાગળ લખીને સુરતસંઘજીને તરત તેડાવીએ અને તમે થાળ આરોગો.

પછી તેઓને તેડાવ્યા, તે ઇડરના અતીત મણિગરનો ગુરુ તથા બળવંતગરનો ગુરુ એ એની બાંહેધરી લઇને ઇડરમાં આવ્યા. ત્યારે કુંવરજીએ કચેરીમાં બોલાવ્યા અને ગુસ્સો કરીને કહ્યું કે તમે આટલું બધું અમારૂં નુકશાન શા વાસ્તે કર્યું? એમ કહીને ખૂબ ધમકી દીધી. ત્યારે સુરતસંઘજીએ પેલો સવસંઘજીનો પત્ર હતો તે કુંવરજીના હાથમાં આપ્યો. ત્યારે કુંવરજીએ દરબારશ્રીને કહ્યું કે આટલાં વાનાં આપે જ કરાવ્યાં છે, અને વળી અન્ન આરોગતા નહોતા?

તે સાંભળીને દરબારે ભોંય ખોતરી અને એ બાપદીકરા વચ્ચે વધારે દ્વેષ પેદા થયો. પછી દરબારશ્રીએ સુરતસંઘજીને કહ્યું કે મેં તારા સારા વાસ્તે સલાહ આપી હતી અને તેં આવી રીતે તે વાત જાહેર કરી, વાસ્તે હું જાણું છું કે તારૂં મોત નજદીક આવ્યું છે, તેથી તને એવી અક્કલ સૂઝી.

પછી સુરતસંઘજીનો પટો પાછો સોંપ્યો. પછી સુરતસંઘજી ૭ મહીના જીવીને સંવત્ ૧૮૦૧ માં ગુજરી ગયા. તેના પુત્ર ઉદેસંઘજીને મુંટેડી પટો વારસમાં મળ્યો. તેના પુત્ર જાલમસંઘજી આશરે સંવત્

૧૮૬૦ ની સાલમાં ગાદીએ બેઠા. તે સમે ઈડરની ગાદીએ મહારાજ ગંભીરસંઘજી હતા.

સંવત્ ૧૮૭૬ માં મોજે નાદરી તથા ધનાલ એ બે અસલ જાલમસંઘજીના તાબામાં હતાં. માટે દરબારે કહ્યું કે અમે એ બે ગામ ગુજરનાર ઠાકોરને જૂદાં આપ્યાં હતાં, માટે તમારા પેટનાં એ ગામો નથી, વાસ્તે દરબારને હવાલે કરો.

તે વાત જાલમસંઘજીએ કબૂલી નહિ અને વખે નીકળવાનો વિચાર કર્યો. તેવામાં મહીકાંઠાના પોલીટીકલને ઓદ્ધે બાલેટન સાહેબ આવ્યા. તેવામાં વાંકાનેરના ઠાકોર ધીરજી પણ દરબાર ઉપર બહારવટે નીકળ્યા હતા. તે વખાનું મૂળ પણ મોજે ચાંદણીથી થયું હતું અને ઘણાખરા પટાવતો દરબારના રૂપૈયા આપતા નહોતા, તેથી મહારાજ ગંભીરસંઘજીએ બાલેટન સાહેબની હજુરમાં ફરિયાદ કરી, ત્યારે તે સાહેબે ઈડરના તમામ સરદારોને સાદરે તેડાવ્યા અને દરબારના હક્કના રૂપૈયા બાબત કહ્યું. ત્યારે જેઓ રૂપૈયા આપતા નહોતા તેઓએ ભાંગ્યો જવાબ દીધો કે અમારા ઘરમાં રૂપૈયા નથી. અમે દરબારના ચાકર છીએ અને આ અમારાં માથાં છે, તે દરબારનાં છે. તે કરતાં અમારી પાસે આ ઘોડાં છે તે ખંડી રાખો.

એ રીતે ઉંડણી તથા કુકડીઆના કુંપાવત સિવાય સઘળાઓએ જવાબ દીધો અને માસ એક સુધી પંચાત ચલાવી. પણ કોઇએ રોકડા રૂપૈયા આપવા કબૂલ કર્યા નહીં. ત્યારે સાહેબે તે સરદારોના પગમાં બેડીઓ નાંખી; તેઓનાં નામઃ

૧: ડાબી બાજુએ બેસનાર મુટેડીના ઠાકોર જાલમસંઘજી.

૨: જમણી બાજુએ બેસનાર ટીટોઇના ઠાકોર કનકસંઘજી.

૩: વાંકાનેરના ઠાકોર ધીરજી, તે ચાંપાવત ખરા, પણ મુખ્ય આઠ પટાવતનો માંહી.

૪: ટોડડાના ઠાકોર પહાડસંઘજી તે ચાંપાવતના જીલ્લાયત એ ચારે જણને કેદ કર્યા.

૧: ડાબી બાજુએ બેસનાર મેઢાસણના ઠાકોર અજિતસંઘજી ચાર વરસની ઉમ્મરના હતા, માટે તેના કારભારી પાસેથી જબરદસ્તીથી મોજે રાયગઢ લખાવી લીધું.

૨: જમણી બાજુએ બેસનાર ઉડણીના તથા મેઢાસણના કુંપાવત પાસેથી ગામ મોજે માથાશૂળ લીધું. તે ગામ આંબલીના ઠાકોરનું હતું. તે ઠાકોર કુંપાવતના ભાયાત હતા.

૩: જમણી બાજુએ બેસનાર મઉના ગોપાળસંઘજી પાસેથી મોજે ધારાપર લીધું. તે ગામ મહારાજ જવાનસંઘજી પાટ બેઠા ત્યારે ગાવી ગુલા હરનાથજીને ત્રણ ભાઇઓ વચ્ચે બક્ષીસ આપ્યું.

૪: જમણી બાજુએ બેસનાર ગાંઠીઓલના ઠાકોર જેતાવત ગલાબસંઘનું ગામ મોજે ભૂતીયું લીધું.

૫: જમણી બાજુએ બેસનાર ચાંદણીના ઠાકોર ચાંપાવત રામસંઘજી પાસેથી બાર ગામનો હરસોલનો પટો લીધો.

ઉપર લખ્યું છે કે ચાર જણાઓને કેદ કર્યા, તેઓ વાંકાનેરના ઠાકોર ધીરજી વખે હતા, ત્યાંથી વીજાપરના ભાટની બાંહેધરી આપીને આપીને તેડાવેલા હતા. તે ધીરજી સાથે હથીઆરબંધ આદમી ઉપર હતા. ત્યારે મહારાજે બોલકોલથી ભરોંસો આપીને તે માણસોને કાઢી મૂક્યા. પણ ધીરજીનો ભાઈ ઉદરજી વર્ષ ૧૫ ની ઉમ્મરનો હતો તે ધીરજી પાસે હોકો ભરી આપવા સારૂ રહેલો હતો. પછી જ્યારે સરકારના સિપાઇઓને ઠેર માર્યા અને દશ જણને જખમી કર્યા, ત્યાર પછી ઉદરજી પણ મરાણો. તેના દોહા સોરઠા છેઃ

भाई तणे सर भार पडियो धीरा उपरे;
शस्त्रां वजाडे सार अवछर वरीयो उदलो ॥ १

कट आरब कटकाह प्रशण पगां तल पडीओ;
वबे होय वटकाह पक रुण वावे उदलो ॥ २

તે સમે ધીરજી પાસે બજજી નામનો એક રજપુત હતો, તે પોતાના ઘર તરફ નાસી ગયો.

**दोहरो—कबीला साथे चित्तकरे बेहतो गयो बजाय,**
**अपछर वरियो उद्दलो, मारु करे मजाय ३**

એ ધીરજી ૭ મહીના સુધી કેદ રહીને, પછી બેડીઓ તોડીને કોટ ઉપરથી પડતું મૂકીને નાશી ગયો. તે ફરી ફરીને ત્રણ વાર પકડાયો અને ત્રણ વાર નાશી ગયો અને બહારવટે જ મરી ગયો. તેના રાસડા ઘણા છે, તેમાં એવું એક ચરણ છે કે—

**धीरज तारो धाकथी कलकत्ते दीधां कमाड**

પછી તેના દીકરા હિતસંઘજીને તેનું વતન મળ્યું અને મુંટેડીના ઠાકોર જાલમસંઘજી ચાર મહિના સુધી કેદમાં રહ્યા. પછી સાઠ હજાર રૂપૈયા તથા મોજે ઓડું પોતાના ભાયાતનું હતું તે દરબારને આપીને કેદમાંથી છૂટયા; તથા મુંટેડીનું દાણ દરબારને આપવાનું કબૂલ કર્યું. અને દશ વરસ સુધીના ફેલ જમાન વીજાપરના ભાટ આપ્યા.

ટીટોઇના ઠાકોર ચાર મહીના કેદમાં રહીને દરબારના ચઢેલા રૂપૈયા શાહુકારને કબૂલાવીને છૂટયા. અને ટોડડાના ઠાકોર ચાર મહીના કેદમાં રહીને, મોજે પાલીની સલામીના દર સાલ રૂ. ૧૦ લેવાનો પોતાનો હક્ક દરબારને આપીને છૂટયા.

એ વખતે તે સરદારોએ બાલેટન સાહેબને માથે એવો બટ્ટો મૂકયો કે એક લાખ રૂપૈયા દરબાર પાસેથી લાંચ લઇને અમારો દંડ અપાવ્યો હશે. એ સમે ઇડરના કારભારી દામોદર બારોટ હતા.

મહીકાંઠા એજન્સીના દફતરદાર ઠક્કર નાનજીભાઇ હતા, તેના ઉપર સરદારોએ પોતાની પાસેથી લાંચ લીધાનું સાબીત કર્યું, તેથી સરકારે તેને બરતરફ કર્યો. તે પછી તેણે એક વર્ષ સુધી રાજકોટના રાજાનો કારભાર કર્યો; પછી ત્રણ વર્ષ સુધી ગોંડળના રાજાનો કારભાર કર્યો. તે પછી ભૂજમાં પોતાનું વતન હતું, માટે ૭ વર્ષ સુધી ત્યાં ઘેર બેસી રહ્યા. પછી આઠ વર્ષ શુધી ભૂજનો કારભાર કરીને સંવત્ ૧૯૦૭ માં તે ગુજરી ગયો.

મુંટેડીના ઠાકોર જાલમસંઘજી ૧૦ વર્ષના જમાન આપીને પોતાને ઘેર આવ્યા હતા, તેથી દરબાર સાથે મનમાં સંપૂર્ણ અંટસ રાખતા હતા. પછી જ્યારે તે દશ વર્ષ પૂરાં થયાં અને અગીઆરમું વર્ષ બેઠું તેને પહેલે જ દહાડે બંદુકોવાળા મકરાણી ૫૦૦ રાખીને પોતાના જીલાયતના સુદ્ધાં ૧૫૦ સ્વારો તથા પોતાના ત્રણ કુંવરો સૂરજમલજી, શેરસંઘજી અને ઉમેદસંઘજી સહિત જઇને ગામ ચોરીવાડ સંવત્ ૧૮૮૬ માં માર્યું. તે ગામ લૂંટયું તથા તેનાં ઢોર લીધાં અને બાન પકડયાં. તે વાત સાંભળીને મહારાજ ગંભીરસંઘજીએ તરત આવીને મુંટેડીથી ત્રણ ગાઉ ઉપર મોજે બળોલીએ મુકામ કર્યો અને ત્યાં વીજાપરના બારોટની બાંહેધરી આપીને ઠાકોર જાલમસંઘજીને તેડાવ્યા અને પૂછ્યું કે તમે શા વાસ્તે અમારૂં ગામ માર્યું? ત્યારે ઠાકોરે કહ્યું કે તમે અમારા સાઠ હજાર રૂપૈયા તથા દાણ અને મોજે કાનપર લીધું તે પાછું આપો; નહીં તો અમે તમારો દેશ લૂંટીશું.

પછી પંચાત કરીને મોજે કાનપર પાછું અપાવ્યું અને કસુંબા પીધા. એ સમે મહીકાંઠા જીલ્લાની સુપરત પાલણપરના મેલ સાહેબને હતી.

તે પછી ઠાકોર જાલમસંઘજી મુંટેડીમાં રહેતા હતા અને તેના ભાઈ અભેસંઘજીને મોજે ગોતા તથા રતનપરનો પટો આપેલો હતો. પણ તે ગુજરી ગયા અને તેને વંશ નહોતો. તેથી તે ગાસો જાલમસંઘજીએ નાના કુંવર ઉમેદસંઘજીને આપવાનો વિચાર કર્યો. પણ તેણે ધાર્યું કે એનો દાલાયદો પટો છે; માટે શ્રી દરબાર તાજમ આપે ત્યારે અપાય; માટે તે પૂછવા સારૂ પોતાના કારભારીને ઈડર મોકલ્યો.

તેણે જઇને દરબારને પૂછ્યું ત્યારે દરબારે કહ્યું કે તમે જે દિવસનું મુહૂર્ત ઠરાવશો તે દિવસે અમે આવીશું. પછી તે કારભારીએ પાછા આવીને પાઘડી બંધાવવાનો દિવસ ઠરાવ્યો અને દરબારશ્રીને બોલાવવા સારૂ ઈડર ગયા. ત્યારે દરબારશ્રી પોતે ન પધાર્યા, પણ

પોતાના કુંવર ઉમેદસંઘજીને મુંટેડીએ મોકલ્યા; તેઓ ત્યાં ગયા. એ કુંવરજીનું સગપણ ઠાકોર જાલમસંઘજીની દીકરી બાઈ ગલાબ કુંવરબા સાથે કરેલું હતું.

જાલમસંઘજીને બે ઠકરાણીઓ હતી. તેમાં એક તો પોતાના રાવજી વજેસંઘજીની દીકરી રાઠોડજી; તેને બે દીકરા અને એક દીકરી હતી. દીકરા સૂરજમલજી, તે તે સમે પંદર વર્ષની ઉમ્મરના હતા અને બીજા શેરસંઘજી તે બાર વર્ષની ઉમ્મરના હતા.

બીજી ઠકરાણી વરસોડના ઠાકોરની દીકરી ચાવડીજી, તેના કુંવર ઉમેદસંઘજી તે આઠ વર્ષની ઉમ્મરના હતા. તેથી જાલમસંઘજીનો વિચાર એવો હતો કે શેરસંઘજી તો ટીલાઇતનો સગો ભાઈ છે, માટે તેને તો તે ભાગ આપશે; પણ આ ઉમેદસંઘ ઓરમાન ભાઈ છે, માટે તેને કાંઈ આપશે નહિ. વાસ્તે તેને ગોતાનો પટો આપું તો ઠીક. પણ ઠકરાણી રાઠોડજીએ મહારાજ કુંવરજી શ્રી ઉમેદસંઘજીને કહેવરાવ્યું કે આપ પધાર્યા છો, તો તમારા સગા સાળા શેરસંઘજીને ગોતાની (પાઘડી) બંધાવવી જોઇએ.

વળી જાલમસંઘજીના કારભારી પરમા રતનો, તથા પાથો અથવા પાંતો હતો, તેઓની પણ એવી જ મરજી હતી, માટે તેઓએ પણ કુંવરજીને એ જ સલાહ આપી.

મુંટેડીમાં હંમેશાં ઝાઝા કારભારીઓ હોય છે.

**दोहरो:—मुटेडो मछरी करे, पांच सात प्रधान;**
**एक एकथी आगळा, काढी न शके कान.**

પછી તે કુંવરજીએ શેરસંઘને પાઘડી બંધાવી અને તાજમ પણ આપી. પછી પાછા ઈડર ગયા. તે ઉપરથી ઠાકોર જાલમસંઘજીને દરબાર ઉપર ખોટું લાગ્યું અને પોતાની ઠકરાણી રાઠોડજી ઉપર પણ ખોટું લાગ્યું અને તે ઠકરાણીના બે કુંવરો ઉપરથી મન ઉતર્યું.

આ બાપદીકરાને લડાઈ થવાનું મૂળ તથા ઘણાં માણસો અંગ્રેજ સરકાર વગેરેનાં મરાયાં; તેનું બીજ પણ એ જ છે.

એ શેરસંઘજીની તે દિવસથી ગોતે જઇને ત્યાં સ્વર્ગવાસી અભે-સંઘજીની ઠકરાણી રાઠોડજી હતાં તેને ખોળે રહ્યા અને તેનો તમામ વારસો એને મળ્યો. તેના પટાનું બીજું ગામ રતનપર, તેમાં શેરસંઘ-જીના ચાર પાંચ આદમી તે ગામની ચોકી કરવા રહેતા હતા. તે ગામ નજીક સેઢ સેઢ વળાસણાના ઠાકોર મોકમસંઘજીનું ગામ ખાસફી છે, તેમાં વળાસણાવાળાના આદમી રહેતા હતા.

પછી એક સમે ચોમાસામાં બંને તરફના લોકો શીમાડા ઉપર ખેડવા આવ્યા. ત્યાં શીમાડા બાબત ટંટો થયો. તે દિવસ તો બોડેલી-ના ઠાકોરે વચમાં પડીને બંને તરફનાં માણસોને વેરી નાંખ્યાં.

પછી તે માણસોએ પોતપોતાના ધણી પાસે ફરિયાદ કરી, ત્યારે બંને ધણીઓએ પોતપોતાનાં માણસોને એવો જવાબ દીધો કે તમે મરદ હતા કે કોણ હતા? એમાં અહીં શું ફરિયાદ કરવા આવ્યા? લઢી મરીએ નહિ?

પછી બીજે દહાડે તે હથિયારબંધ થઇ હળ લઇલઇને આવ્યા અને ખૂબ લડાઈ થઈ. ત્યારે રતનપુરનું એક માણસ મરાણું, બીજાં જખમી થયાં. એ વાત સાંભળીને શેરસંઘજીએ મુંટેડીએ જઇને પોતાના બાપને કહ્યું કે વળાસણાવાળાએ મારૂં એક માણસ માર્યું; વાસ્તે તમે મારી મદદ કરો, નહીંતર વળાસણામાં બે હજાર સરબંધી છે, તેઓને હું પહોંચીશ તો નહિ, પણ વળાસણાને પાદર જઇને લઢી મરીશ. પછી જેમ તમારી નજરમા આવે તેમ કરજો.

પછી ઠાકોર જાલમસંઘજી ફોજ કરીને વળાસણે ગયા, અને લડાઈ થઈ, એ સમે ઇડરના મહારાજની એવી મરજી હતી કે એમાંથી એક જે માર્યો જશે તેનું મારે સાલ ઓછું થશે.

મહારાજ પાસે મુંટેડીવાળા જાહેર કરવા ગયા ત્યારે મહારાજે ફરમાવ્યું કે વળાસણાવાળા જ્યારે તમારાં માણસને મારશે ત્યારે આપણી મારવાડીની શી લાજ રહેશે? અને ત્યારે તો તેઓ કોઈ

સુમે તમારી મુંટેઠી પણ દબાવી પડશે; માટે તમારે જોઇએ તો દરબારના સરબંધી તથા નાણાં મંગાવજો.

પછી વળાસણાવાળા દરબારને જાહેર કરવા ગયા, ત્યારે તેઓને પણ એવો જ જવાબ દીધો. વળાસણામાં દરબારનો અરધ ભાગ હંમેશાંથી છે. વળાસણામાં એક ભગતાણી માનસ નામે હતી, તે ઇડરના દરબારમાં કાંઇ સમાચાર કહેવા ગઈ હતી અને તે વકીલાત કરે એવી હતી.

વળાસણાવાળાની ફઇ વાસણે પરણાવ્યાં હતાં, તે વિધવા થયાથી પીયરમાં રહેતાં હતાં. તેની પાસે એ વેરાગણ ચાકરીમાં રહેતી હતી. તેણે દરબારશ્રી આગળ કહ્યું કે મુંટેડીવાળા સાથે બધા મારવાડી સરદારો મળીને વળાસણે લડવા આવ્યા હતા, તેઓને મારીકૂટી ઘસરડીને કાઢી મૂક્યા.

એવે સમે દરબારશ્રી પાસે કુકડીઆના ઠાકોર અરજણસંઘજી બેઠા હતા, તેઓના મનમાં એ વાત સાંભળીને બહુ માઠું લાગ્યું, કેમકે તેનો દીકરો તથા ભાઇઓ પણ મુંટેડીવાળાની સાથે હતા. તેથી તેમણે જાલમસંઘજી ઉપર પત્ર લખ્યો જે વળાસણ માર્યા વિના આવો તો ઇડરમાં મોંઢું દેખાડશો નહિ; અને રૂપૈયા જોઇએ તો પચાસ હજાર રોકડા મારા ઘરમાં છે, તે સઘળા તમારા છે.

તે પત્ર વાંચીને ઠાકોર જાલમસંઘજીએ હલાં કરી અને આગલે દહાડે પણ થોડીઘણી લડાઈ થઈ હતી ત્યારે ઉંડણીના કારભારી મહેતા ઇચ્છા જીવણ વચમાં નિવારણ કરવા પડયા હતા, તેની ઘોડીને ગોળી વાગ્યાથી ઘાયલ થઈ હતી, તે છ મહીના જીવીને પછી મૂઈ.

બીજે દહાડે હલાં કરી, ત્યારે વળાસણાની તરફના મોજે ખાસકી-ના ઠાકોર મરાણા, વળાસણા લૂંટયું, બાળ્યું અને ત્યાંનાં ઢોર તથા બાન લીધાં, તથા મોજે ફેચોડનાં ઢોર પણ જાલમસંઘજીએ લીધાં અને જાલમસંઘજી તરફના પરમાર રામાજી વજેજી ઘોડેથી પડયા ને ઘોડો હાથથી છૂટયો, તે વળાસણાવાળાને હાથ લાગ્યો.

ઓડેલીના ઠાકોરનું માથું જાલમસંઘજીએ કાપી લીધું હતું, માટે કહ્યું કે અમારો ઘોડો આપો તો માથું પાછું આપીએ. પછી તેઓએ ઘોડો પાછો આપ્યો નહિ, પણ લોકોએ જાલમસંઘજીને કહ્યું કે તમે સમજુ છો, માટે રજપૂતનું માથું રાખવું યોગ્ય નથી. પછી તે માથું પાછું આપ્યું. અને ઘોડા બાબતનું વેર રહ્યું. પણ પછી તો અંગ્રેજ સરકારનો દિનપરદિન મજબુત બંદોબસ્ત થતો ગયો, તેથી વેર ઘસાઇ ગયું. પણ તથાપિ કેટલાએક મન મનમાં એવું સમજે છે કે અંગ્રેજ સરકારનું રાજ નહિ હોય ત્યારે એક બીજાનું વેર વાળીશું.

એ પછી સહુ સહુને ઠેકાણે ગયા. તે પછી સંવત્ ૧૮૮૩ માં મોજે ગોરલના ઠાકોર ચહુવાણ જાલમસંઘજી ગુજર્યા. તેઓને દીકરો નહોતો અને એક દીકરી ચાંદબાઈ નામે હતી, તે મહારાજ શ્રી ગંભીરસંઘજી વેરે પરણી હતી. ત્યારે મહારાજે કહ્યું કે મારા સસરાનું ગામ મને કન્યાદાનમાં આપેલું છે. તે માટે ખાલસા કરીને અથવા તે રાણીજીની હાથખરચીનું કરીને ત્યાં થાણું રાખીશું, અને મારી સાસુ ઓરમાઈ છે તેને અન્નવસ્ત્ર વગેરે જે જોઇએ તે અમે આપીશું, અને એ સાસુની મરજી પણ તે ગામ મહારાજશ્રીને આપવાની હતી. ત્યારે મુંટેડીના ઠાકોર જાલમસંઘજીએ કહ્યું કે એ તો મારા બાપનું ગામ છે, અને સ્વર્ગવાસી જાલમસંઘજીનો વારસદાર હું છું, એમ કહીને જબરદસ્તીથી મૂછ મુંડાવીને સપિંડી શ્રાદ્ધ વગેરે ક્રિયા તેમણે કરી. એ ક્રિયા મહારાજશ્રીને પોતાને કરવાને મરજી હતી. પણ જાલમસંઘજીએ કહ્યું કે તમે વેર કરશો તો, મુંટેડીનો પટો છોડીને અમે બહારવટે જઇશું.

પછી મહારાજે ડરીને વિચાર્યું કે વળી કોઈ સમે જોઈ લઇશું, પણ હાલ તો તેમને રાજી રાખવા. પછી તે ગામ મુંટેડી તાબે કર્યું. તેને વરસ એક થયું ત્યારે ઠાકોર જાલમસંઘજીએ પોતાના પાટવી કુંવર સૂરજમલજીને કહ્યું કે પ્રથમ ગોતા તથા રતનપોરનો પટો ઉમેદસંઘજીને આપવાનો મારો વિચાર હતો, તે તમારી માએ તમારા

સગાભાઈ શેરસંઘજીને અપાવ્યો, વાસ્તે આ ગોરલ ગામ એક ઉમેદ-સંઘજીને આપો.

તે વાત સૂરજમલજીએ કબૂલ કરી નહિ, ત્યારે ઠાકોર જાલમ-સંઘજી ગુસ્સે થઈ રીસાઇને જોધપુરમાં મહારાજ માનસંઘજી પાસે ગયા. ત્યાં છ મહીના સુધી રહ્યા, પણ ત્યાં કોઈ પટો મળ્યો નહીં, અને ગાંઠની ખરચી ખાવી પડી.

કુંવર ઉમેદસંઘજીને ત્યાં સાથે લઈ ગયા હતા અને ઉમેદસંઘજીની માને મુંટેડી પાસે મોજે નાદરીમાં રાખી ગયા હતા. અને સૂરજ-મલજી તથા તેની મા તથા ભાઈ મુંટેડીમાં રહ્યા હતા અને સૂરજ-મલજીના તથા તેના પિતાના કારભારીઓ જૂદા થયા.

તેમાં ઠાકોર જાલમસંઘજીના કારભારીને હાથ ત્રણ ગામો હતાં. એક મોજે નાદરી, બીજું ધનાળ અને ત્રીજું ગલોડીયું. સાત ગામો સૂરજમલજીને હાથ ગયાં હતાં. મુંટેડી, કાનપર, નવુંગામ, રેવાસણ, અબડાસણ, ગોરલ અને સાતમું રણોદરૂં. તે સિવાય મુંટેડી પટે ભીલોનાં ગામ છે તે મોજે ઢેચણીયું, કસનગઢ, વાઘેસરી વગેરે.

પછી ઠાકોર જાલમસંગજી જોધપુરથી શ્રીકોટ ગયા. ત્યાં ચાર હજાર રૂપૈયાની પેદાશનો પટો મળ્યો, તેથી ત્યાં એક વર્ષ સુધી રહ્યા.

પછી ઉમેદસંઘજીને કોટાના રાજાની ચાકરીમાં રાખીને, પોતે પાછા નાદરીએ આવ્યા. પોતે ધાર્યું હતું જે હું રીસાઇને જોધપુર જઇશ, એટલે સૂરજમલજી મને મનાવવા આવશે અને મારૂં વચન કબૂલ કરશે. તે તો કાંઈ થયું નહિ ત્યારે પોતાની મેળે પાછા આવ્યા.

પછી સૂરજમલજીને કહેવરાવ્યું જે તું ગોરલ ગામ ઉમેદસંઘજીને આપ, નહિ તો હું મુંટેડી પટો દરબારને લખી આપીશ. આવી ઘણી ધમકી દીધી, પણ કાંઈ માન્યું નહિ. ત્યારે ઠાકોર જાલમસંઘજીએ લડાઈ કરવાના વિચારથી સરબંધી રાખવા માંડયા.

તે વાત સૂરજમલજીએ સાંભળી, ત્યારે પોતાના બાપને પત્ર લખ્યો જે તમે સરબંધી શા વાસ્તે રાખો છો? અને આ મુંટેડીનો

પટો તમારે જેને સોંપવો હોય તેને ભલે સોંપો. હું વળી ગમે ત્યાં ભાવનગર વગેરેમાં જઇને રળી ખાઇશ.

એવો પત્ર લખ્યો. ઠાકોરે તેનો જવાબ લખ્યો જે તમને નવું ગામ તથા કાનપર આપું. તે હું જીવું ત્યાં સુધી તમે તેટલાનો ભોગવટો કરો અને પછી મુંટેડીનો પટો તમારો છે. પણ હાલ મુંટેડીમાંથી નીસરીને નવા ગામમાં અથવા કહાનપરમાં રહો. તે વાત કબૂલ કરતાં સૂરજમલજી રીસાઇને અહમદનગર ગયા અને ત્યાં ૩૦૦ બંદુકોવાળા સરબંધી એકઠા કર્યા. અને મુંટેડીના જીવાયતોને તેડાવ્યા. તેઓનાં નામ:

૧. મોજે ભાણપર અરઘાના ઠાકોર કરણજી.
૨. મોજે ચુડલાના ઠાકોરની ઉમ્મર વર્ષ ૫ની હતી, માટે તેની વતી તેનો કાકો નાહારજી.
૩. હાથરવાના ઠાકોર જીવરાજજી.
૪. મોજે મારવાડના ઠાકોર જવાનસંઘજી
૫. ઝેઝવાડના ઠાકોર અજીતસંઘજી.

એટલા સૂરજમલજીની તરફેણમાં હતા. વાસ્તે તેઓને છાના કાગળો લખીને અહમદનગરમાં તેડાવ્યા અને જે જીવાયતો ઠાકોર જાલમસંઘજીની તરફના હતા તેઓને તેડાવ્યા નહિ.

જાલમસંઘજીની તરફનાં જીવાયતોનાં નામ:

૧. ભાણપર અરઘાના ઠાકોર ગલાબસંઘજી.
૨. મોજે મેંજના ઠાકોર અજેસંઘજી.
૩. મોજે મલાસાના ઠાકોર ભગવાનસંઘજી.

પછી સંવત્ ૧૮૮૬ ના આશરે આસો સુદિમાં રાતના બાર વાગતાં સૂરજમલજી મોજે નાદરી ઉપર ગયા અને તેના સરબંધીઓએ બંદુકોના ભડાકા કર્યા.

આ દેશનો એવો શિરસ્તો છે કે "જ્યારે ફોજ શત્રુના ગામને પાદર આવે ત્યારે ફોજના માલેકે નગારચીને હુકમ કર્યો હોય જે તું નગારૂં બજાવીશ નહિ, અમારે છાનું ગામ મારવું છે; તેમ

છતાં નગારચી નગારૂં બજાવ્યા વિના રહે નહિ. તે એવું ધારે કે હું નગારૂં બજાવીને ગામવાળાને ચેતાવું તો પરમેશ્વરનો ગુનાહગાર થાઉં નહિ. તેમ જ શિરબંધી લોકોને હુકમ કર્યો હોય કે તમે બંદુક છોડશો નહિ. તે વાત તેઓએ કબૂલ કરી હોય, તોપણ બંદુક છોડયા વિના રહે નહિ; કારણ કે એકદમ લડાઈ થઈ ચૂકે તો શિરબંધીનું કામ ઘણા દહાડા સુધી ચાલે નહિ, વાસ્તે સામાને ચેતાવવા, એટલે તે ગામ તરત હાથમાં આવે નહિ."

ભડાકા સાંભળીને જાલમસંઘજીના આદમીઓ સામા લડવા આવ્યા, પણ જાલમસંઘજીએ જાણ્યું કે સામી ફોજનાં ઘણાં માણસો છે, માટે આપણે નાશી જવું તે ઠીક છે. એવું વિચારીને પોતાની ઠકરાણીને લઇને નાસી ગયા. તે ઠકરાણીને મોજે માંકણચંપામાં મૂક્યાં. તે ગામ દાંતા જીલ્લાનું, તે પોતે સાઠ વર્ષને પટે અડાણે રાખેલું હતું. તેમાં ૫૦ વરસ થઈ ગયાં હતાં. પછી પોતે ડુંગરમાં જતા રહ્યા અને મોજે નાદરી ગામ સૂરજમલજીએ હાથ કર્યું અને હાથરવાના ઠાકોરના ભાઇ કનજીને પચાશ બંદુકદારોનો થાણદાર સ્થાપીને પોતે મુંટેડીએ ગયા.

સૂરજમલજીની બેન ગલાબ કુંવરબાનું સગપણ મહારાજ કુંવરશ્રી ઉમેદસંઘજી વેરે કરેલું હતું. તે કુંવરજી સંવત્ ૧૮૮૧ માં દેવ થયા હતા. તેની સાથે સગપણ કરેલી ગલાબ કુંવરબા વિષે પાંચ વર્ષ પછી મહારાજ ગંભીરસંઘજીએ એવું કહ્યું કે એ કન્યા મને પરણાવો. તે વાત ઠાકોર જાલમસંઘજીએ તથા સૂરજમલજીએ કબૂલ કરી નહીં, કારણ કે મહારાજની વૃદ્ધાવસ્થા હતી માટે ના પાડી.

ત્યારે મહારાજશ્રીએ સૂરજમલજીને કહ્યું કે તમે આમ કરો તો અમે તમારા પક્ષમાં રહીશું, એટલે સુરજમલજીએ તે વાત કબૂલ કરી હતી.

પછી જાલમસંઘજી ડુંગરોમાં ગયા, ત્યારે તેઓએ જાણ્યું કે એ બાઇને સૂરજમલજી ઇડરમાં પરણાવશે; તેથી સૂરજમલજીની મા ઉપર

ઠાકોરે છાનો પત્ર લખ્યો જે એ કુંવરીને અહીં મોકલી દેજો. અમે ક્યાંઇ સારે ઠેકાણે પરણાવીશું.

પછી તે બાઇને ઠકરાણીએ ત્યાં મોકલી દીધી. ત્યારે બાપે સીસલાણાના રાજા જેરતવાળા ભાયાત છે તેને વેરે એ બાઇનું સગપણ કર્યું હતું. માટે જાલમસંઘજીએ પોતાના ભાયાત ચહુવાણ વાંસવાવાળા પસાણેગઢના ઠાકોર અરજણસંઘજી પાસે એ બાઇને મોકલી દીધી અને લખ્યું જે આ બાઇને તમે સીસલાણાના રાજા વેરે પરણાવજો. તેમાં ખર્ચ થશે તે બધું અમે આપીશું.

પછી તેણે પચાશ હજાર રૂપૈયા ખરચીને એ બાઇને ત્યાં પરણાવ્યાં. પછી જાલમસંઘજીએ બંદુકદાર ૬૦૦ મકરાણી તથા આરબ રાખ્યા, તે લઇને એ જ વર્ષમાં રાતના બાર વાગતાં ગામ નાદરીમાં પેઠા. ત્યાં સૂરજમલજીના થાણદારે ખૂબ લડાઈ કરી. તેમાં જાલમસંઘજીનાં પાંચ માણસો મરાણાં અને સૂરજમલજીનાં ત્રણ મરાણાં, પણ તે ગામ થાણદાર કનજીએ છોડ્યું નહીં.

દૂહો—**वाकरीओ थें वाघ, आयो खड अदमालरा;**
**कनियो कालीनाग, निश्चळ कीधी नादरी. १**

**અર્થ:**—તેં ખીજાવેલો વાઘ ઉદેસંઘજીનો દીકરો જાલમસંઘજી ચાલી આવ્યો; પણ કાળીનાગ જેવા કનજીએ નાદરી ગામ નિશ્ચળ કર્યું.

પછી તે જાલમસંઘજી પાછા પોતાને ઠેકાણે ગયા. તે ઇડર જીલ્લામાં આગીયા, મટોડા ગામ પાસે બાંડીયાનું તળાવ કહેવાય છે ત્યાં ઘણી ઝાડી છે; તે તળાવ ઉપર જંગલમાં રહેતા હતા.

નાદરીથી વળતાં કેટલાએક આદમી સુરજમલજીના ગામ ગલોડીયા ઉપર ગયા અને ત્યાંની મેડી સળગાવી દીધી. ત્યાં સુરજમલજીના ત્રણ આદમી હતા, તે નાશી ગયા. વળી દશ પંદર દહાડામાં પાછા તૈયાર થઇને રાતની વખતે મુંટેડી ઉપર આવ્યા.

ત્યાં સૂરજમલજીએ પોતાની પાસે પાંત્રીસ આદમી રાખ્યા હતા અને પોતાનો કારભારી દેવડો સરતાનસંઘજી, તે ઇડર ગયો હતો.

એવામાં સૂરજમલજીના શેરીયા એટલે બાતમીદાર ફરતા હતા, તેઓએ આવીને સૂરજમલજીને કહ્યું કે ઠાકોર તમારા ઉપર આવે છે. ત્યારે સૂરજમલજીએ પોતાના કારભારી તરફ ઈડર પત્ર લખ્યો જે આજ મારા ઉપર ઠાકોર આવે છે, અને મહારાજશ્રીએ મને ઘણી વાર બોલ-કોલ આપેલા છે, જે અમે તમારી મદદ કરીશું, માટે જો મહારાજ પધારે તો તેડી આવજો; નહિ તો તમે તરત પાછા આવજો.

એ વાત કારભારીએ મહારાજ ગંભીરસંઘજીને જાહેર કરી, ત્યારે મહારાજે કહ્યું જે અમે મદદમાં આવીએ છીએ. તેમણે એમ કહ્યું તો ખરૂં પણ જવાની મરજી નહોતી. કેમકે વળી નવું વેર ઉભું થાય; એવા ડરથી તૈયારી કરતાં તે દહાડો કાઢી નાંખ્યો, અને બીજે દહાડે સવારી સહિત નીસરીને વડાલીએ મુકામ કર્યો. ત્યારે પેલા કારભારીએ કહ્યું કે મુંટેડી તો બીજી દિશાએ રહી અને આપ આ દિશાએ ક્યાં પધારો છો ? ત્યારે મહારાજે કહ્યું કે અમે જઇને ઠાકોરને આવવાનો રસ્તો રોકશું અને તેઓને મુંટેડી ઉપર જવા ન દેતાં તેઓની સાથે લડાઈ કરીશું.

અને મુંટેડીમાં તો આગલે દહાડે ઠાકોર ફોજ લઇને ગયા અને ખૂબ લડાઈ થઈ તેમાં જાલમસંઘજીના પાંત્રીસ આદમી મૂઆ, અને સૂરજમલજીના પાંચ કે સાત મૂઆ; પણ તે ગામ આબાદ રહ્યું. આખી રાત લડયા. પછી ખાતર પાડીને જે બૂરજમાં સૂરજમલજીના પાંચ સાત બંદુકદાર હતા, તે બુરજમાં ઘાસના મૂળા નાંખ્યા અને તેમાં દારૂનાં કુલ્લાં હતાં તે સળગ્યાથી તેમાં માણસો મૂઆ. તે વખતે સુરજમલજીને જમણે હાથને પોંચે ગોળી વાગી.

પછી બીજે દહાડે ગાંઠીઓના ઠાકોર આવ્યા, તથા મુંટેડીના સારાં સારાં માણસો મળીને ઠાકોર જાલમસંઘજી પાસે ગયા અને કહ્યું કે તમે કેની સાથે છડો છો ? તમારા દીકરાને હાથે ગોળી વાગી તેમાં તમારી આબરૂ નહિ. એમ કહીને ગામ બહાર ઠાકોરનો મુકામ કર્યો અને પંચાત ચલાવીને નવું ગામ તથા કાનપરૂં સૂરજમલજીને

આપવાનો ઠરાવ કર્યો તે લેવાને સૂરજમલજીએ કબૂલ કર્યું. ત્યારે ઠાકોરે કહ્યું કે હાલ સૂરજમલજી તે ગામોમાં જાય.

પછી સૂરજમલજી નીસરીને પોતાની મા તથા કબીલા સુદ્ધાં નવા ગામમાં જઇને રહ્યા અને જાલમસંઘજી મુંટેડીમાં રહ્યા. એ બાપ-દીકરાની લડાઈનું ગીત છે.

પછી સૂરજમલજી નવા ગામમાં ચાર દિવસ રહ્યા, પણ તેને બાપની બ્હીક રહી. તેથી પોતાને રહેવાની જગ્યા શોધવા માંડી; પણ કોઈ સરદારે તેઓને રાખ્યા નહિ, ત્યારે શાસણનું ગામ કૂવાવું છે, તેમાં કિલ્લો તથા રહેવાની જગ્યા સારી છે, તેથી ત્યાં જઇને રહ્યા. ત્યારે ત્યાંના માલેક ચારણે પણ ત્યાં રાખવાની ના પાડી કે સાહેબ! અહીં તો રહેવાની જોગવાઈ નથી; ત્યારે તેમણે કહ્યું કે અમે ઘાયલ છીએ, માટે પાટો છૂટે એટલા દહાડા રહેવું છે.

એવામાં મહારાજશ્રી ગંભીરસંઘજી કાંઈ કારણ માટે મોજે કુકડીએ પધાર્યા હતા ત્યારે પેલા ચારણે જઇને પૂછ્યું કે સૂરજમલજી અમારા ગામમાં આવીને રહ્યા છે, તે જો મહારાજશ્રીની મરજી હોય તો રાખીએ. ત્યારે મહારાજે સહી સુદ્ધાં પત્ર લખીને આપ્યો જે અમે રાજી છીએ. તમે સુરજમલજીને સુખેથી રાખો. પછી તેઓએ રાખ્યા. તે ચાર વર્ષ સુધી ત્યાં રહ્યા; પણ કબીલો કૂવાવમાં રાખીને.

પોતે અહમદનગરના મહારાજ કરણસંઘજીની ચાકરી કરવા ગયા, ત્યાં તેમને ગઢેડું ગામ મળ્યું હતું તથા ઘોડે નોબત આપી હતી.

એવામાં કોઇ શાહુકારના પોઠીઆ અફીણ વગેરે રૂપૈયા એક લાખના માલના હતા; તે માળવેથી શામળાજી સુધી આવ્યા. તે માલ અમદાવાદ જવાનો હતો. તે શાહુકારને ભીલનો ઘણો ડર લાગ્યાથી તે સુરજમલજી પાસે આવ્યો અને કહ્યું કે તમને રૂપૈયા ૨૫૦ આપીશ અને તમે મારે વળાવે આવો.

પછી સુરજમલજી પોતાના વીશ સ્વારો લઇને પોઠીયા લેવા ગયા. તે લઇને આવતાં રસ્તામાં પચાશ ભીલ લૂંટવા આવ્યા. તેઓની

સાથે લડાઈ થઈ. તેમાં એક ભીલને ઠાર કર્યો, તેનું માથું કાપી લાવ્યા અને બીજો એક ભીલ ઘાયલ થયો. પછી તે માલ ઈડર સુધી અકબંધ પહોંચાડયો.

પછી મેવાડ જીલ્લાનું મોજે પાલીયું અને વજેયું ગામ છે ત્યાંના ભીલો ઉપર સો સ્વાર લઈને ચઢાઈ કરીને ગયા. તે ભીલોનો સરદાર પીથીઓ ભીલ હતો, તે તો નાશી ગયો અને તેની ઓરતો બે; તેમાં એક માનીતી અને બીજી અણમાનીતી હતી. તેમાંથી અણમાનીતી સ્ત્રી તથા તેનો દીકરો એક અને એક દીકરી. એ રીતે ત્રણ માણસો હાથ આવ્યાં, તેઓને પકડીને કાનપરમાં લાવ્યા.

તે વાત સાંભળીને ટોડડાના ઠાકોર પહાડસંઘજીએ જાણ્યું કે એ ભીલ પાંચસે રૂપૈયા દંડ આપી શકે એવો છે. માટે હું જઈને તેને પકડું, એટલે સુરજમલજીને કાંઈ ન મળતાં તેનો દંડ મને મળશે. એમ જાણીને તતબીરીથી તે ભીલને પકડી લાવ્યા, ત્યારે તેને રૂપૈયા ૭૦૦ દંડના મળ્યા. અને સુરજમલજીના મનમાં ટોડડા ગામ મારવાનો વિચાર થયો. પણ ત્યાંના ઠાકોર પહાડસંઘજી મહીના પછી ગુજરી ગયા, એટલે વિચાર્યું જે મારો વઢીઓ ગયો, હવે હું કોની સાથે લડું ?

એવામાં મહારાજશ્રી ગંભીરસંઘજીએ રૂપાનું ગામ કડી માર્યું હતું, તે બાબત પાલણપુરના સાહેબની હજુરમાં ફરીયાદ થવાથી સાહેબે રૂ. ૭૦૦)નું હુકમનામું કર્યું; પણ તે રૂપૈયા મહારાજે આપ્યા નહોતા. અને મહારાજશ્રી દેવ થયા; ત્યારે રૂપાના ઠાકોરે જાણ્યું કે હવે મારા રૂપૈયા આવશે નહિ, માટે ધાર્યું, કે ઈડરનું કોઈ સારૂં બાન પકડું તો રૂપૈયા આવે. વળી તે વાસ્તે અને હુકમનામું કેવી રીતે બજાવવું તેની તેને ખબર નહોતી, વળી બહારવટે નીકળવાનો પણ તેનો વિચાર હતો.

ત્યારે ઈડરનો કારભારી ખેમચંદ હતો. તેનો ભાઈ અખેચંદ વેપાર કરતો હતો. તે પરતાપગઢથી અફીણ તથા કપડ વગેરેનો પાંચ હજાર રૂપૈયાનો માલ લઈને આવતો હતો. તેની સાથે દશ બંદુકદારો

હતા તે રૂપાલમાં રાતવાસો રહ્યા. ત્યાં રૂપાલના ઠાકોરે મીજમાની આપી અને ઘણી ચાકરી કરી. અને તે બંદુકદારોને પહેલા જમાડીને માલ સાથે વિદાય કર્યા અને શેઠને એકલા રાખીને કહ્યું જે અમે તમને ઠેઠ ઈડર સુધી પહોંચાડવા આવીશું.

એમ કહીને પછવાડે રાખીને પછી પોતાનો દશ સ્વારો લઇને વોળાવા બ્હાને નીસર્યા અને બે ગાઉ ઉપર જઇને શેઠને પકડીને રૂપાલથી ઉત્તરમાં માળી, પેઢમાળું એવાં નામનાં ગામો ડુંગરામાં છે, તેની સીમમાં ઘણી ઝાડી છે ત્યાં જઇને રહ્યા.

તે વાણીએ કહ્યું જે તમે માગો તેટલા રૂપૈયા હું દંડના આપું, ત્યારે ઠાકોરે કહ્યું જે તમારા રૂપૈયા અમારે લેવા નથી, પણ તમારો ભાઇ ઈડરનું કારભારૂં કરે છે તે અમારા હુકમનામાના સાત હજાર રૂપૈયા અપાવે, અથવા તે રૂપૈયા વળી રહે ત્યાં સુધી અમારી પાસેથી દરબારના હક્કના રૂપૈયા લે નહિ; એવો બંદોબસ્ત કરાવી આપે તો તમને છોડી મૂકીએ.

પછી અભેચંદ શાહે પોતાના ભાઇ ઉપર પત્ર લખ્યો, પણ ભાઇએ કહ્યું જે દરબારના રૂપૈયા તો, ઈડર ઉપર સરકારની જપ્તી છે માટે, તે સરકારના હાથમાં છે, મારા હાથમાં નથી.

પછી રૂપાલના ઠાકોરે તે અભે શાહને ઘણું દુઃખ દીધું; તે એવી રીતે કે તેને લાંઘણો કરાવી, માર માર્યો, અને તેના કાનમાં દારૂ ભરીને સળગાવ્યો. એવી ઘણી ઘણી ઇજા કરી, ત્યારે ખેમચંદ શાહે સુરજમલજીને કહ્યું જે મારા ભાઇને લાવી આપો તો સાત હજાર રૂપૈયા હું તમને આપું એવું લખત લખીને સુરજમલજીને આપ્યું.

ત્યારે સુરજમલજીએ તપાસ રાખવા માંડી કે રૂપાલના ઠાકોર ક્યે ઠેકાણે છે. ત્યારે ગામ વાવડીના ભીલોને રૂપાલ સાથે વેર હતું; કારણ કે રૂપાલવાળાએ ઘણી વાર વાવડીના ભીલનાં ખૂન કર્યાં હતાં, તેથી સુરજમલજીએ વાવડીના ભીલોને તેડાવીને કહ્યું જે તમે ઠાકોર ફત્તેસંઘજીની ખબર લાવો તો તમને અઢીસેં રૂપૈયા આપીશું.

પછી તે ભીલો તેની શોધ કરવા સારૂ વાદીનો વેશ લઇને તથા નટનો કે શાહુકારનો અથવા ચોરનો વેશ લઇને ગયા. અને ખબર લાવ્યા જે માળી પેદમાળા પાસે તે ઠાકોર તથા તેના કુંવર ગોકળજી અખેચંદ શાહને લઇને રહ્યા છે, તે અમે તમને દેખાડીએ.

પછી સુરજમલજીએ છાની રીતે ફોજ એકઠી કરવા માંડી. પોતે તો કૂવામાં રહેતા હતા, પણ તેમના બસેં બંદુકદાર ટીટોઇમાં રહેતા તથા બસેં અહમદનગરમાં, બસેં મોડાસામાં; એવી રીતે આસપાસનાં ગામોમાં રહીને સુરજમલજીનો પગાર ખાતા હતા અને લોકો આગળ કહે કે અમે ચાકરીઆત ઉમેદવાર છીએ.

પછી તે બધા સરબંધી ભેળા કરીને પોતાના જીલ્લાયતો સુધાં લઇને પેલા ભીલોને આગેવાન કરીને ચાલ્યા. તે પેલી ઝાડી નજદિક ગયા ત્યારે અખેચંદ શેઠનો રસોયો બ્રાહ્મણ ટેકરા ઉપર ચઢીને આસપાસ જોતો હતો. તેના ઉપર બંદુક ફોડી. તે બ્રાહ્મણને પગે ગોળી વાગી તથા એક ભીલ ઠાકોર ફત્તેસંઘજીનો હતો તેને ગોળી વાગ્યાથી મરણ પામ્યો.

તેની ખબર થયાથી જાળમાં એક ખાડો હતો, તેમાં અખેચંદ શાહને બેસારીને ઠાકોર જમૈયો તાકીને ખાડામાં શેઠ ઉપર ચડી બેઠા, અને કહ્યું કે કાંઈ બોલીશ તો હું તને તરત મારી નાંખીશ. તેમ જ બીજા ખાડામાં પેલા રસોયા બ્રાહ્મણને લઇને પડયા અને બોલ્યા "નાશિઓ, હમ કુત્તા હોકર તુમારે પીછાડી આતા હૈ."

પછી સુરજમલજીએ પોતાનો કબીલો મોજે ગોતેથી લઇને મેવાડ જીલ્લામાં ગામ પાનવરે મોકલ્યો અને પોતે લખેલા નામને તળાવે છ સાત દહાડા રહીને પછી ધુંઓ ડુંગર, ગામ મધે પાસે ઈડર જીલ્લામાં છે, ત્યાંની ઝાડીમાં જઇને રહ્યા.

પછી સાહેબે ડીસાથી, રાજકોટ, અમદાવાદ તથા હરસોલથી લશ્કર તેડાવ્યું અને સંવત્ ૧૮૯૧ ના મહા વદ ૩ ને દને સાંજે ચડાઇ કરી, અને મોજે ગોત ઉપર આવ્યા તે સાથે ૧૧ સાહેબો

હતા. (સુબેદારો હશે) તેઓ પાછલી છ ઘડી રાતે ગોતે આવ્યા, ત્યારે બાદર ખેતીવાળા લોકો હતા તેઓએ જઇને ગામમાં ખબર કરી કે લશ્કર આવે છે. ત્યારે ત્યાં લડાઈ થઈ અને નીચે લખેલા રજપૂતો કામ આવ્યા:

૧ રતનો રાઠોડ, ૨ ફતજી વાઘેલો, ૩ ગાનાર મીર એક, ૪ કરજી પાતાને ગોળીઓ બે, પગમાં એક અને છાતીમાં એક વાગી. તે હાલમાં વિદ્યમાન છે, ૫ સાલજી ભાટી, ૬ ગલજી દેવડાને ગોળીઓ બે વાગી, તે હાલ જીવતો નથી; ૭ ગલજી નાહલજી ભટીને પગમાં ગોળી લાગી તે હાલ વિદ્યમાન છે; ૮ ખુશાલીઓ ખવાસને હાથે ગોળી વાગી, તે હાલ વિદ્યમાન છે.

ત્યાં મેડીથી નીચે એક ઘેટો બાંધ્યો હતો, તેને લેવા સારૂ સાહેબની તરફનો તુર્કી સ્વાર એક આવ્યો. તેને ગોળી વાગ્યાથી તે મરણ પામ્યો. પછી બીજા જે જે આવ્યા તે પણ એકે એકે આશરે પાંત્રીશ માણસ સરકારનાં એ ઘેટાં ઉપર મૂઆં; પણ ઘેટો તેઓનાથી લેવાયો નહિ. ત્યાં એક સાહેબનું ખૂન થયું. પણ રાત્રિએ તે ગામ ભેળાયું નહિ.

પછી સવારમાં ઠાકોર અભેસંઘજીની ઠકરાણી જે સુરજમલજીની કાકી વિધવા હતાં, તેણે વિચાર્યું કે આ (રા)જપૂતો ઘવાયા છે અને હવે હું પકડાઈ જઇશ; તેથી બારીએ થઇને નીસરીને ભીલની સાથે સુરજમલજીના કબીલા પાસે પાનવરે ગયાં.

તે દહાડે બપોર સુધી લડાઈ ચાલી, પણ ગામ ન ભેળાયાથી સાહેબ પણ અકળાયા. ત્યારે મહાવડના ઠાકોરના ભાયાત ગામ ધેરોઇના, કે જેનાં ગામો ધરોઈ, હડોળ, તે ગામો સુરજમલજીએ લૂંટયાં હતાં અને બાળ્યાં હતાં, તથા ઈડર દરબારનું ગામ ટેચાઇઆ લૂંટયું બાળ્યું હતું. તેથી ત્યાંના કોળીઓ પણ સાહેબની સાથે હતા.

તેઓએ સાહેબને કહ્યું જે હુકમ હોય તો અમે આ ગામ ભેળીએ. પછી તેઓને હુકમ મળ્યાથી તેમણે ખાતર પાડીને ગામમાંથી

ઘોડા કાઢ્યા અને ગામ લુંટ્યું; પછી બાળ્યું. ત્યારે રતનો રાઠોડ તલ્વાર લઇને નીસર્યો તે દશ બાવીસ માણસ મારીને પોતાનું માથું કપાવી પાડ્યું. ત્યાર પછી પણ દશ વીશ પગલાં ચાલીને લડ્યો.

લોકો કહે છે કે ગળીનો તાંતણો આડો નાંખ્યો ત્યારે ધડ પડ્યું. કેટલાએક રજપુતો એ ગામ બાળ્યું તેમાં બળી ગયા. એ રીતે રાઠોડે માથું પડ્યા પછી લીંબડામાં તલવાર મારી, તેનું નિશાન હાલ સુધી છે.

**સોરઠો—आगे केता एम सर पडियां धड उकले,**
**नर रत्ना तें नेम, सो राख्यो भड शेररा. १**

**અર્થ:—**અસલ એમ કહેતા કે માથું પડ્યા પછી ધડ લડે, એ શેરસંઘજીના વંશના ભડ રતના તે નિયમ તેં રાખ્યો.

**दोहरो-नमख उजालण नीरल, हूरवरण हरहार,**
**वाही रतने राठवड, त्रूटयां सर तरवार. १**

**અર્થ:—**નીમક ઉજાળનાર અને કુળનું પાણી ઉજાળનાર અપસરાને વરનાર અને શિવનો હાર થનાર રતને રાઠોડે માથુ તૂટ્યા પછી તલ્વાર વાહી. ૨

**गोता कोधा गागरण, मतरो बाधी मोड**
**सरपडियां जूठो समर, रंग रतनराठोड. ३**

**અર્થ:—**મારવાડમાં ગાગરણ ગઢ છે ત્યાં પાદશાહની ફોજ સાથે લડીને ત્યાંના અચળદાસ ખીમીએ કિલ્લો રાખ્યો તેમજ ગોત ગામ ગાગરણની પેઠે કર્યું અને મૃત્યુનો મુગટ બાંધીને માથું પડ્યા છતાં યુદ્ધમાં મંડ્યો માટે રતનારાઠોડને રંગ છે. ૩

**शीवा पुछे सो हरी, त्रातजी ग्या वास**
**आव्या नहीं जुगगया अजे, कैलाशी कैलास. ४**

**અર્થ:—**પાર્વતી વિષ્ણુને પુછે છે કે શિવ ઘર તજીને ગયા છે તેને આજ જુગ ગયા, પણ આવ્યા નહિ. શિવ કૈલાસમાં. ૪

गीत

**शिवा कहे वात सुणो पत सीता, विखधर छोड गया घरवास;**
**बहु दन हुवा अठे मो बेठां, कैलाशी नाया कैलाश. १**

**અર્થ**—પાર્વતી કહે છે કે એ સીતાના પતિ! વાત સાંભળો. શિવ ઘર છોડીને ગયા છે અને અહિં બેઠાં મને ઘણા દિન થયા, પણ શિવ કૈલાસમાં આવ્યા નથી. ૧

**भूल्या राह सदन भ्या भूली, मो सुध नहि कथ गया महेश,**
**केता काल हुवा जग केता, भवन नहीं आया भूतेश. २**

**અર્થ:**—તે રસ્તો ભૂલ્યા કે ઘર ભૂલ્યા? મને ખબર નથી જે શિવ કયાં ગયા? કેટલા કાળ અને કેટલા જુગ થઈ ગયા, પણ શિવ ઘરે આવ્યા નહિ. ૨

**पणवे हरी सुणो पारवती, जध गोते रचीयो जमराण;**
**उमासुतरो शीश लेववा, कर ललच रहिया कल्याण. ३**

**અર્થ:**—ત્યારે વિષ્ણુ કહે કે પાર્વતી! સાંભળો. ગોતા ગામમાં જમરાયના જેવો જુદ્ધ રચ્યો છે, ત્યાં ઉમાજીના દીકરાનું માથું લેવા સારૂ લાલચ કરીને શિવ રહ્યા છે. ૩

**प सब वात साच छे उमिया, कर मत शोच रदे तलकीस;**
**रतने सर दीधो राठोडे, ईला घर आशी हवे इश. ४**

**અર્થ:**—ઓ પાર્વતી! એ બધી વાત સાચી છે, માટે તું મનમાં કશી ચિંતા કરતી નહીં. રતના રાઠોડે માથું આપ્યું, માટે હે ઉમા! શિવ ઘેર આવશે. ૪

ત્યાંથી ગાઉ ત્રણ ઉપર ધુંઆના ડુંગરમાં સુરજમલજી હતા, ત્યાં તેમણે બંદુકોના ધડાકા સાંભળ્યા તથા ગામ બળતું દીઠું. ત્યારે ભંડારી જેહળજી તથા કુંપાવત ધીરજી એ બે જણાને જોવા મોકલ્યા. તેમણે ગામનાં લોકોને નાસતાં દેખીને તેઓને હકીકત પૂછી અને જઇને સુરજમલજીને કહી. એટલે સુરજમલજી તરત ચઢયા અને ગોતે આવ્યા.

તે સમે ચારસો બંદુકદારો તેઓની સાથે હતા. તે સમે સાહેબ-ની ફોજ એ ગામના તળાવમાં પડી હતી અને લોકો ધવાયેલા અને કંઇક મૂએલા, તેઓને ડોળીઓમાં ઘાલેલા હતા. કોઈ તો પાણી પીતા હતા.

સુરજમલજીએ પોતાના બંદુકદારોને ડુંગરી ફરીને ગોતા તથા વડાલી વચ્ચે વાંધું છે ત્યાં આગળ મોકલ્યા. અને પાછળથી તેના સ્વારોએ ઉપાડો કર્યો. તેથી સાહેબની ફોજ નાઠી. તેને વચમાં ઘાલીને ફોજનાં ઘણાં માણસોને મારી નાંખ્યાં. ત્યાં પણ કોઈ એક સાહેબનું ખૂન થયું.

પછી સાહેબની ફોજમાંથી જેઓ બચ્યા તેઓએ વડાલીએ મુકામ કર્યો. ત્યાંથી બીજે દહાડે ઇડર અને ત્રીજે દહાડે સાદરે આવ્યા અને સુરજમલજીએ પોતાના રહેઠાણમાં જઇને મુકામ કર્યો. પછી પોતાના ગુજરાન સારૂ ઈડરનું ગામ ગલોડ છે ત્યાંના વાણીયાને બાન પકડયાં તેને લઇને જઇને પાનવરે રહ્યા.

પછી સાદરાના સાહેબ તૈયાર થઇને ઘણી ફોજ ભેળી લઇને બે તોપો લઇને અહમદનગર આવ્યા અને ત્યાંની સતીઓ બાબત જે બે જણને પકડયા હતા, તેમાંથી શેણાવાડાના ઠાકોર શેરસંઘજીને તો છોડી મેલ્યા, અને લાલજી શંકરવાળાને સાદરાની તુરંગમાં મોકલી દીધા.

પછી સાહેબ ઇડર આવ્યા. ત્યાં તેઓએ મુટેડીના ઠાકોર જાલમસંઘજીને તેડાવ્યા અને કહ્યું જે તમારો દીકરો આવો જુલમ કરે છે તેને પકડવા સારૂ તમે આગળ ચાલો. એ સમે સુરજમલજી ફારકીમાં આવ્યા હતા, તે વાત જાલમસંઘજીએ સાહેબને જાહેર કરી, અને માંયલે પેટે સુરજમલજીને પણ ખબર કહી જે તારા ઉપર સાહેબની સ્વારી આવે છે, માટે નાશી જજે.

પછી જાલમસંઘજી સહિત સાહેબ ફોજ લઇને ફારકીએ ગયા. ત્યારે સુરજમલજી ત્યાંથી નાઠા, અને તેઓની જાજમ તથા ઉંટનો

કાહડો વગેરે કેટલોક સામાન પડ્યો રહ્યો; અને ગલોડાના શાહુકાર માણકાને પકડેલો તે પણ છૂટી ગયો.

ત્યાંથી ઘોડાધરો, ફારકી તથા પોળ્યો વચ્ચે ડુંગરમાં પાણીનો ધરો વગડામાં છે, ત્યાં સુરજમલજી ગયા. પછી સાહેબે જઇને ગોરલગામમાં મુકામ કર્યો. ત્યાં પણ જાલમસંધજીએ સાહેબને ખબર આપી અને માંયલે પેટે સુરજીમલજીને પણ ખબર કરી, એટલે લશ્કર ઘોડાધરે ગયું.

ત્યાં સુરજમલજી બેપરવાઇથી રહ્યા હતા. તેઓએ લશ્કર સામી થોડી ઘણી લડાઈ કરી, પછી નાઠા. તે નાસતી વેળાએ તેનો ભાઈ શેરસંધજી ગભરાઇને પાછળ રહી ગયા, તે માર્યા જાત, પણ તેના આદમીઓએ ઉંચકીને ડગરા ઉપર ચઢાવી દીધા.

પછી ત્યાંથી નાસીને પાનવરે ગયા. ત્યારે સાહેબે પાછા આવીને ગોરલમાં મુકામ કર્યો. વળી જાલમશંધજીએ કહ્યું જે રૂપાલના ઠાકોર ફતેસંધજી બહારવટે છે તે તથા અહમદનગરના રાજા પૃથ્વીસંધજી તથા તખતસંધજી વખે છે તે તથા સુરજમલજી: એ સર્વે આજ મોજે કુવામાં આવ્યા સંભળાય છે. તેમ કહેવાનું કારણ એ હતું કે જાલમસંધજીથી લડીને સુરજમલજી પ્રથમ કુવાવે રહ્યા હતા, તેના ખારથી એવી સલાહ આપી.

પછી સાહેબ કુવાવે પધાર્યા. તે સંવત્ ૧૮૯૧ ના ફાગણ વદી ૧૩ ને રોજે રાતના ૯ વાગતાં ૮૦૦ સ્વારોએ આવીને ગામને ઘેરો ઘાલ્યો અને ચઉદશને રોજ પોહોર દહાડો ચઢતાં સાહેબ પોતે પધાર્યા. ત્યારે ચારણો મળીને સાહેબ પાસે ગયા. તેમાં આ હકીકત લખાવનાર ગઢવી ધીરજી કહે છે કે હું પણ હતો.

પછી સાહેબે પૂછ્યું જે સુરજમલજી ક્યાં છે? ત્યારે ચારણોએ કહ્યું જે તેની અમને ખબર નથી. ત્યારે સાહેબે એ ગામ સામી તોપો માંડી, અને ગોળા મારવા માંડ્યા. એટલે ગામની રૈયત કિલ્લાના પછવાડાની બારીએથી નીસરીને નાશી ગઈ, પણ તેમાંથી ઘણા

લોકો પકડાયા. પછી તોપો મારીને દરવાજો તથા રાજગઢ તોડી નાંખ્યાં અને ગામ લૂંટયું તથા ઘાસ ભરીને તમામ ઘરો બાળી નાંખ્યાં. તેમાંથી દોઢસો ભેંસો અને પચાસ ગાયો તથા ચાર ઘોડાં શિવાય બાન પચાસ પુરુષો એટલાંને લઇને સાહેબે ગોરલ જઇને મુકામ કર્યો.

ત્યાં એક દિવસ રહીને પછી પરગામના મેમાન બ્રાહ્મણો ૪ પકડ્યા હતા, તેઓને સાહેબે છોડી મૂક્યા. બીજાં બાનોને લઇને જઇને વડાએ મુકામ કર્યો. ત્યાર પછી તે પકડાએલાં ઢોર તો દીઠાં જ નહીં જે ક્યાં ગયાં? અને સર્વે બાનોને ઇડરમાં કેદ રાખીને સાહેબ લશ્કર લઇને સુરજમલજીને પકડવા સારૂ પાનવરે પધાર્યાં.

ત્યાં સુરજમલજીએ ખૂબ લડાઈ કરી અને લશ્કરનાં પાંસ (ચ) માણસો તથા એક સાહેબ કામ આવ્યા. આખરે લશ્કરે પાનવરા ગામ લીધું. ત્યારે ત્યાંની રૈયત ડુંગરોમાં નાસી ગઇ, તે ગામ લશ્કરે લૂંટયું તથા બાળ્યું. વળી તેના તાબાનું માનપર ગામ લૂંટયું અને બાળ્યું. સુરજમલજીની ઠકરાણી જોધીજી હાલ વિદ્યમાન છે, તેઓએ એ સમાની વાત ધીરજી ગઢવીને કહી હતી, જે એક નાની દીકરીને કેડમાં તેડીને હું ડુંગરોમાં નાઠી અને મારા પગમાં કાંટા વાગ્યા હતા, એવું મહા દુઃખ અમારે પડયું હતું.

પછી સાહેબે પાછા આવીને ગામ દેલોલી તથા વડાલીએ થઇને ઇડર આવીને મુકામ કર્યો. ત્યાં બે મહિના સુધી રહ્યા. એવામાં ઇલોલના ઠાકોર દોલતસંઘજી તથા ખેડાવાડાના ઠાકોર કિશોરસંઘજીને અદાવત હતી. તેથી ઇલોલવાળાએ સાહેબને જાહેર કર્યું જે ખેડા-વાડાના ઠાકોર ચોરોને સંઘરે છે, અને લૂંટફાટ કરાવે છે, તથા ખાતર પડાવે છે, માટે તેમને શિક્ષા કર્યા વિના આ દેશના લોકો સુખથી રહી શકશે નહિ.

પછી સાહેબે ચૈત્ર મહીનામાં ત્યાં જઇને એ ગામ લૂંટયું, બાળ્યું તથા ઢોરો અને બાન પકડયાં. ત્યાંના ઠાકોર કિશોરસંઘજીનો

નાનો ભાઇ જીવાજી ઉમ્મર વર્ષ ૩૦ નો હતો તે પકડાયો, તે હાલ વિદ્યમાન છે.

તેને લઇને ઇડર ગયા. પછી કુવાવમાં બાનમાં ધીરજીને, તથા તેના કાકા વજાજીને તથા ખેડાવાડાનાં બાન ૨૭ ને સાદરે મોકલ્યાં. ત્યાં અહમદનગર તથા રૂપાલ વગેરેનાં મળીને બાન ૧૭૫ હતાં. પછી અહમદનગર પાસે વેંઝલોપ ગામમાં અતીતનો મઠ છે, ત્યાં રૂપાલના ઠાકોરે અફીણ વગેરે માલ પડાવીને રાખ્યો છે, એવું કોઇએ કહ્યાથી ત્યાં લશ્કર ગયું અને તે મઠ લૂંટયો તેમાંથી પચાસ મણ અફીણ હાથ આવ્યું.

ત્યાંના બે અતીતોએ પોતાનાં ગુહ્ય અંગ કાપીને સાહેબ સામાં નાંખ્યાં. તે અતીતોને કેદ કરીને સાદરે મોકલ્યા, અને સાહેબે તે ગામ લૂંટાવ્યું. પછી જેઠ મહીનામાં સાહેબ સાદરે પધાર્યા, અને સુરજમલજી કુવાવાના ડુંગરમાં છાના રહ્યા. તેઓ ઇડર જીલ્લાનાં બાન તથા ઢોર પકડતા હતા અને લૂંટફાટ કરતા હતા. તેઓએ પોતાનો કબીલો પાનવરે રાખ્યો હતો.

એવામાં સિદ્ધપુરના મહંત ગુજર્યા. તેના બે ચેલા ગાદી વાસ્તે માંહોમાંહે લડ્યા. તેથી એક ચેલો રાજભારથી બહારવટે નીકળીને સુરજમલજીને જઇને મળ્યો, અને તેણે પોતાનું નામ ફેરવીને રજપૂતનો વેશ રાખ્યો. તેણે સુરજમલજીને કહ્યું જે તમે મારી સહાય કરો અને તમારૂં તમામ ખર્ચ હું આપીશ. પછી તેઓ મળીને સિદ્ધપુર પરગણામાં લુંટફાટ કરવા લાગ્યા.

એક સમે અઢાર સ્વારો લઇને સિદ્ધપુરને પાદર સરસ્વતી નદીને કાંઠે ઉતર્યા. ત્યાં રસોઈ કરાવીને જમ્યા, અને કોઇ લોક પૂછે કે ક્યાંના સ્વારો છે ? ત્યારે કહે કે કુકડીઆના છીએ અને પાલણપુર પરગણાના વડગામના દિવાનજી ગુજરી ગયા છે, તેના લૌકિકે જઇએ છીએ. ( એવામાં તે ગુજર્યા હતા. )

પછી સાંજ પડી ત્યારે બધા સ્વારો બજારમાં ગયા અને ત્યાંના નગરશેઠને પકડવો હતો, પણ તે તો મળ્યો નહીં. અને લખુ શેઠ

નામનો વાણીઓ એ લાખ રૂપૈયાની આશામી હતો. તેની દુકાને જઇને ગુમાસ્તાને પૂછ્યું જે લખુ શેઠ ક્યાં છે ? ત્યારે ગુમાસ્તે કહ્યું જે તમારે શું કામ છે ? ત્યારે કહ્યું કે અમારે હુંડી વટાવવી છે. ગુમાસ્તે કહ્યું કે હુંડી લાવો તેના રૂપૈયા અમે આપીએ, અને શેઠ તો મેડી ઉપર વાળુ કરવા બેઠા છે. કેમકે પછી દિવસ આથમે તો ચોવી આહારની વખત થઇ જાય.

પછી તે સ્વારો ઘોડેથી ઉતરીને મેડી ઉપર ગયા અને શેઠને મારી પકડીને હેઠે ઉતાર્યો. પછી ધીરજી કુંપાવતે તે શેઠને પોતાના ખોળામાં ઘોડા ઉપર ઘાસના ભારાની પેઠે લીધો.

તે સમે બજારમાં બૂમાબૂમ થઈ રહી. પણ તેને લઇને નાઠા તે દરવાજે આવ્યા. ત્યાં દરવાન દરવાજો બંધ કરતો હતો, તેને ગાળ દઇને લાલજી દેવડે તલ્વાર ઉગામી, એટલે તેણે દરવાજો ઉઘાડયો. ત્યાંથી નાશીને ઈડર પાસે ગામ ઓડું છે ત્યાંના ડુંગરમાં આવ્યા અને સિદ્ધપુરમાંથી ગાયકવાડી થાણું વહારે ચઢયું. તે પછવાડે પછવાડે આવતું હતું, પણ તેઓને શિરપાવની કે ઇનામ મળવાની આશા નહોતી. તેથી ધાડાવાળાઓ સાથે લડાઇ કરવાની તેમની ઇચ્છા નહોતી. તેથી તેઓ ઓડા સુધી આવીને પાછા ગયા.

સુરજમલજી ત્યાં એક દહાડો રહીને અને બીજે દહાડે ધુંઆના ડુંગરમાં રહીને પાનવરે ગયા. ત્યાં લખુ શેઠે કહ્યું જે તમે મને દુઃખ દેશો નહિ, અને મારે દૂધ સાકર તથા ચોખા ખાવા જોઇશે અને અને પલંગ તથા ગાદલાં જોઇશે, તે આપો અને હું ચિઠ્ઠી લખી આપું, તે લઇ જઇને કોઇ શહેરમાં વટાવવા મોકલો તો તેના રૂપૈયા મળશે. અને મને છોડી મૂકો તો જેટલો માગો તેટલો દંડ આપું.

ત્યારે તેણે કહ્યું જે અમારે દંડ જોઇતો નથી. અમારે તો આ જોસાંઇનું કામ ગાયકવાડ સરકારના હાથમાં છે અને તમારૂં કામ અંગ્રેજ સરકારના હાથમાં છે. શેઠે કહ્યું એમાં મારો કંઇ ઉપાય નથી. ત્યારે સુરજમલજીએ કહ્યું જે તે કામ પાર પડશે ત્યાં સુધી તમારે અહીં

રહેવું પડશે. વળી બીજા શાહુકારને પણ પકડી લાવશું. પછી શેઠે ખરચી વાસ્તે હુંડી લખી આપી, તે વટાવીને રૂપૈયા લાવ્યા.

પછી સિદ્ધપુરના મહાજનોએ વડોદરે અરજી કરી જે શાહુકાર પકડાયો છે તેની ખબર લો, નહીં તો કોઈ બીજાને પકડી જશે તો અમે સૌ સિદ્ધપુરમાંથી ઉચાળા ભરીશું.

એ અરજી સાંભળીને ગાયકવાડ સરકારે વડોદરાના રેસીડન્ટ મી. આઉટરામ સાહેબને અરજ કરી જે, મહીકાંઠાવાળા અમારા શાહુકારને પકડી ગયા છે, તે તમે અપાવો. પછી તે સાહેબે મુંબઇ સરકારમાં લખ્યું. ત્યારે શાહુકારોએ (સરકારે) સાહેબને સાદરે મોકલ્યા. તેઓએ સાદરે આવીને, પછી ઈડર જઇને સઘળા બહારવટીયાઓને જમાન તથા બાંહેધરી આપીને તેડાવ્યા અને કહ્યું જે તમારા સર્વ ગુન્હા માફ છે.

પછી સુરજમલજી આવીને હાજર થયા. તેઓને જઇને સાહેબે કહ્યું જે તમે હાથમાંથી તલવાર નાંખી દો. એટલે સુરજમલજીએ તલવાર નાંખી દીધી. પછી સુરજમલજીએ કહ્યું જે મારા સરબંધી લોકો પગાર વાસ્તે મને બહુ નડશે, તથા મારે ખાવા અનાજ નથી તેનો બંદોબસ્ત થવો જાઇએ.

પછી સાહેબે તેમનાં ગામ નવું ગામ તથા કાનપર એ બે હવાલે કર્યાં અને દર સ્વારનો પગાર માસ ૧ નો રૂ. ૧૦) લેખે વીશ સ્વારોનો બંદોબસ્ત કરી આપીને, ઈડર દરબારની વતી ગામ ભીલોડાના થાણદારની નોકરી સુરજમલજીને આપી, અને મકરાણી, આરબી તથા સિપાઇઓ વગેરેનો જે પગાર ચઢ્યો હતો, તેઓને ભેંસો વગેરે ઢોર હતાં તે ખંડી આપ્યાં. તેમાં રૂ. ૧૦૦) ને ઠેકાણે દશથી ચૂકાદો કર્યો. બંદુકો પણ ખંડી આપીને વિદાય કર્યાં.

સુરજમલજી સાથે તેના જીલ્લાયતો જે વખતમાં હતા તેઓને તેઓનાં ગામ સોંપ્યાં. એ જ રીતે અહમદનગરના તથા રૂપાલ વગેરેના ઠાકોરોના ગુન્હા માફ કરીને બાંહ(ન) આપીને તેડાવીને, તેઓનાં

ગામ હવાલે કર્યા તથા સર્વ પ્રકારે સમાધાની કરીને કહ્યું જે હવેથી સરકારના સામધર્મી રહેજો.

એ સમે મી. વાલેપ સાહેબ પણ સાથે હતા. પછી લખુ શેઠને સિદ્ધપુર મોકલ્યા. અખેચંદ શાને તેને ઘેર મોકલ્યા. પેલે બાવે સુરજમલજીને કહ્યું જે મારૂં તમે કાંઈ કર્યું નહીં. પછી બાવે વડોદરે જઇને ગાયકવાડ સરકારને ફરિયાદ કરી. ત્યારે ગાયકવાડે તે બાવાને ૭ મહીના સુધી કેદમાં રાખ્યો. પછી બાવે કાંઇ નજરાણું કર્યું, એટલે તેને પોતાના ગુરૂની ગાદી મળવાનો હુકમ મળ્યો. તે રાજ-ભારથી હાલ સુધી એ ગાદીએ વિદ્યમાન છે. તેની પાસે પાંચ લાખ રૂપૈયા કહેવાય છે.

આઉટરામ સાહેબ મહીકાંઠાનો સારો બંદોબસ્ત કરીને વડોદરે ગયા. એ બંદોબસ્ત સંવત્ ૧૮૯૩ માં થયો. તે સમે સાદરાના પોલીટીકલ એજન્ટ મી. અર્સકીન સાહેબ હતા; અને તેઓના આસીસ્ટંટ વાલે (પ) સાહેબ હતા.

પછી સુરજમલજીના પિતા જાલમસંઘજી સંવત્ ૧૮૯૪ ના ભાદરવામાં ગુજર્યા. તેથી મુંટેડી પટો સુરજમલજીને મળ્યો અને તેમના ભાઇ શેરસંઘજી ગોતા તથા રતનપરમાં રહ્યા. તે શેરસંઘજી સંવત્ ૧૮૯૬ ની સાલમાં ગુજર્યા. તેનો દીકરો એક હમીરસંઘજી હાલ વર્ષ ૨૦ ની ઉમ્મરમાં છે અને સુરજમલજીને દીકરો એક અંદ્ર (ઇંદ્ર) ભાણજી ઉમ્મર વર્ષ અઢીનો છે.

---

## ઉપરના ઇતિહાસની પૂરવણી.

---

સંવત્ ૧૮૯૦ માં જ્યારે સુરજમલજી પોતાના બાપથી રીસાઇને મોજે કુવાવમાં રહેતા હતા, ત્યારે ગાંઠીઓલના ઠાકોર ગલાબ-સંઘજીના કુંવરો ૪, તેમાં બે કુંવરો ચહુવાણી રાણીનાઃ રઘનાથસંઘજી તથા ખુમાણસંઘજી અને વાઘેલી રાણીના આણંદસંઘજી હતા.

તે ગલાબસંધજીનું ચહુવાણી રાણી ઉપર મન નહોતું. તેથી તેને કાંઇ આજીવિકા મળ્યાથી તે બાઈ પોતાના બે કુંવરોને લઇને રીસાઇને વડોદરાના ખચા જમાઇનું ગામ ભાદરડી ઈડર જીલ્લામાં છે, ત્યાં જઇને આઠ મહીના સુધી રહીને, પછી ઇડર જીલ્લામાં ચાણુનું ગામ તશીચું છે, ત્યાં જઇને છ મહીના રહ્યાં. પણ તેના ધણીએ તેની આજીવિકાનો કાંઇ બંદોબસ્ત કર્યો નહિ, ત્યારે તે બાઇએ ઈડરમાં આવીને મહારાજ ગંભીરસંધજીને અરજ કરી. તેથી મહારાજે જઇને ગાંઠીઓલને પાદર મુકામ કર્યો અને ઠાકોરને બોલાવીને ઘણો ઠપકો દીધો અને આજીવિકાનો બંદોબસ્ત કરાવી આપ્યો.

પણ દરબાર પાછા ઈડર પધાર્યા, એટલે તે બંદોબસ્ત તૂટી ગયો. તેથી તે બાઇ વળી રીસાઇને મોજે ભૂતીયું ગામ છે ત્યાં ગયાં, પછી કુંવર રઘનાથશંધજી કુવાવે જઇને સુરજમલજીને મળ્યા. તે રઘનાથસંધની ઉમ્મર બાવીશ વર્ષની હતી. ત્યારે સુરજમલજીએ સલાહ આપી કે તમે તમારા બાપને કાંઈ નુકશાન કરશો ત્યારે તે માનશે.

એ ગુલાબસંધજીને સુરજમલજીના પિતા સાથે દોસ્તી હતી અને એ કુંવરોને સુરજમલજી સાથે દોસ્તી હતી.

પછી કુંવરે સિરબંધી રાખવા માંડ્યા. એ સમે ગાંઠીઓલનો ભાયાત હિંદુજી તે ગલાબસંધજીથી વખે હતા અને રઘનાથસંધજીએ એવી તદબીર કરી કે પોતાના એક બે માણસોને ગાંઠીઓલને પાદર મોકલીને ત્યાંના કણબીનાં લુગડાં ખેંચી લીધાં, એટલે હિંદુ જીનના શકથી ગાંઠીઓલના બધા સરબંધીઓ તે તરફ ચઢયા.

એટલે બીજી તરફથી રઘનાથસંધજી પોતાના ચાળીશ સરબંધી સહિત તે ગામમાં પેઠા. તે સમે ગલાબસંધજી પાસે ગેનજી ભાટી નોકર હતો, તે સામો લડીને મૂઓ. તેણે કેટલાએકને જખમી કર્યા અને ગલાબસંધજીનો હાથ કોંડેહી કપાઈ પડ્યો તથા કપાળમાં જખમ વાગ્યો.

પછી લડાઈ બંધ રહી અને રાણીએ હજામને બોલાવીને પાટો બંધાવ્યો, લોકોએ કુંવરને ઠપકો દીધો. બીજે દહાડે સવારમાં મુંટેઢીથી ઠાકોર જાલમસંઘજી તથા કુકડીઆના કુંવર પ્રતાપસંઘજી અને ઇડરના કારભારી લખજી પંચોળી વગેરે આવ્યા, અને કુંવરે (ને) કહ્યું જે હવે તું અહીંથી નાસી જા, નહીં તો તોપો મંગાવીને તારૂં ગામ ઉડાવી દેશું, અને તને મારીશું.

પછી પંચાત કરી તેને બરૂવાવ ગામ આપ્યું પછી તે કબીલો લઇને ત્યાં ગયા, પછી ઠાકોર ગલાબસંઘજી સંવત્ ૧૮૯૨ માં પડયા; ત્યારે રઘનાથસંઘજી તથા ખુમાણસંઘજી ગાંઠીઓલમાં રહ્યા અને વાઘેલીજીના બે કુંવરોને મોજે બરૂવાવ આપ્યું. તે રઘનાથસંઘજી સંવત્ ૧૮૯૩ માં પડયા; ત્યારથી ખુમાણસંઘજી ગાદીએ છે.

સુરજમલજી સંવત્ ૧૮૯૨ માં વખે હતા, ત્યારે ઠાકોર જાલમશંઘજીનો કારભારી મેડતીઆ શેરજી સુરનાજી ગામ દેલોલમાં પોતાને સાસરે ગયો હતો, તે સુરજમલજીનો ભરોંસો રાખતો નહીં, પણ સુરજમલજીનો બારગીર લાલજી દેવડાનો ભરોંસો રાખતો હતો કે, એ મને મારશે નહીં. તે લાલજીને સુરજમલજીએ કહ્યું જે તું જઇને શેરશંઘજીને માર; ત્યારે તે લાલજીએ ના પાડી.

પછી તેને મુંટેઢીનો કારભાર આપવાની લાલચ આપીને તે વાત કબૂલ કરાવીને દેલોલે મોકલ્યો. તેણે જઇને ગામને પાદર ઉતારો કર્યો, અને ત્યાં મળવા સારૂ શેરજીને બોલાવ્યો; ત્યારે તેને લાલજીનો ભરોંસો હતો, તેથી તેને મળવા તે ગયો, ત્યારે શેરજીએ તેને કસુંબો પાયો. પછી વાતો કરતાં તરવાડો (તલ્વાર) ઉઘાડીને મારી નાંખ્યો, તે સમે શેરજી સાથે બે ચાર માણસો હતાં. તે એટલા સારૂ જે લાલજીને વાસ્તે રોટલા કરાવીને મંગાવ્યા હતા.

**सोरठा—जे तुं बंधव जाण रुडी बांधी राखडी;**
**ऊमर वाधो आण दीधो लाला देवडा ! १**

**અર્થ:**—જેણે તને ભાઈ જાણીને સારી રાખડી બાંધી, તેને આખી ઉમરનો કાળો વાઘો લાવીને, ઓ લાલા દેવડા! તેં આપ્યાં. ૧

करे न पडी कोई हेवू हथ मारो हुओ;
शर उपर शीरोइ दाखी लाला देवडा! ६

**અર્થ:**—એવું કોઈ કરે નહિ, જે હેતુ થઇને હાથ મારનાર થયો પણ તારા માથા ઉપર શીરોઈ હતી; તે તેં ઓ લાલા દેવડા! દેખાડી. શીરોઇના લોકો વિશ્વાસઘાતી હોય છે.

મુંટેડીના ચહુવાણોનો ઇતિહાસ પૂરો થયો.

---

## પ્રકરણ ૧૦ મુ

---

## ઇડરના પટાવત ચાંપાવતોનો ઇતિહાસ

જ્યારે મારવાડમાંથી આણંદસંઘજી ઇડર આવ્યા, ત્યારે તેઓની સાથે ૧૧ સરદારો આવ્યા હતા. તેઓનાં નામઃ

(૧) ૨ ચહુવાણ માનસંઘજી તથા તેમના કુંવર જોરાવરસંઘજી.
૩. ચહુવાણ દેવીદાનજી
૪. જોધા મોકલ શેરસંઘજી
૫. ચાંપાવત સવાઇસંઘજી
૬. ચાંપાવત માનસંઘજી
૭. ચાંપાવત પ્રતાપસંઘજી
૮. ચાંપાવત જીવણદાસજી
૯. કુપાવત અમરસંઘજી
૧૦. જેતાવત અદેરામજી
૧૧. ઉદાવત લાલસંઘજી

તેઓમાંથી ચહુવાણ દેવીદાનજી લડાઇમાં કામ આવ્યા અને બાકીના સરદારોમાંથી આઠ જણાને એકએક તાલુકો આપીને આઠ પટાવત કર્યા. તેમાં ચહુવાણ તે મહારાજના મામા થતા હતા અને બીજા બધા મહારાજના પિતરાઇ ભાઇઓ હતા.

હવે ચાંદરણીના ચાંપાવત સવાઇસંઘજી અને મઉના ચાંપાવત પ્રતાપસંઘજીના વંશનો ઇતિહાસ લખવો છે, માટે પ્રથમ તેઓની વંશાવળી લખું છું:

૧. પ્રતાપસંઘજીના
૨. મકનસંઘજી,
૩. ફતેસંઘજી, ખુમાણસંઘજી, નવલસંઘજી
૪. અનાડસંઘજી, ધીરસંઘજી, સરતાનસંઘજી, રતનસંઘજી
૫. ગોપાળસંઘજી, હેમતસંઘજી, ખુશાલસંઘજી છે.
વાંકાનેરમાં છે ૨
૬. ભારસંઘજી, પરવતસંઘજી
૭. ગુલાબસંઘજી.

એ પ્રતાપસંઘજીને મઉ પટો અને તેમના ભાઇ સવાઇરામજીને ચાંદરણી પટો મળ્યો.

ચાંદરણીના ઠાકોર.

૧. ચાંપાવત સવાઇસંઘજી
૨. સુરજમલજી
૩. સબળસંઘજી
૪. શામસંઘજી તથા માલમસંઘજી.

એ સુરજમલજીને મહારાજકુમાર ભવાનસંઘજીએ મારી નાંખ્યા, ત્યારે તેમના કુંવર સબળસંઘજી બીકથી નાસીને બહારવટે નીકળ્યા હતા. પછી મહારાજે તેમને મનાવીને પાછા વસાવ્યા, પણ હરસોલ પટાનાં ગામ ૧૨ મહારાજે તેમની પાસેથી પાછાં લીધાં.

પછી મહારાજ ગંભીરસંઘજીના વખતમાં ચાંદરણીના ઠાકોર સબળસંઘજી પડયા. પછી તેમના બે કુંવરો ચાંદરણીની ગાદી વાસ્તે લડયા. કારણ કે શામસંઘજીમાં હુશિયારી થોડી હતી. તેથી માલમસંઘજીએ ગાદીએ બેસવા સારૂ ટંટો કર્યો. ત્યારે શામસંઘજી રીસાઇને વાંકાનેર ગયા અને માલમસંઘજીએ ટીટોઇમાં જઇને ઠાકોર કાનજીને

કહ્યું જે મને તમે ચાંદરણીની ગાદીએ બેસારો તો હું તમારા કુંવરને ખોળે લઇશ. ( તે ટીટોઇવાળા પણ ચાંપાવત છે )

ત્યારે ઠાકોર કનકોજી ચાંદરણીમાં આવીને કહેવા લાગ્યા જે માલમસંઘજી ગાદીએ બેસશે. ત્યારે વાંકાનેરના ઠાકોર ધીરજીએ આવીને કહ્યું જે શામસંઘજી ટીલાયત છે, માટે તે ગાદીએ બેસશે. ( એ ધીરજી મઉના ચાંપાવતના ભાયાત હતા. )

પછી તે બંને ઠાકોરો પરસ્પર વાદ કરીને પોતાને ગામે ગયા. એ વાત સંવત્ ૧૮૬૦ માં બની. તે પછી ટીટોઇના ઠાકોર કનકાજી ૫૦૦ સરબંધીઓ લઇને વાંકાનેર ઉપર ગયા; ત્યારે તેની સાથે ધીરજીએ લડાઈ કરી. તેમાં કનકાજીનાં દશબાર માણસો મરાણાં.

પછી આસપાસના ઠાકોરોએ આવીને કહ્યું જે તમે પારકી લડાઇ વાસ્તે શા સારૂ લડી મરો છો ? એમ કહીને સમજાવીને કનકાજીને પાછા વાળ્યા. પણ તે બંનેના મનમાં પાકું વેર બંધાણું.

વળી ચાંદરણીનો કારભારી રજપૂત ભાટી કલજી જે હાલ વિદ્યમાન છે તે મહારાજ ગંભીરસંઘજી પાસે આવ્યો અને કહ્યું જે મહારાજ! ચાંદરણીના કુંવરને ગાદીએ બેસાડવા સારૂ આપ પધારો; ત્યારે મહારાજે કહ્યું જે ગાદીએ બેસાડવા સારૂ ધીરજી અને કનકાજી આવ્યા હતા તે શું ?

ત્યારે તે કારભારીએ કહ્યું જે આપ ધણી છતાં તેઓનાથી ગાદીએ બેસાડાય નહીં. આપ પધારો ત્યારે જ તેનાથી ગાદીએ બેસાય. પછી મહારાજે કહ્યું જે ગામ કોટડું ( સાબળી કોટડું ) મને આપો તો હું આવું અને તને હું શીરોલી ગામ આપીશ; એવો દિલાસો આપ્યો ત્યારે તેણે શામસંઘજીની સલાહથી મોજે કોટડું મહારાજને લખી આપ્યું.

પછી મહારાજે ત્યાં જઇને ટીલાઈત કુંવર શામસંઘજીને ગાદીએ બેસાર્યો, તલ્વાર બંધાવી અને પેલા ચાંદરણીના કારભારીને મહારાજે ગામ આપવાનું કહ્યું હતું તે તો આપ્યું નહિ. ચાંદરણીના ફટાયા કુંવરને તેના ભાગનું એક ગામ આપ્યું.

# પ્રકરણ ૧૧ મું

## મઉના ચાંપાવતનો ઇતિહાસ

પ્રતાપસંઘજીના પુત્ર મકનસંઘજી અને તેના પુત્ર ફતેસંઘજી તથા ખુમાણસંઘજી, એ ખુમાણસંઘજીએ મહારાજ ગંભીરસંઘજીની સારી ચાકરી કરી હતી. ત્યારે મહારાજે કહ્યું જે તને વધારવાની મારી ઘણી મરજી છે; પણ હું જ્યારે તને વધારીશ ત્યારે તું મારા સામો લડવા ઉઠીશ, એવો મને અંદેશો રહે છે.

ત્યારે ખુમાણસંઘજીએ કહ્યું જે હું આપના સામી કદિ તલ્વાર પકડીશ નહિ; એ વાતના તેણે સમ ખાધા. ત્યારે મહારાજે વાંકાનેર ગામ તથા મોજે ખરવાડામાં ત્રીજો ભાગ અને મોજે વંઝલપર એટલાં ગામો તેને આપ્યાં; તથા તે કચેરીમાં આવે ત્યારે મહારાજ તેને ઉભા થઇને મળે, એવો એક મોટો કરબ અધિકાર આપ્યો. (આઠે પટાવતોને ચઢતા ઉતરતા એવા અધિકાર આપેલા છે.)

પછી બારોટજી અંદરસંઘજી ગુજર્યા ત્યારે તેને વંશ નહોતો. માટે તેનું સપિંડી શ્રાદ્ધ વગેરે ક્રિયા મહારાજા ગંભીરસંઘજીએ પોતે કરી, અને તેનું ગામ જેપરૂં મહારાજે લીધું. વળી ગામ પાનોલ, રોડીઆ (ચારણ) બારોટનો પણ વંશ ગયો, તેની વિધવાઓ બે સાસુ વહુ હતી. તેમાં એક એવુબાઇ અને બીજી દતબાઈ હતી, તે સાસુની ઉમ્મર પચ્ચાસ વર્ષની અને વહુની પાંત્રીશ વર્ષની હતી.

તે બાઇઓએ પોતાના કુટુંબી બે જણ મારવાડમાંથી કમાવા સારૂ આવેલા તેઓને પોતાને ઘેર રાખ્યા, પછી તેઓને પરણાવ્યા અને તે બંને જણ વચ્ચે મોજે પાનોલનો છટ્ઠો ભાગ લખી આપીને જૂદા રાખ્યા. પણ તે આખા ગામની આશાથી તે બંને ભાઇઓએ તે બાઇને મારી નાંખવાનો વિચાર કર્યો. એવુબાઈની ઉમ્મર ૭૫ વર્ષની તથા દતબાઇની ઉમ્મર વર્ષ ૬૦ ની થઈ હતી. તેઓને મારવા સારૂ પેલા બંને જણ કટારીઓ લઇને આવ્યા. તેઓનાં નામ રામજી તથા લાલજી હતાં.

તે સાસુને મારી નાંખી, એટલે વહુ નાઠી, તે ઘણી મુશ્કેલીથી ધ્રોળમાં આવી અને તેણે મહારાજ ગંભીરસંઘજી પાસે ફરિયાદ કરી. ત્યારે મહારાજે આસપાસનાં ગામોના ચારણોમાંથી મુખ્ય બે જણને કહ્યું જે તમે પાનોલમાં જઇને એ ખુનીઓને કહો જે તમારે પાનોલમાં રહેવું નહિ, એવો તમને દરબારનો હુકમ છે.

પછી તેઓએ જઇને કહ્યું, પણ ખુનીઓએ હુકમ માન્યો નહિ. ત્યારે મહારાજે પોતાના એક એક સરદારને બોલાવીને હુકમ કર્યો જે તમે જઇને એ ખુની ચારણોને મારી નાંખો; અને પાનોલ ખાલસા કરો. ત્યારે તે સરદારોએ જવાબ દીધો જે કહો તો અમારૂં એક એક ગામ આપને હવાલે કરીએ, પણ ચારણને મારવો યોગ્ય નથી; માટે તેનો ગુન્હો માફ કરવો જોઇએ.

પછી મહારાજે બે હજાર રૂપૈયા ખરચીને સિંધના હૈદ્રાબાદથી પચાસ હબસીઓ તેડાવ્યા. તે આવીને હાજર થયા, ત્યારે બધા સરદારોએ તથા બીજાં માણસોએ મહારાજને વાર્યા, પણ મહારાજે માન્યું નહિ.

ત્યારે વાંકાનેરના ઠાકોર ખુમાણસંઘજીને સહુએ કહ્યું જે તમારા ઉપર મહારાજની સંપૂર્ણ મહેરબાની છે, વાસ્તે તમે જઇને સારી પેઠે કહો તો જરૂર ચારણનો બચાવ થાય. પછી ખુમાણસંઘજીએ આવીને મહારાજને અરજ કરીને કહ્યું જે મહેરબાની કરીને આ ચારણોનો ગુન્હો માફ કરવો જોઇએ, ત્યારે મહારાજે કહ્યું જે તે વાત હું માનીશ નહિ. પછી ખુમાણસંઘજીએ કહ્યું જે હવે હું કોઈ વખત આપને અરજ કરવા આવનાર નથી. મહારાજે કહ્યું કે તારી મરજી હોય તો આવજે, નહિ તો આવીશ નહિ.

તે ઉપરથી દુઃખ લાગ્યાથી ખુમાણસંઘજી ત્યાંથી ઉઠીને તરત ઘેર ગયા. પછી મહારાજે ચારણોને મારવા હબશીઓને મોકલ્યા. તે વાતને ખુનીઓએ જાણ્યાથી, રામજીએ પોતાની દીકરી આઠ વર્ષની હતી તેનું માથું કાપ્યું, તથા તેનો દીકરો છ વર્ષનો હતો તેનું માથું કાપ્યું; અને બે હબશીને તલ્વારથી મારી નાંખ્યા.

પછી તે રામજીએ પોતાના બે પગના ફણા, પિંડીઓ તથા સાંધો ફાડી અને ચાર ઠેકાણે હાથ ઉપર જખમ કર્યાં, પેટ વીંધ્યું, ગળું વીંધ્યું અને મોંમાં ચુંકણા બે ઘાલ્યાં. અને તેનો સસરો પોતાને હાથે માથું કાપાને મૂઓ.

એ વાત આશરે સંવત્ ૧૮૬૭ માં બની. અમજીનો ભાઈ લાલજી પરગામ ગયો હતો તે બચ્યો.

પછી હબસીઓ પાછા ઇડરમાં આવ્યા. અને પેલા ભાલજીએ શીરોઈ તથા લુણાવાડા વગેરેના પોતાના નાતીલા ૫૦૦ એકઠા કર્યાં અને ધરણું કરીને ઇડર આવ્યા. ત્યારે મહારાજે પોતાની પાસેના ચારણને મોકલીને ધરણુ વેરાવી નાંખ્યું.

એ ચારણુ મૂઆથી દુઃખ માનીને ઠાકોર ખુમાણસંઘજી હિમાળે મરવા ચાલ્યા. ત્યારે મહારાજે જઇને ખુમાણસંઘજીને વાંકાનેરમાં રોક્યા, તેઓ પોતાના સરદારો સહિત ગયા હતા અને ઘણી મહેનત કરી પણ ખુમાણસંઘજીએ માન્યું નહિ.

મહારાજે કહ્યું જે અમજી ચારણુ મૂઓ તે વાસ્તે જતા હો તો તેના વારસને પાનોલ સાટે વડાલી જેવું મોટું ગામ આપું. ત્યારે ખુમાણસંઘજીએ કહ્યું જે હું અરજ કરવા આવ્યો હતો તે વખતે માન્યું હોત તો હું રહેત. પણ હવે કરોડ ઉપાય કરો તો પણ હું રહેનાર નથી.

સંવત્ ૧૮૬૮ માં ખુમાણસંઘજી વાંકાનેરથી ચાલ્યા, ત્યારે તેમની સાથે અગિયાર માણસો હિમાળે ગળવા સારૂ ચાલ્યાં, તે સમે તેમની ઠકરાણીઓ તથા ગામની રૈયત ઘણી દિલગીર થઈ.

મહારાજ ગંભીરસંઘજીએ છેલ્લીવાર રસ્તામાં આડા થઇને કહ્યું જે હું તારા આગળ પાઘડી ઉતારીશ, ત્યારે ખુમાણસંઘજીએ સમ ખાઇને કહ્યું જે તમે પાઘડી ઉતારશો તો હું મારૂં માથું આપની આગળ મુકીશ. પછી મહારાજ કાંઇ બોલી શક્યા નહિ.

તે સમે ખુમાણુસંધજીએ માથે ભગવું લુગડું બાંધ્યું હતું અને હથિયાર વિના અને સોટી એક રૂપાના તારે વીંટેલી હાથમાં હતી. એ ઘોડે ચઢયા હતા. તેઓની સાથે કોઇ સગાં મિત્ર, ચાકર વગેરે થઇને ૧૧ જણ હતા. તેમાં મોજે વાવડીનો એક ભીલ હતો. તેને વાવડીના ભીલોએ દુઃખ દીધું હતું, માટે તે કહેતો હતો કે હું હિમાળે ગળતાં પ્રભુ પાસે માગીશ કે હું ચાંદરણીનો ઠાકોર થાઉં, અને એ વાવડીના ભીલોને મારૂં. તે સિવાયના બીજા લોકોને ગૌલોકપ્રાપ્તિ કરવી હતી. પછી તેઓ ગયા. એ પ્રસંગનું આ ગીત છેઃ

ગીત

**पाराशर व्यास के शुक पोते, आगे जादा संत अनंत;**
**वैकुंठनाथ तेणे पावडीउ, चापा तळे वळुंध्यो चंपवत. १**

**અર્થ:**—ખુમાણુસંધજી પોતે જ પારાશર કે વ્યાસ કે શુકદેવ હશે? અસલ મોટા સંત પુરુષો અપાર થઈ ગયા. તેની પેઠે વૈકુંઠ-નાથનાં ચરણમાં ચાંપાવતનું ચિત્ત વળગ્યું. ૧.

**गोपीचंद भरथरी गोरख, सध साथ के घात सुणी;**
**दुणीजके नरदेह न धार्या, धार्या गोकुलनाथ धणी. २**

**અર્થ:**—વળી રાજા ગોપીચંદ, ભરથરી અને ગોરખનાથ જેવા સિદ્ધ અને સાધકે તે વાત સાંભળી, જેણે દુનિયામાં નરદેહ મનમાં ધાર્યો નહિ, પણ ગોલોકનાથને સ્વામી મનમાં ધાર્યા. ૨.

**जनक व देहने परीखत जोतां, नरेंद चुडा राजश नहिं;**
**ममता मांहि न लाग्यो जे मन, मन लाग्यो गोलोक मंहीं ३**

**અર્થ:**—જનક વિદેહી અને પરીક્ષિત જોતાં ચૂડાજીના વંશના જેવા તેઓના જશ નહિ; જેનું મન મમતામાં લાગ્યું નહિ, કેવળ ગોલોકમાં જ મન લાગ્યું. ૩.

**पाप उतारण कैंक चडया पहो, जगजग गिरसर कलंक जुओ;**
**तो चडतां खुमाणड त्यागथ, हिमाचळ नकळंक हुओ. ४**

**અર્થ:**—કેટલાક રાજા પાપ ઉતારવા સારૂ હિમાળા ઉપર ચઢયા, તેથી જુગોજુગ તે પર્વતને માથે કલંક લાગેલું, તેઓ મોટા

ત્યાગી ખુમાણસંઘ ! તારા ચઢવાથી હિમાચળ કલંક વિનાનો થયો, પવિત્ર થયો. ૪.

એ ખુમાણસંઘજીના કુંવર ઉમ્મર વર્ષ ૨૦ ના હતા, તેને વાંકાનેરની ઠકરાત મળી અને તે મહારાજ કુમાર ઉમેદસંઘજીની ચાકરી-માં રહ્યા. તેમણે મહેરબાન થઇને ગામ ધોળવાણી આપ્યું તથા ઘોડે નોબત આપી.

વાંકાનેરના ઠાકોર ઉપર મહારાજ ગંભીરસંઘજીની મહેરબાની હતી, તેનું કારણ જે જ્યારે પોળના રાવજી રતનસંઘજી સુધી, ઈડરની ગાદીનો દાવો કરીને, ઈડર જીલ્લામાં લૂંટફાટ કરતા હતા; તેઓએ ઘણાં ગામ લૂંટયાં, માર્યા, બાળ્યાં. ત્યારે મહારાજે મનમાં ધાર્યું, જે એક વાર પોળો મારવી.

પછી સંવત્ ૧૮૬૪ માં બંદુકદાર સરબંધી ૭ હજાર રાખ્યા અને પોતાના સરવે સરદારોને બોલાવ્યા. તે સમે મહારાજના કાર-ભારી ઉંડણીના ઠાકોર નાહરસંઘજી હતા. પછી મહારાજે ફોજ સુધાં જઇને ઉંડણીને પાદર મુકામ કર્યો. પછી વડાલીએ ગયા. ત્યાંસુધી કોઇને એ વાતની ખબર પડવા દીધી નહિ, જે પોળ્યો ઉપર ચઢાઈ છે. પછી પોળ્યોની આણી તરફ બે ગાઉ ઉપર પોળ્યોનો એક દરવાજો છે, ત્યાં જઇને મુકામ કર્યો.

એ સ્વારી આવવાની હતી તેવામાં પોળ્યોના રાવજી તથા તેમના સરદારો જે મોહનપર, ઘોરવાડા, વગેરેના રહેવરો તથા પોશીના દેલોલ વગેરેના વાઘેલા તથા પાલ્યના રાઠોડ, એ સર્વેમાં જાસુસો ખબર રાખવા સારૂ પરગણાંમાં ફરતા હતા. તેઓએ જઇને પોતપોતાના ધણીને ખબર કરી. એટલે તે સહુ સાવચેત થયા. અને પોળના રાવજી પણ લડવાને તૈયાર હતા.

પોળમાં પેસવાનો રસ્તો એવો છે કે ઉગમણી આથમણી નદી વહે છે. તે ઉભી નદીમાં ચાલીને પોળના બે દરવાજામાં જવાય છે. એ રીતે પોળ વચ્ચે નદી છે; અને જવા આવવાનો રસ્તો એટલો જ છે. શિવાય ચારે તરફ મોટા પહાડો છે. તે ઉપર હાથાળા થોર છે.

તે બંને દરવાજે રાવજીએ ભીંતો ચણાવીને રસ્તો બંધ કર્યો અને મહારાજનો કોઈ આદમી નજરે પડે તો તેને ગોળાથી મારી નાંખતા હતા. એ રીતે મહારાજનાં ચાળીસ માણસો મુઆં અને મહારાજે ચાર મહીના સુધી મુકામ રાખ્યો, પણ કશો ઉપાય ચાલ્યો નહિ. ત્યારે ઘણી દિલગીરી ઉપજી.

પછી કુંપાવતોએ વિચારીને આસપાસના ભીલોને બોલાવ્યા અને ચારસેં જોડ સોનાનાં કડાં કરાવીને ભીલોને વહેંચી આપ્યાં. પછી કહ્યું જે પોળમાં જવાય એવો રસ્તો બતાવો. ત્યારે ભીલે કહ્યું જે બીજે કયાંય રસ્તો નથી, પણ પોળોથી દખણાદો ડુંગર છે. ઘરાંગવાંની નીસરણી મૂકીને એકેક આદમી અહીયાર વિના ચઢે તો ઘણી મુશ્કેલીથી ચઢી શકે એવું છે. ( આ રસ્તાની રાવજીને ખબર હોત તો ત્યાં પણ જાપતો રાખત ).

પછી નીસરણી લાવીને મેલી અને મહારાજ તે ઠેકાણે આવીને ઉભા રહ્યા. અને એકે એકે સિરબંધીઓને તથા સરદારોને ચઢાવ્યા. એ વખતે બધા સરદારોનાં મનમાં એવું હતું કે કુંપાવત ઉપર મહારાજ ઘણી મહેરબાની રાખે છે, માટે તેઓ આગળ થઇને આ કામ બજાવશે, આપણે કાંઈ જરૂર નથી.

તે સમે ચાંપાવતોએ મળીને ઘરમેળે વિચાર કર્યો જે આપણા ભાઇને ટાકાટુકાના ઠાકોરે માર્યો હતો; તે હાલ રાવજી પાસે છે, માટે તે વેર લેવાની આ વખત છે. એમ વિચારીને કુપાવત ગજસંઘજી તથા દરજણસંઘજીની પછવાડે ચાંપાવત ધીરજી વગેરે ચાલ્યા, અને ઠેઠ પોળો પાસે જઇને આરબોને કહ્યું જે મારફો બજાવ્યો તથા બંદુકોના ભડાકા કર્યા. ત્યારે રાવજી કબીલા સુધાં નાસીને ડુંગર ઉપર ચઢી ગયા, અને તેઓના મોરચાવાળા પણ નાસી ગયા.

ત્યારે મહારાજ પોળોમાં પધાર્યા. દરબારમાં ગાદીતકીયો નંખાવીને બિરાજ્યા, ચમર થવા લાગ્યું. એવી રીતે માસ ૧ સુધી ત્યાં રહ્યા અને મનમાં એવું હતું કે કબીલો તેડાવીને અહીં રહેવું.

પણ રાવજીએ ઈડર જીલ્લાનાં ગામ દરરોજ મારવા માંડ્યાં. ત્યારે સરદારોએ મહારાજને કહ્યું જે આપણે પોળો લીધી, આબરૂ વધારી, માટે હવે આ દરબાર સિવાય ગામનાં ઘર બાળી નાંખીને ઈડર જઈએ તો ઠીક, નહીં તો રાવજી ઈડરમાં પેશી જશે.

પછી મહારાજે તેવી રીતે કર્યું અને ત્યાથી મુકામ ઉપાડીને ઈડર જીલ્લાના ભીલોડા ગામમાં આવ્યા. ત્યાં સરબંધીઓએ પોતાનો બે ત્રણ મહીનાનો પગાર ચઢેલો તે લેવાની ઉતાવળ કરી અને બે દહાડા સુધી મહારાજને હોકો પીવા દીધો નહીં તથા ખાવા દીધું નહીં.

પછી મહારાજે તેઓને દિલાસો આપીને તમામ ખાલસાનાં ગામોના પટેલોને ભીલોડે બોલાવ્યા અને કહ્યું જે તમે અમારાં ગામોની બધી પેદાશ ખાઈ જાઓ છો અને અમને થોડી દેખાડો છો, માટે આ સરબંધીઓએ મને રોકયો છે, તેનો કાંઈ ઉપાય કરો. ત્યારે પટેલોએ પોતપોતાની શક્તિ પ્રમાણે ખુશીથી દંડ આપ્યો.

મોજે ગલોડાના પટેલે ત્રીશ હજાર રૂપૈયા દંડના આપ્યા. એ રીતે ત્રણ લાખ રૂપૈયા ભેળા થયા. તેથી સરબંધીઓના પગાર ચૂકવતાં એક લાખ રૂપૈયા વધ્યા, તે ઈડરને ખજાને નાંખ્યા; અને મહારાજ ઈડરમાં પધાર્યા. ઉપર લખેલી સ્વારીમાં ચાંપાવતોએ સારી ચાકરી કરી હતી, તેથી મહારાજની તેઓના ઉપર મહેરબાની હતી.

વળી એવામાં સિંધના સિંધીઓની ૫૦૦૦) માણસોની ફોજે આવીને ડુંગરપર લીધું અને ત્યાંના રાવળ રાવતસંઘજીને પકડીને મેનામાં બેસાડીને પોતાની ફોજ સાથે ફેરવતા હતા.

ત્યાંથી વાંસવાડા ઉપર ગયા. ત્યાં ઘણી લડાઈ થઈ, અને બંને તરફનાં કેટલાંએક માણસો મૂઆં. અને વાંસવાડાનાં કેટલાંએ ગામો તેઓએ દબાવ્યાં. ત્યારે વાંસવાડાના પટાવત મોજે ધઢના ઠાકોર ચહુવાણ અરજણસંઘજીએ ફોજ ભેળી કરીને એ સિંધીઓને મારી કાઢયા. એ લડાઈ પાંચ વર્ષ સુધી ચાલી હતી. ત્યારે અરજણ-

સંઘજીના સરબંધીઓનો પગાર ચઢી ગયો. તે આપવા મળ્યો નહિ, ત્યારે અરજણસંઘજીએ ફોજ સુધાં લુણાવાડા ઉપર જઇને ત્યાંની ખંડણી લીધી. તથા વડાશીણોલની ખંડણી લીધી.

પછી ઇડરવાડા ઉપર આવવા લાગ્યા. તે મોજે પાલ ઉપર આવ્યા. તે સમે પાલવાળા સાથે વાંકાનેરના ધીરજીને અદાવત હતી અને અરજણસંઘજી સાથે ધીરજીને દોસ્તી હતી. તેથી ધીરજી જઇને અરજણસંઘજીને મળ્યા અને કહ્યું જે મોજે ટોડડાવાળા ઠાકોર પહાડજી ભાટી સાથે અમારે વેર છે, માટે તેને મારો તો તમને અમે પાંચ હજાર રૂપૈયા આપીએ.

તે વાત અરજણસંઘજીએ કબૂલ કરી. પણ તે ટોડડા સાથે ધીરજીને દોસ્તી હતી, તેણે મનાઈ કરી. પણ અરજણસંઘજીએ માન્યું નહિ, ત્યારે ધીરજી રીસાઇને ચાલી નીકળ્યા. અને કહ્યું જે હું જઇને ટોડડામાં બેસું છું; તમે મારા સામા લડવાને વહેલા આવજો. એમ કહીને તે ટોડડે ગયા. ત્યારે ટોડડાના ઠાકોરે પણ સરબંધીઓ ભેળા કર્યા, તોપણ તે થોડા લોકો હતા.

પછી ટોડડાના ઠાકોરે ઇડરમાં જઇને મહારાજ કુમાર ઉમેદ-સંઘજીને કહ્યું જે આ સમે તમે અમારી બરદાસ્ત નહીં કરો તો, અમે ફોજ સાથે લડીને મરીશું. અને ટોડડા અરજણશંઘજીને હાથ જશે. ત્યારે કુંવરજી પણ પોતાનો સરંજામ લઇને ટોડડે પધાર્યા. તે વાતની ખબર થયાથી પેલી ફોજ પાછી ફરી ગઈ, અને સહુ સહુને ઠેકાણે ગયા.

એ સમે કુંવર ઉમેદસંઘજીની મહેરબાની ધીરજી ઉપર થઈ. એ વાતને માસ એક થયો ત્યારે ચાંદરણીની ગાદી બાબત ટીટોઇના ઠાકોર કનકાજીને જે ધીરજી સાથે વેર હતું તે સારૂ કનકાજી ફોજ કરીને વાંકાનેર ઉપર ચાલ્યા. ત્યારે સરદારો વચમાં પડીને પાછા વાળવા લાગ્યા. તેથી કનકાજી વાંકાનેર ઉપર ગયા નહિ. પણ ધીરજીના દોસ્તદાર ટોડડાવાળા સાથે લડવા ગયા; ત્યારે ધીરજી ટોડડાવાળા તરફ

ગયા. અને ત્યાં ખૂબ લડાઈ થઈ. તેમાં કનકાજીનાં દશ માણુસો મૂઆં. પણ ટોડડા ગામ ભેળી શકાયું નહિ. અને કનકાજી પાછા ગયા.

તે વખતનું ગીત છે, પણ તે મને યાદ નથી. ફક્ત તેનું ચરણુ નીચે મુજબ યાદ છે:

**टोडडा मारता पछी रह्यो टोपीयो कुक[1] वाकतो गयो कनको**

પછી કનકાજીએ ટીટોઇમાં આવીને ઘણા સરબંધીઓ ભેળા કર્યા અને ફરીથી ટોડડા ઉપર ચઢાઈ કરી. તે વાત જાણીને ધીરજીએ મહારાજ કુમાર ઉમેદસંઘજીને ટોડડાની મદદ સારૂ તેડાવ્યા. ત્યારે કુંવરજીને મહારાજ ગંભીરસંઘજીએ ના પાડી; તો પણ તેઓ ગયા.

ત્યારે કનકોજી ફોજ લઇને ટોડડાને પાદર આવ્યા અને તેઓએ જાણ્યું કે રાજાનો કુંવર માંહી છે, વાસ્તે તેને કાંઈ થાય તો ઠીક નહીં. તેથી ટીટોડાને પાદર થઇને મોજે પાલેગ ગયા, અને ત્યાંની ઓળ લીધી.

( એ ગામ ઈડર જીલ્લાનું છે, પણ ત્યાં જૂદી જાદી ઠકરાત છે ) ત્યાં જવાનું બીજું કાંઈ કારણુ નહોતું, ફક્ત પેટ ભરાવા સારૂ લૂંટવા લાગ્યા હતા. પછી મોજે બોડેલીની વોળ લીધી. પછી મોજે પાટને કુવે જઇને મુકામ કર્યો. અને ત્યાંથી મહારાજ કુમાર ઉપર પત્ર લખ્યો જે આપ તો મારા ધણી છો, માટે તમારે ટોડડામાં રહેવું લાયક નથી. એ તો અમે અને તેઓ સમજીશું. અને જો તમે મારા સામા લડવા આવશો તો મારાં બીલોડાં તથા ગોળીઓને આંખો નથી અને દુનિયામાં મને નીચું જોવરાવશો.

તે પત્રથી પણ કુંવરજીને ઉલટો ગુસ્સો ચઢયો. એટલે પોતાના સરબંધીઓ આપીને ધીરજીને કનકાજી સાથે લડવા મોકલ્યા. ત્યારે ધીરજીના ઘરના અઢાર સ્વાર સાથે હતા અને કુંવરજીના ઘોડા ૫૦) તથા પાળા ૨૦) તેની સાથે હતા. અને કનકાજીની ફોજ ૨૦૦૦) માણુસોની હતી.

---

૧. શોરબકોર

એ ફોજના આરબોનો જમાદાર ઘોડી ફેરવતો હતો. તેનું નામ અલ્લારખાન હતું. તેના સામી ધીરજીના માણસોએ ગોળી મારી. તે આરબની ઘોડીને વાગ્યાથી તે મરી ગઈ. તે વાત આરબે જઇને કનકાજીને કહી અને કહ્યું જે હવે અમે કુંવરજી સાથે લડશું. ત્યારે કનકાજીએ કહ્યું જે આપણે ત્યાં લડવા જવું નહી અને આ વાંધામાં ચુપકીથી બંદુકદારોને બેસારો અને આપણે સામા રહીએ. પછી પેલા અહીં આવે એટલે રસ્તામાં બંદુકદારો તેઓને મારે, એવો બંદોબસ્ત કર્યો.

તે સમે ધીરજીના સ્વાર ૧૭ ઘોડા સહિત મરાણા અને ધીરજી પાછા વળીને ટોડડે ગયા. એ લડાઈને સમે ધીરજીએ પોતાનો પોશાક એક બારગીરને આપ્યો હતો. તે બારગીર મરાયાથી, તે મૂએલા તમામ બારગીરોના પોશાક કનકાજીની ફોજ વાળા લઈ ગયા. તેમાં ધીરજીનો પોશાક જોઇને જાણ્યું જે ધીરજી મરાણો. તેથી કનકાજીએ બહુજ દિલગીરી જણાવી. અને કસુંબલ પાઘડી ઉતારીને ધોળું ફાળીયું માથે બાંધ્યું.

ત્યારે તેના કુંવર લાલજીએ કહ્યું જે હવે શોક કરો છો ત્યારે આગળથી શા વાસ્તે વિચાર કર્યો નહિ? ત્યારે તેણે કહ્યું જે મારી તરફના લોકોએ મળીને મારૂં મન ફેરવ્યું હતું, તેથી હું આવ્યો હતો. પછી તેઓએ ખબર કઢાવી, ત્યારે માલમ પડયું જે ધીરજી કુશળ છે, ત્યારે રાજી થઇને પાછા ટીટોઈએ ગયા.

પછી ધીરજીને બહુ દિલગીર દેખીને કુંવરજીએ કહ્યું જે તમારે કાંઈ ઉદાસી રાખવી નહીં અને જેઓ મૂઆ તેઓ તો હવે પાછા આવવાના નથી. પણ તારે હું કશી વાત કમી રહેવા દઇશ નહીં. તારા ઘોડા, પાખરો, હું તને આપીશ. ત્યારે ધીરજીએ કહ્યું જે કનકાજીએ મારી આબરૂ લીધી, માટે આપણે ટીટોઈ મારવી જોઇએ.

ત્યારે મહારાજકુમારે પ્રતિજ્ઞા લીધી કે જરૂર હું ટીટોઈ માર્યા વિના ઇડરમાં પેસીશ નહિ. પછી તેઓ ટીટોઇ ઉપર ચાલ્યા. ત્યારે

કુંવરજીએ મહારાજને પત્ર લખ્યો જે મારી મદદે આપને પધારવું ઘટે તો આપનો સરંજામ લઇને પધારજો, નહીં તો ટીટોઇવાળા સાથે લડીને મરીશ.

ત્યારે એ વાત મહારાજને ગમતી નહોતી, તોપણ કુંવરજીનું રક્ષણ કરવા સારૂ પોતાનો સરંજામ લઇને ટીટોઇને પાદર જઇને કુંવરજી ભેળા થયા.

એ સમે ટીટોઇના ઠાકોર સાથે ચારણ ખોડીદાનજી આબરૂદાર શીરોઈ પરગણાના હતા. તેને શીરોઈથી દેશવટો મળ્યો હતો, કારણ જે આશરે સંવત્ ૧૮૬૨ માં શીરોઇના રાવજી અદેભાણજી ટીલાયત હતા, તેમને તેમના ભાઇ શવસંઘજી જે હાલ શીરોઇની ગાદીએ છે તેણે વર્ષ ૨૦ સુધી કેદ રાખ્યા હતા. તે વર્ષ પાંચ થયાં ગુજર્યા.

તે બે ભાઇઓ જ્યારે સોરમને ઘાટ ગંગાજીએ જતા હતા, ત્યારે તેઓને જોધપુરના મહારાજ માનસંઘજીએ પકડીને કેદ કર્યા હતા. કારણ જે જોધપુરની ગાદીએ માનસંઘજીના કાકાના દીકરા ભીમસંઘજી હતા. તેણે માનસંઘજીને ગાદી વાસ્તે મારી કાઢ્યા હતા. તે ઝાલોરમાં જઇને રહ્યા હતા. ત્યાં પણ તેમને પકડવા સારૂ ફોજ મોકલ્યાથી માનસંઘજીએ પોતાનો કબીલો શીરોઇમાં મોકલ્યો હતો. ત્યારે શીરોઇવાળાએ ડરથી તે કબીલાને રાખ્યો નહોતો. તે માટે શીરોઇવાળાને માનસંઘજીએ કેદ કર્યા. ત્યારે શીરોઈ જીલ્લાના ચારણ ખોડીદાનજી સાઠ હજાર રૂપૈયાના જામીન થઇને તેઓને છોડાવી લાવ્યા તે રૂપૈયા શીરોઇવાળાએ આપ્યા નહિ. ત્યારે ખોડીદાનજીએ તાકીદથી ઉઘરાણી કરી, તેથી તેમને દેશવટો દીધો. ત્યારે તેઓ જોધપુર તથા ઉદેપુર અને ઇડરના રાજાઓએ તે ગઢવીને તેડવા માણસો મોકલ્યાં હતાં. પણ તેઓ બીજે કયાંય ન જતાં ઇડરમાં આવીને રહ્યા. ત્યારે મહરાજે તેમને મોજે હરદાસ પર ત્રાંબાપત્ર બક્ષીસ લખી આપ્યું.

એ ખોડીદાનજી ટીટોઇમાં હતા અને ત્યાં મહારાજની ફોજ ગઈ ત્યારે કનકાજીએ ડુંગરી ઉપર કિલ્લો બંધાવ્યો, લડાઇનો સામાન

તૈયાર કર્યો. પણ ખોડીદાનજીએ જઇને મહારાજને વિનતિ કરી જે તોપો લઇને અહીં પોતાના સરદાર સાથે લડવા આવવું તે આપને યોગ્ય નથી. (એ સમે મહારાજ સાથે તોપો બે હતી.)

એ રીતે મહારાજને તથા કનકાજીને ખોડીદાનજીએ સમજાવ્યા. પણ ધીરજી તથા કુંવરજી માનતા નહોતા, ત્યારે કનકાજીએ રૂપૈયા છ હજાર આપ્યા, એટલે સમાધાન થયું. પછી કુંવરજી તથા મહારાજ ઇડર ગયા.

પણ ધીરજીનુ મન માન્યું નહિ. તેણે પોતાને ઘેર જઇને કુંવરજી ઉપર રીસ લાવીને તે કુંવરજીની જીવાઈનું ગામ ભીલોડું હતું, ત્યાં જઇને ત્યાંનાં ઢોર વાળ્યાં, અને વેચી ખાધાં. ત્યારે કુંવરજીએ ધીરજી ઉપર ઠપકાનો પત્ર લખ્યો. તેનો જવાબ ધીરજીએ લખ્યો જે મારાં ઘોડાંને તથા માણસોને તમે કેમ મરાવ્યાં?

પછી ધીરજીએ દરબારનું ગામ ભૂતાવડ છે, ત્યાંનાં ઢોર તથા બાન પકડયાં. વળી કુંવરજીની જીવાઇનું ગામ વસાઇ માર્યું. ત્યાં કુંવરજીનાં બેચાર માણસોને ગોળીઓ લાગી. પછી દરબારનું ગામ શીલાસણ માર્યું, તથા રેંટોડું ગામ રોવરાવ્યું.

ત્યારે કુંવરજીએ ધીરજી સાથે લડવા સારૂ બે હજાર માણસોની ફોજ રાખી અને તોપો બે તથા સરદારોને સાથે લઇને વાંકાનેર ઉપર ગયા. ત્યારે ધીરજી પણ સામો લડવા તૈયાર થયો અને બસેં સિરબંધી રાખ્યા.

કુંવરજીએ વાંકાનેર જતાં રસ્તામાં મોજે વસાઇમાં પંદર દિવસ મુકામ રાખ્યો. ત્યાં અરધી રાતે ધીરજી આવ્યો, અને તોપખાના ઉપર આરબ હતો તેને મારી નાંખીને જતો રહ્યો. પછી બીજે દહાડે કુંવરજીએ ત્યાં ઉપડીને ભીલોડે જઈને મુકામ કર્યો. પછી વાંકાનેર ગયા. ત્યાં સામસામી ખૂબ લડાઈ થઇ, અને બંને તરફનાં કેટલાંક માણસો મરાણાં. તેમાં કુંવરજીનાં દશ અને ધીરજીનાં એક બે મૂઆં.

ત્રણ દિવસ સુધી લડાઈ કરી, પણ ગામ ભેળાયું નહિ, ત્યારે કુંવરજીએ ઈડર મહારાજની હજુરમાં પત્ર લખ્યો જે ત્રણ દિવસ થયાં વાંકાનેર ભેળાતું નથી, માટે બીજા જાસ્તી સરબંધી મોકલજો, નહીં તો હું જઇને મરીશ. ત્યારે મહારાજે બસેં પાળા અને પચાસ સ્વારો મોકલ્યા.

ત્યારે ઘણાં માણસોએ ધીરજીને કહ્યું જે રાજાનો કુંવર હઠ ઉપર આવ્યો છે તે વાંકાનેર માર્યા વિના જશે નહીં અને તમે ફક્ત ત્રણ ગામોના ધણી છો, માટે છેલ્લી વારે પહોંચી શકશો નહીં, અને તમને શાબાશ છે જે તમે ત્રણ દિવસ સુધી લડયા, પણ હવે નાસી જાઓ.

ત્યારે ધીરજીએ પોતાના દરબારમાં બીછાયત કરી, ઢોલીયો ઢાળીને આગળ દારૂના શીશા તથા મીઠાઇ મેલીને, પાંચ રૂપૈયા નજરાણાના મૂકીને પછી પોતે નાસી ગયા. ત્યારે કુંવરજીએ ગામ લૂંટયું, બાળ્યું તથા ત્યાંનાં આંબા મહુડાં કપાવી નાંખ્યાં, કૂવા પૂરાવી નાંખ્યા, અને ત્રણ દિવસ સુધી રહીને પાછા ઈડરમાં પધાર્યા.

અને ધીરજી કબીલા સુધાં ડુંગર પર ગયા. ત્યાં રાવજી જશવંતસંઘજીએ ધીરજીને ગંજી વિગેરેનો ગામ ૧૨નો પટો આપ્યો. ત્યાં રહીને ઈડરમાં લુંટફાટ કરવા લાગ્યા, અને ઘણું નુકશાન કર્યું.

ત્યારે મહારાજે બાંહેધરી આપીને ધીરજીને ઈડરમાં તેડાવીને મનાવ્યા. અને તેનાં ગામ તેને હવાલે કર્યાં. વળી ધીરજીને કુંવરજીએ પોતાની ચાકરીમાં રાખ્યા અને એક વર્ષ પછી કુંવરજીએ ત્રણ હજાર રૂપૈયાના કાઠીયાવાડી સારા ઘોડા ખરીદવા સારૂ ધીરજીને કાઠિયાવાડમાં મોકલ્યા, અને કહ્યું જે ત્રણ હજાર રૂપૈયાના ઉમદા ઘોડા ત્રણથી તે જેટલા મળે તેટલા લાવજો.

એ રૂપૈયા લઇને ધીરજી ચાલ્યા, ને માણસા પાસે વરસોડે જઇને તે રૂપૈયા ખરચીને પોતે પરણ્યા. તેની પહેલી એક ઠકરાણી હતી. વળી નવી ઠકરાણીને લુગડાં ઘરેણાં વગેરે એ રૂપૈયામાંથી કરાવ્યાં અને બાકી એક હજાર રૂપૈયાના બે ઘોડા લઇને ઈડરમાં આવ્યા.

તે ઘોડા કુંવરજીને હાજર કર્યાં, ત્યારે કુંવરજીએ પૂછ્યું જે બાકી બે હજાર રૂપૈયા ક્યાં ગયા ? ત્યારે જવાબ દીધો જે તે રૂપૈયા મારા ધણીના હતા ને મેં મારા કામમાં વાપર્યાં. હું કોઇના ઘરમાં ચોરવા ગયો નથી.

ત્યારે કુંવરજી તો કાંઈ બોલ્યા નહિ, પણ મહારાજે તાકીદ કરીને કહ્યું જે મારા રૂપૈયા લાવો. ત્યારે ધીરજીએ કહ્યું જે રૂપૈયા તો મારા ઘરમાં નથી; આપ ચાહો તે કરો. ત્યારે મહારાજે ધીરજી ઉપર મોશલ કર્યાં. ત્યારે ધીરજીએ રૂપૈયાને પેટે પોતાનું ગામ ઘાંટી મહારાજને લખી આપ્યું. પણ ધીરજીના મનમાં બહુ દુઃખ લાગ્યું. તેથી તે વખે નિસર્યા અને કબીલા સુધાં મેવાડ જીલ્લાના મેવાસમાં પાટીયા, વલેચાં નામનાં ભીલનાં ગામ છે ત્યાં એક વર્ષ રહીને ઇડર જીલ્લામાં લૂંટફાટ કરતા હતા.

એક સમે ટીટોઇનાં ગામ બામણવાનાં ઢોર લઈ ગયા. તે સમે વીસ સ્વારો તેની સાથે હતા. પણ એક દહાડામાં વીસ ગામોમાં બુમ પડાવતા હતા. પણ ઇડર જીલ્લામાં લૂંટ વગેરે નુકશાન કરનાર ભીલોનાં માથાં કાપીને ટોપલામાં ભરીને મહારાજને નજરાણું મોકલતા હતા.

વસાઇ, બલોલી, ભીલોડા, વગેરે ઘણાં ગામો ધીરજીએ બાળ્યાં તથા ત્યાંનાં ઢોર તથા બાન લીધાં. ચારણ ભાટના ગામ સિવાય ખાલસાનું તો કોઈક જ ગામ ધીરજીએ લૂંટયા વિના રાખ્યું હશે.

**સોરઠો:–जे बांधी झांपा, धोडे घोडा धीरतो**
**चकचाहरे चापा, मांडी चाक मकनरा १**

**અર્થ:**—જે ધીરજસંઘજી તું ગામના ઝાંપા બંધ કરીને ઘોડાં દોડાવા લાગ્યો, તેથી ઓ આશાવત મકનસંઘના તેં ચક્રવે પૃથ્વી ચારે દિશાની ચાક ચઢાવી. ૧

પછી મહારાજે કહ્યું જે મેં અધિકાર આપીને વધાર્યા ત્યારે મારાં ગામ મારે છે, પણ એવા તલ્વારીયા છે તે બીજા રજવાડામાં પટો કેમ લેતા નથી ? એ વાત ધીરજીએ સાંભળ્યાથી મોટે ઉદેપુર રાણાજી શ્રી ભીમસંઘજી પાસે ધીરજી ગયા અને વખો કર્યાથી, તેની બહાદુરીની આબરૂ દેશાવરમાં પ્રસિદ્ધ થઈ હતી. વળી એ જ રાણાજી ઈડરમાં પરણવા આવ્યા હતા, ત્યારે મહારાજ ગંભીરસંઘજીની બહેનને પણ ધીરજીને ઓળખાણ થઇ હતી. તેથી રાણાજીએ તેને દશહજાર રૂપૈયા જાગીરનો પટો કરી આપ્યો, તે કાગળ લીધો, પણ જાગીર ધીરજીએ લીધી નહિ અને કહ્યું જે અહીં રહેવાથી કોઈ કહેજે પોતાના બાપની જગ્યા વાળી શકયો નહીં, તેથી મારી આબરૂ જાય. પછી ત્યાં ચાર મહીના સુધી રહીને પાછા ઈડરમાં આવ્યા. અને પોતાનો કબીલો મારવાડમાં કુડા ગામ છે ત્યાં રાખીને પોતે ઈડરનાં ગામો લૂંટવા માંડ્યાં.

એવામાં ટીટોઇના ઠાકોર કનકાજીના કુંવર લાલજી ઉમ્મર વર્ષ અઠાવીશમાં હતો, તેણે મહારાજ ઉપર દુઃખ માન્યું જે મહારાજે અમારા દંડના રૂપૈયા છ હજાર શા વાસ્તે લીધા ? એમ કહીને વખે નીકળીને જઇને ધીરજી ભેળા રહ્યા. તે બંને જણાએ જઇને ડુંગરપર જીલ્લામાં લેંબરવાડું નામે મેવાસ છે, તેમાં સુરતાન ઓઢા નામની જગ્યા છે ત્યાં રહ્યા. તેઓને ડુંગરપરના કારભારીએ ત્યાં બંદોબસ્ત કરાવીને રાખ્યા. કારણ જે જ્યારે સિંધીઓએ ડુંગરપર માર્યું હતું ત્યારે તે ડુંગરપુરવાળા વાંકાનેરમાં આવીને રહ્યા હતા; તે દોસ્તીથી રાખ્યા.

પછી ત્યાં રહીને એ બંને જણા ઈડર જીલ્લો લૂંટવા મંડયા. એવામાં મહેરબાન બાલેટન સાહેબ સાદરાની ગાદી ઉપર આવ્યા. તેમની હજુરમાં મહારાજે આ બાબતની અરજી કરી. ત્યારે તે સાહેબે ડુંગરપરના રાજા ઉપર લખ્યું.

એ સમે ડુંગરપરના રાવળજી જશવંતસંઘજીની ઉમ્મર વર્ષ ૩૦ ની હતી. પણ તેમના મનમાં એવું થયું જે મારે કુંવર થશે નહીં વાસ્તે દાનપુણ્ય કરૂં. પછી પોતાના ગોત્રના દેવળીયાના રાજાના કુંવર દલપતસંઘજીને તેડાવીને રાખ્યા અને તેને વારસો લખી આપ્યો.

તે કુંવરે ઠાકોર કનકાજીના કુંવર લાલજીને મારી નાંખ્યા. પછી ધીરજી પકડાયા. તે એવી રીતે કે ડુંગરપરના કુંવરજીની બેમરજી જાણીને ધીરજી તથા લાલજી ડુંગરપરના કુંવરનો ભરોંસો રાખતા નહોતા, અને પોતાના કબીલા પણ સામળાજી પાસે લેંબાજી ભેમાજીના ઓઢા કહેવાય છે ત્યાં રાખતા હતા.

પણ ઈડર જીલ્લામાં પણ ફેરો કરીને જઇને ડુંગરપર જીલ્લામાં તેઓ રહેતા હતા. ત્યારે ડુંગરપરના કુંવરે છાની રીતે બંદોબસ્ત કરેલો જે ધીરજીને અથવા લાલજીને જે કોઇ અમને નજરે બતાવશે તેને સો રૂપૈયા આપીશું.

પછી એક સમે ધીરજી તથા લાલજી ડુંગરપર જીલ્લાના કરોરી ગામમાં ગયા. ત્યાં ધીરજીની પીછોટી ટળી હતી, તેથી તે દુઃખી હતો અને ત્યાં વાણીયાને ઘેર રસોઈ કરાવતા હતા.

તે વાતની ડુંગરપરના કુંવરને માલમ થયાથી તેણે સો સ્વારો મોકલ્યા. તેઓએ આવીને કરોરીને પાદર નગારૂં કર્યું. તે સાંભળીને ધીરજી તથા લાલજી નાસી ગયા. તેઓની કેડે ડુંગરપરના સ્વારો દોડયા. તેઓ નજરોનજર થતાં ડુંગરપરવાળાએ કહ્યું જે તમે રજપૂત થઇને નાસો છો શું?

ત્યારે ધીરજીએ લાલજીને કહ્યું જે તેઓ ઝાઝા છે અને આપણે ફક્ત બે જણા છીએ, માટે આ સમે તો નાસી જવું તેજ ઠીક છે. તોપણ લાલજીએ તો ધીમે ધીમે પોતાનું ઘોડું ચલાવવા માંડયું, એટલે ડુંગરપરવાળા આવી પહોંચ્યા. પછી લાલજીનું ઘોડું હઠયું. તેથી તે આગળ ચાલ્યું નહીં. ત્યારે એક આરએ તે ઘોડાની પીઠ ઉપર તલવાર મારી. ત્યાં બીજે સ્વારે લાલજી ઉપર ભાલો નાંખ્યો,

તેથી લાલજીએ પોતાનો બચાવ કરીને તે સ્વારને ભાલો માર્યો, તેથી તે મરી ગયો. પછી ઘોડું ન ચાલ્યાથી લાલજી હેઠો ઉતરીને મારીને પોતે મૂઓ. અને ધીરજીએ જાણ્યું જે લાલજી પછવાડે આવે છે તેથી તે આગળ દોડી ગયા. અને પછી ખબર પડી જે લાલજી મરાયો. પછી ધીરજી પકડાયા.

ડુંગરપર સાથે લાલજીનું વેર લેવા સારૂ ટીટોઈના ઠાકોર કનકાજી માથે ધોળો ફેંટો બાંધતા હતા. તેઓ પણ આશરે સવત્ ૧૮૯૬ માં ગુજરી ગયા. અને લાલજીનો કુંવર પર્વતસંઘજી ગાદીએ બેઠો. તેના મનમાં પણ બાપનું વેર લેવાનો વિચાર હતો, પણ સરકારનો હુકમ મળ્યો નહિ, તેથી બંધ રહ્યું. અને તે પર્વતસંઘજી પણ સંવત્ ૧૯૦૪માં ગુજરી ગયા. તેના કુંવર હાલ ગાદીએ છે.

ધીરજીને ડુંગરપર કેદમાં રાખ્યા. ધીરજીએ કેદમાં રહીને સામળાજીની માનતા કરી જે અહીંથી નીસરી શકીશ તો સામળાજીમાં રૂ. ૧૦૦) ખરચીશ.

પછી કોટડા ઉપરથી પડતું મૂકીને નાસીને સામળાજીમાં જઇને રૂ. ૧૦૦ ખરચ્યા. પછી છાનીરીતે કાઠિયાવાડમાં જઇને ત્યાં પોતાનો દોસ્ત ચારણ જાતે કાછેલો હતો, તેની પાસેથી તથા કાઠીયો પાસેથી તેર ઘોડા વેચાતા લઇને ઇડર જીલ્લાના ડુંગરોમાં આવીને વળી લૂંટફાટ કરવા માંડી. ત્યારે બાલેટણ સાહેબે ગામેગામ થાણાં મૂક્યાં. તે થાણાં ઉપર રાતની વખતે પડીને થાણાંનાં કેટલાંએક માણસો મારી નાંખ્યાં.

બાલેટન સાહેબ સાદરામાં રહ્યા ત્યાં સુધી પ્રાંતીજથી આઘા ઇડરવાડામાં ગયા નહિ. એક વાર મહારાજ તથા સરદારો મળીને તેડવા ગયા, ત્યારે એવા પક્કા બંદોબસ્તથી ઇડરમાં ગયા હતા.

ધીરજી તે સાહેબને પકડવાની ઘણી ઇચ્છા રાખતો હતો. જાણે કે કોઈ સાહેબ પકડાય તો તેના દંડના બે લાખ રૂપૈયા મળે. તેમ જ મુંટેડીના સુરજમલજી મી. આઉટ્રામ સાહેબને પકડવા ચાહતા હતા.

જ્યારે ધીરજીએ ભીલોડાનાં બાન પકડ્યાં, ત્યારે ત્યાં સરકારનું થાણું તથા મહારાજના સ્વારો હતા. તેઓ ધીરજીને પકડવા ગયા, ત્યા એક વાંધું ૩૫ હાથ પહોળું હતું તે ધીરજીની ઘોડી કૂદી ગઈ. ત્યારે ધીરજીએ કહ્યું જે આ વાંધું કૂદાવી શકે તે મારી કેડે આવજો. પછી સહુ પાછા વળ્યા.

પછી તો કોઈ ગામમાં કોઇને ઘેર ધીરજી ગયો હતો, એવું સંભળાય કે તરત તે ઘરધણીને ઘેર સરકારના પચાસ સ્વારો જઈ પહોંચે અને તેને હરકત કરે.

એક સમે ધીરજી પોતાનું ગામ ખરવાડ, જે ચારણના નિલછા ગામ પાસે છે, ત્યાં ઉતર્યા. એ નીલછાના ચારણ સાથે આગળ ધીરજીને દોસ્તી હતી, તેથી તે ચારણ ઉપર શક લાવીને તેના ઉપર મહારાજે બે સ્વારો મોશલ કર્યા; અને ધીરજી તો એ વખતમાં પોતાના દોસ્તદારના ગામને પાદર પણ નીકળતા નહિ; જાણે કે મારે વાસ્તે તેને બિચારાને હેરાન કરશે. તે મોશલ સ્વારો ચાર મહીના સુધી નીલછામાં રહ્યા અને ધીરજી તો મેવાડના ડુંગરોમાં રહીને ઠેઠ પાટણ સુધી લૂંટફાટ કરતા હતા.

**સોરઠા:–पाटण घोड़ा पाप मगरीं रही मेवाड़री;**
**आभो उंडळ मांय धारे तोले धीरतो।** १

**माळव धरनी माड पूना लग धाहां पडे;**
**ककते कमाड धाकें जडीया धीरता !** २

**बीजा बार बोहोल थाळी नह ठणको थयो;**
**धारी वळे थाळ धज बंध वाग्यो धीरता !** ३

**तुं धीरा तरवार नवस पता झाळत नहीं;**
**मक्षत्री निरधार खंड नमे होते खरी.** ४

**लाखां दळ असवार खेडे चा भारे खडा;**
**भागरो भणकार धरती झुणो न धीरता !** ५

**बीजा रे वारे धनो न खाधी धीरता !**
**वड हत तो वारे खाधी सुठ खुमाणरा. ६**

**અર્થ:**—મેવાડની ડુંગરીમાં રહીને પાટણને પાદર ઘોડાને પાણી પાય. એ ધીરજી જો ધારે તો આભને ઉંડળ(બાથમાં)માં લઈ શકે. ૧

માળવાથી તે પૂના સુધી તેનો ત્રાસ પડે, અને તે ધીરજીની ધાકથી કલકત્તે કમાડ દેવાય, ૨

બીજા વાઘની વારમાં એક થાળનો ઠણુકો પણુ થયો નહીં; પણુ ઓ ધીરજી! તારી વેળાએ મોટા ધજબંધ થાળ વાગ્યા. ૩

ઓ ધીરજી ! તું નવા સાહસિકપણાથી જો તલ્વાર પકડત નહિ, તો નવે ખંડ પૃથ્વી ખરેખરી નક્ષત્રી કહેવાત. ૪

ઓ ખેંડેચા ધીરજી ! લાખો ઘોડાની ફોજ તાકીદે દોડાવી, પણુ નાસી જવાનો ભણુકારો તારો પૃથ્વીમાં સાંભળ્યો નાહ. ૫

ઓ ધીરજી! બીજા રજપૂતોને જણુતાં માએ સુંઠ ખાધી નહિ, પણુ મોટા હાથવાળા ખુમાણુસંઘજીના પુત્ર, તને જણુતીવારે તારી માએ સુંઠ ખાધી. ૬

## ગીત

**पणे वात असगां त्रिया सुणो पाडोशीयां,**
**दठ मकने शहर फरे दावे,**
**कंत प बातरी हाश क्यां ने कणे,**
**अचितो कमधक्को वखत आवे. १**
**सनाहां भीडीयां भीच उंचाशरो,**
**लगश थट मेळियां साच लाधां;**
**धीर उद्दमा त्रिया तणो कर डोधको,**
**वाह उपरं श्रु रंग बांध्या. २**
**धमक पड पाखरां राग सिंधु गवे,**
**भर अणिया तणे समरभावे,**
**त्रसण खुमा तजवां सर ऊपरां,**
**थरु मांढण कश्रु वांह थावे. ३**

साचर महर तणी नार कहे वे सही,
रेवण चांपातणे हकम रहेजे;
अरी धीरा जसा होय जण उपरा,
कशुं चुडा तणी आश कहेजे. ४
बीखर अटवायो जके रजपुतवट,
माणतंगा खळां थात थांडे;
कवायत उधरो कहे खग काढिय,
चढि एक शोक काळुं चुडे. ५

**અર્થ:**—શત્રુઓની સ્ત્રીઓ કહે છે કે પાડોશીઓ સાંભળો. ભકનસંઘના વંશનો દાવો કરે છે; માટે ધણીના એવાતણુની વાત હું શી રીતે કરૂં? એ રાઠોડ કોઈ વખતે ઓચિંતા આવે? १

બખતર પહેરેલાં અને ઉંચી જાતનાં બાણુ લઇને તે લશ્કરનો જમાવ મેળવીને સાચા દિલનો, તોફાની ધીરજીનો ધક્કો કરડો છે, માટે ચૂડા ઉપર રંગ કેમ ચઢાવું? ૨

પાખરના પડ ધમકે, અને સિંધુ રાગ ગવરાવે અને ભાલાની અણિયોનાં જુદ્ધ તેને ગમે છે, જેના માથા ઉપર ખુમાણજીનો પુત્ર શત્રુ હોય, તેના ચુડાનું મંડાણ સ્થિર કેમ થાય? ૩

શત્રુની સ્ત્રીઓ નક્કી સાચું કહે છે કે એ ચાંપાવતના હુકમથી પૃથ્વી રહે; જેના ઉપર ધીરજી જેવા શત્રુ હોય તેના ચૂડાની આશા શી કહેવી?

એ બહાદુર જુધ્ધનો ભૂખ્યો, અને રજપૂત વટવાળો, અભિમાની શત્રુઓના ઠઠ્ઠાને મરડી નાંખે. તલવાર કાઢીને ફોજ ઉપર ચાલે છે, માટે ચૂડા ઉપર શું રંગ ચઢાવીએ?

સોરઠા–नगरे मरध रियो, खुमावत कढिये खडग;
अधके ईडरियो, गळतो रात गंभीरशी. १
सूवे न सूवा दे, धडक तुं हाळी धीरता!
कमध अंजळी करे, गोरा ने गंभीररी. २

**સોરઠાના અર્થ:**—ડુંગર ઉપર મારવાડી ખુમાણવાળો તલવાર કાઢે તેથી ઈડરનો રાજા મહારાજા ગંભીરસિંહ ગળતી રાતે થડકે. ૧

પોતે સૂવે નહિ અને બીજાને સૂવા દે નહીં, એ ધીરજી! તારો ત્રાસ, એ રાઠોડ! તે સાહેબ લોકની તથા ગંભીરસંઘજીની ફોજની અંજલિ કરી. ૨

પછી ધીરજીએ મેવાડમાંથી આવીને ચોરીવાડનાં બાન તથા ઢોર લીધાં. ત્યાંથી વસાઈમાં જઇને દરબારના આદમીને જખમી કર્યો. પછી બળોલના વાણીયાને પકડયો. તે બાનનો દંડ લઇને છોડી મૂકતો હતો. પછી તેણે સાંભળ્યું જે મારે વાસ્તે નીમછાના ચારણ ઉપર મોશલ થયા છે, તેથી ધીરજી નીલછાની સીમમાં આવ્યો અને રાતે ગામમાં જઇને મોશલો ઉપર છાપો માર્યો. તેમાંના એક સ્વારને જખમી કર્યો અને બીજો નાસી ગયો. ત્યારે તે ચારણે કહ્યું જે મારે આંગણે મોશલોને મારવાથી મારી આબરૂ જાય, તેથી તે ચારણ વજાજીએ ધીરજી ઉપર ત્રાગું કર્યું, ને પોતાનો હાથ કાપ્યો તથા ઝાંઘ ફાડી અને એક ડોશીને ગળે ઘાલી.

ધીરજીએ એક મોશલના ઘોડાને પણ મારી નાંખ્યો. તે મોશલે જઇને ઈડર ફરિયાદ કરી ત્યારે મહારાજે કહ્યું જે એ તો નીલછામાં ચારણ મરાયો, તેથી નીલછા ઉપર ફોજ મોકલો. ત્યારે પાસેનાં માણસોએ કહ્યું જે મહારાજ! એ વાતની તજવીજ કરાવીને પછી મોકલો.

પછી તજવીજ કરતાં એ ચારણથી તરફથી તકસીર માલમ પડી નહિ. અને તે સમે નીલછાના કેટલાએક ચારણો પણ મોશલોની ઉદાંતરી કરવા સારૂ ડરમાં આવેલા હતા.

પછી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા, કેમકે મી. બાલેંટન સાહેબની સ્વારી અમદાવાદમાં હતી. તે સમે મહારાજના મુખ્ય પ્રધાન કુકડીઆના ઠાકોર કુંપાવત્ત દરજણસંઘજી હતા. અને પેલા ચારણો પણ અમદાવાદ ગયા. અને મહારાજના સરદારો પણ ત્યાં હતા.

પછી મઉના ઠાકોર ગોપાળસંઘજીએ કહ્યું જે એ બીચારા ચારણોનો કાંઈ વાંક નથી, વાસ્તે તેઓને મારવા નહિ. તોપણ મહારાજે કાંઈ ન માનતાં ચારણોને મારવાનો હુકમ આપ્યો હતો.

ત્યારે ઠાકોર ગોપાળશંઘજીએ કહ્યું જે હું મરીશ, પછી ચારણને મારવા દઇશ. પછી બીજા સરદારોએ મહારાજને સમજાવીને એ વાત બંધ રખાવી. તે પછી દશ દિવસ જતાં એમનો મુખ્ય ચારણ સાહેબો-જી ગુજર્યા, ત્યારે દરબારે મોશલીના છસેં રૂપૈયાનું ખત કરાવી લઇને ચારણોને રજા આપી. છેલ્લી વારે ઇડરમાં જઇને રૂપૈયા માફ કર્યા.

તે પછી ધીરજી મોજે સાવળી ઉપર તથા રાયગઢ ઉપર ચઢયા. એ રીતે તેમણે ચૌદ વર્ષ સુધી વખો કર્યો. એણે મહારાજને પેલા ચારણો વાસ્તે કહાવ્યું હતું, જે ઘરનો ધણી રજપૂત પણ ચારણોને માને છે; તો આપ એવા ગરીબોને શા વાસ્તે હરકત કરો છો ? હું તમારો મુલક લૂંટું છું, માટે જે કરવું હોય તે મને કરવું જોઇએ.

પછી બાલેટન સાહેબે પણ ધીરજીનો કાંઈ બંદોબસ્ત કર્યો નહીં પછી સંવત ૧૮૮૪ ના અષાડ શુદિ ૨ ને રોજે ઇડરના ડુંગરોમાં ધીરજીએ બંદુકનો દારૂ મંગાવીને જાજમ ઉપર મૂકવ્યો હતો, તે સિરબંધીઓને વહેંચતાં કોઇની જામગરી લાગ્યાથી તે દારૂ સળગી ઉઠયો. તેથી ધીરજીને ઇજા થયાથી તે ગુજરી ગયા. ત્યારે તેની ઉમ્મર આશરે ૪૫ વર્ષની હતી. તે શરીરે નીચા અને પાતળા હતા. ચહુવાણ સુરજમલજીના વખા કરતાં પણ ધીરજીનો વખો બહુ ભારે કહેવાયો.

આ સમે ધીરજીનો કબીલો મારવાડમાં ગામ કુડે હતો. ત્યાં ઠકરાણી ચાવડીજીએ એ વાત સાંભળી ત્યારે ઠાકોર ધીરજીની પાઘડી લઇને તેમનો ચાકર વખતીઓ ત્યાં ગયો હતો. તે પાઘડી સાથે એક ઠકરાણી સતી થઈ. તે ઠકરાણીને કાંઇ પ્રજા નહોતી. અને બીજી ઠકરાણી નક્કીજી મોડાસા પાસે દુધરવાડાના જાતે નહકાર કછવાહા રજપૂતની દીકરી તે પણ ત્યાં મારવાડમાં હતાં. તે પોતાના કુંવર

હિમતસંઘજી ૭ વર્ષની ઉમ્મરના હતા તેને લઇને તથા એક દીકરી હતી તેને લઇને વાંકાનેરમાં આવ્યાં અને તે ગામ વસાવા માંડ્યું.

ત્યારે મહારાજે કહ્યું જે આજથી એ ગામના વેરાની નિશાં આપો. ત્યારે તે ઠકરાણીના કારભારી તે કુંવરને લઇને વડોદરે ગયા. અને ગાયકવાડ સરકાર તથા સાહેબની મારફત બંદોબસ્ત કરી લાવ્યા. અને વાંકાનેર આબાદ કર્યું. એ વખતે સાદરામાં કોઈ સાહેબ નહોતા.

આ ધીરજીની બહાદુરી મહીકાંઠામાં બહુજ વખણાય છે, અને તેના રાસડા, ગીત તથા કવિત્ત ઘણાં છે.

**छपय**

**संवत अढारे सोय, होय चौंरसिं हत्यारो,**
**अणमें मास अषाढ, खरो उज्ज्वल पख सारो;**
**तिथि बीज धीक ताय, वार धिक सोम वदीजे;**
**अण दन धीर अभंग, कियो स्वर्गवास कहीजे**
**खगवाण गीत मोटां खलां, कमध मुंछ घाते करां;**
**खुमाण तणो पडियो सती, अजवाळी पख आपरां १**
**वसौं वद्रि गिरिवास, करौं शेवा केदारी;**
**शंकर चा दु शीश, वळी तजौं कुटुंब प्रवारी,**
**चित हे कण चैत्र मास, धरौं वरखा शरधारा**
**त्यागुं अन्न जळ तृप, करौं हरध्यान करारा;**
**परिक्रमण करौं सारी पृथ्वी, भमुं जे ते तप भाणरो,**
**अण देह मळे धीरो अभंग, खत्रवट रुप खुमाणसे. २**
**जद मळतो घण जाण, केहि मनहरस करतो;**
**रंग राग रिळवार भलम जश बाथ भरंतो;**
**खुमावत खेडेच, अहोनिश करतो आळा;**
**पहणां पूरण आश, शक्यो ब्रद लिवांस काजा;**
**पाथुंवा तणो मातापिता, दत हाथाला खांदिया;**
**नरधीर गवां फूट्यो नहीं, हे नानत तोने हिया. ३**

**અર્થ:**—સંવત્ અઢારસેંમાં હત્યારો ચોરાસીઓ હતો, એમાં અષાઢ મહીનો અને નઠારો શુદ પક્ષ, તેની તિથિ બીજ, તેને ધિક્કાર છે. અને સોમવારને પણ ધિક્ક કહીએ. હાથની તલવારે મોટા દુષ્ટોને જિતીને એ રાઠોડે મુંછે હાથ ઘાલ્યો. પછી તે ખુમાણસંઘજીનો પુત્ર ક્ષત્રી પડયો; તે પોતાનાં પખાં અજવાળીને. ૧

બદ્રિકાશ્રમના પર્વતમાં વાસ કરૂં, તથા કેદારનાથની સેવા કરૂં, શિવને માથું ચઢાવું, વળી કુટુંબ પરિવાર તજુ઼ં, એક દિવસથી ચોમાસામાં વર્ષાની ધારા માથે ધરૂં, અન્ન, જળ અને ઘી તજું, અને શિવના ધ્યાનનો ઠરાવ કરૂં, આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરૂં, અને જેટલામાં સૂર્યનો તડકો પડે તેટલે ભમું; એ સર્વનું ફળ એ જ માગું જે આ દેહે ખુમાણનો પુત્ર ક્ષત્રવટવાળો ધીરજી મળે. ૨

તે ઘણો સુજાણ જ્યારે મળતો, ત્યારે મનમાં કંઈ કંઈ હરખ કરતો. રાજરંગની રીઝનાર, ભલપણ અને જશ લેવા બાથ ભરતો. જાતે ખેડે આ ખુમાણસંઘજીનો પુત્ર રાતદિવસ વિશ્વાસ કરતો. પોતાની આશા પૂરનારાઓ સારા કામમાં બીરૂદ લઈ શક્યા. કવિઓનો માબાપ, જેણે લાખોનું દાન પોતાને હાથે આપ્યું, એવા ધીરજી જતાં તું ફુટયું નહિ, માટે હે હૈયા! તને ધિક છે. ૩

**ચાંપાવત ધીરજીનો ઇતિહાસ સંપૂર્ણ:**

---

## પ્રકરણ ૧૨ મું

## મઉના ઠાકોર ચાંપાવત ગોપાળસંઘજીનો ઇતિહાસ

ધીરજીનો વખો પૂરો થયા પછી સંવત્ ૧૮૮૫ માં ઠાકોર ગોપાળસંઘજી વખે નીસર્યા તેનું કારણ જે મહારાજ ગંભીરસંઘજીએ મઉ પરગણાનાં ગામો માર્યાં હતા. તેથી ત્યાંની નિશાના રૂપૈયા મઉવાળાએ રોકયા હતા. તે લેવા સારૂ મહારાજે ઘણી તાકીદ કરી, ત્યારે ગોપાળસંઘજીએ વખે નિસરવાનો વિચાર કર્યો, અને પોતાના સ્વાર આશરે વીશ હતા, તે લઇને પોતાના તાબાના ગામ મોજે ચીતોડે ગયા.

ત્યાં એક વાણીઓ મરી ગયો હતો તેની કાણે ઈડરના મહાજન બાઇડીઓ, છોકરાં સુધાં થઇને ૧૦૦ માણસો ત્યાં આવ્યાં હતાં. તે ચાર દહાડા રહીને ઠાકોરને મળીને ઈડર ચાલ્યા. તેઓને વળાવીને ચિત્રોડના મહાજન પાછા વળ્યા.

પછી ઠાકોર ગોપાળસંઘજીએ પછવાડે જઇને તે સર્વને પકડીને ડુંગરોમાં લઈ ગયા. તેમાંથી થોડાં ઘણાં માણસો નાસી ગયાં હશે. તેઓએ ઈડરમાં જઇને મહારાજ આગળ ફરીયાદ કરી અને ઈડરનું બધું મહાજન પોકાર કરતું દરબારમાં ગયું. ત્યારે મહારાજે માળી-એથી ડોકાઇને પૂછ્યું જે શું છે ?

ત્યારે વાણીયા બોલ્યા જે અમારાં માણસો કાણે ગયાં હતાં ત્યાંથી ગોપાળસંઘજી તેમને પકડી ગયા. તમે અમારા ઉપર શું ધણીઆપું કર્યું ? અમારે માથે કોઇ ધણી હોય તો આમ થાય ? ત્યારે મહારાજે કહ્યું જે થારો ધણી તો રમળેસરની પાળે સૂતો ( કુંવર ઉમેદસંઘજી) થારે માથે ધણી ક્યાં છે ? હું તો હવે બૂઢો થયો.

જ્યારે જોધપુરથી મહારાજ આણંદસંઘજી વખે નીકળ્યા ત્યારથી તે મહારાજાએ તથા તેઓના સરદારોએ મારવાડના ઘાટની પાઘડીઓ ઉતારીને આંબળા લઇને વખાની પાઘડીઓ બાંધી હતી, અને ધાર્યું હતું કે જોધપુર લેશું ત્યારે જ મારવાડી પાઘડીઓ બાંધશું. તેથી હાલ સુધી ઈડરના મહારાજ તથા તેમના સરદારો હંમેશાં આંબળા દઈ વખાની પાઘડીઓ બાંધે છે.

પછી ગોપાળસંઘજીએ તે વાણીઆઓનો દંડ લઇને છોડી મૂક્યા અને પોતે કબીલા સુધાં મઉના ડુંગરમાં રહીને ઈડર જીલ્લામાં લૂંટ-ફાટ કરતા હતા. પછી મહારાજે પોતાની ફોજ સુધાં જઇને મઉ પાસે ભવનાથ મહાદેવ નજીક મુકામ કર્યો, અને વીજાપુરના બારોટ દામોદર મહોબતસંઘને ત્યાં તેડાવ્યા. તેઓની બાંહધરી આપીને ગોપાળસંઘજીને તેડાવ્યા અને તેઓને કસુંબા પાઇને કહ્યું જે તું મારો બેટો છું, તારા જેવો મારે કોણ છે ? તને દેખું છું ત્યારે મને

કુંવર ઉમેદસંઘને જોયા જેટલો સંતોષ થાય છે. એવાં વચન કહીને તેઓને મઉમાં રાખ્યા.

પછી મહારાજે કહ્યું જે ગોપાળસંઘજીને જોયા વિના મને અન્ન ભાવતું નથી. એમ કહીને ઈડરમાં તેડાવ્યા, તેથી ગોપાળસંઘજી ઘણી વાર ઈડરમાં આવ્યા, અને ગયા.

પછી સંવત્ ૧૮૮૬ માં મહારાજ સ્વારી કરીને પરગણામાં ફરવા નીકળ્યા. તે સમે પોશીના પટામાં ખેરોદના ઠાકોર બરદસંઘજીને મહારાજે પકડીને બેડીઓમાં નાંખ્યો હતો. તેનું કારણ જે પોશીનાનો ઠાકોર જવાનસંઘજી ( હડાદપોશીના ) સંવત્ ૧૮૮૩ માં ગુજર્યો, ત્યારે તેને કુંવર પરવતસંઘજી ઉમ્મર વર્ષ અઢારના હતા. પણ કાંઈ બહાદુર નહોતા. તેથી તેના પિતરાઇ ભાઇઓ બે જામતસંઘજી તથા બરદસંઘજી હતા. તેમાં જામતસંઘજીનો વિચાર તો તે કુંવરને ગાદીએ બેસારવાનો હતો, પણ બરદસંઘજીને પોતે ગાદીએ બેસવાનો વિચાર હતો. પણ કાંઈ ઉપાય ન ચાલ્યાથી તે આવીને મહારાજ ગંભીર-સંઘજીને મળ્યા અને કહ્યું જે તમને પોશીના પટાનો ચોથો ભાગ લખી આપું અને તમે મને ગાદીએ બેસારો.

એ વાત મહારાજે કબૂલ કરી. ત્યારે તે કુંવરે તથા જામત-સંઘજીએ એ વાત જાણી; એટલે તેઓ પણ ઈડરમાં આવ્યા; અને મહારાજને અરજ કરી જે કુંવર છતાં પિતરાઇને ગાદીએ બેસારવાનો શિરસ્તો નથી, માટે તે કરવું આપને યોગ્ય નથી.

ત્યારે મહારાજે કહ્યું જે મને એ ચોથો ભાગ લખી આપે છે, માટે હું એને બેસારીશ. ત્યારે તેઓને બીજો કોઈ ઉપાય ન સૂઝ્યાથી તેમણે પણ કહ્યું જે અમે તમને ચોથો ભાગ લખી આપીએ છીએ. ત્યારે મહારાજે કહ્યું જે, ચોથો ભાગ તો એ અમને લખી આપે છે, તમે તેનાથી શું વિશેષ આપો છો ? જે તમને ગાદીએ બેસારૂં.

પછી ઘણી તકરાર કરતાં આખર કુંવરે ત્રીજો ભાગ લખી આપ્યો અને તેને ગાદીએ બેસારવા સારૂ મહારાજના હુકમથી જામત-

સંધજી પોશીને ગયા. ત્યારે બરદસંધજીએ મહારાજને ૭ આની આપવાનું કહ્યું, ત્યારે મહારાજે હુકમ લખ્યો જે કુંવરને ગાદીએ બેસાર્યાં વિના પાછા અહીં આવજો. તેથી તે પાછા આવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે બરદસંધજી ૭ આની લખી આપે છે, માટે બરદસંધજી ગાદીએ બેસશે. પછી બે મહીના સુધી ભાંજગડ ચાલી, અને આખર કુંવરે અરધો ભાગ લખી આપ્યો. ત્યારે મહારાજે સુવેનારના કુંવરજી હમીરસંધજીને બંદુકદાર પચાશ તથા સ્વાર પચાસ, હાથી, નગારૂં તથા ચોબદાર સાથે આપીને એ કુંવરને ગાદીએ બેસારવા સારૂ, તથા દરબારનો અર્ધ ભાગ તપાસી લેવા સારૂ મોકલ્યા.

તેઓએ જઇને કુંવર પર્વતસંધને ગાદીએ બેસાર્યાં, ત્યારે બરદસંધજી ખેરોજમાં પોતાને ઘેર ગયા અને પોશીના પટાનાં ગામોને હરકત કરવા માંડી. એટલે પોશીના વાળે ઇડર ફરિયાદ કરી, તેથી મહારાજે બરદસંધજીને ઇડરમાં તેડાવ્યા, પણ તે આવ્યા નહિ, જાણ્યું કે મને મારી નાંખશે.

પછી બાંહધરી આપીને તેને તેડાવ્યા, એટલે તે આવ્યા ખરા, પણ મહારાજનો ભરોંસો રાખતા નહોતા. ત્યારે શીરોઈ પરગણાના ઝાંખર પરગણાનો આઢો ખેમરાજજી, તે શીરોઇનો કારભારી આબરૂદાર હતો; તે શીરોઈના કાંઈ કામ વાસ્તે ઇડરમાં આવ્યો હતો, તેના ભેળો બરદસંધજી આવીને ઉતર્યો.

ત્યારે મહારાજે તેને દરબારમાં બોલાવીને ઠપકો દીધો, પણ તેણે કાંઈ માન્યું નહિ. ત્યારે મહારાજે તેને પકડવાનો વિચાર કર્યો. તેને વાસ્તે ખેમરાજ સામો થઇને લડશે એવું જાણીને એ વિચાર મોકુફ રાખ્યો. અને શિખામણ દઇને રજા આપી. એટલે બરદસંધજીએ ઘેર જઇને પાછી એ જ રીતે પોશીના પટાને હરકત કરવા માંડી.

ત્યારે વળી મહારાજે બાંહેધરી આપીને તેડાવ્યો, પણ તે આવ્યો નહીં. ત્યારે બરદસંધજીના કારભારી જણ બે હતા. તેમાં એક તો મોજે

ગાનો બ્રાહ્મણ આચાર્ય નરભેરામ અને બીજો મોજે ગુંદરનો ભાટ હતો. તેઓને ફોડીને મહારાજે કહ્યું જે તમોને એક એક ગામ આપીશ, અને તમે બદસંઘજીને અહીં સુધી લાવો.

પછી તેઓ બરદસંઘજીને ભોળવીને ઈડરમાં આવ્યા. ત્યારે મહારાજે બરદસંઘજીની ઘણી આગતાસ્વાગતા કરી. પછી તેને કચેરીમાં બોલાવ્યો પણ તે આવ્યો નહિ. ત્યારે ઘણો વિશ્વાસ આપીને તેડાવ્યો અને મહારાજે સિંધી મેરૂ જમાદારને કહ્યું જે બરદસંઘજી આવે એટલે તેને તરત પકડી લેવો. પછી તે કચેરીમાં આવતો હતો, તેવો જ તેને પકડીને પોતાને ઉતારે લઇ ગયો; અને કેદ કરીને તેના પગમાં બેડીઓ નાંખી.

પછી મહારાજે સ્વારી કરી ત્યારે તે બરદસંઘજીને કેદમાં સાથે લીધો હતો. પણ બે મહીના પછી તેનો ખેરોદ પટો બેતરબ કરીને, ફેલ-જામીન લઇને, તેને રાજી કરીને છોડી મૂકયો; પણ તેણે ઘેર જઇને પેલા બે કારભારીઓને બોલાવીને વિશ્વાસ આપીને રાખીને; પછી તે બ્રાહ્મણનું માથું કાપ્યું અને તે કૂતરાં પાસે ચુંથાવ્યું. અને પેલો ભાટ નાસી ગયો.

પછી મહારાજે સ્વારીનો મુકામ કાનપર તથા તશીઆ વચ્ચે કર્યો, ત્યારે અહમદનગરના મહારાજ કરણસંઘજી, તથા મઉના ઠાકોર ગોપાળસંઘજી વગેરે બધા સરદારો તે સ્વારીમાં હતા. ત્યારે લખેલા કરણસંઘજી, ગોપાળસંઘજી તથા મુંટેડીના ઠાકોર જાલમ-સંઘજી, એ ત્રણે મળીને, ઘરમેળે વિચાર કરીને મોજે પાલ ઉપર સ્વારી લઈ જવાનો વિચાર કર્યો, અને દરજણસંઘજીનો તથા મહા-રાજનો વિચાર રેહવરો ઉપર જવાનો હતો. પણ પેલા ત્રણ સરદારોએ ભોળવીને પાલ તરફને રસ્તે સ્વારી ચલાવી. અને પોતાનો સરંજામ આગળ ચલાવીને પોતે મહારાજાની સાથે રહ્યા. અને પોતાના સ્વારોને રજા આપી જે મોજે પાલ મારવી.

પછી ટપાલનો ઠાકોર મોહબતસંઘજી ડુંગરમાં નાસી ગયો. તે નાસી જાય એવો નહોતો, પણ પોતાના ધણીની ફોજ જાણીને નાસી ગયો. અને એ સરદારોને જૂનું વેર હતું, તેથી તેઓએ એમ કરાવ્યું. પાલનાં તમામ ઘર બાળી નાંખ્યાં. પછી મહારાજ આવ્યા અને પાલ બળતી જોઇને સહુને ઘણો ઠપકો દીધો, અને પાલને પાદર મુકામ કર્યો.

ત્યારે પાલના ઠાકોર મોહબતસંઘજીએ ભીલો ભેળા કરીને એઓને પાછા જવાના બધા રસ્તા બંધ કર્યા. તેથી ત્યાં દશ દિવસ સુધી પડાવ રહ્યો. અને પાલમાંથી લૂંટ લાવીને ખાતા હતા. પણ દરજણસંઘજીનાં માણસોએ કશું લૂંટયું નહિ. અને પેલા સરદારો શેરડી ખાવા જવાને બહાને જઇને આસપાસનાં ગામો લૂંટતા હતા અને બાળતા હતા. વળી તે વાત મહારાજના જાણવામાં આવે ત્યારે મહારાજ તેઓને ઠપકો દેતા હતા.

એ ફોજમાં ઇડરના ગોસાંઈ દોલતગરજી મણિગરજી પણ હતા. તેઓનો સામાન ઇડરથી ઊંટ ભરીને ફોજમાં લઈ જતા ભીલો એ ઊંટને તથા માણસોને જખમી કરીને સામાન લૂંટી ગયા.

તે સમાચાર ફોજમાં આવ્યા અને પાલના ઠાકોરે કહ્યું જે, મહારાજ! મારૂં ગામ વગર ગુન્હે, રૂપૈયા ભર્યા છતાં શા વાસ્તે માર્યું? અને હવે આપને પાછા જતાં ઘણું મુશ્કેલ પડશે. ત્યારે મહારાજે કહાવ્યું જે મારે પાલ મારવી નહોતી, પણ આ ત્રણ સરદારોએ મારી છે. ત્યારે તેણે કહાવ્યું જે તેઓને હું પહોંચત, પણ આપ શા વાસ્તે તેઓની સાથે પધાર્યા?

પછી મહારાજે તેને તેડાવ્યા, પણ તે આવ્યા નહિ. પછી મહારાજે બંદોબસ્ત કરી આપ્યો જે પાલ વસાવ્યા પછી બે વર્ષ સુધી જમાબંધી માફ છે. એમ કરીને ત્યાંથી મુકામ ઉઠાવ્યો અને દિલમાં ખોટું લાગ્યાથી બીજે કયાંય ન જતાં પાછા ઇડરમાં પધાર્યા, અને ફોજ વેરી નાંખી; પણ ગોપાળસંઘજીને હજુરમાં રાખ્યા.

તેવામાં દરજણસંઘજીને અને ગોપાળસંઘજીને પરસ્પર ઘણો દ્વેષ હતો. ત્યારે મહારાજે ગોપાલસંઘજીને કહ્યું જે ઈડરનો કારભાર તને આપવો છે, અને વળી એક વાત તું પેટમાં રાખે તો તને કહું ત્યારે કહ્યું જે રાખીશ.

મહારાજે કહ્યું જે દરજણસંઘજીને મારી નાંખીશું. ત્યારે ગોપાળસંઘજીએ કહ્યું જે, એ વાત સાચી છે કે મશ્કરી કરો છો? મહારાજે કહ્યું જે સાચી વાત કહું છું. ત્યારે કહ્યું જે વચન આપો: એટલે મહારાજે કોલ દીધો.

પછી ગોપાળસંઘજીએ મહુએ જવાની રજા માગી, ત્યારે તેને શિરપાવ આપીને રજા આપી. તે જઇને પાછા આવ્યા, ત્યારે મહારાજે કુંવરજી ઉમેદસંઘજીની ઢાલ તલ્વાર તેને બક્ષીસ આપી. પણ ઘણા લોકો ગોપાળસંઘજીને કહેતા હતા કે કોઈ સમે મહારાજ તમને મારી નાંખશે. જુઓ કે મોજે ચાંદરણીના ઠાકોર સુરજમલજીને ભવાનસંઘજીએ દગાથી માર્યા હતા. મેઢાસણના ઠાકોર ખુમાણસંઘજીના કુંવર જેસંઘજીને ભવાનસંઘજીએ દગાથી માર્યા હતા. એમના ઘરની એવી રીત છે, એવું લોકો કહેતા હતા.

આગળ એવી વખત ગઈ અને હાલ તો મહારાજ જવાનસંઘજી તથા તેમના સરદારો સંપ સ્નેહથી ચાલે છે, તે ઘણું ખુશી થવા જેવું છે. પણ એ વાત ગોપાળસંઘજીએ માની નહિ અને ગોપાળસંઘજીનો સસરો ટોડડાનો ઠાકોર પહાડસંઘજી હતો, તેણે ઘણું કહ્યું પણ માન્યું નહિ; અને જવાબ દીધો જે એવો એવો વહેમ બતાવીને ટટોઇના ઠાકોર કનહાજીને પણ ઈડરના દરબારથી વેગળા રાખ્યા, વાંકાનેરના ઠાકોર ધીરજીને વેગળા રાખ્યા અને મને પણ એવો વહેમ બતાવીને વેગળો રાખવા ચાહો છો.

પછી ગોપાળસંઘજીનાં મા ગુજર્યાં ત્યારે ઘણા આગ્રહથી રજા લઈને તેની ક્રિયા કરી. ત્યાં પણ ઘણાં માણસોએ કહ્યું કે તમે ઈડરમાં જશો નહિ, પણ ગોપાળસંઘજીએ કોઈની વાત માની નહીં.

ત્યારે ગોપાળસંઘજીની ઓરમાન માએ તથા દકરાણીએ એક એવો બનાવ કર્યો કે જ્યારે ગોપાળસંઘજી ઇડર ચાલ્યા, ત્યારે કાળાં કાણાં, અને ફૂટેલાં હાલ્લાંમાં પાણી ભરી છોકરીઓ સામી મળી; એ વગેરે અપશુકન દેખાડ્યાં. તોપણ ગોપાળસંઘજી ઇડર ગયા.

ઘણા દિવસ પછી સંવત્ ૧૮૮૭ માં મહા વદી ૧૪ ને રોજ મહારાજે પોતાના કસબાતીને પ્રથમ વાત જાહેર થવા બાબત પક્કા સોગન દઇને કહ્યું જે આજ ગોપાળસંઘજીને તમે મારી નાંખો. એ વાત કોઇએ કબૂલ કરી નહીં. ત્યારે મેરુ જમાદાર સિંધી હતો તેને બોલાવીને એ જ રીતે સોગન દીધા. પછી કહ્યું ત્યારે તેણે કબૂલ કર્યું.

આગલે દહાડે મહારાજે ગોપાળસંઘજીને કહ્યું જે, કાલે શિવરાત્રી છે, માટે તું સવારના પહોરમાં વહેલો આવજે, એટલે આપણે જે દરજણસંઘજીને મારવા ધાર્યું છે તે કરીશું. ત્યારે ગોપાળસંઘજી નાહી જમીને તૈયાર થઇને દોઢીએ જઇને ખબર કરાવી. ત્યારે હંમેશના શિરસ્તા પ્રમાણે દરવાને તેઓનાં હથિયાર દોઢીએ મૂકાવ્યાં. અને મેરૂ જમાદારના સો સિપાઇઓ બંદુકો ભરીને તૈયાર હતા કે ગોપાળસંઘજી આવે તો મારવા. અને દરબારનાં જે જે સારાં આબરૂદાર માણસ હતાં, અને જે ગોપાળસંઘજી પક્ષનાં માણસ હતાં; તે સર્વેને મહારાજે કાંઈ ચાકરી બતાવીને પરગણામાં મોકલ્યા હતા.

જ્યારે ગોપાળસંઘજી દરબારમાં આવ્યા ત્યારે મહારાજી ભટીયાણીજીના મહેલમાં ગાદીતકીયા નંખાવીને બિરાજ્યા હતા. ત્યાં ગોપાળસંઘજીને બોલાવ્યા અને તે સમે હજુરને આરોગવાનો થાળ આવ્યો. ત્યારે મહારાજે ગોપાળસંઘજીને કહ્યું જે તું મારા ભેગો જમવા બેસ. ત્યારે તેણે ના કહી, પણ ઘણો આગ્રહ કરીને જમવા બેસાર્યા. તે જમ્યા પછી મુખવાસ આપ્યો.

ગોપાળસંઘજીના સસરા પહાડસંઘજીએ ગોપાળસંઘજીને કોરે બોલાવીને કહ્યું જે મારા મનમાં એમ જણાય છે કે, આજ આપણને મારશે. અને મારી બેટી ચૌદ વર્ષની તમને પરણાવી છે, વાસ્તે હું

તમને કહું છું કે તમે મારો બચાવ કરો. ત્યારે ગોપાળસંઘજીએ કહ્યું જે તમને ખોટો વહેમ આવે છે.

પછી ગોપાળસંઘજીનો સસરો હોકો પીવાને મશે ઘણી મુશ્કેલીથી પોતાનો જીવ બચાવી, ઉતારે જઈ સ્વાર થઇને જતો રહ્યો. ત્યારપછી તો જમાદારે પાકો બંદોબસ્ત ર્ક્યો જે કોઈ જઇ શકે નહિ.

પછી મહારાજે ચાકરને હુકમ કર્યો જે અત્તરની શીશી લાવો, એટલે શીશી લાવ્યા. ત્યારે વળી કહ્યું જે ભારે કીમ્મતની અરત્તની શીશી લાવો, પછી ચાકર જે જે શીશી મેડી ઉપરથી લાવ્યો તે તે તેણે પસંદ કરી નહિ. અને પોતે શીશી લાવવાને બહાને જઇને દાદરો બંધ કર્યો; તે એટલા સારૂ કે કદાપિ પોતાના જીવને કાંઈ નુકશાન થાય.

પછી મહારાજે જમાદારને કહ્યું જે હવે જીવતો જશે તો તારૂં માથું કપાવીશ. એટલે ચારે તરફનાં બારણાં બંધ થયાં અને ચારે તરફથી બંદુકો છૂટી. ત્યારે ગોપાળસંઘજી સાથે બાર માણસો હતાં, તેઓ તો ઠાકોરને વીંટાઈ વળ્યા, પણ ગોળીઓ વાગ્યાથી તેઓ મરાણા, અને ગોપાળસંઘજી જખમી થયા. ત્યારે મહારાજે કહ્યું જે ગોપાળસંઘ! તારે ઇડરની વાણીયાણીઓ પકડવી વાજબી હતી? અને હવે તારે જોર કરવું હોય તો કર. આ લે. બે તલ્વારો બાંધ. એમ કહીને બે તલ્વારો નાંખી.

પછી ગોપાળસંઘે ભટીયાણીજીને પોકાર કરીને કહ્યું જે હું તમારા મહેલમાં તમારે શરણે છું. એટલે ભટીયાણીજીએ કહ્યું જે હવે ગોપાળસંઘજીને મારશો તો તેની સાથે હું પણ મરીશ. ત્યારે મહારાજે કહ્યું જે હવે એ ઉગરશે તો મને મારશે; અથવા ઘણી ખરાબી કરશે. ત્યારે ભટીયાણીજી દોલતકુંવરબા, ગામ ઓરવા મારવાડમાંના ભટીની દીકરી, તેણે કહ્યું જે પાકો બંદોબસ્ત કરશું. પણ હવે મરાય નહિ.

પછી એ રીતે બે દિવસ અને એક રાત ગઈ. ત્યારે બીજી રાતે ગોપાળસંઘે વિચાર્યું જે રાજગઢ ઠેકીને નાસી જાઉં. એવા વિચારથી બહાર નીસર્યા. એટલે તેને સિપાઇઓએ તલ્વારથી મારી નાંખ્યા. ત્યાર પછી ભંગીયા પાસે તે સર્વનાં મુડદાં તણાવીને ચોકમાં નાંખ્યાં. પછી મહારાજે ભંગીઆઓને કહ્યું જે તે મુડદાંના કટકા કરીને સમળીઓને ખવરાવો.

તે વાત સાંભળીને મહારાજના મુખ્ય શેઠીઆઓએ આવીને અરજ કરી જે, મહારાજ! જે ગુન્હેગારો હતા, તેઓને તમે શિક્ષા કરી, હવે એ માટી સાથે તમારે કાંઈ વેર નથી; વાસ્તે તેઓને બળાવો. પછી ગાડાંમાં મુડદાં ભરીને શ્મશાનમાં પહોંચાડીને એક ચેહમાં બાળ્યાં.

એ ત્રણ દિવસ સુધી દરબારમાં મહારાજ સુદ્ધાં કોઇએ અન્ન ખાધું નહોતું.

તે ગોપાળસંઘજીના કુંવર બે તેમાં એક ભારથસંઘજી ઉમ્મર વર્ષ ૭ના અને પર્વતસંઘજી ઉંમર વર્ષ ૩ના હતા. તેઓ તથા તેઓનો કબીલો તથા તેઓની તરફના જે લોકો હતા, તેઓ નાસીને ડુંગરોમાં ગયા. ત્યારે મહારાજે મઉ પાસે ભવનાથ મહાદેવ પાસે મુકામ કરીને ગોપાળસંઘના કુંવરોને તેડાવીને મઉની જગ્યા પાછી સોંપી, સંવત્ ૧૮૮૭ માં.

પછી સંવત્ ૧૮૯૫ માં ભારથસંઘજીની માને કાંઈ શકના સબબથી તેના કાકા વાંકાનેરના હિમ્મતસંઘજીએ તલવારના જખમથી મારી નાંખી, તથા એક વાણીયાને માર્યો.

સંવત્ ૧૮૯૨ માં પાલના ઠાકોરે જૂના વેરથી ધાડ લઇને મઉએ આવીને ઢોરાં લીધાં. ત્યારે મઉનો શેરજી માંગલીઓ રજપુત કામ આવ્યો, પણ ઢોર તો પાલવાળાને હાથ ગયાં.

ગોપાળસંઘજીને માર્યો તેના ઠપકાનું સપાખરૂં ગીત છેઃ

## गीत

थरुसिंहने वतावतणोथो अळामें विखाण थातां,
जगदाता छेतरीने नलेणो रुकां फडे तठे चांपो;
पण कारवो थो राजा, फोजां सुं अडावणो थो;
दुजो कतमाल ... ... ... ... १
मारवो नहोतो चांपो उगारवो राव मारु;
महाबळी झाझो करे राखवो थो मान,
पणों गजां तणी सुंढां, खागां तळे उड पडे;
जाणी वेळा हतो बबकारवो जवान. २
दळां माथे भेडणो थो, कही जे आणंद दुजा,
इखतांशा अवां घणां मारतो उमंग,
खांगा पाडावाळाने हुं कालणो थोडे खेत;
अनारो गोपाल घेरी नमारां अभंग. ३
धमोडा भुदंडा तणा, अंगमें सुसरे घनो;
भाण रथ रोक रहे, देखवा भाराथ;
वीस धरं तणी थाय, रुढमाळ पू बेसला;
हराशवा आणि वेळा, देखणा था हाथ. ४
हजारांरी गज घडां, चढाय लियो थोहीए;
देय तो तेग श्रृंखळां, वेर तो युद्दोड;
वेणा रो वाहरु हतो, पणी जे गंभीर राजा;
रुकरो दोरंग चांपो, कर्युं मार्या राठोड. ५
जांबुदीप थकी वेर, करेवो थो बयां जोध;
धरेवोथो सामहो, सादूळ रणधीर;
हाथी माथे चढी, पृथीनाथथें देखता हाथ;
वातां साटे मारवो न, बलु हरी वीर. ६
अरां तणै माथे जड, करवा चाशो अरप;
कमं धेश भारा धर्मे, भेळशो केकाण;

**मार मार चहु कोर जंगमांहे करे महा;**
**धरा तणो थ भयाद, आवशे जो थाण. ७**

**અર્થ:**—કોઈ સિંહને વતાવવો હતો તો, કે જેથી પૃથ્વીમાં તારાં વખાણ થાત. પણ ઓ અન્નદાતા ! તારે એ ગોપાળસંઘને છેતરીને ઝાલી લેવો નહોતો, ઓ મહારાજ ! જ્યાં તલ્વારના ઝપાટા વાગે ત્યાં તે ચાંપાવતને પકડવો હતો. એ બીજા ફતમાલને કોઈ ફોજના સામો ચડાવવો હતો.

ઓ મારવાડી રાજા ! એ ચાંપાવતને મારવો નહોતો, ઉગારવો હતો. એ મહા બળીયાનું ઝાઝું માન કરીને રાખવો હતો. તે હાથીઓની સૂંઢો તળે અને તલ્વારો તળે ઉડી પડે એવો હતો, માટે એવી વેળા જાણીને એ જુવાનને પડકારવો હતો. ૨

ઓ બીજા આણંદસંઘજી મહારાજ ! તેને કોઈ ફોજ ઉપર ભીડાવવો હતો, તો તે જોતાં જોતાંમાં ઉમંગથી ઘણા શત્રુઓને મારત. એ વાંકી પાઘડીવાળાને જાહેર લડાઈમાં ઉશ્કેરવો હતો. પણ અનાજીના ગોપાળસંઘજીને એ રીતે ઘેરીને મારવો નહોતો. ૩

તે પોતાના ભુજદંડના ધમકારાથી ધનુષના ટંકારવા શરીરમાં સોંસરા કાઢત, અને એનો ભારથ જોવા સારૂ સૂર્ય રથ રોકીને રહેત. અને શિવજીની રૂંઢમાળા પૂરી થવાની વેળા થાત. એ શવાજીના વંશના હાથ એ વેળાએ જોવા હતા. ૪

હજારો હાથીઓની ઘટમાં મનમાં ચઢાવ્યો હોત તો તલ્વારથી શત્રુઓને દોડીને કાપી દેત. વચનનો પાળનાર હતો એવું કહેવાય છે. ઓ મહારાજ ગંભીરસંઘજી! તલવારનો બજાવનાર ચાંપાવત રાઠોડ તેં કેમ માર્યો ? ૫

જંબુદ્વીપમાં કોઈ બીજા જોદ્ધા સાથે વેર હતું અને તેના સામો એ વાઘને લડાઈમાં ધરવો હતો. ઓ પૃથ્વીનાથ ! તમે હાથી ઉપર બેસીને પછી એના હાથ જોવા હતા. પણ આમ વાતો સાટે એવા શૂરવીરને મારવો નહોતો. ૬

હવે જ્યારે કોઈ શત્રુઓ ઉપર આપ લડાઈ કરવા ચાલશો, અને ઓ રાઠોડ રાજા! લડાઇમાં ઘોડા ભેળશો અને ચારે તરફ લડાઈમાં મારમાર એવા મહાશબ્દ થશે; ત્યારે ઓ જુદ્ધ પુરાણી! એ પૃથ્વીનો થાંભલો આપને યાદ આવશે. ૭

આ પછી ગંભીરસંઘજી બિરાજ્યા ત્યાં સુધી આ રીતે વહીવટ ચાલ્યો અને સંવત્ ૧૮૯૭ ના શ્રાવણમાં મહારાજ પડયા, અને જુવાનસંઘજી ગાદીએ બેઠા, ત્યારે તો ઘણા સરદારો વખે હતા.

મુંટેડીના સુરજમલજી, રૂપાલનો ઠાકોર, ઘોરવાડાનો ઠાકોર, મઉ, ટીંટોઇ, ચાંદરણીના ચાંપાવતો વખે નહોતા, પણ તેઓ દરબારથી ઉંચે મન હતા. અને જ્યારે જોધપુરના મહારાજ માનસંઘજી પડયા અને સંવત્ ૧૮૯૯ માં જોધપુરનું તેડું અહુમદનગરના વખતસંઘજીને આવ્યું, ત્યારે ઇડરના જુવાનસંઘજી જોધપુરની ગાદી લેવા દાવો કરતા હતા.

તે સમે સર્વે સરદારો કુંપાવત સિવાય તખતસંઘજીને મળતા હતા, અને ઉમેદ રાખતા હતા જે હવે આપણને જોધપુર જીલ્લાના મોટા પટા મળશે. પછી જ્યારે તખતસંઘજી જોધપુરની ગાદીએ બેઠા, ત્યારે તે સરદારો અથવા તેઓના ભાઇઓ જોધપુર જઈ આવ્યા. તેઓને રૂપૈયા પાંચ હજાર સુધીના શિરપાવ આપીને વિદાય કર્યા, તો પણ નાઉમેદ થઇને પાછા આવ્યા.

મેઢાસણના ઠાકોર અજીતસંઘજી જોધપુર ચાલ્યા ત્યારે તે ટાણે ઇડરનાં બાઇએ તેમને તેડાવીને કહ્યું જે તમારે જોધપુર જવાનો વિચાર રાખવો નહિ. અને તમારૂં ખર્ચ પૂરૂં થતું નહીં હોય તો દરબાર તમારી ખબર રાખશે. તે ઉપરાંત પણ જોધપુરના ત્રણ કાગળો આવ્યાથી તેઓ ત્યાં ચાલ્યા. ત્યારે પણ રાણીજીએ પોતાના બે સ્વાર મોકલીને રાયગઢ ગામ એમનું આગળ પડાવી લીધેલું છે તે પાછું આપવાનું કહ્યું; પણ તે સ્વારો તેમના ભેળા થઈ શક્યા નહિ, અને તેઓ તો જોધપુર ગયા.

ત્યાં ચાર માસ રહ્યા ત્યારે, અહીં રાણીજીએ મહેરબાન લાંગ સાહેબને અરજ કરી જે, મેઢાસણના ઠાકોર ગયા છે તે અમારૂં કાંઇ નુકશાન કરશે એવો શક રહે છે; માટે તેમને પાછા બોલાવવા જોઇએ.

પછી સાહેબે જોધપુરના પોલીટીકલ એજન્ટને લખીને જબરદસ્તીથી પાછા તેડાવ્યા. તેમને ત્યાંથી પાંચ હજાર રૂપૈયાની મત્તા મળી.

લોક કહે છે જે જોધપુરના મહારાજ માનસંઘજીએ પોતાને ખોળે લેવા સારૂ કુંવરની હુશિયારી જોવા વાસ્તે પોતાનાં માણસો છાની રીતે ઇડર, અહમદનગર અને સુવરમાં મોકલ્યાં હતાં. તે માણસોએ તખતસંઘજીની તારીફ કરેલી. અને અહમદનગરનાં માણસો અહીંથી છાનાં જોધપુરમાં ગયાં. તેવામાં ઇડરથી પણ મને (ધીરજીને) એ સ્વાર સાથે આપીને મોકલ્યો. તે હું જઇને મહારાજના નાથગુરૂને મળવાને તથા ઇડરના દરબારનો કાગળ આપવા ગયો. તે સમે તે નાથ પાસે અહમદનગરનાં આવેલાં માણસો હતાં.

તેઓએ એવું કહ્યું હતું જે મોડાસાના જાલમસંઘજીના દત્તપુત્ર તખતસંઘજી છે, જે જાલમસંઘજીને સંવત્ ૧૮૩૦ માં આશરે મહારાજ શવસંઘજીએ સ્વાર ૨૦૦ આપીને જોધપુરના મહારાજ વજેસંઘજી ઉપર દક્ષણીની ફોજ આવી હતી, ત્યારે કુમકે જોધપુરના તરફ મોકલ્યા હતા. ત્યારે જાલમસંઘજીએ સારી બહાદુરી દેખાડી હતી. પોતાના થોડા સ્વારો હતા, પણ મોટી ફોજને હઠાવીને આબરૂ પામ્યા હતા. તેમના કુંવર તખતસંઘજી છે, એ વગેરે વાતો અમે સાંભળી.

તે માણસો ઉઠી ગયા પછી અમે એ નાથ પાસે જવાનસંઘજીની તારીફ કરી અને કહ્યું જે તખતસંઘજી જાલમસંઘજીના નથી, એ તો કરણસંઘજીના કુંવર છે, અને ચાવડાના ભાણેજ છે; ઇત્યાદિ કહીને અમે કાગળ આપ્યો. તેનો કાંઇ જવાબ લખી આપ્યો. તે લાવીને અમે ઇડરમાં રાણીજીને આપ્યો.

પછી તો ભટીયાણીએ સરદારો ને માણસો હાથી ઊંટ સુધાં એ હરીફ માણસો તખતસંઘજીને તેડવા મોકલ્યાં. ત્યારે ત્યાં જઇને તખતસંઘજી ગાદીએ બેઠા.

ત્યારે ઈડર દરબારે અરજી કરી જે જોધપુરનો વારસો અમને પહોંચે છે અને ત્યાં તખતસંધજી ગયા, તેઓને અહમદનગર ઈડરથી મળ્યું હતું, માટે તે અમારૂં પાછું અપાવો. પછી સરકારે અહમદનગર પાછું અપાવ્યું. પછી જોધપુરથી ત્રણ માણસો દશ લાખ રૂપૈયા લઇને મોકલ્યા, જે ઈડરવાળાને અહમદનગરમાં પેસવા દેવા નહિ. તે સમે મહેરબાન વાલેસ સાહેબે તે માણસોને કેદ કરી જમાન લઇને છોડી મૂક્યા.

---

## પ્રકરણ ૧૩ મું

# રેહેવર [1]રજપૂતોનો ઇતિહાસ

રેહેવર લોકો મૂળ પુંવાર રજપૂત ચંદ્રવંશી ઉજ્જૈનના રાજા વિક્રમના વંશના તથા ચંદ્રાવતી નગરી જે આબુ પાસે ઉજ્જૈડ છે, તે રાજા ભર્તૃહરી-ની હતી એ બંને રાજાઓની ઓલાદના છે. ઉજ્જૈન અને ચંદ્રાવતી હાથથી છૂટતાં, ત્યાંથી કેટલાંક વર્ષ ધારાનગરીમાં રહીને પાછા ચંદ્રવતી નગરીના દેશમાં દેવડા રજપૂત રાજ કરતા હતા, ત્યાં એક રાજા પોતાના ભાઇઓ સુદ્ધાં આવ્યો. તેનું નામ માલમ નથી—અને તેના સગા ભાઇનું નામ અવચળસંધ હતું, તે પણ તેની સાથે હતો. પછી દેવડાઓ પાસેથી તે રાજ પડાવી લેઇને ત્યાં પોતે રાજ્ય કરવા લાગ્યા. તેની સાલની ખબર નથી.

પછી એક રોજ રાજા પોતે શીકારે નિકળેલ, અને પેલા દેવડા રજપૂતો પણ ચંદ્રાવતીના જંગલમાં રહેતા હતા, ત્યાં પેલો રાજા જઈ ચઢ્યો, અને દેવડાઓને ઘણી કુંવારી દીકરીઓ દીઠાથી રાજાએ પરણવાનો ઠરાવ કર્યો, તે એવી રીતે કે દેવડાએ નાં ૧૨૫ કન્યાઓ, તે રાજાના ભાઈ ભત્રીજા વગેરે ૧૨૫ વરને પરણાવવી.

---

૧ મોહનપરના કામદાર રેહેવર માલજી ભીમજીએ લખાવેલી.

તે પરણવા આવતી વખતે સવાસો વર શિવાય બીજા કોઈ માણસને સાથે લાવવું નહીં, એવો ઠરાવ કર્યો. પછી લગ્નનો દિવસ નક્કી કરીને પરણવા સારૂ રાજા સુદ્ધાં સવાસો વર નિકળ્યા. તેમાંથી રાજાના ભાઈ અવચળસંઘને શિકાર રમવાનો શોખ ઘણો હતો, તેથી તેણે કહ્યું કે હું શિકાર રમીને બારોબાર ત્યાં તમારા ભેળો થઈશ. એમ કહીને તે શિકારે ગયો અને રાજા સુદ્ધાંત ૧૨૪ વર, ત્યાં દેવડા રજપૂતોની કન્યાઓને પરણવા ગયા. પછી અવચળસંઘજી સંધ્યાકાળે એક મહાદેવનું દેવળ વગડામાં હતું ત્યાં શિકાર રમ્યા પછી આવીને ઉભા રહ્યા અને ત્યાંથી ચાર ઘડી રાત જતાં પેલા વરો ભેગા પરણવા સારૂ તૈયાર થઇને ત્યાંથી નીકળ્યા. તે સમે એવો શબ્દ થયો જે "રહે વર" એટલે ઓ વર તું રહે, પરણવા જઈશ નહિ. તે શબ્દ સાંભળીને વિચાર કરવા લાગ્યો, અને ગયો નહિ. પછી મહાદેવજીએ પ્રસન્ન થઇને તે અવચળસંઘને કહ્યું જે તમારા ભાઇઓ વગેરે ૧૨૪ વરો જે પરણવા ગયા હતા, તેઓને દેવડાઓએ મારી નાંખ્યા. માટે તમે ત્યાં જશો નહીં. એ વાત સંવત ૧૨૮૨ માં બની, ત્યારથી તેના વંશની રેવર શાખા થઇ.

પછી ચંદ્રાવતીનું રાજ્ય ઉપર લખ્યા પ્રમાણે રાજા મરાયાથી દેવડા રજપૂતોના હાથમાં જવાથી તે અવચળસંઘજી રોહીડાના ઘાંટામાં આવીને રહ્યા. ત્યાં આશરે એક વર્ષ રહ્યાઃ તેટલામાં પાદશાહની ફોજે ક્યાંઈ જતાં આવતાં ત્યાં મુકામ કર્યો. અને ફોજવાળાનાં શીરકારનાં જનાવરો નાઠેલાં, તે અવચળસંઘના મુકામમાં ગયાથી તે પાછા ન આવ્યાથી, તે ફોજ સાથે લડાઈ થઈ. ત્યાં અવચળસંઘ સાથે સામાન હતો, તેમાંથી કેટલાંએક માણસો મરાયાં. બાદ હડોલમાં હાલ જે ઠાકોર છે તેમના ઘરડાની ત્યાં ઠકરાત હતી. તેનો કામદાર એક વાણીઓ હતો. તેની દીકરીને પરણવાનું તે ઠાકોરે કામદારને કહ્યું. તે ઉપર કામદાર રોહીડાના ઘાટમાં અવચળસંઘજીને જઇને મળ્યો. એ સર્વ સમાચાર કહ્યા. ત્યારે અવચળસંઘ ત્યાંથી તરત

પોતાનો સરંજામ લઇને, હડોળ આવીને ત્યાંના ઠાકોરને મારી નાંખીને તે ઠકરાત પોતાને તાબે કરી લીધી. તે આશરે સંવત ૧૨૮૩—૮૪ માં બની.

પછી આસપાસનાં ગામ દબાવી, પાટણ સુધી ગરાસ કરીને સવા લાખ રૂપૈયાની પેદાશ કરી અને હડોળમાં રાજ્ય સ્થાપ્યું. હડોળ પાસે તારંગાનો ડુંગર છે તેથી એ અવચળસંઘ તારંગાના રાવ કહેવાયા. તે રાવ પદવી કોણે આપેલી, તેની તો ખબર નથી. અને આ દેશમાં જેટલા રહેવરો હાલ છે, તે સર્વે ઉપર લખેલા અવચળ-સંઘના વંશના છે. પછી હડોળમાં આશરે ચારપાંચ પેઢી સુધી રાજ્ય કરતા. પછી હડોળના ઠાકોરને જે પ્રથમ મારેલ તે વખતે તેની એક સગર્ભા રાણી નાસીને અમદાવાદ પાસે અસારવા ગામમાં જઇને રહેલી, અને તેને દિકરો અવતરેલો. તેનો વંશ ત્યાં થયેલો, તેને ઉપર લખેલા હડોળના કામદારના વંશનો એક વાણીઓ જઇને મળ્યો. અને ત્યાંથી તેને ભીલોના જમાવથી લાવીને અવચળસંઘના વંશનો જે હડોળમાં રાજ કરતો હતો ( તેનું નામ માલમ નથી ) તેને ત્યાંથી કાઢીને પોતાની ઠકરાત પોતાને તાબે કરી લીધી. તેથી અવચળસંઘના વંશવાળા ત્યાંથી ઇડરના રાવ પાસે આવ્યા. તે કઇ સાલમાં તે માલમ નથી. પછી રાવ પાસે રહ્યા બાદ રાવે કહ્યું જે ઘોરવાડામાં રતનો ગોહેલ કરીને ત્યાંનો ઠાકોર છે. તે ભીલો પાસે ઇડર મુલક લૂંટાવે છે અને ઘણું તોફાન કરે છે. માટે તેને તમે મારો તો, એ પટો તમને આપીએ. તે ઉપરથી અવચળસંઘના વંશવાળાએ ઘોર-વાડે આવીને તે રતના ગોહેલને મારી નાંખ્યો. તેથી ઇડરના રાજાએ તેમને તે ચોવીશ ગામનો ઘોરવાડ પટો આપ્યો, તેથી તેઓ ત્યાં રહ્યા. તે કઈ સાલમાં, અને તેઓનું નામ શું, તે તો માલમ નથી. પછી ત્યાં ઠાકોર કહેવાયા. તે ઠાકોરના દિકરાના બે દિકરા થયા. તેમાં પાટવી ઘોરવાડે રહ્યો. તેનો વંશ હાલ ઘોરવાડાનો ઠાકોર છે.

અને ફટાયાને ઇડરના રાવજીએ કહ્યું જે, તમે ભીલ લોકોને જેર કરો તો તમને નવો પટો આપીએ. પછી તે ફટાયાને મોહનપર,

રણાસણ, તરફ ભીલ લોકોની વસ્તી ઘણી રહેતી, અને તોફાન ઘણું કરતા, તેથી તેમનો બંદોબસ્ત કરવા મોકલ્યો. તે વખતે મોહનપુર તથા રણાસણ આબાદ નહોતાં. પણ હાલ મોહનપુર પટામાં હાથરોલ ગામ, જે મોહનપુરથી આશરે ત્રણ ગાઉ ઉપર છે, તે ગામ આબાદ હતું. ત્યાં આવીને રહ્યા અને આસપાસના ભીલ લોકોને જેર કરીને બંદોબસ્ત કર્યો. તેથી રાવજીએ હાથરોલ પાછળ બાવીશ ગામોનો પટો આપ્યો. તે ફટાયાનું નામ હરિસિંગજી હતું. તે હાથરોલની ઠકરાત બાંધી ત્યાંના ઠાકોર થયા. તેના દિકરાનું નામ બાજી. તેના પુત્ર શિહાજી, અને શિહાજીના દિકરા બે, પાટવી હેંગોળજી અને ફટાયા જોધસંઘજી. તે હેંગોળજીના દિકરા રાજસંઘજી, તેમણે રણાસણ આબાદ કર્યું. અને જોધસંઘજીના બે દિકરા, તેમાં મોટા ગંગાદાસજી અને નહાના શરતાનસંઘજી.

તે જોધસંઘજીને ઈડરના રાવજીએ વાંસવાડાના રાજા ઉપર જ્યારે પાદશાહની ફોજ આવી ત્યારે રાજાની કૂમકે મોકલ્યા. તે વખત રૂક્કો કરી આપેલ જે, તમારા પાટવી ભાઈ હેંગોળજીને જેટલાં હાથરોલ પટાનાં ગામ છે, તેટલાં ગામોનાં જૂદો પટો તમને પણ કાઢી આપીશું. પછી જોધસંઘજી ત્યાં મરાણા. બાદ તેમના દીકરા ગંગદાસજીએ પટા વાસ્તે રાવજીને અરજ કરી, ત્યારે જૂદો પટો તો કાઢી આપ્યો નહિ, પણ પોતાના બાપના પાટવીના હાથરોલ પટો હતો, તેમાંથી બરાબર ભાગ વહેંચી અપાવ્યો. તેથી ગંગદાસજી હાથરોલમાં રહ્યો. અને રાયસંઘજી રણાસણમાં રહ્યા. અને ગંગદાસના નાનાભાઈ સરતાનસંઘે અમદાવાદમાં જઈ પાદશાહ તરફથી ત્યાં જે અમલદાર રહેતો હતો, તેની ચાકરી કરી.

પરાંતીજ નજદીક એ પરગણામાં દોલતવાવ ગામ છે, તે વગેરે બાર ગામોનો પટો કાઢયો અને ત્યાં રહ્યા. પછી ગંગદાસજીના દીકરા મોનદાસજી થયા. તેમણે મોનપુર આબાદ કરીને ત્યાં ઠકરાત બાંધી. અને હાથરોલ તે પટાનું ગામ કરી નાંખ્યું. એ રીતે મોહનપુર અને

રણાસણ, એ બે ઠકરાતો થઈ. અને ત્રીજી ઠકરાત દોલતાબાદની પછી મોહનપુરના ઠાકોર મોહનદાસજીએ ઈડરના રાવજીની ચાકરી કરી. તેથી બાકરોલ પટો દશ ગામોનો, તથા એ શિવાય ઈડર પાસે મોટા કોટડા ગામ છે, તે ગામનો ચાંપલો ભીલ માર્યો. તે બાબત મોજે ઝામળા તથા વડીયું એ બે ગામ રાવજીએ આપ્યાં, તથા રણાસણના ઠાકોર રાજસંઘજીએ પણ ઈડરના રાવજીની ચાકરી કરી તેથી તેમને રાવજીએ દેશોતરનો પટો આશરે બાર ગામનો આપ્યો.

પછી રણાસણનો ઠાકોરનો વંશ ચાલ્યો. તેમાંથી રણાસણ, વડાગામ તથા ખોળુદરા એ ત્રણ ઠકરાતો થઇ. તેમાં રણાસણના ઠાકોરે ખોળુદરાનો પટો મોડાસાના હાકમની ચાકરી કરી કાઢેલો. તે ભાઇયાતને જીવકમાં આપેલો. તેમાં પાટવી રણાસણ, અને વડાગામ, ખોળુદરા, એ બે ફંટાયા.

મોહનપુરના ઠાકોરનો વંશ ચાલ્યો. તેમાંથી પાટવી મોહન-પુર અને ફટાયા રૂપાલ, પીપળીયા, તથા એ શિવાય પ્રાંતીજ પરગણામાં ગામ આગીઓલ છે; તેમાં રેહેવર ઠાકોર છે; તે રીતે થયા.

તેમાં રૂપાલ, મોહનપુરના ઠાકોર મોહનદાસજીના સર્વથી નાના દીકરા કુબેરસંઘજી, તથા મકનસંઘજી તેમણે ઈડરમાંથી રાવનું રાજ ગયા પછી અમદાવાદ તરફથી પાદશાહનો હાકેમ પીલ કમાલ રહેતો તેની ચાકરી કરી. તેથી તેમણે બંનેને ચાકરીમાં એ રૂપાલ પટો આપેલો. તેમાં કુબેરસંઘજીનો વંશ જે હાલ રૂપાલમાં અનજી રેહેવર વગેરે છે તે. અને પીપળીયા ગામ મોહનપુરની ભેમાંથી મોહનદાસજીના દિકરા કાનજીને જીવકમાં મળેલું. તેનો વંશ હાલ પીપળીયામાં ચાલે છે.

આગીઓલ મોહનદાસજીના દિકરા ભીમજીને પરાંતીજના પાદશાહી હાકેમથી ચાકરીમાં મળેલું. તેનો વંશ હાલ આગીઓલમાં ચાલે છે. અને મોહનપુરમાં મોહનદાસજીના મનોહરસંઘજી તથા તેમના બીજા ફટાયા દિકરા રહેલા તેનાં નામ બરાબર માલમ નથી એ રહેલા

ફ્ટાયાનો વંશ હાલ મોહનપુરમાં છે. અને પાટવીનો વંશ ઠાકોર જાલમસંઘજી સુધાં ચાલ્યો, અને પછી નિર્વંશ ગયો.

ઉપર જે દોલતાબાદની ઠકરાત ગંગદાસના ભાઈ સરતાનસંઘ લખ્યા છે તેની એ પેઢી સુધી દોલતાબાદમાં ઠકરાત કરી. પછી સરડોઇમાં મેવાશી ભીલ રહેતા હતા. તેમને અમદાવાદના પાદશાહી અમલદારના હુકમથી મારી કાઢ્યાથી, તે મારી કાઢનાર સરતાનસંઘજીના વંશના લાખાજી હતા. તેમને દોલતાબાદના પટા બદલે સરાડોઇનો પટો મળ્યો. તેમનો વંશ સરોડાઇમાં ચાલતાં, તેમાંથી પાટવીને વંશ ઠાકોર હિકસંઘજી આશરે સંવત ૧૮૯૧ ની સાલમાં સરડોઇથી મોહનપુર આવ્યા. કારણ કે મોહનપુરના ઠાકોર જાલમસંઘજીનો નિર્વંશ ગયો તેથી મોહનપુરની ગાદીએ ઠાકોર હિકસંઘજી બેઠા અને બીજા તેમના ભાઇયાત સરડોઇમાં રહ્યા. તેમનો વંશ સરડોઇમાં છે. તે ભાઇઆતોને સરડોઇ પટામાંથી જીવકમાં ગામો આપેલાં છે, તે ખાય છે. પણ સરડોઇ પટો તથા મોહનપુર તથા બાકરી એ ત્રણ પટાના માલેક હિકસંઘજી થયા. તેમનો વંશ હાલ મોહનપુરમાં ઠાકોર રાયસંઘજી છે. તે મોહનપુરના ઠાકોરને ત્યાં પ્રથમ જામળા તથા વડીયું, એ બે ગામો હતાં. તે શિવાય અંબાસર તથા વાવડી, મોહનપુર પટામાં હતાં. તે અહમદનગરના મહારાજશ્રી સગરામસંઘજી તથા તેમના ભાઈ જાલમસંઘજીએ સરડોઈથી હિકસંઘજી મોહનપુરની ગાદીએ બેઠા બાબત તકરાર કરીને દબાવ્યાં. અને રણાસણના ઠાકોરને ઘેર દેશોતરનો તરતનો પટો હતો તે ઇડરમાં મહારાજ આણંદસંઘજી તથા રાયસંઘજી જોધપુરથી આવ્યા, તેમાં આણંદસંઘજીને તથા રણાસણના ઠાકોર અદેસંઘજી હતા. તેમને કજીઓ થતાં આણંદસંઘજી મહારાજ મરાણા. એટલે રાયસંઘજી મહારાજે દેશોતરનો પટો દબાવ્યો.

એ રીતે હકીકત જે જે સાલોમાં થયેલી હશે તેમાં જે સાલની ખબર હતી તે ઉપર લખાવી છે. અને બાકીની માલુમ નથી.

હાલ રેહેવર લોકોની વસ્તી જે જે ઠેકાણે છે તેની વિગત જે—

૧૫ મહિકાંઠાનાં ગામોમાં

૩ મોહનપુરમાં, તથા બાકરોલ અને સરડોઇમાં

૧ રૂપાલમાં

૧ મોજે પીપળીયામાં

૧ રણાસણમાં

૧ વડા ગામ પટામાં

૧ ઓફંદરામાં

૧ ઘોરવાડા પટામાં

૧ ઘોરવાડા તળમાં

૧ ખલુસામાં

૧ ધબાલમાં

૧ દેશોતર–પરગણે ઇડર. એ ગામમાં રણાસણના ભાઇયાતનાં ઘર છે.

૧ પરાંતીજ પરગણાના આગલોડ ગામમાં

૧ મોજે જાંબુડીમાં–તે

જે આગળ ઘોરવાડા પટામાં હતી, તે હાલ ઇડર તાબામાં છે–તેમાં ઘોરવાડાવાળાના ભાઇયાત રહે છે.

૧ મોરૂગરા વીંટડામાં છે

જે આગળ ઘોરવાડાના ભાઇયાતનાં ગામ ઘોરવાડા પટાનાં તેમાં તે ભાઇયાતોનો વંશ છે અને હાલ એ ગામો અહમદનગર પરગણામાં છે.

આ રીતે એકત્રીશ (૩૧) ગામોમાં રેહેવરોનાં ઘર છે અને તે શિવાય કોઇ ગામમાં એ જાતના રેહેવરોનાં ઘર નથી.

# પ્રકરણ ૧૪ મું

## દાંતાના રાણાજીનો ઇતિહાસ[1]

**દોહા—सरस्वती माता सुमत दे, करु वंदनाकार;**
**मो मती सार वखाणीए, पेहेल क्षत्रि प्रमाण. १**

. ઓ સરસ્વતી માતા! સારી બુદ્ધિ આપ, તને નમસ્કાર કરૂં છું. અને મારી બુદ્ધિ પ્રમાણે પ્રથમ સારા ક્ષત્રી પરમારોનાં વખાણ કરૂં. ૧

**बंश छत्रिशे राजकुळ, जपण विचारी जोय;**
**पण क्षत्रि परमारश्रु, हाथी मेढ न होय. २**

વિચારી જોતાં છત્રીસેં વર્ણ રાજકુળનાં છે જ, પણ ક્ષત્રી સાથે કોઇથી મુકાબલો થાય નહિ. ૨

**के हाथी हेमर दिये, के पहो लाख वरीस,**
**के जग हे परमाज्युं, शीश करे बखशीस. ३**

તેનાં કેટલાએકે તો દાનમાં હાથી ઘોડા આપ્યા અને કોઇએ તો જાદવ પરમારની પેઠે માથું પણ બક્ષીસ કર્યું. ૩

**अथ दे यंदा कोइ हे, परमारीकी जोड;**
**एकण मोले आपीया, विक्रम नवे करोड. ४**

ધન આપનારા કોઈ પરમારોની જોડ છે? જે વિક્રમ પરમારે એક કવિત્તના મૂલના નવ કરોડ રૂપૈયા આપ્યા. ૪

**नाना कोय हवा नहि, पहो जोडी परमार;**
**भोज सरीखा कोय कहुं, परदल भंजणहार. ५**

કોઈ રાજા પરમારની જોડે નથી, થયાજ નથી. વળી ભોજ પરમાર જેવા કોઈ ક્યાંય પરદુઃખ ભાંગનાર થયા નથી. ૫

---

[1] ગઢવી ગોરખદાસજીએ રાણાજીના વંશના વર્ણનનો ગ્રંથ કવિતામાં રચેલો છે, તથા ગોરખદાસજીના વંશના ગઢવી માવળે મોંઢેથી હકીકત ઉતરાવી છે, તથા મોજે દાવડ, તાબે ઇડરના બારોટ જાલમ તથા જોરાજી નાથુજી પાસેથી લખી લીધેલા કાગળો દાંતાના કારભારી નરોત્તમદાસે આપ્યા. તે ત્રણેમાંથી મેળવીને લખ્યું છે.

अम पासे शर उडीओ, पडीयो खेत मलार;
मारमार शर उपरे, ओही कळ परमार. ६

આકાશ તરફ માથું ઉડયું અને રણક્ષેત્રમાં પડયું, અને માથું મારમાર બોલે; તેનું કુળ પરમાર કહેવાય. ૬

जश परमारां दध्यजल, कयवकुण थाडा कहाय;
ते तो पाणी लीजीए, जे तो कुंभ भराय. ७

પરમારનો જશ સમુદ્રના પાણી જેટલો, તેનો પાર ક્યો કવિ કહી શકે? પણ જેટલું પાણી પોતાના ઘડામાં સમાય તેટલું લઈએ. ૭

अनल कुंडहु उपना, प्रथम भूप परमार;
तास तणी उतपत कहु मोजी हा मतसार. ८

વશિષ્ઠના અગ્નિકુંડમાંથી પ્રથમ પરમાર૭ ઉપન્યા. તેઓની ઉત્પતિ મારી બુદ્ધિ પ્રમાણે કહું. ૮

છપ્પય.–अनलकुंड हरितेज, प्रथम परमार उपनो,
तास केड चहुवाण, पछे चालुक्य संपनो;
चोथ पाघ चावडो, चावग्रहि धर चंचळ;
खत्रोधर्म राखवा, हुवा चारे हालोहल;
धर वधे धरमअधरम घटे, गाय विप्र पूजा घणी;
उपना खत्री अळ उपरे, सुरलोके वातो सुणी. ९

અગ્નિકુંડમાંથી પ્રભુના તેજથી પ્રથમ પરમાર ઉપન્યો. તે પછી ચહુવાણ, અને તે પછી સોલંકી ઉપન્યો. ચોથે પગલે ચાવડો ધનુષ્ય પકડીને પૃથ્વીમાં ચંચળ થયો. ક્ષત્રી ધર્મ રાખવા સારૂ એ ચારે જોરાવર થયા. તેઓનાથી પૃથ્વિમાં ધર્મ વધ્યો ને અધર્મ ઘટયો, તથા ગાયોની અને બ્રાહ્મણની પૂજા થઈ. એવા ક્ષત્રીઓ પૃથ્વી ઉપર ઉપન્યા, તે વાતો દેવલોકમાં થઈ.

દોહા–अनळ कुलहु उपना, पेढी बीश पुंवार;
अभ्यासी शर उवरे, पछे होय परमार. १०

અગ્નિના કુંડમાંથી ઉપન્યા પછી વીશ પેઢી સુધી પુંવાર કહેવાયા, પછી બોલવાના મહાવરાથી પરમાર થયા.

છપ્પય.–मारमार शुरमार, मार कठुण मेवासी,
मार शेर सेवकां, मार असुरां अभ्यासी;
मार अरी सामर्थ, मार सब हाम नाई,
मारहार मेलिया मार बाहर वेराई,
तणवार सार शर उडीयो, धारहुत पडीयो शरधर;
परमार मार शर उचरे, ताम नाम परमार धर. ११

શૂરાઓને મારી મારીને તથા કઠણ મેવાસીઓને સેવકનાં દઃખ મારીને, અસુર કર્મના અભ્યાસવાળાઓને મારીને, જોરાવર શત્રુઓને મારીને, માર મોંઢે સઉને હાર મનાવી, એમ મારીને નસાડી મેલ્યા. અને બહારના વેરવાઇને માર્યા, તે સમે તરવારથી માથું ઉડયું, તે તરવારની ધારથી ભોંય પડયું. તે માથું–પર–એટલે શત્રુને મારનાર એમ બોલ્યું. તેથી તેનું પરમાર નામ ધરાવ્યું.

हुवो राव परमार, छत्र पकण सुर आसुर,
तास पुत्र पांत्रीस, साख जुजवो हुई धर;
वडो राव विक्रम, जगत सारा कथ जाणे;
धारथाण उजण, देश माळव धर माणे;
परमार वीर विराधी पहु, कमण भूप मढण कही;
नव क्रोड हथ्थ वेताळके, पक मोज धर अपही. १२

તે પરમાર રાજા દેવ અને દૈત ઉપર એક જ છત્રધારી થયો. તેના પાંત્રીસ પુત્ર થયા. તેની જૂદી જૂદી શાખાઓ પૃથ્વી પર થઈ. પછી તેમાં મોટો રાજા વિક્રમ થયો, તેની વાત બધું જગત જાણે છે. તેનું સ્થાન ધારાનગરી તથા ઉજ્જેણ, તેણે માળવાની જગો ભોગવી, એ પરમાર બહાદુર સર્વ બહાદુરોનો ઉપરી રાજા થયો, તેની સાથે કયો રાજા મીઢવીએ ? જેણે વેતાળ બારોટના હાથમાં એક બક્ષીસમાં નવ કરોડ પૃથ્વી આપી.

**पहोवी सर दातार, राव विक्रम वखनों,**
**धार थाण उजेण, साम पाखेव सुनो;**
**पाट तेन परमार, मुंज ऊढीयो म्हाबळ;**
**सुपुत्र तास सिंधल, बाप हुतो बलसबल;**
**राखवा वात अखीयातरण, नर असुराण न नमीयो;**
**धज बंध वंश आफण धनो, जळहळ भोज जनंमीओ. १३**

પૃથ્વી ઉપર દાતાર તો રાજા વિક્રમ વરતાયો, તેનાં સંસ્થાન ધારા તથા ઉજ્જેણ, તે એવા ધણી વિનાં સુનાં છે, તેની ગાદીએ પરમાર મુંજ મહા બળવાન જાગ્યો, તેનો સારો પુત્ર સિંધલ તેના બાપનાથી પણ વધારે બળીઓ થયો. તે લડાઇની વાત પ્રખ્યાત રાખવા સારૂ અસુર પુરૂષોને નમ્યો નહિ. તે સિંધલનો પુત્ર વાવટા-વાળો, વંશમાં આડો આંક વાળનાર તેજસ્વી ભોજ જનમ્યો, તેને ધન્ય છે.

**दान भोज देवणो, भोज परदुःखको भंजण;**
**वेवल रख जाणतां, सवा लख वेय अबुलण;**
**क्रोड भूप कळीजुग, भोज राजाको जेहा;**
**कर कंकण बंधीधर, तासहारो हाकहा;**
**पहोवीआ आज बीजे बरद, समे पण राजा सरे;**
**गोपाळ वाळ घरघरची ते, भोज भोज मख उचरे. १४**

તે ભોજ દાન આપનારો અને પરદુઃખનો ભાંગનાર, જાણતાને લાખ આપે અજાણતાને સવા લાખ આપે. કળીજુગમાં ક્રોડો રાજા થયા, પણ કોઈ ભોજ જેવો થયો નથી. જે હાથે કંકણ બાંધ્યું હોય-આજ બીજો રાજા આ સમે સર્વોપરી હોય-તેને જોવાને અરિ-સાના શી જરૂર? સહુ બાળગોપાળ ઘેર ઘેર ભોજ ભોજ એમ મોંઢેથી બોલે છે.

**जपण भोज जीवीयो, नाथ मखहु तन आयो,**
**जपण भोज जीवीयो, दान दीधो कव्यभावो;**

**जसो भोज जजठल्ल, खत्री जाणजे परीखत;**
**गौ विप्र प्रतीपाल, सत्यव्रत ग्रहियां शास्त्र;**
**क्रोड सादान दन प्रतदिया, क्रोड लख शास्त्रकर;**
**परमार नाम राखे पृथी, गयो जसो वैकुठपर. १५**

જ્યાં સુધી ભોજ જીવ્યો ત્યાં સુધી કવિઓને મન માન્યું દાન આપ્યું. જેવો યુધિષ્ટિર તેવો ભોજ અથવા પરિક્ષિત ક્ષત્રી જાણીએ. ગાય બ્રાહ્મણોને પાળનાર તેણે શાસ્ત્ર પ્રમાણે સત્યવ્રત રાખ્યું અને દરરોજ કરોડોનાં દાન કર્યાં અને કરોડો અને લાખો શાસ્ત્ર સાથે આપ્યાં. એ પરમારે પૃથ્વી ઉપર નામ રાખ્યું. પછી તે ભોજ વૈકુંઠ ઉપર ગયો.

**भोजपुत्र उजेण, धार धारवे विराजे;**
**आलपाल अरबुद, घाट जोगाईत छाजे;**
**हंसराज पारकर, राव भोजल जालंधर;**
**सिंह असून अजमेर सिंह सामंत मंडोवर;**
**लोद्रवे भाण मुगलगजण, दमो सिंध उपर दणी;**
**परमार राज सारी पृथी, पृथवी परमारां तणी. १६**

તે ભોજનો પુત્ર ઉજેણમાં તથા ધારા નગરીમાં બીરાજ્યો. અને આલપાલ નામનો પરમાર આબુમાં, જોગાઈત નામનો પરમાર ઘાટ દેશમાં, પારકરમાં હંસરાજ પરમાર અને જાળોદમાં ભોજલ પરમાર, અને અજમેરમાં અરૂસિંહ પરમાર, મંડોવરમાં સામંતસિંહ પરમાર, લોદરગઢમાં ભાણ પરમાર, મુગલ ગીજની તથા સિંધની દુનિયા ઉપર દામોદર પરમાર, અને આખી પૃથ્વીમાં પરમારોનું રાજ થયું અને પૃથ્વી તો પરમારોની થઈ.

**आठ लाखधर सिंध, राज दामेण विराजे,**
**असुर नाम संभळे, लाखलाखां पड भाजे;**
**सुराशण खेशीयो, मार गजणी सुरतांण;**
**सहस पग संशखधर, असा भीमेण जवाण;**
**असुराण शीश दल उपडे, वहे चक्र जम वेणरो;**
**लिहको सिंध लोप्यो नहि, आसो राज दामेणरो. १७**

આઠ લાખની જમીન સિંધની, તે ઉપર દામો પરમાર રાજા તેનું નામ સાંભળીને અસુરોની લાખ લાખની ફોજ નાશી જાય. તેણે ખુરાસાનના રાજાને ખસેડ્યો, ગિજનીના સુલતાનને માર્યો. શિખ લોકની પૃથ્વી હજારોની, તેમાં જુવાન ભીમ જેવા તે રાજાએ પગ ઘાલ્યો. તેની ફોજ અસુરોના ઉપર ચઢી. અને જેમ વિદ્યુતનું ચક્ર વહે તેમ ચાલી. સિંધના લોકોએ તેની લીટી લોપી નહિ, એવું દામા પરમારનું રાજ્ય થયું.

**राधसु पद्मराज, सकन उपास करे नित;**
**हुई प्रसन अंबिका, माग राजा फल वंचत;**
**एक पुत्र आपीए, कुवर बत्रीसें लख्खण;**
[1] × × × × ×
**मात दियो मंगीयो, जगत जाहर जसरख्खण;**
**महमाय दियो फल मंगीयो, अगल ध्रव्य उघगीओ. १८**

રાજા રૂપે દમરાજ રોજ શક્તિની ઉપાસના કરતો હતો. તેથી અંબાદેવીએ પ્રસન્ન થઇને કહ્યું જે—ઓ રાજા મનગમતું ફળ માગ. ત્યારે કહ્યું કે એક પુત્ર આપો. તે કુંવર બત્રીસે લક્ષણવાળો આપો. પછી માગેલો માતાએ આપ્યો. તે જગતમાં પ્રખ્યાત કીર્તિ રાખે એવો. મોટી માતાજીએ માગેલું ફળ આપ્યું, તથા અગણિત ધન મળ્યું.

**मनमतां ज राज, थरक लग्गा सहथाणां;**
**तरकणु तरफडे, असुर गजण ओलाण;**
**दिली राज तुंअरां, अनंग शंका बहु आणे;**
**शोमेशर शंभरी, चंद कनवज्ज जराणे;**
**वणराज डरे नोघण डरे, खमेली लोखडे;**
**जसराज चडे बाहर जंडां, सधा कोड साहण चडे. १९**

તે જશરાજ જનમતાં શત્રુઓને ધ્રુજત લાગી. મુસલમાનો તરફડવા લાગ્યા. દૈત્ય ગિજનીના ઓલાદના દિલ્લીનો રાજા તુઅર અનંગ

---

૧. આ પંક્તિ મૂળ પ્રતમાં લખાયેલી નથી.

બહુ શંકા પામ્યો. સંભરનો રાજા સોમેશ્વર અને કનોજનો જેચંદ રાજા તથા ગુજરાતનો વનરાજના વંશનો સોરઠના રા' નવઘણના પૂર્વજો ડર્યા, અને કચ્છના લાખાના વંશના તરવાર છોડીને ઉભા રહ્યા. જ્યારે જશરાજની વહાર ચઢે ત્યારે સવા કરોડ ફોજ ચઢે.

एक दीह जसराज, नाग डसवा कज आयो;
नागणकथ संभळे, राव सनमुख बोलायो;
माग माग जसराज, नाग भाखे मन वंचत;
तब राजा बोलीयो, दियो बाचा अरखेदत;
जसराज धनो बारड जतुं, तोवड कुण कलजग तवां;
अंबिका शक्ति खग अही, दोय देव सुप्रसण हवां. २०

એક દિવસ જશરાજજીને નાગ ડસવા આવ્યો. પણ તે નાગણની કથા સાંભળીને રાજાને સામો બોલાવ્યો, અને નાગે કહ્યું—ઓ જશરાજ! મનગમતું માગ માગ. ત્યારે રાજા બોલ્યો કે અક્ષય વાણીનું દાન આપો. ઓ જશરાજ બારડ! તું ધન્ય છે. કળજુગમાં તારા જેવો કોણ કહું? જે અંબાશક્તિ અને તક્ષક નાગ એ બંને દેવ તને પ્રસન્ન થયાં.

एकदीह जसराज, मूख भाखे महमाया;
रहण धर्म अब नांही, पडी म्लेछापण छाया;
आव आव मो साथ, कहे आरासुर राणी;
देउ राज गजबाज, देउ धरसुख प्रमाणी;
बारडां राव बंभाण पोह, मुछ गात कर उचरे;
महंमाया वंश बारड अमो, मेछ नाम सांभळ मरे. २१

એક દિવસે જશરાજને મોઢે મહમાયા દેવીએ કહ્યું કે હવે ધર્મ રહેવાનો નથી. કેમકે મ્લેચ્છની છાયા પડી. માટે હવે તું મારી સાથે ચાલ. કેમકે આરાસુરની દેવીએ કહ્યું: રાજ, હાથી અને ઘોડા હું આપીશ અને શુદ્ધ પૃથ્વી પ્રમાણ કરીને આપીશ. ત્યારે તે બરાડ રાજા પૃથ્વીપતિ મુંછે હાથ નાંખીને બોલ્યો કે હે મોટી માતા, અમે બારડવંશી અમારૂં નામ સાંભળતાંજ મ્લેચ્છ મરી જાય.

कहे माता अंबिका, पुत्र मो साथ करीजे,
हो राजा जसराज! मोय आरासुर लीजे;
शकत साथ जसराज, आय आरासुर लग्गे,
किया जेथी मेलाण, तेथ देवातण जग्गे;
तरसिंग राज दीधो शकत, लेयां गाम साहस लजा;
जसराज कहे दामेणरो, मोय मात दीजे रजा. २२

ત્યારે અંબા માતાએ કહ્યું કે ઓ પુત્ર! મારો સાથ કર. ઓ જસરાજ રાજા! મને આરાસુર પર્વતમાં લઈ જા. પછી શક્તિની સાથે જસરાજ આરાસુરમાં આવી લાગ્યો. અને જે ઠેકાણે મૂકામ કર્યો, ત્યાં દેવીની ગત થઇ. અને તે શક્તિએ તરશંગમાનું રાજ્ય આપ્યું. પછી દમરાજપુત્ર જસરાજે માતાજીને કહ્યું જે મારૂં અસલ ગામ અને આબરૂ જઇને લેઉં. માટે હે માતાજી! મને રજા આપો.

जाओ जाओ जसराज! जोत मेळो जसराज,
राख्य राख्य राज धर्म, लाख भर बारड लाजं;
कह्यो मात श्रीमुख, आपकर हो अचंचळ थळ,
सकत्या वेण सांभळी, बजळ तोळीओ माबळ,
वरदाई भूपल शकतवर, ठाम ठाम वातो थई;
दर कुच दळे दामेणरो, तखतसिंघ आयो तंई. २३

ત્યારે માતાએ કહ્યું કે ઓ જસરાજ! તું મારી જોતન સાથે જા અને રાજધર્મની શાખ રાખ, અને બહાદુર બાર લાખેણી લાજ રાખ. એમ માતાએ પોતાને મોંઢેથી કહ્યું જે તું હવે અહીં અચળ સ્થાન કરીશ. એવું શક્તિનું વચન સાંભળીને, એ તરવારતોળી બીરદવાળો રાજા શક્તિનું વરદાન લેઇને ચાલ્યો. આ વાતો ઠેકાણે ઠેકાણે થઈ. અને દામરાજનો પુત્ર દર કુચે ફોજ સુદ્ધાં સિંધનું તખત હતું ત્યાં (નગર ઠઠ્ઠે) આવ્યો.

मळ सात पतशाह, एक जस राजा उपर,
कई नाव सज्र किया, शठ ताणी जळ भीतर;

त्रीश लाखहं तरक, अर्क छाना उतरीआ,
तरक मरण त्रेवडे, आपबेले गढ फरीया;
गायां लेयां काग्गोहरे, वेध खेध आयाबही,
जसराज बूम सांभळ रहे, अळासुर उगे नहीं. २४

ત્યાં એક જસરાજ ઉપર સાત પાદશાહ મળ્યા. કંઇકે શઢ તાણીને પાણીમાં વહાણ તૈયાર કર્યાં અને તરકના ત્રીશ લાખ ઘોડા સૂર્યથી છાના રાતમાં ઉતર્યાં. એ તરકોએ મોતને નોંતરી સામા આવી બેલાગઢમાં ફેરો કર્યો, અને સવારના પહોરમાં ગાયો લીધી. અને ખેધે તથા વાંધે વળ્યા આવ્યા, તે તેઓની બૂમ જસરાજ સાંભળી રહે, તો પૃથ્વી ઉપર સૂરજ ઉગે નહિ.

केक फोज सर पछम, केक फोजां हंसावर,
केक फोज सरघाट, केक फोजां सर लावर;
गया साथ शखधरा, रहे राजा पकंतर;
असो वेत संभळे, फरे बं भवाहर आसुर;
घणा घोर नगारां गडगडे, अळा व्योमरज उपडे;
जसराज चडे वाहर जसां, चार लाख साथे चढे. २५

જસરાજની કેટલીક ફોજ પશ્ચિમ ઉપર અને કેટલીક હંસાવર ઉપર ગયેલી હતી. કેટલીક ફોજ ઘાટ દેશ ઉપર ગઈ હતી, અને કેટલીક ફોજ લાહોર ઉપર અને કેટલાક સાથે શિખદેશ ગયો હતો. અને રાજા એકલો હતો; એવી જોગવાઈ સાંભળીને અસુરોએ ગામ બહાર ફેરો કર્યો. ઘણા અવાજથી નગારાં ગગડ્યાં. પૃથ્વીની રજ ઉડીને આકાશમાં ગઈ. જ્યારે જસરાજ વહારે ચઢયો ત્યારે ચાર લાખ ફોજ સાથે ચઢી.

पडे थाट खग फाट, पडे में छां भंगाणं,
पडे वाज वणपार, पडे खत्री मुगलाणं;
पडे गज्जगजाह, पडे सर अच्छ झडपड,
पडे रथ ईळ तळे, पडे पग्ग धडाभड;

**पहो खत्री तरक बहु लडे; असी गाय बाहर अडे,**
**रजाधर्म राखी जसराज रण, पाडो शाह राजा पडे. २६**

પછી તે ઠઠમાં તરવારના ઝપાટા પડ્યા, અને મ્લેચ્છોમાં ભંગાણ પડ્યું. અપાર ઘોડા પડ્યા. કેટલાએક ક્ષત્રીઓ અને મુગલો પડયા. હાથ પડયા અને હાથીએ બેસનારા પડ્યા. અને ઝડપથી અરધાનાં માથાં પડ્યાં. પૃથ્વી ઉપર રથ પડ્યા. અને પગલે પગલે મોટા સુભટો પડ્યા. ઘણા ક્ષત્રી તરક રાજાઓ પડ્યા. એમ ગાયોની વહારે જઇને અડ્યો. જસરાજ રાજા લડાઈમાં રાજધર્મ રાખીને પાદ-શાહને પાડીને પોતે પડ્યો.

**गयो जोत जसराज, सिंह भागे हिंदुवाण,**
**गया हेमशंख धर, केम लाग्यो तरकाण;**
**जाम राजतरसिंग, नाम हुं राणमपाया,**
**बडा भूप धरदेत, पक पकहु सवाया;**
**को खत्री धर्म चूक्यो नहि, को असुराणने न नमीओ;**
**धज बंध बंश आंकण धनो, जणकुपाल जनंमीयो. २७**

જસરાજ જોતમાં ગયો અને સિંધમાંથી હિંદુઓ નાઠા. કેટલાએ શિખના દેશમાં ગયા. કેમકે ત્યાં તરકાણું આવી ગયું, અને તરસંગ-મામાં જસરાજના વંશનું રાજ જામ્યું. ત્યાં એને રાણા પદવી મળી. મોટા રાજાઓ બીરદ આપે. તે એકએકથી સવાયા. તે વંશનો કોઈ ક્ષત્રી-ધર્મ ચૂક્યો નહિ. અને કોઈ અસુરને નમ્યો નહિ. વાવટાબંધવંશનો આડો આંક. તે વંશને ધન્ય છે કે જે કુળમાં કુળનો પાળનાર રાજા જનમ્યો.

**पाल धर्म मेपाळ, पाल देवल देरासर,**
**पाल विप्र गौपाल, पाळ शास्त्र पृथ्वीपर;**
**पाल भोमम्रत पाल, पाल परत्रीया पणीजे,**
**काल रूप केवियां, वडो दिगपाळ वदीजे;**

**तड ताण तपे मांग सतखत, धर्म धर्म कर धाइओ,**
**धर्म चे रूप बारड धनो, जण ध्रमराज धराइयो. २८**

તે મેપાળે (મહીપાળે) ધર્મ તથા દેવળ, દેવસ્થાન તથા ગાયોને અને બ્રાહ્મણોને પાળ્યા. પૃથ્વી ઉપર શાસ્ત્ર શાસ્ત્રી પાળ્યાં. પૃથ્વીને પાળી તથા વ્રત પાળ્યાં. એને પરસ્ત્રીનો પાળનાર કહીએ. શત્રુનો કાળરૂપ, અને મોટો દિશાઓને પાળનાર કહીએ, પક્ષ તાણનારનો શિરોમણી તખ્ત ઉપર રાજતો ધર્મ ધર્મ કરતો દોડયો. એવો ધર્મરૂપ બારડ ધન્ય છે, કે જેણે ધર્મરાજ નામ ધરવ્યું.

**बंध सवासो ताल, वाव सोसवा खणावी,**
**देवल सवासो किया, धज्ज उपर बंधाई;**
**किया सवासो कूप, कूप एक घृते भरेयो,**
**करे काठ अवं मे, माल रुपैया वरेयो;**
**कर गंज चुन चावल तणा, नीक घृत नहचीयो;**
**श्रीरामदर्शन काज रध, रामा नाटक रचीयो. २९**

તેણે સવાસો તળાવ બંધાવ્યા, તથા સવાસો વાવો ખોદાવી; સવાસો દેવળ ચણાવ્યાં, તે ઉપર ધજાઓ ચઢાવી, સવાસો કૂવા કરાવ્યા, તેમાં એક કૂવો ઘીએ ભરાવ્યો. લાકડાના પાત્રને બદલે ત્રાંબાંનાં કરાવ્યાં, અને ઘણા રૂપૈયા વાવરા. દાળ અને ચોખાના ગંજ કરાવ્યા, અને સારા ઘીથી સ્નેહે સૌને પોષ્યા. શ્રીરામનાં દર્શન વાસ્તે રિદ્ધિ ખર્ચીને રામનાટક રચાવ્યું.

**नाकारो वरजंत, विप्र जमीया अपार,**
**घृतनीके खहळे, मनोवांछित आहारं;**
**जेथे जगन मंडीओ, नीलकंठ रुद्रह थप्पे,**
**हनुमंत जगयो, कोटभवबंधण कप्पे;**
**दल चले लोक सब देखवा, महाराम अनमंगीयो;**
**वाणीप देवव अचलो विरत, कणहक नाकारो कियो. ३०**

આપતાં નાકારો ન કર્યો, એમ પાર વિનાના બ્રાહ્મણો જમીયા, ઘીની નીકો ખળખળતી ચાલી, અને મનમાન્યાં ભોજન આપ્યાં. જે જે ઠેકાણે યજ્ઞ માંડયો તે તે ઠેકાણે તેણે નીલકંઠ મહાદેવ સ્થાપ્યા, તથા હનુમાનજી ગડાયો. તેથી ક્રોડભવનાં બંધન કાપ્યાં, તે જોવાને લોકોનાં ટોળે ટોળાં ચાલ્યાં તાં રામે આવીને માગ્યું, તે જોઇને વાણીએ વ્રતભંગ કર્યું અને કણીક આપવાની ના પાડી.

**हुवो ताम जग्यभंग, डाभ हनुमंत पडेयो,**
**चडी रीस रुषिराज, व्योम धरती खड हडीओ;**
**दीओ शाप तणताल, करे जेम कियो कबुधी,**
**जके पाट बेसशे, हो हशे पाछे बुद्धि;**
**तां शास्त्रमंत्रमें सकल, काष्ट भरख आपे कियो,**
**ध्रमराज ग्य आरंभीयो, जाम आठ लग जीवीओ. ३१**

તેથી યજ્ઞ ભંગ થયો, અને દર્ભનો હનુમાન પડી ગયો; એટલે ઋષિરાજને રીસ ચઢી. આકાશ ને પૃથ્વી ખળભળ્યાં. તે વખતે ઋષિએ શાપ દીધો અને કહ્યું કે ઓ કુબુદ્ધિ! તેં એમ કર્યું તેથી તારી ગાદીએ જે બેસશે તે પાછળ બુદ્ધિવાળા થશે; ત્યાં બધાં શસ્ત્ર તથા મંત્ર બાળી નાંખ્યાં; અને પોતે પણ બળી મૂઓ. એ ધર્મરાજાએ જગ્ન આરંભ્યા પછી પોતે આઠ પહોર સુધી જીવ્યો.

**तास थान रायमल, वंश छत्रीश लीप बळ,**
**रहे राज तरसंग, करे अहवेन ताकां कल;**
**तास पुत्र दो हुवा, राण पाटोधर कानड,**
**लघुबंधव आंबेव, करे नत्य राजस कोटड;**
**अध आध भोम वांटे लई, करे सराज सुकोटडे,**
**तणवार खार आंबा तणे, धरावेध दनदन चढे. ३२**

તેની ગાદીએ રાયમલજી બેઠો. તે છત્રીસ કુળનું બળ ધરાવનાર થયો. તે રાજા તરસંગમે રહ્યો, અને શત્રુઓ સાથે રોજ લડાઈ ચાલતી હતી. તેના બે પુત્રો થયા, તેમાં પાટવી રાજા કાનડદેવ અને

નાનો ભાઈ આંબોજી તે હમ્મેશાં કોટડામાં રાજ કરતો હતો. તેણે અરધો અરધ રાજ વેંહેંચી લીધું અને કોટડામાં રાજધાની કરી. તે વેળાએ આંબાજીના ખારથી દરરોજ જમીનનો વાંધો પડવા લાગ્યો.

**कान राण मेवाड, गया परणे जपा कारणे,**
**दिया दान खटवर्ने, हेम हेवर कसवारण;**
**पाटथान आवतां, कपट आंबे मन कीधो,**
**सकळ जान नोतरे, मान आदर बहु दीधो;**
**उघडे चूक करते चलुं, गयो शीशधर शर पडी;**
**तणवार राण कानड तणुं, चीत आय जमदढ चडी. ३३**

પછી રાણો કાનડ મેવાડમાં પરણવા વાસ્તે ગયા; ત્યાં યાચકોને દાન આપ્યાં; સોનું, ઘોડા, વસ્ત્ર અને હાથી આપ્યા. પછી સ્વસ્થાન તરફ આવતાં આંબાજીએ મનમાં કપટ કર્યું; અને બધી જાનને નોતરી ને બહુ આદરમાન દીધું; પછી મ્હોં ધોતાં કપટ ઉઘાડયું: તેથી કાનડનું માથું ભોંય ઉપર પડયું; ત્યારે રાણા કાનડના મનમાં કટારી યાદ આવી.

**गयो शीशधर शीस, राणो उठीयो हबक्के,**
**जसो राव परमार, शीश पडीयो मुख बक्के;**
**धड वांसे धाईओ, शीश पावडी बतायो,**
**खंशीं दियो खवास, जके पातलो पढायो,**
**पावडी चढो एकीशमी, शात्र बचाळे शाहीयो,**
**एकीस घाव आंबा तणे, कान कटारी वाहीयो. ३४**

માથું તો પૃથ્વી ઉપર પડયું, પણ રાણો હબકીને ઉઠયો; તે પરમાર જાદેની પેઠે માથું પડયે મોંઢે બકતું હતું અને ધડ શત્રુની કેડે દોડયું. માથાંએ પગથીયાં બતાવ્યાં, ખવાસને તેણે ખસેડી મૂક્યો, જે પાતલ નામે હતો તેને, પછી એકવીશમે પગથીએ ચઢતાં શત્રુની ચાળ પકડી; પછી આંબાને એકવીશ ઘા કાનડે કટારીના કર્યા.

# પ્રકરણ ૧૫ મું

## ઉજ્જૈણના વિક્રમ પરમારથી વંશાવળી નીચે મુજબઃ

| | નામ | ગાદીએ બેઠાનું વર્ષ |
|---|---|---|
| ૧ | વિક્રમાજિત—ગાદી ઉજ્જૈણમાં. | |
| ૨ | વિક્રમચરિત્ર તથા બુધસંઘજી તથા દીકરી હરકુંવરબાઇ | |
| ૩ | શાકલસંઘજી | |
| ૪ | મહાદેજી, અગરસિંહજી, મહાકરણોજી ... ...સંવત્ | ૨૨૧ |
| ૫ | સાવદળીજી, જોગરાજજી, અનાડસંઘજી ... ... | ૨૬૨ |
| ૬ | શાળવાહનજી, કુંજદાસજી, જમણશીજી, વીરમદેજી ... | ૨૮૬ |
| ૭ | શક્તિકુમાર, રણધવલજી ... ... | ૩૦૧ |
| ૮ | સાધરકજી ... | ૩૨૫ |
| ૯ | મનુસંઘજી ... | ૩૪૧ |
| ૧૦ | વિનાયકજી ... ... | ૩૬૧ |
| ૧૧ | અજેભોપાળજી ... | ૩૮૫ |
| ૧૨ | દેવમહેપાળજી ... ... ... ... | ૪૦૧ |
| ૧૩ | અજેપાળજી ... ... ... ... | ૪૧૩ |
| ૧૪ | વનેપાળજી ... ... ... ... | ૪૨૯ |
| ૧૫ | મહેપાળજી ... ... ... ... ... | ૪૫૪ |
| ૧૬ | હેમપાળજી ... ... ... | ૪૬૧ |
| ૧૭ | દેવ કુંજરાજ ... ... ... ... | |
| ૧૮ | સાકુદજી, રણધવલજી ... ... ... ... | |
| ૧૯ | વેરીસાલજી ... ... ... ... ... | ૪૮૧ |
| ૨૦ | હાકબંબાળજી, ગયાધરજી ... ... ... | ૫૦૩ |
| ૨૧ | ગયાદંડજી ... ... ... ... ... | ૫૩૧ |
| ૨૨ | રાજપાળજી ... ... ... ... ... | ૫૧૪ |
| ૨૩ | સરહંસજી ... ... ... ... ... | ૫૬૧ |

૨૪ પહોમજી ... ... ૫૯૦
૨૫ જદુરાજા ૬૦૨
૨૬ અજરાજા ... ૬૨૧
૨૭ મહાનંદપાળજી ૬૩૬
૨૮ કંકદેવજી ... ૬૫૧
૨૯ માનરાજા ... ૬૭૧
૩૦ રાજા હેમપાળજી ૬૯૬
૩૧ મુચકુંદ રાજા ૭૧૭
૩૨ રાજા ભોજ ... ૭૩૧
૩૩ સુંદરસામ રાજા ... ... ... ૭૮૬
૩૪ ભદ્રસેનજી, ધારસેનજી, કનકદેવજી, દરજણસાલજી
ઉજ્જૈણમાં ધારામાં ચંદેરી ૦
તથા પાંચમા દેવકરણજી.

એ ભદ્રસેનજીના, તથા ધારસેનજીના વંશના રજ-
પૂતો જુદા છે; અને કનકદેવજીના નીચે મુજબ: ૮૦૧
૩૫ સામતસંધજી, સંગોળજી, સુરોજી, ગજ... ૮૨૦
મંડોવર લીધુ, એએને અજમેર મળ્યું. માલજી
|
પુગલગઢ
તથા પાંચમા ભાણોજી, છઠ્ઠા ભુરોજી, ખેમરાજજી
આ એને લોદરગઢ મળ્યો ટાંકા
હાંસોજી, આલજી, પાલજી, ભોજરાજજી: ઝાલોદર શીરોઇ જીલ્લો
પાકર: આ એને આબુગઢ
૩૬ શામતસંધજીના પુત્ર સુકલખજી, ભાલણશીજી,
|
વડગજી ... ૮૩૫
|
૩૭ કેસુર પસવો..પ્રતાપ, કિદેસંધજી... ... ... ૮૪૯

| | | |
|---|---|---|
| ૩૮ | ભીમસંધજી, ફત્તેહમાલજી ... ... | ૮૫૨ |
| ૩૯ | મહાદરપાલજી, સુરજમલજી, દુર્ગાદાસજી ... | ૮૬૬ |
| ૪૦ | રવપાલજી, પ્રતાપસંધજી ... ... ... | ૮૮૬ |

એ રવપાલજી સંવત્ ૮૮૮માં દ્વારકાની જાત્રાએ ગયા. તે વળતાં કચ્છમાં આવતાં, નગર ઠઠ્ઠા, બામણુવા, તથા બેલાઃ એ ત્રણ ઠેકાણે પોતાનું રાજ સ્થાપ્યું.

| | | |
|---|---|---|
| ૪૧ | રાજસંધજી, વીરપાળજી, અનંગપાળજી, ભાલચંદજી... | ૮૯૮ |

નગર ઠઠ્ઠા.

પાંચમા સુરપથજી, છઠ્ઠા મંગજી.

જ્યારે રવપાળજી જાત્રાએ ગયા, ત્યારે ભાલચંદજી તથા સુરપાલજી સિવાય ચારે કુંવરો સાથે હતા.

| | | |
|---|---|---|
| ૪૨ | સિદ્ધદાસજી, દેવરૂપજી ... | ૯૨૯ |
| ૪૩ | નગરાજજી, વીજકજી ... ... ... | ૯૪૬ |
| ૪૪ | અખેરાજજી, દોલતસંધજી, રામસંધજી ... ... | ૯૭૧ |

અખેરાજજીએ લાખ પસાવ કરાવ્યા, તથા તોપો ૪૦૦ કરાવી.

| | | |
|---|---|---|
| ૪૫ | વીચળદેવજી ... | ૯૯૫ |
| ૪૬ | હરિસંધજી ... ... ... | ૧૦૦૧ |
| ૪૭ | વીરપાળજી ... ... ... | ૧૦૧૮ |
| ૪૮ | ધાધલજી, અદેસંધજી ... ... | ૧૦૨૨ |
| ૪૯ | ધનપાળજી ... ... ... | ૧૦૩૬ |
| ૫૦ | સુરજરાજજી ... ... ... | ૧૦૪૮ |
| ૫૧ | વીજડદેવજી, વીજલજી, વાઘોજી ... ... | ૧૦૬૧ |
| ૫૨ | દામોજી, હરીબ્રહ્મણજી... ... | ૧૦૮૧ |
| ૫૩ | જસરાજ ... ... ... ... ... | ૧૧૦૦ |

ઉપર લખેલા દામાજીને મુસલમાનની ફોજ સાથે લડાઈ થઈ તેથી તરશંગમાં આવી રાજ સ્થાપ્યું. પણ પાછા નગર ઠઠ્ઠે

જઈને પાદશાહ સાથે લડી મૂઆ. પછી જસરાજે લડાઈ કરીને છેલ્લીવારે તરસંગમે આવ્યા ને ૭૬૦ ગામ તાબે કર્યા.

તેની હદ— દક્ષિણમાં દોતર પટો, એટલે ખેરાળુ પટા સુધી. અને ઈશાન ખૂણામાં કોટડા સુધી, અને વાયવ્ય ખૂણામાં હાથીદરા ગામ સુધી. સંવત ૧૧૧૦ તેને તક્ષક નાગ પ્રસન્ન થયો. પછી તે પોતાના બાપનું વેર લેવા નગર ઠઠ્ઠે ગયો. કેટલાંએક માણસો મારીને પોતે મૂઓ. અને તેના કુંવર કેદારસંઘજી આરાસુર પર્વતના ગબ્બરમાં રહ્યા.

૫૪ કેદારસંઘજી અથવા કેસરીસંઘજી, જશપાળજી ... ૧૧૧૬

એ કેદારસંઘજીએ તરસંગમાના ભીલને માર્યા. અને તેના કુંવરો ચંદરસંઘજી તથા દોલતસંઘજી નાની ઉમરમાં ગુજરી ગયેલા. માટે કેદારસંઘજી ગુજર્યા પછી તેના ભાઈ જશપાળજી ગાદીએ બેઠા. ૧૧૩૬

૫૫ નરબ્રહ્મજી ... ... ... ... ... ૧૧૪૦

તેણે ગંગાજીની જાત્રા કરીને–ઘોડા એકસો પચાસનું દાન કર્યું.

૫૬ હરદત્તજી, દુર્ગાદાસજી ... ... ... ... ૧૧૫૧

૫૭ હરિસંઘજી, દોલતસંઘજી, જોધસંઘજી, જાતસંઘજી ... ૧૧૭૦

૫૮ કેસરીસંઘજી, આણંદસંઘજી, અજશીજી. ... ... ૧૧૭૮

૫૯ કરણદેજી પીથલદેજી ... ... ૧૧૮૬

૬૦ ભૂદેવજી, વજપાળજી ... ... ... ... ૧૧૮૮

૬૧ શંગદત્તજી, હમીરદેજી, ફૂલકરણજી ... ... ૧૨૦૪

આની વખતમાં પાદશાહની ફોજ આવી. ને લડાઈ થતાં પરસપર ૩૦૦ માણસો કામ આવ્યાં. પછી ફોજ પાછી ગઈ.

૬૨ આસદેવજી, મુનરાજજી, ગજમાલજી ... ... ૧૨૧૩

૬૩ જેપાળજી, રાયપાળજી, શકતસંગજી, પ્રતાપસંગજી ... ૧૨૨૫

૬૪ ભાઈ રાયપાળજી ... ... ... ... ૧૨૪૦

કાનડદેજી, હિકસંગજી, છત્રસાલજી ... ... ૧૨૫૧

એ કાનડદેવજી ગંગાની જાત્રા કરીને આવ્યા.

| | | |
|---|---|---|
| ૬૫ | હરપાળજી, સુંદરદાસ, જાતસંઘજી | ... ૧૨૭૧ |
| ૬૬ | લાખણપાળજી, અંદરસંઘજી ... ... | ... ૧૨૭૯ |

સંવત ૧૨૮૧ પાદશાહની ફોજ આવી, ને ત્રણ વર્ષ લઢયા.

| | | |
|---|---|---|
| ૬૭ | ગોહલજી, ચતુર્ભુજજી, રઘનાથસંઘજી ... | ... ૧૨૯૧ |
| ૬૮ | મેહેપાળજી, તે ધરમરાજા કહેવાતા હતા ... | ... ૧૨૯૭ |

એ ત્રણે સંવત ૧૨૯૮ માં રામનાટક યજ્ઞ કર્યા; તથા ૧૨૨૫ કૂવા, ૧૨૫ વાવ્યો ૧૨૫ દેરાં કરાવ્યાં. પ્રાહ્મડાની ખેડમાં, તરસંગમામાં ઘીનો કૂવો ભરીને ઘીની નીક ચલાવી ને યજ્ઞ કર્યો, તેના કારભારી હુંબડ વાણીઓ વીરચંદ હતો. એ યજ્ઞમાં હડાદ તથા ધુનાળી ગામ દવે ભાદરવામાં આપ્યાં. છેવટ યજ્ઞભંગ થયો. પાદશાહની ફોજ આવી ને લડાઈ થઈ.

| | | |
|---|---|---|
| ૬૯ | મોહનશીજી, અજશીજી, સુંદરસંગજી, જાતસંઘજી ... | ૧૩૨૮ |
| ૭૦ | હંસદેવજી, નેઘલદેવજી, સાખસુબાળજી ... | ... ૧૩૪૦ |
| ૭૧ | ગોાવંદસંઘજી ... ... ... | ... ૧૩૪૭ |
| ૭૨ | રામદેવજી, પાતલજી, ભવાનસંઘજી, હરિસંઘજી | ... ૧૩૬૦ |
| ૭૩ | જાતપાલજી, સામંતસંઘજી ... ... | ... ૧૩૭૫ |

સં. ૧૩૭૭ માં પાદશાહની ફોજ આવી, ને તરસંગમો તેણે લીધો. પણ છેવટ તરસંગમો પાછો લીધો અને સંવત ૧૩૮૧ માં તરસંગમામાં સાત કુળ કરાવ્યાં. તેની રાણીઓનાં નામઃ–

૧ દેવકુંવરબા ઝાલીજી હળવદનાં

૧ તખતકુંવરબા વાઘેલીજી મુંજપરનાં

૧ ચતુકુંવર રાઠોડજી વીકાનેરનાં

| | | |
|---|---|---|
| ૭૪ | રાયસંઘજી, ઉદેસંઘજી, જામાલજી | ... ૧૩૯૦ |
| ૭૫ | રાજડજી, લખમહાસંઘજી, ભાણુસંઘજી ... | ... ૧૪૦૦ |
| ૭૬ | જાતસંગજી, હરિસંઘજી, રામસંઘજી, દેવીસંઘજી | ... ૧૪૧૩ |
| ૭૭ | મેરાંજજી, આસજી, ધીરતસંઘજી ... | ... ૧૪૨૨ |

૭૮ સામંતસંધજી, રાયમલજી, જામાલજી ... ૧૪૩૮

૭૯ કાનડદેવજી, આંબોજી ... ... ... ... ૧૪૫૦

આંબાજીને કોટડા મળ્યું.—કાનડદેજીની બે રાણીઓઃ—
શામકુંવર ઝાલીજી—હળવદનાં તેમને દોતરપટો જીવકમાં આપેલો. તે પોતાના કુંવરસોતાં ખેરાળુમાં રહેતાં. તેમણે ખેરાળુનો ઉગમણો દરવાજો, વાવ્ય, તથા તળાવ સંવત ૧૪૪૭ માં કરાવ્યાં. તે દરવાજાનું નામ હાલ સુધી ઝાલી દરવાજો ઝાલી તળાવ કહેવાય છે.

૧ રતનકુંવર સીસોદણીજી જેમણે રોહીલપર પાટણ, જેને આજ રોહીડા કહે છે, તે તરસંગમા પટામાં છે તે વસાવ્યું. મેપાળજીના વખતમાં શ્રાપ થયેલો, તે વાળવા સારૂ યજ્ઞ કરાવ્યો. પછી સંવત ૧૪૬૯ માં ત્રીજી વાર ઉદેપુર પરણવા ગયા. તે પાછાં કોટડે આવતાં ભાઇ આંબાજીએ છેતરીને માર્યા.

૮૦ મેઘજી, વાઘજી ... ... ... ... ૧૪૭૦

દીકરી રાજકુંવરબાઇ તે શીરોઇના રાવ અખેરાજજીને પરણાવ્યાં હતાં.

એ બે કુંવરો મોશાળમાં હતા તેથી તેમની નહાનમ જાણીને ઇડરના રાવે તરસંગમો કાયમ કરીને, ત્યાં થાણું મૂક્યું. અને જ્યારે કાનડદેજી ઉદેપુરના રાણા રામસંઘજીની દીકરી લાલકુંવરને પરણાવા ગયા હતા, ત્યારે પોતાનો ખવાસ મારૂ રાવત હતો, તેને પ્રગણાની સુપ્રત કરી હતી. તે મહિરાવતને રાવજીએ પકડી, ઇડરમાં લઈ જઈ કેદમાં રાખ્યો. કાનડદેજી ગુજર્યા ત્યારે શીશોદણીજી કોટડે સતી થયાં. તેની છત્રી હાલ સુધી ત્યાં છે. રાવજીએ એક સમે પેલા ખવાસને કહ્યું જે તું કેદમાંથી છૂટે તો શું કરે? ત્યારે તેણે કહ્યું જે જા તારાથી થાય તે કરજે. એમ કહીને તેને છોડી મૂક્યો. એ રાવજીની રાણી આંબાજીની બેન થતી હતી. અને આ આંબાજી

અને કાનડદેજી ઓરમાઈ હતા. પછી મારૂ રાવત પ્રથમ હળવદ ગયો. ત્યાંથી એ કુંવરોને લઇને અમદાવાદ પાદશાહ પાસે ફરીયાદે ગયો. તે પોતાને માથે બળતી સઘડી લઇને ગયો હતો. તેને પાદશાહે કહ્યું કે સઘડી નાંખી દઇને ઉભો રહે. ત્યારે કુંવરે કહ્યું જે મારી જમીન તો ઈડરના ધણીએ દબાવી દીધી છે, હવે હું ક્યાં ઉભો રહું? મારે ઉભા રહેવા જેટલી જમીન નથી. પછી પાદશાહે મેહરબાન થઇને સઘડી નંખાવી દઇને તમામ હકીકત પૂછી. એટલે મારૂ રાવતે બધી હકીકત કહી. તે સાંભળીને પાદશાહે એ કુંવરો પાસેથી એક લાખ રૂપૈયા નજરાણો લેવાનું ઠરાવ્યું અને ફોજ આપી. તે લઇને ઈડર ઉપર ગયા. તેણે ઈડર નજદીક મૂકામ કર્યો. ત્યારે ફોજના માલેક નવાબને કહ્યું જે તરસંગમાવાળે પાદશાહને નજરાનો આપવો ઠરાવ્યો હોય તેટલો અમે આપીએ ને તમે ફોજ લઇને પાછા જાઓ. ત્યારે ફોજના માલેકે કહ્યું જે અમને પાદશાહનો હુકમ છે, તે જ પ્રમાણે અમારે કરવું પડશે. પછી રાવજી કબીલો લઇને નાશી ગયા. અને ફોજે ઈડર માર્યું, તથા રાવના મેહેલ પાડયા. ત્યારે મારૂ રાવતે કહ્યું કે અહીંથી જે એક ઈંટ લાવશે તેને દર ઇંટે એક મોહોર આપીશું. પછી ઘણા લોકોએ તે ઈંટો લીધી. તે ઇંટોથી હરણાવ નદી ઉપર ગામ ગઢડામાં શામળાજીનું દેરૂં ચણાવ્યું. ત્યાંથી ફોજ તરસંગમે આવી, ત્યારે ઈડરનાં થાણાં એ પ્રગણામાંથી ઉડી ગયાં અને તરસંગમો આબાદ કરી આપ્યો. પછી ફોજના માલેકે કહ્યું જે લાખ રૂપૈયા કહ્યા છે તે આપો. ત્યારે મારૂ રાવતે કહ્યું જે અહીં તો રૂપૈયા નથી. પણ અમારો ખજાનો સુદાસણને મગરે છે. માટે ત્યાં ચાલો. એટલે તમારા રૂપૈયા ચૂકાવી આપીએ. એમ કહીને એ કુંવરોને માતા અંબાજીમાં મેલ્યા, અને પોતે ફોજ લઇને ચાલ્યો. તે ગઢવાડામાં હોબા તથા ભાઠવાસ વચ્ચે વરસંગ તળાવ છે ત્યાં ફોજનો મૂકામ કરાવ્યો. અને કહ્યું જે

હું ખજાનો ઉઘાડાવીને રૂપૈયા લેઇને આવું છું. એમ કહીને સુદાસણાના મગરામાં સંતાઈ પેઠો. પછી ફોજવાળાએ એક બે દિવસ વાટ જોઈ, પણ આવ્યો નહિ. ત્યારે તેનો શોધ કરવા માંડ્યો. પણ તે હાથ આવ્યો નહિ. અને તે મારૂ રાવતે ફોજના માલેકને કહાવ્યું જે રૂપૈયા તો મારી પાસે નથી. અને મને બાંહેધર આપો તો હું આવીને કોઇ બંદોબસ્ત કરી આપું. પછી પેલાએ બાંહેધર આપ્યા ત્યારે તે રાવ ફોજમાં આવ્યો. અને કહ્યું જે રૂપૈયા તો નથી, પણ આ મારૂં ખેરાળુ પરગણું છે તે અમે પાદશાહને ઘેર ઘરાણે મૂકીએ છીએ. તે જ્યારે અમને રૂપૈયા એક લાખ અને ચાળીશ હજાર આપવાની શક્તિ મળશે ત્યારે અમે પરગણું છોડાવી લેશું. એમ કહીને ખેરાળુ પ્રગણું ગામ ૧૧૦ નું દશોતરશત નામનું સંવત ૧૪૭૩ માં લખી આપ્યું. પણ કેટલાંએક ગામોમાં પોતાના વાંટા રાખ્યા. પછી મારૂ રાવત તરસંગમે આવ્યો અને કુંવર મેઘજીને ગાદીએ બેસાર્યો. ૧૪૭૪

૮૧ રણવીરદેવજી, વજેસંઘજી ... ... ૧૪૮૯

૮૨ સારણદેજી, પ્રતાપસંઘજી, દોલતસંઘજી ... ૧૫૦૦

૮૩ જેકરણજી, હમીરસંઘજી, રતનસંઘજી ... ૧૫૧૪

૮૪ જણવેવજી, ભારમલજી ... ... ... ૧૫૨૭

એણે પરગણાના તમામ બ્રાહ્મણોની દીકરીઓનાં કન્યાદાન આપ્યાં. ગયાજીની જાત્રા કરી.

૮૫ જેચંદજી, અદમાલજી, ભતસંઘજી ... ... ૧૫૩૮

૮૬ અરજણદેજી, માનસંઘજી, જસરાજજી ... ... ૧૫૫૧

આની વખતમાં કારભારી મોતીચંદ વાણીઓ હતો. તેણે કમળીયા તળાવમાં ભેંસો ૭૦૦ નું દાન કરાવ્યું.

૮૭ રણમલજી, ભગવાનસંઘજી, જેતસંઘજી ... ... ૧૫૬૮

૮૮ હમીરદેજી, શંઘરવજી, જોધસંઘજી વજેસંઘજી. ... ૧૫૮૦

ભાઇસંઘરાવજી. ... ... ... ... ૧૫૮૧

૮૯ સુરજમલજી, અંદરસંઘજી, હમીરસંઘજી, ગમાનસંઘ... ૧૫૮૯

૯૦ આશાકરણજી, રૂદરસંઘજી, બાઇ હરકુંવરબા. ... ૧૬૦૧

આ આશાકરણજીએ પાદશાહ અકબરના શાહજાદાને શરણે રાખ્યો, તેથી પાદશાહે તેને મહારાણાની પદવી આપી. એ શાહજાદો કાંઈ ગુનાહમાં આવ્યાથી દીલ્લીથી નાઠો. તે ઉદેપુર, જેપુર વગેરે રાજસ્થાનોમાં ગયો, પણ તેને કોઇએ શરણે રાખ્યો નહિ. પછી તે તરસંગમે આવ્યો. ત્યારે આશાકરણજીએ કહ્યું જે આવો મારે શરણે રહો. પછી તે ત્યાં રહ્યો. અને તરસંગમેથી દોઢ ગાઉ ઉત્તરમાં કાળવાણુ નામે મગરો છે. તે ઉપર એ શાહજાદે ગઢ બંધાવ્યો છે. એક સમે તે શાહજાદો આશાકરણજી ઉપર ખુશી થયો. ત્યારે તેણે પોતાની એક વીંટી ભારે કીંમતના નંગવાળી બક્ષિસ આપવા માંડી. ત્યારે આશકરણજીએ કહ્યું જે, આજ તો અમે કાંઈ લેશું નહીં. પણ અહીંથી તમારૂં મનામણું થશે, અને ખુશીથી પધારશો ત્યારે જે આપશો તે લેશું. એમ કહીને ઉઠી નીસર્યા. ત્યારે રાણાજીના હજુરી ચાકરે કહ્યું જે તમે ભૂલ્યા. જે આવી મોટી કીંમતની જણુશ આપવા માંડી તે તમે લીધી નહિ. અને કહ્યું જે પછી લેશું. પણ સરદારોનાં મન હમ્મેશ સરખાં રહેતાં નથી. વાસ્તે વીંટી તો આજ લેવી હતી. ત્યારે રાણાજીને યાદ આવ્યું જે મારા વૃદ્ધોને શાપ છે જે "ગાદીએ બેસશે તે પાછળ બુદ્ધિવાળા થશે" તેથી જ આમ થયું. પછી બીજે દહાડે શાહજાદાને કહ્યું જે આપ વીંટી આપતા હતા, તે આ જ આપો. ત્યારે શાહજાદે કહ્યું જે હવે તો જાઇશ ત્યારે આપીશ. પછી વીંટી આપ્યા વિના પશ્ચિમમાં ગયો. ત્યાં ભુજના રાવ ભારમલે તે શાહજાદાને પકડીને દીલ્હીએ પહોંચતો કર્યો. તેથી પાદશાહે ભારાને મોરબી જીલ્લો લખી આપ્યો. તેનો દોહરો છેઃ—

**भारा भुपती पाछला, हिंमत ने मतीहीन,**
**पक मोरबी कारणे, पकड माकरहीन. १**

પછી તે શાહજાદાને અને પાદશાહને સલાહ થઈ, ત્યારે પાદશાહે પૂછ્યું જે તને કેણે કેણે શરણે રાખ્યો? અને કેણે કેણે ખૂબ ચાકરી કરી. ત્યારે કહ્યું જે તરશંગમે આશકરણજીએ મને રાખ્યો, અને મારી ખૂબ ચાકરી કરી. તે સાંભળીને આશકરણજીને પાદશાહે શીરપાવ તથા મહારાણા પદવી અને સરણાયાધાર એવું બીરદ આપ્યું. અને શાહજાદાએ પેલી વીંટી પણ મોકલી દીધી. તેમાં સવાલાખ રૂપૈયાની કીંમતનો હીરો જડેલો હતો.

એ આશકરણજીને જલોદરનો રોગ થયો હતો. ત્યારે મારવાડમાંથી નાગમગા ભાટ (એટલે નાગના વહીવંચા) આવ્યા હતા. એ રાણાજીને બે રાણીઓ હતી. તેમાં એક માણસાનાં ચાવડી લાલકુંવરજી, અને બીજાં જાલેંબજના દેવડી કેસરકુંવરીજી. તે ચાવડીજીને પેલા ભાટે કહ્યું કે આ કમળીયા તળાવમાંથી થળદોડીની તરકારી કરીને રાણાજીને ખવરાવો તો રોગ મટશે. પછી રાણીએ થળદોડી જે નાગના જેવા આકારે દોઢ હાથની થાય છે તે લાવીને ખવરાવવા માંડી. તે વાતની ખબર બીજી રાણીને થઈ. ત્યારે તેણે રાજાજીને કહ્યું જે તમારી ચાવડીજી તમને સરપ ખવરાવીને મારી નાંખવા ચહાય છે. ત્યારે રાણાજીએ કહ્યું કે એ વાત કેમ મનાય! પછી એક દિવસ પેલી રાણીની વડારણ તળાવમાંથી થળદોડી સંતાડીને લાવતી હતી, તેને પકડીને રાણીએ કહ્યું જે તારી પાસે શું છે? વડારણે કહ્યું જે તરકારી છે. રાણીજીએ કહ્યું જે દેખાડ. પછી તે જોયું તો સર્પ જેવું દેખાયું ને રાજાને ઘણી દહેશત લાગી. તેથી ચાવડીજીને કહ્યું જે તું મને નાગ કેમ ખવરાવે છે? ત્યારે રાણીજીએ કહ્યું એ નાગ નથી. પછી નાગ સંબંધી વાતો કરતાં રાણીજીએ કહ્યું જે તમારા વૃદ્ધોને તક્ષક નાગ પ્રસન્ન હતો. તે નાગ આ તળાવમાં રહે છે.

તેના વહીવંચા ભાટ અહીં આવ્યા હતા. પછી રાજાએ ફરીથી વહીવંચાને મારવાડથી તેડાવીને કહ્યું કે મને તક્ષક નાગ દેખાડો. ભાટે કહ્યું કે અમે થોડા દહાડા ઉપર વહી વાંચીને શીખ લીધી છે એટલે હવે જો હું નાગને બોલાવીશ તો નાગદેવ ગુસ્સે થશે. તોપણ રાજાએ હઠ લીધી. તેથી ભાટે નાગને બોલાવ્યો. તેથી નાગ ગુસ્સે થઇને તરસંગમા ડુંગરની દક્ષણાદિ કોર ફાડીને નાઠો. તેનો ભાટ તેની કેડે ગયો. તે જતાં જતાં ભુજના ડુંગરમાં પેસી ગયો. તે હાલ સુધી ત્યાં પૂજાય છે અને ત્યાંના લોકો પણ કહે છે કે એ નાગ તરસંગમેથી આવીને અહીં રહેલો છે. ઉપર લખેલા આશકરણજીને ત્રણ કુંવરો થયા.

૬૧ વાઘજી, જાયમલજી, પ્રતાપસંઘજી. ૧૬૧૬

---

## પ્રકરણ ૧૬ મું

### રાણા વાધ, રાણા જાયમલજી, અને રાણા જેતમલજી

રાણા વાઘજીના વખતમાં ઈડરના રાવ કલાણમલજીની રાણી માનવંતી ઉદેપુરના રાણાની દીકરી અને વિનયાવંતી તે ભુજના રાવની દીકરી હતી. તે રાણીઓ દર સોમવારે બ્રહ્માની ખેડમાં બ્રહ્માજીનું દેરૂં છે ત્યાં દર્શન વાસ્તે આવતી હતી. ત્યાં ભૃગુક્ષેત્ર કહેવાય છે, અને હરણાવ નદી છે. ત્યાં સુધી રાણો વાઘ પોતાના સીમાડાનો દાવો રાખતો હતો. તેની કહેવત ચાલે છે જે ' હું રાણો વાઘ, મારો હરણાવ સુધી ભાગ. '

રાણા વાઘ પાસે કોઇએ વાત કરી જે ઇડરના રાવની રાણીઓ બહુ રૂપાળી છે; ત્યારે રાણાજીને તે જોવાની મરજી થઈ. એટલે બ્રાહ્મણનો વેશ લઇને સોમવારે બ્રાહ્મણોની સાથે ભૃગુક્ષેત્રમાં ગયા. પછી એવી રાણીઓ દેવનાં દર્શન કરીને, બ્રાહ્મણોને ચાંદલા કરીને દક્ષિણા આપતી હતી.

તેઓએ રાણા વાઘને ચાંદલો કર્યો અને દક્ષિણા આપવા માંડી, ત્યારે તે તેણે લીધી નહીં. પછી રાણીઓ ગઈ ને રાણાજી પાછા તરસંગમે આવ્યા. પણ તે વાતની રાવજીને ખબર પડી. ત્યારે રાવજીએ રાણા વાઘના ભાઈ જાયમલજીની સાથે દોસ્તી કરીને ઈડરમાં રાખ્યા. અને અમદાવાદના પાદશાહથી રીસાઇને જમાદાર વેગરણો, જે પ્રથમ જાતે નાગર હતો, પણ વટલીને મુસલમાન થયો હતો, તે ઈડરમાં આવ્યો; તેને રાવજીએ રાખ્યો, અને કહ્યું જે રાણા વાઘને પકડીને મને સોંપ તો તને હું વડાલી ગામ સોંપુ; એમ કહીને તેને વડાલી સોંપી.

એક સમે તે જમાદારે રાણા વાઘને કહાવ્યું જે કસુંબો પીવા લાંકને આરે સાબરમતી પાસે લાંક ગામ છે ત્યાં પધારવું. પછી રાણાજી ત્યાં ગયા. ત્યારે સાથે પોતાના બે સ્વાર હતા અને રાણાજીનો ઉમરાવ મનજી વાછાવત જે ગામ દીવડીનો ઠાકોર હતો તેના મનમાં એવું આવ્યું કે આજ રાણોજી એકલા જાય છે તે પકડાશે, એમ જાણીને તેણે રાણાજીને મનાઈ કરી જે તમારે જવું નહીં. પણ રાણાજીના કુળને ઋષિનો શાપ હતો, તેથી આગળ મતિ ઉપજી નહીં, અને તેઓ ગયા અને મનજી વાછાવતને પણ કહ્યું જે તારે મારી સાથે આવવું નહીં. તોપણ મનજી વાછાવત રાણાજીની પછવાડે ગયો.

પછી જ્યારે રાણાજી લાંકને આરે આવ્યા અને જમાદાર સાથે રાવણું કર્યું, દારૂ પીધો. પછી જમાદારના માણસોએ રાણાજીને પકડી લીધા અને એક ચાકર અતુડો નામે હતો તે નાશી ગયો; અને બીજો જતુડો નામે હતો તે લડીને મૂઓ.

પેલા મનજી વાછાવત બારડ ઠાકોર હતા, તે એક બે જણને બરછીથી મારીને પોતે ગામ આવ્યા. પછી રાણાજીને કેદ કરીને વડાલીમાં લઈ જઇને રાખ્યા. અને રાવજી ઉપર તે જમાદારે કાગળ લખ્યો, જે રાણા વાઘને અમે પકડયા છે. અને તમે રાણાજીના ભાઈ જાયમલજીને કેદ કરજો.

એ પત્ર રાવજી પાસે આવ્યો તે સમે રાવજી જાયમલજી સાથે મેડી ઉપર સોગઠે રમતા હતા અને નીચે નીસરણી આગળ રજપૂત સાલુભૂત ગામ ચાંપુ તથા ખાચરેટાનો ઠાકોર બેઠો હતો, તેને જઇને કાસદે પૂછયું જે રાવજી કયાં છે? આ વડાલીનો કાગળ આપવો છે. એટલે તેણે પૂછયું જે શી ખબરનો કાગળ છે? મને કહેવામાં કશી ફીકર નથી. હું રાવજીનો ચાકર છું. ત્યારે કાસદે કહ્યું જે રાણા વાઘને પકડીને કેદ કર્યો છે તે બાબતનો પત્ર છે. એટલે સાલુભૂતે કહ્યું જે રાવજી પોઢયા છે, માટે તું અહીં બેસ. હું જઇને જોઇ આવું. અને જો જાગ્યા હશે તો તને બોલાવીશ. અને કાંઈ ઉતાવળો બોલીશ તો રાવજી ઉંઘમાંથી જાગીને ગુસ્સે થશે; અને તને પાંચ શેર મીઠું પાશે.

એમ કહીને તેને બેસારીને પોતે ઉપર જઇને રાવજીની પીઠે અને જાયમલજીના સામો ઉભો રહીને છરીથી ડોકાનું માથું કાપી દેખાડયું, જે રાવજી તારૂં માથું કાપશે. પણ એ વાત જાયમલજી સમજ્યા નહીં. ત્યારે સાલુભૂને જાયમલજીને કહ્યું જે પોબાર નાંખો એમ કહીને સમશ્યા કરી જે હેઠા ઉતરો.

જાયમલજી સમજ્યા અને પેશાબ કરવાને બ્હાને હેઠા ઉતર્યા. એટલે સાલુભૂતે સર્વ વાત કહી. એટલે તે પોતાને ઉતારે જઇને ઘોડે ચઢીને પૂર્વ દિશામાં નાઠા; અને બાલેશી નામનું ગામ જે બાલેશી, મઉ, એવા નામથી ઓળખાય છે ત્યાં ગયા.

તેણે અગીયાર ગાઉ સુધી ઘોડો ખૂબ દોડાવ્યો. તેથી ગામ આકોડીઆને પાદર ઘોડો ફાટી પડયો. ત્યારે પગપાળા થઈ ગામમાં જઇને તે શાસણાનું ગામ જાણીને વરજાંગ બાવાને ઘેર જઇને તેને શરણે રહ્યા.

તે વરજાંગનો દીકરો શાકુળજી હતો. તેણે હકીકત પૂછી જે તમે કોણ છો? એટલે તેની આગળ બધી વાત કરી કે મારી પછ-વાડે રાવજીની ફોજ આવે છે. માટે મને રાખી શકો તો રાખો નહીં તો કયાંક દૂર પહોંચાડો. ત્યારે ચારણે કહ્યું જે અમારા માથા સાટે તમને રાખશું. પણ રાવજી અમે મરતાં સુધી તમને છોડશે નહીં.

વાસ્તે આ બે ઘોડીઓ છે; તેમાંથી સારી હોય તે લઇને નાશી જાઓ. અને તમારો ગરાસ વળે ત્યારે તમે અમારી ખબર લેજો.

પછી તે કેશર જાતની એક ઘોડી લઇને નાઠા. તે ખેરાળુ ઉપર ગયા.

પેલા કાસદે રાવજીને કાગળ આપ્યો. તે વાંચીને જાયમલજી કેડે ફોજ ચઢાવી, તે ગામ આકોડીએ ગઈ ત્યાં ઘોડો પડેલો દીઠો. ત્યારે જાણ્યું જે આ ગામમાં છે. પછી ચારણને ઘેર જઈ ઘણી તકરાર કરી જે અમારો ચોર સોંપો. ત્યારે ચારણે કહ્યું કે એ તો અમારી સાથે દગો કરીને અમારી ઘોડી લઇને નાશી ગયો. અને અમે તેને ઓળખતા નથી જે તે કોણ હતો.

પછી ફોજ તેની કેડે દશબાર ગાઉ ફરીને પાછી આવી અને જાયમલજી ખેરાળુ પરગણામાંથી ફોજ એકઠી કરીને તરસંગમે આવ્યા અને તે જગ્યા હાથ કરી. પછી લઢાઈનો સામાન ભેળો કર્યો. તેવામાં રાવ કલ્યાણમલ ફોજ લઇને તરસંગમે લડવા આવ્યા, અને લડાઈ થઈ, તેમાં રાવજીની ફોજનો લાગ ન ફાવ્યાથી તે પાછી ગઈ, અને જાયમલજીનું તરસંગમામાં રાજ જામ્યું.

પછી રાવજી સાથે ઘણા દહાડા સુધી તકરાર ચાલી. રાણાજી પાસે ગામ મટાવાના ઠાકોર મેહેપો અને રાજધર એ બે ભાઇઓ ચાકરીમાં રહેતા હતા, અને દેપો કોળી ગામેતી, જે વજાસણાનો ઠાકોર હતો, તે એંસી માણસો સાથે રાણાજી પાસે ચાકરીમાં હતો તેણે કહ્યું જે ઠીક. પછી તેણે પોતાનાં માણસોને ઈડરના ગામડામાં મોકલ્યાં અને પોતે બે ત્રણ માણસો સાથે લઇને ઈડરમાં ગયો. ત્યાં રાવજીના દરબારમાં ભવાયા રમતા હતા. તે માણસો જોતા હતા, તે ભેળો પોતે પણ જોવા બેઠો. રાવજીના ભાઈ કેશવદાસજી પણ ભવાઇ જોતા હતા, તેનું નામ પૂછીને મક્કી કર્યું. કેશવદાસજીની દીકરી રાણા વાઘજીના માથામાં ગોફેથી કાંકરીઓ મારતી હતી, ત્યારે રાણાજી રોવા જેવા શબ્દ કરે, તેથી ભવાયા લોકો સહુ હસતા હતા. ત્યારે

રાણા વાઘજીએ કહ્યું કે મારો વારસદાર કોઈ હોય તે આ છોડીને રોવરાવે તો હું મરીને ગતે જાઉં. એવું રાણાજીનું દુઃખ જોઈ ગામેતી દેવાને ઘણું માઠું લાગ્યું.

પછી જ્યારે ખેલોમાં રમતાં રમતાં થાળી ફેરવવા આવ્યો, ત્યારે ગામેતીદેવે પોતાના હાથનું સોનાનું કડું થાળીમાં નાંખ્યું. એટલે ભવાયાએ પૂછ્યું, જે આ કોણ આપે છે? હું કેની કીરતી કહું? ત્યાં કોઇ બોલ્યું નહીં. એટલે લોકોએ કહ્યું જે કોઇ દારૂ પીધેલો છે, તેણે આપ્યું. તને પરમેશ્વરે આપ્યું તારે શું કામ છે? પછી તે બીજી-વાર થાળી ફેરવવા આવ્યો ત્યારે બીજું કડું આપ્યું. એમ કરતાં કરતાં અરધી રાત ગઈ. ત્યારે રાવજીના ભાઈ કેશવદાસજી પેશાબ કરવા સારૂ એક ખૂણે ગયા. એટલે ગામતીદેવે મશાલચીના હાથ ઉપર એક ઝટકો માર્યો, તેથી મશાલ પડી ગઈ. એટલે બીજા બધા મશાલ-ચી નાઠા. એટલે દેવે જઇને કેશવદાસનું માથું કાપી લીધું, અને તે નાશી ગયો. ત્યાં બુમ પડી જે, રાવજીભાઇને માર્યા. તે વખતે પેલી છોડીએ રોવા માંડયું. તે જ ઘડીએ રાણો વાઘજી પોતાની વીંટીમાંથી હીરાકણી ચૂશીને મરણ પામ્યા. એ રાણોજી જીવ્યા ત્યાં સુધી હરરોજ રાવજી કહેતા હતા કે મને થોડાં ગામ લખી આપ, તો તને છોડું. પણ તે વાત કબૂલ ન કરતાં, રાણો જીવ્યા ત્યાં સુધી કહેતા હતા જે "હું રાણો વાઘ, મારો હરણાવ સુધી ભાગ."

પછી પેલે ગામેતીએ જઇને એક ડુંગર સળગાવ્યો. તેનો ભડકો જોઇને, તેનાં માણસો જે જે ગામમાં હતાં તેઓએ તે તે ગામમાં આગ મેલી. પછી તે દેવો તરસંગમે આવ્યો. તેણે જાય-મલજીને સલામ કરીને કહ્યું જે, અંબાજીએ મારી લાજ રાખી, તેથી હું જશ ખાટીને આવ્યો. પછી તેણે તેને ભીમાળ ગામ આપ્યું. એ દેવાના વંશના હાલ વજાસણામાં છે, અને ખેતી કરે છે. પછી રાણા જાતસંઘજીએ એની ઓલાદ પાસેથી ભીમાળ ગામ પાછું લીધું. પણ તેને ચોથો ભાગ આપે છે, તે ખામ છે.

પછી રાણા વાઘના મોતની વાત સાંભળીને સ્નાન કર્યું, અને રાવજીએ બાડુઆ સકજીને બોલાવીને કહ્યું જે, મારા ચોરને તેં બચાવ્યો વાસ્તે તારે મારા પરગણામાં રહેવું નહીં. એ વાત રાણા જાયમલજીએ સાંભળી. ત્યારે તે ચારણને તરસંગમે તેડાવીને પાણીયાળી ગામ આપ્યું, અને પોતાના દસોદી સ્થાપીને પોતાની પાસે રાખ્યા. આ હકીગતનો લખાવનાર તેના વંશનો માવલ ગઢવી છે. અને પાળી ગામમાં તેના ભાઇયાતોના ૧૬ ભાગ છે, તેમાંથી એ સોળમો ભાગ તેને મળે છે, તેની સોળ પાલી બાજરી એ વર્ષમાં તેને મળી હતી.

રાણા જાયમલની ચાકરીમાં ગઢીઓ મેપો, અને રાજધર હતા. તેઓ થોડાક દિવસની રજા લઇને પોતાને ઘેર ચાલ્યા, તે રસ્તામાં ગામ ગોઠડાને પાદર નદી ઉપર ઉતર્યા. તેવામાં એક રબારી બકરાં લઇને નિસર્યો, તેને તેઓએ પૂછ્યું કે આ બકરાં કેનાં છે? ત્યારે તેણે જવાબ દીધો કે રાણાજીનાં છે. પછી ગઢીયાએ કહ્યું કે અમે પણ રાણાજીના છીએ, માટે એક બકરૂં અમને આપ. ત્યારે તે રબારીએ બકરૂં ન આપતાં, પેલાઓએ જબરદસ્તીથી એક બકરૂં લીધું, અને માર્યું. ત્યારે તે રબારીએ તરસંગમે જઇને રાણાજીને ફરીયાદ કરી જે ગઢીયાએ દરબારનો વાધરીયો બકરો મનાઈ કરતાં છતાં જબરાઇથી લઇને માર્યો. એટલે રાણાજીએ કહ્યું જે તું જા, અને એ લોકો બહુ ઉન્મત્ત થયા છે, માટે હવે જોઈ લેશું. એમ કંઇક વાત થઈ. તે વાત કોઇએ ગઢીયાને તેના દોસ્તદારે લખી જણાવી જે, તમે પક્કા બંદોબસ્ત શિવાય અહીં આવશો તો માર્યા જશો. પછી તે ગઢીયા ૭ મહિના સુધી ઘેર બેસી રહ્યા, તરસંગમે આવ્યા જ નહીં. ત્યારે રાણાજીએ તેડું મોકલ્યું. એટલે ગઢીએ કહ્યું જે અમને રાણાજીનો ભરૂંસો આવતો નથી. માટે બાડુઆ સકુજીની બાંહેધરી આપો તો આવીએ. એ વાત હલકારે આવી રાણાજીને જાહેર કરી, ત્યારે રાણાજીએ કારભારી, સરદાર વગેરેની સલાહ લેઇને બકુવાસકુજીની બાંહેધરીનો જૂઠો કાગળ લખીને બાડુઆ સકુજીથી છાનો પત્ર મોકલ્યો.

એ પત્ર વાંચીને ગઢીયો મેપો, તથા રાજધર, તરસંગમે આવીને રાણાજીની હજૂરમાં હાજર થવા સારૂ ગામને પાદર બાગમાં ઉતર્યા. ત્યારે બાહુઆ સકુજી તેમને મળવા ગયા, અને મળીને કહ્યું જે તમે ધણીને ચાકર એક થયા, તે ઘણું સારૂં થયું. ત્યારે તેઓએ કહ્યું કે તમારી બાંહેધરીનો કાગળ આવ્યો તેથી અમે આવ્યા છીએ. એટલે સકુજીએ કહ્યું જે બાંહેધરીમાં હું કાંઈ જાણતો નથી. પછી તેઓએ કાગળ દેખાડયો. ત્યારે ગઢવીએ કહ્યું જે આ પત્ર બાબત હું કાંઈ જાણતો નથી. માટે તમારે કરવું ઘટે તેમ કરજો. પછી તે બે ભાઇઓ પ્રપંચ કરીને માંહીમાંહી બોલાબોલી કરીને નાનો ભાઈ રીસાઇને ચાલી નિસર્યો. એટલે બીજા માણસોએ કહ્યું જે તેમને મનાવી લાવો. પછી મોટો ભાઈ સવાર થઇને, તેને મનાવવાને બાહાને ચઢી નિસર્યો. આમ તે બંને નાશીને પોતાને ઘેર મહાવડ ગયા.

પછી રાણાજીને માલમ થયું જે ગઢીયા તો પાછા નાશી ગયા. ત્યારે પૂછયું જે શાથી નાશી ગયા? એટલે લોકોએ કહ્યું જે તે બંનેમાં વાદવિવાદ થયો, તેથી એક રીસાઈ ગયો. એટલે બીજો તેને મનાવા ગયો. પછી રાણાજીએ કહ્યું જે તમે મળવા ગયા હતા? અને તમે કાંઇ વાત કરી હતી? કે કેણે કરી હતી? ત્યારે ગઢીયાનો ચાકર એક કોળી અફીણનો બંધાણી હતો, તે રાણાજીની કચેરીમાં પડયો રહેતો, અને પતરાળાં બનાવતો હતો; તેનું નામ લઇને ગઢવીએ કહ્યું જે આ વાલીએ કહ્યું હશે; તેથી ચેતીને નાશી ગયા. પછી રાણાજીએ તે કોળીને ખૂબ ધમકાવીને કાઢી મૂક્યો. એટલે તે પણ મહાવડ ગયો. પછી બાહુઆ સકુજીએ રાણાજીને કહ્યું જે શાબાશ ઠાકોર! મને ઇડરવાળા સાથે ઝેર કરાવીને અહીં તેડાવીને મારી આબરૂ લેવાનો વિચાર કર્યો હતો? મારા નામની બાંહેધરી મોકલીને છાની રીતે તેમને તેડાવ્યા હતા. વાસ્તે મારે હવે તમારા દેશમાં રહેવું નહીં. એમ કહીને રીસાઇને ચાલી નિસર્યા; અને મહાવડ ગયા. કારણ કે મહાવડના ઠાકોરે મેપો,

અને રાજધર ગઢવીને છાની રીતે તેડાવ્યા હતા. પછી તે ગઢીયાએ ગઢવીને ગામ આપવાનો વિચાર કર્યો, તે વાતની રાણાજીને ખબર થઇ, ત્યારે રાણાજીએ ગઢવીને તેડાવી લીધા, અને મનાવીને પાળીયામાં રાખ્યા.

પછી ઈડરની ફોજ તરસંગમા ઉપર આવી અને લડાઈ થઈ. તેથી બંને તરફનાં ઘણાં માણસો મૂઆં. આખર ફોજ પાછી વળી; અને તરસંગમાનો એક નાગર તે કટકવાળાઓના હાથમાં આવ્યો.

તેને પકડીને રાવ કલ્યાણમલજી પાસે લઈ ગયા; ત્યારે રાવજીએ કહ્યું જે એનું નાક કાપો. એટલે નાગરે કહ્યું જે ઠીક છે. હું પણ કલ્યાણમલજીના કટકમાં હતો. ત્યારે રાવજીએ પૂછ્યું કે એમ કેમ ? જવાબ દીધો જે મને એકલાને પકડીને મારૂં નાક કાપ્યાથી તમારી આખી ફોજનું નાક કપાશે. મતલબ કે આબરૂ જશે, ત્યારે હું સમજીશ કે આ ફોજનું નાક કપાયું, ત્યારે મારૂં નાક શી ગણતરીમાં છે ?

પછી રાવજીએ તેનું નાક કાપ્યા વિના તેને કાઢી મેલ્યો. પછી તે ફોજ વળતાં એક કણબણ ભાત લઇને જતી હતી; તેને રાવજીએ દીઠી અને પોતે ભૂખ્યા હતા; તેથી કણબણને પૂછ્યું જે તારી પાસે શું છે? તેણે કહ્યું જે ખીર છે.

પછી તે જોઇને તે ખાવા માંડી, એટલે તે ખીર ઉની હતી, તેથી હાથ દાઝયો. ત્યારે પેલી બાઈએ કહ્યું જે તમે કલ્યાણમલજી જેવા દેખાઓ છો. ત્યારે રાવે પૂછ્યું જે શી રીતે? બાઇએ કહ્યું જે જેમ રાવજી તરસંગમાની આસપાસનાં ગામો હાથ ન કરતાં પાધરા તરસંગમા ઉપર હાથ ઘાલે છે; તેથી દશ વર્ષ થયાં પોતાનો વિચાર પાર પાડી શકતા નથી; તેમ જ તમે પણ આસપાસ ઠંડી થએલી ખીર થોડે થોડે ખાતા નથી અને પાધરા વચમાં હાથ નાંખો છો તેથી દાઝો છો.

પછી રાવજીએ જાણ્યું જે આ બાંઈ કહે છે આ. માટે ગુરૂ મળ્યો. એમ વિચારીને ગઢીયાએ પોતાના કટકમાં તેડાવીને કહ્યું જો તમે અમારા કટકની આગળ ચાલો. ત્યારે ગઢીયાએ કહ્યું જે અમે રાણાજીનું લુણપાણી ઘણા દહાડા ખાધું છે; માટે અમે જઈને તેઓને સમજાવી જોઈએ; પછી નહીં માને તો જેમ કહેશો તેમ કરશું.

એમ કહીને એક ભાઈ મેપો તરસંગમે આવ્યો અને કહ્યું જે તરસંગમાના કિલ્લા ઉપર મગરાનો કિલ્લો છે તે ઉપર પીપળાનાં ઝાડ છે. તે તમે કપાવી નાંખો, કેમકે તે પીપળા ઉપર ચઢીને શત્રુની ફોજવાળા તમારા દરબારમાં ગોળીઓનો માર મારશે. ત્યારે રાણાજીએ કહ્યું જે કેનો ભાર છે કે અહીં સુધી આવી શકે? અને પીપળાનું ઝાડ કાપવું કે બ્રાહ્મણનું ખૂન કરવું, એ બે બરાબર છે; માટે હું કપાવનાર નથી.

ત્યારે ગઢીએ ઘણું ઘણું કહ્યું, જે જા તું પણ ભેળો ચઢીને આવજે. અમે કાંઈ ફીકર રાખતા નથી. પછી તે ગઢીયો પાછો રાવજીની ફોજમાં ગયો અને જઈને કહ્યું જે રાણાજી કાંઈ માનતા નથી.

પછી તે કટકના ત્રણ ભાગ કર્યા. તેના ઉપરી બે ગઢીયા અને ત્રીજા રાવજી થયા. અને જૂદે જૂદે રસ્તે થઈને ગઢમાં ઉતર્યા. ત્યારે રાણાજી કબીલો લઈને નાઠા; તે દાંતામાં આવ્યા. એ તરસંગમાની લડાઈમાં રાણાજીની તરફના નામીચા સરદારો કામ આવ્યા. તેઓનાં નામ નીચે મુજબ: સંવત્ ૧૬૩૦. માં:—

ખેતજી, પ્રતાપજી, મેહેદારજી, ગોપાળશાંધજી, પહાડખાનજી, વીરભાણજી, સેનાખાનજી—ને રાવજી તરફના જમાલે માર્યા.

રાણો જાયમલજી અને કુંવર જેતમાલજી દાંતામાં આવ્યા. પછી ત્યાં પણ રાવજીની ફોજ આવ્યાથી, રાણાજી અંબાજીમાં જઈને રહ્યા; અને રાવજી ઉપર વખેર કરવા લાગ્યા. અને રાવજીનાં ઘણાં ગામો ગામ બેઠાં. અને રાવજી ઈડર ગયા.

તરસંગમે માલાડા ભીલનું થાણું મેલ્યું અને નાનાસડા તથા મોટાસડામાં રેહેવરોનાં થાણાં હતાં. ગામ થાણામાં મેઘા જાદવનું થાણું હતું. એ રહેવરો અસલ જ્યાં રહેતા હતા ત્યાં સડા ગામ હતું. તેથી રેહેવરોએ થાણાંનાં ગામોનાં નામ પણ સડા ઠરાવ્યા. તેની કહેવત છે કે “ મીયાં તાં માંડવા અને રેહેવર ત્યાં સડા.”

મારવાડીઓ માંડવા ગામ જ્યારે મારવા આવ્યા હતા, ત્યારથી તે મારવાડીઓ વિવાહમાં પોતાને ઘેર માંડવો ઘાલતા નથી; કારણ જે માંડવા ઉપર તેમને લેણું નથી; તે તેઓના સમજ્યામાં આવ્યું.

એ રાવજીનું ત્યાં થાણું રહેવાથી જ એક ગામનું નામ થાણું પડયું. જ્યારે રાણાજીએ વખો કરતાં તેઓનાં ઘોડાં અને આદમી ખૂટયાં, અને રાણો જાયમલજી વખામાં ને વખામાં ગુજર્યાં. ત્યારે સંવત્ ૧૬૩૯ માં કુંવર જેતમલજી માતાજી ઉપર લાંઘવા બેઠા, અને કેટલીએક લાંઘણો કરી; પણ માતાજીએ જવાબ દીધા નહીં. ત્યારે જેતમલજીએ માતાજી ઉપર કમળપૂજા ખાવા માંડી. એટલે માતાજીએ હાથ ઉપાડયો ને કહ્યું જે તું ઘોડા ઉપર ચઢીને ફરવા માંડ, હું તારી મદદે આવીશ. અહીંથી ચઢીને જેટલી જમીનમાં તું ફરીશ એટલી જમીન તારે તાબે થશે; અને જ્યાં ઉતરીશ ત્યાંથી તારો સીમાડો બંધાશે.

પછી તે જેતમલજી પોતાના થોડા ઘણા સ્વારો જે હતા તેઓને લઇને રેહેવરોના થાણા ઉપર સડે આવ્યા. ત્યારે રેહેવરોએ લાખ ઘોડાની ફોજ દીઠી, એટલે પોતાના ઘોડા તથા સામાન પડયો મૂકીને નાશી ગયા. પછી રાણોજી બીજાં થાણાં ઉઠાડવા ગયા, ત્યારે માતાજીની મદદથી જેટલાં ઝાળાં હતાં, તેટલા સ્વારો સામાના જોવામાં આવ્યા તેથી તેઓ નાશી ગયા.

થાણા ગામમાં મેઘો જાદવ પોતાના ઘોડાને નવરાવતો હતો તેને ત્યાં જ મારી નાંખ્યો, અને તેના ઘોડા પડાવી લીધા. પછી તરસંગમે જઇને ત્યાંનું થાણું ઉઠાડી મેલ્યું. પછી ઘોડાદનું, તથા

હડાદનું થાણું ઉઠાડી મૂક્યું. એવામાં રાણા જેતમલજીને પેશાબ કરવાની જરૂર થઈ અને ઘોડેથી હેઠા ઉતરવા માંડ્યું. ત્યારે બીજા રજપૂતોએ વાર્યા, જે હેઠે ઉતરશો નહિ. તોપણ રાણાજીએ કહ્યું જે હવે તો મારાથી રહેવાતું નથી.

પછી હેઠે ઉતર્યા એટલે માતાજીનું વરદાન પૂરૂં થઇ રહ્યું અને તરસંગમો તો ઉજ્જડ થયો, તે ફરીથી વસાયો નહીં. અને દાંતામાં રાજધાની કરી. એ દાંતા ગામનું નામ દાંતોડીયો વીર દાંતાનાથી પશ્ચિમમાં ગાઉ એક ઊપર નવા વાંસને મારગે છે, તેના નામથી દાંતા નામ ગામને વસાવેલું તેનો સોરઠોઃ—

**दांते माटो देव देवसिरे दांतोडीयो;**
**सोको माने शेव, करजोडी सधमाल कहे.**

એ વીરની જગ્યા છે. ત્યાં માટીના ઘોડા કરીને મૂકવાની માનતા આસપાસનાં ગામોના લોકો કરે છે.

પછી જેતમાલજી પડ્યા સંવત ૧૬૬૫માં. તેના કુંવરો બે હતા. એક રાણાજીનો ઉમરાવ, અને બીજા ધનાળી ગામના વાઘેલાની દીકરી વાઘેલીજીના વર પૂંજોજી, તેના વંશના હાલ ગાદીએ છે. પૂંજાજી ગાદીએ બેઠા સંવત્ ૧૬૬૬ માં. બીજી રાણીના કુંવર જેશંઘદેજી તે વેળા પાટવી હતા.

એ બે ભાઇઓને અણબનાવ હતો. તેથી પૂંજોજી પોતાના મોશાળમાં રહેતા હતા. ત્યાં પણ મોટા ભાઇની બીક લાગ્યાથી, તેને તેના મામાએ ગામશ્રી ત્રાસણી જે શીરોઈ પરગણામાં છે, ત્યાં મેલ્યા હતા.

## પ્રકરણ ૧૩૭ મું

## રાણા પૂંજોજી, રાણા ગજસંઘજી અને રાણા પૃથીસંઘજી

રાણો જેતમાલજી જીવતાં પૂંજોજી મોસાળમાં હતા. રાણોજી પડ્યા એટલે તરત પૂંજાજીને ચિખાસણીએ મોકલ્યા. જેતમાલજી ગુજર્યા ત્યારે તેના બાર દહાડા સુધી સર્વે સરદારો તથા સગાંવહાલાં વગેરે સહુ રાજાના દરબારમાં પથારીએ સૂતાં હતાં, અને કુંવર જેસંઘજી પોતે ઢાલીએ પોઢતા હતા. તેઓને વાસ્તે ચાકર ઢાલીઓ ઢાળવા આવ્યો ત્યારે બાડુ બાસકજીના દીકરા અમરાજીની પથારી કાઢી નાંખીને તે ઠેકાણે પોતે ઢાલીઓ ઢળાવ્યો.

ત્યારે સહુએ પૂછ્યું જે આ કેનો ઢાલીઓ ઢાળ્યો છે? ત્યારે ચાકરે કહ્યું જે દરબારનો ઢાલીઓ છે. એટલે સરદારોએ કહ્યું જે દરબાર તો બે દહાડા થયાં ગુજરી ગયા, અને એટલી વારમાં પાછા દરબાર ક્યાંથી થયા? ત્યારે ચાકરે કહ્યું જે પરમેશ્વરે કર્યા, તે હવે તમારાથી ખોટા થવાના નથી.

એ વાત સાંભળીને સરદારોના મનમાં બહુ માઠું લાગ્યું અને વિચાર્યું જે આ કોઈ આપણને પાર પાડશે નહીં. પછી સહુ સરદારો ભેળા થઈને વિચાર કરીને બાડુવા અમરાજીને કહ્યું જે તમારી નજરમાં આવે તે ઉપાય કરો.

( એ અમરાજીના જેતાજી અને તેના દીકરા ગોરખદાસજી જેણે આ રાણાજીની વંશાવળીનાં કવિત્ત બનાવેલાં છે તે. )

પછી અમરાજીએ કહ્યું જે હું જઇને બીજો ધણી લાવું, તો ખરો, પણ તમે સહુ હિમ્મત ધરીને મારી મદદમાં રહેજો.

પછી તે પોતાની સાથે બે સ્વારો લઇને ચાલ્યા. તેમાં એક તો દાંતા તાબાના પેથાપુરનો રજપૂત ગુજરાય ભાણજી હતો અને બીજો કોઠીયા સામળદાસજી: એ સુદ્ધાં ત્રણ જણા ચાલ્યા. ત્યારે કુંવર જેસંઘદેએ કહ્યું જે તમે ક્યાં જાઓ છો? ત્યારે જવાબ દીધો જે

અમે દરબારને કામે જઇએ છીએ. એટલે તેણે ધાર્યું કે કાંઇ દર-બારના કામ સારૂ કારભારી તેઓને મોકલતા હશે.

પછી તેઓ મોજે ધનાળીએ ગયા. અને ત્યાંના વાઘેલા ઠાકોર મોકમસંધજીને પૂછ્યું જે પૂંજોજી ક્યાં છે? ત્યારે તેણે કહ્યું જે એ તો મોજે ચિત્રાસણીમાં છે. પછી તેઓ ચિત્રાસણીએ ગયા અને ત્યાં વાસો રહ્યા, અને રાતે તે ગામના ધણી સીદીઓને બોલાવીને કહ્યું જે પૂંજોજી તમારી પાસે રહે છે, વાસ્તે તમે તમારી ચાકરી બજાવો. ત્યારે તેણે કહ્યું જે અમારાં બસેં ચારસેં માણસો છે, તે હાજર છે. જેમ કહો તેમ કરી બતાવીએ.

પછી તે પોતાનાં માણસોને લઇને તૈયાર થયા અને ગઢવી અમરાજીએ પૂંજાજીને કહ્યું જે તમે દાંતે પધારો. ત્યારે તેણે કહ્યુ જે મને તો મારી નાંખે, વાસ્તે હું તો નહીં આવું. એટલે ગઢવીએ કહ્યું જે તમને કોઈ મારે તેનો હું જમાન છું.

પછી તે પૂંજાજીને લઇને વળ્યા, તે મોટાસડામાં આવીને રહ્યા, પછી બીજે દહાડે જેસંધજીને ગાદીએ બેસવાનું મુહૂર્ત હતું. તેથી ઘણી ધામધૂમ થઇ રહી હતી, અને જેસંધદેજી દરબારમાં પોશાક પહેરતા હતા. તે જ વખતે પૂંજોજી પધાર્યા. એટલે કારભારીએ તથા સર-દારોએ પૂંજાજીને ગાદીએ બેસાર્યા અને દાંતાના નગરશેઠ નહાનાભાઇને સહુએ કહ્યું જે તમે દરબારને ટીલું કરો, પછી તે શેઠે ટીલું કરીને રૂ. ૨૫) નજરાણું કર્યું. એટલે બીજા સહુએ નજરાણું કરવું ઘટે તે કર્યું.

તે સમે ચિત્રાસણીવાળા સરબંધીઓએ આવીને પૂછ્યું જે અમને શી ચાકરી બતાવો છો? ત્યારે કહ્યું જે તમે દરબારની ચારે તરફ ચોકી રાખો કે કોઈ જવા આવવા પામે નહિ.

પછી તેઓએ પહેલાં બંદોબસ્ત કર્યો અને પછી નગારાં વગડાવ્યાં, તોપો છોડાવી. તે સાંભળીને જેસંધજીએ કહ્યું જે આ નગારાં કોણે વગડાવ્યાં? ત્યારે કોઇએ કહ્યું જે પૂંજોજી આટ બેઠા.

તેવામાં તેમનો હુકમ આવ્યો જે તમારી પાસે દરબારના દાગીના હોય તે મોકલી દો અને તમે બહાર નીસરો.

ત્યારે જેસંઘજીએ કહ્યું જે હું કયાં જાઉં ? એટલે કહ્યું જે તમારી માને જીવાઇમાં ગંગવા ગામ આપેલું છે ત્યાં જાઓ. પછી જેસંઘદેજીએ કહ્યું જે એ ગંગવામાં મારૂં ખર્ચ પૂરૂં થશે નહિ. ત્યારે તેને મોકડી ગામ પણ આપ્યું. પછી જેસંઘદે પોતાનો કબીલો લઇને ગંગવે ગયા અને પૂંજોજી ગાદીએ બેઠા.

તે જ દહાડે તેને વચન થયું ત્યારે સરદારોએ વિચાર્યું જે આ વચન થવાનાં શુકનો કેવાં હશે ? એટલે કોઇ શુકન જાણનારે કહ્યું જે રાજા છલ્યો, માટે ઘણું પરગણું હાથ કરશે. પછી જ્યારે તેની ઉમ્મર પુખ્ત થઇ ત્યારે ધાનધારમાં જે વોળો રોકાઈ હતી તે વાળી તથા દેશોતર પટો એટલે ખેરાળુ પરગણામાં પોતાના વાંટા દબાએલા હતા તે વાળ્યા.

પછી પોતે તરસંગમો વસાવાનો મનસૂબો કરતા હતા, પણ ફુરસદ મળી નહિ, તેથી વસાવ્યું નહિ. એવામાં ગામ રાડા જે હાલ ઉજ્જડ છે, તે બાહુવા અમરાજીને સાસણમાં આપ્યું તથા ગામ કુડળમાંથી ડેરીઓ વાંટો તે આંબા ૨૫) સહિત આપ્યો. તે પછી ગામ થાણામાં ખેતરો આપ્યાં, તે એ ગઢવીના ઓરમાન ભાઈ સામોજી તથા સરખાજી હતા તેઓને તે ગઢવીએ ખેતરો આપ્યાં હતાં.

( ઉપર લખેલા ઉજ્જડ ગામમાં તથા વાંટામાં આ વંશાવળી લખાવનાર ગઢવી ચાવલ કહે છે કે હાલ મારો સોળમો હીસ્સો છે.)

પછી તે રાણો પૂંજોજી શીરોઇના ભાયાત મોજે લેંબજીવાળાને ત્યાં પરણ્યા. એ લેંબજનો ધણી ચાંદોજી હતા. તેણે શીરોઈના ધણી અખેરાજજીથી વખો થયો, ત્યારે તે ચાંદોજી દાંતામાં આવ્યા. એટલે પુંજાજીએ તેમને રહેવા સારૂ વસાઇ ગામ આપ્યું. તે ગામ દાંતાથી અંબાજીએ જતાં રસ્તામાં છે.

ત્યાં રહીને ચાંદાજીએ શીરોઈવાળા સાથે વખો કર્યો અને પાંચ વર્ષ પછી સમાધાન થયું ત્યારે ચાંદાજીએ પોતાની બહેન પૂંજાજીને

પરણાવી. અને પોતાની વસ્તી જે વસાઇમાં આબાદ કરી હતી; તે દાયજામાં આપી એ રીતે રાણા પુંજાજીએ રૂડી રીતે રાજ કર્યું. પછી તે સંવત્ ૧૬૮૯ માં ગુજર્યા.

તેમના ચાર કુંવરો હતાઃ ૯૪ માનસંઘજી, અમરસંઘજી, સબળસંઘજી; શુરસંઘજી. અમરસંઘજીને સુદાસણા ગામ મળ્યું હતું, પણ હાલ તેના વંશના મોજે અડેરણમાં છે. સબળસંઘજીને મોજે ગંછેગામ મળ્યું. તેનું નામ ઘેંગોજી પણ હતું. સુરસંઘજીને મોજે સામટી મળી હતી. પણ તેનો વંશ નથી.

પૂંજાજીની રાણીઓ ત્રણ હતીઃ ૧ મુંજપુરનાં વાઘેલીજી વનજી કુંવર, ૨ શીરોઈ જીલ્લાના મોજે પાડીપનાં દેવડીજી સજાણ કુંવરી, ૩ મોજે બીહોલનાં બીહોલીજી પાર્વતીકુંવર.

એ પૂંજાજીએ બાકુવા અમરાજીને મોજે રોડા સંવત્ ૧૬૬૮ માં આપ્યું.

એ પૂંજોજી પડયા ત્યારે માનસંઘજી ગાદીએ બેઠા અને અમરસંઘજી એક સમે મોજે ચિત્રાસણીએ દોસ્તીના સંબંધથી, ત્યાંના ઠાકોરની મુલાકાત સારૂ ગયા હતા. ત્યાં આવતાં રસ્તામાં રાધણપરના બાબીની ફોજ આવી ચઢી; તેણે મારી નાંખ્યા. તે ધાનધાર પરગણાના મોજે પલખડીના વનમાં કામ આવ્યા.

તેના કુંવર બેઃ તેમાં એક હઠીઓજી, અને બીજા જિતોજી હતા. તેઓને માનસંઘજીના કુંવર જાસંઘજીએ દગો કરીને પોતે પાટ બેઠા પછી મારી નાંખ્યા. તેનું કારણ જે માનસંઘજી સંવત્ ૧૭૧૮ માં ગુજર્યા તેના કુંવર બેઃ

૯૫: ગજસંઘજી, જશવાજી. એ ગજસંઘજી એક સમે દાંતાના મહેલમાં બેઠા હતા ત્યારે બોલ્યા જે આ લીંબડા ઉપરથી કૂદીને આ ગોખમાં કોઇ પડે ? ત્યારે હઠીઆજીએ તથા જિતાજીએ કહ્યું જે અમે પડીએ. પછી હઠીઓજી લીંબડે ચઢીને ગોખમાં કૂદી પડયો. જેથી રાણા ગજસંઘજીએ જાણ્યું જે આ કોઈ વખતે મને દગો દેશે.

પછી રાણાજીનો ચાકર એક ચાવડો રજપૂત હતો. તેને રાણાજીએ કહ્યું જે આ બે ભાઇઓને તું મારી નાંખ, તો તને એક ખાસાયતું ખેતર આપું. પછી તે રજપૂતે એક ભાઇને તો દાંતાની કચેરીમાં જ ઝટકાટી નાંખ્યો. ને બીજાને ડુંગર સામી દરબારની બારી છે ત્યાં માર્યો. તે બારી પાસે એ જિતાજીનું સ્થાન હાલ સુધી પૂજાય છે. અને કોઇને એ જિતાજીનો વળગાડ થાય છે તથા કોઇના જોવામાં પણ આવે છે ત્યારે તે ઠેકાણે ઉતાર મુકાવે છે. એ હઠીઆજીનો દીકરો ખુમાણસંઘજી હતો, તેને જીવાઇમાં અડેરણ ગામ આપ્યું અને તેની પાસેથી સુદાસણ પડાવી લીધું. અને જિતાજીને દીકરો નહોતો.

ગજસંઘજીના ભાઇ જશવાજીને પ્રથમ રાણપ ગામ આપ્યું હતું. પણ પછી જ્યારે ગજશંઘજીએ હઠીઆજી જિતાજીને માર્યા, ત્યારે તેના પુત્ર ખુમાણસંઘજી નાની ઉમ્મરના હતા તેને લાવીને તેની માએ ગજસંઘજીના ખોળામાં મૂકીને કહ્યું જે આ છોકરાને પણ આપની મરજીમાં આવે તેમ કરો. ત્યારે રાણાજીએ કહ્યું જે એના બાપને મેં માર્યો છે, માટે તેને હું કાંઇ આપીશ ત્યારે મારી ગોત્રહત્યા ઉતરશે. પછી તેને અડેરણ આપ્યું. અને રાણપર તો પ્રથમ આપેલું હતું જ, તે પણ તેને રહ્યું. પછી જશવાજીએ દાંતા પટામાંથી વસાઇ ગામ દબાવ્યું તથા જસપર અને ચેલાણુ પણ લીધું.

એ જશવાજી ગુજર્યા ત્યારે તેના કુંવર ૪ હતા: સરદારસંઘજી, સરતાનસંઘજી, ધનરાજજી તથા................તેમાં સરતાનસંઘજીને મોજે ડાલેસણું, વસાઇ અને જસપર એ ત્રણે ગાસો મળ્યાં, અને ધનરાજજીને મોજે ચેલાણું મળ્યું. એ સરતાનસંઘજી પરાક્રમી થયા હતા. તેની વાતનો વિસ્તાર સુદાસણાની હકીકતમાં લખાશે.

રાણા ગજસંઘજી સંવત ૧૭૪૩ ની સાલમાં ગુજર્યા, તેની છત્રી બાગ બહાર ગામની પછાડે છે; તેમાં લખેલી પ્રશસ્તિ નીચે મુજબ છેઃ—

**संवत् १७४३ वरषे माक्षर सुदी नाम रवौप राणाश्री गजसंघजी वैकुंठ पधार्या वांसे सती ३ वली ते सतीओनुं नाम वहौजो श्री राठीम बारेचणी अणंदकुंवर, वहौजी श्री वाघेली रूपाली अणंदकुंवर, वहौजो श्री भयांणी जेसलमेरी अनोपकुंवर प सतो त्रण थइ. त्यारे वांसे राणाश्री गजसंघजोनी छत्री करावी. ॥**

એ છત્રી ૪ થંભની છે. પાળીયામાં સ્વાર ૧ અને સ્ત્રીઓ ત્રણ ઉભી છે.

૯૬: ગજસંઘજીના પુત્ર પ્રથીસંઘજી તથા વીરમદેજી. તે વીરમદેજીને ગામ નાગેલ આપ્યું. તે પ્રથીસંઘજીની વખતમાં ગાયકવાડ દામાજીની ફોજ દાંતે આવી, ત્યારે પ્રથીસંઘજીએ તેની સાથે કેટલાએક દહાડા સુધી લડાઈ કરી અને આખર પોતે મગરીમાં નાશી ગયા. પછી બાંહધરી લઇને પાછા આવ્યા અને થોડોક ગનીમવેરો આપ્યો. ત્યાર પછી દીલ્લીના તાબાનો નવાબ હેદરકલી ફોજ લઇને આવ્યો, તેની સાથે પણ લડાઈ કરી અને ફોજનાં ૩૦ માણસોને માર્યાં.

આખર તે ફોજ નાશી ગઈ અને રાણાજીની ફત્તેહ થઇ. ત્યાર પછી પાલણપુરનું ગામ ધોડીવાળ, તેમાં દાંતાનો કંઈ હક્ક હતો, તે પાલણપુરવાળાએ બંધ કર્યો. ત્યારે રાણાજીએ એ ગામ મારવાનો વિચાર કર્યો. તે વાત પાલણપુરવાળાએ જાણી; ત્યારે પોતાના તાબાના મોજે મેમલપરના ભાટોને કહ્યું જે તમે મોજે ધોડીયાળમાં ચોકી કરવા રહો. પછી તે ભાટો ત્યાં ચોકી કરવા રહ્યા. એ વાતની દાંતામાં ખબર પડી. તેવામાં દાંતાનો કારભારી રહીયો ગાંધી હુમંડ વાણીયો હતો. ( તેના જ વંશનો હાલ હીમો ગાંધી કારભારમાં છે. રહીયાનો પુત્ર હીરો, તેણે કારભાર કર્યો નહોતો, અને હીરાનો પાનો તે રાણા જાલમસંઘજીનો કારભારી છે. )

એ રહીયા ગાંધીએ પેલા ભાટોને દાંતામાં તેડાવ્યા અને કહ્યું જે તમે પાલણપુરનું ગામ સાચવવા જેટલું તેઓ તમને આપશે તેટલું અમે પણ આપશું. અને ગામ ધનાળી તથા શીસરાણું રાખો, કે જેમાં પાલણપરવાળા દાવો કરે છે. ત્યારે ભાટોએ કહ્યું જે અમે એ ઘોડે ચઢાય નહિ. પછી તેઓને રજા આપી અને કહ્યું જે તમારે જાપતો રાખવો હોય તેમ રાખજો, અમે ચઢીને આવીએ છીએ.

પછી તે ભાટોએ વિચાર્યું જે આપણે ગામ મેમદપર જવું અને આપણા આદમીઓએ પાલણપુર જવું અને પાલણપુરનાં માણસોને લઇને ઘોડીઆરમાં જવું. એવા વિચારથી મેમદપર તે ભાટ ગયા. એટલે તરત દાંતાથી રાણાજી ચઢયા, અને જઇને ઘોડીઆર માર્યું, લૂંટયું, તથા ત્યાંનાં બાન પકડયાં અને ઢોર લીધાં, પછી દાંતામાં આવ્યા.

તે સમાચાર સાંભળીને પાલણપુરવાળાએ ભાટને બોલાવીને કહ્યું જે તમારી ચોકી છતાં આ કામ થયું તે ઠીક નહીં. એવો ઠપકો દઇને કહ્યું જે હવે તમારૂં જોર હોય તે કરીને અમારાં બાન વગેરે પાછાં લાવી આપો.

પછી તે ભાટે ધરણું કર્યું; તેમાં ભાટનાં સો માણસો હતાં, તે પોતાને ગામથી નીસર્યાં, ત્યાંથી જ ગાઉ ગાઉને અંતરે એક એક માણસને બાળતા આવ્યા. અને એ રીતે પુંજપર સુધી આવ્યા, ત્યાં સુધીમાં સાતઆઠ માણસોને બાળી મૂક્યાં.

પછી દાંતાનાં માણસોએ પુંજપર સામાં જઇને ભાટોને સમજાવીને પાછા વાળ્યા. તે ભાટોને રાણાજીએ કાંઈ આપવાનું કહ્યું; પણ તેઓએ કાંઈ લીધું નહીં અને કહ્યું જે અમે કાંઈ લઇએ તો રાણાજીનું આ પાપ ધોવાઈ જાય, માટે લઇશું નહીં.

પછી તેઓ પાછા ગયા. તે પાપથી પ્રથીસંઘજીને સાત દીકરા છતાં આખર વંશ રહ્યો નહીં. એ પ્રથીરાજજીની દીકરી અદેકુંવર હતી. તે ઈડરના મહારાજ આણંદસંઘજીને પરણાવી હતી. પ્રથી-

રાજજી સંવત્ ૧૭૯૯ માં પડ્યા. તેની છત્રી ચણાવેલી છે. તેમાં નીચે લખ્યા પ્રમાણે પ્રશસ્તિ છેઃ—

શ્રી ગણેશાએ નમાં રાણાશ્રી પ્રથીસંધજી શ્રી વૈકુંઠ પધાર્યા, તાહરે સતી એચ્ય બલી. તેહનાં નામ વહુજી શ્રી દેવડી ફુલકુંવર, વહુજી શ્રી વાઘેલી પેથાપુરી સરદારકુંઅર. સંવત ૧૭૯૯ ના વરખે શ્રાવણ સુદ ૨ વાર ગરૂ હાદહમાહ સંવત્ ૧૮૦૦ ના કાતી વદ ૬ વાર ગરઉ છત્તી સમન ચઢાવી છે. વૈશાક સુદ ૮ દને વરશંમ છતર અડ ચઢાવી છે.

એ છત્રી ચારે તરફ ખુલ્લી છે. પણ માંહેલી તરફ બે બાજુએ ઇંટોની ભીંત ભરી લીધેલી છે. તેમાં આરસપાણનો પાળીયો છે. તેમાં એક સ્વાર અને તેની આગળ બે સ્ત્રીઓ છે. ઉપર સૂર્ય તથા ચંદ્ર કોતરેલા છે, તે છત્રીની ઉપરની દીવાલે અક્ષર છે જેઃ—

**श्रीगणेशाय नमह्ां।** રાણાશ્રી પ્રથીશંધજીની છત્રી રાણાશ્રી કરણજીએ કરાવી.

એ પ્રથીશંધજીને વંશ નહોતો, તેથી સરદારો અને કારભારીએ મળીને ભાઈ વીરમદેજીના ચાર કુંવરોમાંથી મોટા કુંવર કરણજીને

૯૭ઃ લાવીને ગાદીએ બેસાર્યા. બીજા ઉમેદશંધજીને મોજે કુડલ વગેરે પાંચ ગામો આપ્યાં. ત્રીજા દરજણશંધજીના બે કુંવરો હતા; તેમાંના જિતાજીને મોજે બાબીવાડામાંથી ભાગ મળ્યો અને જેહાજીને મોજે કુડળમાંથી કુવા મળ્યા. અને ચોથા ભાઇ મધુજીને મોજે મગવા મળ્યું.

એ કરણજીને પોતાના સરદાર મેઘરાજજી પાછાવત બારડ, મોજે દીવડી, તથા ભદર માળાનો પટો ખાતા તેની સાથે ખટપટ થવા લાગી. ત્યારે દાંતામાં એક રજપૂત કોઠીગો વખતો હતો તેને અફીણ આપતાં રાણાજી રોજ ગાળ દેતા હતા.

પછી એક દહાડે તે રજપુતને રીસ ચઢયાથી રાણાજીને તલ્વારનો જખમ મારીને નાઠો; તે જઇને મેઘરાજજીને શરણે રહ્યો. ત્યારે

રાણાજીએ મેઘરાજજીને કહ્યું જે એ ગુનાહગાર અમને સોંપો. ત્યારે મેઘરાજજીએ કહ્યું જે શરણે આવે તેને પાછો સોંપવાનો રજપૂતનો ધર્મ નથી. વાસ્તે એ તો અમારા માથા સાટે છે.

પછી રાણાજીએ ઘણી તાકીદ કરી ત્યારે મેઘરાજજીએ તે રજપૂતને તો મગરામાં કાઢી મૂક્યો અને પોતે રીસાઈ નિસર્યા તે મોજે ગંછેરે ગયા. ત્યાં ૭ મહીના સુધી રહ્યા. પણ રાણાજીએ તેઓને મનાવ્યા નહીં; ત્યારે પોતે ધાર્યું જે હવે અહીં રહીને શું કરવું? પછી તેઓ સુદાસણે ગયા અને ત્યાંના ઠાકોર અમરશંઘજીએ ત્યાં રાખ્યા; તેથી એક વર્ષ સુધી ત્યાં રહ્યા. પણ રાણાજીએ તો મનામણું કર્યું નહીં. ત્યારે અમરશંઘજીને તેણે કહ્યું જે ચાલો હું તમને દાંતાની ગાદી અપાવું.

પછી ફોજનો સામાન તથા એક હજાર માણસો લઇને દાંતા ઉપર આવ્યા અને દાંતામાં પેઠા, અને રાણા કરણજીને કાઢયા તે રાણોજી ઘોડે ચઢીને નાશીને મોજે પેંપળોદરે ગયા.

તે ગામ દાંતાથી પાંચ ગાઉ ઉપર છે અને હમ્મેશાં પાટવી કુંવરને હાથ ખરચીમાં એ ગામ અપાય છે. દાંતાની ગાદીએ અમરસંઘજી બેઠા અને પરગણું બધું પોતાને તાબે કર્યું અને બે ત્રણ વર્ષ સુધી ત્યાં રહ્યા. ત્યારે પાણીયાળીના બહુવા ગોરખદાસજી તથા તેના ભાઇઓએ વિચાર્યું જે આપણ છતાં આપણો ધણી રાજભ્રષ્ટ થયો તે કાંઈ ઠીક નહીં.

પછી ગઢવી મયાનાથજી તથા ભાગચંદજી એ બે રાણા કરણજી પાસે ગયા અને કહ્યું જે આમ ઠંડા થઇને શું બેઠા છો? કાંઈ મહેનત કરો તો દાંતાનું રાજ મળે. ત્યારે રાણાજીએ કહ્યું જે મને તો કાંઈ સુજતું નથી, તમને સુજે તે ઉપાય કરો. ત્યારે ગઢવીએ કહ્યું જે તમારા સરદારોને તેડાવો. પછી તેઓએ સરદારોને તેડાવ્યા.

(૧) ઘોરડના ઠાકોર સાહેબસંઘજી ભાટી,

(૨) હડદના ઠાકોર અનોપસંઘજી રાઠોડ.

(૩) ઘોઘણીના ઠાકોર દેવીદાસજી વાઘેલા.

તેઓને ક્યારે પટા મળેલા તે માલુમ નથી, પણ તેઓ જૂના છે. એ સરદારોએ મળીને બંદોબસ્ત કરીને કહ્યું જે પાલણપરના દીવાનજી બાહાદરખાનજીની મદદ લીધા વિના આપણું કામ થશે નહીં. પણ વિચાર્યું, જે કાં તો દીવાનજીને આપવા ઝાઝા રૂપૈઆ હોય ત્યારે તે આપણી મદદ કરે, પણ રૂપૈઆ તો હાલ આપણી પાસે નથી. વાસ્તે શું કરવું ?

પછી રાણા કરણસંઘજીએ પોતાના નાના ભાઈ ઉમેદસંઘજી મોજે નાગેલમાં હતા, તેને તેડાવીને કહ્યું જે તમારી દીકરી કુંવારી છે તે બાહાદરખાનજીને પરણાવો તો તે આપણી જાયગા વાળી આપે. ત્યારે ઉમેદશંઘજીએ કહ્યું જે જાયગા વળશે તો :ગાદીના ધણી તમે થશો, એમાં મને શું મળશે ? જે હું તરકાણે દીકરી આપું ?

ત્યારે કરણસંઘજીએ તેને પાંચ ગામોનો લેખ કરી આપ્યો કે આપણી જાયગા વળે તો તમને આટલાં ગામો આપવાં. ૧ મોજે નાગેલી અરધી, ૨ મોજે થાણુ, ૩ મોજે કુડળ, ૪ મોજે ગઢ, એ ગઢ ગામ પછીથી વસાવ્યું. માટે તે સુદ્ધાં ૭ થયાં. ૫ મોજે પાણુદરા ૬ મોજે વહુસણ. ત્યારે ઉમેદસંઘજીએ રજા આપી જે આપણી જાયગા વળતી હોય તો તમારી નજરમાં આવે તે કરો.

પછી ગઢવી મયાનાથજી તથા ભાગચંદજી, પેથાપરનો અને ગુજરરાય ભાણુ એ ત્રણ જઇને પાલણપરના દીવાનજીને મળ્યા અને પાકો બંદોબસ્ત કર્યો, જે તમે અમારી જાયગા વાળી આપો અને ઉમેદ-સંઘજીની દીકરીનું સગપણ તમારી સાથે કરીએ.

તે સાંભળીને દીવાનજી બાહાદરખાનજી બહુ રાજી થયા અને કહ્યું જે ઠીક છે, તમારી જાયગા વાળી આપું, ત્યાર પછી પરણુ-વજો. પછી નાળિયેર રૂપૈઓ આપ્યો અને સગપણ કર્યું. પછી તે દીવાનજીની ફોજ લઇને દાંતા ઉપર આવીને રજપૂતાનાના મહુડામાં

મુકામ કર્યો અને અમરસંધજીને કહાવ્યું જે હવે તમે દાંતા-માંથી નીસરો.

ત્યારે અમરશંધજીએ વિચાર્યું જે હવે પાલણપરની ફોજ આવી, હવે આપણાથી દાંતા હાથમાં રખાશે નહીં. તેથી જવાબ કહાવ્યો જે તમારા દાંતા હું તમને સોંપું, પણ મારા ગુજરાન વાસ્તે શું આપશો ?

પછી તેઓને પાંચ ગામો આપવાનો ઠરાવ થયો. મોજે જેતપર, નાના સડચ, ટોડડા, ખારી અને બાભણીયું. સિવાય માતાજીના દાણમાંથી ચોથો ભાગ આપવો કબૂલ કર્યો.

તે સમયે માતાએ જનાર પાસેથી જણ એક રૂપૈઓ એક દાણનો લેતા હતા. પછી કેટલાંએક વર્ષ સુધી તેમાંથી ચાર આના સુદાસણાવાળાને આપ્યા. પછી હિસાબમાં તકરાર થવા માંડી, ત્યારે રાણાજીએ દર માણસ પાસેથી બાર આના લેવા માંડયા અને ચાર આના તેમના ભાગના પડયા મૂકયા, અને કહ્યું જે તમારા ગામને પાદર થઇને જે આવે તેની પાસેથી તમારા ચાર આના તમે લેજો.

પછી સુદાસણે ચાર આના લેવા માંડયા. પણ કોઈ આપે અને કોઈ ન આપે. હાલ બે વર્ષ ઉપર વાલેસ સાહેબે પક્કો બંદોબસ્ત કરી આપ્યો ત્યારથી સુદાસણે થઇને આવે તેની પાસેથી ચાર આના ત્યાં લે છે.

પછી અમરશંધજી સુદાસણે ગયા. પ્રથમ સુદાસણા પરગણા-નાં પંદર ગામો હતાં અને ઉપર લખેલાં પાંચ સુદ્ધાં વીશ ગામો થયાં.

પછી રાણો કરણજી દાંતામાં ગાદીએ બેઠો, અને રાજ્ય કર્યું. જ્યારે પાલ પરની ફોજ પાછી વળી ત્યારે મોજે થાણાની સીમમાં ડુંગરી પાસે ચાર આંબા હતા, તે ઠેકાણે બાઇને નાગેલથી લાવીને દીવાનજી સાથે પરણાવી અને પાલણપર વોળાવ્યાં. કરણસંધજીના વખતમાં પોશીનાના ઠાકોરે હડાદમાં થાણું ઘાલ્યું, ને રાણાજીએ લડાઇ કરીને ઉઠાડી મેલ્યું અને રાઠોડને ચાકરી બદલ હડાદનો વાંટો

આપ્યો એ કરણશંઘજી ૧૮૧૫ માં ગુજર્યા. તેમના કુંવરો ૯૮ રતનસંઘજી તથા અભેસંઘજી તથા દીકરી ફતેકુંવરબાઇ, તે ઇડિરના મહારાજ શવસંઘજીને પરણાવ્યાં. રતનસંઘજી ગાદીએ બેઠા પછી ધનાળીના ઠાકોર લાડખાન તથા પહાડખાન એ બે ભાઇઓ હતા. તેઓને માર્યા. વાઘેલા ઠાકોર રજપૂતોમાં ખાન નામ પાડવાનો રીવાજ છે. જેમકે નહારખાનજી હોય છે.

એ લાડખાનજી એક સમે દાંતામાં રાણા કરણજીની સલામે આવ્યા હતા. કારણ કે તેઓ દાંતાના ઉમરાવ હતા. એ સમયે કુંવર રતનસંઘજી રમતા હતા, ત્યારે એ લાડખાનજીએ કહ્યું જે તમે ક્યાં સુધી કુંવર વાજશો ? (કહેવાશો ?) એમ કહીને મશ્કરી કરી. તે સમયે કુંવરજીની ઉમર ૩૦ વર્ષની હતી. ત્યારે કુંવરજીએ જઇને રાણાજીને વાત કરી, કે લાડખાનજીએ મને કહ્યું જે તમે કુંવરજી ક્યાં સુધી વાજશો ? તે સાંભળીને રાણાજીએ કહ્યું જે ઠીક છે. ત્યારે તમે મને મારો, અને રાણા કહેવાઓ. પછી કુંવરજીએ કહ્યું જે બાપજી ! તમને તો ઘણી ખમ્મા. પણ હું એને તો મારીશ. રાણાજીએ કહ્યું જે એમ કરવાની તમારી શક્તિ જોઇએ. એ વાત લાડખાનજીના જાણવામાં આવી. એટલે તરત તે પોતાને ઘેર જતા રહ્યા. ત્યારે રાણો કરણજી સેહેજ ગામ નાગોલે ગયા હતા; ત્યાં ધનાળીથી પેલા વાઘેલા બે ભાઇઓ મળવા સારૂ આવ્યા હતા. ત્યારે કુંવરજીએ વિચાર્યું કે આજ તેઓને મારૂં. પછી પોતાનાં માણસોને સમજાવીને કુંવરજીએ ઠરાવ કર્યો જે લાડખાનજીને લઇને સરસ્વતી નદીએ નહાવા જવું, અને પહાડખાનજીને રાણાજી પાસે રાખવા. પછી લાડખાનજીને ત્યાં મારી નાંખવા. તે વખતે બંદુકનો ભડાકો કરવો. તે અવાજ સંભળાય, એટલે પહાડખાનજીને અહિં મારી નાંખવા. આવો બંદોબસ્ત કરીને, એ રીતે બંને ભાઇઓને મારી નાંખ્યા. કુંવરજી ભાલું લઇને નહાવા ગયા હતા. એ ભાલું લાડખાનજીને માર્યું, એટલે બીજા માણસોએ પૂરા કર્યો. પછી બંદુકનો અવાજ કર્યો.

એટલે રાણાજી પાસે જે આદમી હતા, તેઓએ પહાડખાનને મારી નાંખ્યો. તેઓનાં મડદાં બાળીને દાંતામાં આવ્યા.

એ વાતની પાલણપુરમાં દિવાન બહાદરખાનજીને ખબર પડી. એટલે કહ્યું જે રાણાજીએ લાડખાનજીને તથા પહાડખાનજીને માર્યા. અને એ બેને આપણી બાંહેધરી હતી, વાસ્તે તેઓના કબીલાનો આપણે જાપતો રાખવો કે રાણાજી તેની આબરૂ લે નહીં. એમ કહીને બસેં અસ્વારો ધનાળીએ શીરાણીમાં મેલ્યા તેઓ આજ સુધી નિસર્યા નહીં. તે ગામો પાલણપરને ખાલસે થયાં. અને એ મરનારાઓને એક એક દિકરો હતો. તેમાંથી એક તો ગોઢાણીમાં જઇને રહ્યો. કારણ કે તે ગામ તેનું હતું. તેના વંશના હાલ સુધી ત્યાં છે. અને બીજો ભાઈ સુદાસણામાં પોતાની ફોઈને ત્યાં જઇને રહ્યો. તેના વંશના ત્યાં છે, અને સુદાસણેથી વાટો મળેલો તે હાલ સુધી ખાય છે.

પછી રાણો કરણજી ગુજર્યા, અને રતનસંઘજી પાટ બેઠા તેણે આશરે પાંચ વર્ષ રાજ્ય કર્યું. પછી સંવત ૧૮૨૦ રતનસંઘજી ગુજર્યા. તેને દીકરો નહોતો તેથી તેના ભાઇ અભેસંઘજી ગાદીએ બેઠા. તેના વખતમાં વડોદરેથી અરજણરાવ ચોપડી મરેઠો હતો, તેને દાંતામાં લાવ્યા. તેનું કારણ જે પોતાના સરદાર, પટાવત, તથા ભાઇયાત પણ હરકત કરતા હતા, અને આસપાસના રાજાઓ પણ હરકત કરતા હતા વાસ્તે તેને લાવ્યા. તેની સાથે ગાયકવાડી ઘોડા સો હતા. તેણે દાંતામાં રહીને અમલ કર્યા જેવું કર્યું. અને બે ત્રણ વર્ષ થયાં એટલે તે આપ અખતિયારી કરવા લાગ્યો, અને પોતાના ઉતારાને ગઢી કરવા માંડી તથા વસ્તીને હરકત કરવા માંડી. ત્યારે દરબારને બીક લાગી, જે રખેને આપણું તખત દબાવે!!! વળી એવામાં તે સૂબે જગ્યા બાંધવા માંડી. ત્યારે ગામના રજપૂતને આંગણે વાંસના કડા પડયા હતા, તે જબરદસ્તીથી લીધા. તે વખતે રજપૂતોની આંખ ફાટી. ત્યારે પેલા મરેઠા સિપાઈએ ઇકડમ તીકડમ કરવા માંડયું, અને લડાઈ થાત. પણ રજપૂતોએ વિચાર્યું જે

આપણે લડાઈ કરીશું તો, રાણાજીને મુશ્કેલ પડશે. પછી જઇને દરબારમાં જાહેર કર્યું જે, અમને આ મરેઠા લોકોએ ઘણી હરકત કરવા માંડી છે; ત્યારે રાણાજીએ કહ્યું જે, તમને હરકત થાય, તે મને પહેલી હરકત છે.

પછી સૌ સરદારોને ભેગા કર્યા. અને કુંવરજી શ્રી માનસંઘજી ઉમર વર્ષ ૩૫ ના હતા, તેઓએ રાણાજીને કહ્યું જે આપનો હુકમ હોય તો એ લોકોને કાઢું. ત્યારે રાણાજીએ કહ્યું જે તું સપૂત હોય તો કાઢ. પછી કુંવરજીએ ચોપડાને કહેવરાવ્યું જે હવે તમે અહીંથી જાઓ. તે વાત મરેઠાએ માની નહીં. ત્યારે કુંવરજીએ તેને ઘેરો ઘાલ્યો, અને અન્નપાણી, ઘાસ બંધ કર્યું, અને ધમકી દીધી જે હવે નીસરો, નહીં તો તમને મારશું. ત્યારે તે લોકો નિસર્યા. તે અને કુંવરજીના ૧,૦૦૦ માણસોએ મળીને ઘેરેલા હતા. એવી જ રીતે જેમને ધઢવાડામાં પહોંચાડયા. પછી કુંવરજી પાછા વળ્યા.

ત્યારે ભાલુસણાના ઠાકોર સુમલજીએ તેઓને રાખ્યા, અને સુદાસણાવાળા સાથે ટંટો માંડયો જે અમારો વાંટો સુદાસણામાં છે, એ અમને આપો. ત્યારે સુદાસણાના ઠાકોર ફત્તેસંઘજીએ દાંતામાં જઇને કુંવર માનસંઘજીની મદદ માગી. ત્યારે કુંવરજી ફોજ લઇને તેની મદદે ગયા, અને શત્રુઓને મારી કાઢયા. ત્યારે ભાલુસણાવાળાને દેહશત લાગી જે દાંતા સાથે વેર બંધાશે, તો હું માર્યો જઈશ. પછી પેલા ગાયકવાડીને ભાલુસણાવાળાએ રજા આપી. ત્યારે મરેઠા ગૂજરાતમાં ગયા, અને કુંવર માનસંઘજી પાકો બંદોબસ્ત કરી પાછા દાંતામાં આવ્યા. પછી રાણો અભેસંઘજી સંવત ૧૮૫૧માં પડયા.

તેના (૯૯) માનસંઘજી, જાતસંઘજી તથા નાહરસંઘજી તે ૩ કુંવરો હતા. બાઈ ઉમેદકુંવર અહમદનગરના મહારાજ સગરામશંઘજી વેરે પરણાવ્યાં હતાં. રાણા અભેશંઘજીએ સંવત ૧૮૪૨ માં દાંતામાં અંબકેશ્વર મહાદેવનું દહેરૂં કરાવ્યું, તથા ધર્મશાળા કરી

હતી, અને માનસંઘજીએ કુંવરપદે સંવત ૧૮૫૦માં મોજે ગોધણીવાળા વાઘેલા જાલમસંઘજીને તરશંગમુ સોંપીને આવ્યા. તે સંવત ૧૮૫૫ ની સાલ સુધી જાળવતાં સંવત ૧૮૫૬માં જાલમસંઘજીને દાંતામાં બોલાવી લીધાથી તરસંગમામાં મેવાશીઓનું ધાડું પડયાથી જણ બે મરાણા, અને તરશંગમું ઉજ્જડ થયું. તે માનસંઘજીની મા વસાઇના ચાવડાની દીકરી હતી. અને બીજા બે ભાઇઓ તરશંગમા પાસેના મોજે ધોરવાડાના ઠાકોર ભટી સાહેબસંઘજીની દીકરીના હતા.

માનસંઘજીએ ગાદીએ બેઠા પછી પોશીનાનું ગામ ધનાળમા સેહેજ ફેરો કરીને ત્યાંની ભેંસો વાળી. પછવાડે વાર આવી અને ભેંસો પડાવી ગયા. ત્યાર પછી ૭ મહીને પોશીનાનું ગામ ચોંગોદ માર્યું, લૂંટયું. તે વખતે એ ગામ ઉજ્જડ થયું. તે હાલ સુધી વસ્યું નથી.

ઇડરના મહારાજ ગંભીરસંઘજી ફોજ લઈને જ્યારે મેવાશી લોકો ઉપર ગયા, ત્યારે મહારાજે રાણા માનસંઘજીને તેડાવ્યા હતા.

તે પોતાના ઘોડા ૪૦ લઇને ગયા અને મુલકગીરી કરીને આવ્યા ત્યારે મહારાજે શીરપાવ આપ્યો. ઘોડો ૧ રૂા. ૧૦૦૦ ની કીંમતનો આપ્યો, તે લેઇને રાણોજી ઘેર આવ્યા. મોજે કુંડળવાળાએ દાંતાનું મોજે થાણું હાથ કર્યું હતું, ત્યારે માનસંઘજીએ ફોજ કરીને લડીને છોડાવ્યું અને કુંડળ પણ કબજે કર્યું. ત્યારે કુંડળ-વાળા મોજે ગઢમાં નાશી ગયા. પછી તેમણે નમ્રતાથી અરજ કરી, ત્યારે રાણાજીના ભાઇ અભેસંઘજીએ ભાંજગડ કરીને મોજે કુંડળ પાછું અપાવ્યું, અને થાણું ગામ ખાલસે રાખ્યું. રાણા માનસંઘજી પાંચ વર્ષ રાજ કરીને દેવ થયા. તેવામાં ભાઇઓમાં ટંટા જેવું હતું; તેથી લોકોના કહેવામાં જે ઝેર દીધા મુઆ. ત્યારે સંવત ૧૮૫૬માં તેમના નહાના ભાઇ જાતસંઘજી ગાદીએ બેઠા.

તે સમે હીલાધાડ, એટલે હીલું પામીને પ્રથમ જાાડે તે. હીલાધાડ કરીને ગઢવાડાનું ગામ નેંદરડી માર્યું, લૂંટયું, બાળ્યું, અને

તેનાં બાન પકડયાં. તેનું કારણ જે ત્યાંના ભીલો નવા વાસની ભેંસો લઈ ગયા હતા, ત્યારે તેના મુખણુ પટેલ માનજીએ આવીને ફરિયાદ કરી, ને કહ્યું જે માવડો લાવો. મારા ધણી માનસંઘજીનાં હાડકાં કાંઈ હોય તો શોધી કાઢું. તે ધણી હોય તો મારી ભેંસો નેંદરડીવાળા લેઇ શકે નહીં. તે વાત સાંભળીને જાતસંઘજીએ તરત ચઢાઇ કરી. અને તે ગામ માર્યું. પછી ફોજ કરીને પોશીના ઉપર ચાલ્યા. ત્યારે પોશીનાનો ઠાકોર કેશરીસંઘજી હડાદ તથા પોશીના વચ્ચે સામા આવીને એક ઘોડો રાણાજીને નજરાણો કર્યો અને જમાન આપીને મેળાપ કર્યો. પછી ફોજ પાછી વળીને ગઢવા પરગણામાં આવી અને મોજે માહાવડ ઉપર જોર કર્યું. ત્યારે ત્યાંના ઠાકોર વખ્તાજીએ આવીને એક ઘોડો નજરાણો કર્યો અને જમાન આપીને મેળાપ કર્યો. પછી રાણાજીએ મોજે નહાના કોઠા રણના ગઢીયા હાથીજી પાસેથી એક ઘોડો નજરાણો લીધો. તે ગઢીયા ઉપર કાંઈ ચોરીનો મુદ્દો પણ હતો. પછી રાણાજી દાંતામાં આવ્યા. ત્યાર પછી સંવત ૧૮૭૦ માં ફોજ કરીને મોજે ધનાળીની તમામ ભેંસો લાવ્યા. પછી બીજે ફેરે મોજે બાવળ કોઠીયું જે દેરાલના રાજાનું હતું, તે માર્યું અને ત્યાંનો માલ લાવ્યા.

સંવત ૧૮૭૧ માં ફોજ કરીને પોશીનાના ઠાકોરના ભાઇનું મોજે ખેરોજ માર્યું, લૂંટયું, ત્યાં રાણાજીના બે માણસો મરાણાં. ત્યાં પોતાના ભાઇ નહારસંઘજી પરણ્યા હતા તે રાણીના કુંવર હરિસંઘજી છે. તેથી નહારસંઘજીએ રાણાજીને કહ્યું જે, આ વખતે મને બટ્ટો લાગશે, જે નાહરસંઘજીએ સાથે આવીને સસરાનું ગામ મરાવ્યું. પછી ફોજ પાછી વળી, અને મોજે ધરોઇ મારવા ગયા. ત્યારે તે ફોજમાંથી બારડ કીરતાજીને સામાવાળે ખૂટવ્યા. તેથી કીરતાજીએ તે ગામને પાદર જઇને રાણાજીને કહ્યું જે શુકન સારા થતા નથી, વાસ્તે પાછા વળો. પછી પાછા વળીને મોજે થાણે આવીને મુકામ કર્યો. ત્યાં રાણાજીએ સરદારોને કહ્યું જે આ શીરબંધીઓનો ચઢેલો પગાર

ક્યાંથી આપશું ? ત્યારે સરદારોએ કહ્યું જે આ મોજે પાવડીનો ઠાકોર રતનસંઘજી, તથા મોજે અંધારીયાના ઠાકોર અણદોજી આપણાં પરગણામાં મેવાશીઓને લૂંટફાટ કરાવે છે; માટે તે બે ગામો લૂંટીએ, એટલે ત્યાંનો માલ આવશે, તેથી પગાર ચૂકાવી આપશું. પછી મોજે અંધારીયા ઉપર ગયા. ત્યારે અંધારીયાવાળા નાશીને મોજે પાવડીમાં પેઠા. અને મોરચો બાંધીને પાવડીનું ગામ મોજે મુંમણવાસમાં સૌ તૈયાર થઇ લડવા બેઠા. અને મોજે થાણેથી પાછી રાતે રાણાજીની ફોજ મળી. અને મોજે ધારીયે ગઇ, ત્યારે તે ગામ ઉજ્જડ દીઠું. એટલે તે ફોજ મુંમણવાસ ઉપર ગઈ. બંદૂકો છૂટી. ત્યારે રાણાજીની ફોજમાં આગળ ચાલનાર જોખીયા મકરાણી જેવા હતા, તેઓની ગોળીથી મોજે અંધારીયાના ઠાકોર અણદોજી મરાણા. ત્યારે મુમણુ-વાસમાં બીજાં માણસો હતાં, તે નાશીને ડુંગરા ઉપર ચઢી ગયાં. પછી મુમણવાસ માર્યું, લૂંટયું. પછી રાણોજી તરત જઇને મોજે પાવડીમાં ઉતર્યા, અને તે ગામ પણ લૂંટીને, ત્યાંનો માલ લેઇને, પાછા વળ્યા. તે મોટે સઢે આવીને મુકામ કર્યો. ત્યાં પાવડીના ઠાકોર બાંહેધરી લઇને રાણાજી પાસે આવ્યા. અને મોજે અંધારીયામાં રાણાજીનો ત્રીજો ભાગ ઠરાવ્યો, અને સામસામો લખતથી બંદોબસ્ત કર્યો. પછી આસપાસના મેવાશીઓના જમાન બાંહધર લેઇને સંવત ૧૮૭૨માં રાણાજીએ ફોજ વેરી નાંખી અને પોતે દાંતામાં પધાર્યા. ત્યાર પછી એ જાતસંઘજીને અને નાહરસંઘજીને ખટપટ થઇ. એવામાં કુંડળના ઠાકોર સરદારસંઘજી ગુજર્યા તેને દીકરો ન હતો. ત્યારે રાણાજી જાતસંઘજી તથા નહારસંઘજી એ બેએ જઇને કુડલનાં પાંચ ગામો જપ્ત કર્યાં. અને એ ઠાકોરની બધી જણશભાવ દાંતામાં લાવ્યા, અને કુડળમાં તેનું ખરચપાણી કર્યું તથા ત્યાંની ઠકરાણી જીવકમાં ત્રણ કુવા આપ્યા. ત્યારે ગુજરનાર સરદારસંઘજીના વારસા બાબત તેના પીતરાઇ ભાઈ ભવજી જીતાએ દાવો કર્યો. અને તેના સગાભાઇ વખતોજી તો પ્રથમ ગુજરી ગયા હતા.

કુડળના ઠાકોરની વંશાવળી નીચે મુજબઃ—

આગળ **ઉમેદસંઘજી** લખ્યા છે તથા **હરજણસંઘ**

- **ઉમેદસંઘજી**
  - મુઝાર સંઘ
    જોરોજી
    સરદારશંઘ
- **હરજણસંઘ**
  - જેતાજી
    - વખતોજી
      - વાહરજી
      - પલજી
    - ભવજી
      મોજે ખાધીવાડ
      મોજે કણબીવાસ
      - દોલજી
  - જેહોજી

ભવજીએ દાવો કર્યો જે એ કુડળ તાબામાંથી કાંઈ પણ મને આપવું જોઇએ. ત્યારે રાણા જાતાજીએ કહ્યું જે તમને જે તમારા બાપ જિતાજીનું જીવક ખાધીવાડ તથા કણબીવાસ મળેલાં છે, તે તમે ખાઓ, આમાંથી કાંઈ તમને મળવાનું નથી. ત્યારે તે બારડ ભવજી રીસાઇને પાલણપર ગયા. તે વખતે જમાદાર મેરૂ સીધી, જે રાણાજીનો જૂનો ચાકર, રાણાજીથી રીસામણે હતો, તે પણ ભવજી સાથે ગયો. એ ભવજીનો મોટો ભાઈ વખતોજી હતો. તેણે રાણા જાતાજીને કહ્યું હતું જે, ખાંધીવાડ તથા કણબીવાસથી મારૂં ખરચ પૂરૂં થતું નથી, માટે મને કંઈ વધારે અપાવો. ત્યારે રાણાજીએ કહ્યું જે, તમારા બાપને મળેલું છે, તેથી વધારે તમને મળવાનું નથી. એટલે વખતોજી રીસાઇને ડીસે દીવાન શમશેરખાનજી પાસે ગયા હતા. ત્યાં બે વર્ષ રહ્યા, અને શમશેરખાનજીને કહ્યું જે મને ફોજ આપો, હું જઇને દાંતા પરગણામાં કાંઈ નુકશાન કરૂં, તો મને કાંઈ મળે. ત્યારે તે દીવાનને રાણાજી સાથે દોસ્તી જેવું હતું, તેથી તેણે રાણાજીને લખ્યું જે તમે વખતાજીનું સમાધાન કરો, નહીં તો તે કાંઈ નુકશાન કરશે. પછી રાણાજીએ વખતાજીને તેડાવીને પોતાનાં ગામ

ઈંટડી તથા ભૂતવાસ એ બે અતીતને ઘેર ધરાણે હતાં તે છોડાવી લેઇને રહો, અને હું તમને લખી આપું એવું કહ્યું. પછી વખતાજીએ તે બે ગામો છોડાવી લીધાં, અને તે બંને ગામો ઉજ્જડ હતાં તે બંનેની જમીનમાં એક જ ગામ તેમનું વસ્યું, અને ત્યાં પોતાનો કબીલો રાખીને પોતે દાંતામાં પ્રધાનપણું કરવા રહ્યા. તે બે વર્ષ સુધી પ્રધાનપણું કરીને ગુજર્યા, ત્યારે એ અભાપરૂં ભવજીને તથા વખતાજીના દીકરાઓને રહ્યું. તેઓ આજ સુધી એ બે ભાઇઓના વંશના, પોતાનો ગરાસ ત્રણ ગામોનો સહિયારો રાખીને પેંદાશ વહેંચી લે છે.

જ્યારે ભવજીએ પાલણપુર જઇને હેલ સાહેબ પાસે કુંડળના વારસા બાબત અરજી કરી, અને સરકારમાં કહ્યું જે કુડળના સરદારસંઘજી ગુજર્યા, તેનો વારસો અમને તથા રાણાજીને બરાબર પહોંચે છે. પણ રાણાજી તે તમામ ભાગ દબાવી બેઠા છે, માટે એ ગામ અમે અંગ્રેજ સરકારને લખી આપીએ છીએ, અને તેમાંથી સરકારના ધ્યાનમાં આવે તે આપે. એ વાત કોઈ રાણાજીના હેતુએ રાણાજીને લખી જણાવી. જે આ રીતે કુડળ જીલ્લો અંગ્રેજ સરકારને લખી આપેલ છે. ત્યારે રાણાજીએ પોતાના ભાઈ નહારસંઘજી તથા એક જીવલો કલાલ હતો, તે કારભારી હતો; તે બંનેને પાલણપર મોકલ્યા. અને પોતાનાં તમામ પરગણાં ઉપર દાંતામાં અંગ્રેજ સરકારની જમી લાવ્યા. એટલે ભવજીના હાથ હેઠા પડ્યા. પછી ભવજીએ પાલણપરના દીવાનજીએ પોતાનો ચોથો ભાગ મોજે નાગેલમાં હતો, તે ભવજીને આપ્યો. પછી રાણાજીએ પણ મોજે કરણપર આપ્યું અને કસુંબા પાયા.

અંગ્રેજ સરકારનું થાણું સંવત્ ૧૮૭૬ માં આવ્યું હતું, તે આશરે વર્ષ ૨૭–૨૮ સુધી રહ્યું. અને રાણા જાલમસંઘજીએ મી. લાંગ સાહેબની વારીમાં સંવત્ ૧૯૦૪ની સાલમાં ઉઠાડ્યું. તે સમે ભવજી ગુજરી ગયેલા હતા. અને તેના તાબામાં કરણપર હતું. તે હવે

પાછું લેવા બાબત સરકારમાં તકરાર ચાલે છે. રાણા જાતસંઘજીના વખતમાં મેવાશી કાકેરમી જીલ્લાના કોળીઓએ આવીને દાંતા તાબાના મોજે રતનપર તથા મોજપુરની ભેંસો લીધી. તે ધાડામાં ઘોડા ૨૦૦ અને ૫૦૦ પાળા હતા, તેની વારે જાતસંઘજી અસવાર ૫૦ તથા પાળા ૨૦૦ લઇને મળ્યા, તે મોજે મોટાસડાની સીમમાં ભેટો થયો, અને લડાઈ કરીને ઘોડાનાં પચીસ માણસોને માર્યાં. અને રાણાજીનો જમાદાર ભીખો ભટી રજપૂત જખમ થયો. તથા તેની ઘોડી ભાંગી, પણ તે ભેંસો પાછી વાળી લાવ્યા. ત્યારે રાણા જાતસંઘજીએ ભીખા જમાદારને સોનાનાં કડાં, તથા એક ઘોડી વગેરેનો સરપાવ આપ્યો.

એ જાતસંઘજીના મોટા ભાઇ જાતસંઘજી જ્યારે ગાદીએ હતા, ત્યારે તેમણે ગામ પાંસડેલા, જે દાંતાથી ઉત્તરમાં આઠ ગાઉ ઉપર ડુંગરામાં કોળીનું ગામ મેવાશી હતું તે હાલ સુધી વસ્યું નથી.

એ જાતસંઘજીને દીકરો નહતો. ત્યારે તેમણે ભાઈ નહારસંઘજીને કહ્યું જે તમારા કુંવર બે છે, જાલમસંઘજી તથા હરિસંઘજી; તેમાંથી એક મારે ખોળે આપો. ત્યારે નહારસંઘજીએ ના પાડી. કારણ જે જાતસંઘજીનો વારસદાર નહારસંઘજી શિવાય બીજો નહોતો. તેથી જાણ્યું જે દીકરાને ગાદી મળે, ત્યારે બાપ હેઠો બેસે; અને દીકરાને સલામ કરવી પડે, વાસ્તે ના પાડી. ત્યારે કોઇ લોકોએ જાતસંઘજીને કહ્યું જે નહારસંઘજી તમને ઝેરથી અથવા હથીયારથી મારવાના વિચારમાં છે. એ વાત જાતસંઘજીના મનમાં ઉતર્યાથી તેમણે મહેલમાં બંદોબસ્ત કરીને પેશી રહેવા માંડયું. અને કચેરીમાં બેસે નહિ. અને આસ-પાસનાં ગામોને કોળી તથા ભીલ લૂંટવા લાગ્યા. ત્યારે લોકોએ આવીને અરજ કરી જે, આપ આવીને કાંઈ બંદોબસ્ત રાખશો નહીં, અને મહેલમાં બેસી રહેશો, ત્યારે શી રીતે રાજ ચાલશે?

ત્યારે રાણો જાતસંઘજી કોઈ કારભારીનો ભરૂંસો રાખતા નહીં, ફક્ત કલાલ જીવાની સલાહથી ચાલતા હતા. તેથી લોકોમાં નિંદા ચાલી

જે રાણાજીએ એક કલાલને પ્રધાન કર્યો છે. એવામાં ગામમાં શીશોદીયો રજપુત ગમાન નામે હતો, તેની વડારણને જબરદસ્તથી એ જીવે લેવરાવી અને એ જીવાને બે બઇરીયો હતી. તેમાં એકની સાથે પેલો ગમાન લાગેલો. એવાં એવાં કારણોથી એ બે જણને મોહોમાંહી ઘણી અદાવત ચાલતી હતી. પણ જાતસંઘજીના ડરથી પેલા કલાલને એ રજપૂત કશું કરી શકતો નહીં. પણ કેટલાએક કારભારી વગેરે લોકોની એ કલાલ ઉપર ઘણી ઇતરાજી થઇ.

એક સમે એ કલાલ કળતર કરવા નીસર્યાં. ત્યારે પેલો ગમાનો પસાયતા જેવો હતો. તેનું પણ કળતર કર્યું. ત્યારે તે રજપૂતે કહ્યું જે મારો વાડો કળતરમાં લખવો નહીં. તે વાત પણ તેણે માની નહીં. અને હુકમ બજાવીને ઉલટી વાળા દીધી. પછી તે રજપૂતને ઘણો ગુસ્સો ચઢ્યાથી તેણે એ કલાલને મારવાનો વિચાર કર્યો. અને પ્રથમ પોતાની માને તથા ભાઇને મોજે હડાદ પોશી જઇને મેલી આવ્યો. પછી પરોઢમાં ઉઠીને કલાલના ઘરના રસ્તામાં બેઠો. તે સમે એ જીવો પટેલ કળશીઓ લઈને દિશાએ ચાલ્યા, તેણે પેલા રજપૂતને રસ્તામાં દીઠો. ત્યારે પૂછ્યું કે ક્યાં જાય છે? રજપૂતે જવાબ દીધો જે મારે મોજે ડભાડ ચાંદણ છોલે જવું છે; પણ સારા શુકન જોવા બેઠો છું. તે તમે જોઈ આપો. ત્યારે તે કલાલને કાંઈ ડર લાગ્યો ખરો. પણ થોડે વેગળે ચાલીને ઉતાવળો દીશાએ જઇને પાછા વળ્યો, અને પેલાથી વેગળે ઉતાવળો ચાલીને ઘેર જવા લાગ્યો. ત્યારે પેલા રજપૂતે જાણ્યું કે આ તો જતો રહેશે. પછી તેણે જઇને પાછળથી બાથ ભરી, અને બંને જણા બથોબથ આવ્યા. ત્યારે કલાલે રજપૂતના માથામાં લોટો માર્યો. એટલે રજપૂતે પોતાની પાસે છરી હતી તે કલાલના પેટમાં બે વાર ઘોંચી. પછી કલાલ છૂટીને નાઠો તે ઠેઠ ઘરમાં પેસવા લાગ્યો. તેવામાં રજપૂતે વેગળે ઢાલ તરવાર પડી હતી તે લેઇને દોડીને, કલાલને તેના બારણા વચ્ચે મારી નાંખ્યો. અને તેના કાનમાં મરકીયો વગેરે દાગીના હતા, તે કાઢી લઈ ચાલ્યો.

ત્યારે લોકોએ બૂમો પાડવા માંડી. તેઓને રજપૂતે કહ્યું જે બોલશો તો તમને પણ મારી નાંખીશ. એટલે તે લોકો ચૂપ રહ્યા. અને રજપૂત મગરામાં નાશી ગયો. એ વાત રાણાજીને શામચંદ ગાંધીએ જઈને જાહેર કરી. રાણાજી ઉંઘમાંથી અચાનક જાગ્યા, અને તે વાત સાંભળ્યાથી રાણાજીને જીવટાળો થયો, અને હુકુમ કર્યો જે, જીવાને મારનારને મારી નાંખો. પછી ચારે તરફ અસ્વારો ચઢવ્યા, પણ તે સૌ અસ્વારોએ જીવો મુવાથી રાજી હતા તેથી આઘાપાછા જઈને પાછા આવ્યા, અને કહ્યું જે ખૂની અમારે હાથ આવ્યો નહી.

જાતસંઘજીના મનમાં આવ્યું જે, કારભારીને નાહરસંઘજીએ મરાવ્યો, અને હવે મને પણ મારશે. એવી વાત લોકોના મનમાં પણ થવા માંડી. ત્યારે નાહરસંઘજીએ રાણાજીને કહેવરાવ્યું જે, તમે મારે માથે બદનામ શા સારૂ મૂકો છો? હું તમારા ગામમાંથી જાઉં છું. એમ કહીને પોતે અહમદનગર જવા સારૂ તૈયાર થયા. ત્યારે લોકોએ રાણાજીને કહ્યું જે, નાહરસંઘજી રીસાઇ જાય છે, માટે તેમને પાછા વાળો, એ જાય તેમાં તમારી શોભા નહીં, ત્યારે રાણાજીએ માણસ મોકલીને નાહરસંઘજીને પાછા વાળ્યા. પછી લોકોએ તે બંને ભાઇઓને કસુંબા પાયા. વળી એક મહિનો થયો એટલે કોઈએ રાણાજીને વહેમ ઘાલ્યો જે, તમને નાહરસંઘજી મારશે. તેથી રાણોજી સુદાસણે ગયા. ત્યાં બે મહિના ઠાકોર મહોબતસંઘજી પાસે રહ્યા. ત્યારે વળી ભાઈ નાહરસંઘજી તથા સૌ કારભારીઓ મળીને મનાવા ગયા અને મનાવીને દાંતામાં લાવ્યા. તે દશબાર દિવસ રહીને, વળી નાઠા; ને મોજે પાણીયાળીમાં જઇને એક મહિનો રહ્યા. વળી ત્યાંથી મનાવીને દાંતામાં લાવ્યા તે દશબાર દિવસ રહીને નાઠા, તે મોજે પેથાપરમાં અતીતના મઠમાં જઇને રહ્યા. પાછા મનાવીને ઘેર લાવ્યા. અને પછી તો રાણાજીને તાવ વગેરેનો મંદવાડ થયો, ને એક મહિનો માંદા રહીને સંવત્ ૧૮૭૯ ના ફાગણ વદી ૭ ને રોજ ગુજર્યા.

પછી સંવત ૧૮૭૯ ના વૈશાખ સુદી ૧૦ ને રોજ આઠ નાહરસંઘજી ગાદીએ બેઠા. આગળ જાતસંઘજીએ ફોજો કરેલી, તેથી બે લાખ રૂપિયા કરજ થયું હતું. અને મોજે નવાવાસ, ભીમાળી, નાગેલ, તથા પેથાપર વગેરે ગામો તથા કુવા, અને દાગીના અડાણે મૂકેલા હતા. તે નાહરસંઘજીએ છોડાવ્યા. દાંતામાં જૂનો મહેલ હતો તેમાં વધારો કરીને સંવત ૧૮૮૨માં નવો મહેલ ચણાવા માંડયો તે દશ વર્ષે પૂરો થયો.

માતા અંબાજીમાં ધર્મશાળા કરાવી. મોજે અડેણને સીમાડે પોતાનું વાંધાળું ખેતર હતું. તેમાં અડેણના લોકોએ શેલડીઓ તથા મગ વાવ્યા હતા. ત્યાં જઈને નાહરસંઘજીએ તે ખેતર ભેળાવી દીધું. પછી પંચ ભેગા થઇને શેઢો કાઢી આપ્યો અને તકરાર મટાડી.

પછી ઉદેપુરનો રાણો જવાનસંઘજી સંવત ૧૮૯૨માં શ્રી અંબાજીની જાત્રા કરવા પધાર્યા. ત્યારે તેમણે નાહરસંઘજીને મુલાકાત કરવા બોલાવ્યા. તેઓ માતાજીમાં ઉતર્યા હતા. નાહરસંઘજીને કહેવરાવ્યું જે આપણી મુલાકાત કેવી રીતે થશે? એ બાબતની નોંધ કાંઈ તમારા દફતરમાં છે? ત્યારે નાહરસંઘજીએ સૌ કારભારીને પૂછીને તપાસ કરાવી, પણ કાંઈ દાખલો મળ્યો નહીં. ત્યારે ઘરડા લોકોને પૂછતાં ગઢવી માવલ જોગીદાસને પૂછ્યું. ત્યારે તેણે દાખલો બતાવ્યો જે, રાણો કાનડદે ઉદેપુર પરણ્યા હતા, ને સીસોદણીજી કોટડાને પાદર સતી થયાં છે. તેની છત્રી હાલ સુધી છે. પછી એ વાત ઉદેપુરના રાણા જવાનસંઘજીને કહેવરાવી જે દાંતાના રાણાજીને તમારે માન આપવું યોગ્ય છે. ત્યારે જવાનસંઘજીએ દરીખાનું કરાવીને નાહરસંઘજીને મુલાકાતે બોલાવ્યા; અને ઉભા થઇને તાજમ આપી. નાહરસંઘજીએ એક ઘોડો તથા એક બંદુક સો રૂપિયાની કીંમતની નજર કરી, ત્યારે જવાનસંઘજીએ પણ એક ઘોડો તથા એક મોતીની માળા, નાહરસંઘજીને આપી. પૂજારી ભટજીને સોનાનાં કડાં આપ્યાં. પછી બે દિવસ રહીને

જવાનસંઘજી સીધાવ્યા. ત્યારે કુંવર જાલમસંઘજી પોતાના અસ્વારો લઇને શિરોઇ સુધી વળોટાવા લાગ્યા હતા.

સંવત ૧૮૮૯માં નાહરસંઘજી ચંદ્રગ્રહણ ઉપર આબુજીની જાત્રાએ ગયા, ત્યારે કુંવર જાલમસંઘજી પણ સાથે હતા. તે પર્વ ઉપર ત્યાં મારવાડ, મેવાડ, અને ગુજરાત વગેરેના ઘણા સંઘ આવ્યા હતા. તેવામાં ત્યાં કોગળીયું બહુ ચાલ્યું, પણ માતાજીના પ્રતાપથી રાણાજીનો સંઘ ખેર ખુશીથી પાછો આવ્યો.

તે પછી મુંબઈના ગવરનર મેહેરબાન માલકમ સાહેબ સફરે પધાર્યા. અને મહીકાંઠાના તમામ ભોમીઆઓને મળવા બોલાવ્યા. ત્યારે નાહરસંઘજી તથા કુંવર જાલમસંઘજી પણ સાદરે પધાર્યા હતા. તેમણે સાહેબને ઘોડો એક, કીનખાબ, મંડીલ વગેરેનો નજરાણો કર્યો. ત્યારે સાહેબે શાલ જોટા અને પાઘડીઓ રાણાજીને તથા કુંવરજીને આપી. એ જ રીતે સાહેબે સૌ ભોમીયાના સરપાવ લીધા અને આપ્યા. તે સમે ઇડરના મહારાજ ગંભીરસંઘજી મહારાજ અહંમદનગરના કરણસંઘજી મહારાજ, એક મુસલમાન સરદારો સાદરે પધાર્યા હતા. પછી જ્યારે ગવર્નર સાહેબ પાછા મુંબઈ તરફ ગયા ત્યારે સૌ સૌને ઠેકાણે ગયા.

તે પછી રાણો નાહરસંઘજી પોતાના પરગણાના બંદોબસ્ત વાસ્તે પાલણપુર મેહેરબાન મેલ સાહેબ પાસે ગયા. અને મેલ સાહેબને અરજ કરી જે, અમારા પરગણામાં બંદોબસ્ત રાખવા સારૂ અમે અંગ્રેજ સરકારની જપ્તી રાખી છે, પણ અંગ્રેજ સરકારનો મહેતો કે પાળો ન આવતાં પાલણપરના દિવાનજીના મહેતા અને સિપાઇઓ આવે છે. પછી નાહરસંઘજીએ ઘણી તકરાર કરી પણ સાહેબે કાંઈ માન્યું નહીં. અને નવરાત્ર નજદીક આવ્યાં. તેથી રજા લેઇને, રાણાજી માતાએ પધાર્યા. પછી કેટલાએ દિવસ જતાં સાદરે મેહેરબાન લૉંગ સાહેબ પધાર્યા. એટલે પાલણપરના સાહેબને પડયા મેલીને લૉંગ સાહેબ આગળ ફરિયાદ કરી. ત્યારે લૉંગ સાહેબે મેહેરબાની કરીને

તે કામ હાથ લીધું, અને પાલણપરનો ભાગ છોડાવ્યો, અને જપ્તી તે સાહેબે ઉઠાડી. એ જપ્તીદાર તથા સિપાઇઓ પાલણપરના દીવાનજીના હતા. તેઓ દીવાનજીના નામના હુકમ દાંતા પરગણામાં લખતા હતા. એવો વહીવટ આશરે ૨૭ વર્ષ સુધી ચાલ્યો. અને એ લાકડું નીકળવું પણ મુશ્કેલ હતું. તે લૅાગ સાહેબે કાઢયું.

પછી કુંવર હરિસંઘજીએ પોતાની જીવાઇ વાસ્તે લૅાગ સાહેબ પાસે ફરીયાદ કરી. પણ તે સાહેબની બદલી થઇ, અને મેહેરબાન વાલેસ સાહેબ પધાર્યા. તેમણે હરિસંઘજીને મોજે મુજવર, તથા લોટેલ, અને મોજે નહાના સઢાનો વાંટો આપ્યો. પણ હરિસંઘજીનું મન માન્યું નહીં. એટલે તે બાપથી રીસાઇને શાચોઇએ ગયા. ત્યાં એક વર્ષ રહ્યા. પણ નાહરસંઘજીએ મનાવ્યા નહિ. પછી નાહરસંઘજી સંવત ૧૯૦૩ના જેઠ સુદ ૧૦ ને સોમવારે વૈકુંઠવાસી થયા.

પછી ૧૦૦—જામલસંઘજી ગાદીએ બેઠા. એ નાહરસંઘજીને ત્રણ રાણીઓ હતી. તેમાં એક શીરોઈના બાના મોજે કાછોલી નાંદેવડી લાખાવતજી, તેમનાં કુંવર જાતશંઘજી.

૧ પોશીનાનાં વાઘેલીજીના કુંવર હરિસંઘજી તથા દીકરી દોલત કુંવરબા તે શીરોઇનાં શવસંઘજી વેરે પરણાવ્યાં.

૧ દેરોલનાં વાઘેલીજીના કુંવર પ્રતાપસંઘજી. ચોથી રાણી

રાઠોડજી હડાદનાં નાહરસંઘજી પડયા પછી કુંવર હરિસંઘજી દાંતામાં આવ્યાં. નાહરસંઘજીને અગ્નિદાહ તો મોજે ગંગવાને પાદર સરસ્વતીને પાદર કરાવેલો છે.

લોકો કહે છે શીરોઇના રાંવનો ભાગ અંબાજીની ઉપજમાં અસલ હતો. ત્યારે ઉદેપુરના રાણાજીએ અંબાજીને ભારે કીમતની સાડી ચઢાવી. તે સાડી શીરોઈવાળાને ભાગ આવી. તે રાવની દીકરી ઉદેપર પરણાવી હતી. તેને સાસરવાસામાં તે સાડી આપી. તે સાડી પેહેરીને ઉદેપરના રાણાજી પાસે ગયાં. ત્યારે રાણાજીના જાણવામાં

આવ્યું કે જે સાડી મેં માતાજીને ચઢાવી હતી તે આ છે. પછી રાણાજીએ કહ્યું જે માતાજીનો પોશાક તેં પહેર્યો છે, માટે મારે તો તું માતાજી બરોબર છું. એમ કહીને તેને તે પગે લાગ્યા. ત્યારે બાઈ પાછી પોતાને મહેલે ગઈ. અને પોતાના બાપને સમાચાર લખ્યા. ત્યારે શીરોહના રાવે સોગન ખાધા જે અંબાજીની કશી પેદાશ હવે મારે લેવી નહીં. તે દિવસથી શીરોહનો ભાગ ગયો. દાંતાના રાણાજીએ પણ બંદોબસ્ત કર્યો જે દીકરીને માતાજીનું લુગડું આપવું નહીં. દીકરી પીયરમાં રહે ત્યાં સુધી પહેરે. તે રાણીઓને પહેરવાનો માલ પણ હાલ બંધ થયા જેવો લાગે છે. અને ઘણું કરીને માતાજીનાં લુગડાં ભાટ, ચારણ તથા બ્રાહ્મણોને આપી દે છે, તથા વેચીને પૈસા પણ કરે છે.

જાલમસંઘજીને કુંવર એક સરદારસંઘજી કરીને હતા. તે આઠ વર્ષની ઉમ્મરના થઇને સંવત ૧૯૦૬માં ગુજરી ગયા. હવે દીકરીઓ બે છે. તેમાં એક શીરોઈ જીલ્લાના પહાડીવ ગામનાં દેવડીજી તથા માણસા પેથાપરનાં વાઘેલીજી.

એ જાલમસંઘજી સંવત્ ૧૯૦૭ માં દ્વારકાની જાત્રા કરી આવ્યા. અંબાજીના દેવળનાં માંહેલાં કમાડ રૂપાનાં કરાવ્યાં તથા ધજાગરો રૂપાની ખોલે કરાવ્યો. અને શીખર ઉપર સોનાનું ઇંડું ચઢાવ્યું. ત્યારે કંકોતરી લખીને બધું પરગણું તેડાવીને જમાડ્યું હતું. તરશંગમે કમળિયું તળાવ બે હજાર રૂપૈઆ ખરચીને સમરાવ્યું.

અંબાજીની પેદાશ દર સાલ આશરે ૩૦ હજાર રૂપૈઆની છે. સિદ્ધપુરના ઔદીચ્ય બ્રાહ્મણ પૂજા કરવા રહેલા છે. તેને દર સાલ રૂ. ૧૦૦૦) આશરે મળે છે. અંબાજીમાં તેલ કશામાં વાપરવું નહીં, એવો ચાલ છે. સંઘના લોકો પણ પોતાને ઉતારે ઘીના દીવા કરે છે અને જરૂર હોય તો ત્યાં બાઈડીઓ માથે ઘી ઘાલે, પણ ચોટલામાં તેલ ઘલાય નહીં. કહે છે કે તેલ વાપરવાનો માતાજીનો હુકમ નથી.

માતાજી ઉપર ચારણ મૂઓ તેની વાત આજથી એટલે સંવત્ ૧૯૦૯ થી અગાઉ આશરે પાંચ ગાઉ પર ડુંગર પર જીલ્લાના વાગડ પરગણાના બે ચારણો અંબાજીમાં આવ્યા હતા. તે બંને સગા ભાઇઓ હતા. તેમાં મોટા ભાઈને કાંઈ દુઃખ હતું. તે મટવા સારૂ માતાજી ઉપર દશ બાર લાંઘણો કરી પણ માતાજી કાંઈ બોલ્યાં નહિ.

પછી એક દિવસે આરતી સમે ઘણાં સ્ત્રીપુરૂષો મંડપમાં દર્શન કરવા ભરાયાં હતાં અને ઘણા ઘંટ વગેરે વાજીંત્ર વાગતાં હતાં. તે સમે એ મોટે ભાઇએ નાનાભાઇને કહ્યું જે હું માતાજી પર મરીશ; એટલે માતાજી મને જીવતો કરશે, નહીં તો માતાજીની આબરૂ જશે. એમ કહીને પોતાને હાથે કટારી ગળામાં ઘાલી. પછી તેના નાના ભાઇએ તલ્વારના ઘાથી તેનું માથું કાપીને માતાજી પાસે ઉરાઢી નાંખ્યું. તેથી અચાનક સર્વે માણસો ડરીને મંદિરમાંથી બહાર નીસરી ગયાં. પૂજારી ભટજીએ તે ચારણને ઉઘાડી તલ્વારે દીઠો, તેથી ડરીને માતાજી પાસે જે હમ્મેશાં ઉઘાડી તલ્વાર મૂકાય છે તે હાથમાં લીધી અને ચારણને કહ્યું જે તું બહાર નીસર, ત્યારે ચારણે કહ્યું જે મારા ભાઇને માતાજી જીવતો કરે નહીં, તો હું મરીશ અથવા તમને મારીશ.

પછી ભટજીએ તેને ધીમે ધીમે સમજાવવા માંડયો અને કહ્યું જે આપણા દેખતાં એને માતાજી જીવતો કરશે નહીં. વાસ્તે એના ધડ ઉપર માથું મેલીને એક લુગડું ઓઢાડીને આપણે બન્ને બહાર નીસરીને મંદિર બંધ કરીએ. પછી માતાજી એને રાતમાં જીવતો કરશે. આમ સમજાવીને તેને બહાર કાઢીને મંદિર બંધ કર્યું અને ભટજી પોતાને ઠેકાણે ગયા.

એવે સમે દાંતામાં સાદરાની જપ્તી હતી. જપ્તીદાર મહેતો અચરતલાલ જે હાલ પેથાપરમાં છે, તે દાંતામાં હતો. તેના ઉપર શતોરાંત માણસ મોકલ્યું તથા રાણાજીને ખબર કરી. એટલે દાંતાથી

તે મહેતાનાં માણસો તથા રાણાજીનાં માણસો અંબાજીએ જઇને તે ચારણને પકડી બાંધીને સાદરે મહેરબાન વાલેસ સાહેબની હજુરમાં પહોંચાડ્યો અને પેલાં મુડદાંને બળાવ્યું. વાલેસ સાહેબે તે ચારણને આશરે બે વર્ષની કેદની શિક્ષા કરી.

**દાંતાના રાણાજીની વંશાવળી સંપૂર્ણ**

---

## પ્રકરણ ૧૮ મું

## સુદાસણાના ઠાકોરનો ઇતિહાસ*

૧ દાંતાના ૯૪ નંબરના રાણા માનસંઘજીના બે કુંવરો હતા. તેમાં એક ગજસંઘજી તે દાંતાની ગાદીએ બેઠા. બીજા કુંવર જસવાઇજીને જીવાઇમાં મોજે રાણપર આપ્યું. તે સમે સુદાસણામાં પૂંજાજીના દીકરા અમરસંઘજી–જે ઉપર લખેલા રાણા માનસંઘજીના ભાઈ હતા. ત્યારે સુદાસણા તાબે ગામ ૧ ફક્ત સુદાસણા જ હતું.

એ અમરસંઘજી લડાઇમાં બહાદુર હતા. અને તે જસવાજીનું રાણપર પોતાને તાબે કરવા ચાહતા હતા. તેથી રાણપર ફેરો કરીને ભેંસો લીધી; ત્યારે જસવાજીએ કહ્યું જે, મારે દૂધ પાવાની ભેંસ હતી, તે તો તમારે લેવી યોગ્ય નહોતી. ત્યારે અમરસંઘજીએ જવાબ કહાવ્યો જે રાણપરને પાદર આકડા ઘણા છે, વાસ્તે દૂધ પીવાનું મન થાય તો આકડાનું દૂધ પીઓ. પછી જસવાજીએ દાંતામાં જઇને રાણા માનસંઘજીને એ વાત સંભળાવી, અને દિલગીર થયા. ત્યારે માન-સંઘજીએ કહ્યું જે, આ સમે અમરસંઘજી છેડવા જેવા નથી. માટે કોઈ સમે જોઈ લેશું. પછી રાણા માનસંઘજીએ અદાવત રાખીને મેવાશીઓને તથા ગઢીયાને સલાહ આપી જે તમે અમરસંઘને મારી નાંખો, તો તમને ઇનામ આપું. ત્યારે તે લોકો સુદાસણાને હરકત કરવા લાગ્યા.

---

* લખાવનાર: ગઢવી માવજી

એ સમે ગઢીયા લોકોએ સુદાસણાનાં ઢોર લીધાં. તેની વહારે અમરસંઘજી ચઢયા; અને મોજે ભાલુસણે જતાં તે ઢોરને પડાવી પાછાં વાળ્યાં. ત્યારે સુદાસણાના એક ખેડુતે આવીને કહ્યું જે તમે તમામ ઢોર પાછાં વાળ્યાં, પણ મારો એક બળદ સો રૂપીયાની કીંમતનો છે તે આમાં નથી. વાસ્તે તમે મારી કાંઈ વાર કરી નહીં. ત્યારે અમરસંઘ પાછા ધાડ પછવાડે ગયા, અને તે બળદને પાછો વાળવા માંડયો. પણ બળદ ભડકીને નાઠો, તે પાછો વળ્યો નહીં. ત્યારે અમરસંઘજીએ જાણ્યું જે, આ બળદને ધાડવાળા લેઈ જશે, તો મારી આબરૂ જશે. એમ જાણીને બરછી મારી, તેથી બળદ મરી ગયો. પછી અમરસંઘ પાછા આવ્યા, ત્યાર પછી અમરસંઘ ચાર મહિનામાં મરાણા. તેથી લોકોએ કહ્યું જે, બળદહત્યા લાગ્યાથી મરાણા. તે એવી રીતે કેઃ—

પોતે મોજે મિત્રાસણીના ઠાકોરને દોસ્તીના સબબથી મળવા ગયા હતા. ત્યાંથી પાછા વળ્યા ત્યારે તેમની સાથે એક મીર હતો. તેને કહ્યું જે, આ વખતમાં બહારવટીયા ઘણા છે, માટે તું મારી સાથે દોડી શકે નહીં તો, મારી સાથે આવીશ નહીં. ત્યારે મીરે કહ્યું જે બાપજી! હું તમારી સાથે આવીશ. પછી તે સાથે આવ્યો. તેવામાં રાધનપરના બાબીના ઘોડા ફેરો કરવા આવેલા તે મોજે મલખડી પાસે અમરસંઘજીને ભેટો થયો. ત્યારે નાસતાં મીરની ઘોડી થાકી. એટલે અમરસંઘજીએ કહ્યું જે, હેઠે ઉતરીને તારી ઘોડીને મારી નાંખ અને તું મારે ઘોડે મારી જોડે બેસ. પછી તે મીર તો હેઠે ઉતરી શક્યો નહીં, અને પેલા ઘોડા તો આવી પહોંચ્યા. એટલે મીરે બૂમ પાડી જે, બાપજી! મને મેલીને જશો નહીં. તેથી અમરસંઘજી પાછા વળ્યા, ત્યાં તેમની છાતીમાં ગોળી વાગવાથી મરણ પામ્યા.

તેનો કુંવર ખુમાણસંઘજી સુદાસણામાં રહ્યા હતા, તેની ઉમર વર્ષ ૧॥ ની હતી. ત્યારે જસવાજીએ સુદાસણું હાથ કર્યું. એટલે અમરસંઘની ઠકરાણીએ દાંતામાં જઇને રાણાજીને કહ્યું જે,

હવે મારૂં ગુજરાન શાથી ચાલશે? ત્યારે રાણાજીએ મોજે અડેરણુ તેમને આપ્યું. તેમના વંશના હાલ અડેરણમાં છે. અને જસવોજી સુદાસણે રહ્યા. તેના પાંચ કુંવરો થયા.

૩. ગાદીએ સરદારસંઘજી બેઠા. અજબોજી, ધનરાજજી, એ બેને દાંતાથી મોજે શેલાણું મળ્યું. ચોથા નાથજી અને જોરાજી એ બેને જસવાજીનું સાવેલું જશપર આપ્યું.

જસવાજીની વખતમાં ગાયકવાડની ફોજ આવી હતી, તેમાં વિઠુબા નામનો સૂબો મુખતીયાર હતો. તે ફોજે સુદાસણા સાથે લડાઈ કરી.

ગાયકવાડની ફોજ હમ્મેશાં ત્રીજે કે ચોથે વર્ષે આવતી હતી, ત્યારે તે ગામના લોકો દશ ગાઉ ઉપર ફોજ આવ્યાનું સાંભળે એટલે તરઘાયો ઢોલ વગડાવે અને બૂમ પડાવે જે 'નાશી જજો ફોજ આવે છે.' પછી લોકો નાશીને ડુંગરોમાં સંતાઈ પેસે. એટલે ફોજ આવીને ગામ લૂંટે તથા બાળી નાંખે. પછી ત્યાં ઘણા દહાડા સુધી પડાવ રાખે. પછી વિષ્ટિ કરાવીને થોડા ઘણા જમેબંધીના રૂપૈયા આપીને લોકો તે ગામમાં વસતા હતા. એવા પ્રસંગમાં ગઢવી માવલને પણ ઘણી વાર નાસવું પડયું હતું. તે સમે ભોજરાજ રાવળ તથા તોગો વણેલ તથા બાદુવો ઘેલોજી પાણીયાળીના ગઢવી, એટલા જણા લડાઈમાં મૂઆ. પછી તે ફોજ ગામ મારીને પાછી ગઈ. ત્યારે લોકો ડુંગરામાંથી પાછા આવીને વસ્યા. ગઢવી ઘેલાજીને બે દિકરા હતા. પીથાજી તથા ડાહ્યાજી. એ બંનેને ઠાકોરે રાણપરમાં એક કૂવો આપ્યો.

જસવોજી ગુજર્યા પછી સરદારસંઘજી પાટ બેઠા. જ્યારે રાણા ગજસંઘજીની ઉમ્મર વૃદ્ધ થઈ અને તેમને કુંવર નહોતો ત્યારે સરદારસંઘજીને ખોળે લીધા. તે પછી ગજસંઘજીને કુંવર પૃથીરાજજી થયા. તેથી રાણા ગજસંઘજી ગુજર્યા પછી સરદારસંઘજીએ દાવો કર્યો, જે દાંતાની ગાદીનો માલેક તો હું છું. પછી તેને વસાઇ, ડાવોલ, ડાલેસણું વગેરે કેટલાંએક ગામો આપીને સમાધાન કર્યું.

એ સરદારસંઘની મા ભાઈઓ પણ જીવાઇ સારૂ વખે નિસર્યાં હતાં. તેઓને ખેતર પાદર વગેરે આપીને સમાધાની કરીને સરદાર-સંઘજી ગુજર્યાં. તેના ઉમેદસંઘજી, ચંદરસંઘજી, વખતસંઘજી, સરતાન-સંઘજી અને પ્રતાપસંઘજી એ પાંચ કુંવરો હતા. તે ચાર ફટાયા ભાઇઓ વચ્ચે મોજે વસાઈ આપ્યું.

જ્યારે સરદારસંઘજી ફોજ કરીને મોજે ટીટોઇમાં ફેરો કરીને વળ્યા અને ત્યાંનાં ઢોર તથા બાન લીધાં હતાં ત્યારે ટીબાની બહા ચઢી. તે બંનેને ભેટો થયો. તે લડાઇમાં કુંવર ઉમેદસંઘજી કામ આવ્યા અને સરદારસંઘજી પાછા આવ્યા. તે ગુજર્યા ત્યારે ઉમેદ-સંઘજીના ત્રણ કુંવરો હતા.

૫. અમરસંઘજી, જગુજી અને અગરસંઘજી એ બે ફટાયા ભાઇઓને જીવાઇમાં પાંચ ગામો મળ્યાં.

ખીલોડ જીલ્લો જે સુદાસણા અને તરસંગમાની વચ્ચે છે તે દાંતાના પટાવત હઠીયોલ રજપૂત ખાતા હતા. એ જીલ્લાને મેવાશી લોકોની ઘણી હરકત થઈ. એટલે તે રજપૂતો ગામમાંથી નાશી જઇને વડનગર પરગણાના મોજે કરબટીએ ગયા. ત્યારે તે જીલ્લો સુદાસણા-વાળે દબાવ્યો. એ વાતમાં રાણાજી પણ ખુશી હતા.

એ અમરસંઘજીને ગાયકવાડની ફોજ સાથે ખૂબ લડાઈ થઈ હતી. તેમાં ફોજના કેટલાએક આદમી મરાયા, પણ ઠાકોરનો કોઈ આદમી મરાયો નાહ અને ફત્તેહ થઈ.

એ અમરસંઘજીએ દાંતાની ગાદી હાથ કરી હતી. તે હકીકત દાંતાની હકીકતમાં લખેલી છે. અમરસંઘજીએ બાકુવા વજેસુરજીને સુદાસણામાં વાંટો બક્ષીશ તાંબાપત્રે લખી આપ્યો, તથા બાકુવા જોગીદાસને ખેતરકૂવા આપ્યા. તેની પેદાશ દરસાલ આશરે સો મણ દાણા આવે.

એ અમરસંઘજીના કુંવર

૬. ફત્તેસંઘજી થયા અને તેમના કુંવર.

૭. મહોબતસંઘજી તથા પનજી થયા.

અમરસંધજીના ભાઈ જગુજીને અને અગરસંધજીને ખીલોડ જીલ્લો બન્ને ભાઇઓ વચ્ચે મળેલો. તેમાંના મોટાભાઇને ભાગ બે અને નાનાભાઇનો ભાગ એક, એ રીતે હાલ સુધી વહેંચાય છે. તે જગુજીનો વંશ ગયો, ત્યારે જગુજીએ મહોબતસંધજીના ભાઈ મનજીને ખોળે લીધા.

મહોબતસંધજીની વખતમાં સંવત્ ૧૮૬૦ માં ગાયકવાડની ફોજ કાકાજી ગાયકવાડ લઈને આવ્યા. તે સાથે ખૂબ લડાઈ થઈ. તે ફોજનાં સાઠ માણસો મૂઆં અને ઠાકોરનું મૂઉં નહિ; અને ફત્તેહ થઈ.

જે માણેકનાથ બાવાએ અમદાવાદમાં માણેકચોક તથા માણેક બજારથી પોતાનું નામ રખાવ્યું તે સુદાસણામાં રહ્યો હતો. તેની જગ્યા હાલ સુધી ત્યાં છે. તે આ વખતે નહોતો, પણ તે દેવરૂપ થયેલાએ ઠાકોરને સહાયતા કરી, તેથી ઠાકોરની જિત થઈ એવું લોકો કહે છે.

---

## પ્રકરણ ૧૯ મું

## પોશીનાના ઠાકોરનો ઇતિહાસ*

વાઘેલા વંશમાં ધોળકાનો રાજા ધવળ વાઘેલો થયો. તેણે ૨૫૦ ગામોનો મોજે ભીલડી જીલ્લો તાબે કર્યો. તેના વંશના વાઘેલા સાંધાજીએ સંવત્ ૧૪૦૩ ની સાલમાં રૂપાલ વસાવી, અને ત્યાં ત્રણ પેઢી સુધી રાજ કર્યું. પછી સંવત્ ૧૪૫૨ માં બનોજી તથા ભાઈ ભીમજી થયા. તે માંહોમાંહે મારામારીએ આવ્યા.

તે સમે ઈડરમાં રાવ ત્રણ હતા. તે જ સાલમાં રાવજીએ મોજે ચોરીવાડને પટો આપ્યો. તેથી રાજના ઠાકોર કહેવાયા, અને નવ પેઢી સુધી ચોરીવાડમાં રહ્યા.

પછી રાયસંધજી તથા રતનસંધજી એ બે ભાઇઓ થયા. તે રતનસંધજીને અંબાજી માતામાં રાવ વીરમદેજીએ ચૂક કરીને મારી

---

* લખાવનાર: ઠાકોર તથા કામદાર

નાંખ્યા, અને રાયસંધજીને રાવ જાંનાથે સંવત્ ૧૬૧૨ માં પોશીનાનો પટો આપ્યો.

અસલ ઈડર દરબારને તેઓ કશો હક્ક આપતા નહીં. પછી સંવત ૧૬૮૯ ની સાલમાં ઠાકોર તખતસંધજી ઉદેપુર ગયા હતા; ત્યારે ઉદેપુરના રાણાજીએ શિરપાવમાં હાથી આપ્યો હતો.

તે ઠાકોર ગુજરી ગયા પછી ઠાકોર દોલતસંધજી નાના હતા, તેને ગાદીએ બેસાડ્યા અને હાથી હતો તે ઈડર મોકલી દીધો. ત્યાર પછી નહાનમ આવતી ગઈ, એટલે ઈડરથી મહારાજ ફોજ લઈને આવે તે જોરાવરીથી દરસાલ ૮૦૦ રૂપૈયા લેતા.

ત્યાર પછી સંવત્ ૧૮૬૬માં ઠાકોર કેશરીસંધજી ગુજરી ગયા અને મોજે ખેરોજથી પર્વતસંધજી આવી પહોંચ્યા, અને ગાદીએ બેઠા. ત્યાર પછી સંવત્ ૧૮૭૯માં ઈડર દરબારનો ભાગ કર્યો અને પોશીના પટામાં રજપુતોનાં ઘર ૨૬ તથા ભીલોનાં ઘર ૯૦૦ છે. પટાની ઉપજ આશરે રૂપૈયા ૫૦૦ની ધનાળના પટા સુધાંની છે. અને ત્યાંના ભીલો અસલથી જે જમીન ખેડી ખાય છે, તેઓ ઠાકોરને વજે આપતા નથી. જે ભીલ નવું ઘર કરે, તે બળદ એક ઠાકોરને આપે અને જો તે કોઈનું ખૂન કરે તો ઠાકોર તેનો દંડ લીએ છે.

પાદરી એવા નામના હક્કનું ધાન કોઈ ગામ પાસેથી બે કળસી, કોઈ ગામ પાસેથી ૭ કળસી, એ રીતે જેવું ગામ હોય તે પ્રમાણે લેવાતું હતું. તથા મેંમુદી નામના હક્કના રૂપૈયા ૨) અથવા કોઈ ગામ પાસે રૂ. ૬) લેવાતા હતા, તથા વેઠ વગેરે કરતા હતા.

તે હાલ સંવત ૧૮૯૪ની સાલમાં આજમ વાલેસ સાહેબે ગામો ઉપર વેરાના આંકડા ઠરાવ્યા અને બીજી બધી બાબતો રદ કરાવી. ત્યાર પછી સંવત્ ૧૮૯૯માં ભીલ લોકોએ અરજી આપી કે કોઈ ગામ ઉપર ઓછો અને કોઈ ગામ ઉપર વધારે આંકડો છે. ત્યારે સાહેબે એવો ઠરાવ કર્યો જે વેરાનો ઘર દીઠ રૂ. ૧) દરસાલ લેવો. બીજું કાંઈ લેવું નહીં.

એ ભીલ લોકોનો પરણવાનો ચાલ એવો છે કે વરનો બાપ કન્યાના બાપને ઘેર જઈને કન્યાનું માગું કરે. ત્યારે જો કન્યાનો બાપ કબૂલ કરે તો તે વરના બાપને કસુંબો પાય, નહીં તો સગાઈ કબૂલ કરી કહેવાય નહીં. પછી ગરોડા પાસે મુહૂર્ત જોવરાવીને વર પરણવા જાય. તે પોતાને ઘેરથી રોટલા લઇને, જે ગામ વિવાહ હોય તેને પાદર જઈને ઝાડ તળે આખો દહાડો બેસી રહે. પછી સાંજે પોતાના રોટલા ખાઈને કસુંબો પીએ.

પછી ગરોડો આવી વરને કન્યાના બાપના ઘરમાં લઈ જાય. ત્યાં વરકન્યાને ગોત્રેજને પગે લગાડીને કન્યાને વરની આગળ કરે. પછી ઢોલ વગડાવે તો પરણ્યાં કહેવાય. પણ ઢોલ વગડાવે નહીં તો નાતરૂં કર્યું કહેવાય છે. જો કન્યાનો બાપ પૈસાવાળો હોય અને તે અફીણ, તમાકુ તથા ઘુઘરી ગામના લોકોને ભેળા કરીને વહેંચે તો ઢોલ વગડાવે, અને એટલી મળતર ન હોય તો ઢોલ વગડાવે નહીં; એટલે નાતરૂં કર્યું કહેવાય.

એ લોકોના ગોર ગરોડા છે અને એ ભીલોમાં ગમાર, બુબડીયા, પરમાર, ડાભી, અગારી, ખોખરીયા, ગરાશીયા, તરાલ તથા મુંલી વગેરેની જાતો કહેવાય છે. પોતાના ઘરનું માણસ મરી જાય ત્યારે તેના નામનો એક પથરો ઉભો કરે છે. તે આખા ગામના પૂર્વજોના પથરા એક મેદાનમાં હોય છે. તે પથરાને પોતાના દેવ કરીને માને છે.

પોશીનાના ઠાકોરની વંશાવળી

૧ રાયસંઘજી સંવત્ ૧૬૧૨માં ગાદીએ બેઠા.

૨ ભાણજી તથા રતનસંઘજી

૩ કરણજી

૪ જાતસંઘ

૫ હઠીસંઘ

૬ વખતસંઘ તથા નારસંઘજી

૭ દોલતસંઘ મોખતસંઘ અનોપજી

o o o

(૬) નારસંઘજી

|

૮ કેશરીસંઘ, હેમતસંઘ સામતસંઘ આંદસંઘજી.

| o |

૯ પરબતસંઘ. જવાનસંઘ બદજી જાલમસંઘજી

| |

પરબતસંઘ રતનસંઘ, ખુમજી

આ મોજે ખેરોજમાં.

**રાસમાળા પ્રકરણ સંપૂર્ણ**

# ભાગ ૨ જો

## વિવિધ વાર્તા પ્રસંગો.

### પ્રકરણ ૧ લું.

#### જૂનાગઢના રા'કવાટની વાત*

રા'કવાટે તળાજાના રાજા ઉગમશીવાળાને એક સમે કહ્યું કે આપણે બન્ને જણાએ એક સલાહ રાખવી; કેમકે એક હાથે તાળી પડે નહિ. ત્યારે ઉગમશીવાળાએ કહ્યું કે મરદની તાળી તો એક હાથે પડે. ત્યાર પછી પરદેશી રાજાની ફોજ આવી અને રા'કવાટને પકડી ગઈ. ત્યારે કવાટે ઉગમશીવાળાને સોરઠો લખી મોકલ્યો કે

**સોરઠો**

તું કહે તો ×તકાય તાળી જે તાળીજી ધણી
વાળા ! એહ વજાય,* એકે હાથે ઉગલા ! ૧

પછી ઉગમશીવાળો પોતાનું લશ્કર લેઈને, રા'કવાટને છોડાવી લાવ્યો. ત્યાર પછી દીલ્લીના અનંગપાળ તુંવરની ફોજે આવીને રા'કવાટને મારી નાંખ્યો. તે સમે રા'નવઘણની માસ ૬ ની ઉમ્મર હતી. તેને લઈને એક દાસી ગામ આડીદર બોડીદરમાં આયર દેવાઇત નામે હતો તે જાતે બોદર હતો તેને ઘેર આવી. તે દેવાઇતને ઉગો નામે એક દીકરો હતો. અને જાહલ નામની નાની દીકરી હતી. પછી રા'નવઘણ જ્યારે દશ વર્ષની ઉમ્મરના થયા ત્યારે બીજા કોઈ આયરે

---

* લખાવનાર ભાવનગરના ગઢવી પાતાભાઈ × તે કાળે. *બળવા.

જૂનેગઢ જઈને અનંગપાળના સરદારને જાહેર કર્યું કે રા'કવાટનો દીકરો અમારા ગામમાં આયરને ઘેર છે. પછી તે સરદારે દેવાઇતને બોલાવીને કહ્યું કે રા'કવાટનો દીકરો તારે ઘેર છે તે આયર ત્યારે કહ્યું કે એ તો મારે ઘેર નથી. મારે ઘેર તો મારો દીકરો છે. પછી તે આયરને બંદીખાને નાંખ્યો, અને કહ્યું કે એ કુંવર તારે ઘેરથી મગાવી આપ, નહીં તો તને મારી નાંખીશું. પછી તે આયરે પોતાને ઘેર કાગળ લખ્યોઃ 'રા રખતી વાત કરીને કુંવરને અહીં પોંહોંચાડજો.' પછી તેની બાઈડીએ પોતાના દીકરાને ત્યાં મોકલી દીધો. ત્યારે કોઈએ કહ્યું કે એ તો આયરનો દીકરો છે. પછી અમલદારે તે આયરને કહ્યું કે આ તો તારો દીકરો છે. ત્યારે આયરે કહ્યું કે એ મારો દીકરો નથી. પછી અમલદાર બોલ્યો કે તું તથા તારી બાઈડી પાસે ઉભાં રહો અને આ છોકરાનું માથું કાપીએ. જો તે દેખીને તમારી આંખમાંથી આસું નહિ આવે તો તમારો દીકરો નહીં. તે વાત કબૂલ કરીને દેવાઈતે પોતાની બાઈડીને તેડાવી. પછી અમલદારે તે છોકરાને ગુપ્ત રાખી અને મૃગની આંખો મગાવીને કહ્યું કે આ તારા દીકરાની આંખો છે. તે જોઈને બંનેની આંખમાં આંસું આવ્યાં નહીં. તેથી તેઓને છોડી મૂકયાં. પછી તેઓ પોતાને ઘેર ગયાં. પછી કોઈ ઠેકાણે તળાવમાં પાણી રહેતું નહોતું માટે ત્યાં મારવા સારૂ ઉગાને પહોંચાડયો અને ત્યાં મારવા માંડયો. ત્યારે તેણે કહ્યું કે મને મારશો નહીં; પાણી રહે એવો ઉપાય હું કરીશ એમ કહીને તેણે પોતાની આંગળી કાપીને નવાણમાં નાંખી. એટલે તેમાં પાણી રહ્યું.

પછી રા'નવઘણની ૧૬ વર્ષની ઉમ્મર થઈ એવામાં દેવાઈત ખેડુનો ધંધો કરતો હતો, તેને ભાત દેવા જનાર કોઇ નહોતું તેથી ઉગા દીકરાને સંભારીને એની માની આંખમાં આસું આવ્યાં. તે જોઇને રા'નવઘણ બોલ્યો કે માતાજી! ભાત આપવા સારૂ હું જઈશ. એમ કહીને તે ખેતર ભાત આપવા ગયો. તે આયર ખાવા બેઠો એટલે

રા'નવઘણે તેનું હળ ખેડવા માંડ્યું. તે વખતે સોના મહોરની કઢાઈ હળના દાંતામાં આવી. તે જોઇને આયરે જાણ્યું કે હવે આના ભાગ્યનો ઉદય થયો. પછી તે નાણાંથી લશ્કર રાખીને જૂનાગઢનું રાજ હાથ કર્યું.

---

## પ્રકરણ ૨ જું

## સોલંકી રાજ–બીજ ચરિત્ર*

---

### પાટણનું રાજ ચાવડાને હાથથી સોલંકીને હાથ ગયું તે વિષે

પ્રથમ ટુકટોડા મધાવતી નગરી જે અંતરવેધમાં (ગંગા યમુનાના મધ્ય ભાગમાં) છે, ત્યાં સોલંકી રાજ હતું. તેના વંશના રાજબીજ નામના સોલંકી થયા. તેઓને ભાઇઓ સાથે લડાઈ થઈ અને પોતાના પીતરાઈ ભાઇઓને ગરાસ વાસ્તે માર્યા. તેથી ગોત્રહત્યા બેઠી એવું ધારીને બ્રાહ્મણોને બોલાવીને પૂછ્યું કે ગોત્રહત્યા શાથી ઉતરે? બ્રાહ્મણોએ કહ્યું કે કાશીની જાત્રા કરીને દ્વારિકાની જાત્રા કરો, તો ગોત્રહત્યાનું પાપ ઉતરે. પછી રાજ ને બીજ કાપડીનો વેષ ધરીને જાત્રાએ ચાલ્યા. પ્રથમ કાશીમાં જઇને બાર મહિના રહ્યા અને શેલડીઓનો વાઢ વવરાવીને શેલડીઓ તૈયાર થઈ ત્યારે બ્રાહ્મણો પાસે વાઢ લૂંટાવી દીધો. સિવાય ઘણાખરા બ્રાહ્મણો જમાડ્યા. ઉપરાંત એક વાર આખી કાશી જમાડી.

પછી ત્યાંથી ગંગાજળની કાવડો ભરીને દ્વારકા તરફ ચાલ્યા, અને પાટણને પાદર આવીને તળાવને કાંઠે ઉતર્યાં. તે સમે પાટણના રાજાની ઘોડીને પાણી પાવા સારૂ રાજાનો ખાસદાર આવ્યો. રાજ–બીજના ભગુવા વેષથી ઘોડી ભડકીને પાછી હઠી. ત્યારે ખાસદારે

---

* અમદાવાદના બારોટ કાળીદાસનાં ચોપડા પરથી.

ઘોડીને જોરથી ચાબકો માર્યો અને તે ઘોડીના પેટમાં ગર્ભ હતો. તેથી બીજ સોલંકીએ વિચારીને ગુસ્સો કરીને ખાસદારને કહ્યું કે ફટ! ભૂંડા આ શું કર્યું? આ ઘોડીના પેટમાં પંચકલ્યાણી વછેરો છે તેની ડાબી આંખ તેં ચાબકે મારીને ફોડી નાંખી. એ રીતે પોતાની અક્કલથી વિચારીને કહ્યું. એ બીજ સોલંકીની આંખે ખોડ હતી. પછી તે ખાસદારે જઇને રાજા આગળ બધી વાત કરી કે આપણા તળાવને કાંઠે કોઈ ભગવા લુગડાવાળા ઉતર્યા છે. તેમાંથી એક જણે આવી રીતે કહ્યું. ત્યારે રાજાએ કહ્યું: એ વાત કેમ મનાય?

પછી રાજા તળાવ ઉપર ગયો અને જાણ્યું કે આ કોઇ શ્રીમંત છે. માટે તેની સાથે કાંઇ શરત કરીને તેની મીલ્કત પડાવી લેઇએ. એવું ધારીને તેઓ સાથે શરત કરી કે તમે કહો છો તેવો પંચકલ્યાણી વછેરો આ ઘોડીને આવે, તો પાટણનું અર્ધું રાજ તમને આપું, અને મારી કન્યા પરણાવું. પણ જો તમારી વાત જૂઠી પડે તો તમારી માલમિલ્કત અમે લૂંટી લેઇએ. આવો કરાર કરીને તેણે રાજબીજને પાટણમાં રાખ્યા અને બીજ સોલંકી ઘોડાની પરીક્ષાનો શાલિહોત્ર નામનો ગ્રંથ ભણેલો હતો, અને ઈશ્વરની પણ તેના ઉપર કૃપા હતી, તેથી કેટલીક વાતનું અગાઉથી અનુમાન કરી શકતો હતો. માટે એવો કરાર કરીને બન્ને ભાઇઓ પાટણમાં રહ્યા. પછી આશરે દસ દિવસ જતાં ઘોડીને પ્રસવ થયો અને તે જાતે પંચકલ્યાણી (ચાર પગ તથા મોં ધોળું હોય તે) વછેરો હતો. પણ તેની ડાબી આંખ ફૂટેલી હતી.

એ રીતે બીજ સોલંકીના કહ્યા પ્રમાણે બધી વાત મળતી આવી. ત્યારે રાજાએ કહ્યું કે હું વચનથી બંધાયો છું. માટે પાટણનું અર્ધું રાજ તો આપીશ. પણ મારી કન્યા તો નહીં આપું. કેમકે તમારી જાતિ કેવી છે, તે અમે જાણતા નથી. માટે તે જાણ્યા વિના કન્યા અપાય નહીં. ત્યારે સોલંકીઓ બોલ્યા કે અંતરવેધમાં ટુકટોડા અને માંડવી[illegible] છે. ત્યાંના અમે સોલંકી રાજા છીએ. પણ જાત્રા

કરવા સારૂ આવે કાપડીને વેષ નીકળ્યા છીએ. તે સાંભળીને સામંત૰ સિંહ ચાવડો ખુશી થયો અને પોતાની સેનાજી× નામની બેહેન તે રાજ સોલંકી સાથે પરણાવી.

શરત તો બીજસોલંકી સાથે હતી, પણ તેની આંખે ખોડ હતી. તેથી તેણે ખુશીથી કહ્યું કે મારા નાના ભાઇને પરણાવો. તે પરણ્યા પછી કેટલાએક દિવસ સુધી બંને ભાઇઓ પાટણમાં રહ્યા અને બાઈ સેનાજીને દીકરો અવતર્યો. તેનું નામ મૂળરાજ પાડયું. ને કંઈક મોટો થયો ત્યારે તેને સાથે લઈને રાજ બીજ દ્વારિકાની જાત્રા પૂરવા ગયા.

તેઓ રસ્તામાં મોડેરો કોટ તથા નગર સામૈયું છે, તેને પાદર ઉતર્યા. ત્યાં રા'લાખાણીનું રાજ હતું. તે રા'લાખો સોલંકીઓને જાણીને મળવા આવ્યો. ત્યારે રાજ બીજે તેને ઘણું આદરમાન આપ્યું. બીજબાની કરીને વાતો કરવા બેઠા. તે સમે લાખા ફુલાણીના મનમાં ઉદાસી આવી. ત્યારે બીજ સોલંકીએ પૂછ્યું કે, તમારા જીવમાં ઉદાસી કેમ થઈ? ત્યારે લાખા ફુલાણીએ મારો ઘોડો નામે પાંખુ-પસર (પાંખોની પેઠે ચાલનાર) છે, તે ઘણો કાયલી છે તેથી ઉદાસી છું.

ત્યારે બીજ સોલંકીએ કહ્યું કે, લાવો, તમારા ઘોડાને જોઇએ. પછી છોડી ત્યાં મંગાવ્યો અને બીજ સોલંકીએ તેનાપર હાથ ફેરવીને જોયો ને કહ્યું કે આ ઘોડો માંદો નથી, પણ ઉંઘમાં ધવ-રાયો છે. જેમ પુરૂષને સ્વપ્નું લાગે, અને સ્વપ્નમાંમાં જાણે કે મને ગોળી વાગી અને કાયલી થાય; તેમ આ ઘોડો ઉંઘમાં છે અને તેણે જાણ્યું કે હું ધવાયો છું; તેથી પોતાનો પગ હેઠે મૂકતો નથી. એ રીતે પોતાની અક્કલથી ઘોડાની પરીક્ષા કરીને બીજ સોલંકીએ કહ્યું ત્યારે લાખે ફુલાણીએ એ વાત માની નહીં, અને કહ્યું કે તમારી વાત સાબીત થાય તો અમારી બહેન રાયાં નામે છે તે તમને પરણાવીએ, અને જૂઠી પડે તો તમારો સંઘ અમે લૂંટી લઇએ. એવો કરાર બન્ને જણાએ કબૂલ કર્યો.

× કુમારપાળ રાસામાં લીલાદેવી.

પછી બીજ સોલંકીએ કહ્યું કે તમે ધામધૂમથી સ્વારી ચઢાવો અને તોપોનો ઠાલા અવાજ કરાવો. એટલે તમારો ઘોડો ઉંઘમાંથી જાગશે અને અમારી વાત ખરી ઠરશે; ને તમારો ઘોડો કાયલી મટી હેડો પગ મૂકશે.

પછી લાખા ફુલાણીએ પોતાના ગોલંદાજોને હુકમ કર્યો કે તોપોના અવાજ કરો પછી એ ઘોડા ઉપર પલાણ ચઢાવીને ઉપર સ્વાર ચઢાવીને ને ઘોડાની આસપાસ બંદુકદારોને રાખીને સ્વાર થઇને ચાળીશ પચાશ ઘોડા તેની આસપાસ દોડાવ્યા, તથા બંદુકો ને તોપો છોડાવી. તેથી તે ઘોડાની ઉંઘ જતી રહી અને સાવધાન થયો, ને બરાબર પગ માંડીને દોડવા લાગ્યો. તે બીજા ઘોડાઓ કરતાં સરસ દોડયો. તેથી બીજ સોલંકીની વાત બરાબર મળતી આવી.

પછી તે લાખે ફુલાણીએ પણ શરત પ્રમાણે પોતાની બહેન રાજ સોલંકીને પરણાવી. પછી કેટલીક મુદત સુધી તેઓ ત્યાં રહ્યા અને લાખા ફુલાણીની બહેનને દીકરો અવતર્યો તેનું નામ રાખાઇત પાડ્યું.

પછી લાખો ફુલાણી તથા રાજ સોલંકી એ સાળો બનેવી બંન્ને કેરાકોટને પાદર પાધરવાડી નામના બાગમાં સોગઠે રમતા હતા. એવા સમામાં અતીતની જમાત નગારૂં વગાડતી આવી. ત્યારે લાખે ફુલાણીએ ચાકરોને કહ્યું કે મારા ગામની ભાગોળે મારી રજા વિના નગારૂં વગાડતા આવ્યા, માટે તેઓનું નગારૂં ફોડી નાંખો.

પછી ચાકરોએ જઇને તેઓનું નગારૂં ફોડી નાંખ્યું. ત્યારે રાજ સોલંકીએ કહ્યું કે તમે એ ગરીબ દવાગીર લોકોનું નગારૂં શા વાસ્તે ફોડાવી નાંખ્યું? ત્યારે લાખે ફુલાણીએ કહ્યું કે મારી ભાગોળે નગારૂં બજાવે, તેનું નગારૂં ફોડી નાંખું. ત્યારે રાજ સોલંકીએ કહ્યું કે ગરીબનું નગારૂં ફોડી શકાય, પણ જોરાવરનું નગારૂં ફોડી શકાય નહીં. લાખે કહ્યું કે ગમે તેવો હોય તેનું ફોડી નાંખીએ. અમારા સીમાડામાં પણ કોઈનો ભાર નહીં કે પોતાનું નગારૂં વગાડે.

તે ઉપર સાળા બનેવીને ખૂબ વાદ થયો. પછી સોલંકીઓ ત્યાંથી દ્વારકા ગયા અને કાશીએથી ગંગાજળની કાવડો લાવ્યા હતા તે શ્રી રણછોડજીને ચઢાવી. ગોમતીમાં નહાયા, સાત વાર બધી દ્વારિકા જમાડી. પછી ત્યાંથી પાછા વળ્યા. અને કેરાકોટની ભાગોળે નગારૂં વગાડતા નીકળ્યા. એટલે લાખો ફુલાણી લઢવા ચઢયો અને ત્યાં લડાઈ થઇ અને લાખે ફુલાણીએ રાજસોલંકીને મારી નાંખ્યો. તેની સાથે રાજ સોલંકીના બસેં રજપૂતો મરાયા. રાયાજી જાડેચી રાજસોલંકી સાથે સતી થઈ અને બીજ સોલંકી પોતાના ભત્રીજા મૂળરાજ સોલંકીને લઇને પાટણ આવ્યા અને રાયાજીનો કુંવર રાખાઇત પોતાના મામા લાખા ફુલાણી પાસે રહ્યો.

એ સમે મૂળરાજ સોલંકીની ઉમ્મર અગીયાર વરસની હતી. પછી બીજ સોલંકીએ મૂળરાજને પૂછ્યું કે તારે મામે પાટણનું અરધું રાજ આપવાની શરત કરી હતી તે તને આપ્યું છે કે નહીં ? ત્યારે મૂળરાજે કહ્યું કે મને તો કાંઈ આપતા નથી. ત્યારે બીજ સોલંકીએ કહ્યું કે તું તારા મામા પાસે જઇને કહે કે, મામા ! મને પાટણની ગાદીએ બેસાડવાનું તમે કહ્યું હતું, માટે હવે બેસાડો.

પછી મૂળરાજે જઇને એ રીતે પોતાના મામાને કહ્યું. ત્યારે મામાએ કહ્યું કે તું રાજ કરવાને લાયક નથી. તારા બાપને અમે રાજ આપવાનું કહ્યું હતું. એટલે રોજ રોજ લીંબુ ઉછાળીએ ને તે હેઠું પડે ત્યાં સુધી રાજ કરવા દેવું એવી શરત હતી. માટે તને મારે દર રોજ એ રીતનું રાજ આપવું છે.

પછી મૂળરાજને તેના કાકાએ સલાહ આપી કે તું લીંબુ ઉછાળે એટલી વાર ગાદીનો માલેક ખરો કે નહીં, તે વાત તારા મામાને પૂછીને પહેલાં નક્કી કર. પછી રોજ લીંબુ ઉછાળે એટલી વાર તને ગાદીએ બેસારે; એટલી વારમાં તું સરદાર પટાવતોને શિરપાવ આપવાનો હુકમ કરજે, એટલે ધીરે ધીરે બધા સરદાર તારી તરફ થશે.

પછી મૂળરાજે ભરી કચેરીમાં મામાને કહ્યું કે તમારી કબલાત પ્રમાણે દરરોજ લીંબુઉછાળ રાજ આપો અને લીંબુ હેઠું પડે

એટલી વાર હું રાજનો માલીક ખરો કે નહીં ? તે નક્કી કરો. ત્યારે મામાએ કહ્યું કે તને દરરોજ લીંબુ ઉછાળીએ એટલી વાર ગાદી ઉપર બેસાડવો અને લીંબુ હેઠું પડે ત્યાંસુધી તું રાજનો માલેક ખરો, એવી કબૂલાત સહુ સાંભળતાં આપી.

પછી તેને ગાદીએ બેસાડે કે મૂળરાજ તરત એવો હુકમ કરે કે ફલાણા સરદારને આટલા રૂપૈયા કે પાલખી વગેરે બક્ષીસ આપ્યા. એ રીતે એક વર્ષ ચાલ્યું અને મામે જાણ્યું કે આ તો ખજાનો ખાલી કરશે. અને બધા સરદાર પટાવતોએ જાણ્યું કે સામંતસિંહ ચાવડો મરે અને મૂળરાજને ગાદી મળે તો ઘણું સારૂં.

પછી મૂળરાજને તેના કાકાએ વળી એવી સલાહ આપી કે તું મશાણમાં જઇને ગરધણોને સાધ, અને કસાઇવાડેથી માંસ લાવીને તેના કડકા કરીકરીને ગરધણોને નાંખ, એટલે ગરધણો હમ્મેશાં તારો કેડો મૂકશે નહિ.

પછી મૂળરાજે એ પ્રમાણે ગરધણો સાધી, તે એવી હળી ગઈ કે મૂળરાજ સૂઈ રહે, એટલી વાર ગરધણો તેનાથી વેગળી રહે, નહીં તો હમ્મેશાં તેના ઉપર ઉડતી ફરે. એ રીતે છ મહીના સુધી તેણે ગરધણો સાધી. પછી તેના કાકાએ કહ્યું કે આજે તું લોહીયાળું લીંબુ કરીને ઉડાડજે, એટલે ગરધણો તે લઈ જશે અને તારૂં કામ થશે.

પછી મૂળરાજે ગાદીએ બેસીને લોહીયાળું લીંબુ ઉછાળ્યું તે ગરધણો લઈ ગઈ. પછી મામાએ કહ્યું કે ગાદીએથી ઉઠો. ત્યારે મૂળરાજે કહ્યું કે લીંબું પડેલું દેખાડો ત્યારે ઉઠીશ. તે વખતે સરદાર પટાવતો બધા મૂળરાજની તરફ થયા, અને મામા ભાણેજને તકરાર થઇ. તે સમે મૂળરાજે કચેરી વચ્ચે મામા સામંતસિંહને મારી નાંખ્યો અને પોતે રાજનો માલેક થયો.

એ રીતે ચાવડા વંશમાંથી સોલંકી વંશના હાથમાં પાટણનું રાજ આવ્યું. એ મૂળરાજે સિદ્ધપુરમાં રૂદ્રમાળો ચણાવ્યો તથા ઔદીચ્ય બ્રાહ્મણોને શિહોર પરગણાનાં ૧૨૫ ગામ અને પાટણ પરગણાનાં ૧૨૫ ગામ બક્ષીસ આપ્યાં. તે વાત ‘ ઔદીચ્ય પ્રકાશ ’માં પણ છે.

# પ્રકરણ ૩ જું

## કચ્છના રાવ લાખાફુલાણીની વાત*

રા'ફુલાણીનો દીકરો રા'લાખો હતો. તેણે એક સમે સવારમાં ઉઠીને સૂર્ય સામું જોયું. ત્યારે ઉગતો સૂર્ય રાતો દીઠો. તેણે કોઇને પૂછ્યું કે આ ઉગતો સૂર્ય રાતો કેમ થાય છે ? ત્યારે તેણે કહ્યું કે ઉદયાચળ પર્વત ઉપર રાક્ષસો રહે છે, તેઓની સાથે સૂર્યને યુદ્ધ થાય છે, તેથી રાતો થાય છે. લાખાએ પૂછ્યું કે એ સૂર્યની સહાયતા કરવા સારૂ કોઈ આપણા રાજા કેમ જતા નથી ? ત્યારે કહ્યું કે અસલના રાજા જતા હતા; પણ આજ કલિયુગના રાજા તો કોણ જાય એવા છે ? એટલે લાખે કહ્યું કે આપણે સૂર્યની સહાયતા કરવા જવું.

એમ કહીને ફોજ તૈયાર કરી. એ લાખા પાસે પાંચ લાખ માણસોની ફોજ હતી. લાખે કહ્યું કે વર્ષ ૧૬ થી તે વર્ષ ૨૫ સુધીની ઉમ્મરનો હોય તેણે જ અમારી સાથે આવવું, બીજાએ આવવું નહીં. પછી એવી ત્રણ લાખ માણસોની ફોજ થઈ.

તેમાં એક રજપૂતના દીકરાનો એવો નિયમ હતો કે પોતાના બાપનું મુખ જોયા વિના અન્ન જમવું નહીં. તેણે પોતાના બાપને કહ્યું કે હું સ્વારીમાં જાઉં નહીં તો મારી ચાકરી તૂટી જાય અને જો જાઉં તો મારો નિયમ તૂટી જાય. વાસ્તે મારે શું કરવું જોઇએ? ત્યારે ડોસે કહ્યું કે એક પેટીમાં ઘાલીને મને સાથે લે. પછી એવી રીતે ડોસાને લીધો અને એ ફોજ સુધાં લાખો કચ્છથી પૂર્વ દિશામાં ચાલ્યો. તે મૈથિલ દેશ, ગૌડ દેશ વગેરેમાં થઇને ઈશાન ખુણામાં ઘણાં જંગલ છે ત્યાં જઈ ચઢયો.

---

* વઢવાણના શા. મૂળજી મેઘજીએ લખાવેલી-લાખાફુલાણીના ચારિત્રનો મોટો ગ્રંથ છે; પણ તે જોવામાં આવ્યો નથી. અને તેમાંની થોડીક વાત તથા તેના દોહરા સાંભળ્યા છે તે લખાવ્યા છે.

ત્યાં ઘણા પર્વતો અને ઝાડો હતી, તેથી સૂરજ જણાઈ શકે નહીં એવો અંધકાર આવ્યો. તે અંધારામાં સાત દહાડા ચાલ્યા. ત્યાં તો પૂર્વ પશ્ચિમ દિશા સૂજવા લાગી નહીં, એટલે સહુ ઘણા મુંઝાઇને કલ્પાંત કરવા લાગ્યા કે હવે કેણી તરફ જવું.

ત્યારે પેલા ડોસાએ પોતાના દીકરાને પૂછ્યું કે આ સહુ શા વાસ્તે ગભરાટમાં પડયા છે? છોકરે કહ્યું કે હવે જીવવાની આશા સહુએ મૂકી છે અને કઈ તરફ જવું એ દિશા સૂજતી નથી. ત્યારે ડોસાએ કહ્યું કે અઢી લાખ ઘોડા છે, તેમાંની કેટલીએક ઘોડીઓ કાલે વીયાણી છે તેનાં વછેરાં ત્યાં જ પડયાં મૂકયાં છે તે ઘોડીઓને છૂટી મૂકો, એટલે પોતાનાં વછેરાં હશે ત્યાં જઇને ઉભી રહેશે.

પછી તે છોકરે એ વાત રા'લાખાને સંભળાવી. એટલે તેણે તેવી ઘોડીઓને છૂટી મૂકી અને તેની પછવાડે ફોજ ચલાવી. તે ઘોડીઓ રહી, એ રીતે પાછલા એક મુકામ સુધી પાછા આવ્યા. પછી તેથી પાછલા મુકામે વીઆએલી ઘોડીઓને છૂટી મૂકી અને તેની પાછળ ચાલતાં બીજે મુકામે આવ્યા. એ રીતે સાત મુકામ વળોટીને અજવાળામાં આવ્યા.

એ પેલા અંધારામાં એકે ગામ આવ્યું નહીં તેથી ઘોડાં તથા માણસો જ્યારે મરવા લાગ્યાં હતાં, ત્યારે ત્યાં બાજરી ઉગેલી હતી. પણ કોઈ લોકો બાજરીને ઓળખતા નહોતા, પણ ભૂખને લીધે બીતા બીતા ઘોડાને બાજરી ખવરાવી તથા માણસોએ પણ ખાધી. પછી તેનાં બીજ લેતા આવ્યા તે બીજ ઠંડા દેશમાંથી લાવ્યા માટે તેને શીતળો કહેતા હતા. પણ તે જ્યારે સહુના પેટમાં જર્યો (પચ્યો) એટલે રજપુતોએ કહ્યું કે જર્યો, બા, જર્યો, તેથી તેનું નામ બાજરો પાડયું. કાઠિયાવાડમાં બાજરો કહેવાય છે.

પછી પેલા ઘરડા ડોસાનો રા'લાખે ઉપકાર માન્યો ને કચ્છમાં આવ્યા. એ રા'લાખાની બ્હેન પાટણ પરણાવી હતી. તેને બીજી શોક હતી. તેથી માન પાટણના દરબારમાં નહોતું. તે બાઇને રાખા-

ઇત નામે એક કુંવર હતો. તેને લઇને રીસામણે કેરેકોટ ગઈ. (તે કેરોકોટ કચ્છમાં ગામ ભચાઉ પાસે હાલ સુધી છે.) ત્યારે રા’લાખો ફોજ લઇને પાટણ સાથે લઢવા આવ્યો. એટલે પાટણવાળો પણ સામો લઢવા આવ્યો. એ લઢાઇમાં પાટણવાળો મરાયો અને તેનો નાનો ભાઈ પાટણની ગાદીએ બેઠો. અને કુંવર રાખાઇત રા’લાખા પાસે રહ્યો.

એ લાખો રોજ ગાદીએ બેસીને માથે ચાદર ઓઢીને રોતો હતો. પણ તેને એનું કારણ કોઈ પૂછી શકતું નહોતું. ત્યારે રાખાઇતે એક દિવસ જઇને પૂછ્યું કે મામા! તમે આમ શા વાસ્તે રૂવો છો? તે મને કહો. ત્યારે લાખે કહ્યું કે હું એટલા સારૂ રોઉં છું જે એક તો તારા બાપને મેં માર્યો અને તારા ઉપર પણ મને રીસ ચઢે છે, વાસ્તે તને હું મારી નાંખીશ. એમ કહી પોતાના ચાકરોને હુકમ કર્યો જે આ રાખાઇતને કપટથી વહાણમાં બેસારીને એવે ઠેકાણે મૂકી આવો કે ફરીથી અહીં આવી શકે નહિ.

પછી ચાકરોએ રાખાઇતને ભોળવી વહાણમાં બેસાર્યો અને વહાણ ચલાવ્યું. તે ઘણે વેગળે જઇને ઉભું રાખ્યું અને કહ્યું કે પવન બંધ થયો છે, ને વળી વહાણ તરના વેલાઓમાં ભરાઈ રહ્યું છે તેથી ચાલી શકતું નથી. માટે તું હેઠો ઉતરીને આ મોટા પખીઓ બેઠા છે તેઓને ઉડાડે તો તેઓની પાંખોના પવનથી વહાણ ચાલે.

પછી રાખાઇતે હેઠો ઉતરીને પંખી ઉડાડયાં, એટલે વહાણવાળા વહાણ ચલાવીને જતા રહ્યા. અને રાખાઈત તો બીચારો ત્યાં જ રહી ગયો.

પછી તે ચાલતો ચાલતો આઘો આઘો ગયો ત્યારે એક બેટ આવ્યો. તેમાં જઇને જોયું તો એક મહેલ દીઠો. ત્યારે જાણ્યું કે કોઇ દેવીની જગા છે. પછી તે મહેલમાં ગયો, ત્યાં હીંડોળાખાટ ઉપર બેઠી બેઠી અપ્સરાઓ ત્રણ હીંચતી હતી. તેમાંથી એક જાગી તો રાખાઇતને જોઇને ઘુંઘટો કાઢીને વેગળી જઈને ઉભી રહી. અને બીજી બેએ ઉઠીને રાખાઇતનાં મીઠડાં લીધાં, અને કહ્યું કે ભાણેજ! ભલે પધાર્યા.

પછી રાખાઇતે પૂછયું જે તમે કોણ છો ? હું તમને ઓળખતો નથી. ત્યારે તેઓ બોલી કે અમે બે તમારી મામી છીએ અને આ ઘુંઘટો તાણીને કોરે ઉભી રહી તે તમારી વહુ છે. અને તમે તથા તમારો મામો લાખો માણુસ નથી, પણ દેવતા છો. અને શાપ લાગ્યાથી માણુસનો જન્મ પામ્યા છો.

પછી રાખાઇતે પૂછયું કે અમને કોણે શાપ દીધો છે ? ત્યારે તેઓએ કહ્યું કે એક સમે ઇંદ્રની સભામાં અપ્સરાઓ નૃત્ય કરતી હતી. તે લાખાએ તથા તમે તેની કાંઈ મશ્કરી કરી, તેથી ઇંદ્રે શાપ દીધો કે તમે બંને સ્વર્ગમાં રહેવા લાયક નથી, માટે મૃત્યુલોકમાં જઇને માણસોમાં જન્મ ધરો.

એ શાપ સાંભળીને તમે બન્ને જણાએ ઇંદ્રની સ્તુતિ કરીને પૂછયું કે અમે પાછા સ્વર્ગમાં કયારે આવશું ? ત્યારે ઇંદ્રે કહ્યું કે લઢાઇ કરીને યુદ્ધમાં મરશો તો તરત પાછા અહીં આવશો. આ વાત લાખો ફુલાણી જાણે છે, ભૂલી ગયા નથી. એટલા સારૂ તેણે વિચાર્યું કે આજ સમે પાટણના રાજ વિના બીજો કોઈ મને જુધમાં મારી શકશે નહીં. એમ જાણીને તમારા બાપ સાથે લઢાઇ કરી, પણ તે તો ઉલટા મરાયા. વાસ્તે રા' લાખો રાજ ઓઢણુ ઓઢીને રૂએ છે કે હવે મને જુધમાં કોણ મારી શકશે ? વાસ્તે અમે તમને એક ઉપાય બતાવીએ તે કરો. અમે એક જંત્ર લખી આપીએ, તે તમે જઇને કચ્છ દેશના એ કાળીયાર મૃગને શીંગે બાંધજો. એટલે તે મૃગ કચ્છના જેટલા ભાગોમાં ફરશે તેટલામાં વર્ષાદ થશે નહિ.

ત્યાં કોઈ સાથે લઢીને મરશે, એટલે તરત સ્વર્ગમાં આવશે. એમ કહીને તેની ગાંઠે એક ચીઠી બંધાવી. ત્યારે રાખાઇતે કહ્યું કે અહીંથી કચ્છ દેશ ઘણો વેગળો છે. માટે હું એકલો ત્યાં શી રીતે જઇ શકું ? પછી અપસરાએ કહ્યું કે આ પલંગ ઉપર સુઈ રહો. પછી તે સૂતો એટલામાં ઊંઘ આવી. એટલે રાતે તે પલંગને ઉડાડયો તે રાખાઇતના સૂવાના મહેલમાં જઇને પડયો. રાખાઇતે સવારમાં ઉઠીને

જોયું તો તે પોતાના સૂવાના મહેલમાંજ સૂતો હતો પછી તેણે પોતાના મામાને કાહાવ્યું કે હુકમ હોય તો હું મળવા સારૂ આવું. ત્યારે લાખે કહ્યું કે ભલે આવો. પછી રાખાઇત તેની પાસે ગયો. ત્યારે લાખે કહ્યું કે મામીઓને મળી આવ્યા ? જવાબ દીધો કે હાજી. લાખે કહ્યું કે એ જગા સાંભરે છે, તેથી હું રોજ રોઉં છું.

પછી પેલી જંત્રવાળી ચીઠી કાળીયાર મૃગને શીંગડે બંધાવી. તેથી સાત વર્ષ સુધી કચ્છમાં વરસાદ થયો નહીં. તેથી ઘણા લોકો માળવા વગેરે દેશમાં વસવા જતા રહ્યા. અને રા' લાખો પંચાળ દેશમાં આટકોટ પાસે વસવા આવ્યો, ત્યારે તેની સાથે હથીયારબંધ બે હજાર રજપૂત હતા.

એવામાં રાખાઇતના મનમાં એવો વિચાર આવ્યો કે, મારો મામો છે, પણ તેણે મારા બાપને મારી નાંખ્યો છે. તેનું વેર વાળવું જોઇએ. અને વળી મને પણ મરવાની જગા મોમન પણ મોકલાવ્યો હતો. એવું ધારીને લાખાનો ખાસ ઘોડો લઇને, પોતાનો કાકો વઢવાણમાં હતો, તેની પાસે રાતમાં જઇને કહ્યું કે, તમારા ભાઇનું વેર વાળવું હોય તો રા' લાખો ફલાણે ઠેકાણે થોડે માણસે છે. એવું કહીને રાતમાં ને રાતમાં તે ઠેકાણે આવ્યો. પછી સવારના પહોરમાં રા' લાખો પોતાના ઘોડાને હાથ ફેરવતો હતો, ત્યારે ઘોડાના કાનમાં રાતી ધૂળ દીઠી. એટલે દાણીયાને પૂછ્યું કે, આ ઘોડાના કાનમાં વઢવાણના મારગ જેવી ધૂળ કયાંથી આવી ? એવું કહીને ખૂબ ધમકી દીધી, ત્યારે ઠાણીએ કહ્યું કે રાતે રાખાઇત ચઢીને કયાંક ગયા હતા. પછી રાખાઇતને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે હું મારા કાકાને મળવા ગયો હતો. અને તે ફોજ લઇને લઢવા આવે છે. માટે તમારે નાસવું હોય તો નાસો. ત્યારે રા લાખે કહ્યું કે હવે નાસીને શું કરવું ? જે થશે તે ખરૂં. પછી પાટણની ફોજ આવી અને તેની સાથે લડાઈ થઈ તેમાં લાખો ફુલાણી મરાણો. અને રાખાઇત પોતાના મામાના પક્ષમાં હતો તેથી તેને પણ ઘા વાગ્યા હતા અને તેનો એક હાથ તથા એક પગ કપાઇ ગયો હતો, તથાપિ એક હાથ, અને એક પગથી તીર ચઢાવીને કાકાના ઉમરાવને તેણે માર્યો હતો. ત્યાર પછી પોતે મૂઓ.

આટકોટ પાસે લાખા ગરદીની જગા હાલ સુધી પ્રસિદ્ધ છે. ત્યાં એક હજારથી વધારે ખાંભીઓ છે. કેરેકોટ તો ભચાઉ પાસે હાલ નાનું ગામ છે, પણ ત્યાં મોટા જૂનાં શહેરનાં ચિહ્નો છે. અને વલ્લીના કરતાં પણ જૂનું અને મોટું શહેર હતું એવું જણાઈ આવે છે અને ત્યાં લાખા વાવ હાલ સુધી છે.

**દોહરા**

ગાયે અંકોડા ગળ્યા, બાઇએ મેલ્યાં બાળ;
વહેલો વળજે લખપતિ! દેશ પડયો દુકાળ. ૧
માઢુ, કાપડ, લોહાધરા, નીખડીએ વાખાણ;
રાખાઇત ધાએ સેંધિઓ, તોય ન મેલ્યું માણ. ૨

સંસ્કૃત પ્રબંધચિંતામણિ વગેરે ગ્રંથોમાં લખ્યું છે કે રા' લાખાને મૂળરાજ સોલંકીએ માર્યો.

પ્રબંધ ચતુર્વિંશતિમાં તથા કીર્તિકૌમુદીમાં લખ્યું છે કે અજયપાળ પછી ભોળો ભીમ, પછી મૂળરાજ પાટણની ગાદીએ બેઠો (તેને બાળ મૂળરાજ કહે છે.) તે પછી અરણો રાજા. (પ્રબંધ ચિંતામણિમાં આનું નામ જડતું નથી) એટલે સુધી સોલંકી વંશ ચાલ્યો. પછી લવણપ્રસાદને ગુજરાતનું રાજ ગયું.

રાધનપુર પરગણે મુંજપર પાસે વાઘેલ ગામ છે. ત્યાંના રહેનારા વાઘેલા ખોડાભાઇ સકુજી કહે છે કે અમારો મૂળ પુરૂષ લૂણોજી (**લવણપ્રાસાદ**), વાઘેલમાં રહેતો હતો. તેના નામનું લૂણસર તળાવ.

ધવળે ધોળકું વસાવ્યું, અને વાઘેલ ગામના નામથી વાઘેલ કહેવાયા. નહીં તો તેઓ સોળંકી વંશના છે. ને લવણપ્રસાદ પાસે માંડળના વાણીઆ વસ્તુપાળ, અને તેજપાળ પ્રધાન હતા. વીરધવળનો પુત્ર વિસળદેવ તથા વીરમદેવ થયા. પ્રબંધચતુર્વિંશિતિમાં તેનું નામ છે એ વિસળદેવે વિસનગર વસાવ્યું તેની વાત પણ પૃથીરાજ રાસામાં છે.

# પ્રકરણ ૪ થું

## વહોરાઓની જકાત વિષે.*

અર્બસ્તાનમાં ઇમન નામના જીલ્લામાં હીજરી સન ૫૨૭ એટલે સંવત આશરે ૧૧૪૮ માં મુસાનો દીકરો જોવૈબ નામે થયો. તે મુલ્લાંજીના પૂર્વજોમાં પેહેલો ગાદીપતિ થયો. મુસલમાનોમાં અસલ ૭૨ ફિરકા ( એટલે નાતો ) હતી. એઓમાં અંદરઅંદર અદાવત ચાલતી હતી, અને દિવસે દિવસે મુલ્લાંજીની નાત ત્યાં વધતી થઇ, અને ૨૩ પેઢીઓ સુધી ચલાવ્યું.

પછી ચોવીસમો યુસુફ ગુજરાતમાં આવીને સિદ્ધપુરમાં ગાદીએ બેઠો. તે હીજરી સન ૧૯૫૮ એટલે સંવત ૧૫૮૫ આશરે ગાદીપતિ થયા. મુલ્લાંજીનો દીકરો હોય તેને ગાદીએ બેસાડવો એવું નથી. એ વાતમાં જે હુશિયાર હોય તેને ગાદીએ બેસાડે છે.

ઇમિનમાં ૨૩ મા સૈયદ મહમદે કહ્યું હતું કે સિદ્ધપુરમાં યુસુફ નામે છે તેને મારી ગાદીએ બેસાડજો. પછી ત્યાંથી કાગળ આવ્યો; તેથી તેઓને ગાદીના માલેક ઠરાવ્યા. તે પાંચ વર્ષ સિદ્ધપુરમાં રહીને ઇમનમાં ગયા, અને ત્યાં જ ગુજરી ગયા. તેથી અમદાવાદમાં જલાલ નામે હતા તે પચીસમા ગાદીપતિ થયા. તે અમદાવાદમાં જતા રહ્યા.

ઉપર લખેલા પ્રથમ પુરૂષ જોવૈએ પોતાના બે શિષ્યો મુલાઈ અબદુલા તથા મુલાઈ એહમદને ગુજરાતમાં મોકલ્યા હતા. તેઓ ખંભાતમાં આવ્યા હતા. મુબાબ નામની તવારીખ ખોજા બીન માલમ નામના પુરૂષે કપડવંજમાં બનાવેલી છે. તેમાં લખ્યું છે કે તે વખતમાં પાટણના સિદ્ધરાજ જેસંગનું રાજ ખંભાતમાં પણ હતું. તેના કારભારી ભારમલજી તથા તારમલજી રજપૂતો હતા.

પ્રથમ તો અરબસ્તાનમાંથી આરબ બે આવ્યા હતા, પણ તેઓ હિંદુ ભાષા જાણતા નહોતા, તેથી તેઓની વાત કાંઇ સમજાય નહીં,

* લખાવનાર મુલ્લાં તૈયબઅલી.

ત્યારે ખંભાતના બે છોકરાઓને કાંઈ રીતે ભોળવીને ત્યાં લઈ ગયા. તેઓનાં નામ બાલમનાથ તથા રઘુનાથ હતાં. તેઓ અરબસ્તાનમાં રહીને અરબી ભાષા ભણ્યા. બન્નેને લઇ જનારા આરબો જોવૈબના વકીલો હતા અને અને જોવૈબના મોકલ્યાથી આવ્યા હતા.

પછી પેલા બે બ્રાહ્મણોનાં નામ મુલાઈ અબ્દુલ્લા અને મુલાઈ એહમદ ઠરાવીને તેઓને ખંભાત મોકલ્યા હતા. તેઓએ ઉપર લખેલી બે કારભારી બુકમાં લખ્યું છે કે. સિદ્ધરાજ જેસંગ પણ મુસલમાન થયો હતો.

મુસલમાનો વચ્ચે ટંટો થયો અને કરાર થયો કે જો ઇલમમાં હિંદુઓ હારે તો તેઓ મુસલમાન થાય અને મુસલમાનો હારે તો પોતાનો ધર્મ છોડી દે. પછી હિંદુઓ હાર્યા અને ખંભાતમાં એક દહાડે સવામણ જનોઇઓ ઉતરી હતી. તેઓ મુસલમાન થવા છતાં હિંદુઓનો ચાલ રાખ્યો કે મરનારનું નોમીઉં, માસીસો, સંવત્સરી વરસી વગેરે દહાડે જમણ કરવું. વિવાહમાં માંડવો ઘાલવો. હીજરી સન ૧૮૫૮ થી નાની જમાત તથા મોટી જમાત એવી બે નાતો થઇ. તેનું કારણ એ છે કે ગાદીપતિના હુકમમાં રહ્યા નહિ, તેથી જૂદી જમાત થઇ.

# પ્રકરણ ૫ મું

## વાઘેલા વંશ વિષે*

વાઘેલાઓ સોલંકી વંશમાંથી થયા છે. તેઓનો મૂળ પુરૂષ મૂળરાજ થયો. તે એવી રીતે કે [1]વાઘેર ખંડમાં બાંધવગઢના રાજાની રાણીને મૂળ નક્ષત્રમાં કુંવર અવતર્યો. ત્યારે જોશીએ કહ્યું કે તે અશુભ વેળામાં જન્મ્યો છે માટે રાજ્યનું માઠું થશે. પછી તે કુંવરને વનમાં મૂકી આવ્યા. તેને એક વાઘણ લઇ ગઈ અને વાઘણને ધાવીને મોટો થયો, માટે તેના વંશના વાઘેલા કહેવાયા. અને એ મૂળરાજે પાટણમાં આવીને સોલંકી અજેપાળને મારીને સંવત ૧૨૦૦ ઉપરના સૈકામાં રાજ લીધું અને તેનું નામ બાળ મૂળરાજ કહેવાયું. પણ તેણે ફક્ત બે વર્ષ સુધી રાજ કર્યું. પછી ભીમદેવ વાઘેલો ગાદીએ બેઠો. તેણે ત્રેસઠ વરસ રાજ કર્યું એ ભોળા ભીમે દીલ્લીના ચહુવાણ પૃથુરાજના બાપ સોમેશ્વરને માર્યો, પછી તેનું વેર પૃથારાજે લીધું તેની વાત. પૃથીરાજ રાસામાં છે.

ભીમદેવની ગાદીએ વીરધવળ બેઠો. તેના પ્રધાન વસ્તુપાળ ને તેજપાળ હતા. તેથી વીરધવળે વર્ષ ૧૩ અને માસ ૫ રાજ કર્યું. તેનો દીકરો વિસળદેવ થયો, તેણે વિસલનગર વસાવ્યું. તેણે વર્ષ ૧૭ ગુજરાતનું રાજ કર્યું. પછી અર્જુનદેવે વર્ષ ૩, પછી સારંગદેવે વર્ષ ૩, અને માસ ૪ રાજ કર્યું. પછી ઘેલો કરણ વાઘેલો ગાદીએ બેઠો. તેને બે કુંવરો થયા. તેમાં કેરાકોટના જાડેજા દેશળજીની દીકરી

---

* લખાવનાર: પેથાપરના વાઘેલા વહીવંચા બારોટ જાલમ ભગવાનજી, રહેવાસી વડોદરાના.

૧. રાધનપર પરગણે વાઘેલા ગામ છે. ત્યાંના વાઘેલા ખોડાભાઇ સાદુજી કહે છે કે અમારો મૂળ પુરૂષ લુણોજી (લવણપ્રસાદ) વાઘેલમાં રહેતો હતો. તેના નામનું લૂણસર તળાવ હાલ વાઘેલને પાદર છે. તેના દીકરા વીરધવળે ધોળકું વસાવ્યું અને વાઘેલ ગામના નામથી વાઘેલા કહેવાયા.

**અમરકુંવરબા** હતી તે વાઘેલા કરણની રાણી હતી. તેનો કુંવર વર-**સંગદેજી થયો.** અને બીજી રાણી સેજતમેરના ભટી ગજસંઘજીની **દીકરી** તાજકુંવરાજી બા હતી. તેનો કુંવર સારંગદેજી થયો. તે બંને **કુંવરોની** વધામણી રાજાને એક વખતે મળી હતી, માટે તે બંને **કેટલોક** ભાગ વહેંચી આપ્યાં હતાં. તેમાં તે વરસંગદેજીને સરધાર જીલ્લો આવ્યો અને સારંગદેજીને ભીલડી જીલ્લો આવ્યો.

પછી કરણઘેલાના પ્રધાનો વડનગરા નાગરો માધવ અને કેશવ **હતા.** વઢવાણમાં માધાવાવ બંધાવી તે કેશવે. માધાવાવના ત્રીજા મતવાલામાં જમણે હાથ ગોખલામાં મૂર્તિઓ ૨ છે. તેની વચ્ચે લખ્યું છે કે **संवत १३५० वर्षे कार्तिक शुदी ८ गुरौ नागर ब्राह्मणज्ञातीय** એ ઉપરથી તેનું વર્ષ માલમ પડે છે.

તેની સ્ત્રીને ઘેલે કરણે જબરદસ્તીથી લીધી ત્યારે માધવ દિલ્લીએ જઇને અલ્લાઉદીન પાદશાહને મળીને તેની તરફથી એક સૂબાને લાખ સ્વારના લશ્કર સુધાં લાવ્યો અને પોતે ગુજરાતની દિવાનગીરી લાવ્યા.

ત્યારે એંશી હજાર રજપૂતો સુધાં ઘેલો કરણ લડીને મૂઓ અને પાટણ મુસલમાનને હાથ ગયું. પછી સારંગદેજીએ આવી વીર-સંગજી ભેળા થઇને કડી પરગણું હાથ કર્યું, અને કેટલીએક ભેગ-મોને કેદ કરી. પછી બાંહેધરી લઈને અલ્લાઉદ્દીનને દિલ્લીએ જઈ મળ્યા. ત્યારે પાદશાહે ૫૦૦ ગામો આપ્યાં, તે બન્ને ભાઇઓએ વહેંચી લીધાં. તેમાં સારંગદેવે કલોલ જીલ્લો ૨૫૦ ગામનો મળ્યો અને વરસંગદેને સાણંદ જીલ્લો ૨૫૦ ગામનો મળ્યો. એ વરસંગદે-જીના વહીવંચા ભાટ કાળીદાસ તથા વાઘજી હાલ અમદાવાદમાં છે.

કલોલના સારંગદેના પુત્ર ચોંડોજી થયા, તેના આનડદેજી થયા, તેના દીકરા બે થયા, મોટો લૂણંગદેજી ને નાનાને આનડદેજી થયા.

લૂણંગદેજીના શંઘદે, લખમણશી, મોકળશી, કરણદે અનુક્રમે થયા. તેના મૂલૂજી ભીમસંઘજી તથા વીરધવળ એક થયા. તે ભીમ-

સંઘને શમી મુજપર તાલુકો ને વીરધવળને છત્રાળ ગામ મળ્યું. મૂળરાજના મેઘજીને તેના કાકા દરહોજી થયા તે પાટણના સૂબા આલમશાહ સાથે કલોલમાં લઢીને મૂઆ.

પછી પાદશાહે કલોલમાં કોટ ઘાલ્યો. સંવત્ ૧૫૩૯ માં મેઘજીના જેતોજી તથા વરહોજી એ બે કુંવરો અને લાલાજી તથા ફુલાંજી એ બે દીકરીઓ થઇ. તે ફુલાંજી બીહોલા સામંતસંગજીને પરણાવી અને લાલાંજી મહમદ બેગડાને પરણાવી. એ વરહાજીની રાણી રૂડાં બાઇએ અડાલજની વાવ કરાવી અને ફુલાંજીએ બુડથળની વાવ કરાવી.

**નોંધઃ** અડાલજની વાવનો લેખ મહમદ બેગડાની વખતનો સંવત્ ૧૫૫૫ નો છે. તેમાં વરહાજીથી મોકલસંગ સુધી પાંચ પૂર્વજોનાં નામ છે. તેમાં લખ્યું છે કે ઢંઢાવ દેશના રાજા વાઘેલા હતા. તેમાં રૂડાં બાઇનું નામ પણ છે.

---

## પ્રકરણ ૬ ઠું

### ઝાલા રજપુતોનાં ચરિત્ર *

કહે છે કે માર્કંડ રૂષિએ મુખવાણી વડે કુંડમાંથી એક પુરુષ પેદા કર્યો તેનું નામ કુંડમાલ હતું. મુખવાણી એ શબ્દનો અપભ્રંશ થઇને જાતે મકવાણા કહેવાયા. તેના વંશના સાલણ દેવે ઉત્તર હિન્દુસ્તાનમાં શિખરી ગઢમાં રાજ કર્યું. તેના વંશમાં ધનંજય થયો. તે હિંગળાજની જાત્રા કરવા આવ્યા અને સિન્ધમાં પરમારનું રાજ હતું, તે સાથે લડીને કેરંટીમાં રહ્યો.

તેના વંશના મકવાણા રજપૂતો પૂર્વમાં છે ધનંજયના વંશમાં કેશર મકવાણો થયો. તે સિંધના પાદશાહ સાથે લઢીને કામ આવ્યો. તેના દીકરા ૩ હતા. હરપાળ, વજેપાળ અને સામંતજી. તે

---

* વઢવાણના કારભારી શા ડોસા જેચંદ વહીવંચા પાસેથી લખાવી લીધેલી તે.

વજેપાળ મુસલમાનોને હાથ ગયો અને મોલેસલામ થયો. તે વંશના મહીકાંઠે લાલને માંડવે છે અને સામંતજી કોળીના હાથમાં ગયો. તેના વંશના મકવાણા કોળી મહીકાંઠે છે. હરપાળ પાટણના વાઘેલા કરણની ચાકરીમાં રહ્યો અને પરાક્રમ કરીને અઢારસેં ઝાલાવાડની ગાદી પાટડીએ તેણે સ્થાપી.

આશરે સંવત ૧૩૫૦માં સોઢોજી, શેખરોજી અને માંગોજી એ ૩ પુત્ર થયા. સોઢાજીનો વંશ પાટડીએ રહ્યો. શેખરાજીનો વંશ નથી અને માંગાજીનો વંશ હાલ લીંબડી તાલુકામાં છે.

પ્રથમ જાંખુમાં રાજગાદી હતી. તેના ખેતોજી, સાંગાજી, સોઢાજી, અદાજી, વેરાજી, કરણજી, ભોજરાજજી, અદાજી, વેરાજી, હરભમજી, હરિસંગજી, ભોજરાજજી, અને હરભમજી હાલ ગાદીએ છે.

સોઢાજીના વંશમાં રાયધરજી થયા. તેણે હળવદમાં ગાદી સ્થાપી. તેના વંશમાં ચંદ્રસંઘજી થયા. તેના આશકરણજી, પૃથીરાજજી તથા અમરોજીએ હળવદની ગાદી લીધી, અને પૃથીરાજજીએ વઢવાણરાજ સ્થાપ્યું.

એવા સમયમાં શીયાણીના રજપૂત અદાજી શીઆણીથી રીસાઇને ઉચાળા ભરીને પાદર જઇને ઉતર્યા. તેવામાં કુંવર પૃથીરાજજી ઘોડો ફેરવવા સારૂ નીકળેલા. તે વેળામાં ઘોડાને પાણી પાવા ગયા અને શીઆણીવાળા અદોજી પણ ઘોડાને પાણી પાવા ત્યાં ગયા. ત્યારે બીજાં માણસોએ અદાજીને કહ્યું કે પૃથીરાજજી ઘોડો પાય છે તેને પડખે તમે જશો નહીં; કેમકે તેમને એવી ટેવ છે કે પોતાને પડખે થઇને જે કોઈ ઘોડું નીકળે તેને ચાબખો મારે છે.

તે વાત ન માનતાં તેઓને પડખે જઇને ઘોડો પાવા માંડ્યો. ત્યારે પૃથીરાજજીએ તે ઘોડા ઉપર ચાબખો ઉગામ્યો. એટલે અદાજીએ શલારીમાંથી બરછી કાઢીને સામી ઉગામી અને કહ્યું કે તું મારા ઘોડાને ચાબખો મારીશ તો હું તને બરછી મારીશ.

તે સમયે પૃથીરાજજી પાસે હથીઆર નહોતું, તેથી તે ઘોડો મરડીને ગામમાં ગયા અને તે જ વખતે અદાજીના ઉચાળા લૂંટવા સારૂ હલ્લાં ભેગી કરી. તે વાતની રાજ ચંદ્રસંઘજીને ખબર થઇ. ત્યારે રાજે પૃથીરાજજીને કહેવરાવ્યું કે અદાજીએ ઉચાળા લાવીને મારા ભરૂંસાથી મારા ગામને પાદર છોડયા છે. માટે તે ઉચાળા લૂંટાય નહીં. પૃથીરાજજીએ એ વાત માની નહિ. ત્યારે રાજ ચંદ્રસંઘજી ઘોડે ચઢીને અદાજી પાસે જઇને ઉતર્યા. તે વાત સાંભળીને પૃથીરાજજીએ હલ્લાં વેરી નાંખી.

પણ પોતે રીસાઇને વઢવાણ જઇને સંવત ૧૬૫૫ ની સાલમાં રહ્યા; અને કેટલાંએક પર જીલ્લાનાં ગામો લૂંટયાં. તથા રાહદારી માલ લૂંટયો. એ કરતાં પોતાની પાસે ૨૦૦૦ સીરબંદી લોકોનો જમાવ થયો. એવામાં જૂનાગઢથી પાદશાહનો ખજાનો દીલ્હી જતો હતો. તેની પૃથીરાજને ખબર થઈ. એટલે તે ઊંટો લૂંટી લીધાં. તેની ખબર પાદશાહને થઈ. ત્યારે પાદશાહે ફરમાવ્યું કે એ પૃથીરાજને કોઈ પકડી લાવે તેને ઈનામ આપું. ત્યારે ૨૨,૦૦૦ સ્વારોનો એક જમાદાર રહેતો હતો તેને પાદશાહે મોકલ્યો.

તે અમદાવાદ આવ્યો, ત્યારે ત્યાંના લોકોએ કહ્યું કે પૃથીરાજ પાસે ૨૦૦૦ માણસો છે. પણ તે એવો જોરાવર છે કે ૨૨,૦૦૦ સ્વારોથી ડરે એવો નથી. પછી તે જમાદારે ધાર્યું કે પૃથીરાજની સાથે પ્રથમ દોસ્તી કરીને પછી તેને પકડી લેવો. પછી પૃથીરાજ પાસે મોકલી કહેવરાવ્યું કે અમે દેશની ખંડણી ઉઘરાવવા સારૂ આવ્યા છીએ. માટે તમે અમારી સાથે આવો. ત્યારે તેણે કુરાન ઉપડાવીને સોગન દઈને ખાતરી કરી કે કશો દગો કરવો નહીં. પછી પૃથીરાજજી અમદાવાદ ચાલ્યા.

પણ જમાદારો સાથે એવો ઠરાવ કર્યો કે રસ્તામાં શીયાણી ગામ આવે છે તે પ્રથમ મારવું: પછી શીયાણી આવીને તે ગામ લૂટીને અદાજીને માર્યો, અને તેનું માથું કાપીને ઝાડ ઉપર મૂકયું.

તે અદાજીની ઠકરાણી સતી થવા તૈયાર થઈ; અને માણસોએ આવીને અદાજીનું માથું માગ્યું. ત્યારે પૃથીરાજે કહ્યું કે, એ બાઈ પોતે આવીને ઝાડ ઉપરથી ઉતારી લે તો આપું. પછી તે બાઈ પોતે આવી ઝાડ ઉપર ચઢી. ત્યારે પ્રથીરાજે કહ્યું કે, અદાજીએ મારા ઉપર બરછી ઉગામી હતી, પણ મેં તેની બાયડીને કેવી ઝાડે ચઢતી કરી છે? એવું સાંભળીને સતીએ શાપ દીધો કે, હું તો ઝાડે ચઢતી થઈ, પણ તારી સ્ત્રીને તો તારૂં સ્નાન પણ થશે નહીં, એવું તારૂં મોત થશે. એવું સાંભળીને બીજા માણસોએ પૃથીરાજને ઠપકો દીધો અને પૃથીરાજજી પોતે પણ બહુ પસ્તાયા.

પછી તે જમાદાર સાથે ખંડણી ઉઘરાવવા જતાં એક સમે કોઈ ઠેકાણે વગડામાં મુકામ કરવાનું ધારેલું. ત્યાં પ્રથીરાજનાં માણસો આગળથી જઇને કૂવો એક હતો તે ઉપર તંબુ તાણ્યો; અને કહ્યું કે આટલામાં કૂવો નથી. પછી પૃથીરાજનાં માણસો પેલા કૂવામાંથી પાણી વાપરતાં હતાં તે વાતની જમાદારને માલમ થઇ. ત્યારે તેણે કહ્યું કે પૃથીરાજે પ્રથમ આપણી સાથે દગો કર્યો, માટે હવે આપણા સોગન છૂટયા. પછી કપટ કરીને પૃથીરાજને પકડીને દીલ્લીએ પહોં-ચાડ્યા. તે પછી તેની કશી ખબર આવી નહિ.

એ પૃથીરાજના રાજોજી થયા. તે સંવત ૧૬૯૯ માં ગુજરી ગયા. તેની સાથે રાઠોડ શામકુંવરબાઈ સતી થયાં. એ સતીના પાળીયામાં લખેલી પ્રશસ્તિ નીચે મુજબ છેઃ વઢવાણમાં.

**श्री गणेशाय नमः ॥ स्वस्ति श्री जयो मंगलमभ्युद यश्च सं. १६९९ वरषे शाके १५६८ प्रवर्तमान उत्तरायन गते सूर्यें ग्रीष्म ऋतौ महामांगल्य फलप्रद.**

**मासोत्तम वैशाक मासे वृदमपक्षे० गुरु...ला........ महाराणा श्री चंद्रसिंहजी तस्य भार्या बाई मुलिबाइ तस्य सुत श्री राजो तस्य भार्या बाई ताजबाई तस्य सुत श्री**

**राजाजी हरीसरण हथा तस्य भार्या वंशे राठोड श्री सात राठोश्री नारणदाससुत राठोड श्री ईसवदासजी तस्य भार्या बाई ५—पतीतस्य सुता बाईश्री सामकुअरबाई सागवन कीधुं. सुभं भवतु ॥ कल्याणमस्तु जयं ॥**

---

## પ્રકરણ ૭ મું

---

### ચંદ્રસંધજીનું ચરિત્ર×

એક સમે ગામ મેમકાનો લુવાણો ઝાલરનો ( વાલ ) પોઠીયો ભરીને લીંબડી તાલુકામાં ભાલ પરગણાના રોજકા ગામમાં વેચવા ગયો. ત્યાં રોજકાના ગરાસીયા ચૂડાસામા, તે ઝાલાના વેવાઈ થાય. કેમકે તેઓની દીકરીઓ ઝાલાઓને પરણાવેલી. તેથી તથા લીંબડી અને વઢવાણના સમો ગઢીયા હતા. તેથી રોજકાના ગરાસીયાઓએ મશ્કરીમાં કહ્યું કે, તારા ઝાલા સો ભાવે વેચાય છે? ત્યારે લુવાણે કહ્યું કે, તમારા ભાલીયા ૧૦૦ અને અમારો ઝાલો ૧ તે બરાબર. એવું સાંભળીને તેને રીસ ચઢી. તેથી લુવાણાને માર મારીને તેનો પોઠીયો ખૂંચી લઇને કહાડી મૂકયો. તેણે વઢવાણમાં આવીને ચંદ્રસંધજીને તે હકિકત કહી. ત્યારે ચંદ્રસંધજીએ પોઠીયાની તથા ઝાલરની કીંમત આપી અને તે વાતનો ડંસ મનમાં રાખ્યો.

એક સમે ૨૦૦૦ સ્વાર લઇને ચંદ્રસંધજી ચૂડાસમાનું ગામ મોરચીયું છે ત્યાં ગયા. તે ગામ લૂંટીને ત્યાંનાં ઘરોનાં કાઠવળાં સુદ્ધાંતનાં ગાડાં ભરીને લાવતા હતા. ત્યારે ત્યાંના ઠાકોર મેંતજીના દીકરા લાખોભાઈ તથા રામોભાઈ, તેઓ લીંબડીના રાજા હરભમજીના સાળા હતા. માટે હરભમજી ૭૦૦ સ્વારો તથા ૮૦૦ પાળા લઇને

---

× રાજેશ્રી લલ્લુભાઇ હલ્લાસરામ મારફતે મળેલું.

તથા ગાયકવાડનો સૂબો ભગવાનભાઈ જમે ઉઘરાવવા સારૂ ૧૨,૦૦૦ સ્વારો લઇને આવ્યો હતો તે લીંબડી હતો. તેને કાંઈ આપવાનું પરઠીને તેને પણ સાથે લઇને ચાલ્યા. તેઓ સાંજની વખતે ભાદર નદીને કાંઠે ઉતર્યા. તેઓના ભેગી કેટલીએક તોપો પણ હતી. તેમણે જાણ્યું કે આ રસ્તે થઇને ગાડાં નીકળશે, એટલે અટકાવશું.

પછી ચંદ્રસંઘજીએ વિચાર્યું કે આ માલ આપણા ગામ સુધી લઈ જવાશે નહીં, તેથી તે સળગાવી દીધો. પાછલી પોહોર રાત્રે ઉઠીને નાહીને લડી મરવાની ધાસ્તીથી ગંગાજળ પીધું, તુળસીદળ તથા પરવાળું પાસે રાખ્યું.

તે સમે પોતાનો આરબ ગોરીબો જમાદાર હતો. તેણે કહ્યું કે મારા મકરાણી ૫૦૦ લઇને કહો તો હું સામી ફોજની તોપો ઉપર જાઉં, અને તમે તે ફોજ ઉપર જાઓ. ધણ જો તમારે તોપો ઉપર જવું હોય તો હું ફોજ સામો જાઉં. ત્યારે ચંદ્રસંઘજીએ કહ્યું કે તમે તોપો ઉપર જાઓ. એમ કહીને ઠાકોર ઢાલતરવાર લઇને પગપાળા ચાલ્યા. ત્યારે તેઓનો ઉમરાવ ગાજીઓ કાનજી હતો. તેણે કહ્યું કે હવે જીવવાની આશા તો પરમેશ્વરના હાથમાં છે; પણ આપણે પગપાળા ચાલશું તો સામી ફોજના ઘોડાની ખરીઓમાં છુંદાઈ જઇશું. ત્યારે ઠાકોરે કહ્યું કે હવે આપણને જીવવાની આશા તો નથી, ત્યારે ઘોડે ચઢીને શું કરવું છે? પછી તે કાનજીએ ઘણો આગ્રહ કર્યો, ત્યારે ઠાકોર ઘોડે ચઢ્યા. પછી બીજા સૌ અસ્વાર થઇને સામી ફોજ સાથે લઢવા ચાલ્યા, અને ગોરીબો જમાદાર તોપો સામે ગયો. તેને સરખંધી સુદ્ધાંત આવતો જોઇને સરકારના હુકમથી સામી ફોજવાળે એકદમ તોપો છોડી. એટલામાં પેલા જમાદારનાં બધાં માણસો નદીમાં ઉતરી ગયાં, અને ગોળા તેઓની ઉપર થઇને નદી પાર ગયા. પછી તરત તોપો ઉપર જઈ પહોંચ્યા. એટલે તોપોવાળા નાશી ગયા, અને તોપો જમાદારના હાથમાં આવી. એટલે ચંદ્રસંઘજી ફોજ ઉપર ગયા. ત્યારે હરભમજીએ જાણ્યું કે તોપોવાળા નાઠા માટે ચંદ્રસંઘજીનાં

ઘણાં માણસો હશે, તેથી તેઓ પણ નાશીને લીંબડી ગયા. ત્યારે ચંદ્રસંઘજીએ તેમની પછવાડે દોડીને આશરે ૫૦ માણસોને માર્યાં.

પછી સૂબા ભગવાનભાઇએ હલકારા સાથે ચંદ્રસંઘજીને કહેવ-રાવ્યું કે એ તોપો સરકારની છે; માટે તમારે રાખવી નહીં. ત્યારે ચંદ્રસંઘજીએ કહ્યું કે અમે તો હરભમજીની તોપો જાણીએ છીએ, અને જો સરકારની હોય તો તમે આવીને લઈ જાઓ. પછી સરકારના અસ્વારો આવીને તોપો લઈ ગયા. પછી ભગવાનભાઈ તોપોની ફોજ લઇને વડોદરે ગયા, અને ચંદ્રસંઘજી વઢવાણ આવ્યા. આ વાત સંવત ૧૮૫૨ ની સાલમાં બની.

તે વાત દિલમાં રાખીને ચંદ્રસંઘજી ગુજર્યાં પછી સંવત ૧૮૫૯ ની સાલમાં તેના કુંવર પથાભાઇ સાથે હરભમજીએ લઢાઈ કરી તે એવી રીતે કેઃ—

એક સમે અસ્વાર ૫૦૦ તથા પાળા ૨૦૦ લઇને હરભમજી વઢવાણ ઉપર આવ્યા. તે અસ્વારોના ત્રણ થોક કરીને એક થોક સહિત ઠાકોર વઢવાણથી ત્રણ ગાઉ ઉપર ખારી નદી છે ત્યાં રહ્યા. બીજો થોક ગાઉ ૨ ઉપર કેરાળાના તળાવમાં રાખ્યો, અને ત્રીજો થોક ગાઉ ૧ ઉપર પાળીયાવાળી તળાવ ઉપર રાખ્યો. તેમાંથી અસ્વાર ૨૫ વઢવાણ આવ્યા અને ગામના દરવાજા પાસે એક ખેડુ જતો હતો, તેને માર્યો તથા બીજું પણ કોઇ નુકશાન કર્યું. તે સમે એટલામાં પેથાભાઈના અસ્વાર ૧૪ ચોકી કરવા ફરતા હતા; તેઓ આવી પહોંચ્યા. એટલે લીંબડીના અસ્વારો નાઠા; તેઓની કેડે એ ૧૪ અસ્વારો થયા. તેઓ ગાઉ ૧ ઉપર ગયા, ત્યાંના લીંબડીના અસ્વાર ૧૫૦ તથા પાળા ૭૫ હતા; તે ઉપર વઢવાણના અસ્વારોએ બંદુક છોડી; તેથી પાંચ માણસો મરણ પામ્યાં. એટલે લીંબડીના અસ્વાર બધા નાઠા, અને કેરાળાના તળાવમાં બીજો થોક હતો ત્યાં પહોંચ્યા. એ વાતની માલમ થયાથી પેથાભાઇ અસ્વાર ૩૦૦ તથા પાળા ૨૦૦ લઇને ચઢયા, તે કેરાળે જઇને ભેળા થયા. ત્યાં મોટી લઢાઈ થઈ.

અને હરજામજીનો મામો રામોભાઈ તથા લાખોભાઈ પરબડી ગામના હતા તેઓ કામ આવ્યા. એટલે બીજી ફોજ નાઠી. પછી ખારી નદી ઉપર હરભમજી હતા ત્યાં લઢાઈ થઈ. ત્યાં પેથાભાઇનો મામો શેર- ભાઈ પેથાવર વાઘેલો હતો તેની ઘોડી ભડકી, ને હરભમજીની ફોજ વચ્ચે થઇને આગળ નીસરી ગઈ.

તેની પછવાડે થઇને હરભમજીએ તેને માર્યા. પછી સૌ સૌને ઠેકાણે ગયા. એ લઢાઇમાં લીંબડીનાં ૨૫૦ માણસ મરાયાં અને વઢવાણનાં ૭૫ મરાણાં. તે વખતના પેથાભાઇના કવિએ કહેલા

**દોહરા:**—કેરાળેથી કૂટીયા, ઢગર મચેરણ ઢાણ;
ચોરાશી ચૂત ફરે, રંગ છે પેથલ રાણ ! ૧
મામા દોઈ મરાવીયા, કરી ઘરે જઈ કાણ;
હરભમરી હરે હુઈ, રંગ છે પેથલ રાણ ! ૨
બાબા* બળ બાંધતો, પ્રગટ હુઓ પરમાણ;
ગઢપતિઆને ઘેરતો, રંગ છે પેથલ રાણ ! ૩
કાલ વઢવાણીઓ વાસશે, થાસે સૂપ સવાય;
માદે હરભમ ચૂંથીઓ, એ પળ આવે નાવ. ૪
ખારીમાં ઘોડા ખદબદે, વઢવાણ આવ્યું જાણ;
ચડવો ચપળ થઈ ચોંપથી, રંગ છે પેથલ રાણ ! ૫

ચોથા દોહરા ઉપરથી જણાય છે કે હરભમજીએ વઢવાણનાં ગામ ઉજ્જડ કરેલાં ખરાં. હરભમજી આગળ કોઈ સારો કવિ ભાટ આવી ચઢયો હતો. તેને રાખીને પોતાના મહાભારતનું પુસ્તક મોટું રચાવ્યું, પછી તે વંચાવા માંડયું. ત્યારે તેની સરસ કવિતાથી રાજા રંજન થયો. તેવામાં લીંબડીનો એક ચારણ સાધારણ કવિ હતો તેને અદેખાઈ આવી. તેવામાં હરભમજીના કુંવરનો કુંવર બે ત્રણ વર્ષનો ગુજરી ગયો. એટલે પેલે ચારણે એક દોહરો લખીને કચેરીમાં પડતો

*ગાયકવાડી સૂબો.

મૂકયો. તે રાજાને હાથ આવ્યો. તેની મતલબ એવી હતી કે મહાભારત મંડાવતાં અપશુકન થયા માટે તે સાંભળવું નહિ.

### દોહરો.

મહાભારત મંડાવતાં, હુઈ પોત્રારો હાણુ;
સંપૂરણ જો સાંભળ્યું, મોત થશે મકવાણુ! ૬

પછી ઠાકોરે તે પુસ્તક પાણીમાં બોળાવ્યું. એ જો આજ સુધી હયાત હોત તો તે કેવું ઉપયોગી થઈ પડત?

—x—

## પ્રકરણ ૮ મું

### વઢવાણુ ને હળવદના રાજાની લઢાઈ

આ લઢાઈ સંવત ૧૮૬૩ ની સાલમાં થઈ. તે એવી રીતે કે વઢવાણનું ગામ ખોડું છે ત્યાંથી ત્રણ ગાઉ ઉપર ધ્રાંગધ્રાના રાજાનું ગામ ગુજરવેદી છે. ત્યાંથી ધ્રાંગધ્રાના રાજનું થાણૂં રહેતું હતું, અને ખોડુંયે વઢવાણનું થાણું રહેતું હતું. પછી ઈદના દહાડામાં રાજના સિપાઇઓ બકરી લેવા સારૂ ગુજરવેદીમાં ફર્યા, પણ ત્યાં બકરી મળી નહીં. એટલે ખોડુની સીમમાં આવીને, ભરવાડ ખોડુનાં બકરાં ચારતો હતો તેની પાસેથી બકરી એક રૂા. ૧।। ની ઠરાવીને, નાણું આપ્યા વિના લઈ ગયા. તેથી ભરવાડે ખોડુમાં આવી ફરિયાદ કરી. ત્યારે ખોડુના થાણાવાળા ગુજરવેદીએ ગયા. ત્યારે ગુજરવેદીવાળાએ રૂા. ૧।। આપવા માંડયો, પણ પેલાઓએ લીધો નહીં, અને ટંટો કરીને બકરી પાછી લઇને ખોડુએ આવ્યા. પછી ગુજરવેદીવાળાએ હળવદના રાજ આગળ ફરીયાદ કરી. ત્યારે રાજે કહ્યું કે તમારા સપરવા દહાડામાં વેચાતી લીધેલી બકરી તમે શા વાસ્તે પાછી આપી? પણ રાજે વઢવાણ ઉપર ચઢાઇ કરી, અને લીંબડીના રાજાને પણ

પોતાની તરફ બોલાવ્યો તથા સાયલાના અને ચૂડાના રાજાઓને પણ તેડાવ્યા.

તે બધાએ પોતાનાં લશ્કર લઇને આવ્યા. તેઓને એક દહાડે હળવદના રાજે જમાડચા. પછી સૌ પોતપોતાની ગાંઠનું ખરચ ખાતા હતા. પેથાભાઇએ પણ પોતાના ભાઇયાતો વગેરેને એકઠા કર્યા હતા. તેઓ એક દિવસ ધ્રાંગધ્રાનું, અને બીજી વખતે લીંબડીનું લૂંટી આવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. પછી તેઓની ખૂબ લઢાઈ થઈ, અને બંને તરફનાં કેટલાંએક માણસ મરાણાં. પછી ચારણ તથા ભાટોએ પંચાત કરીને લડાઈ પતાવી અને સૌ સૌને ઠેકાણે ગયા.

તેમાં હળવદના રાજને એક લાખ રૂપિયા ખર્ચ થયું. લીંબડી-વાળાને પચીસ હજારનું, અને ચુડાવાળાને દશહજારનું ખર્ચ થયું અને સાયલાવાળાને પણ એટલુંજ થયું. તે લડાઈની કવિતા નીચે મુજબ છે:—

### છંદ જમાલ

અજા કલહ થઈ અવતરી, પેથલ રીધર મોહ;
વિર પીયાલો રણ વિષે, જોગણ ભોગ જ ખાય;
જોગણ ભોગ જ ખાય, બત્રીશો જેહની;
બની હિયારી ખૂબ, ઇયારી એહની;
થોકે થોકે માંસ, સરીખી થાળીઓ;
ધોળી રૂપા ખાય, જે ઉપર ઢાળીયાં. ૧

પલારા ઉપર પલ ચઢે, પલ ખાધે બલ થાય,
મેલું તો મુંઝાય મન, વેધું તો વિષ દાય;
વેધું તો વિષ દાય, એ અરથી બત્તડી;
ગઢ બેહુ એ રાડ, હુઆરી હુઈ પડી;
હળવદ હેદી ફોજ, ચડી પથ હાહળી;
વેથી હાથ અજાહ, હવે ગળવા વળી. ૨

પૂગી ધા પેથલ અગે, વ્યોમ વગો વઢવાણ;
ચોવળિયા કેકાણ ચઢી, નોગળીયા નીશાણ;
નોગળિયા નીશાણ, દદામા દડ દડે;
પડે ત્રંબાળા ઠોર, અઠે દશ ઉપડે;
કૌરવ પાંડવ જામ, લોહભડ કોપિયા;
રાજ પથે જઈ પ્રથમ, કલહરા રોપિયા. ૩

હળવદ દિન ઉગે હવે, રોજ ધએ વઢવાણ;
ફરે નહીં પાછા ફણા, મારકણા મકવાણ;
મારકણા મકવાણ, યુધી રણ મેળવે;
જોને જૂનાં વેર, વિધાળા ભાગિયા;
લોહાળાથી ખેદ, લકાળા લાગિયા. ૪

રાજે કાગળ ભેજિયો, રચવા ફરી રામાણ,
રાણ હરિસંગ તાણ તળ, ખગ દોડયો વઢવાણ;
ખગ દોડયો વઢવાણ, અખેલા ખેલીએ;
ઠાઠ પથરા ઝાડ, ઝડંડે ઠેલીએ;
ખેગા ડાબી મોય, ખુંદાઉં ખાખરા;
કોટ તણા અકેક, ઉડાઉં કાંકરા. ૫

હરભંમે ફરમાણ લખિ, વળિ આવ્યો વઢવાણ;
હળવદ ને ગઢ લીંબડી, જૂદાં પેથલ! મ જાણ;
જૂદાં પેથલ! મ જાણ, નવિ નહીં ધારીએ;
હડમત સાથે બાથ, ભરંતા હારિએ;
કર માં જૂધ વિપરીત, અજારે કારણે;
બુધ કોઇ જમરાજ, તેડાવે બારણે? ૬

વેધી અભન જીવશે, દૂજો જશે દરંગ;
ફેલાશે ફિરંગી ઘટા, ચોપાશે ચતુરંગ!

ચોપાશે ચતુરંગ, સવાઈ ચાલશે;
કહોક હવાઇયાં કઈક, કબાણું હાલશે;
ગોળિ મારી કોટ, શિયાળે ધાલશે;
હળહળતાં હીલોળ, નેં ભાલાં આલશે. ૭

હરભમ કયમ મેલું હવે, ખતરીવટ ઝુંઝાર;
એક તેતરરે કારણે, કંઈક મૂઆ પઢિયાર;
કંઈક મૂઆ પઢિયાર, સહિતા કુરમા;
શિતેર ગાયે કાજ, મરાયા ઝૂરમાં;
એગ શશારે કાજ, પરમારા આવટે;
અણુજંગ હોસી એમ, અભરો ખગ ઝટે. ૮

રણુઘેલો થા માં પથા ! ખા માં સોમલ ખાર;
તું પટ્ટણ વાળાણુહાર, ડપટયા ડુંગરા;
ગજરાજા ગઢમાળ, ઉએળું ઉંબરા;
રીત અભા ઉદલ્લ, તણી હુ રાખણો;
ભોજ વેર ભોય સદા, અળી નહીં ભાખણો. ૯

પથ્થો બરદિ બોલિયો, ન ખમું જરબ જરાય;
રણમોંકું રાવણુ જાંહિ, સરકી લણુ લઈ જાય;
સરકી લણુ લઈ જાય, પળે મર પંખણી;
પિયે ભવાની રૂધિર, જકે મર જંખણી;
ભેરદ નારદ જેમ, રમાડું ભૂચરા;
કૈરવ પાંડવ જેમ, અખાડા હૂકરા. ૧૦

વહોવારૂ થા માં પથા ! હૂં છું અગન ઉબાણુ;
કકે બાણે ઉડવ્યા, તુજ સહમા અશમાણુ,
તુજ સહમા અશમાણુ, ઘેલે જત ધાલિયા;
દાવાદળ વજ મેળ, જંજીરે ડાલિયા;

રણુકૂ મહમદ ખાન, મેમદ મારીયા;
હરભમસો પેભડી, ફતેસંગ હારિયા. ૧૧

ફુ રણુકો હુન હિફતો, મહમદ મંને જાણુ;
ફુ કાડી જત નહિ હરી, કાઢ પરાં કહેવાણુ;
કાઠ પરાં કહેવાણુ, કહીએ મકેમ બેયો;
બળા સાબળા પૂર, કે માધવસંગ બેયો;
સોય પથાનાં વેણુ, હરિસંગ સાંભળી;
ઉઠ્યો કરવા વેર, કે મૂછાં આમળી. ૧૨

લખેશી દુખ ખેંચિયા, નિ દરશિયાં નીશાણુ;
ચઢી કેકાણે ખાપરાં, જડી સલાહ અજવાણુ;
જડી સલાહ અજવાણુ, જળંબા જળ હવે;
ભાલા કોહક બાણુ, કે ઢાલાં જાળ હવે;
હીંડલીયા ગજરાજ, હેયાટા હૂકળે;
પાવસ હુઓ ધરે ઉંબ, કે વાદળ પરગળે. ૧૩

સાઠ હજાર તેડિયા, બાબોજી દીવાણુ;
આજૂકો વઢવાણુ સર, ઉલટિઓ મેહેરાણુ;
ઉલટિઓ મેહેરાણુ, અરઝ્બા અડહડે;
ખડે દરંગા રાગ, મહોલા ખળહળે;
હથનાળાં બહુ રૂપ, કુબાણું હૂબકે;
ઘણુણુ વહે કોક બાણુ, નિશાણું ધ્રુબકે. ૧૪

ગણુણુ વધ્રૂટે ગોળીયાં, બણુણુ છૂટે કુક બાણુ;
કકે માથા ઉછળે, બાણીએ અળ વિમાણુ;
બાણીએ અળ વિમાણુ, તિરાંથે કોરણી;
ઉપર ફોજો લોઢ, શેલારા ઓરણી;
બેલે બેતલ વીર, કે ખપ્પ ખરખડે;
હર શક્તિ લે શીર, કે નારદ હડહડે. ૧૫

ગોળા હેસલ લગિયા, કોટ પડ્યા ઉથલ્લ;
પેથલ ભારે શલ હતો, કહો શો હળવો ફલ્લ;
કહો શો હળવો ફલ્લ, ત્રીજું મેં તોળિયો;
રોયો હતો રણવંક, રંગ કરી રોળિયો;
ભાગ્યા દો દો વાટ, માધાણી ભાથિયા;
હરણ અખાડા કીયા, અફાળી હાથિયા. ૧૬

પેસ ભરી નમિયો પથો, હાથ જોડિ અણભંગ;
હેદો અજા બોંભયદા, રાજહાથને રંગ;
રાજહાથને રંગ, ભૂપાળે પાખિયો;
રાજપટા દો માન, ધરોનો રાખિયો;
યું અતળી બળજિત, ધરા દેશ આઇયો;
ગુણિયલ મેહેલ એમ, ઝમાલે ગાઇયો. ૧૭

---

## પેથાભાઇની તારીફના ઝુલણા છંદ

ક્રિયો મહાભારત છાલી તણે કારણે, જાણતલ માધાહર રાજજાદો;
પચવા ન દિધી ને લીધી પેથલે, દાખડે નાવિયો રાજ દાદો;
વળી ગયો હરિસંગ રાજરે વસૂલે, કશો વિચાર જોઈ વાત કીધી;
રૂધે તોટકાવિ એતરી ઘડી રાખીયો, લીંબડી ધણીરી લાજ લીધી. ૧

ભલે વઢવાણથી મેલીકાર ભાગીયો, લેખતલ ભાગીયા વાટ રૂમા;
ફટક ઝાલે નહીં કટક બાંધો ફર્યા, પેથલો તણાં જ્યાં જાણ પૂગ્યાં;
ખૂટિયો દેશ સોરઠ બાંધો ખરો, કળેથી ધર્શાયા બધા કરમી;
તરત સાહેબનો આવિ યાત્રા જૂએ, ધણી વઢવાણરો શામ ધરમી. ૨

ગૂજરોનાથ ગયો આબરૂ ગમાવીને, ખરો સંવાદ જોઈ નકે ખાંધી;
અભયાત ખેત્રમાં જોયલીં આકરી, બાકરી પેથ તે કાંધ બાંધી;

## દોહો સોરઠો

તારી જો છાળી તણો, રૂંઓ રખાએ નાક,
મારે માધાણો, પાછી લીધી પેથલા ! ૧

---

કોડે વેર હરિસંગ કીધો, ડોડે હળવદ દોરાણો;
ભૂખ્યા સાવજ તણા ભોયભાં, આવી ઝાલો ઓરણો. ૧
ચરતો કાઠીયાવાડમાં ચગતો, છકમે છકમે છાનરિયો;
નાહર હતો છાંયો જ્યાં નરણો, અરણો પાડો ઓતરિઓ. ૨
ભેંસો આવ્યો ચાલિ અભાવત, પછ મખ દેખી પાખરિયો;
તળ ચાટતો કદિ ન ધરાવ્યો, વઢવાણ આવી વોતરિઓ. ૩
મૂકી તળ ભાગ્યો મકવાણો, મરતો પડયો ધાવ મથે;
મરખી ગાડાએ કચડીતી, પાડો ભાગ્યો રાણ પથે. ૪
ભોજ અદેસંગ હરભમ મહાભડ, વેર નહી દશવીશ વસા;
આ પળમાં જો હરિ ઉગારે, દોડું નહિ વઢવાણ દશા. ૫

એ પૃથીરાજજીના જાલમસંઘજી, તેના રાજસંઘજી, તેના ચંદ્રસંઘજી થયા.

એક સમે લીંબડીના ઠાકોર હરભમજી દ્વારિકાની જાત્રા કરવા ગયા; અને રાજકારભાર તેના ભાઈ અમરસંઘજીએ ચલાવ્યો. ત્યારે કાઠીઓએ અમરસંઘજીને માર્યા. તેનું વેર લેવા સારૂ હરભમજીએ કાઠીયાવાડ ઉપર ચઢાઈ કરી, તેનો

## શલોકો

સરસ્વતી માતા ! તમ પાય લાગું, કહેવા શલોકો વરદાન માગું,
અંબાજી માતા ! આરાસુર રાણી. ૧
લીંબડી કેરો કહું શલોકો, એક ચિત્તથી સાંભળજો લોકો;
લીંબડીએ તો પરિયાણ થાય, રાઠોડ જૂઠા ધોળકે જાય. ૨

રણુકાના રેવત સાબધા થાય, શેઠ વનોસા ધંધુકે જાય;
પંડિત મગનો રળિયાદ થાય, ચાકરના મહિના ત્યાં તો લખાય. ૩
શેઠ વનોસા પાછા વળિયા, હઈયામાં વ્હાલી હરભમજી મળિયા;
જાઓ કુંવરો સાબધા થાઓ, ભલીઓની ભગર ભાવકને ભાવો. ૪

સઘળા ભાઈઓને તેડાં પણ થાય.

આવે ભાઈઓ તો થાય ભલાઈ, ચાંદો કલો તે સહુમાં સવાઈ;
કાકો સતો તે સાચી સગાઈ, રામસંઘજી આવે પેથા પણ ભાઈ. ૫
પોતાને દેરે કરવી જુંભાઈ, રાતે મોળીએ રાણો તે ભાઈ;
વેહેરાણી તણી કરવી તે લઢાઈ, પાટવી કુંવર હરભમજી ભાઈ. ૬
કુંવર વરસોભાઈ કેસરીસંગ, જીવણ ભારાણી રાખે રંગ;
ખોડીદાસના ભાખરશી જાણું, સમલા તે કેરા વારૂ વખાણું.
ભાઈ કાકેરા અભેસંગ ભાઈ, જીવણસંઘણરી કરે વડાઈ. ૭
કારેલે કુંવર કરમી કહેવાય, જેમલજી આવ્યો મિજલસ થાય;
ઝાલા રૂપસંઘજી જાણ સુજાણ, મજરો કીધો છે રાણ મકવાણ. ૮
વાઘેલા ઘેર આદિ વડાઈ, મેલાજી જોડે કલો તે ભાઈ;
વિરમગામના સાદા સીપાઈ, સાંગોભાઈ આવે કીધી કટકાઈ. ૯
પાધરા ભાલમાં પરિયાણ કીધાં, તેડાવી વિપ્ર મુહુરત લીધાં;
દેરા દેવરાવ્યા પાધર માંહી, કર્યાં પરતાનાં ઉતારા ત્યાંહી. ૧૦
દારૂગોળી ત્યાં દીસે અપાર, સાંઢીએ બેઠો ત્યાં જંજાળદાર;
લુહાર, સુતાર ને વેલ્યદાર, સાથે પખાલી દશ કે બાર. ૧૧
વાણિયાનાં હાટ બહોળી બાજાર, રણછોડ નહાનની કલમદાર;
આગળ ડુંગરશી છે નામદાર, પરમો ખોડો તે ખાંડાની ધાર. ૧૨
શેઠ વાછરડો કરે વડાઈ, અને ઠક્કર હરભમજી ભાઈ;
સંઘવી ધારશી થોભાને કહેય, ચોપડા આપડા હાથમાં છેય. ૧૩

લીંબડિયે કટક મલ્યું છે સાર, પગપાળાનો નવ જાણું પાર;
સાથે સ્વાર બાર હજાર. ૧૪

નેજા નિશાન ચડિયું ધમશાણ, ખાચર લાખાને થયું છે જાણ;
ચઢિયા ભાવોજી ભળામણ દેય, શશવતા ભાઇયો સંઘાતે રહેય. ૧૫

ચડિયા હરભમજી વાદિત્ર વાજે, ભેર ભૂંગળ ને શરણાઇઓ ગાજે;
આનંદ ઓછ્વ ત્યાં કણે થાય, એની આગળ તકીયો કરાય. ૧૬

વહોરો કપુર કુંવરને કેહે, બાંધે હથિયાર તે આગળ રહે;
કુંવર હરિસંગજી કરમનો કોટ, સાથે રૂપીયા કેટલા છેય. ૧૭

બાંધ્યા રૂપીયા બાવન હજાર, કરો હાસકારા મંગાવો લાર;
કુંવર હરિશંગજી કરમનો કોટ, કાઠિયાવાડ સામી દીધી છે દોટ. ૧૮

બત્રીસ લક્ષણે બાવન વીર, જૂહા સરીખા જેને વજીર;
પહેલું મંડાણ સઉકે કીધું, સેખડા બાળીને ખેર જ લીધું. ૧૯

સીધાં સામાન કટકમાં થાય, ઘોડાનાં જોગાણ ત્યાં જોખાય;
મારી મેવાસ ચોદશ ઘેરી, ગઢ કાંકરા નાંખ્યા છે વેરી. ૨૦

ખોદ્યાં ખોલડાં ટાળ્યાં છે ઠામ, રાણે રાખ્યું ભલું ધરતીમાં નામ;
અરજરામ ઉપર મૂકી છે આગ, લાખા ભીમને લાગી છે ધાક. ૨૧

ભાગ્યો ભીમ ચોટીલે જાય, કેશરિ શાર્દૂલનો મામલો થાય;
ચઢિયું કટક ચોટિલે જાય, રાંધ્યાં ધાન તો કોઇ ન ખાય. ૨૨

કળકળતા કાઢી આવ્યા છે કોર, રતોબાઇએ ચઢવા જાઈ ચોર;
કુંવર વરસો ભાઈ પાય ન કીધા, બાંધી મોરચો માર જ દીધા. ૨૩

ગરજ જોગુ બારા છૂટે છે નાળ,..............ફુટાણું પાળ;
માર્યો વજીર ને વધી છે વાત, જોખને રાણે દેખાડ્યો હાથ. ૨૪

લખિયા વેગળને લાગી છે ગોળી, લાખાની ચોવટ નાંખી છે ચોળી;
ભાગ્યો ચોટોલો ટાળ્યાં છે ઠામ, મારી કાઠિયાવાડ મૂકાવ્યો મામ. ૨૫

ચોરાશી સાથે કરવો સો વાદ, નરપત ફેરો ઉતર્યો નાદ;
વેશંનો જામ રીસાળ રાણો, મારી પરગણું મરદ કહેવાણો. ૨૬

ચડે વેગડે ધરતી વશ કીધી, મારી કાઠિયાવાડ સલામી લીધી;
ચડિયું કટક છાયો છે ભાણ, વેરીને ઘેર પડિયું ભંગાણ. ૨૭

દાનો હમીર મળવાને આવ્યા, ઘોડા ચાર તે સલામે લાવ્યા;
ઉભા ઢઢીડા ગીત જ ગાય, બેહેચર રામને શરપાવ થાય. ૨૮

ચોપગું કટક ચંદૂલે જાય, કેસર કસુંબા સાદુડા થાય;
ઉપર ઘૂઘરી ગોઠ વહેંચાય.... ... ... ૨૯

ઉડણ આવ્યો છે આદરિયાણે, લાખો લાજે ને મેવડો જાણે;
ધારશી, ડુંગર, ડાહ્યા કલાજ, કીધા ટોળીએ આવ્યા જે કાજ, ૩૦

બળદાણે આવી બપોર કીધા, ચાકરના મહિના ચુકાવી દીધા;
સારે શુકને ઘેર આવ્યા છે રાય, આનંદ ઓછવ ઘેર ઘેર થાય. ૩૧

એહ શલોકો મૂળજી કહે, રાજા હરભમજી અવિચળ રહે.
...................................................... ૩૨

## વાંકાનેરના રાજની વંશાવળી

સરતાનજી
માનાજી
રાજસંધજી
ચંદ્રસંધજી
કેસાભાઈ
ભારાજી
બાપજી
કેસાભાઈ
ડોસાજી
વખતસંધજી
જશવતસંધજી
બનેસંધજી. (હાલ છે.)

## ધ્રાંગધ્રે

રાજચંદસંધજી
અમરસંધજી
મેઘરાજજી
ગજસંધજી
સજોજી
રાજસંધજી
અમરસંધજી
રણમલસંધજી
મનુભા

## કોટામાં

માધવસંધજી
મદનસંધજી
પ્રથીરાજ
જાલમસંધજી
માધવસંધજી
મદનસંધજી
પ્રથીરાજજી

## સાયલામાં

શેસમલજી
વખતસંધજી
મદારસંધજી
બાપુભાઈ
કેસરીસંધજી

## ચૂડામાં

અભેસંધજી
રાજસંધજી
ભાવોજી
હડીભાઇ
અભેસંગજી
રાજસંધજી
બેચરસંધજી.

## થાન લખતરમાં

અભેસંધજી
વજેરાજજી
સેસમલજી
ગોપાળસંધજી
કરણસંધજી
અભેસંધજી
રાજધરજી
ચંદ્રસંધજી
પ્રથીરાજજી
વજેરાજજી
અખેરાજજી
કરણસંધજી.

# પ્રકરણ ૯ મું

## અમદાવાદ વસ્યાની વાત *

જ્યારે અમદાવાદ વસ્યું નહોતું ત્યારે આ ઠેકાણે આસપાસ ઝાડી હતી. એને આસ્તોડીયું અથવા આસાવલી નામ હતું. ( **संस्कृत आशापल्ली लखेलुं छे** ) તેમાં આસો ભીલ રહેતો હતો. તેની એક દીકરી ગુર્જર કુંવરી નામે હતી. તે બહુ રૂપાળી હતી. એ સમે હાલના માણેકચોકને ઠેકાણે સાભ્રમતી નદી વહેતી હતી. ત્યાં તે બાઇ હંમેશાં પાણી ભરવા આવતી હતી. એવામાં પાટણના પાદશાહ અહમદશાહનો રાવત પાદશાહનો ઘોડો લઇને પાણી પાવા આવ્યો. અને ગુર્જર કુંવરી સાથે મેળાપ થયો. પછી તે રાવત દરરોજ તે ઘોડો લઇને પાટણથી એક રાતમાં આવીને ગુર્જર કુંવરીને મળીને તે જ રાતમાં પાછો જાય.

એ વાત પાદશાહના જાણવામાં આવી. પછી પાદશાહે આવીને પોતાના નામથી એહમદાવાદ શહેર સંવત ૧૪૬૭ માં વસાવ્યું. અને ગુજરકુંવરીને પાદશાહે પોતાના મેહેલમાં રાખી. તે સમે માણેકનાથ બાવો નદીને કાંઠે રહેતો હતો. અને પાદશાહે કોટ ચણવા માંડયો; ને આખા દહાડામાં કોટ ચણાય તે વખતે પેલો બાવો ગોદડીમાં દોરા ભરે, પછી રાતે પેલા દોરા કાઢી નાંખે, એટલે પેલો ચણેલો કોટ પણ બધો પડી જાય. તે વાતની પાદશાહને ખબર પડી ત્યારે પાદશાહે વિનંતી કરી. ત્યારે બાવે કહ્યું કે મારૂં નામ કાંઈ રાખે તો વસાવા દઉં. પછી તેના નામનો માણેક બુરજો ચણાવ્યો, તથા ચોકનું નામ માણેકચોક રાખ્યું.

---

* લખાવનાર: અમદાવાદના કાળીદાસ તથા વાઘજી.

# પ્રકરણ ૧૦ મું

## મૂળીના પરમારોની ખ્યાત

જ્યારે જાદવ પરમાર ધારને કીલ્લેથી પાટણ આવ્યા, ત્યારે તેઓનો ભાઇ રણધવળ ધારને કિલ્લે રાજ કરતો હતો. તેના વંશનો એક ભાઇ ત્યાંથી નીકળી જઇને પારકરમાં વસ્યો. તેના વંશમાં ચંદન તથા સોઢો પરમાર થયા. તે સોઢો રોજ સવારમાં સૂતાં ઉઠીને દાન આપ્યા પછી ઢોલીએથી પગ હેઠો મૂકતો હતો. તેના વંશમાં મોજો અને લગધીર થયા. તેઓ પારકરનું રાજ કરતા હતા, એવામાં સાત દૂકાળી પડી. ત્યારે પોતા જ સહિતે દુઃખ પામવા માંડયું. એટલે પોતાના કુટુંબ સુધાં ત્યાંથી નીકળ્યા.

તેઓ રાજ સૂર્યદેવની મૂર્તિની પૂજા કરતા હતા. તે દેવને **मार्तण्डराज** અથવા માંડવરાય કહેતા હતા. પહેલો મુકામ ગાઉ પાંચ ઉપર કર્યો. ત્યાંથી પાછા આવીને તે દેવની પૂજા કરી. બીજે દહાડે દશ ગાઉ ઉપર જઇને મૂકામ કર્યો. ત્યાંથી પાછા આવીને પૂજા કરી. એવી ઘણી તસદી પડી, પછી મૂર્તિને સાથે લીધી. તે દેવે સ્વપ્નમાં કહ્યું કે તમે મને લઇને જાઓ અને જે ઠેકાણે મારા રથનું પૈડું અટકે તે ઠેકાણે તમે રહેજો. પછી ચાલતાં ચાલતાં પંચાળ દેશમાં મૂળી નામની આયરડીનો નેસ હતો તેની સીમમાં આવ્યા, ત્યાં રથનું પૈડું અટકયું.

ત્યાં તેઓ રહ્યા એવામાં વઢવાણમાં વડલા વાઘેરોનું રાજ હતું. તેના સાળા છભાડ શાખાના રજપૂતનું સાયલામાં રાજ હતું.

ત્યાં છભાડો એક સમે શિકારે નીકળેલા હતા. તેઓ એક તેતર પાછળ દોડયા. એટલે તે તેતર ઉડીને પરમારોના ઉચાળામાં જઇને પડયો. પછી બધા છભાડોએ પરમારોના ઉચાળાને ઘેરો લીધો. પછી મુંજા તથા લગધીર પરમારોને બોલાવીને કહ્યું કે અમારો તેતર

નાશીને તમારા ઉચાળામાં આવ્યો છે, તે અમને આપો. ત્યારે તે પરમારોએ છભાડોનું સન્માન કરવા માંડયું, કસુંબો પીવાનો કહ્યો. તેથી છભાડોએ જાણ્યું કે આ પરમારોમાં કંઈ દૈવત નથી, એટલે વધારે હઠ કરીને તેતર માગ્યો. ત્યારે મુંજા અને લગધીરે કહ્યું કે, અમે તમારો તેતરો લેવા આવ્યા નહોતા, અને જે તેતરો અમારે શરણે આવ્યો તે અમારાથી અપાય નહીં. પછી તેઓની સામા લઢાઇ થઈ:—

**દોહરો**

જંગલ તેતર ઉડિયો, આવ્યો રાજદુવાર;
છભાડ સઉ ઘોડે ચઢયા, બાંધી ઉભા બાર. ૧

પહેલ પહોર ચઢે તડે, સોઢાનો સંગ્રામ;
રત ઘેરે રતનાવતે, નિશ્ચળ કીધું નામ. ૨

મુંજા તીતર માહરો, માનો દુજણ સાર;
ગર્વભર્યા ગુજરધણી, આપે નહીં એ વાર. ૩

પહેલ પહોર ચઢંતડે, સોઢાનો સંગ્રામ;
રત ઘરે રતનાવતે, નિશ્ચળ કીધું નામ. ૪

સંવત સાત પનોતરો, ટાઢાં પોયણતીજ;
સોઢા ને ચભાડ શર, ધજવડ કીધી ધીજ. ૫

પડયા છભાહર પાંચસે, સાગ વીશું સાત;
એક તેતર કારણે, અખરાળી અખ્યાત. ૬

ધરૂ ચળે, મેરૂ ડગે, ગામ મરેડ ગરનાર;
મરેડ કેમ મૂળી ધણી, પગ પાછા પરમાર. ૭

થાન કુડોળો ચોઢગઢ, થર મૂળીરો વાસ;
એ તો દે પરમારને, અવર ન દુજી આસ. ૮

એ લઢાઇ થઈ ત્યારે સોઢાઓનો સરદાર વઢવાણમાં રહેતો હતો; માટે છભાડોની બેને પોતાના સ્વામીને કહ્યું કે, મારા ભાઇઓને મારનારનો સરદાર અહીં રહે છે, માટે તેને મારો. ત્યારે રાજાએ

કહ્યું કે મેં એને કોલ દઇને તેડાવ્યો છે, માટે ખૂટીને તો મારીશ નહીં, પણ જુગતીથી બીજી રીતે પરભાર્યો મરાવીશ.

એવામાં ગુજરાતમાં ચાહો તથા ફતો ભીલ જોરાવર હતા. તે વાઘેલાના પ્રગણાં લૂંટતા હતા. એ ફતો ફતેવાડીયાના કીલ્લામાં રહેતો હતો. અને ચાહો ચાહલ પરામાં રહેતો હતો. તે ભીલોને મારવા જવાને સોઢને વાઘેલે હુકમ કર્યો. તે એવું ધારીને કે પરભાર્યો ત્યાં કપાઈ મરશે એટલે થયું. પછી સોઢાઓએ જઇને પ્રથમ ચાહને, અને પછી ફતા વગેરે ભીલોને માર્યા.

તેથી વઢવાણના વાઘેલાઓએ પરમારોને મૂળીની, થાનની, ચોટીલાની અને ચોબારીની એ રીતે ચાર ચોવીશીઓ આપી. આગળ જતાં થાનની ચોવીશી ઝાલાઓએ દબાવી, અને ચોટીલા તથા ચોબારીની કાઠીઓએ લીધી. પછી કાઠીઓ મૂળીની ચોવીશી દબાવા આવ્યા હતા.

એ રીતે મુંજા અને લગધીર પરમારોએ ચભાડોને મારીને મૂળીનું રાજ લીધું, તે લગધીરનો પુત્ર ચાંચ પરમાર નામે થયો. તેણે મૂળીમાં વાઘનું દાન આપ્યું હતું.

**દોહરો**

ચંચે સિંહ સમપ્પીઓ, કેસર જલ્લે કાન;<br>
પહોંચ્યો પરમારો ધણી, રમતો મૂકયો રાન. ૯

તે ચાંચનો દીકરો રતન પરમાર થયો. તેણે ક્રોડ પસાવ આપ્યા હતા.

**દોહરો**

કુળ બીજે કાકો થિયે, લાખ વરીસણ લોય;<br>
સોઢા વણ સૂજે નહી, કોડ વરીસણ કોય. ૧૦

**અર્થ.**

બીજાં કુળોમાં કોઈ કોઈ પુરૂષ લાખપસાવ આપનારા થઇ ગયા છે. પણ ક્રોડ પસાવ આપનાર સોઢા વંશ શિવાય ક્યાંએ દેખાતો નથી.

### છંદ ઝૂલણા

વખત ભાંમણે મુંજાવત બિરદાળરી, ગ્રહે જાયાનો નોગ્રેહ ભૂઠા;
ભૂશતા વાઘ ત્યાં એવડી બેજારાં, વાર વાડતાં તે જ્યું શેહેર વૂઠા;
નખત્રી બરાબર રાવરાણા નહીં હજારી આંગણે વાલ હટકે;
હાળહદ મૂળીએ વાઘરૂ ઉકતા, ખાટરાં મેડીએ કડાં ખટકે;
ચાર ચોવીશીયાં કલાવત ચાકળે, સારીયાં વાર સંસાર સારો;
કનપું ઉદાણિએ નીર વહે કામની વાહરે વાહ રતનેશવારો.૧૧

મૂળીમાં માંડવદેવનું જૂનું દેરૂં છે તથા રાક નામની જૂની વાવ છે. સંવત ૧૮૮૮ ની સાલમાં સ્વામીનારાયણનું મોટું દેરૂં ચણાયું છે. તેથી મૂળી નામ પ્રખ્યાત છે.

---

## પ્રકરણ ૧૧ મું

### રાણપુરની હકીકત

રાણપરને પાદર દક્ષિણ દિશામાં ભાદર નામે નદી છે. તે મદાવો નામે ડુંગર ત્યાંથી ગાઉ ૨૫ ઉપર છે, ત્યાંથી આવે છે. રાણપરથી ૧૮ ગાઉ ઉપર તે ભાદરમાંથી જૂદું સરણું ફાટેલું, તેનું નામ ગોમા નદી છે. તે બે નદીઓ વચ્ચે ગાઉ ૩ સુધીનો અંતરામણ કોઇ ઠેકાણે છે. ને રાણપરને પાદર કીલ્લો પાદશાહી છે. તેની પૂર્વમાં તે બે નદીઓ એકઠી થઇને ધોલેરાની ખાડીમાં ભળે છે.

રાણપરનાં ૬૫ ગામોથી કેટલાંએક ગામો આસપાસના તાલુકામાં ભળી ગયાં છે. એક વાર પાળીયાદ વગેરેના કાઠી પસોએ રાણપર હાથ ગયું હતું, ત્યારે રાણપરના કસબાતી ગરાસીયા અમદાવાદથી

આજમખાનને મદદે લાવ્યા હતા. તે આજમખાને રાણપરમાં સરકારી થાણું રાખ્યું, અને પાદર કીલ્લો બાંધ્યો. ત્યાર પછી વઢવાણનો રાજા સબળસંઘજી થયો. સંવત ૧૮૦૦ ઉપરના સૈકડામાં, તેણે રાણપરમાં ૭ મહીના સુધી પોતાનો અમલ ચલાવ્યો, અને રાણપરના આલમભાઇએ કીલ્લામાં પોતાનો હાથ રાખ્યો હતો. તે સબળસંઘજીની ફોજ રાણપરમાં પેસતી વખતે મોટી લઢાઈ થઈ હતી, અને બંને તરફનાં કેટલાંએક માણસો મરાણાં હતાં.

પછી દામાજી ગાયકવાડ મુલકગીરી કરવા નીકળ્યા, ત્યારે આલમભાઈ અમદાવાદમાં જઇને તેને મળ્યા. અને દામાજીને લાવ્યા. તેને આવતા સાંભળીને વઢવાણનો રાજા વઢવાણ ગયો. આલમભાઇને દામાજીએ નજરાણામાં આપ્યું, અને તેની પાસે વઢવાણનું ગામ નાગનેશ મરાવ્યું. તે વખતે વઢવાણવાળાનાં ૧૮૦૦ માણસો મરાણાં.

રાણપરને પાદર ગોમા નદીને કાંઠે એક મસ્જીદ છે તે વિષે એવી વાત ચાલે છે કેઃ

અસલ અહીં રાણા ગોહેલનું રાજ્ય હતું. એવામાં એક મુસલમાન ડોશી તથા તેનો દીકરો મકે જતાં હતાં, તે અહીં રાતવાસો રહ્યાં. પછી સવારમાં ઊઠીને છોકરે બાંગ દીધી. ત્યારે બ્રાહ્મણોએ જઇને રાજાને કહ્યું કે આ મુસલમાને એવા જોગમાં બાંગ દીધી કે આ ઠેકાણે મુસલમાનનું રાજ થાય. પછી રાજાએ તે ડોશીને તથા છોકરાને પકડીને કહ્યું કે, તમે હિન્દુરાજમાં શા વાસ્તે બાંગ દીધી? ડોશીએ કહ્યું કે અમે ગરીબ લોક છીએ, અને અમને માલમ નહોતું કે હિન્દુના રાજમાં બાંગ દેવાય નહીં. પછી રાજાએ એ છોકરાને તલવારના ઘાથી મારી નાંખ્યો. તે ઠેકાણે છેલ્લી વારે છોકરાની માએ મસ્જીદ કરાવી.

એ ડોશીએ અમદાવાદમાં જઇને પાદશાહની આગળ ફરીયાદ કરી, ત્યારે પાદશાહે પોતાના અમીરોને કહ્યું. પણ કોઈ ગોહેલ સાથે

લઢવા ઉભા થયા નહીં. પછી પાદશાહનો ભાણેજ ભેડેરીપરા નામના પરામાં રહેતો હતો. તેની તે જ દિવસે શાદી થઈ હતી. તેણે કહ્યું હું લઢવા જાઉં. પછી પાદશાહ તથા બીજાઓએ તેને ના પાડી, તોપણ તેણે કહ્યું કે ખુદાને વાસ્તે હું જઇને લઢીશ.

પછી તે ફોજ લઇને આવ્યો, અને રાણજી ગોહેલ તેના સામે લઢવા નીકળ્યા. ત્યારે પોતાનાં ઠકરાણાં ૧૬ હતાં. તેને કહ્યું કે મારૂં છત્ર પડે ત્યારે તમારે કૂવામાં પડીને મરવું, નહીં તો મુસલમાનો તમને પકડી જશે. પછી લઢાઇ થતી વખતે, હાલના ધોરવાડા આગળ વાવ છે, તે વાવમાં રાણા વાસ્તે પાણી લેવા સારૂ છત્રવાળો ગયો. એટલે રાણાજીના ભાણેજે પોતાની ૧૬ મામીને કહ્યું કે દારૂનાં કુલ્લાં ૧૬ ભરેલાં છે તે સળગાવીશ. તેથી મેડી સળગશે ને તમે મરી જશો. પણ હું તમને મુસલમાનના હાથમાં જવા દઇશ નહીં. ત્યારે રાણીઓએ કહ્યું કે અમે આ કૂવામાં પડશું પણ મુસલમાનોના હાથ અમને અડકવા દેશું નહીં. પછી તેઓ કૂવામાં પડીને મૂઇઓ.

તે કૂવો હાલ કિલ્લામાં છે, અને રાણાનો નહાનો કિલ્લો હતો. તે જ ઠેકાણે આજમખાને મોટો કિલ્લો બંધાવેલો છે. પછી તે રાણો કિલ્લા આગળ મરાણા અને ભંડીડેરીમલ પણ એટલામાં જ મરાણો. તે બંનેની જગા આજ સુધી પ્રસિદ્ધ છે, તથા વાવમાં ઉતર્યો હતો તે છત્ર ધરનારો તે પાળીઓ છે.

એ કીલ્લામાં રાજબાઇ માતાનું સ્થાનક છે. તે વિષે એવી વાત ચાલે છે કે ઉપર જણાવેલા રાણાજી તથા અમદાવાદનો પાદશાહ એ બંને કોઇ રાજાને ઘેર પરણ્યા હતા. પછી એક સમે પાદશાહને પરણેલી રજપૂતાણી તથા રાણાજીની રાણી, એ બંને પોતાના માબાપ-ને ઘેર ગયાં હતાં. ત્યારે પાદશાહને પરણેલી રાણીએ પોતાની પહેલી બેનને કહ્યું કે આવો આપણે ભેળાં જમવા બેસીએ. ત્યારે પેલીએ કહ્યું કે તમે પાદશાહને પરણ્યાં છો, અને મારો ધણી તો તાલુકદાર

છે, માટે તમે મોટે દરજ્જે છો, તેથી હું તમારા ભેગી જમવા જોગ્ય નથી. એ વગેરે ઘણાં બહાનાં કાઢયાં, પણ પેલી મોટી બહેને હઠ લીધી. ત્યારે નાની બહેને કહ્યું કે તમે મુસલમાનને પરણ્યાં છો, માટે કે તમારા ભેગી જમું, તો વટલાઉં, વાસ્તે તમારે એ વાત બોલવી નહીં. એ વચનો સાંભળીને મોટી બેનને રીસ ચઢી. પછી તેણે મનમાં એવો નક્કી ઠરાવ કર્યો કે, આ નહાની બેનને મારા ભેગી જમાડવી. પછી તે મોટી બહેન પાદશાહને ત્યાં ગઈ અને પછી પાદશાહને બધી વાત કહી.

એક સમે રાણાજી પાદશાહની કચેરીમાં ગયા. એવામાં રાણાજીના ઢોલીયાનો એક ચાકર તકશીરમાં આવ્યાથી તેને કાઢી મૂકેલો, તે રાણાજીની સાળી પાસે ચાકર રહેલો. તેને તે બાઇએ કહ્યું કે તું રાણપર જઇને કાંઈ બહાનું બતાવીને રાણાજીનાં ઠકરાણાંને અહીં તેડી લાવ. ત્યારે ચાકરે કહ્યું કે, રાણાજીના કાગળપત્ર વિના આવે નહીં. પણ જો રાણાજીની તરફની કાંઈ નિશાની હોય તો તે બાઈ અહીં આવે. પછી તે વાત પાદશાહને કહી. તેથી પાદશાહે એક દિવસ રાણાજીની તરવાર જોવા સારૂ માગી લીધી;અને બીજે દહાડે તેની કટાર, તથા ત્રીજે દહાડે હાથનું માદળીયું જોવા સારૂં માગી લીધું.

એ ૩ નિશાનીઓ આપીને પેલા ચાકરને રાણપર મોકલ્યો. તેણે જઇને રાણાજીનાં ઠકરાણાંને કહ્યું કે હું તમારા ઢોલીયાનો ચાકર છું, તે તો તમે જાણો છો. રાણાજીએ તમને બોલાવવા સારૂ મને મોકલ્યો છે, અને તેની નિશાની વાસ્તે આ ત્રણ જણસો મને આપી છે, અને જો તમે રાણાજીનો હુકમ તોડશો, તો તે તમારો ત્યાગ કરશે. વાસ્તે તમારે જલદીથી પધારવું જોઇએ. આ વાત સાંભળીને રથ જોડાવીને તે બાઇ તે ચાકર સાથે ચાલ્યાં, અને અમદાવાદ સુધી આવ્યાં. ત્યાં રાણાજીનો માણસ હતો, તે રાણાજીનો રથ જોઇને સામા ગયા. એટલે પેલો ચાકર નાશી ગયો. પછી તે બાઇને રાણાજીને ઉતારે લેઇ ગયા. રાણાજીએ પૂછયું કે તમે અહીં કેમ આવ્યાં છો ?

ત્યારે બાઈએ કહ્યું કે હું તમારા હુકમથી આવી છું. પછી તરવાર, કટાર, તથા માદળીયું દેખાડયું, ત્યારે રાણાજીએ જાણ્યું કે દગો થયો.

પછી પાદશાહે કહેવરાવ્યું કે તમારાં દકરાણાંને અહીં મોકલો, અને નહીં મોકલો તો જબરદસ્તીથી લેશું. પછી એ બાબત લઢાઈ થઈ. આખર રાણાજીની પડતી દશા આવી. ત્યારે કાઠીયાવાડના ભિમેટા ગામના દૂદા ચારણની દીકરી રાજલ હતી. તેને રાણાજીએ દકરાણાંનો વેશ પહેરાવીને પાદશાહના દરબારમાં મોકલી. તેને આવતાં સાંભળી પાદશાહે લઢાઇ મોકુફ રાખી.

પછી રાણાજીએ રાણપર આવીને પોતાના કીલ્લામાં રાજબાઈ માતાનું સ્થાપન કર્યું. તેને પોતાની કુળદેવી કરીને માની.

પછી એ ઠેકાણે જ્યારે આજમખાને કીલ્લો ચણાવા માંડયો. તે આખા દહાડામાં જેટલો જણાય, તે રાતમાં પડી જતો હતો. ત્યારે આદમખાને એક ઔદીચ્ય બ્રાહ્મણને બોલાવીને પૂછયું કે આ કિલ્લો આ રીતે પડી જવાનું શું કારણ છે? ત્યારે તેણે કહ્યું કે આ ઠેકાણે રાણાજીની કુળદેવી રાજબાઈ માતાનું સ્થાનક છે. માટે તેનું સ્થાપન કરશો ત્યારે જ કીલ્લો થવા દેશે, નહીં તો થવા દેશે નહીં. પછી એ દેવીનું સ્થાનક આદમખાને તે કિલ્લામાં કર્યું. તે હાલ સુધી છે. અને એ માતાની પૂજા કરવા સારૂ એ જ ઔદીચ્ય બ્રાહ્મણને વંશપરંપરા વર્ષાશન કરી આપ્યું, તે પણ હાલ સુધી ચાલે છે.

# પ્રકરણ ૧૨ મું

## ધોળકાના કસ્બાતીની વાત*

કહે છે કે ધોળકાના તાલુકદાર પણ મૂળીના પરમારના વંશના છે. હાલોજી, લગધીરજી વગેરે ત્રણ ભાઇઓ હતા. તેઓમાંનો મોટો ભાઈ હિન્દુ રહ્યો. તેના વંશના મૂળીના પરમાર છે. અને બીજા બે ભાઇઓ મુસલમાન થયા; તેમાંના એકને રાણપર તાલુકો મળ્યો. તેના વંશના રાણપરમાં છે. અને બીજાને બોટાદ પ્રગણું મળ્યું હતું.

પછી સંવત ૧૭૮૦ ની સાલમાં બોટાદથી એક ભાઈ ધોળકે આવીને રહ્યો. તેનું નામ મલેક મહમદ હતું. તેનો દીકરો મલેક હુસેન મહમદ—તેનો મલેક કમાલ મહમદ હતું. તેને સાત દીકરા થયા. મલેક નામત, મલેક જાફર, મલેક ફતેમહમદ, મલેક નૂરમહમદ, મલેક અછા, મલેક મહમદ, અને મલેક જહાંગીર.

એ સાત દીકરાઓએ અમદાવાદમાં નવાબ કમાલુદીનની નોકરી કરી; અને અમદાવાદમાં મારવાડીનું રાજ થયું ત્યારે તેની નોકરી પણ કરી, તે મોટી આબરૂથી ઘોડા ૨૦૦ તાબામાં રાખીને નોકરી કરી. પછી અમદાવાદમાં સૂબો બદલાયો, એટલે જૂનાગઢના નવાબની નોકરી કરવા ગયા. ત્યાં કેટલાએક વર્ષ રહ્યા. પછી કેટલાએક વર્ષનો પગાર લેણો રહ્યો, તેટલા રૂપીયા વાસ્તે પાલીતાણાથી ત્રણ ગાઉ ઉપર ગારિયાધાર ગામ છે, ત્યાંના ગામની પાસે નવાબની જમાબંધીનું લેણું હતું. વાસ્તે નવાબે તેના ઉપર ચીઠ્ઠી કરી આપી અને મલેક નામત વગેરેને ગારિયાધારવાળા સાથે ઘણો મેળાપ હતો, તેથી ખુશીથી એ હુકમ લઇને પોતાના ભાઇ ભત્રીજા વગેરે શિરબંધી સુધાં ગારીયાધાર ગયાં.

* રાજેશ્રી લલ્લુભાઈ હલાસરામની મારફતે મળેલી.

ત્યારે ગામેતીએ સન્માન કરી, બધા સિરબંદીઓની સારી બરદાશ કરવા સારૂ, વસ્તીમાં ઘર દીઠ એક એક અસ્વારનો ઉતારો કરાવ્યો, અને રઇયતને કહ્યું કે તે અસ્વારોની સારી પેઠે ચાકરી કરવી. પછી રાતમાં કપટ કરીને સઉ ઉંઘેલા હતા, તે વખતે ભંગીયા પાસે ઢોલ વગડાવ્યાં. તે જ વખતે હરએક ઘરવાળાએ પોતાને ઘેર સૂતેલા અસ્વારોને મારી નાંખ્યો.

એ રીતે તમામ સિરબંદીઓ કતલ થઈ ગયા, અને ઉપર લખેલા સાત ભાઇઓમાંથી મલેક ફત્તેમહમદ તથા મલેક અછા એ ભાઇ જીવતા રહ્યા. તે એવી રીતે કે એક ગામમાં એક મુસલમાન ચહુવાણ રહેતો હતો. તેને ઘેર બે જણોનો ઉતારો હતો. તે મુસલમાને બે જણને ઘરમાં છાના રાખીને વાડીના કૂવાના કોસમાં ઘાલીને તે કોસ ગાડા ઉપર નાંખીને અંધારામાં ગામ બહાર કાઢી મૂકયા.

તેઓ ગઢડે ગયા તે ગઢડામાં બે ગામેતી હતા. તેમાં એક સાથે તેઓને સલાહ હતી, અને બીજા સાથે વેર હતું. તે ગામેતીએ ઘોડા બે તથા લુગડાં સારાં પહેરવા આપીને ધોળકે મોકલ્યા. એ વાત સાંભળીને ધોળકામાં તેઓનાં સગાંવ્હાલાં બહુ દિલગીર થયાં. તે બંને ભાઇઓ દિલગીર થઈને કહેવા લાગ્યા, કે હવે અમે ફકીર થઇ જઇશું. પછી સગાંવહાલાંએ સમજાવ્યા કે ફકીર થવું નહીં. પણ હવે તો વળી સરબંદીનો જમાવ કરીને કોઈ સમે વેર વાળવાનો વિચાર રાખવો.

પછી તેઓ ફરીથી જૂનાગઢના નવાબની નોકરી કરવા ગયા. ત્યાં બે ચાર વર્ષ રહ્યા, પણ પેલું વેર વાળવાનો જોગ બન્યો નહીં. એવામાં એક વાર ગાયકવાડની ફોજ કાઠીયાવાડ તરફ ગઈ, તેમાં ધોળકાના કસ્બાતી નીવાજખાન પણ ગયા હતા, અને તે ગામની જમાબંધી નીવાજખાને ભરીને તે ગામ મરાવ્યું.

ઉપર લખેલા ફતેમહમદ તથા મલેક અછા મીંયાંએ પણ ગાયકવાડની નોકરી કરી હતી. તેણે પોતાના ભાઇઓનું વેર લેવા સારૂ

ગારીયાધારની જમાબંધી ગાયકવાડને ભરીને તે ગામ મરાવ્યું હતું, તથા ગધાડે હળ જોડાવીને ગામ તળીયામાં મીઠું વવરાવ્યું હતું. વળી તે ગામેતીની બે દીકરીઓ પકડી લાવ્યા. તેમાં એકનું નામ જાઇ બાઇ અને બીજીનું નામ ધનીબાઈ હતું. ઉપરાંત એક ગાડું અને ઢોલ લાવ્યા હતા. તે બે ઓરતો થોડાં વરસ પછી ગુજરી ગઇ, અને ગાડું તથા ઢોલ ધોળકા પ્રગણાના ધનવાડી ગામમાં હજી સુધી છે. ગારીયાધાર સાથે હજી સલાહ થઈ નથી.

સંવત ૧૮૭૮ ની સાલમાં ગવર્નર એલ્ફીન્સ્ટન સાહેબની સ્વારી કાઠીયાવાડ તરફ ગઇ, તે સમે તેમનો મૂકામ ગારીયાધારમાં થયો હતો. તેમાં બાપુમીંયાંના અસ્વારો હતા. તે સ્વારોએ તે ગામનું પાણી પીધું નહીં, અને ત્રણ ગાઉ ઉપર બીજું ગામ હતું ત્યાં જઇને પાણી પી આવતા હતા તથા રોટલા ખાઇ આવતા હતા. એ એ વાત ગવર્નર સાહેબને પણ જાહેર થઈ હતી.

ઉપર જણાવેલા ફતેમહમદ સંવત ૧૮૦૨ ની સાલમાં ગુજરી ગયા. તેની ગાદી ઉપર તેમના દીકરા શેરમીંયાં બેઠા. તેમણે ધોળકા તાલુકામાં પોતાનાં ગામોની રાજરીત સારી ચલાવી, અને તરવાર બજાવીને ગરાસ વધાર્યો. તે સંવત ૧૮૫૫ માં ગુજરી ગયા. તેની ગાદી ઉપર તેમના દીકરા બાવામીંયાં બેઠા.

શેરમીંયાંના કાકા અચ્છામીંયાંએ ગરાસમાંથી ભાગ લીધો નહોતો. પણ પોતાની તરવારના જોરથી ધનવાડાના ગામ ૧૧ ના તાલુકદાર તે થયા. તે સંવત ૧૮૨૧ માં ગુજરી ગયા. ત્યારે તેમને ત્રણ દીકરા હતા. તેમાંના બે દીકરાઓએ બાપની મીલ્કતમાંથી ભાગ લીધો નહીં, પણ પરાક્રમથી ગરાસ પેદા કર્યો, અને પાટવી નાના મીંયાં બાપની ગાદીએ બેઠા. તે સંવત ૧૮૫૫ માં ગુજરી ગયા.

તેઓને કાંઈ પ્રજા નહોતી. અને તેઓની બેન નૂરબીબી મલેક શેરમીંયાં સાથે પરણ્યાં હતાં. શેરમીંયાંની બીજી ઓરતને

બાવામીયાં નામનો દીકરો હતો. તે નાનામીયાંનો ભત્રિજો થાય, તેથી તેને ગાદીએ બેસાર્યો. તે પછી જત લોકોના ૪૦૦ સ્વારો બાવામીંયાનાં ગામ લૂટવા આવ્યા હતા. કારણ કે આગળ શેરમીંયાએ એ લોકોને ઘણી વખત માર્યા હતા. તેઓએ બાવામીંયાનાં ગામનાં ઢોરાં લઇને મોજે કેસરડીએ જઇને હુકમ કર્યો, અને ત્યાંના લોકોને પણ હરકત કરી. તેથી બૂમ પહોંચ્યાથી ૬૦ સ્વારો લેઈને બાવામીંયાં ગયા. તે સમે તેમની ઉમર ૨૨ વર્ષની હતી, પણ જઇને ખૂબ તરવાર બજાવી. તેથી જત લોકો નાશી ગયા. તેમાંથી પાંચનાં માથાં અને બે ઘોડા લઇને હેમખેમ ધોળકે આવ્યા. ત્યાં ધોળકેથી બીજા ૩૫૦ સ્વારો આવ્યા હતા, તે સુધાં પાછા ધોળકામાં પેઠા.

પછી સંવત ૧૮૫૬ ની સાલમાં સેલુકરને પકડવા સારૂ ગાયકવાડની ફોજ અમદાવાદ આવી. ત્યારે બાવામીંયાં ૨૦૦ સ્વારો લેઇને ગાયકવાડની તરફ ગયા હતા.

ત્યાર પછી સંવત ૧૮૫૮ ની સાલમાં મલ્હારરાવને પકડવા સારૂ અંગ્રેજ સરકારની ફોજ ને બોલાવી, તે ખંભાતને બંદરે ઉતરી તે વખતે ગાયકવાડના પત્રથી બાવામીંયાં ૨૦૦ સ્વારો લેઈને કડીએ ગયા હતા. પછી બાવામીંયા સંવત ૧૮૬૮ માં ગુજરી ગયા. તે વખતે તાલુકાનાં ગામ ૨૭ તથા ઇનામી ત્રણ હતાં, હાથી એક ને ઘોડાં ૨૦૦ હતાં. બાવામીંયાના બાપુમીંયા અને મલેકમીંયા એ બે દીકરા હતા. તેમાંથી મોટો દીકરો ગાદીએ બેઠો, પણ તેની નાની ઉમ્મરને લીધે આલમખાન કારભારી હતો તેણે વહીવટ ચલાવ્યો. પછી તે આલમખાન સંવત ૧૮૭૧માં ગુજરી ગયા. ત્યારે એ કુંવરોની સંભાળ કરીમ ખુ લૂંડી હતી તે રાખતી હતી. તે લૂંડીએ ખરાબ વહિવટ ચલાવ્યો, અને કરજ વધાર્યું. તેથી સંવત ૧૮૮૦ માં સરકારની જપ્તી બેઠી.

પછી સંવત ૧૮૮૫ માં બાપુમીંયાં ગુજરી ગયા. તેનો દીકરો વહોતો માટે ભાઈ મલેકમીંયા ગાદીએ બેઠા. તે પછી લેણદારોએ

ઇનામ ગામ ત્રણ તથા મીલ્કત હરરાજ કરાવરાવી. પછી મલેકમીંયાં સંવત ૧૯૦૦ માં ગુજરી ગયા. તેનો દીકરો શેરમીંયા થયો. તેને ખર્ચ વાસ્તે દર મહીને રૂપૈયા ૧૨૬–૬–૩ સરકારમાંથી મળતા હતા. પછી હાલ મેહેરબાન પીલ સાહેબે તેના કેટલાએક વખતનો ખુલાસો કરાવ્યો.

---

## પ્રકરણ ૧૩ મું.

### ગોહિલ વંશ વિષે કંઈક

ટુકટોડાના રાજા ચહુઆણ હતા. તેના ચાકર ગોહેલ તથા ડાભીઓ હતા. તેમાં ચહુઆણનું ડાભી ઉપર હેત હતું, અને ગોહેલ ઉપર નહોતું. તેથી ગોહેલે રાજાને મારીને રાજાના ભાઈ ને રાજ આપવાનો વિચાર કર્યો હતો. તે જાણવામાં આવતાં તે રાજાએ પોતાના કુંવરના વિવાહ સંબંધી બહાનું કરીને ગોહેલોને તથા ડાભીઓને જમવા તેડાવ્યા, ને નોખી નોખી જગોમાં જમવાનું કોટમાં ઠરાવ્યું. જ્યારે ગોહેલો જમવા આવ્યા ત્યારે તેમને એકેએક જવા દઇને પછી તેમાં એક મોટી ખાડ ઘાલીને માંહે મોટાં લાકડાં ભરીને સળગાવી રાખ્યાં હતાં તે આગમાં ગોહેલને નાંખતા હતા. જયારે ડાભી જમી જમીને પાછા ઊતારે આવતા હતા, ત્યારે ગોહેલ કોઇ જમીને આવતો નહોતો. ત્યારે ગોહેલોને ઊતારે ગોહેલ સેજો અને ગોહેલ વેજો બે ભાઇ હતા. તેમણે પોતાના ચાકર હજામને કહ્યું જે આ કેમ હશે ? ત્યારે તે હજામે લીમડા ઉપર ચઢીને જોયું. ( એ હજામના વંશના હાલ સુધી લીમવા હજામ કહેવાય છે. ) ત્યારે ગોહેલોને અગ્નિમાં નાંખતા દીઠા. તેથી ભય પામીને પોતાના માણસો લઈને તે બે ભાઈ નાઠા. ખેડા સુધી ચહુઆણની ફોજ તેમને પકડવા સારૂ આવી હતી. પણ તેઓ હાથમાં આવ્યા નહીં, એટલે

ત્યાંથી તે ફોજ પાછી વળી. તે બંને ભાઇ વઢવાણ આવીને ત્યાંના વાઘેલા રાજાને મળ્યા. તેમને રાજાએ પંચાલ દેશમાં રાખ્યા.

ત્યારે સેજા ગોહેલે સેજકપર વસાવ્યું. એટલામાં જંગલ હતું અને ખાંટ ભીલનો ડર લાગતો હતો તેની ચોકી કરવા રાખ્યા હતા. એ વખત સુધી કાઠીઓ પાવરમાંથી આવ્યા નહોતા. ત્યારે સેજકપરથી પશ્ચિમમાં ગાઉ ૪ ઉપર ધાંધલપુર છે જ્યાં ધુંધીમલ નામે ગોસાઈ અસલ રહેતો હતો. તે સમયે સિદ્ધરાજની મા મીણલદેવીને ગર્ભપ્રસવ થતો નહોતો. તેથી તે તીર્થમાં જઇને દેહત્યાગ કરવા જતી હતી. તેણે ધાંધલપુરથી પશ્ચિમમાં ગાઉ એક ઉપર અડાલું તળાવ છે ત્યાં ધુંધીમલ ગોસાઇનું માહાત્મ્ય સાંભળીને એ બાઇ પગે લાગવા ગયાં અને તે ગોસાઇએ તેની શોકોનાં કામો કાઢયાં ને ત્યાં સિદ્ધરાજ જેસંઘનો જન્મ થયો. એ ધુંધલીમલ સિદ્ધનો આપેલો માટે સિદ્ધરાજ નામ પાડયું. પછી તે સિદ્ધરાજ જ્યારે મોટો થયો ત્યારે પોતાની જન્મભૂમિ જાણીને ત્યાં એક વાવ બાંધી. ને એ બાવાને હનુમાન ઇષ્ટ દેવ હતા માટે ધુંધલીમલ નામના હનુમાન બેસાડયા. બાવાનાં પગલાં જૂદી દેરીમાં સ્થાપ્યા તેના નામથી ગામનું ધુંધલપુર નામ ઠરાવ્યું. ( હાલમાં ધાંધલપર કહે છે. ) ને જ્યાં જન્મ થયો ત્યાં અડાલું તળાવ બંધાવ્યું. આ સિદ્ધરાજના જન્મની સંક્ષેપ વાર્તા.

એ તળાવ સુધી વાઘેલાનો દેશ હતો. તેની પશ્ચિમમાં જૂનાગઢવાળા રાજાનો દેશ હતો. તે રાહનો કુંવર અસ્વારી લઇને ફરવા નીસર્યો હતો. તે અડાલા તલાવ પાસે આવીને ઊતર્યો. ત્યારે સેજકપરના ગોહેલોને ખબર થઈ જે કોઇક અસ્વારી અમારી સાથે લઢાઇ કરવા આવે છે. આમ જાણીને ગોહેલો અસ્વારી લઇને સામા લઢવા ગયા, ને સામસામી લઢાઇ થઈ. ગોહેલોએ કેટલાએક માણસોને મારીને કુંવરને તથા સરદારોને પકડી લીધા ને પછી પૂછ્યું જે તમે કોણ છો? ત્યારે તેણે પોતાના સમાચાર કહ્યા. તે સાંભળીને ગોહેલે ઘણો પસ્તાવો કર્યો ને કહ્યું જે અમે ઓળખ્યા વિના તમારી સાથે લઢાઈ કરી.

પછી વેજા ગોહેલની દીકરી રા'ના કુંવરને પરણાવી. ને ગોહેલે કુંવરને તથા બાઇને ઘણી પહેરામણી આપી વોળાવીને રા'ની પાસે જૂનેગઢ ગયા. ત્યારે રા'એ મહેરબાની કરીને ગોહેલોને લાઠી વગેરે ગામ ૧૨૫ આપ્યાં. ત્યારે સેજે જઇને સેજકપર રહ્યા. તેનો વંશ હાલ સુધી લાઠી તથા પાલીતાણામાં છે.

તે સેજા ગોહેલનો દીકરો રાણ ગોહેલ થયો. તેણે રાણપુર વાસ્યું, ને ત્યાં રાજધાની કરી. તે વખતમાં ધંધુકામાં મેર કોળી હતા, તે જોરાવર હતા. તે સાથે હેત કરવા સારૂ રાણ ગોહેલ એ મેરની દીકરીને પરણ્યા. એ બાઇને દીકરા થયા. તેને મોજે ખસ ગામ આપ્યું. તેના વંશના ખસીઆ કોળી થયા. એવામાં વલેમાં તથા તળાજામાં એભલવાળાનું રાજ હતું. તેણે પોતાના પરગણામાં બ્રાહ્મણો ઉપર જુલમ કર્યો, તથા બ્રહ્મહત્યાઓ કરી તેથી તે બ્રાહ્મણો ધંધુકે આવ્યા. ધનમેરે તે બ્રાહ્મણોની આજીવિકા પોતાના પરગણામાં બાંધી આપીને રાખ્યા, ને પોતાનાં માણસ પાંચ હજાર ને રાણાજીનાં ૨૦૦૦ મળીને એભલવાળાને માર્યો. ત્યારે એભલવાળો સુરજને પૂજતો હતો. તે સવા પહોર દિવસ ચઢયા સુધી સુરજની સામો બેસીને સુરજની પૂજા જપ વિગેરે કરતો હતો. તેવામાં ફોજ લઢવા આવી. પણ પૂજા અધૂરી મેલીને ઉઠયો નહીં. પછી મેરે તળાજું તથા વલે પોતાના જમાઇ રાણજીને આપ્યું. ત્યારે રાણજીએ વલેમાં રાજધાની રાણપરમાં હતી, ને ત્યાં આવીને એક મુસલમાને બાંગ દીધી તે સારૂ તેને મારી નાંખ્યો. તે સારૂ પાદશાહની ફોજે રાણાજીને માર્યો.

એ એભલવાળાના કુટુંબી હતા તે જઇને દેશ મવા તથા વાલ (નગર પરગણું) ત્યાં જઈને રહ્યા. પછી કેટલીક પેઢીએ ખસના ખસીઆ જોરાવર થયા. તેણે વાલા પાસેથી વાલાનું પરગણું ઉંચકાવી લીધું ને ત્યાં રહ્યા, ને ઘણી પેઢી સુધી તેણે ત્યાંનું રાજ કર્યું. પછી વખતસંઘજી ગોહેલે ખસીઆ પાસેથી વાલાક દેશ જોરાઇથી લીધો.

હાલ વાલા ગરાશીઆનો વંશ જૂનાગઢ પાસે ઢાંક વીગેરે ગામોમાં છે.

# પ્રકરણ ૧૪ મું

## ગોહેલની વાત સેજકજી પંચાલમાં

ગોહલ ઝાંઝરશીએ મારવાડમાં ખેડીગઢ રાજ કર્યું છે. તેને આઠ દીકરા થયા. તેઓનાં નામઃ—

| | | | |
|---|---|---|---|
| ૧ | સેજકજી | ૫ | હનુજી |
| ૨ | સોનંગજી | ૬ | માનસંઘજી |
| ૩ | દેપાલજી | ૭ | રાણોજી |
| ૪ | દૂદોજી | ૮ | વીહોજી |

એ રીતે આઠ દીકરા સહિત ત્યાંહાં રાજ કરતા હતા. ત્યાંહાં દિલ્લીનો પાદશાહ અકબરશાહ નવ લાખ ઘોડાની ફોજ લેઇને લઢવા સારૂ આવ્યો. તેની સાથે વરસ ૧ સુધી લઢાઇ કરી, તેમાં ચાર હજાર રજપૂત કામ આવ્યા, તથા પાદશાહના ઊમરાવ પણ ૫૦૦૦ કામ આવ્યા. તે દહાડે ગોહલજી ઝાંઝરશી કામ આવ્યા. તેની વાંસે સતીઓ ૪ થઈ. પછી ફેરગઢ ભાગ્યો. એટલે ત્યાંથી કુંવર ૮ પોતાના કુળદેવ મોરલીધરજીની મુરતી રથમાં બેસારીને ગુજરાતમાં આવ્યા. તે આવતાં મોરલીધરદેવે સપનામાં સેજકજીને કહ્યું જે "જ્યાં મારા રથનું પૈડું નિકળી પડે તે ઠેકાણે તમે રેહેજો." એટલે તમારા મનનું કામ ચિંતવ્યું થશે. પછી આવતાં પંચાલ દેશમાં પૈડું વનમાં નિસરી પડયુંઃ

**દોહરો**—રથ ભાગો સમર થશે, સેજક કથ સંભલરાં
ધર સેજકપર નામ ધર, પ્રથમ મુકામ પંચાલ ॥૧॥

ત્યાંહાં સુતારને બોલાવીને રથ સમો કરાવ્યો, અને ચલાવવા માંડયો, પણ ચાલે નહી. એટલે કવિએ ઉપરનો દોહરો કહ્યો. તેથી સુપનની વાત સાંભળી. એટલે પોતાના નામથી પંચાલમાં ત્યાંહાં સેજકપર

નામે ગામ વસાવ્યું. ત્યાંહાં નવ લખો પ્રાસાદ કરાવ્યો. તે ગામથી આથમણો છે. તેમાં મોરલીધરદેવની મુરતી પધરાવી. તે આજસુધી છે. ત્યાંહાં તલાવ ને વાવ પણ કરાવ્યાં, તે ગામથી દક્ષિણ દિશે છે. તે સેજકજી સેજપર રહ્યા, તથા સોનંગજી અને બીજા દેપાલજી એ બે ભાઇઓ કાઠીયાવાડમાં પાલીઆદ ગામમાં વસ્યા. ગોઅલજી દૂદોજી ગામ ટાટમ વસ્યા તથા હનુજી બગડ વસ્યા. માનસંઘજી ભીમડાદ વસ્યા. ગોહેલ રાણાજીએ ઝાલાવાડ પાસે રાણપર વસાવ્યું. ગોહેલ વિહોજી ગામ ખસમાં વસ્યા.

ગોહેલ સેજકજીના ત્રણ દીકરા સારંગજી, રાણોજી અને શીઓજી; દીકરી વલમાજીઆ. તેમાં સારંગજી તથા વલમાંદે તે મારવાડના કણોજગઢના રાજાના ભાણેજ હતા. તેમની માનું નામ કુરજે. શીઓજી અને રાણોજી સરેવૈઆ ગરાશીઆ પાલીતાણા પાસે હાથણી ગામના. તેના ભાણેજનું નામ સજાણકુવરી. તે વલમાજીઆ જૂનાગઢના રાજા મંડલિકને ઘેર પરણાવ્યાં હતાં. તેને સાલ્લા કટારીમાં મંડલિકે ૪ ચોરાશી પ્રગણાં આપ્યાં. તેમાં ચોરાશી ૧ ગામ લાઠીની, ૨ અઠીલાની, ૩ ગામ ખોખરાની અને ૪ થી ચોરાશી ગામ ગારીઆધારની આપી. ત્યારે સારંગજી ગામ લાઠીએ વસ્યા. તેણે પાટવી રાણીને ૨ ચોરાશીઓ આપી. એક લાઠીની અને બીજી અઠીલાની.

ગોહેલ રાણીજીને ખોખરાની ચોરાશી આપી. તેણે ખોખરાથી જઇને દરીયાકાંઠે ગામ પીરમ વસાવ્યું. ત્યાંહાં પેઢી બે સુધી રહીને પછી તેના વંશમાં મોખડોજી થયા. તેણે ઔદિચ્ય બ્રાહ્મણો પાસેથી શિહોર ગામ વેચાતું લીધું. તે મોખડાજીની ત્રીજી પેઢીએથી રાજની નાંહાંનમ પડી, ત્યારે તે કુંવરના બાપની માએ કુંવરને મારવાનો ઉપાય કીધો. તે વાત જાણીને કુંવરની માએ એક કુંભારને પોતાના દુઃખની વાત જાહેર કરી. પછી તે કુંભાર એના બે કુંવરોને તથા તે બાઇને જતન કરીને પાવેગઢ લેઈ ગયો. ત્યાંહાં ચૌહાણનું રાજ હતું. તે શાખે રાવલ કેહેવાતા. ત્યાંહાં જ એ બાઇનું

પીહર પણ હતું. તેના બાપનું નામ રગનાથરાવ, ભાઈનું નામ ત્રંબક-સેનજી. પછી કુંભાર શિહોરમાં આવીને રહ્યો, તેણે એ વાતની કોઈને માલમ થવા દીધી નહી.

એ શિહોરમાં એ કુંવરના બાપની માએ આશરે ૭ વરસ સુધી રાજ કર્યું. પછી એની અંત અવસ્થા થઈ, ત્યારે કુંભાર પાવેગઢ જઇને મોટા કુંવરને શિહોરમાં લઈ આવ્યો. તે સાથે પાવાગઢની સ્વારી પણ હતી. તેણે કુંભારને કહ્યું જે ભાઈ આ કુંવરને તારી મદદથી રાજ મળ્યું છે, વાસ્તે તું ટીલું કરીને તેને ગાદીએ બેસાડ. પછી તેણે ટીલું કરીને ગાદીએ બેસાર્યો. તે જ દિવસથી આજસુધી પણ શિહોર ભાવનગરની ગાદીએ જે બેસે, તેને એ કુંભારના વંશનો કોઈ આવીને ટીલું કરીને બેસાડે છે. તે કુંભારને શિરપાવ મળે છે. એ રાજા મામાની સાખેથી રાવળ કેહેવાયા, અને એ નાના ભાઇને રાજપીપલાનું રાજ મામે આપ્યું, ચાંપાનેર પાસે; તે વાસે ગામ ૧૦૦૦ ને આશરે છે.

આ વાત આશરે સંવત ૧૩૦૩ ની સાલમાં બની. પછી એ શિહોરના રાજાઓના વંશમાં ભાવસંધજી થયા. તેણે સંવત ૧૭૭૯ વૈશાખ વદી ૩ ની સાલમાં ભાવનગર વસાવ્યું.

ગોહેલસંધજી આગળ લખ્યા છે; તેને ગામ ગારીઆધારની ચોરાશી આપી તે ત્યાં વસ્યા. પછી તેના મામા સરવૈયા જૂનાગઢના રાજા હતા તેણે એનને કાપડામાં ગામ પાલીતાણું આપ્યું. તે વાંસે ગામ ૧૦૦ ને આશરે છે. તેના વંશમાં હાલ પ્રતાપસંધજી ત્યાં રાજ આવે છે.

ગોહેલ વીહોજી ખસમાં વસતા હતા. તે એક સમે શીકાર રમવા નિસર્યા, તે વનમાં ભૂલા પડયા અને જે સાથે સ્વાર ૫૦ હતા તે જૂદા પડી ગયા અને વીહોજી એકલા રહ્યા. તેને પાણીની તરશ લાગી તે ગામ ધંધુકાની પાદરમાં ભાદર નદીને કાંઠે આવ્યા. તે ગામમાં કોળીઓની વસ્તી હતી. તે શાખે મીર

કહેવાતા. ત્યાંહાં ગામના ધણી દૂદા મીરની દીકરી પાણી ભરવા આવી હતી તેનું નામ સવીરાંબા હતું. તે બાઈનું સ્વરૂપ ઘણું દેખીને ત્યાંહાં આવીને વીહોજીએ પાણી માંગ્યું. તે બાઇએ વીરડામાંથી પાણીનો વાટકો ભરીને આપ્યો. તે પાણી પીને તેણે પૂછ્યું જે બાઈ! તમે કોણ નાતે છો? ત્યારે બાઇએ કહ્યું જે પાણી પીઇને હવે શું પૂછો છો. આ ગામનો ધણી દૂદો મીર છે તેની દીકરી હું છું. પછી તે વિહોજી તે બાઇની સાથે દૂદા મીરને ઘેર આવીને ઊતારો કર્યો અને પૂછ્યું જે તમારી દીકરીનું સગપણ કીધું છે? ત્યારે મીરે ના કહી. પછી તે બાઇને વીહોજી રૂડી રીતે પરણ્યા. તે બાઇને લેઇને પોતાનું ગામ ખસ છે, ત્યાં ગયા. અને તે વીહોજી જ્યારે અમદાવાદના પાદશાહ ઔરંગશાને મળવા આવતા ત્યારે પાદશાહ વીહાજીને ખશીઆ કહીને બોલાવતા (ખસ ગામના માટે). તેની શાખ આજ પણ ખશીયા કેહેવાય છે. અને તે વંશના છોરૂ કોળીની નાતમાં વરે છે અને તે પણ જાતે કોળી કેહેવાય છે.

તેના વંશમાં રતનો ખશીઓ થયો. તેણે ખસ ગામને પાદર રતનાગર કૂવો કરાવ્યો તથા ગામ અલાઉથી દક્ષણ દિશા તરફ ગંગવો કુંડ ચોરસો કરાવ્યો. પછી તેણે બોટાદ ગામ વસાવ્યું ને ત્યાંહાં રહ્યા. ત્યાંહાં માતા અંબાજીની દેરી બજાર વચ્ચે કરાવી તે હાલ છે. તેના વંશના બોટાદથી ૬૦ કોસ ઉપર સલેમાન ખશીએ અસંગડો ગઢ વસાવીઓ તે ગિરમાં છે.

એ સમે ઔરંગશાહાની મા ઓરમાન હિન્દુ હતાં. તેને એવો નિયમ હતો કે સોમનાથનું દર્શન કરીને જ અન્ન જમવું. તેથી ઔરંગશાહાએ સોમનાથને અમદાવાદમાં લાવવાની ઉમેદવારીથી કટક લેઇને ચઢાઈ કરી. તે વખત ગઢ ત્રસંગડે હાચો અને ભાચો એ બે મકવાણા રેહેતા હતા. તેમની પાસે ૨૫૦૦ કોળી હતા. તેમણે પાદશાહ સાથે મોટી લઢાઈ કરી. સોમનાથ સારૂ તે સરવે મરાણા. તેમાં હાચાભાચાની પાદશાહે ઘોરો બનાવી છે અને ૨૫૦૦ પાળીઆ કીધા છે.

તે ગઢ ત્રસંગડે છે. ત્યાંહાં એક વાવ છે. તેનું નામ ધારાતીરથ કહેવાય છે. લઢાઇ થઈ તે માટે ત્યાંહાં ખશીઆ ૭૦૦ મરાણા. તેના પણ પાળીઆ છે.

પછી ખસીઆના વંશના ત્યાંથી ઊચાળા લેઇને નદી શેત્રંજીને કાંઠે નેસ બાંધીને રહ્યા. તે અરજણજી ખસીએ રહ્યા. તેના દીકરા ૨, વીજો ૧ અને મશરી ૨. તે બે ભાઇએ શ્રી મઊવા ગિર પાસે મેંતીઆલું ગામ કાઠીઓ પાસેથી લઢીને લીધું. તેનો ધણી સામંત ખાચર હતો. તે ગરીબ થઇને એ ગામમાં રેહેતો હતો. તેના બાપનું ખરચ કરવા માંડયું. તે વીજા અને મશરી ખસીએ કોળી ૨૦૦૦ ભેળા કરીને લૂંટી લીધું. તે ઉપર સામંત ખાચર ગાયકવાડ દામાજીની ફોજ લાવ્યો. તે વીજાને પકડીને દામોજી પોતાની ફોજમાં લાવ્યા અને મશરી ખસીએ જઇને મહુવા પ્રગણું ગામ ૩૫૦ ભીલ કોળી પાસેથી લેઇ લીધું અને મેંતીઆલું સામંત ખાચરને સ્વાધીન થયું. પછી ગોહેલ આતાભાઈ ભાવનગરના રાજાએ લઢાઈ કરીને મહુવા પ્રગણું પાછું લીધું અને ગામ મોણપર ગમીર સહિત આતાભાઇએ મશરી ખસીઆને આપ્યાં.

દામાજી વીજા ખસીઆને વડોદરે લઈ ગયા. ત્યાંહાં તે દામાજીની મા પાસે જંત્ર બજાવતો હતો. તે બજાવતાં ચોમાસાની રતમાં પોતાનો દેશ સાંભર્યો. તેથી આંખમાં આંસુ આવ્યાં અને જંત્રનો સ્વર પણ રોંણા જેવો ઊઠયો. તેથી દામાજીની માએ પૂછયું ત્યારે તેણે કહ્યું જે મારો દેશ મને સાંભરે છે. પછી તેણે છોડાવ્યો અને મહુવે પહોંચાડયો.

તે સમે જૂનાગઢમાં જાધવ મંડલિકના વંશમાં મેંપા કુંવર રાજ કરતા. તે વખત ગામ લાઠીના ગોહેલ ભીમજીના દીકરા દુદોજી ૧, અરજણજી ૨, હમીરજી ૩, સુરસંગજી ૪, બેન ૧ રતનકુંવરી; તે જૂનેગઢ મેંપ કુંવરને પરણાવ્યાં હતાં પણ અણમાનીતાં હતાં અને ભાઈ અરજણજી જૂનેગઢ રેહેતા અને બીજા ભાઇ ત્રણ ગામ અઠીલે રેહેતા. ગામ (નાઘેરમાં) શેંધાવના રજપૂત શાખે વાજા નામ વીંઝોજી,

તેની બેન રાંઆજીબા તે જૂનેગઢ મેંપ કુવરનાં રાણી માનીતાં હતાં. તેનો ભાઈ વીધોજી પણ જૂનેગઢ રેહેતા હતા.

પછી એક સમે અતીતની જમાત પરદેશી વેપારી જાતરા ગિરનારની કરવા આવ્યા હતા તે જૂનેગઢ ઉતર્યાં. તેની પાસે તરવાર ૧ તથા જમઈઓ બહુ મૂલનો હતો. તેણે રા' મંડળીકની કચેરીમાં આવીને ભેટ કરી. ત્યારે તે જોઈને મેંપ કુંવર ઘણું રાજી થયા. પછી તે નર વીધાને જોવાને રા'એ હાથમાં આપ્યાં. તેણે તરવાર હાથમાં લેઈને ઘણાં વખાણ કીધાં અને રા'નો બીજો સાલો જે અરજણજી તેની સામે તરવાર ધ્રુજાવીને કહ્યું જે આ તરવાર તો એવી છે કે ૧ લાખ ને નવલખી સોરઠમાં એ ઠુંઠો રેહેવા દે નહીં. ત્યારે અરજણજીએ કહ્યું જે સોરઠમાં ઠુંઠા તો એવા હોય છે કે આવી ૨૫ તલવારો ભાગી જાય તોયે નિસરે નહીં. ત્યારે વીધે વાજે કહ્યું જે એવો ઠુંઠો હોય તો બળદ ૮ જોડીને રાંપ વતે ખોદી નાંખીએ. ત્યારે અરજણજી કહે એવી રાંપો ૧૦ ભાગી જાય, પણ ઠુંઠો નિસરે નહી એવો હોય છે. ત્યારે તેણે કહ્યું જે એ ઠુંઠો અમારે કાઢવો. ત્યારે અરજણજી કહે તમે કાઢતા હો તો અમે તૈયાર છીએ. ત્યારે વીધે વાજે કહ્યું જે ત્યારે જાઓ તૈયાર થાઓ.

પછી અરજણજી અડીલે ગયા અને લઢાઇનો સામાન કરવા લાગ્યા. વીધો વાજો શેંધાવ નામે પોતાને ગામ ગયા અને લઢાઈનો સામાન કરવા લાગ્યા. તે વાત સાંભળીને વીધા વાજાની બેન જે રાઆંજી તે પોતાની વડારણો ૩ લઈને અરજણજીની બેન રતન-કુંવરની મેડીએ ગયાં અને કહ્યું જે અરજણજીએ વીધા વાજા સાથે વાદ કર્યો તે ઠીક કર્યું નહીં; કેમકે એને ઘેર મુલક ઘણો છે તે અરજ-ણજી એને પોંહોંચશે નહી અને વાજાના ઘોડાના પગોમાં કચરાઈ મરશે. માટે તમારા ભાઇને લખી જણાવજો જે એ સાથે વાદ કરે નહી. ત્યારે રતનકુંવર બોલ્યાં જે એ ભાઈને કાંઈ થશે તો હું મેડી ઉપર

છેડો વાળીને રોઈશ નહીં, પણ જાણીશ કે બે બકરાં વધતાં મૂવાં હતાં. પણ પરમેશ્વર રાખશે તેની લાજ રેહેશે. પછી રાઆંજી રીસ કરીને મેડીએ આવ્યાં.

વીધો વાજો સ્વાર ૫૦૦ લઈને ચાલ્યા, તે કાલુભાર નદીમાં આવીને ઊતર્યા. તે વખત અરજણજીના ભાઈ જે સુરસંઘજી અડીલા પાસે ગઢાલી ગામ છે ત્યાંહાં રેહેતા હતા. તે ગામને સીમાડે બેલડીઓ માહાદેવ છે તેની પૂજા કરવા હમ્મેશ આવતા. તેને આવ્યા જાણીને એ સ્વાર ત્યાંહાં આવ્યા. તેને આવતા દેખીને સુરસંઘજીનો ચાકર જેહલો હતો તે ગઢાલીએ જાણ કરવા સારૂ ગયો. ઘરડે વીધે વાજે આવીને કહ્યું જે સુરસંઘજી તમે દેવળ બાહાર નીસરો. ત્યારે સુરસંઘજી કહે જે મારે માળા બે ફેરવવી બાકી છે તે ફેરવીને કહો તો નીસરૂં અને કોહો તો હાલ નીસરૂં. ત્યારે વાજો કહે જે માળા ફેરવીને નીસરો. પછી સુરસંઘજીએ માળા ફેરવીને માહાદેવજીને કહ્યું જે મારી લાજ રાખજો. પછી તરવાર છંડવીને ચાલ્યો, તે વીધા વાજાનો દીકરો જે જશવંતસંઘજી હતો તેના ઉપર ઘા કર્યો, તે ડાબો પગ કાપીને ઘોડાના કાઠામાં ત્રણ તસુ તરવાર બેઠી. પછી સુરસંઘજી ઉપર ૫૦૦ સ્વાર ઊપડયા, તે પર ઘાવ વાગેથી સુરસંઘજી પડયા. પછી એ સ્વાર પાછા વળ્યા તે પાછવાડે ગઢાલી સ્વાર ૧૦ ચઢયા.

ત્યાંથી જેહલો ચાકર નીકળ્યો તે ગામ ધામેલે આવ્યો. ત્યાંહાં સુરસંઘજીનો પીતરાઈ કાકો વરસંઘદે ગોહેલ મુંછડાલ રેહેતા હતા; તેની મુંછોનો ચોટલો પછવાડે ગુંથાતો હતો, તે ૭ સ્વાર લઇને ચઢયા પછી જેહલે હદીલે જાણ કર્યું. તે વખત હદીલાના ચોરામાં દૂદોજી તથા અરજણજી કસુંબો પીતા હતા. એવામાં આવીને સંભળાવ્યું. તે સ્વાર ૧૫૦ લઇને ચઢયા. તે આવતાં નદી નામે ગુડાઝાલી કહેવાય છે ત્યાંહાં ચારણનો નેસ હતો ત્યાંહાં ચારણો પાણી ભરવા આવી હતી; તેને પૂછયું જે વીધા વાજાના ઘોડા કેટલેક ગયા. ત્યારે ચારણીએ કહ્યું જે કાલામાનો ધણી વીધા વાજાનો દીકરો મરાંણો તેને આ નદીમાં

દેન પાડીને ગયા. તેની આ ચેહ બળે છે. ત્યારે દૂદોજીએ અને અરજણ-જીએ જાણ્યું જે આપણે ભાઈએ વેર તો લીધું દેખાય છે. પછી પોતાના ભાઈ સરવે ત્યાંહાં ભેળા થયા. ત્યાંથી વીધા વાજાના ઘોડા વાંસે સૌ મળીને ગયા, તે નદી મચ્ંદરીને કાંઠે ભેળા થયા. ત્યાંહાં લઢાઇ થઈ. તે ૫૦૦ સ્વારને પણ દૂદોજીએ અને અરજણજીએ મારી નાંખ્યા, અને વીધો વાજો પણ મરાયો.

જશવંતસંઘજી વીધા વાજાનો દીકરો પેહેલો મરાઓ હતો તે વરસંઘદે મુછડાલનો જમાઈ થતો હતો. તેનો દીકરો નથુજી ૧૬ વરસની ઊંમરનો હતો તેને પોતાનો ભાણેજ જાણીને વરસંઘદેએ ઉગારી લીધો અને એના ૧૫૦ સ્વારમાંથી ૭૫ મરાયા. પણ અરજણજીને તથા દૂદાજીને વરસંઘદેને શરીરે ઘા વાગ્યા, પણ કુશળ રહ્યા તે નથુજીને લઇને પાછા વળ્યા. તે વખત અરજણજીએ પૂછ્યું જે વરસંઘજીની પાસે એ કોણ છે, ત્યારે કહ્યું જે એ તો ભાણેજ છે. ત્યારે કહ્યું જે કાકો સાપોલીયું સાથે રાખી રહ્યા દેખાય છે. તે વાત સાંભળીને વરસંઘજીએ તરવારથી ભાણેજનું માથું કાપી નાંખ્યું. પછી તેણે દિલગીરીથી પોતાનાં હાથનાં કાંડાં એ કાપ્યાં અને પછી કાશીની જાતરા સારૂ ચાલ્યા.

# પ્રકરણ ૧૫ મું

---

## સેજકજીને માથે બેઠેલો હોલો

### દોહા–સોરઠીઆ

સેજકજીએ સોરિયા, કે મુગલ કે મીર;
પરગટ કીધા પીર, જળે ઝાંઝર શિયાઉત. ૧

જૂનાં કોઈ જાણે નહિ, પીર તણા પરમાણ;
નવાં ચઢયાં નીશાણ, જળે ઝાંઝર શિયાઉત. ૨

આગલા પ્રકરણમાં જણાવેલા ઝાંઝરશી ગોહેલને આઠ દીકરા હતા. કોઇ કહે છે કે તેઓ સોરઠમાં આવ્યા હતા. તેમાં સેજકજી સેજકપરમાં રહ્યા. બીજા હલુજીને બગડ ગામ મળ્યું. પાંચમા માનસંઘજીને ટીટમ ગામ મળ્યું. છઠ્ઠા દૂદાજીને તુરખા ગામ મળ્યું. સાતમા દેપાળજીને પાળીયાદ મળ્યું. આઠમા વીશાજી અથવા વેજાજીને ખસ ગામ મળ્યું. આ વેજાજીના વંશના ખશીયા કહેવાયા. તે ખશીયોજી ત્યાં ધંધુકિયા મેર કોળીની દીકરી પરણ્યા. તેના વંશના ખશીયા કોળી થયા.

સેજકપરમાં એક દિવસે ગોહેલ સેજકને માથે હોલો બેઠો. ત્યારે પરોત ગંગારામે સેજકજીનો દોષ ઉતારવા સારૂ શાન્તિ કરાવવા માંડી. તેણે સોનાનો એક હોલો કરાવરાવ્યો. અને બીજો હોલો ધઉંની કણિકનો કરાવ્યો. પછી દેશમાં કંકોતરી લખીને પાંચ હજાર બ્રાહ્મણો એકઠા કર્યા. તેઓએ કપોતશાન્તિ કરવા માંડી.

ત્યારે સેજકજીનો કારભારી મોજે ભડલીએ ગયો હતો; તેને પણ તેડાવ્યો. તે શાહ રાજપાળ ત્યાંથી આવતા હતા, એટલામાં રસ્તામાં એક મોઢ યાચરવેદી બ્રાહ્મણ ગંગાજળની કાવડ (ખભે) લઇ ચાલ્યો જતો હતો. તેનું નામ ત્રવાડી સોમૈયો હતું. તેને પેલા

કામદારે પૂછ્યું કે મહારાજ! તમે ક્યાં જાઓ છો? ત્યારે ત્રવાડી સોમૈયો બોલ્યો કે સોમેશ્વર મહાદેવને ગંગાજળ ચઢાવવા જાઉં છું.

પછી તેણે કામદારને પૂછ્યું કે તમે ક્યાં જાઓ છો? ત્યારે કામદારે રાજાને માથે હોલો બેઠાની બધી વાત કરી; અને કહ્યું કે રાજા કપોતશાન્તિ કરે છે. તેના મુહૂર્ત ઉપર અમે જઇએ છીએ. ત્યારે તે બ્રાહ્મણને ત્યાં જવાની ઇચ્છા થઇ, ને સેજકપર બન્ને આવ્યા. કામદાર પોતાને ઘેર ગયા અને સોમૈયો દરબારમાં ગયો.

ત્યાં બ્રાહ્મણની સભા બેઠી હતી અને ગોહેલ સેજકજી તથા તેનાં દકરાણાં હવનના કુંડ પાસે બેઠાં હતાં. ત્યાં એક સોનાનો અને બીજો કણિકનો બનાવેલો હોલો દીઠો. ત્યારે ત્રવાડી સોમૈયો બોલ્યો કે ભાઈ દરબારનો ગોર કોણ છે? એટલે ગોર ગંગારામે કહ્યું કે અમે ગોર છીએ. સોમૈયે કહ્યું કે હોલો માથે બેઠાનો દોષ તું શી રીતે ઉતારીશ? ગંગારામે કહ્યું કે આ બે હોલા બનાવ્યા છે તે કુંડમાં હોમીશું, એટલે રાજાનો દોષ ઉતરશે. સોમૈયો બોલ્યો કે એમ તો રાજાનો દોષ ઉતરશે નહીં. કેમકે આ હોલો કાંઈ રાજાને માથે બેઠો નહોતો. શું આને હોમવાથી દોષ ઉતરે? પણ જે હોલો રાજાને માથે બેઠો હોય તેને બોલાવીને કુંડમાં હોમો ત્યારે રાજાનો દોષ ઉતરે. પછી તે હોલો કુંડમાંથી જીવતો નીકળે ત્યારે સાચી વિદ્યા જાણવી.

એવું સાંભળી ગોર ગંગારામ બોલ્યો કે એવી રીતે દોષ ઉતારવાની શક્તિ અમારામાં નથી. તમે કહો છો એવી રીતે તમારાથી થઈ શકે તો અમારૂં ગોરપદું આજથી તમને આપીએ. ત્યારે સોમૈયે કહ્યું કે હું એ રીતે કરી શકું છું.

પછી સોમૈયો કાવડ હેઠી મૂકીને સ્નાન કરીને હોમના કુંડને કાંઠે બેઠો. પછી તેણે મંત્ર સાધીને હોલા માત્રને તેડાવીને ભેળા કર્યા. પછી બધા હોલાઓને કાઢી મૂકીને રાજાને માથે જે હોલો બેઠો હતો તેને પકડયો અને હવનમાં હોમ્યો, અને પાછો જીવતો કરીને કુંડને કાંઠે બેસાડયો.

પછી રાજાએ તે સોમૈયાના પગ ધોઇને ચરણામૃત પીધું અને પોતાનો ગોર થાપ્યો. પછી ત્રવાડી સોમૈયો બોલ્યો કે આ બ્રાહ્મણનું ગોરપદું છીનવી લીધું તે પાપથી મારા વંશનો કોઈ વિદ્યા ભણશે નહીં, એવો તેણે પોતાના વંશને શ્રાપ દીધો. એ બંનેના વંશ હાલ સુધી ભાવનગરના રાજાના ગોર છે.

---

## પ્રકરણ ૧૬ મું

## અખેરાજજી, ભાવસંઘજી અને વખતસંઘજી

કાઠિયાવાડમાં આષાડ મહિનાથી વર્ષ ફરે છે. તે જોતાં ધૂનાજી પછી નવ મહિને રતનજી મરાણા હતા. પણ એ ગડબડની સફાઇથી હકીકત મળી નથી.

પછી અખેરાજજીએ શિહોરની ગાદી લીધી. ભાવનગરના જુના કારભારીના વંશના મેહેતા ગોપાળજી હરખજી કહે છે કે અખેરાજજીના વખતમાં ભંડારીયાવાળા ગોવિંદાણી શિહોરના માલેક થવા આવ્યા. ત્યારે મોજે લોણીયાણેથી દેશાઇ મેહેરાજ જે પાદશાહી નોકર હતા તેમને કુંવરની માએ તેડાવ્યા. તે પાદશાહી થાણું લઇને મેહેરાજ દેશાઈના દીકરા રામજી દેશાઈ શિહોર આવ્યા, અને ગોવિંદાણીને ગામમાંથી કાઢયા.

**દોહરા.**—રાજા નહીં ઘેર રતનસંગ, અખો નહીં ઘેર આજ;
તું બેઠો મેહેરાજતન, રાય ડગે કેમ રાજ? ૧

કુંવર અખેરાજજીને લઈને બા મઈ ભૂજ ગયેલાં અને રાજા રતનસંઘજી મરાયા હતા તેથી શિહોરનું રાજ સૂનું પડયું હતું એવી મતલબ ઉપલા દોહરામાંથી નીકળે છે.

એ રામજી મેહેતાના દામાજી મહેતા થયા. અને અખેરાજજીના કુંવરનું નામ પણ રતનજી પાડયું હતું.

## સવૈયો એકત્રીશો

પ્રતિમેર કુમેર ધરાયો માડણ, ભૂપત તણો નિવારણ ભાર,
દામ વડે શિહોર દીપિયો, દામ વડે ઓપે દરબાર;
પાલણ કવિયાં શિર કુલ પાલણ, વંશ કપોળ વધારણ વાન,
રામ તણે દીસે કળ રૂડે, રાય તણે ઓપે રાજાન ૧
થાપણ હેક હેક ઉથાપણ, માનવ તણાં વધારણ માન,
રહો ઘણા દિન અવિચળ રવિતળ, રહો રતન ને દામ પ્રધાન. ૨

દામાજી મહેતાને ૭ દીકરા હતા. તેમાં મોટા વલ્લભજી મહેતાને કુંવર ભાવસંઘજીએ બરછીના ઝખમથી મારી નાંખ્યા. ત્યારે ભાવસંઘજી ૧૧ વર્ષની ઉમ્મરના હતા. તેઓને કોઇએ કહ્યું કે રાજ તો વલ્લભજી મહેતા કરે છે, તમે તો માત્ર કહેવાના રાજા છો. તે ઉપરથી તેને મારી નાંખ્યા. ત્યારે પોતાના ભાઇઓએ ઉચાળા ભર્યા. ત્યારે રાણીજી રથ જોડાવીને ઉચાળા આડાં આવી કહેવા લાગ્યાં કે અમે એ વાત જાણતાં નથી, અને કુંવરે સમજ્યા વિના એ કામ કર્યું, માટે તમે ઉચાળા ભરશો નહીં. અમારા ઉચાળા તમારી સાથે આવશે, એવું કહીને મનાવીને પાછા વાળ્યા અને મહેતા રણછોડ વગેરેએ કારભાર ચલાવ્યો. રણછોડ મહેતાના ધનજી મહેતા, તેના દામાજી મહેતા, તેના હરખજી મહેતા. તેના પુત્ર ૩ થયાઃ જેઠો, ગોપાળ અને કેશવજી. ઉપર લખેલા હરખજી મહેતા પંડે ભારે કવિ હતા. એ કારભારીઓના વંશનું આ કવિત્ત મહુવાના બારોટ કાલાએ કરેલું છે.

**કવિત્ત**—રામજી પ્રધાન ત્યારે પાટ અખેરાજ મોટા;
પાટ રતનેશ ત્યારે દામાજી પ્રધાન.
પરધાન રણછોડ ત્યારે ભાવસંગજી પાટ;
ધનરાજ મેહેતા તે દિ અખેરાજ થાન.

દામાજી દીવાન રાણો વખતેશ કેરી દાખ્યા;
મેહેતા હરખા હા રાખ્યા વખતેરાં માન.
મહારાજ વજારે દીવાન જેમ જેઠો મેતો
મેહેતો દામા દાજીરાજરે ગોપાળજી દિવાન. ૧

અખેરાજજીને પાંચ દીકરા હતા. તેમાં મોટા રતનજી, હરભમજી, ધનરાજજી, સરતાનજી અને ધૂનોજી. તેમાં હરભમજીને મોજે વરતેજ આપ્યું. ધનરાજજીને મોજે થોરડી આપી, સરતાનજીને મોજે મગલાણું આપ્યું. ધૂનાજીને વંશ નહોતો.

તે રતનજીના દીકરા રાવળ ભાવસંધજી, તેના અખેરાજજી, વીરોજી, રામદાસજી, ગોવિંદજી, અરજણજી અને છઠ્ઠા મોડજી હતા. તેમાં વીશાજી વગેરે ચાર ભાઇઓ વચ્ચે વળેનાં ૧૨ ગામ આપ્યાં હતાં; મોડેજી ઓરમાઇ ભાઇને મોજે રતનપર વગેરે ત્રણ ગામ આપ્યાં હતાં; અને રાવળ ભાવસંધજીએ સંવત્ ૧૭૭૯માં વૈશાખ સુદિ ૩ ને વાર સોમવારને દિવસે ચાર ઘડી દિવસ ચડતાં ભાવનગર બંદર વસાવ્યું.

સંવત્ ૧૭૯૮ માં વૈશાખ સુદ ૨ ને દિવસે ભાવસંધજીએ શતચંડી કરીને બ્રાહ્મણોને જમાડીને બબે રૂપીયા દક્ષિણા આપી.

સંવત્ ૧૮૦૪ના શ્રાવણમાં તથા સંવત્ ૧૮૦૬ ના મહા સુદ પાંચમે પણ તેમજ કર્યું. તે પછી તેઓ મહા વદી ૨ ને લગ્ને મોજે ઉચંડીએ ગજસંધજીની દીકરીને હથેવાળે પરણ્યા.

સંવત ૧૮૧૫ ના દશરાથી દર સાલ દશરા ઉપર કવિઓને દાન આપવાનો ઠરાવ કર્યો, તે હાલ સુધી ચાલે છે. અને તે જ દહાડે બ્રાહ્મણો પાસે ભાવનગરની બજાર લૂંટાવીને તેનું નુકસાન પોતાને માથે મંડાવ્યું.

એ ભાવસંધજીના પુત્ર અખેરાજજી તેના પુત્ર રતનજી તથા પૃથીરાજજી, ભાભોજી, સાંગોજી, ભોજરાજજી, જીવોજી, શત્રશાલજી, વિજેરાજજી થયા. તે બધા નાની ઉમરમાં ગુજરી ગયા અને આઠમા કુંવર વખતસંધજી હતા તે ગાદીએ બેઠા.

સંવત્ ૧૮૩૨ ના ભાદરવા શુદિ પાંચમે રાવળ વખતસંઘજી દ્વારકાંની જાત્રા કરવા સોંડયા. ત્યાં બ્રાહ્મણોની ચોરાશી જમાડી અને ત્યાંના વાઘેલા લોકોને પહેરામણી કરી. ત્યાંથી જૂનેગઢ થઇ, દામાકુંડમાં સ્નાન કરી,ચોરાશી કરી. પછી ગિરનારની જાત્રા કરીને પ્રભાસ ગયા. પછી પોરબંદર જઇને રાણા સરતાનજીને મળ્યા. ત્યાં દશરા કરીને કવિઓને ૧૨૫ ઘોડાં તથા કડાં, વેઢ, વીંટીઓ આપ્યાં. હાલારમાં જે જે ગોહેલોની દીકરીઓ હતી, તેઓને કાપડાં આપીને પાછા ભાવનગરમાં આવ્યા.

ત્યારે મહેતા જીવન પ્રેમજી તથા મહેતા કલા રણછોડ, મહેતા દામજી ધનજી. એ ત્રણ મહેતા જાત્રામાં સાથે હતા. એ જાત્રામાં ૭ લાખ કોરીનું ખર્ચ થયું.

સંવત્ ૧૮૩૫ માં રાવળ વખતસંઘજીએ કટક કરીને નૂરમહમદને મારી કાઢીને તળાજું લીધું તથા મોજે ઝાંઝરમેર લીધું. અને એ વર્ષમાં કોળી જલા ખશીયાને મારી કાઢીને મહુવા બંદર લીધું.

સંવત ૧૮૪૮ માં કાઠીઓ સાથે વેર થયું, ત્યારે વખતસંઘજી કટક કરીને મોજે ચીતળ ગયા. ત્યાંના ગઢમાં કાઠીઓ ઘણા હતા. તેઓ ઉપર હલ્લાં કરી. એટલે બધા કાઠીઓ નાશી ગયા. અને વખતસંઘજીની ફોજે ચીતળ લૂંટયું. તેનાં ઘોડા, ઉંટ અને ગાડાં વગેરે માલ ઘણોક લીધો. પછી કુંડલે જઇને નીશાન ચઢાવ્યું. ત્યારે બધા કાઠીઓ જૂનેગઢ જઇને નવાબ હામદખાનને મળ્યા; અને કહ્યું કે વખતસંઘજીએ અમારો બધો ગરાસ ખૂંચવી લીધો. એટલે નવાબ ફોજ લઇને આવ્યા. ત્યારે ઠાકોર ચાળીસ હજાર માણસોની ફોજ લઇને સામા ગયા. અને મોજે પાટણને મુકામે નવાબ સાથે તોપોની લડાઈ કરી ને નવાબ પાસેથી મોજે રાજુલું લીધું. પછી જેતવા જીઆજી હથુ નવાબ સાથે કસુંબા પીધા અને કાઠીઓ સાથે બાર વર્ષ સુધી વેર ચાલ્યું.

સંવત ૧૮૬૮ માં તવરાની જાત્રાએ પધાર્યા. ત્યાં સોળ હજાર બ્રાહ્મણો જમાડયા. પછી ભરૂચમાં આવ્યા. પછી ચાણોદ કરનાળી જઇને ચોરાશીઓ કરી. ત્યાંથી ડાકોરજીએ થઈ ભાવનગર આવ્યા.

સંવત ૧૮૭૧ માં શતચંડી કરી. વખતસંઘજી સંવત ૧૮૮૦ સાલમાં દેવ થયા. તેના કુંવર ત્રણ હતા. વજેસંઘજી, રાયસંઘજી તથા વીહોજી. તેમાં રાયસંઘજીને ગરાસ મળ્યો નહોતો અને વીહોજીને મોજે રોયલ, ત્રહરા (ત્રાધસા) અને વાવડી, એ ત્રણ ગામ આપ્યાં હતાં, પણ તેનો વંશ નથી.

રાવળ વજેસંગજી સંવત ૧૮ ની સાલમાં જન્મ્યા હતા, અને સંવત ૧૮ થી વર્ષ ૩૫ સુધી રાજગાદીએ બિરાજ્યા હતા. તેના કુંવર ભાવસંઘજી, કેશરીસંઘજી અને દીકરી બાઈ રાજ તે નવેનગર જામ રણમલને પરણ્યાં હતાં. એ ત્રણ ભાંડુ રાણી વખતુબાના પેટનાં હતાં અને રાણી નહાનીબાના કુંવર નટવરસંઘજી તથા અખુભા. તે બંને જણાને ત્રણ ગામો મળેલાં છે. વજેસંઘજીને ૧૭ રાણીઓ હતી.

એ રાજા ગંભીર સ્વભાવનો અને ઉદાર દિલનો હતો. તેને કવિતા સાંભળવાનો ઘણો શોખ હતો. એક હમીર નામના કવિએ એ રાજાના ચરિત્રનો દશરા બનાવ નામનો ગ્રંથ ચારણી ભાષામાં રચ્યો છે. તેથી કવિને જાગીર બક્ષીસ આપી છે. સિવાય મારવાડી ભાષામાં ગીત, રૂપક અને ગુજરાતીમાં રાગરાગનાં પદના મોટા ચોપડા તેના વર્ણનના રચાયલા છે. વ્રજભાષામાં પણ તે વિષેની કવિતા છે. એ રાજાની આગળ દીવાન ઓઝા ગવરીશંકર ઉદેશંકર અને શ્યામલાલભાઇ તથા દેસાઈ સંતોકરામ એમણે સારી આબરૂ મેળવી છે.

કુંવર ભાવસિંહજીના પુત્ર ૪ થયાઃ અખેરાજજી, જશવંતસિંહજી, રૂપસિંહજી તથા દેવીસિહજી. વજેસિંહજી દેવ થયા પછી અખેરાજજી ગાદીએ બેઠા. તે બે વર્ષ પછી દેવ થયા. પછી જસવંતસિંહજી ગાદીએ બિરાજ્યા હતા, અને હાલ ગાદીપતિ ભાવસિંહજી છે.

# પ્રકરણ ૧૭ મું

## સિંધના પાવર પરગણામાંથી કાઠીઓ સોરઠમાં આવ્યા તેની વાત

સિંધના પાદશાહની આગળ નાયકા નામે ડાઈ કુડી ગાન કરતી હતી. તેણે પાદશાહની કાંઈ મશકરી કરી તેથી પાદશાહે હૂમક કરીને તેને રજા આપી, જે અમારી કચેરીમાં તારે આજ પછી આવવું નહીં. તે પાદશાહના પટાવત કાઠી હતા. તેણે તે નાયકાને પોતાના ઊતારા ઉપર બોલાવીને ગાન કરાવ્યું. તે વાત પાદશાહના જાણવામાં આવી. ત્યારે તેણે હૂમક કરીને કાઠીઓને કહ્યું જે અમારા મુલકમાં કયાંઈ તમારે રેહેવું નહીં. ત્યારે તે કાઠીઓ નાશીને સોરઠમાં આવ્યા તે ઢાંક( જૂનાગઢ પાસે )નો રાજા વાલો રજપૂત ગરાશીઓ હતો તેણે પોતા પાસે ચાકર રાખ્યા. તે કાઠીઓ શાખો ૮ ના હતા;

| | |
|---|---|
| ૧ માંજરીઆ | ૨ ટોહરીઆ |
| ૩ નરેર | ૪ નાટા |
| ૫ પટગર | ૬ જેબલીઆ |
| ૭ ભાંભલા | ૮ બાબરીઆ |

તે સઘળા એવરતીઆ કેહેવાએ છે. તેમાંના પટગરની દીકરી રૂડી હતી. તે સાથે વાલાનો કુંવર ખૂટયો. એટલે તેને મારવાનો વિચાર કાઠીએ કર્યો. ત્યારે એ રાજાએ પટગરને બોલાવીને કહ્યું જે એ તમારી દીકરી અમારા કુંવરને પરણાવો. પછી પરણાવી. તે કુંવર કાઠીની નાતમાં ભળ્યો. બીજા તેના ભાઇઓ રજપૂત રહ્યો. એ કુંવરને ધરડેરો કરીને કાઠીએ થાપ્યો. તેના વંશના થયા તે હાલ સુધી ધરડેરા શાખા-યતિ કેહેવાય છે. અને પેલા ૮ શાખોવાળા એવરતીઆ કેહેવાય છે. તે એવરતીઆ પોતાની ૮ શાખોની માંહોમાંહી દીકરી લેતા દેતા

નથી, પિત્રાઈ જાણીને; તથા ઘરડેરા પણ તેમ જ કરે છે. પણ ઘરડેરા તથા એવરતીઆ સામસામી દીકરી લે છે ને દે છે. ઘરડેરાવાળા કાઠી પણ કેહેવાય છે.

જે વાલો પેહેલો વટલ્યો તેને દીકરા ત્રણ હતા. તેમાં મોટો

૧ હરસુર; તેના વંશના વાલા કેહેવાય છે;

૨ ખૂમાણ; તેના વંશના ખૂમાણ કેહેવાય છે;

૩ ખાચર; તેના વંશના ખાચર કેહેવાય છે;

એ સરવે ઘરડેરા શાખાઈત કેહેવાય છે.

૧ વાલા કાઠીનું તખત મોટું હાલ જેતપર તથા ચીતળમાં છે;

૨ ખૂમાણનું તખત સાવરકુંડલામાં છે.

૩ ખાચરનું તખત જસદણ તથા ચોટીલામાં છે.

---

# પ્રકરણ ૧૮ મું

---

## એભલવાળાની વાત [1]

એભલવાળો વલેં પરગણાનો રાજા હતો. રજપૂત વાલા કાઠી પણ છે. તે રજપૂતમાંથી થયા છે. ગામ ઢાંક( ધોરાજીપાસે )નો રાજા વાલોજી હતો. તે કાઠીની દીકરીને પરણીને વટલ્યો.

સિંધ પાસે પાવર મુલકમાં અસલ કાઠીઓ રેહેતા હતા. ત્યાંહાં દુકાલ પડો ત્યારે ઊચાળા ભરીને ઢાંકને પાદર આવ્યા. તેમાં અમરો પટગર નામે કાઠી હતો. તેની દીકરી નામે અમરાબાઈ બહુ રૂપાળી હતી. તેને જોઇને વાલોજી આશક પામ્યા ને એ પટગરને કહ્યું જે તમારી આ દીકરી મને પરણાવો. ત્યારે તેણે કહ્યું કે તમે અમારે રસોડે જમો તો પરણાવીએ. ત્યારે એ વાત કબૂલ કરી. ત્યારે તેને

---

૧ લખાવનાર ગઢવી દેહલ ભોજલ, ગામ વઢવાણ સં. ૧૯૦૮ ચૈત્ર શુ. ૨

પરણાવી. ત્યારે તે વાલાજીના ભાઇઓએ કહ્યું કે, તું વટલ્યો માટે ગાદીના વારસ અમે છૈએ. હવે તારે ગાદીનો અધિકાર નહીં. એમ કહીને સઊએ સંપીને તેનું રાજ ખૂંચી લીધું. ત્યારે વાલોજી કાઠીઓના ઊચાળામાં જઇને રહ્યા અને કહ્યું કે તમારે સારૂ મારૂં રાજ મેં ખોયું; માટે હવે શું કરવું? ત્યારે કાઠીઓએ કહ્યું જે, આપણે સંપીને બોમીઆની જમીન દબાવશું, ને અમારામાં મોટેરા તે તમે કેહેવાશો.

આમ નક્કી કરીને ચોટીલા પંથકમાં એ સઊએ આવ્યા. વાલાજી બીજા કોઈ દેવને માનતો નોહોતો. ફક્ત સુરજનેજ માનતો હતો. તે વાલો એક સમે પોતાનો ગરાસ ગયા બાબત પસ્તાવો કરીને સૂતો તેને સુરજદેવે સ્વપ્નામાં આવીને કહ્યું કે તું મારૂં સ્મરણ કરીને લઢાઇમાં ચઢજે, હું તારી સહાયતા કરીશ, ને તારી જિત થશે. પછી તું મારૂં એક દેવળ કરાવજે. પછી તેણે સુરજદેવની સહાયતાથી લઢાઈ કરીને કેટલાંક ગામો દબાવી લીધાં. પછી તેણે સુરજનું દેવળ મોટું, ગામ થાનની સીમમાં ચણાવ્યું. તેમાં સુરજની મૂરતી પધરાવી. એ વાલાજીને દીકરા ત્રણ થયા: ખૂમાણ ૧, ખાચર ૨, અને વાલા ૩. તે ત્રણે ભાઇઓએ ગરાસ વેહેંચી લીધો. ખાચરની ગાદી ચોટીલા ૧, ખૂમાણની ગાદી ભિંતીઆલે ૨ અને વાલાની ગાદી જેતપર ૩.

## એભલવાલાની ચાલતી વાત

એક સમે મેઘોશા વાણીએ સુખવિજયજી જતી પાસે વરસાદ બંધાવ્યો. એટલા સારૂ કે, તેણે રોજગાર સારૂ દાણા વખારમાં ભરાવ્યા હતા તેનાં ભારે નાણાં ઉપજે. તે ગોરજીએ ચીઠીમાં મંત્ર લખીને કાળીઆરને શીંગડે બાંધ્યો. તે એભલવાલે છોડયો, ને ઘણો વરસાદ થયો ને સાંઈ નેસડીને ઘેર ગયો. તે બેહોશ થઇ ગયો હતો તેથી સાંઈ નેસડીએ તેને આલિંગન લઇને બચાવ્યો. તેણે કપડામાં વચન આપ્યું. તે બાઇનો ધણી પેથો ગઢવી માળવેથી આવ્યો. તેણે લોકના કહ્યાથી બાઇના ઉપર કલંક નાંખવા માંડયું. ત્યારે શ્રાપ દીધો જે તું ગળતકોડે ગળ. પછી તેમ થયું. તારે તે ચારણને કંડીઆમાં ઘાલીને

લઇને એભલવાલાને ઘેર આવી, ને તેના દીકરાનું માથું કાપીને લોહી છાંટ્યું, એટલે કોઢ મટયો અને છોકરાને જીવતો કર્યો.

---

## પ્રકરણ ૧૯ મું

---

### શધરા જેશંધનાં કમઠાણો

શધરા( સિદ્ધરાજ )સોલંકી. એનું નામ મૂળ રાજા વિહલદે, જન્મ-નામ જેશંધ. તે પાટણમાં થયા. તેમણે સાતહજાર બશે નેં ચોવીસ વાવ કરાવી. ધરતી ઉપર પાંચ હજાર તલાવ કરાવ્યાં તેમાં બસે બંધાર તલાવ કરાવ્યાં. તેમાં શેશલંગ ( સહસ્રલિંગ ) તલાવ કરાવ્યું, પાટણમાં સંવત ૧૧૫૨ના વરખે ચઇતર સુદ ભરણી નક્ષત્ર ભરણ.

**કવિત્ત**—સંવત શંકરવીર[1] ચૈત્ર સુદ લગી આચાર
ભરણી નક્ષત્ર ભરણ શુભકર વાર શનિવાર
દેસોત દંડે સાત, ટકા ક્રોડ પાંત્રીસે
સીઢી પથર પચાસ, પલ ઓગણપચાશે.
તારા ઘેર ભાગી તરસ સૂણ ધરા ગુજરધણી
શેસલીંગ સરોવર સરસ શી સોભા વખાણું તે તણી

રાણી વાવ કરાવી પાટણમાં. તીરથીઉં તલાવ પાટણમાં કરાવ્યું. વડનગરમાં તલાવ સમેયા કરાવ્યું. સંવત ૧૧૧૨ના વરસમાં ધોલકામાં વાવ કરાવી. તેનું દામ સોળ લાખ ટકા, એકસો ને સાઠ હજાર ટકા અંકે સત ટકા. ઊજાણ દસીઆડ નાથના ત્રાંબા બરોબર પથર ચણાવ્યો. સંવત ૧૧૧૫ ની સાલમાં વીરમદે વાઘેલે વીરમગામ વસાવ્યું. સંવત ૧૦૮૭ ના વરખે માહા સુદ ૧૩ દિને મુણછર (મુનસર) તલાવ વીરમ-

---

૧. શંકર=૧૧ અને વીર=૫૨=૧૧૫૨.( બાવન વીર અને અગીઆર રૂદ્ર કહેવાય છે.)

ગામમાં સાહ દેરીનું કરાવ્યું સિદ્ધરાજ સોલંકીએ. તે તલાવ વીરમગામથી આથમણું છે.

સિદ્ધરાજનો જન્મ ડભોઇમાં થયો. તેણે ડભોઈનો ગઢ કરાવ્યો, ને જશદણ ગામનો ગઢ કરાવ્યો. તે જશદણમાં ભુઇરૂં હતું. તેમાં ધુંધલીમલની મુરતી છે, ને એક ધરમનાથ સિદ્ધ હતો. ધાંધલપરનો ગઢ કરાવ્યો. ધુંધલીમલની મૂરતી વાવને ટોડે બેસારી છે.

શરૂવાનો ગઢ કરાવ્યો. સાયલાનો ગઢ કરાવ્યો. આણુંદપરનો ગઢ કરાવ્યો. વીરપરનો ગઢ કરાવ્યો. ભડલીનો ગઢ કરાવ્યો. સેજકપરનો ગઢ કરાવ્યો. વઢવાણનો ગઢ કરાવ્યો. જેતલપરનો ગઢ કરાવ્યો.

શિહોરમાં ભરમ કંડ(બ્રહ્મકુંડ)કરાવ્યો. દશહજાર પ્રાસાદ કરાવ્યા. સવા લાખ પરબો માંડાવ્યા. એક લાખ નેં નવ કન્યાદાન દીધાં. આઠ હજાર તપસીની મઢીઓ કરાવી. બોતેર હજાર ધરમશાળાઓ કરાવી; નેં સોરઠમાં દેવકાપાટણ (પ્રભાસ)માં શોમઇઆ( સોમેશ્વર–સોમનાથ ) માહાદેવનું દેરૂં કરાવ્યું. સહસ્ત્ર ગામ બ્રામણને સિદ્ધરાજ જેસંઘે આપ્યાં.

સિદ્ધપરમાં રૂદરમાલો કરાવ્યો. ચૌદ કરોડ મોહોર કાગળે ચડી ખરચની. તે શવંત ૧૧૫૨ની સાલમાં રૂદરમાલો કર્યો.

પથર સેહે ચઉદ ચુમાલ થંભ પણ પણ સહસ્ત્ર નિરંતર
પ્રથમ ક્રોડ અઢાર જડાં જેણે માણંક મનોહર
સવાલાખ ધ્વજ દંડ લખ કલસ સોવરણ તણા
કોરણી ઘણી વિશાળ ચક લોહો રૂદર જહલે
જ્યોત મોહોલ સોને જડી રૂદરમાલો ચકવત હે
ચડય ( ચૌદી ) મોશેર કાગલ ચડી ... ...

સાતસે ને ચાલીસ ગામ શિવ વાંસે બ્રામણને આપ્યાં. સંવત ૧૧૯૨ની સાલમાં ઝીઝુવાડે ગઢ કરાવ્યો. ત્યાંહાં રાખસ પોલ કરાવી. દખણાદિ તરફ ત્યાંહાં ઝીઝુવાડે ભોંઇરૂં છે; તે ભોંઇરિંમાં રાખસ દીઠો. ત્યારે ભોંઇરિંમાં બેસા બે તેલના ભરાવીને મસાલ કરાવીને ધણીધણીઆંણી બે રાજા તથા રાંણી ભોંઇરિંમાં ઊતર્યાં

તે અલોપ થઇ ગયાં. તે ભોંયરાંનું મોઢું ૧ જૂનેગઢ છે, બીજું મોઢું જશદણને ગઢ છે. ત્રીજું મોઢું ઝીંઝુવાડે છે.

---

## પ્રકરણ ૨૦ મું

---

### કુમારપાલ અને રતનકુંવરી

સિદ્ધરાજ જયસિંહ મરી ગયો ત્યારે માસ ૨ ને દિન ૧૨ સુધી પાટણનું રાજ સુનું રહ્યું. ત્યારે કાલરીએથી સોલંકી કુમારપાળને તેડીને પાટણ લાવ્યા, ને તેમને ગાદીએ બેસાર્યા. તેમણે વરસ ૩૦ રાજ કીધું. તે કુમારપાલ પાટણથી શિકાર રમવા ચઢયા હતા ત્યારે મારગમાં જતી જયવ્રત રખ મળ્યા. તેમણે સાચનો ધર્મ દીધો. જૈનધર્મ પાળ્યો. તે પછી કુમારપાલે દેરૂં કાલરીએ કરાવ્યું ગામથી ઓતરાદિ કોરાં.

તે કુમારપાલજીને દીકરા ૧૬ થયા. તે પાટણમાં પોસાલો સવાહજાર જતિની હતી. ત્યારે તે રાજા કુમારપાલે અતેંરી એટલે બેઅદબી કરવા માંડી. તે કુમારપાલને રાણી ઉદેપરની રતનકુંવરી હતી. રાજાએ કહું જે તમે જયવ્રત રખનો ચેલો હેમાચારજી છે તેને અપાસરે રાણીને પગે લાગો, ત્યાર પછી રાજાની મેડીએ રાણી થઇને તમે ચઢો. તેણે એવી અણઘટતી કરવા માંડી, ત્યારે રાણી રીસાઈને પોતાને પીઅર ઉદેપર ગયાં. ત્યારે રાજા કુમારપાલે પોતાના દશોદી બારોટ નામે જલ્હપલ્હને ઉદેપરથી રાણીને તેડવા મોકલ્યા. તે રાંણીને ઉદેપરથી તેડીને પાટણ લાવ્યા. બારોટ જલ્હપલ્હ તેને સોગન ખાઇને તેડી લાવ્યા. જે તમને પોસાલે પગે લગાડવા મોકલવાં નહી. એવું કહીને તે તેને તેડી લાવ્યા. ત્યારે રાજા કુમારપાલે બારોટનું કહ્યું માન્યું નહીં, ને રાણીને કહ્યું જે તમે જતિને અપાસરે

જાઓ. ત્યારે રાણીએ ના કહ્યું. ત્યારે રાજાએ જોરાવરી મોકલવા માંડી. ત્યારે બારોટ જલ્હપલ્હને તે પળે રાણીને પાછી પીહર પોંહોંચતી કરી.

આથી રાજા ભાટ ઉપર ઇતરાજ થયો. ત્યારે ભાટે પોતાનો નાતમેલો કરીને ધરણું કર્યું, ને પાટણમાં ભાટે જમોર કર્યો. સાતસેં નેં સત્યાસી બારોટ બળ્યા.

પાટણમાં બારોટ જલ્હપલ્હનો ભાણેજ બારોટ ભટ્ટાચાર્ય વખવટો કરી કાશીએ ગયો. એ બાર વરશ સુધી વિદ્યા ભણ્યો. પછે પાટણ આવ્યો. તે આવીને રાજા કુમારપાલને કહ્યું જે રાજા! કાલ દરીઓ રેલશે ને પાટણ બોળશે. ત્યારે રાજા કુમારપાલે બારોટ વખવટાને કહ્યું જે તમે મારી પાસે રેહેજો. ત્યારે બીજે દિને ઘડીએક દિન ચઢતાં રાજા કુમારપાલ ને બારોટ વખવટો સાતમે માલ ચઢ્યા. ત્યારે જતિ હેમાચારજી પાસે બેઠા હતા. તેણે જાંણું જે દરીઓ રેલશે નેં પાટણ બોળશે. જો રાજા પાસે રહીએ તો જતિએ જાણ્યું જે આપણે ઊગરીએ. એટલે તે ચેલા સમેત હેમાચારજી લાખ જતિને લઇને મોલાત ઊપર ચઢ્યા, ને ચઢીને રાજા કુમારપાલ પાસે ઊભા રહ્યા. ત્યારે બારોટ વખવટે રાજા કુમારપાલને કહ્યું જે લોઢાંનાં ગરજા પાંચહજાર મોહોલની પછવાડે નાંખ્યો. આવતાં વાહાણ બંધાશે. બારોટ વખવટે રાજા કુમારપાલને કહું જે મારા કહ્યા વિના તમે વાહાણમાં બેસશો નહીં, એવામાં કરામતનો દરીઓ નજરે આવ્યો. એવામાં વહાણ તરકોસી નજરે આવું. ત્યારે જતિ બધાએ કરામત વહાણ જાણ્યું નહીં, ને એવું જાંણું જે રાજા જાહાજમાં બેસશે તો પછી આપણે રહી જશું. એવું જાણીને તમામ જતિ જાહાજમાં કૂદીને પડ્યા. તે લાખે જતિ મરણ પામ્યા. તે પાટણમાં લાખા ખાડ કેહેવાય છે.

તે કુમારપાલ રાજાને પોતાના દસોદી ભાટનું પાપ લાગું ત્યારે તે રાજા કુમારપાલને ગલત કોહોડ (એટલે પિત્તવિકાર) નીકળ્યો. ત્યારે રાજા કુમારપાલ મરણ પામ્યો.

# પ્રકરણ ૨૧ મું

## કુમારપાલ પછીના રાજાઓ

કુમારપાળ મરણ પામ્યો ત્યારે પાટણનું રાજ સૂનું રહ્યું. ત્યારે નગર મધાવતી ને મલક વાઘેલ, ત્યાંહાંથી વાઘેલો મુલરાજ પાટણ આવ્યા. દવાઇ વાઘેલની ફરી. ભીમ સોલંકી કાલરીએથી આવ્યો. તે કાલરીઆ પછવાડે વીસાસો ગામ છે તેની ગાદીએ બેઠો, ને મૂલરાજનો પુત્ર રણધવલ પાટ બેઠો. તેણે વરસ ૪૮ માસ ૧ દિન ૧૭ સુધી રાજ્ય કર્યું. તેનો પુત્ર વડલા વિસલદે, એણે વરસ ૫૯ માસ ૯ દિન ૧૧ રાજ કીધું. તેનો પુત્ર સારંગદે એણે વરસ ૩॥ મા. ૮ દિન ૧૩ રાજ કીધું.

તેનો પુત્ર ઘેલડો કરણ એણે વરસ ૪૯ માસ ૭ દિન ૧૨ રાજ કીધું. એવું રાજ પાંચ છત્ર ભોગવ્યું. વાઘેલા ઘેલડા કરણની વારમાં વજીર કેશવ ને માધવ નાગર હતા. તે માધવે વઢવાણમાં માધવ વાવ કરાવી ગામ વધમાં ગઢ પાસે છે. કેશવને ઘેર સ્ત્રી પદમણી હતી. તે ઉપર રાજાએ કપટ કર્યું. ત્યારે પદમણી પેટ કટાર નાંખીને મરી ગઇ. ત્યારે પાટણથી કેશવ ને માધવ સોલસે સાંઢીઆ મોહોરના ભરીને દીલ્હિએ આવ્યા. પાદશાહની ખીજમત કરી. બત્રીસ લાખ રૂપીઆ આપ્યા. તે બાદશાહને દિલ્હીથી પાટણ લાવ્યા. ઘેલડા કરણને મારીને સીતેરસેંહે ગુજરાતનું રાજ લીધું.

ઘેલડા કરણનો દીકરો ધોલણસી હતો. તેને મુસલમાન કર્યો. તેનું નામ બાદશાહ પીરોજશાહ નામ ધર્યું. તેને પાટણ ગાદીએ બેસાર્યો. તે પીરોજશાહે વરસ ૩૮ માસ ૪ દિન ૧૭ રાજ કીધું.

પાટણમાં પાંચ છત્ર રાજ વાઘેલાએ કર્યું તેમાં વાઘેલો ધવલ તેણે ગામ ધોલકું વસાવ્યું. વીરમદે વાઘેલે વીરમગામ વસાવ્યું.

વડલા વિસલદેએ શહેર વઢવાણ વસાવ્યું કગ્ગ વાઘેલે કરણાવતી નગરી વાસી. કરણાવતી નગરી પછવાડે પાંચશેંહે ગાંમનું રાજ કર્યું.

---

# પ્રકરણ ૨૨ મું

---

## રા' ખેંગારની વાત*

સિંધમાં પાવર ધરતીમાં રાજા સેરપાવરને ઘેર મૂળ નક્ષત્રમાં એક દીકરી અવતરી. ત્યારે જોશીએ રાજા સેરને કહ્યું કે આ દીકરી જેના ઘરમાં રેહે તેહેનું રાજ જાય, એવા જોગમાં અવતરી છે. તે વાત સાંભળીને રાજાને ઘણો ત્રાસ ઊપજ્યો. એટલે તે કુંવરીને વનમાં મૂકી આવ્યા. તે એક કુંભાર નામે હનમતીઆને હાથ આવી. તેણે તેને પાળીને મોટી કરી. તે બહુ સ્વરૂપવાળી હતી. તેથી લાખા ફુલાણીએ માગું મોકલ્યું જે એ કન્યા અમને પરણાવો. ત્યારે કુંભારે કહ્યું કે મારી નાતવાળાઓને પૂછીને પરણાવીશ. પછી લાખા ફુલાણીએ ઘણો ડર દેખાડયો. ત્યારે તે કુંભાર ત્યાંથી નાશીને સોરઠમાં મજેવડી ગામમાં આવીને પોતાના કુટુંબ સહિત વસ્યો.

એક સમે પાટણના રાજા શધરા જેશંઘના દસુંદી ભાટો ૪ લલ્લભાટ ૧, ભગંડભાટ ૨, ચંચભાટ ૩, ઉબલભાટ ૪, એ ચાર જણા દેશાવરમાં ફરતા ફરતા મજેવડી ગામે આવ્યા. ત્યાંહાં કુંભારની દીકરી બહુ સ્વરૂપવાળી દીઠી. તે ચાલતી ત્યારે ભોંએ કંકુનાં પગલાં પડતાં હતાં. તેને જોઇને એ ભાટોએ વિચાર કર્યો જે આ કન્યા શધરા જેશંઘના દરબારમાં શોભે એવી છે. વાસ્તે આપણે પાટણમાં જઇને વધાંમણી આપશું તો રાજા આપણને કાંઈક ઈનામ આપશે.

---

* શ્રી શંખેશ્વરના ગુરીએ લખાવી.

એમ વિચારીને તેઓ પાટણમાં આવ્યા. ત્યારે શધરાજે તે ભાટોની બહુ ચાકરી કરી અને શધરાજને રાણીઓ સોળ હતી. એક એક રાણીને રસોડે એક એક દાહાડો શધરાજની સાથે તે ભાટો જમ્યા. પણ જમી ઊઠે ત્યારે માથું હલાવે. ત્યારે શધરાજે પૂછ્યું જે તમે માથું કેમ હલાવ્યું? ભાટો બોલ્યા કે તમારી સોલે રાણીઓ અમે જોઇ. પણ એમાંની એકે પૂરી પદમણી નથી. ત્યારે રાજાએ કહ્યું કે તમે મારા દસોદી ભાટો છો. વાસ્તે દેશાંતરમાં તપાસ કરવાને ફરો ને જે પૂરી પદમણી કન્યા હોય તેનું સગપણ લઇને લગન જોવરાવીને આવજો.

પછી તે ભાટો ચાલ્યા તે ઘણા ઘણા દેશો ફર્યાં. પણ કોઈ ઠેકાણે પૂરી પદમણી કોઈના જોવામાં આવી નહી. પછી સોરઠમાં જોતાં જોતાં મજેવડી ગામમાં આવ્યા. જ્યારે એ પેહેલાં એ ભાટો એની દીકરીને જોઇ ગયા હતા ત્યારે એ કુંભારને એવી બીહીક લાગી હતી જે આ કન્યાને શધરાજના ભાટો જોઈ ગયા છે, વાસ્તે આપણને કાંઈ હરકત થશે. આમ વિચારીને એ દીકરીને ભોંયરામાં રાખતા હતા. ત્યાંહાં આવીને ભાટોએ કહ્યું કે તમારે દીકરી છે તેનું સગપણ પાટણના રાજા સાથે કરો. ત્યારે કુંભારે કહ્યું જે અમારે તો દીકરી જ નથી. ત્યારે ભાટોએ કહ્યું કે અમે તમારી દીકરીને નજરે જોઈ ગયા છઇએ. વાસ્તે તમે જો સગપણ કરશો નહીં તો શધરાજ તમને કાંઈ સુખે રેવા દેશે નહી. એવાં તાહારાં ક્યાંથી ભાગ્ય કે તું કુંભાર શધરાજનો સસરો થા? એવી ઘણી ધમકી આપી તથા કાંઇ લોભ દેખાડીને એક છાનું સગપણ કરાવ્યું; અને માસ ૨ અથવા ૩ માં લગનનો દિવસ નકી કરાવીને ભાટો પાટણ ગયા અને રાજા આગળ સરવે હકીગત કહી. ત્યારે રાજાએ કહ્યું કે કુંભારની દીકરીને અમે પરણશું નહી. કેમજે અમારા કુલને બટ્ટો બેસે. ત્યારે ભાટે દૂહો કહ્યો કે—

આંગણુ આંબો મોરીઓ મોરીઓ, સાખ પડી ઘર બાર;
દેવાં ઊપાઈ દેવડી, નહી જાત તણી કુંભાર. ૧

એ સાંભળીને તથા તે કન્યાનાં ચાલતાં કંકુનાં પગલાં વગેરે ઘણાં વખાણ સાંભળીને રાજા પ્રસન્ન થયો અને વિવાહનો આદર કર્યો. માંડવો ઘાલ્યો તથા ગણેશ બેસાર્યાં.

હવે એવા સમામાં જૂનાગઢનો રાજા ચૂડાસમો રાખેંગાર હતો. તેની બેહેન શધરાજના ભાઇઓમાં પરણાવી હતી. પણ તે જૂનાગઢમાં રેહેતી હતી. તેના દીકરા બે દેશલ તથા વિશલ હતા. તેમણે પોતાના મામાને કહ્યું કે મામા આપણાં પરગણામાં મજેવડી ગામ નવું વસાવ્યું છે, તે જોવા સારૂં અમે જઇશું. એવી રજા લહીને તે બંને ભાઇઓ. ગામ મજેવડી આવ્યા. ત્યારે એ કુંભારની દીકરી બાબતની સઘળી વાત સાંભળી. પાછા જૂનાગઢ આવી પોતાના મામા આગળ વાત કરી: "આપણા પરગણામાં એક કુંભારની દીકરી બહુ સ્વરૂપવાળી મોટા રાજવાડામાં શોભે એવી છે તેને શધરાજના દશોંદી ભાટો જોઈ ગયા છે, અને શધરાજને પરણાવવા લગન ઠરાવ્યા છે. માટે આપણા પરગણામાંથી એવી કન્યા પાટણનો રાજા લઈ જાય ત્યારે આપણી આબરૂ શી રહેશે ?"

પછી ચૂડાસમા રા'ખેંગારે દેશળને કહ્યું જે "તું ખાંડું લઈને જા અને આપણા દરબારમાં એ કન્યા લેઈ આવ."

પછી દેશળ ખાંડું લઈને ત્યાં ગયો. અને કુંભારને કહ્યું જે "તારી દીકરી રા'ખેંગારને પરણાવ." ત્યારે કુંભારે કહ્યું જે "આ કન્યાની પાટણના રાજા સાથે સગાઈ કરી છે, અને થોડા દિવસમાં જાન આવવાની છે. વાસ્તે હું જો રા'ખેંગારને આ દીકરી પરણાવું તો શધરાજ મને મારી નાંખે." ત્યારે દેશળે કહ્યું જે "જબરજસ્તીથી અમે તેને લઈ જઈએ છીએ. વાસ્તે તને હરકત થનાર નથી." ત્યારે કુંભારે કહ્યું જે "પાટણનો રાજા ગિરનારના ડુંગરાને મૂળમાંથી

ખોદીને પથરા ક્યાંઈ નાંખી દેશે. વાસ્તે શધરાજ સાથે વિવાહ કરેલી કન્યા સામું જોવું નહીં."

**સોરઠો.**—જેસંગ દેવે જાય. ધાય નગર ઢંઢોળીયે।
કપરો તે કહેવાય, ખેંગાર તું ખેલો મ કર ૨

ત્યારે દેશળ બોલ્યો :

**દોહા.**—બાવન હજાર ઘોડા ગઢ ગિરનાર,
કેમ સહે સોરઠ ધણી, ખોહણ દળ ખેંગાર. ૩

એક ખોહણ એટલે એક અક્ષૌહિણી ફોજ ધરાવનાર ફોજ ધરાવનાર ખેંગારને શધરાજ કેવી રીતે જિતે એમ છે ?

પછી દેશળ જબરજસ્તીથી એ કન્યાને જૂનેગઢ લાવ્યો. રથમાં હેઠે ઉતરી પહેલી પોળમાં પેસતાં એ દેવડીને પગે ઠેસ વાગી; અંગુઠામાંથી લોહી નીકળ્યું. ત્યારે રાણક દેવડી બોલી: "અપશુકન ભારે માઠા થયા છે. કાંઈ નરસું નીપજવાનું.

**દોહરો.**—પરથમ પોળે પેસતાં થયો ઠપકો ને ઠેશ
રંડાપો રાણક દેવને, (કે) સૂનો સોરઠ દેશ." ૪

પછી રા'ખેંગાર લગન કરી તેને પરણ્યો. ત્રણ દિવસ સુધી સદેહું (ઢેઢ) સુદ્ધાન્ત ગામ જમાડયું. ત્યારે ઉત્તરાદા દરવાજા બહાર પાટણનાં ૧૦૦ વાઘરી માટીનાં વાસણ વેચવા આવ્યા હતા; તેમને પણ જમવા નોતરૂં મોકલ્યું. ત્યારે તેમણે પૂછયું જે "રાજાને ઘેર શો પ્રસંગ છે ? તે અમને જમવા બોલાવો છો ? ત્યારે ચાકરે કહ્યું

**દોહરો.**—સોરઠ સિંહલદ્વીપની જાત તણી પરમાર
બેટી રાજા રોળની પરણ્યો રા'ખેંગાર. ૫

આ કારણે રાજા સદેહું ગામ જમાડે છે; વાસ્તે તમને પણ જમવા આવજો."

ત્યારે વાઘરીઓએ વિચાર કર્યો જે આ તો આપણા રાજાનું સગપણ કર્યું હતું તે કન્યા રા'ખેંગાર જબરાઈથી લાવીને પરણ્યો. શધરાજ જાતનો સોલંકી છે. આપણે પણ સોલંકી

વાઘરી છીએ. વાસ્તે સોલંકીની કન્યા સવેલી જાય અને આપણે તો જલદીથી પાટણ જઈને આ વાત રાજાને સંભળાવવી જોઈએ.

આમ વિચારી તે ભૂખ્યાતરસ્યા ત્યાંથી ચાલી નીકળ્યા. ચાલતે ચાલતે પાટણવાડાના ગામ વાઘેલની સીમમાં શિકાર પકડવા પાસલો માંડ્યો. તેવામાં શધરાજના દશોંદી ૪ ભાટો ઘોડે ચડીને આવ્યા. તેથી પાસલામાં સપડાયલા રોઝ નાસી ગયા. એટલે વાઘરીઓએ કહ્યું જે "આપજી! અમે જૂનેગઢથી સાત દહાડા મજલ કાપતા અહીં આવ્યા છીએ. આજે તેને સાત લાંઘણો થઈ છે. તમે અમારાં રોઝ તગડી મેલ્યાં?" ત્યારે ભાટોએ પૂછ્યું જે "તમારે શા માટે સાત સાત લાંઘણો થઈ? ત્યારે તેઓએ કહ્યું જે "આપણા રાજાની સવેલી કન્યા રા'ખેંગાર જબરાઈથી લઈ ગયો." એ સાંભળીને ભાટો તરત પાટણ ગયા અને શધરાજને સંભળાવ્યું.

**દોહરો.** (અમે) નિધણીયા અને નહોરીયા ભણિયેલ જાતે ભાટ,
ખોળી કાઢી રાણકદેવીને ખેંગારે પાડી વાટ. ૬

તે સાભળી શધરાજે પોતાના મદદનીશ બાબરા ભૂતને બોલાવી કહ્યું જે "જૂનેગઢ રા'ખેંગાર સાથે લઢવા જવું છે. માટે મારી સાથે ત્યાં આવવા તૈયાર થા."

પછી ચઢાઈ કરવા ઉપડયા. પહેલો મુકામ ગામ વાઘેલે કીધો. ત્યાં આગળથી બાબરા ભૂતે ૫૨૦૦ ભૂતાવળ એકઠી કરી અને એક રાતમાં તળાવ ત્યાં બંધાવ્યું. ત્યાંથી ઉપડયા તે મુંજપુર મુકામ આવ્યા. ત્યાં મુંજ માળવી રાજ કરતો હતો. તેણે દસ્તુર પ્રમાણે ભાટોને કાંઈ જ નહોતું આપ્યું. તેથી અગાઉ તેમણે ત્યાં ત્રાગાં કીધાં હતાં. શધરાજે તેને ઠપકો પાઠવ્યો. તેથી મોંમાં તરણું લે તે શરણે આવ્યો. ત્યાંથી પછી શધરાજ ઝીંઝુવાડે આવ્યો. ત્યાં કિલ્લો બંધાવ્યો. ત્યાંનો મુખી રબારી ધાંધો હતો, તેનો ત્યાં નેસ હતો.

**દોહો:**—ધાંધાને બે ધણીયાણીઓ રતિ ને જતિ
ગઢનો પાયો માંડિયો સમર વાવ હતી. ૭.

હાલમાં એ વાવ ખૂટલ નામે ઓળખાય છે. એક માણસ છ માસ સુધી એ વાવનું પાણી પીએ તેનામાં ખૂટામણ આવે, એવી કહેવત છે.

ઝીંઝુવાડેથી શધરાજ વીરમગામ આવ્યો. ત્યાં પોતાની માતા મીણલદેવીના નામથી મુનસર ( મીણલસર ) તલાવ બંધાવ્યું. ત્યાંથી વઢવાણ મુકામ કરી ગઢ કરાવ્યો. ત્યાંથી સાયલ જઈ ગઢ તથા તલાવ બંધાવ્યાં. એમ મુકામ કરતાં કરતાં કેટલેક દહાડે તે જૂનેગઢ પહોંચ્યો.

ત્યાં શધરાજે રા'ખેંગાર સાથે બાર વરસ સુધી લઢાઈ કરી. છતાં ગઢ હાથ ન આવ્યો ત્યારે રા'ખેંગારના મહેલ પર ચઢવાને એક સુથારે લાકડાની સાંઢણી કરી આપી. તે ઉપર બેસી શધરાજ અને તેની મા મીનલદેવી બન્ને રાણકદેવીના મહોલે પહોંચ્યાં. તેનાં બારણાં બંધ હતાં. તે તેમણે ઠેલ્યાં. એટલે રાણકદેવી બોલી:

**સોરઠો**—કવણ ખખડાવે કમાડ મઢી છે રાણક દેવની,
જાણુશે રા'ખેંગાર ત્રાટક કાન જ તોડશે. ૮

એટલે મીનલ દેવી બોલી:

**દુહો સોરઠિયો**—મારો મોંઢો[1] લાડકો ઓખો[2] ગઢ ગિરનાર
મારી રા'ખેંગાર, ઉતારવી રાણકદેવને ૯

ત્યારે રાણકદેવી બોલી:

**સોરઠો**:—અમારા ગઢ હેઠ કેણે તંબુ તાણીયા ?
સધરો મોટો શેઠ, બીજા વરતાઉ વાણીયા. ૧૦

એટલે મીનલદેવી બોલી:

**સોરઠો**:—વાણીયલા વેપાર, જાતે દહાડે જાણશો.
મારશું રા'ખેંગાર, ઉતારશું રાણક દેવને. ૧૧

આ રીતની તકરાર કરી માદીકરો પાછાં મુકામ પર આવ્યાં. પછી એક દિવસ રા'ખેંગારે પોતે દારૂ પી, પોતાના ભાણેજને પાઈ તેને કહ્યું જે " આ શીશો તારી મામીને આપી આવ. " ત્યારે તેણે

૧ દીકરો. ૨ અધરો.

કહ્યું જે, "મામા! મેં દારૂ પીધો છે, માટે મને ન મોકલતા." છતાં ખેંગારે આગ્રહ કરી તેને મોકલ્યો. તેણે જઇને મામીને શીસો આપ્યો. રાણકે તેને કહ્યું જે "તમારા મામાનો દારૂ તો તમે પીધો. હવે અહીં આવો. મારા હાથનો પીઓ." તેણે ના પાડી, તોપણ સોગન દઇને હીંચોળાખાટે તેને બેસાડયો. અને સામસામી એકએકના હાથનો દારૂ પીધો. કેફથી રાણકદેવી સૂઈ ગઈ. દેશળ પણ કેફથી રાણકદેવી ઉપર પડી ત્યાં જ સૂઈ રહ્યો. એટલામાં રા'ખેંગાર ત્યાં આવ્યો અને મામીભાણેજને સાથે સૂતેલાં જોઈ ગુસ્સે થયો. તેણે લાગલી જ તરવાર કાઢી ઘા કર્યો, પણ હીંચકાની સાંકળ આડી આવી. એટલે તલવાર તે બન્નેને વાગી નહીં. ત્યારે રાજાએ જાણ્યું જે આ બન્ને જણની દાનત ખરાબ નથી. જો એમ હોત તો તલવાર તેમને વાગ્યા વિના રહેત નહીં. પછી વધુ પરીક્ષા કરવા જમૈયો કાઢી રાણકદેવીના ઉછેરેલા ચંપા ઉપર તેનો ઘા કર્યો. છતાં ચંપો કપાયો નહીં. ત્યારે તેણે નક્કી જાણ્યું જે "આ બન્નેના દિલમાં કંઇપણ પાપ નથી." પછી થાંભલામાં કટારી મારી, દેશળે ઓઢેલી પામરી ઉંચકી લીધી. અને પોતાની પામરી તે બન્નેને ઓઢાડી.

ત્યાંથી તે પોતાની બેન પાસે ગયો. અને તેને ઠપકો દીધો જે, "તારો દીકરો મારા ઘર સામું જુવે છે.

**દુહો–સોરઠીયો:**—બેન દેશળ દીઠેલ ચખ દવેખે અમ તણાં
કાળી ચાંચને કાગડે વેઢી નાગર વેલ. ૧૨

બહેન! દેશળને જોઈને મારી આંખમાં દ્વેષ–ઝેર ઉભરે છે. કારણ એ કાળા મોંના કાગડે નાગરવેલનાં પાન વેઢી તોડી લીધાં."

સવારે રાણકદેવડી જાગી, અને રાજાની પામરી બન્નેની ઉપર ઓરાઢેલી જોતાં તેમ થાંભલામાં કટારી દેખતાં ભાણેજને જગાડી કહ્યું જે,

**દોહરો:**—"ઉઠ ભાણેજ! વરવું થયું ચંપો જોઈ વિચાર,
થંભ કટારો થર હરે, કોપ્યો રા' ખેંગાર."

પછી દેશળ ઉઠી તેને ઘેર ગયો, ત્યારે માએ તેને ઠપકો દીધો:

**સોરઠો:**—"તું મુજ પેટ પત્થર પડયો જળજળતો અંગાર
ઉગ્યે દિન ઓળંભડો દઈ ગયો રા' ખેંગાર." ૧૪

ત્યારે દેશળે કહ્યું જે

**દોહરો:**—"નથી મેં ઘોડા ગુડીયા, નથી ભેળ્યા ભંડાર,
નથી માણી રાણકદેવડી, કિમ ઓળંભા દે ખેંગાર. ૧૫

અમારે તો ભાઇબેન જેવો સ્નેહ છે. મામાના મનમાં પછી ચાહે તેમ આવો."

માએ ત્યારે કહ્યું જે "તેં તારી કાકી રાણકદેવીને મામાને પરણાવી, છતાં તેનો ગુણ વિસારીને ઉલટું તારો મામો આવું આળ ઓળવે છે. વાસ્તે તારે આ ગામમાં વસવું લાયક નથી."

પછી રા'ખેંગારે પણ તેને જાકરો દીધો. એટલે દેશળે પોતાના ભાઈ વીશળને કહ્યું જે "હું તો આ ગામમાંથી જાઉં છું." ત્યારે વીશળે કહ્યું જે "તું જઈશ તો હું પણ તારી સાથે જ આવીશ. કેમ જે:

**દોહરો:**—કડવા હોયે લીંબડા ત્હોયે શીતલ છાંહ્ય,
બંધવ હોયે બોલણા ત્હોય પોતાની બાંહ્ય." ૧૬

પછી બન્ને જણુ રાતે ને રાતે જ ગઢમાંથી ચાલ્યા અને દરવાજે આવ્યા. એટલે કિલ્લેદાર રજપૂત દૂદે અને હમીરે તેમને પૂછયું જે "ભાઈ દેશળ! કેણી તરફ પધારશો?" દેશળે કહ્યું જે "માળવેથી અપીણના પોઠીઆ દરબારના આવે છે, તે લેવા સામો જાઉં છું. અરધી રાતે કે પાછલી રાતે પહેલે પહોરે પોઠીયા લઇને આવીશ. માટે દરવાજા ઉઘાડવા સારૂ જાગતા રહેજો."

આમ કહી નીકળ્યા તે દેશળ અને વીશળ સીધા કાકા શધરાજને જઈ મળ્યા અને તેને કહ્યું જે "કાકા! તમે અમારા કાકા થાઓ છો તેની અમને પહેલાં જાણ ન હતી. તેથી જ મેં મારાં કાકીને

રા'ખેંગાર સાથે પરણાવી. હવે મારો મામો મારે માથે બદકામનું આળ ઓળવે છે. વાસ્તે હું તમારી પાસે આવ્યો છું. ચાલો મારી સાથે. હું રા'ખેંગારને મારી મારી કાકી તમને પાછી સોંપું."

પછી ૧૫૦ પોઠીઆની ગુણોમાં હથિયારબંધ સીરબંધીઓને ઘાલ્યા, અને એ પોઠીયાઓને ચલાવી દરવાજા ઉઘડાવી ગઢમાં પેસાડ્યા. તેમણે દૂદો તથા હમીરને ત્યાં જ ઠાર કર્યા. પછી આવી રા'ખેંગારના દરબારમાં વિજયની શરણાઈઓ બજાવી. રા'ખેંગાર લઢવા આવ્યો.

**દોહરો** – ઝાંપો ભાંગ્યો, ભેળ પડી, ભેળ્યો ગઢ ગિરનાર,
દૂદો હમીર મારિયા, સોરઠના શણગાર. ૧૭
રણ શરણાઈ વાગિયો, પાખરિયા કેકાણ[1]
શૂરા મુખ પાણી ચડે, કાયર પડે ભંગાણ. ૧૮

એ લઢાઈમાં બન્ને બાજુમાં કેટલાંએક માણસો પડયાં, અને રા'ખેંગાર પણ મરાયો. પછી દેશળ શધરાજને રાણકદેવીને મહેલે લઈ ગયો. અને બોલ્યો: "મામી! અમે બે ભાઈ તથા મામા આવ્યા છીએ, માટે બારણાં ઉઘાડો." એટલે તેણે બારણાં ઉઘાડતાં શધરાજે રાણકદેવીને પોતાની સાથે ગુજરાત આવવા વિનવણી કીધી. પણ તે એકની બે ન થઈ. ત્યારે તેના બે દીકરા માણેરો ૧૧ વરસનો, અને ડગાયચો ૫ વરસનો, એ બેને તેની પાસેથી ઝુંટવી લીધા. પહેલાં ડગાયચાને માર્યો. પણ રાણકદેવી ડગી નહીં. પછી માણેરાને મારવા લીધો. પણ તે છટકી માની સોડમાં લપાયો અને રોવા લાગ્યો. રાણકે તેને પડકાર્યો:

**સોરઠા**—"માણેરા! મા તું રોય મ કર આંખ્યું રાતિયો
કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારિયે." ૧૯

પછી શધરાજે માણેરાને ચાકર પાસે પકડાવ્યો અને આજ્ઞા કરી જે "આને અહીં મારતા નહીં. પણ રાણકદેવી નમાની થઈ પાટણમાં ન પેસે તો દરવાજે એને મારજો."

---

૧ ઘોડો.

પછી રાણકદેવીને ગઢમાંથી બહાર કાઢી. ત્યાં રા'ખેંગારનો ઘોડો નજરે ચઢતાં તે બોલી:

**સોરઠો**—"તરવરિયા તોખાર! હઇયું ન ફાટયું હંસલા!
મરતાં રા'ખેંગાર ગામતરાં ગુજરાતનાં." ૨૦

એટલામાં રા'નો સાબર શૃંગાલ નજરે પડતાં રાણક બોલી:

**સોરઠો**—"રે સાબર શૃંગાલ! એક દિન શૃંગાલાં હતો.
મરતાં રા'ખેંગાર ભવનાં ભીલાં[1] થઇ રહ્યાં." ૨૧

ત્યાં તો મોર પણ જોયો, એટલે તેને પણ કહ્યું જે

**સોરઠો**—"કાઉં કે ગરછ મોર ગોખ ગરવાને ચઢી,
કાપી કાળજકોર પિંજર દાઝયો પાણીએ." ૨૨

(અરે ગરવા મોર! ગિરનારની બારીએ ચઢી, હવે શોર શાને કરે છે? મારા કાળજાંની કોર કાપી મારૂં પિંજર (ઘર) પાણીએ બાળ્યું, મારા સગા ભાણેજે ભેળાડયું.)

એવામાં રા'ખેંગારનું શબ નજરે ચઢયું, એટલે તે બોલી:

**દોહરો**—"સ્વામી! ઉઠો સૈન્ય લઈ ખડગ ધરો ખેંગાર
છત્રપતિએ છાઇઓ, ગઢ જૂનો ગિરનાર. ૨૩

**સોરઠો**—ઉતર્યાં ગઢ ગિરનાર, તનડું આવ્યું તલાટિએ
વળતાં બીજી વાર દામો કુંડ નથી દેખવો." ૨૪

ત્યાંથી આગળ ચાલતાં ધારગરવાડી આવી એટલે તે બોલી:

**સોરઠો**—"ચંપા! તું કાં મહોરિયો થડ મેલું અંગાર.
મહોરે કળિયું મ્હાણતો માર્યો રા'ખેંગાર." ૨૫

આ પડકારથી ચંપાનું ઝાડ સૂકાઈ ગયું. અને વાડી પણ બળી ગઈ. તરત તેણે ગિરનાર તરફ દ્રષ્ટિ નાંખી. અને બોલી:

---

1 વળેલાં કે ભાગેલાં શીંગડાંવાળા હરણ કે બળદને ભીલો કહેવામાં આવે છે.

**સોરઠા**—"ઉંચો ગઢ ગિરનાર! વાદળથી વાતું કરે
મરતાં રાખેંગાર રંડાપો રાણકદેવડી." ૨૭

ત્યાંથી સહુ રસ્તે પડયાં. પાંચ ગાઉની મજલ કાપ્યા પછી એણે ગિરનાર જાણે વળાવવા સાથે સાથે આવતો હોય એમ નજરે ચઢતાં ફરી પાછો ગિરનારને પડકાર્યો :

**સોરઠા**—"ગોઝારા ગિરનાર! વળામણ વેરીને કિયો.
મરતાં રા'ખેંગાર ખરેડી ખાંગો નવ થયો." ૨૭

ત્યાંથી આગળ ચાલ્યાં. વળી પાછું કેટલેક છેટે ગયા પછી જોયું તો ગિરનાર પડતો દેખાયો. એટલે તે બોલી જે,

**સોરઠા**—"મ પડ મારા આધાર! ચોસલાં કોણ ચઢાવશે
ગયા ચઢાવણહાર જીવતા જાગર આવશે." ૨૮

(હે ગિરનાર! હવે પડતો અટક. તું તો મારો આધાર હતો. તારાં ચોસલાં પડતાં તેને પાછાં ચઢાવનાર કોઈ હવે રહ્યો નથી. તેને ચઢાવે એવો રા'ખેંગાર ગયો. હવે તો તારે ત્યાં જે જીવતા હશે તેઓ જાત્રા કરવા આવશે માટે હવે પડતો નહિં.)

આગળ ચાલતાં દેશળવીશળ શધરાજ પાસે આવ્યા અને રા'ખેંગારને મારી જૂનેગઢનું રાજ્ય દેશળને આપવાની આગલી બોલીની યાદ આપી. ત્યારે શધરાજે કહ્યું જે "હા સોરઠ છોડયા પછી સોંપીશું." પણ તેણે મન સાથે વિચાર કર્યો કે "જે પોતાના સગા મામાના ન થયા તે મારાથી ફૂટી મારી સામે પણ કો દિ થવાના. તેથી તેમનું તો કાસળ જ કાઢવું જોઇએ." આમ વિચાર કરી માર્ગમાં જ એ બે ભાઇઓને તેણે મારી નંખાવ્યા.

પછી પાટણવાડામાં તેઓ આવ્યા. ત્યાં સારી જગ્યા રાણકદેવીને શધરાજે બતાવી. ત્યારે તે બોલી:

**સોરઠા**—"બળજો પાટણ દેશ પાણી વિના પૂરાં મરે.
ગરવો સોરઠ દેશ સાવજડાં સેજળ પીએ." ૨૯

પછી પાટણને પાદર ઉતરતાં શહેર આખા પાસે શધરાજે ઉજાણી કરાવી અને લોકો રાજાજ્ઞાથી સારાં સારાં કપડાંવસ્ત્ર પહેરીને આવ્યાં. તેને જોતાં રાણકદેવી બોલી:

**સોરઠા**—"બળજો પાટણ દેશ, જીસે પટોળાં નીપજે
ગરવો સોરઠ દેશ લાખેણી મળે લોબડી." ૩૦

એટલામાં એક સ્ત્રીએ રાણકને પૂછ્યું બાઈ, તમે શધરાજની રાણી છો. ત્યાં તે બોલી: મારા "કંથને હું આવી અવસ્થામાં મૂકી આવી છું.

**દોહરો**—વાએ ફરકે મૂછડી, રયણ[1] ઝબૂકે દંત.
જુઓ પટોળાંવાળીઓ! લોબડીવાળીનો કંથ. ૩૧
જે સાંચે સોરઠ ઘડયો ઘડીયો રા'ખેંગાર
તે સાંચો ભાંગી ગયો, જાતો રહ્યો લુહાર."

ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું જે "તમારી આંખમાં આંસુ કેમ નથી આવતાં? ત્યારે રાણકદેવી બોલી:

**સોરઠો**—"પાંપણને પડતે કહો તો કૂવા ભરાવીએ.
માણેરો મરતે શરીરમાં સરણાં વહે."

પછી શધરાજે રાણકનું મન મનાવવાને ઘણાક ઘણાક પ્રયત્નો કર્યાં. પણ તે પ્રસન્ન થઈ જ નહીં. પછી એક વાર શધરાજે તેને પૂછ્યું જે "તારે કયાં રહેવા મરજી છે?" ત્યારે તે બોલી જે "મારૂં ગામ વઢવાણ છે, તેથી હું ત્યાં રહીશ." પછી શધરાજ તેને વઢવાણ લઈ ગયો. એટલે તેણે કહ્યું જે "હું તો સતી થઈશ." પછી ભોગાવામાં ચિતા ખડકાવી રાણક તેમાં બેઠી અને સુરજને પગે લાગી બોલી:

**સોરઠો**—"મારૂં શહેર વઢવાણ ભાગોળે ભોગાવો વહે.
ભોગવતો ખેંગાર રાણ, ભોગવ ભોગાવા ધણી." ૩૨

એટલામાં ચિતા બળવા લાગી અને ઉનો વા વાવા લાગ્યો.

---

૧ રત્ન જેવા.

**સોરઠો**--"વાયુ વાય સવાય વાયે વેલુ પરજળે
ઉભો ત્યાં શધરાજ સત જોવા સોરઠિયાણીનું." ૩૫

તે વેળા શધરાજે પામરી રાણક ઉપર નાંખી. પણ રાણકે તે પાછી ફેંકી કહ્યું જે, "જો તું મારી ભેગો બળે તો હું તારી રાણી આવતે ભવે થાઉં." પણ તેની સાથે બળવાની શધરાજની હિંમત ચાલીજ નહીં.

---

# પ્રકરણ ૨૩ મું

---

## માંડવરા દેવ

જે દાહાડે જગદેવ પરમાર ધારને કીલ્લેથી પાટણ આવ્યા તે દાહાડે પોતાનો ભાઈ રણધવલ ઊજણનું રાજ કરતો હતો. તેના વંશનો ભાઈ એક નીકળીને પારકર જઇને વસ્યો. તે પરમારોના કુળમાં ચંદન ને શોઢો પરમાર હતા. શોઢો પરમાર ઢોલીએથી પગ હેઠો મૂકે સહવારને પોહોર અને દાતણ જ્યારે કરે ત્યારે માગણને કરોડ પસાવ આપે. એવું એને બરદ હતું.

એ ચંદનના કુળમાં મુંઝો અને લગધીર એ પારકરનું રાજ કરતા. એવામાં સાત દકાલી પડી. ત્યારે પોતાના શેહેરમાં રૈઅતે દુઃખ પામવા માંડ્યું. ત્યારે પોતાના પ્રગણા સમેત બધો દંગ લઇને મુંઝો ને લગધીર એ ભાઈ પારકર મૂકીને નીકળ્યા. ત્યારે માંડવરા દેવ (માતણ્ડેવર-સૂર્ય) હતા. તેની એ ભાઈ પૂજા કરતા. તે પૂજા કર્યા વિના મોંઢે રજક લેતા નહીં. માંડવરાની પૂજા પેહેલે દિવસે કરીને પાંચ ગાઉ જઇને પોતાનો બધો દંગો જઇને પડયો. ત્યારે બીજે દાહાડે પાંચ ગાઉથી આવીને માંડવરાની પૂજા કરી. ત્રીજે દાહાડે દશ ગાઉ ગયા. વળી દશ ગાઉથી આવીને માંડવરાની પૂજા કરી, અને જઇને રજક ખાધું. એવી રીતે ચોથે

દિવસે ગાઉ ૧૫ થી માંડવરાની પૂજા કરવા આવ્યા. એથી એવી તો નિત્ય ઊઠીને તસતી પડવા માંડી. ત્યારે માંડવરા દેવે જાણ્યું જે કેટલાક ગાઉથી આવશે ને કેટલા ગાઉ જશે. તેથી માંડવરા દેવ મુંઝાયા ને લગધીરને પ્રસન થઇને બોલ્યા જે મને રથમાં બેસારીને સંગાતે લઇને જાઓ. પણ જ્યાંહાં મારા રથનું પઇડું અટકે ત્યાંહાં તમે રેહેજો. ત્યાંહાંથી ડગલું આગળ ભરશો નહી. એવું માંડવરાએ કહ્યું તારે મુંઝા ને લગધીર બે ભાઇએ માંડવરાને રથમાં બેસારીને ત્યાંથી નીકળ્યા અને પોતાના દંગમાં આવ્યા. ત્યારે ચાલતાં ચાલતાં દેવકો પંચાલમાં ગામ વઢવાણ તેના પ્રગણામાં ગામ તો મૂળી, તેની સીમમાં નાડીતોડ બાદરૂ ધાગડી તલાવ ત્યાંહાં આવ્યા. ત્યાંહાં રથનું પઇડું અટક્યું. ત્યારે મુંઝો અને લગધીર પરમાર ગાડાનો ગઢ કરીને રહ્યા.

ત્યારે વઢવાણમાં વડવા વાઘેલો તેના સાલા રજપૂત તો શાખે છભાડ મૂળી રાજ કરતા. તે એક દહાડાને સમે શિકાર રમવા નીકળ્યા. વગડામાં જીવજંતને ઉડાડયાં. એવામાં તેતરો એક નાશીને પરમારોના ઉચાળામાં પડયો. ત્યારે બધા છભાડ આવીને ઘોડાં ઊપર ચઢીને દંગ બાધો વીટયો. હઇઆમાં એવું જાણ્યું જે આ બાધો દંગ પરદેશનો છે; અને બહુ ધનમાલ દીઠું. આપણ એને ગુનામાં નાંખીને લૂંટી લીજીએ, એવો છભાડે વિચાર કર્યો. એવું જાણીને મુંઝા અને લગધીર પરમારને બોલાવીને કહ્યું જે અમારો તેતરો નાશીને તમારા ઊચાળામાં પડયો છે, તે અમને આપો. તારે મુંઝા અને લગધીર પરમારે છભાડની ઘણી આગતાસ્વાગતા કરવા માંડી. કસુંબાની મનવર કરવા માંડી; જે તમારે પરગણામાં આ ગામ તો તમારૂં, તમે કરમી માનવીના સગા કેહેવાઓ છો. વડલા વાઘેલો, તેના તમે શાલા કેહેવાઓ છો; તે સારૂં અમારે તમારી મનવર કર્યાં વિના ચાલે નહીં. એવું ગરીબ વેણ મુઝા અને લગધીરે કાઢ્યું. ત્યારે છભાડે જાણ્યું જે આ રજપૂત પરમારોમાં કાંઈ દૈવત નથી. એવું જાણીને કહ્યું જે અમારે કસુંબો તમારો જોઈએ નહીં. પણ અમારો તેતરો તમારા ઊચાળામાં

આવ્યો છે. તે અમને આપો. ત્યારે મુંઝા અને લગધીર પરમારે કહ્યું જે અમે તમારો તેતરો કાંઈ લેવા આવ્યા નોહોતા. પણ જે શરણે આવ્યો તે અમથી અપાય નહી. ત્યારે છભાડે કહ્યુ જે ત્યારે તમે તરવાર બાંધો. એટલે પરમારો હથીઆર બાંધીને ઘોડા ઉપર ચઢીને બારણે ઊભા રહ્યા.

## કવિત્ત

જંગલ તેતર ઊડીઓ, આવો રાજદરબાર;
છભાસર ઘોડે ચડા, બાંધી ઊભા બાહાર. ૧

મુંઝા તેતર માહેરો, માગે દુજણશાલ;
શ્રોહો ભરીઅલ ગુજરધણી, આપે નહી એણી વાર. ૨
પેહેલે પોહોરે ચઢંતડા, શોઢો ને સગરામ;
રતન શ્રેહેલે રતનાવતે, જેણે નિશ્ચલ કીધું નામ. ૩
વાર સનિશર ચોથ વદ, ટાઢા પુરણ ત્રીજ;
સોઢા તે છભાશરા, ને દીધા રણધીર. ૪
પડા છભાસર પાંચશે, ઓઢો વીશો સાત;
એક તેતરને કારણે મુઝાએ રાખી ખ્યાત. ૫
ધરૂ ચલે, મેરૂ ડગે, ગમો મરડે ગરનાર;
મરડે કેમ મૂળીધણી, પગ પાછા પરમાર. ૬
થાન, કંડોલો ચોટ ધઢ, થર મૂલીરો વાસ;
એ તો દે પરમારને, અવર ન દુજી આશ. ૭

મુંઝો ને લગધીર પરમારે છભાશરાને મારીને મૂલીનું રાજ લીધું. લગધીરના ચંચોજી, એ ચંચાજીએ મૂલીમાં વાઘનું દાન આપ્યું.

## કવિત્ત

ચંચે સિંહ સમપિઓ, કેશર ઝલકે કાન;
પોહોચોં પરમારાં ધણી, એને રમતો મેલો રાન. ૧

ચાંચનો દીકરો રતન મૂલીમાં થઓ. તેણે ક્રોડ પસાવ આપ્યો :

કલ બીજે કોકો થાએ લાખવરી શણ લોએ;
શોઢા વણ સુઝે નહી, કોડવરી શણ કોએ. ૨

વખત ભામણે મુઝાવત, બરદાં ગ્રહણ ગ્રેહે જાઆ;
ને ગ્રહે ત્રુહા ખુગતા, વાધતાં એવડી એજારા;
વાટ પાડતાં તઠે સેહેર ઉહા નખતરી બરબરી;
રાવ રાણા નહી હજારી આગણે, વાલ હટકે હલાહલ;
મુલીએ વાધરૂ ઊંકતા, તાંહાં બાટરાં મેડીએ કડાં ખટકે;
ચાર ચોવીશીઆ કલાવત, ચાકેલ સારીએ સંસાર સારો;
કનક ઇંઢોણીએ નીર વેહે કાંમની, વાહરેવાહ રતને સવારો. ૩

એ પરમાણે ચાર ચોવીસીઓ મૂલીએ દીધી.

---

# પ્રકરણ ૨૪ મું

---

## કેશર મકવાણો

### કવિત્ત

આદ જોતાં ઓંકાર, સકત ત્રોહો ગુણ ઉપાઆ;
ચોસટ મુખા મખમાએ, મખ બત્રીશ કહાઆ;
સોલ મુખ મખમાએ, વલી બ્રમા અવતરીઆ:
શેખ સાઈ ત્રણ નામ, કમલમુખ ચોમુખ કરીઆ;
બ્રંમાસત હુવો માહા રખ, માહા રખ શતહી માંણો;
ધન કુડમાલ ક્ષત્રીવટ ધરમ, તે કલ સાચો મકવાણો. ૧

મારકુંડ ત્રણ ગોત્ર, આદ કુલ ચંદર વિલાસી;
બ્રાંમ સાખ માદની, તરપણ કલ ત્રણ પલાસી;
આદમાન કલદેવ, વેદ તો જજુર વખાણું;
એ તો જાણે અદકાર, તે કલ સાચો મકવાંણો;
ધન કુડમાલ ક્ષત્રીવટ ધરમ, મારકુંડ ઊતપત કીઓ;
રવિ શશી જાંહાં લગ રેહે, તેમ રાજ અવિચલ દીઓ. ૨
નગર કેડે નવ લાખ, શેહેર છપનપર છાજે;
બાવન ગઢ બત્રીસ, ગામ રાખણ ભડ ગાજે;
રણ ચડો મકવાણ, એહે એ તો ભાણ ન સૂજે;
આણ દાણ એકાં નમે, કુડમાલ રાજસ કરે;
દણી આણ ભૂપ કોણ દુસરા, ધસ પાવ સામો ધરે;
કુડમાલનો મેહેરખ, મેહેરખનો ગંગરખ
ગંગરખનો પ્રથીપત મકવાણો, ગઢ શેકરી રાજ કરે. ૩
સતર સહસ્ર પરસાદ, શેહરસે કરી સજાઈ;
પંચ લખ ધરપેસ, તેર કરોડ ભરતાઈ;
ધવલ મંગલ ઊદેસ, શેહેર મજ મોલ સવાઈ;
કેકાણ લાખ હું કલ કટક, જેને પંચ સહસ્ર ગજરાજ;
સુણ શીકરી શા લણશી હરી, માહા જુધ મકવાણ મેંણ. ૪
ચાર નીલ અસ્વાર, પદમ દશ રાવત રાણા;
પદમ લખ પાખરા, ખાવી પતશાહા બહાણા;
આઠ લાખ ઊચાસ, ચલે મેહેગલ મેહેમતી;
સહસ્ર મણ સબ તેલ, જલે નત દીવે બત્તી;
દાતા એશા દનીઆણમાં, ક્રોડ દાન નિત પ્રત કરે;
મકવાણ રાણ માહા જલી, એમ પ્રથીપટ ઊપરે; ૫

પ્રથીપતના આલણસી. આલણસીના ઊગંમસી. ઊગમસીનો વેહેરી. વેહેરીનો વેહેરીસાલ. વેરીસાલનો વ્યેહોઆસ. એણે ગઢ કેરંટી રાજ કર્યું. તે વ્યેહોઆસને પેટે કેશર મકવાણો થઆ.

ગઢ કેરંટીમાં જે દાહાડે વ્યેહોઆસ મકવાણો મરણસજાએ પોઢયા ત્યારે જીવ ગતે જાયે નહીં. ત્યારે કેશર મકવાણે પૂછયું જે પિતા! તમારો જીવ કેમ મોક્ષ જતો નથી? ત્યારે વ્યાસ મકવાણો બોલ્યા જે કેરોકોટથી નગર તો સાંમઈઓ છે. તેમાં હમીર સુમરો રાજ કરે છે. તેના દૂધમલીઆ વછેરા સવાસો લાવીને મારા તેરમાને દાહાડે ભાટચારણને આપે તો મારો જીવ ગતે જાએ. ત્યાહારે પોતાના ભાઈ ભતરીજા પાસે સરવે બેઠા'તા તેમાંનો એકે જણ બોલ્યો નહીં. ત્યારે કેશર મકવાણો અગીઆર વરસની ઊમરનો હતો. તેણે પોતાના પિતાને હાથે જલ ઘાલ્યું: "જાઓ પિતા! તમારો જીવ મોક્ષ પમાડો. તેરમાને દાહાડે વછેરડા સવાસો મારે લાવીને ભાટચારણને આપવા. વ્યેહોઆસ મકવાણો દેવલોક પામ્યાં."

પછી બાર દન વીત્યા. તેરમો દિન આવ્યો ત્યાહારે કેશર મકવાણે શોક મૂકીને પોતાના ભાઇઓને કહ્યું જે મારી સંઘાતે ગઢ કેરેકોટ આવો. ત્યારે સરવ ભાઇએ એવું કહ્યું જે મરવા ખાતર કોઇએ સંઘાતે આવે નહી. ત્યારે કેસર મકવાણાના હાથમાં સવામણ લોઢાની સાંગ રેહેતી. ઢીંચણથી ઢળકતા હાથ રેહેતા. એવો અજાનબાહુ અતલિબલ હતો. સાડાત્રણ ટાંકની કમાન હાથમાં રેહેતી. સવાસવા મણનો ભલકો હતો. ત્યારે કેશર મકવાણો ગરડા ઘોડા ઉપર ચઢીને ચાલ્યો.

## કવિત્ત

બીજા ઘોડા ચોપગાં, ઘોડાહર ચાળીશ;<br>
બીજા નર બબ્બે હથા, કેસર પૂરા વીસ. ૧<br>
તરકસથી તીર કઢેઓ, કર ગ્રહી લાલ કમાન;<br>
દોસુલાં ભર લકડી, વેધી અવલે બાણ. ૨

ત્યારે કેશર મકવાણો નગર સામૈએ જઇને હમીર સુમરાના દૂધમલીઆ વછેરા સવાસો કેરંટીએ લઈ આવ્યો, ને ભાટચારણને આપ્યા.

પછી કેશર મકવાણે પોતાના ગોરને બોલાવીને પોતાની જનમોતરી મગાવી, ને જોવરાવ્યું. ત્યારે મોત ઢુંકડું આવ્યાનું તેણે કહ્યું. ત્યારે કેશર મકવાણે કહ્યું જે ઘરને ખૂણે મરીએ તો કોઈ જાણે નહીં, પણ કોઇ મામલે કજીઓ કરીને મરીએ તો મારૂં નામ રેહે. એવું જાણીને નગર સાંમઇએ હમીર સુમરાની સાતસેં સાંઢો મેની નદીમાં ચરતી હતી, તે કેશર મકવાણો ગઢ કેરંટીએ લાવ્યો. તે લાવીને ભાટ-ચારણને દાન આપ્યાં. તોએ નગર સામઇએથી હમીર સુંમરાની ફોજ ચઢી નહી. ત્યારે કેશર મકવાણો ત્રીજે બાહારવટે નગર સામઇએ ગયો. ત્યારે દશેરાનો દિન, મહીનો મોહોરમ હતો; ને હમીર સુમરાની દીકરીઓ તથા વહુઓ, તેના રથ આવીને બાગમાં ઊતર્યાં હતાં ને રમતાં હતાં. બાગમાં ત્યાંહાં કેશર મકવાણે આવીને રથ બાધા હંકાવીને લીધા. જાતે સુમરો કેહેવાએ, તેહેની વહુદીકરીઓ તે સવાસો સુમરીઓના રથ ઝડીને કેરંટીએ લાવ્યો. ત્યારે હમીર સુમરે પોતાના વજીરાંને કેરંટીએ મોકલ્યા. તેણે આવીને કેશર મકવાણાને કહ્યું જે એ તો હમીર સુમરાની વહુદીકરીઓ છે તે જે રીતે લાવ્યા તે રીતે સાસર-વાસો કરીને નગર સાંમઇએ મોકલો. એવું વજીરે કહ્યું તારે કેશર મકવાણો બોલ્યો જે એ તો મોકલ્યાનો માલ નથી. એ તો અમારા ઘરની સ્રીયો રાણી છે. એવું સાંભળીને વજીર હમીર સુમરાના નગર સાંમઈએ ગયા.

પછી કેરંટીમાં કેશર મકવાણે પોતાના ભાઇઓને બોલાવીને અકેકી સુમરી વેહેંચી આપી ને ચાર સુમરીઓ કેશર મકવાણે પોતાની મોહોલાતમાં રાણી કરીને રાખી. બીજી રાણીઓ કેશર મકવાણાના ઘરમાં ઘણી હતી.

આમ કેશર મકવાણાને કજીઓ કરતાં વરસ દશબાર ગયાં. ત્યારે કેશર મકવાણાને દીકરા ૧૮ હતા. પોતાના ભાઇઓના થઈને દીકરા અઢાર હતા. તેમાં દીકરા ૯ કેશર મકવાણાના હતા. ચાર સુમરીઓ રાખી તેમાં એક ચારણની દીકરી રાખવામાં આવી હતી.

ત્યારે નગર સામઈએથી હમીર સુમરે કાહાવીને મોકલ્યું જે કેરંટી તો મારા પાટમાં છે, ને માહારી ફોજ આવીને ખાય શું. ત્યારે કેશર મકવાણે કાહાવી મોકલ્યું જે હું હજાર વીઘામાં લીલા જવ વવરાવું તે તારી ફોજને ખવરાવતા આવો. એવું જ્યાહારે કહ્યું ત્યારે હમીર સુમરાની ફોજ ગઢ કેરંટીએ આવી. ને કજીઓ કર્યો. ત્યાહારે કેટલાક રજપૂત ગઢ કેરંટીએ કામ આવ્યા. અને નવ દીકરા કેશર મકવાણાના કામ આવ્યા. કેશરના ભાઈભિતરીજા બધા ઝમોરમાં કામ આવ્યા અને તેની નવ શાખો પડી.

## કવિત્ત

મકવાણ રાણગ[૧], બોહો બાબલ[૨] બરદાલા;
લજાવંત લુણંગ,[૩] ભલા બલોઅચ[૪] ભાઈ;
ખતરવટ રાખણ ખોડ,[૫] જેક પારા[૬] કર જાણું;
વીકોડ[૭] નેહાપેવ[૮], જેક ઝલરાંણ[૯] વખાણું,
નવ શાખ નવ ખંડમાં, મકવાણ દશમી મણિ;
એટલી સાખ ઊજાલતાં, તલક સાખ ઝાલા તણી, ૧

---

# પ્રકરણ ૨૫ મું

---

## હરપાલ મકવાણો

કેરંટીએ કેશર મકવાણો કામ આવ્યા પછી તેનો દીકરો હરપાલ મકવાણો. કેશર ને સવાસો સુંમરીઓ જુંપ ખડકીને બલી મુઇ. ગઢ કેરંટી ભાગ્યો. ત્યારે કેશરનો દીકરો હરપાલ મકવાણો તે પાટણ આવ્યા. તે પાટણમા ઘેલડો કરણ વાઘેલો રાજ કરતો. તેના રાજમાં હરપાલ મકવાણો આવ્યા. તે હરપાલના હાથમાં સવામણ લોઢાની સાંગ રેહેતી હતી. તે ઘેલડો કરણ વાઘેલો ને હરપાલ મકવાણો એ

મસીઆઈ ભાઇ થતા. તે હરપાલ મકવાણાને ઘેલડે કરણે માન આદરભાવ દઇને રાખ્યા.

ત્યાહારે ઘેલડા કરણ વાઘેલાને સાત રાણીઓ હતી. તે ઘેલડો કરણ સીતેરશેહેની ગાદી પાટણ હતી, ત્યાહારે ઘેલડા કરણની માનીતી રાણી નામ તો ફુલાંદે. તેહનું પીઅર ઝાંઝમેર તલાદે હતું. તે રાણીએ રાજાને વશ કરવા પોતાનો બ્રાંમણ તલાદે મોકલ્યો. ત્યાંહાંથી તેલ મંત્રીને વશીકરણ કરીને તુંબડી ભરીને બ્રામણના હાથમાં આપી, તે બ્રામણ લઇને નીકલ્યો. તે નગર છત્રાવતી આવ્યો. ત્યાહારે છત્રાલનો છોઓ કેહેવાતો, તે પાસે એક વાવ છે ત્યાંહાં એક ગંભીર વડ છે. તે વડે બાબરો ભૂત રેહેતો. તે વડની ડાલે તેલની તુંબડી વળગાડીને બ્રામણ સૂતો. એવામાં બાબરો ભૂત આવ્યો. તુમડી તેલની વાવંટોળે પડી ગઈ. તે ફૂટી ગઈ. તે તેલ ડાળ ઊપર ઢળ્યું. ત્યાહારે બાબરા ભૂતની નજરે પાટણ આવ્યું. ત્યાહારે બાબરો ભૂત ઘેલડા કરણ વાઘેલાનું રૂપ ધરીને રાણીની પાસે રહે. રાજા વાઘેલાને બાંધીને ઘોડીઆટે વળગાડીને ચાર પોહોર રાત વીતે રાત પાછલી ઘડી ચાર રહે ત્યાં સુધી બાબરો ભૂત રહે. પછી છત્રાવતી નગરીએં જાય. એવું હમ્મેશ જાય ને આવે.

એમ કરતાં દિન દશપાંચ ગયા. ત્યાહારે ઘેહેલડા કરણના મોહોની કળા પડવા માંડી. હરપાલદે મકવાણે પૂછ્યું ઘેલડા કરણ વાઘેલાને જે તમારા મોહોંની કળા કેમ ઘટે છે? ત્યાહારે ઘેલડે કરણ વાઘેલે કહ્યું જે માહારા મોહોલની ચોકી કરો. ત્યારે હરપાલ મકવાણો ચોકીએ બેઠા. મધરાતને સમે બાબરો ભૂત આવ્યો. હરપાલ મકવાણે હોકારો કરીને બાબરાને જઇને બાંધ્યો. ને બે જણે વઢવા માંડયું. વઢતાં વઢતાં રાત પાછલી પોહોર રહી, ત્યારે બાબરાની ચોટલી હરપાલના હાથમાં આવી. ત્યારે બાબરો બોલ્યો જે "હે હરપાલ મકવાણા મારે! પાટણની પોળે હવે આવવું નહી." ત્યાહારે હરપાલ મકવાણે વેણ માગ્યું. તે બાબરે વેણ આપ્યું. ત્યારે બાબરાને

હરપાલ મકવાણે કહ્યું જે માહારે ભીડ પડે ત્યાહારે હું સંભારૂં ત્યારે મારા મોહો આગળ આવી ઊભા રેહેવું. એવું વેણ આપીને બાબરો ગયો.

પછી પાછલી ચાર ઘડી રાત રહી ત્યાહારે હરપાલ મકવાણાને ભૂખ લાગી. તે વેળા તેણે વિચાર્યું જે અત્યારે આંહાં આપણને કોણ ખાવા આપે? એવું જાણીને રબારીવાડે જઇને ખાજરૂ લેઇને વધેર્યો અને મસાણ ભોમમાં આવ્યા. આવીને ખત્રીનો ધરમ કર્યો. ત્યાહારે મસાણની રખવાલ શક્તિએ આવીને મોહો આગળ હાથ કાઢ્યો ત્યારે હરપાલ મકવાણે ખાજરૂ બેએ શકિતને આપવા માંડયાં, તોહે શકિત ધરાણી નહી. ત્યાહારે પોતાનો ખંજર કાઢીને પોતાના પગની પિંડીઆં કાપીને માંહી મસાલો ભરીને શકિતને આપી. ત્યારે શક્તિ તુષ્ટમાન થઇને કેહે જે "માગો માગો મકવાણા! જે માગો તે આપું." ત્યાહારે મકવાણે વચન માગ્યું તે શકિતએ આપ્યું. ત્યાહારે મકવાણે એવું કહીઊં જે માહારી મેડીએ રાણી થઇને આવો. તારે શકિત બોલી જે તમો માનવી ને અમો દેવતા. તાહારે હરપાલ મકવાણે કહ્યું જે મને દેવતા જાણો તો મેડીએ રેહેજો, ને માનવી જાણો તો રેહેશો નહી. એવું વેણ હરપાલે શકિતને આપ્યું. ત્યારે શકિત આવીને મેડીએ બેઠી.

ત્યાહારે પરભાતને પોહોર ઘેલડે કરણ વાઘેલે કચેરી કરી. હરપાલ મકવાણાને તેડવા મોકલ્યા. તે હરપાલ મકવાણો ઘેલડા કરણની કચેરીમાં આવીને ઊભા રહ્યા. ત્યાહારે ઘેલડે કરણે કહ્યું જે "માગો હરપાલ મકવાણા!" ત્યાહારે મકવાણે કહ્યું જે "એક રાતમાં "જેટલે ગામ તોરણ બાંધીએ તેટલાં ગામ આપો." હરપાલ મકવાણે એવું ઘેલડા કરણ પાસે લખું કરાવ્યું. એ કરાવીને પોતાની મેડીએ આવા. ત્યાહારે શકિતએ પૂછ્યું જે કોહો મકવાણા તમને ઘેલડે કરણે કેવું વેણ આપ્યું. ત્યાહારે હરપાલ મકવાણો કહે જે "જેટલે ગામ તોરણ બાંધીએ તેટલાં ગામ આપણને આપે." ત્યારે શકિતએ જાણ્યું

જે દેવતામાનવીનું પારખું હવે પડશે. શકિતએ એવો દગો જાણ્યો. મકવાણાને કહ્યું જે "તમે ગાગર બેડીઆં મૂકશો કે તોરણ બાંધશો ?" ત્યારે મકવાણે કહ્યું જે "જાઓ શકિત તમો તોરણ બાંધો, અમે ગાગર બેડીઆં મૂકશું." એહેવે પોહોર રાત જવા દેઇને શકિત નીકળ્યાં તે પાટડીએ આવ્યાં ને પાટડી પછવાડે છસેં ગામે તોરણ બાંધ્યાં.

ત્યારે હરપાલ મકવાણે બાબરા ભૂતનું સ્મરણ કર્યું. તે સવા લાખ ભૂતાવળને લઇને આવી મોં આગળ ઊભો રહ્યો જે: "ખાવંદ! જેવો હુકમ આપો એવે હુકમે ચાલું." ત્યારે હરપાલ મકવાણે કહ્યું જે: "શકિત તોરણ બાંધે તે આગમચ ગાગરબેડીઊં મૂકો."

એવો હુકમ લઇને બાબરો ચાલ્યો. અને ગાગર બેડીઆં મૂકવા માંડયાં. શકિતએ ત્રેવીસેં ગામે તોરણ બાંધ્યાં ને બાબરે ગાગર બેડીઆં મૂકયાં. પાછલી ચાર ઘડી રાતે પાટણ આવ્યાં ત્યારે શકિતએ જાણ્યું જે "મકવાણે મારા મોહોર ગાગરબેડીઆં મૂકયાં તેથી તે ખરા દેવતા." એવું જાણીને તેણે હરપાલ સાથે ગૃહસ્થધર્મ કર્યો.

## કવિત્ત

ગામ મશાલી તણે, બરદ રાવલ બોલાઓ;
અંગ થકી ઓદીચ, તેણે મંગલ વરતાઓ;
પોહો પાટણ પરણીઓ, જગત કોના તન જાણી;
હુઓ દેવ હરપાલ, રીઝ શકત ઘેર કીધી રાણી;
સંસાર વાત રાખી સહી, અમરવેલ ઊતપત કરી;
સેઢો માંગુ, શેખરો, બાઈ ઊમાદે દીકરી.

શક્તિને પેટ ચાર છોરૂ થયાં. રાજા ઘેલડે કરણ વાઘેલે મકવાણાને બોલાવીને પૂછયું જે: "તમે કીએ કીએ કેટલે ગામે તોરણ બાંધ્યાં." ત્યારે હરપાલ મકવાણે કહ્યું: "જે સાંઢીઆ ઊપર મેહેતાને બેસારીને તલાસ કરાવો, જે ગામ ગાગર બેડીઊં તોરણ દેખો તે

ગામ લખજો." એવાં ગામ ત્રેવીસેં કાગળે ચઢયાં. તે લેખ લાવીને ઘેલડા કરણ વાઘેલાને કહ્યાં. ત્યારે ઘેલડા કરણ વાઘેલે કહ્યું જે "આપણે તો તમને જેટલે ગામ તોરણ બાંધ્યાં તેટલાં ગામ આપ્યાં."

પછી અપોરી વખત ઘેલડો કરણ વાઘેલો પોતાની મોહોલાતમાં જમવા બેઠા'તા. ત્યારે પોતાની રાણીએ રાજાને મોંઢે તેજ દીઠું નહીં. ત્યારે રાણીએ પૂછયું જે "તમારા મોહો ઊપર તેજ કેમ નથી?" ત્યારે ઘેલડો કરણ વાઘેલો બોલ્યો જે "આપણાં ગામ તેવીશેં તે હરપાલ મકવાણે લીધાં." ત્યારે રાણીએ કહ્યું જે "મેં હરપાલ મકવાણાને ભાઈ કહીને બોલાવ્યો છે." તે રથ જોડીને હરપાલ મકવાણા પાસે આવીને ઊભાં રહ્યાં. ત્યારે હરપાલે કહ્યું જે "કહો બેન શા કામે આવ્યાં?" ત્યારે રાણીએ કહ્યું જે "ભાઇ; મને આજ કાંઈ કાપડું આપો." ત્યારે હરપાલ મકવાણે કાપડામાં ગામ પાંચ આપ્યાં. તે પાંચે ભાલ કહેવાય છે.

ત્યારે શક્તિના કુંવર મેડી હેઠે રમતા હતા. તેવામાં ઘેલડા કરણના દૂધમલીઆ વછેરા છૂટયા. એટલે શક્તિએ જાણ્યું જે કુંવરને વગાડશે. એવું જાણીને સાતમે માળથી શક્તિએ હાથ વધારીને એક કુંવરને ઝાલ્યો. એ ઝાલો કહેવાણો, બીજાને ટાપી મારી તેનો ટાપરીઓ ચારણ ઝાલાનો દસુંદી થયો.

### કવિત્ત

તું સૂણ એ સામંત! દછત સબ ભાગા ડોટે;<br>
તું સૂણ એ સામંત! અડપડ લીધા ચોટે;<br>
તું સૂણ એ સામંત! રૂદર શક્તિ ઘેર કીધી રાણી;<br>
તું સૂણ એ સામંત! અઢાર સેંહે ઘેર આણી;<br>
હરપાલ વડો જમરા હથો, દન દન અધકો દાખીએ;<br>
તુંઆરો તોલ કેસર તણો, અસ સામંત જોઉં આંખીઓ ૧<br>
પાટડીએ બોહોપાટ, મોહોલ કીધો મકવાણે;<br>
રાણી ગોખ રહંત, ગત કો સકત ન જાંણે;

રાણા તણા ગજરાજ, ચેહ છૂટા મદમંતા;
દૂર પંથ દેખીઓ, રાજેન્દ્ર પુત્ર રમતા;
શેઢો, માંગુ, શેખરો, લાંબે કર ઝાલી લીઆ;
આપ શક્તિ આપરા, કુંવર સાખ ઝાલા કીઆ ૨

તેના પાટવી ભાઇએ જાઇને પાટડીએ તોરણ બાંધ્યું; ત્યાંથી જાઇને હલવદને ટીંએ બેઠો, અને તે ઝાલાવાડ કેહેવાય છે.

---

## પ્રકરણ ૨૬ મું

### વાઘેલા વરહો અને જેતો

જ્યારે વાઘેલાનું રાજ પાદશાહે છીનવી લીધું, ત્યારે વાઘેલા વંશમાં વરહોજી તથા જેતોજી બે ભાઇ થયા. તે બહારવટે નિસર્યા. તે પાટણને પડખે થલમાં ભીલડીગઢ તથા સરધાર એવાં ગામ છે ત્યાં રહ્યા. તેમાં વરહાજીનું કુટુંબ ભીલડીએ રહ્યું. તેથી તેના વંશના આજ ભીલડીઆ કહેવાય છે. અને જેતાજીનું કુટુંબ સરધાર રહ્યું. તેથી તેના વંશના આજ સરધાર કહેવાય છે. ત્યાં બાઇડી છોકરાંને રાખીને એ બે ભાઈ અમદાવાદ બહારવટે આવતા હતા. તેના ભેળા ૧૫૦ સ્વાર હતા. તે કોઈ વખત રાત્રીમાં તથા કોઈ વખત દહાડે આવીને અમદાવાદનાં ગામડાં લૂંટી જતા, તથા કોઇ સમે બાન ઝાલી જતા. તેને પકડવાની મહેનત પાદશાહ સુલતાન અહમદશાહ ઘણી જહેમત કરતા હતા, પણ તે બે ભાઇ હાથ આવતા નહીં. પણ પછી ખરચીના ટોટાથી દુઃખ પામીને એમની સાથે સ્વાર થોડા રહ્યા.

પછી એક વખત ગામ નાશમધ કડીના રસ્તામાં અમદાવાદથી જતાં છે,ત્યાં સાંતજ પાસે ગૌર છે, તે ગામના તળાવમાં રાતની વખત એ બે ભાઈ સ્વાર એક વખત આવ્યા હતા, તે નાશમધ ગામમાં

રજપૂત ભંડારી જાતે, નામે અખો હતો. તે પરોઢીયે ખાતરનું ગાડું ભરીને ખેતરમાં લઈ જતો હતો. એવામાં એ વરહા જેતાનો આદમી એક પોટલીએ જતો હતો, તે વખતે એ અખા ભંડારીનું ગાડું કણબી હાંકતો હતો, તેણે કહ્યું જે: "ભાઈ તલાવમાં બાહારવટીઆ આવ્યા હોય, એવું ભાસે છે; તે માટે આપણે ઉતાવળા ચાલીએ તો ઠીક." ત્યારે અખે કહ્યું જે, "મારા જેવો રજપૂત તેની પાસે કોઈ નહીં હોય, નહીં તો ત્રીજે દાહાડે ગરાસ પાછો વાળે." તે વાત એ પોટલીએ જનારે સાંભળી. તે સરવે. એ વરહા જેતાને સંભળાવી. ત્યારે તેણે કહ્યું જે એ રજપૂતને વિનંતી કરીને અહીં સુધી બોલાવો. પછી તે અખા ભંડારીને ત્યાં બોલાવીને વરહા જેતાએ પૂછ્યું જે, "તમે શું બોલ્યા?" ત્યારે અખે ભંડારીએ વિચાર્યું કે મેં તો હસતાં કહ્યું હતું, પણ આ તો સાચું થયું. પછી કહ્યું જે "હા, ઠાકોર! મારા જેવો રજપૂત તમારી પાસે હોય તો ત્રણ દિવસમાં ગરાસ તમારો વાળી આપે." પછી એ વરહા જેતાએ કહ્યું જે, "આ અમારો ઘોડો રૂ. ૧૦૦૦ નો છે, તે તમને ચડવા સારૂ આપીએ, તથા બીજું પણ તમને અમોને જે કહેશો તે આપીશું." એમ કહીને એ અખા ભંડારીને સાથે લઇને ચાલ્યા, અને અમદાવાદ આવ્યા.

અમદાવાદના પાદશાહની હજુરમાં તથા બીજા પટાવતો મુસલમાનોની બેગમો હમ્મેશાં શુક્રવારે રથ ૫૦૦ મળીને જાય, તે ભેગી બીજી ફોજ પણ ઘણી જાય. તે ફોજ સરવે તે મકરબાના ટોડા છે, ત્યાં છેટે ઉભી રહે. અને ફક્ત ઓરતલોકો તે મકરબામાં જાય. તે વખતે અખે ભંડારીએ તે બે ભાઇને કહ્યું જે, "આ ઓરતોને પકડી ગયા વિના તમારો ગરાસ વળશે નહીં." પછી તે રથ અંદર ગયા. તે વખત એ સ્વાર રથને ઘેરીને ઉભા રહ્યા. એટલે હુરમોએ પૂછ્યું, જે "તમે કોણ છો?" ત્યારે એ રજપૂતોએ કહ્યું જે, "અમે વરહો જેતો બે ભાઇ છીએ અને અમારો ગરાસ ગયો છે, તે વાસ્તે અમારે તો હવે મરવાનો વિચાર છે. વાસ્તે આ રથ હાંકી જઇશું."

પછી હુરમોએ કહ્યું જે "તમે અમારી હુરમત લેશો, તો અમારે મરવું પડશે, માટે હવે શહેરમાં જઇને તમારો ગરાસ તુરત અપાવીશું." તે વાતના સોગન પાકા કર્યા, એટલે એ સ્વાર દૂર રહ્યા. પછી બીજા ફોજવાળાઓને માલમ થઇ, એટલે તે સ્વારો સાથે લઢવા આવ્યા. તે વખત હુરમોએ કહ્યું જે એ સ્વારોને તમારે કંઈ હરકત કરવી નહી. પછી તે ફોજવાળા કંઈ બોલ્યા નહીં.

પછી શહેરમાં એ હુરમો આવી, ને રાત્રીએ મહેલમાં દીવાબત્તી કરી નહીં, તથા રીસાઇને બેઠી તે વાત સર્વે પાદશાહના પણ જાણ-વામાં આવી હતી. પછી પાદશાહે મોહોલમાં આવીને હુરમોને પૂછ્યું જે "તમારે શી હકીકત થઇ?" પછી તે હુરમોએ સરવે વાત કહી, અને કહ્યું જે "અમે આવા સોગન કર્યા છે તે વાસ્તે એ ભાઇને બોલાવીને ગરાસ આપવો જોઇએ. અમારા રથ હાંકી ગયા હોત તો પાદશાહની આબરૂ શી રહેત? પછી પાદશાહે સારી રીતે આબરૂથી એ બે ભાઇને અમદાવાદમાં બોલાવીને શીરપાવ કર્યો.

જ્યારે મકરબેથી સ્વાર ગયા હતા તે વખત હુરમોએ તેમને કહ્યું હતું જે "પાલડીની સીમમાં ઘોડી કૂવો છે ત્યાં રહેજો. સહવારમાં મોહોલ અંદર બોલાવીશું." પછી પાદશાહે સહવારમાં પોતાના વજીર માણેકચંદ મોતીચંદ વાણીયા હતા, તેને બાંધણી કરીને મોકલ્યા. તે વજીર ઘોડીકૂવે જઇને માળીને મળીને એ વરહા જેતાને બોલાવ્યા અને કહ્યું જે પાદશાહ તમને બોલાવે છે.

ત્યારે વરહા જેતાએ કહ્યું કે અમને પકડીને બંદીખાને નાંખે, ત્યારે અમે શું કરીએ? ત્યારે વજીરે કહ્યું કે અમે તે વાતના જામીન છીએ. પછી એ વાતના સોગન કરી અમદાવાદમાં તેમને તેડી લાવ્યા. તે સાંજની વખત કાંઇક દિવસ છતાં શહેરમાં પેઠા. તે વખતે બઇરીઓ ઝાડે ફરવા બેઠી હતી, તે જોઇને વરહા જેતાએ વજીરને પૂછ્યું જે આ બઇરીઓ જાતે કોણ હશે? ત્યારે વજીરે કહ્યું જે એ જાતે

વાણીયા તથા બ્રાહ્મણ હશે. એટલે વરહે જેતે પૂછ્યું જે ત્યારે તમારી શી જાત છે? એટલે કહ્યું કે અમે વાણીયા છીએ. એટલે વરહે જેતાને કહ્યું જે "જેની બાયડીઓ ધોળે દહાડે આ રીતે ઉંધીઓ બેસે છે તેનોજ ફરજન આ વજીર છે. માટે આપણને બંદીખાને નાંખશે, તો આને શી લાજ આવશે અને એ શું કરશે? માટે અહીંઆંથી જ પાછા વળીએ તો ઠીક." પછી કહ્યું જે "તમારી બાંહધરીનો વિશ્વાસ અમને આવતો નથી. આમ કહીને પાછા તેઓ ઘોડીકુવે ગયા.

પછી એ વજીરે જઇને પાદશાહને કહ્યું કે "સાહેબ! એ તો આવતા હતા પણ અધવચથી પાછા વળી ગયા," ત્યારે પાદશાહે ખબર કઢાવી જે પાછા કેમ વળી ગયા. ત્યારે વરહે જેતે કહ્યું જે, "એવી બાંહધરીથી અમે આવીશું નહીં." પછી પાદશાહે પોતાના અમીરઉમરાવ એવાને બાંહધરીમાં આપ્યા. એટલે તે બે સ્વાર શહેરમાં આવ્યા.

પછી આવતી વખત સાંજનો સમય હતો. તે વખત કાંઈ રસ્તો સાંકડો હશે ત્યાં આવ્યા. તે વખત કોઈ પઠાણની બાયડી મોંઢા આડી કપડાની જાળી રાખીને આવતી હતી. તેણે આ સ્વારોને દેખીને લાજથી સંતાવાનો વિચાર કર્યો. પણ એટલામાં સંતાવાની જગ્યા મળી નહીં. ત્યારે બાઇએ વિચાર્યું જે હું ફલાણા મોગલની બેટી છું અને મને કોઈ નજરે દેખે એ વાત ઠીક નહી. પછી એટલામાં કૂવો હશે તેમાં પડતું મેલ્યું. તેનો ધબકારો સાંભળીને માણસ ભેગું થયું તથા એ સ્વારો પણ ઉભા રહ્યા અને એ બાઇને કૂવામાંથી કાઢીને ઓળખી ત્યારે માલમ થઈ જે આ તો ફલાણાંની ઓરત છે. તે આ સ્વારોને આવતા દેખીને પોતાનું મોહોડું દેખાડવું નહીં એવી લાજથી નાશી જવાની જગ્યા મળી નહીં એટલે કૂવામાં પડતું મેલ્યું. એવી વાત સાંભળીને વરહા જેતાને વિશ્વાસ આવ્યો જે આવી લાજવાળી જેની જાત છે તેના ફરજન આ મોગલ આપણને પાદશાહ કોપશે તોપણ આપણને જરૂર ઇજા આવવા દેશે નહીં.

પછી પાદશાહની કચેરીમાં આવ્યા. તે વખત પાદશાહે એ વરહા જેતાનાં જૂનાં ખરાબ લૂગડાં ઉતરાવીને નવો પોશાક શિરપાવ આપ્યો. તે વખતે એમનાં જૂનાં લુગડાંમાંથી નવટાંક જુઓ નિકળી. એવાં દુઃખ એ બે ભાઇઓએ જંગલમાં રહીને ભોગવ્યાં હતાં.

પછી તે બે ભાઇએ વિચાર કર્યો જે આપણા ઉપર પાદશાહ શી રીતે ખુશી થાય? એમ વિચારીને પોતાની બેન નામે લાલાં હતી તે પાદશાહને આપી. પાદશાહે તે બે ભાઇઓને કલોલ પછવાડે ૫૦૦ ગામ આપ્યાં અને પાદશાહે પૂછ્યું જે "આ ગરાસની વહેંચણ તમે બે ભાઇ શી રીતે કરશો?" એટલે વરહે અને જેતે કહ્યું જે "મોટા ભાઇને ઝાઝાં ગામ રહેશે અને નાના ભાઇને થોડાં રહેશે." ત્યારે પાદશાહે કહ્યું જે "એનું શું કારણ? જોરાઇપણું છે?" પછી પાદશાહે કહ્યું જે "તમે બે ભાઇઓએ સરખાંજ દુઃખ વેઠયાં છે તે વાસ્તે બરોબર ભાગે વહેંચી લેવાં."

પછી કલોલ પછવાડે ગામ ૨૫૦ તે ભાગ મોટા ભાઈ વરહાને આપ્યો. તેના વંશના આજ પાટવી રાજા લેંબોઇએ છે અને તેના ફટાયા પેથાપર તથા પેંડાઇડે છે. તેના પછવાડે ગામ ૧૨ ૧૨ છે. બીજાં કોલીઆટ હેઠે ગયાં. તથા સાણંદ પછવાડે ગામ ૨૫૦ તે નાના ભાઈ જેતાને આવ્યાં! તેમાં નાનામોટા ભાઇનો વિચાર એટલો રાખ્યો કે નાના ભાઇએ ખારોપાટ લીધો અને મોટા ભાઇને મીઠો પાટ આપ્યો. પણ જતે દાહાડે નાના ભાઈની જમીનમાં ઘઉં ઘણા નીપજવા માંડયા, અને મોટા ભાઈની જમીનમાં મીઠું પણ પાક્યું નહીં.

એક વખત બીઓલ વાંસે ૩૫૦ ગામ છે. ત્યાંનો ઠાકોર ગામના નામથી બીઓલા કહેવાય છે. તે સામતસંગ તે અમદાવાદમાં પાદશાહના મોહોલ નીચે ચાલ્યા જતા હતા અને ઉનાળાની વખત હતી તેથી ઘણા તાપથી માથે લૂગડું ઓઢીને જતા હતા. કેમકે

તે વખતે છત્રીઓ હતી નહીં અને ભારે સુખી હોય તો અબદાગીરીઓ રાખતા હતા. તે વખતે વરહો જેતો પાદશાહના ગોખમાં બેઠા હતા તેણે મશ્કરીનાં વચન કહ્યાં, જે "આ માથાઢંકા કોણ જાય છે? તે સાંભળીને સામતસંઘજીએ કહ્યું જે "અમે માથાઢંકા શેના? જેની બહેન તથા દીકરી તુરકાણે દીધી હોય તે માથાઢંકા કહેવાય." તે વાત સાંભળીને વરહા જેતાને ઘણો ગુસ્સો ચઢયો અને વિચાર્યું જે એની દીકરીઓ તુરકાણે અપાવીએ, અને આપણા બરોબર એમને કરીએ તો આપણું નામ વરહો જેતો ખરૂં, નહીં તો આપણા જીવતરને ધિક્કાર છે.

પછી એ સામતસંઘજી પોતાને ઉતારે ગયા, અને એ વરહોજેતાએ પાદશાહને વાત કરી, જે "સાહેબ! આ સામતસંઘ બીઓલે અમને લાજનાં વચન કહ્યાં તે વાસ્તે તે સામતસંઘને દીકરી ૧ વરસ ૧૪ ની છે તે મહારૂપવાળી પાદશાહ સાહેબને લાયક છે. તે વાસ્તે આપ સાહેબની એ સાથે સાદી થાય તો અમારી ગાળ ઉતરે."

પછી પાદશાહે પોતાના મુગલોને કહ્યું જે, "જે વખત એ સામતસંઘ કચેરીમાં આવે તે વખત તમે તેની દીકરીનું માગણું અમારા વાસ્તે કરજો." એટલે મુગલોએ કહ્યું જે "સામતસંઘ મેવાસનો રહેનારો છે, તે અમારૂં કહ્યું એમ તુરત માનશે નહીં અને અમારાથી એવું એને કહેવાશે નહીં. જ્યારે સામતસંઘ આવે ત્યારે એ વાત યાદ કરજો, એટલે અમે કહીશું.

પછી કોઇ વખત સામંતસંઘજી કચેરીમાં આવ્યા ત્યારે મુગલોએ તે વાત યાદ કરી આપી. એટલે પાદશાહે કહ્યું જે: "સામંતસંઘજી! તમારે કયા ફરજન હે?" ત્યારે સામતસંઘજીએ કહ્યું જે, "સાહેબ! અમારે બેટા ૧ તથા બેટી ૧ છે." ત્યારે પાદશાહે કહ્યું જે, "એ બેટી કીતને બરસકી હેં." ત્યારે સામંતસંઘજીએ કહ્યું જે "સાહેબ! બેટી ૭ વરસની છે." ત્યારે પાદશાહે કહ્યું જે "તુમ રજપૂત લોક બેટીકું બોત બડી કરકે

કાયકું સાદી કરતે હો?" ત્યારે સામંતસંઘજીએ કહ્યું જે "સાહેબ! અમારે દીકરીનાં લગ્ન કરતાં ૨૦૦૦ રૂપિયા અથવા ૩૦૦૦ રૂપિયાનું ખરચ થાય, માટે તે રૂપયા તુરત કયાંથી કાઢીએ? તથા ન્હાનપણમાંથી પરણાવીએ અને પછી તુરત મરી જાય તો એટલા રૂપિયા ફોગટ જાય, એટલા સારૂ મોટી કરીને પરણાવીએ છીએ." ત્યારે પાદશાહે કહ્યું જે "અચ્છા સામતસંઘ! તુમારી બેટીકી સાદી પાદશાહકી ગાદીસે કરો.'' ત્યારે સામતસંઘ કહે જે, "ઠીક કહો છો, સાહેબ! અમે પણ જાણીએ છીએ કે ઘણા હિન્દુ રાજાની દીકરીઓ પાદશાહના દરબારમાં છે. આ કલોલના ઠાકોરની દીકરી તથા ઈડરના રાજાની તથા જોધપુરના રાજાની દીકરીઓ પાદશાહને ઘેર છે તે વાસ્તે આપણી દીકરી પણ એક હોય તો સારૂં એમ અમે જાણીએ છીએ. પણ આ અમારી દીકરી તો હજી નાની છે તથા રૂપે રંગે પાદશાહ લાયક એ દીકરી નથી. અમારા ભાઈભત્રિજામાં એવી કન્યા પાદશાહ લાયક હશે તો સગપણ કરીશું.'' ત્યારે પાદશાહે કહ્યું જે, "અચ્છા! જેસી હોય એસી તુમારી બેટીકી સાદી કરો." પછી સામતસંઘજીએ ઘણું ઘણું કહ્યું જે "અમારી દીકરી મોટી થવા દો, પછી સાદી કરીશું.'' પણ પાદશાહે ઘણો આગ્રહ કરી હા કહેવરાવી.

પછી સામતસંઘ ઉઠીને ઉતારે ગયા. એટલે પાદશાહે વરહા જેતાને કહ્યું જે "તમે કહેતા હતા કે સામતસંઘ સાદીની હા કહેશે નહીં, પણ જુઓ હા કહેવરાવી ખરી.'' એટલે વરહે જેતે કહ્યું જે "હા તો કહી, પણ રાજવડામાં વસંત ચઢાવવાનો ચાલ છે તે માટે કાંઈ કપડાં તથા દાગીના વસંતમાં આપો તે લઈ જાય, ત્યારે વાત ખરી."

પછી એક દિવસ સામતસંઘજી કચેરીમાં આવ્યા ત્યારે પાદશાહે કહ્યું જે "સામતસંઘ! તુમારી બેટીકે વાસ્તે વસંત લે જાઓ." ત્યારે સામતસંગ કહે "હા સાહેબ! અમે અમારે ગામ જઇશું ત્યારે વસંત લઇ જઈશું." ત્યારે પાદશાહ કહે "ના અભી ને અભી વસંત તુમારા મુકામ પર લે જાઓ."

પછી વસંત લીધું. પછી પાદશાહે કહ્યું જે "દેખો વરહા જેતા! તુમ કહેતા થા જે વસંત નહીં લે; સો લીયા કે નહીં?" ત્યારે વરહે જેતે કહ્યું જે "વસંત તો લીધું પણ લગન કરશે નહીં તે વાત જરૂર છે."

પછી પાદશાહે સામતસંઘજીને કહ્યું જે "હવે લગ્ન લો." ત્યારે સામંતસંઘજીએ કહ્યું જે "હું તો સાહેબ! અહીઆં ૧૦ મહિના થયાં રહ્યો છું. તે માટે મારે ગામ જઇને મારી પેદાશની ઉપજ-નીપજ સંભાળીને લગનનો સામાન ભેળો કરતાં વરસ ૧ આશરે થશે. અને પાદશાહ સાહેબ મારે ઘેર પરણવા આવે તેનું ખરચ ઉપાડવાનું મારૂં ગજું હાલ નથી. તે માટે કંઈ સબૂર રાખો." પછી પાદશાહે કહ્યું જે "તમારે નાણું જોઇએ તેટલું અહીંઆંથી લઇ જાઓ. પણ હાલ લગ્ન ઠરાવો." ત્યારે સામતસંઘજી કહે "તમારૂં નાણું લઈને અમે લગ્ન કરીએ ત્યારે અમારી આબરૂ જગતમાં વધે નહીં." પછી પાદશાહે આગ્રહ કરીને નાણાનાં ઉંટ ભરીને બીઓલ પહોંચાડયાં.

પછી સામતસંઘજીએ એ નાણાં વડે બીઓલ ગામનો કિલ્લો બનાવ્યો, કોઠા બનાવ્યા તથા દારૂગોળી લઢવાનો સામાન ભેળો કર્યો, તથા શીરબંધી લોક ભેળા કર્યા. પછી અમદાવાદ પાદશાહને કહાવી મોકલ્યું જે, "પરણવા સારૂ પધારજો."

હવે બીઓલથી આશરે ગાઉ ૧૪ ઉપર એક પહાડ જેવી ભયંકર જગ્યા છે તેમાં ઘોડી પાવડી એવે નામે ઠેકાણું છે, ત્યાં એ સામતસંઘે મોટો મહેલ કરાવ્યો, તથા ભોંયરૂં મોટું કરાવ્યું તે એટલા સારૂ કે જો બીઓલથી નાસવું તો અહીં આવવું. એ ઠેકાણે આજ પણ એ મહેલ તથા ભોંયરૂં છે. તેમાં લોકો કહે છે કે ધન ઘણું ભર્યું છે. પણ ભમરાના ભયથી માંહે કોઈ પેસી શકતું નથી. ત્યાંથી આશરે ગાઉ ઉપર કેદારેશ્વર મહાદેવ

છે તેને લોકો કહે છે કે પાંડવની વારીના છે. તથા ત્યાંથી સાત ગાઉ ઉપર આશરે ઉંટડીઆ મહાદેવની જગ્યા છે તે પાંડવના અગાઉની છે એમ લોકો કહે છે.

પછી પાદશાહ પોતાની ફોજ લઇને પરણવા સારૂ બીઓલ નજીક આવ્યા અને ગામથી બે ગાઉ ઉપર મુકામ કર્યો. પછી સામતસંઘજીએ પોતાના ભાઇ તથા ભત્રીજાને પાદશાહ કને મોકલી પૂછાવ્યું જે "સાહેબ! મુસલમાનની નકા પઢશો કે હિન્દુની ચાલ પ્રમાણે વિવાહ કરીશું?" ત્યારે પાદશાહે કહ્યું જે નકા તો ઘણી વાર પઢ્યા છીએ. પણ હિંદુનાં પરણેતર જોયાં નથી તે માટે હિંદુની રીતે પરણીશું." પછી તેમણે કહ્યું જે "આજ પાદશાહ સાહેબ અમારે ઘેર પરણવા પધાર્યા છે તે સારૂ અમે સારી તરેહથી વિવાહ કરીશું, કેટલુંક દારૂખાનું ઉડાડીશું, તથા ગલાલ ઉડાડીશું તથા અમારો હિન્દુનો ચાલ છે જે જાનવાળાની મશ્કરી કરવી, મીઠું છાંટવું તથા કોઇ કાંકરીચાળો કરે તે માટે તમારી ફોજવાળા એવું સાંખે નહીં અને કંઇકે ઉપર ઘા કરે. તો વિવાહમાંથી તો મોટી લડાઈ પેદા થાય. તે માટે સરવેને સમજાવજો? બીઓલનાં માણસ કોઇ હરકત કરે તો તેની સાથે ટંટો કરવો નહીં."

પછી પાદશાહે પોતાની ફોજવાળા સરવેને કહ્યું કે "ખબરદાર! કોઈ પાદશાહના હુકમ વિના કોઈ સાથે ટંટો કરશો નહીં." પછી તે સામતસંઘજીના ભાઇએ કહ્યું જે, "સાહેબ! આટલી તમારી ફોજ ઉભી રહે એટલી જગ્યા બીઓલના પાધરમાં પણ નથી. માટે પ્રથમ મોટા મોટા ઉમરાવ પટાવતને મોકલવા; પછી તમારે પધારવું; પછી ફોજ આવે એવી રીતે કરવું." એમ કહીને તે ગામમાં આવ્યા.

પછી પાદશાહે પોતાના ઉમરાવ પટાવત જેટલા હતા તેટલાને આગળ કર્યા. તે પછવાડે પોતાની સ્વારી રાખી, તેની પછવાડે ફોજ રાખી. એમ બીઓલ નજીક આવ્યા તે વખતે બીઓલમાં ૫૦૦૦ રજપૂત ભેળા થયા હતા. તે સર્વે બંદુકોમાં ગોળીઓ ભરીને

તૈયાર ઉભા હતા. તેણે ગામનો દરવાજો બંધ કરીને ગઢ ઉપરથી તાસેરો છોડયો. તેથી પાદશાહનાં કેટલાંએક માણસ મરી ગયાં. પણ પાદશાહે જાણ્યું કે એ તો હિંદુ લોકો ખુશીનું દારૂખાનું છોડે છે પણ પછી ઘણાં માણસ મરેલાં જોઇને જાણ્યું જે આ તો દગાબાજી છે. પછી દિવસ ૭ સુધી ત્યાં લડાઇ ચાલી અને ઘણો માર લાગ્યાથી સામતસંઘે પોતાનો કબીલો ઘોડી પાવડીએ પોંહોંચાડયો. પછી પોતે પણ નાહાશીને ઘોડી પાવડીએ ગયા અને પાદશાહની ફોજે બીઓલ લૂંટી. પછી ત્યાં માસ ૩ સુધી પાદશાહ બીઓલ પાસે પડાવ કરી રહ્યા અને કોઇને ઘાવ પડઘાવ વાગ્યો હશે તેની દવા કરી તથા લઢવાનો સામાન કેટલોક ભેગો કર્યો.

પછી પાદશાહ બીજી ફોજ કેટલીક મેળવીને ઘોડી પાવડીએ લઢવા સારૂ ગયા. ત્યાં કેટલીએક ઝાડી કપાવીને ફોજ ચલાવી અને ત્યાં સામતસંઘજી સાથે માસ ૨ સુધી મોટી લડાઈ ચલાવી. ત્યાં લોકો કહે છે કે સામતસંઘજી સોનારૂપાની ગોળીઓથી પાદશાહ સાથે લઢયો, અને અંતે સામતસંઘ ત્યાંથી નાશીને મારવાડમાં ધુવાનો પાહાડ છે ત્યાં ગયો.

ત્યાં જઈ એણે એ દીકરીને ઇડરના રાજાને પરણાવી, અને એ સામતસંઘનાં ગામ ૩૫૦ પાદશાહે કાયમ કર્યાં. પછી સામતસંઘે ૧૨ ૧૨ વરસ સુધી બારવટું કર્યું અને પાદશાહને ઘણી ઘણી હરકત કરી.

પછી પાદશાહે બાંહ્યધરી આપીને તેડાવીને કહ્યું જે, "તમારો ટંટો પાર પાડીએ." ત્યારે સામતસંગે કહ્યું જે "મારાં ૩૫૦ ગામ પાછા આપો તો ટંટો પાર પડે."

પછી પાદશાહે દેહેગામ પરગણાનાં ૮૪ ગામનો વાંટો એ સામતસંઘજીને આપીને કજીઓ પાર પાડયો. પછી સામતસંઘ બીઓલમાં આવીને રહ્યા. અને આજ પણ તેના વંશના બીઓલા રજપૂત છે તેને વાંટો દેગામનાં ગામો કયાંક કયાંક છે.

પછી એ વરહા જેતાની બહેન લાલાં ગુજરી ગઈ. તેને લોક કહે છે કે ઊનું દૂધ પીતાં આંતરડાં દાઝ્યાં તેથી મરી ગઈ. તેના ઘણા સ્નેહથી તથા રૂપરંગથી પાદશાહ દીવાના જેવા થયા અને પોતાના દીવાનોને દેશાવરમાં એવી હિન્દુની કન્યા શોધવા સારૂ મોકલ્યા.

દીવાનોને ઘણા ઘણા મુલકમાં હિન્દુ તથા મુસલમાનમાં કોઇ કન્યા લાલાંના જેવી રૂપાળી જોવામાં આવી નહી. પછી તે પાછા અમદાવાદમાં આવ્યા અને કહ્યું જે, એવી રૂપાળી કન્યા તો કંઈ મુલકમાં નથી. પછી તો પાદશાહ ઘણા દીવાના થયા અને કોઈ દિવસ કચેરી પણ કરે નહીં તથા ઉદાસ રહે. પછી દીવાનોએ વિચાર્યું જે લાલાં જેવી કન્યા બીજી મળશે ત્યારે જ પાદશાહનું દિલ ઠેકાણે આવશે.

પછી પડઘો ( શોધ ) કરનાર બ્રાહ્મણને ફરીથી કોઈ રૂપાળી કન્યાની તલાશ કરવાને મોકલ્યો. તે બ્રાહ્મણ ઘણા દેશાવર ફરતો ફરતો ચડોતરમાં માતર ગામમાં આવ્યો. ત્યાંના રાજા જાતે સિસોદીઆ ઉદેપુરના રાજાના ભાઇ શાખે રાવલ નામે સતરશાલજી, તેને ઘેર ૬૬ ગામ હતાં. તેની દીકરી રાણીબા નામે હતાં તથા તેના દીકરા ૨ ભાણજી તથા ભોજજી હતા. તે દીકરી રૂપેરંગે ઘણી સારી હતી. તેને જોઇને બ્રાહ્મણ ઘણો ખુશી થયો અને જાણ્યું જે આની વધામણી લઇને હું જઈશ તો મને શીરપાવ મળશે. પછી તે પાદશાહના દીવાનો પાસે આવીને એ બ્રાહ્મણે કહ્યું જે લાલાંના જેવી રૂપરંગવાળી કન્યાની ખબર હું લાવ્યો છું. પછી તે દીવાને એ બ્રાહ્મણને શીરપાવ આપીને પૂછ્યું ત્યારે બ્રાહ્મણે કહ્યું જે ચડોતરમાં માતર ગામમાં રાવલ સતરશાલજી રાજા છે, તેની દીકરી બાહા રૂપવાળી છે. એવી બીજી કોઈ રાજાની દીકરી નથી.

પછી તે દીવાનોએ સતરશાલજીને અમદાવાદ તેડાવ્યો, અને ઘણું સન્માન કરીને કહ્યું જે “ હે સતરશાલજી ! તમારી દીકરીની પાદશાહની ગાદી સાથે સાદી કરો.” ત્યારે સતરશાલજીએ કહ્યું જે

"અમે હિન્દુ, અમારી દીકરીની સાદી અહીં થાય નહીં." ત્યારે દીવાનોએ કહ્યું જે "ઘણા હિન્દુ રાજાની દીકરીઓ પાદશાહના દરબારમાં છે." ત્યારે સતરશાલજીએ કહ્યું જે "એ હિન્દુ રાજા બીજા અને અમે બીજા." પછી દીવાનોએ કહ્યું જે "રાજીથી કરો તો ઠીક છે, નહીં તો અમે જબરજસ્તીથી પણ કરાવીશું."

પછી સતરશાલજીએ એ વાત નાકબૂલ કર્યાથી દીવાનોએ તેમને કેદ કર્યા. પછી તેની સ્ત્રીએ વિચાર કર્યો જે, "આ એક દીકરી મરી ગઈ એમજ જાણીશું પણ ઠાકોરના જીવનો બચાવ તથા આપણા ગરાસનો બચાવ આ સમે કરવો,"

એમ વિચારીને એ બાઈને ત્યાં બોલાવ્યાં. એ બાઇ શણગાર ધરીને જે વખત પાદશાહ પાસે ગઈ તેજ વખત તેનું રૂપરંગ જોઇને પાદશાહ વિસ્મય થઇને બોલ્યા જે "ઓ લાલાં બાઇ." ત્યારે તે બાઇએ કહ્યું જે "વે લાલાં તો વે ગઇ, હું ઓ લાલાં નહી."

પછી પાદશાહનો જીવ ઠેકાણે આવ્યો. બીજે દિવસ કચેરી કરી. પછી પાદશાહે ખુશી થઇને સતરશાલની બેડીઓ તોડાવીને કચેરીમાં બોલાવીને શીરપાવ આપ્યો. તે વખત સતરશાલજીએ વિચાર્યું, "મેં કેદખાનું તો ભોગવ્યું, પણ મારે મુસલમાનોને દીકરી આપવી પડી નહીં તે બહુ સારૂં થયું."

પછી તે પોતાને ગામ ગયા. જઇને જે વખત જમવા બેઠા તે વખત બોલ્યા જે "રાણીબાને જમવા બોલાવો." ત્યારે રાણીએ આઘાં જઇને પાછાં આવીને કહ્યું જે "રાણીબા તો રમતમાં બેઠાં છે તે ઉઠતાં નથી." ત્યારે સતરશાલજીએ ઘણો હઠ લીધો જે રાણીબા આવશે ત્યારેજ અમે જમવા બેસીશું. ત્યારે રાણી બોલ્યાં જે, "ઠાકોર! રાણીબાને તો અમદાવાદ પાદશાહના દરબારમાં બોલાવ્યાં ત્યારે તમારૂં બંધીખાનું છૂટયું. તે સાંભળીને સતરશાલજીના પેટમાં ફાળ પડી, અને બોલ્યા જે "હું ત્યાં મરી ગયો

હોત ત્યારે શું થાત? પણ મારી દીકરી મુસલમાનને ઘેર દેવાય નહીં. અમે ઉદેપુરના ભાઈ છીએ. અમે નકલંકી કહેવાઇએ છીએ. અમારે માથે આવું કલંક કોઇક દિવસ આવ્યું નથી તે તને ધિક્કાર છે કે મને કલંક બેસાડયું." તો રાણીએ કહ્યું જે " તમારા જીવને જોખમ થાત તેથી એ દીકરી જ મરી ગઈ એમ જાણીશું."

પછી રજપૂતે ઉઠીને તુરત તલવાર હાથમાં લીધી. તે વખત રાણીએ કેડે બાથ ભરી. ત્યારે સતરશાલજીએ રાણીને જમીન પર પછાડીને તલવાર ઉઘાડી કરીને તેના તેમ પોતાના પેટ નાંખીને મરી ગયા. તેનું ખરચપાણી સારી રીતે તેના દીકરા ભોજજીએ કર્યું. પછી તે માતરનું રાજ પણ તે ભાઈઓએ ચલાવ્યું.

તે વાત સરવે અમદાવાદમાં જાહેર થવાથી પાદશાહ તો મુસલમાન હતા તેથી તેમને તો સ્નાન કરવું પડે નહીં પણ રાણીબાએ બાપનું સ્નાન કર્યું અને તેની મરવાની હકીકત સાંભળીને બાઇ ઘણાં દિલગીર થયાં. એ રાણીબાનું મન ઉદાસ દેખીને પાદશાહે તેને સારૂ મનાવવા કહ્યું જે " તમારે હિન્દુ લોકમાં કોઈ રાજા મરી જાય ત્યારે તેના દીકરા પાટ બેસે તે વખતે તેનો સારો સગો હોય તે શું કરે?" ત્યારે રાણીબાએ કહ્યું જે, " સારો સગો કરમી હોય તો શિરપાવ આપીને શોક મૂકાવે." ત્યારે પાદશાહે કહ્યું જે "આપણે તમારા બે ભાઇને અહીં તેડાવીને શિરપાવ આપીને શોક છોડાવીએ."

એમ કહીને પાદશાહે તે બે ભાઇને તેડાવ્યા. તે અમદાવાદમાં આવ્યા. પોતાની મેડીએ ઉતારો કર્યો. પાદશાહે ઘાસ દાણા વિગેરે સામાન ત્યાંહા પોંચાડયો. પછી પાદશાહે એ બાઇને કહ્યું: " તમારા ભાઈ આવ્યા છે તેને શિરપાવ આજ આપીશું." તે વખતે બાઇએ કહ્યું જે કોના ભાઈ? અને કોની બેન? મારે ને એને લેવાદેવા નહીં." ત્યારે પાદશાહ કહે " કેમ એ તમારા ભાઈ નહીં?" એટલે બાઈએ કહ્યું જે " હું મુસલમાન થઈ અને એ હિંદુ

માટે અમારે જમવા વહેવાર નહીં. ને મારા હાથનું પાણી પણ પીશે નહીં તે માટે એ ભાઈ શેના? અને હું બેન શેની?" પછી પાદશાહે કહ્યું જે "ત્યારે આજ તમારી કરેલ રસોઈ એમને જમાડવી." તે સાંભળીને બાઈએ વિચાર્યું જે મેં તો ઠીક કહ્યું હતું, પણ આ તો ઊલટું પડયું.

પછી પાદશાહે તે બે ભાઇઓને બોલાવ્યા ને શિરપાવ લેવાની ઉમેદથી પાદશાહના દરબારમાં આવીને પોતાની બહેનના મહેલમાં બેઠા હતા, તે વખત એકાન્ત જાણીને બાઈએ કહ્યું જે "ધિક્કાર છે તમને બે ભાઈઓને, જે મને અહીં મુસલમાનને ઘેર આપી તે સારૂ સતરશાલજી પેટ નાંખીને મરી ગયા અને તેના દીકરા તમે અહિં વટલાવા સારૂ આવ્યા છો અને શિરપાવની ઉમેદ રાખો છો?"

પછી પાદશાહે આવો વિચાર કર્યો છે તે સાંભળીને નાનો ભાઈ ભોજજી બારીએથી પડતું મૂકીને નાશી ગયો અને મોટો ભાઇ ભાણજી રહી ગયો. તે વખતે પાદશાહે આવીને કહ્યું જે, "તમે તમારી બેનને રસોડે જમો." ત્યારે ભાણજીએ કહ્યું જે, "જમાય નહી." ત્યારે પાદશાહે કહ્યું જે, "હજુ એટલી જૂદાઈ શાથી રાખો છો?" ત્યારે ભાણજીએ કહ્યું જે "સાહેબ! અમે અહિંઆં જમીએ તો પછી રજપૂત કોઇ અમને દીકરી આપે નહીં." ત્યારે પાદશાહે કહ્યું જે તમે ફીકર કરતા નહીં. તમે કહેશો તેટલા રજપૂતને લાવીને તમારા ભેળા જમવા બેસાડીશું." પછી જબરજસ્તીથી પાદશાહે ભાણજીને ત્યાં જમવા બેસાડયા. તેથી ભાણજી ઘણું ઉદાસ થયા

તેની દીલગીરી મટાડવા માટે બાદશાહે અમદાવાદના બાવન ગામના રજપૂતોને તેડાવ્યા. તે રજપૂતોએ એવી વાત સાંભળી જે પાદશાહ રજપુતોને પકડીને જબરજસ્તીથી મુસલમાન કરે છે. એવું સાંભળીને રજપુતો ગામ ગરાસ છોડીને પરદેશમાં નાશી ગયા. પછી જેમ જેમ તે પાદશાહના હાથમાં આવ્યા તેમ તેમ વટલાવ્યા.

એવું ૧૨ વરસ સુધી ચાલ્યું, તથા ઘણી ઘણી લઢાઈ થઈ અને કેટલાક રજપૂતો સામા લઢીને મૂઆ. તેમનાં ગામ રાજપીપલા, ચાંપાનેર પાસે છે. તેની પછવાડે આશરે ૩૫૦ ગામ છે.

રાજપીપળાનો રાજા ઠાકોર હરિસંઘજી ગોહેલ હતા. તેના દરબારમાં એક સમે મોતી સારાં નજરાણામાં આવ્યાં હતાં. તેનો હાર કરીને રાણીને આપ્યો. તે વખતે કહ્યું હતું જે આ મોતીમાં પાણી છે. પછી જે વખતે પાદશાહ સાથે લઢાઈ થઈ અને નાસવું પડ્યું. ત્યાં જંગલમાં રાજા તરસ્યો થયો તે વખત રાણીએ કહ્યું જે તમે કહેતા હતા જે આ મોતીમાં પાણી છે.

### કવિત્ત( એકત્રીસું )

સાજાકા સુલતાન આર, કે પચઢોજ ખેંતાબ ॥
શેષનાં સાંહાનો ભાર, ધરાં નિહલાંની હે ॥
મારે રજપૂત શૂરે, માહાપૂરૈ રેવાહુરે ॥
આસપાસ ભયો ધૂર લાલ રંગ પાની હેં ॥
સુલતાન તેરે ત્રાસ, પીહુનમેં છોલે પરે ॥
કંદ મુલખાંની ભાગી, ભોમી એકી રાની હે ॥
તોર તોર હાર અપછરા લે, નિચોવે મુખ ॥
તુમ જો કહંત કંથ, મુગતા મેં પાની હેં ॥ ॥ ૧ ॥

### કવિત્ત

ધીર છોડી ચાલો રાજા, ચીર ઓઢા રાનીકો ॥ ૨ ॥
× × × × ×૧

પછી એ રાજપીપલાનો રાજા નાશીને ઝાલમાં ગયો. એ વિંધ્યાચલના પાહાડમાં છે. ત્યાં છાપરાં બાંધીને રહ્યા. ત્યાં કોઈ કવીશ્વર એવી વખતમાં જાચવા ગયો તેને રાજાએ હાથી આપ્યો. તે હરિસંઘના ભાઈ રાજા રાયસંગે આપ્યો.

---

૧. મૂળમાં આ કવિત્ત આટલેથી જ અધુરૂં છે.

**દુહો**–રાઆ સંગન જયઓ, જંગલ રોપત સાય.
જે ઘેર અગન બંધતા, સો ગજબંધ કીઆ. ॥ ૧ ॥

પછી તેણે બહારવટું ભોગવીને પાશાહ પાસેથી પોતાનો ગરાશ વરસ ૧૨ ને આંતરે લીધો. તેના વંશના આજ સુધી ત્યાંનું રાજ કરે છે.

ઉપર કહેલા રાયસંઘનો દોહરો.

થળ ઊંડા જળ પર તારા ॥ મેલાં પાતક પેશાહું
બલિહારી દેશકું જાંહા રાઆસંઘ નરેશ. ॥ ૨ ॥

પછી જેટલા રજપૂતો વટલાણા તેટલાની નાત એક બંધાણી છે; તેનું નામ મોલેસલામ કહેવાય છે. પણ આજ સુધી તે હિન્દુનો ધરમ કેટલાએક રાખે છે, પણ તેની નાતમાં મરે તેને જરૂર દાટે છે, તથા તેની બાયડીઓ પણ હિંદુસ્થાની વેશ રાખે છે, પણ તે નાત મુસલમાન કહેવાય છે અને તેની મોરલી શાખો રહી છે, તથા તેના વહીવંચા ભાટ તેની વંશાવલી વાંચે છે અને વિવાહમાં કલમો પઢે છે, પણ હિન્દુની રીત થોડીક રાખે છે. તે ગણપતીપૂજન કરે છે.

તે સમે પાદશાહના ત્રાસથી રાજા નાશી ગયા. તેમાં—

૧ જે પકડાયા તે વટલાણા, તેની નાત મોલેસલાં કહેવાય.
૨ જે કરગરીને ગરીબપણેથી હિન્દુ રહ્યા, તે કીરડીઆ રજપૂત કહેવાયા.
૩ જેણે વરસો કરાવી ને કર ભરીનિ રહ્યા, તે વરસીયા રાજા રહ્યા.
૪ જે નરવા રહ્યા, એટલે રાજનો ખપ ન રાખીને ફક્ત પાદશાહની જમીન ખેડીને ગુજરાન કરવું એ રીતે રહ્યા, તે વાડોધા જાતે કહેવાયા.

તે વખતે રપમા મૈઆ નામે ગામના ઠાકોર ભગવંતસંઘ આશરે ૧૦૦ વરસ ઉપર થયા. તેના દરબારમાં બારોટ મોતીલાલ

વડોદરાના એક દિવસ જાચવા સારૂ ગયા. તેને અન્ન ખાવા પણ આપ્યું નહીં, તથા કંઈ દાન પણ આપ્યું નહીં. એટલે બારોટે તેની નિંદાનું કવિત્ત કહ્યું:—

અલ્લા મેલ બાધી પરી મેઆ લગ આવીઓ,
કવિ વે દુવા પામે નહી રજક વેલા,
ભગવતસંઘ તણા દરબારમાં ભાઈઓ,
ભૂખ ને દુઃખ દો થયાં ભેલાં. ૧

કુંવર કાકા તણો તેણ માઠું કહે,
તેણે ખાવા તણો ઘણો જ ત્રોટો,
રાણીયાં રોદણાં રૂવે સૌ રાજમાં,
મેડીએ બારીઓ રૂવે મોટી. ૨

સાંત વાતે કરી વતાવીઓ વાણીઓ,
શીદને નકારી ભૂપ શેવો,
માંડવે[1] જાઓ હરી નવેનિધ મેલશે,
જ્યાંહાં જિતસંઘ જલધાર જેવો. ૩

એટલે એ બારોટને જીતસંઘે સારી પેઠે કાંઈ આપ્યું હશે તેથી તેની તારીફ કરી.

એ બાવન ગામોના રજપૂતોને વટલાવ્યા, પણ તેમાં કેટલાએક ભાઇઓ વટલાયા નથી, અને આજ પણ એ ગામોમાં તેના વંશના રજપૂત ક્યાંઇક છે, અને ક્યાંઇક નથી. એમ ઉથલપાથલ હાલ તો થઈ ગયું છે.

---

૧ ડભોઇ પાસે [illegible]